

# એક
# અજાણ્યા ગાંધીની
# આત્મકથા

નટવર ગાંધી



# એક અજાણ્યા ગાંધીની આત્મકથા

નટવર ગાંધી

એક અજાણ્યા ગાંધીની આત્મકથા Copyright © by નટવર ગાંધી. All Rights Reserved.

# Contents


મુખપૃષ્ઠ vii

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ ix

પરિચય xii

અર્પણ xiv

ઋણ સ્વીકાર અને આભાર xv

Part I. પ્રસ્તાવના

Part II. ભાગ ૧ : ઇન્ડિયા

૧. સાવરકુંડલા (૧૯૪૦ – ૧૯૫૭) 25

૨. મુંબઈ (૧૯૫૭ – ૧૯૬૫) 58

Part III. ભાગ ૨ : અમેરિકા

૩. એટલાન્ટા (૧૯૬૫ – ૧૯૬૬) 153

૪. ગ્રીન્સબરો (૧૯૬૬ – ૧૯૬૯) 184

૫. બેટન રુજ (૧૯૬૯ – ૧૯૭૩) 197

૬. પીટ્સબર્ગ (૧૯૭૩ – ૧૯૭૬) 205

૭. વૉશિંગ્ટન–જી.એ.ઓ. (૧૯૭૬ – ૧૯૯૭) 223

૮. વૉશિંગ્ટન–ડિસ્ટ્રીક્ટ ઓફ કોલમ્બિયા (૧૯૯૭ – ૨૦૧૪) 249

Part IV. **પરિશિષ્ટ ૧: અમેરિકામાં વસતા ભારતીયો**

Part V. **પરિશિષ્ટ ૨: અમેરિકામાં ગુજરાતી સાહિત્ય**

Part VI. **પરિશિષ્ટ ૩: સંભારણા**

Part VII. **પરિશિષ્ટ ૪:** NOTES


એક
અજાણ્યા ગાંધીની
આત્મકથા
નટવર ગાંધી

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit:

www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***

# પરિચય



નટવર ગાંધી

નટવર ગાંધીનો જન્મ સાવરકુંડલામાં. મુંબઈમાં બી.કોમ. અને એલ.એલ.બીનો અભ્યાસ. પછી મૂળજી જેઠા મારકેટમાં, મિલની પેઢીઓમાં અને અન્ય કંપનીઓમાં નોકરી. ત્યાર બાદ અમેરિકા આવી એમણે એમ.બી.એ. અને પી.એચ.ડી.ની ડીગ્રીઓ મેળવી. પછી યુનિવર્સિટી ઑફ પિટ્સબર્ગ, અમેરિકન યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓમાં ભણાવ્યું. **૧૯૭૬-૧૯૯૭** દરમિયાન અમેરિકન કોંગ્રસની 'વોચ ડોગ'

એજન્સી જનરલ એકાઉન્ટિંગ ઑફિસમાં ટેક્સ પોલિસી અને એડમિનિસ્ટ્રેશનના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કામ કર્યું. **૧૯૯૭**માં વૉશિન્ગટનના ટેક્સ કમિશ્નર તરીકે તેઓ નિમાયા અને ત્યાર બાદ ૨૦૦૦થી ત્યાં જ ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર તરીકે નાણાંપ્રધાનની જવાબદારી **૨૦૦૦**થી **૨૦૧૪** સુધી સંભાળી. એ હોદ્દાની રૂએ વૉશિન્ગટનના બાર બિલિયન ડોલરના બજેટની વ્યવસ્થા અને વ્યવહાર એમના હાથમાં હતા.

અમેરિકન કરવેરા અને નાણાકીય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવા બદલ નટવર ગાંધીનું ઘણા એવોર્ડ્સથી બહુમાન થયું છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતની પ્રતિષ્ઠા વધારવા માટે **૧૯૯૬**માં એમને 'વિશ્વગુર્જરી' એવોર્ડપણ એનાયત થયો છે.

નટવર ગાંધીનું કામ બજેટનું, પણ એમની અભિરુચિ કવિતાની. એમણે અત્યાર સુધીમાં ત્રણ કાવ્ય સંગ્રહો પબ્લિશ કર્યા છે: અમેરિકા, અમેરિકા (૨૦૦૪), ઇન્ડિયા ઇન્ડિયા (૨૦૦૬), અને પેન્સિલવેનિયા એવન્યૂ (૨૦૧૧). એમની કવિતામાં એક પરદેશ વસતા ભારતીયની જન્મભૂમિ પ્રત્યેની પ્રીતિ પ્રગટ થાય છે. સાથે સાથે અમેરિકન વસવાટ, વિવિધ ધર્મવિચાર, વિધવિધ રાજકીય વિચારધારાઓ અને મૃત્યુની અનિવાર્યતા વિષે લખાયેલા કાવ્યો દ્વારા નટવરભાઈ ગુજરાતી સાહિત્યમાં એક અનોખું વિષય વસ્તુ લાવે છે.

આ આત્મકથામાં ગઈ સદીના વચલા દાયકાઓમાં દેશનાં નાનાં ગામોમાં તેમ મુંબઈ જેવા શહેરમાં સામાન્ય લોકો હાડમારીભર્યું જીવન કેમ જીવતા એનું એમણે વર્ણન કર્યું છે. વધુમાં એમની સાવરકુંડલાથી અમેરિકાની રાજધાની વૉશિન્ગટન સુધીની જીવનયાત્રા અને વૉશિન્ગટનને નાણાંકીય રીતે સધ્ધર બનાવવામાં એના સીએફઓ તરીકે એમણે જે ભાગ ભજવ્યો તેની રસપ્રદ વાત પણ કરી છે. **૨૦૧૯માં** એમની આત્મકથા Still the Promised Land ઇંગ્લીશમાં પણ પબ્લિશ થઈ છે.

# અર્પણ

**સ્મૃતિશેષ રતિભાઈને...**

વડીલ વડલા સમા, પકડી હાથ દોર્યો મને.

The life so short, the craft so long to learn!

Hippocrates, Greek Physician, c. 460–c. 370 BC

The past is a foreign country: they do things differently there.

L.P. Hartley, The Go-Between,
Hamish Hamilton, 1970, p.17

# ઋણ સ્વીકાર અને આભાર

દૂર અમેરિકામાં બેઠા ગુજરાતીમાં પુસ્તક લખવું તે સાહસભર્યું કામ છે, પણ એનાથીએ વધુ જોખમી કામ તો એને બહુધા ભૂલો વગર પ્રગટ કરવું તે છે. ઘણાં સહૃદયી મિત્રોએ આ કામમાં ઉદારભાવે મદદ કરી. સૌથી પ્રથમ તો સુજ્ઞ અને સુપ્રસિદ્ધ વિવેચક શિરીષ પંચાલે આ પુસ્તકની મૅન્યુસ્ક્રીપ્ટ ઝીણવટથી જોઈ અને સુધારાવધારાનાં અગત્યનાં સૂચનો કર્યા. કુશળ ભાષાશાસ્ત્રી બાબુ સુથારે પણ કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં. ઇમેજ પબ્લિકેશન્સના અપૂર્વ આશરની સૂક્ષ્મ પ્રકાશનસૂઝ અને ઉત્પલ ભાયાણીના ઉષ્માભર્યા સહકાર સિવાય આવી સુંદર રીતે આ પુસ્તક તૈયાર ન જ થઈ શકત. સ્વર્ગસ્થ મિત્ર અને ઇમેજના સંસ્થાપક કવિ સુરેશ દલાલની સુઘડ પબ્લિશિંગની ઉમદા પ્રણાલી એમણે જાળવી રાખી છે એ આનંદની વાત છે. જીવનની સંધ્યાનાં આ વર્ષોમાં મારી સાહિત્યિક અને અન્ય પ્રવૃત્તિઓમાં કવયિત્રી અને આત્મીય પન્ના નાયકનો જે સુખદ સહયોગ મને પ્રાપ્ત થયો છે તે મારું પરમ સદ્ભાગ્ય છે. આ બધાનો હું ઘણો આભારી છું, જો કે પુસ્તકમાં જે ક્ષતિઓ રહી ગઈ છે તેની જવાબદારી તો મારી જ છે.

**નટવર ગાંધી**

ઑક્ટોબર ૪, ૨૦૧૬, વૉશિંગ્ટન

All remembrance of things past is fiction and this fiction has been cut ruthlessly and people cut away just as most of the voyages are gone along with people that we

cared for deeply. Only they knew certain things. Other people are not there as people are not there in life afterwards although, to themselves, they are always more there than anyone.

Ernest Hemingway, A Moveable Feast,
Scribner, 2009, p.229

Nothing is so difficult as not deceiving oneself.

Ludwig Wittgenstein, Culture and Values,
1980: Chicago, p.34

# Part I

# પ્રસ્તાવના

In the final analysis, the questions of why bad things happen to good people transmutes itself into some very different questions, no longer asking why something happened, but asking how we will respond, what we intend to do now that it happened.

Pierre Teilhard de Chardin

## વૉશિંગ્ટનનું ટેક્સ કૌભાંડ—મારા જીવનની મોટી કટોકટી

૨૦૦૭ના નવેમ્બર મહિનાની સાતમી તારીખને હું જિંદગીમાં ક્યારેય ભૂલવાનો નથી. મારા જીવનમાં, મારી કારકિર્દીમાં, એ દિવસે મોટો ધરતીકંપ થયેલો! હું ત્યારે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનનો સી.એફ.ઓ એટલે કે ચીફ ફાઈનાન્સિઅલ ઑફિસર હતો. એ દિવસે યુ.એસ. એટર્નીની ઑફિસમાં પ્રેસ કૉન્ફરન્સ હતી.

વૉશિંગ્ટનના મેયર, એફ.બી.આઈ.ના અને શહેરના ઉચ્ચ અધિકારીઓ હાજર હતા. વૉશિંગ્ટન પોસ્ટના અને બીજાં છાપાંઓ તેમ જ ટીવીના ભરાડી રિપોર્ટરોથી ખીચોખીચ આખો હોલ ભરાઈ ગયો હતો. એ બધા અમારા આવવાની રાહ જોતા "માણસ ગંધાય માણસ ખાઉં" એમ કરતા અધીરા થઈને બેઠા હતા.

મારા હાથ નીચે જે ટૅક્સ ઑફિસ ચાલતી હતી એમાં પચાસ મીલિયન ડોલરનું કૌભાંડ થયું હતું. સી.એફ.ઓ. થયો એ પહેલાં ત્રણ વરસ હું વૉશિંગ્ટનનો ટૅક્સ કમિશનર હતો. જો કે આ કૌભાંડ લગભગ વીસેક વરસથી ચાલતું હતું. પણ મુદ્દાની વાત એ હતી કે જ્યારે ચોરી પકડાઈ ત્યારે હું સી.એફ.ઓ હતો, અને એ ચોરી કરનારા ટૅક્સ ઑફિસરો મારા હાથ નીચે કામ કરતા હતા. એમના ગેરવર્તનની જવાબદારી મારી.

મેં જ્યારે ટૅક્સ ઑફિસનું કામ હાથમાં લીધું ત્યારે એના કોઈ ઢંગધડા ન હતાં, બધું અસ્તવ્યસ્ત હતું, વૉશિંગ્ટનના લોકો એની ગેરવ્યવસ્થા અને અરાજકતાથી થાકી ગયા હતા. વર્ષોથી રીઢા થઈને બેસી ગયેલા કામચોર કર્મચારીઓનો કોઈ હિસાબ લેતું નહોતું. બોડી બામણીના ખેતર જેવી દશામાં ચાલતી એ ટૅક્સ ઑફિસમાં પ્રમાણમાં લાંચ રુશ્વત ઘણી હતી. ઑફિસમાં પ્રામાણિકતા, નૈતિક ખંત અને ખાનદાનીની આબોહવા (કલ્ચર) ઓછાં.

આવી રેઢિયાળ ઑફિસનાં સૂત્રો મેં હાથમાં લીધાં. એમાં સુધારાવધારા કર્યા, એનું તંત્ર વ્યવસ્થિત કર્યું, અને નવી કમ્પ્યૂટર સિસ્ટમ પણ દાખલ કરી. પછી લોકો કરવેરા ભરવા માંડ્યા. સરકારી સિલક વધવા માંડી. વૉલ સ્ટ્રીટમાં જ્યાં અમે દર વર્ષે બીલિયન ડોલરથી પણ વધુ બોન્ડ વેચવા જતા હતા, અને જ્યાં અમારી આબરૂના કાંકરા થયા હતા, ત્યાં હવે અમારી પ્રતિષ્ઠા વધવા લાગી. ધીમે ધીમે વૉશિંગ્ટનનું નાણાં ખાતું ઠેકાણે પડવા લાગ્યું.

આ પ્રગતિ જરૂર થઈ, પણ કેટલાક જૂના ખાઉધરા કર્મચારીઓએ નવી સિસ્ટમને દગો દીધો. એમણે વીસેક વરસથી ચાલતી એમની ચોરીની સ્કીમ કોઈ ઉપરી અધિકારીને ખબર ન પડે તેમ ચાલુ રાખી! આ સ્કીમ એવી કુશળતાથી ચાલતી હતી કે કોઈને ગંધ પણ ના આવી. છેવટે એફ.બી.આઈ.ના માણસો અને અમારા ઇન્ટર્નલ ઑડિટરોએ આ સ્કીમને પકડી પાડી. એ આખું કૌભાંડ બહાર આવ્યું. ટૅક્સ ઑફિસના એક વખતના ડાયરેક્ટર અને અત્યારના સી.એફ.ઓ. તરીકે એને માટે હું જવાબદાર ગણાયો!

આ પ્રેસ કૉન્ફરન્સમાં વૉશિંગ્ટનના રિપોર્ટરો મેયરને એક પછી એક એમ આકરા પ્રશ્નોથી પજવવા લાગ્યા. કહેતા હતા કે જુઓ તમારા હાથ નીચે કેવું મોટું કૌભાંડ થયું! એ વખતે હું મેયરની બાજુમાં જ પણ પાછળ ઊભો હતો. ત્યાંથી તુરત આગળ આવીને મેં કહ્યું કે આ બાબતમાં બધી જ જવાબદારી મારી છે. એમાં જે બદનામી થવી જોઈએ તે મારી થવી જોઈએ, મેયરની નહીં. જે કંઈ સવાલ પૂછવા હોય એ મને પૂછો. પછી તો એ પ્રેસ કૉન્ફરન્સનું ટારગેટ હું બની ગયો. બધા મારી ઉપર તૂટી પડ્યા. હવે ટીવી કેમેરાઓએ મારી પર મીટ માંડી. આંખને આંજી દેતી કેમેરાની એ લાઈટ્સ, હાથમાં રેકોર્ડિંગ મશીન લઈને ધક્કામુક્કી કરતા અનેક રિપોર્ટરો, ટોકિંગ પોઈન્ટ્સ અને નોટ્સ લઈને તમને તૈયાર કરતો સ્ટાફ–ક્લાસિક વૉશિંગ્ટન પ્રેસ કૉન્ફરન્સમાં જે બધું હોય તે અહીં હતું.

વૉશિંગ્ટનના મહત્ત્વાકાંક્ષી માણસોની જેમ મને પણ ઊંડે ઊંડે એવી ઇચ્છા હતી કે મારે માટે પ્રેસ કોન્ફરસ ભરાય, જેમાં મારી કોઈ મોટી નિમણૂક થઈ હોય અને હું આત્મવિશ્વાસથી સવાલજવાબ કરું. પણ આ કૉન્ફરન્સનો આશય સાવ જુદો હતો. આમાં તો હું જ હોળીનું નાળિયેર બન્યો અને મારો જ હુરિયો બોલાયો. આ બધું જોતાં મને એમ પણ થયું કે હવે વૉશિંગ્ટનમાં આપણા દિવસો ભરાઈ ગયા છે. અહીંની ફૅડરલ બ્યુરોક્રસીમાં અથવા પ્રાઈવેટ સેક્ટરમાં હજુ વધુ અગત્યની નોકરીઓ લેવાના મારા જે મનોરથ હતાં તે બધાં આ કોન્ફરસ પછી રોળાઈ ગયાં. હવે મારી જે નામોશી થવાની છે તે કારણે મને બીજે ક્યાંય નોકરી મળવાની પણ અશક્ય થઈ જશે.

વિધિની વિચિત્રતા તો જુઓ કે એ જ દિવસે સાંજે મને ગવર્નીંગ મૅગેઝિન તરફથી રાષ્ટ્રીય કક્ષાનો 'પબ્લિક ઑફિશિયલ ઓફ ધી ઈયર'નો મોટો અવોર્ડ અપાવાનો હતો. વૉશિંગ્ટનની પ્રખ્યાત વિલર્ડ હોટેલમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં મારું સન્માન થવાનું હતું.1 મારી કારકિર્દીનું આ એક ઊંચું શિખર હતું. સમારંભ યોજાયો. મને અવોર્ડ અપાયો. ખૂબ વખાણ થયાં, પણ મને ખબર હતી કે બીજે જ દિવસે સવારે આ બધું રોળાઈ જવાનું છે. છાપામાં પહેલે પાને ટેક્સ કૌભાંડના ખરાબ સમાચાર સિવાય બીજું કંઈ નહિ હોય, અને એવું જ થયું.

# હું છાપે અને છાપરે ચડ્યો

બીજે દિવસે અને પછી મહિનાઓ સુધી વૉશિંગ્ટન પોસ્ટ અને બીજાં છાપાંઓમાં મારા ફોટા સાથે એ કૌભાંડના સમાચારો પહેલે પાને પ્રગટ થયા. 2કહેવામાં આવ્યું કે વૉશિંગ્ટનના ઇતિહાસમાં ક્યારેય પણ આવું મોટું કૌભાંડ થયું નથી. ત્યાર પછી તો મહિનાઓ સુધી મારી ઉપર કંઈક માછલાં ધોવાયાં. અમેરિકામાં છાપાંવાળા જ્યારે કોઈની પણ પાછળ પડે ત્યારે એનાં છોતરાં જડમૂળથી કાઢી નાખે. ભલભલાને જોતજોતાંમાં ભોંય ભેગા કરી દે!

વૉશિંગ્ટન પોસ્ટમાં તંત્રીલેખો સાથે મારું કાર્ટૂન પણ છપાયું!3 આવા બધા બદનામીના સમાચારો મહિનાઓ સુધી છાપાંઓમાં અને ટીવીમાં આવ્યા કર્યા. એ પ્રકરણના સંદર્ભમાં સિટી કાઉન્સિલ, બોર્ડ ઑફ ટ્રેડ, ચેમ્બર ઑફ કૉમર્સ, કમ્યુનિટી એસોશિઅન્સ, વૉલ સ્ટ્રીટ, કૉંગ્રેસ એમ અનેક જગ્યાએ મારે જુબાની આપવી પડી. આકરા સવાલોના જવાબ આપવા પડ્યા. આ કૌભાંડ કેમ થયું અને એને માટે કોણ કોણ જવાબદાર છે, તે બાબતની વ્યવસ્થિત તપાસ કરવા સિટી કાઉન્સિલે વૉશિંગ્ટનની એક મોટી લો ફર્મને જવાબદારી સોંપી.

અજાયબીની વાત તો એ છે કે આવડું મોટું કૌભાંડ થયા પછી પણ બીજાં સાત વરસ હું સી.એફ.ઓ. તરીકે ટકી રહ્યો! કૌભાંડ થયા પછી મારી ટર્મ પૂરી થયે બે વાર ફરી મારી નિમણૂંક થઈ. આમ હું ૨૦૧૩ સુધી હું સીએફઓ રહ્યો! ૨૦૧૩માં મેં જાતે જ રાજીનામું ન આપ્યું હોત તો બીજાં ચાર વરસ હજી હું એ હોદ્દા પર રહી શક્યો હોત. રાજીનામું આપ્યા પછી પણ મારે મેયરના કહેવાથી વધુ એક આખું વરસ એ જ હોદ્દા પર કામ કરવું પડેલું.

જો કે એ ૨૦૦૭ના નવેમ્બરના એ દિવસોમાં તો “ગાંધીને આ અગત્યના હોદ્દા ઉપરથી હમણાં ને હમણાં ખસેડો,” એવું ઘણે ઠેકાણેથી કહેવાયું હતું.4 એ દિવસોમાં વૉશિંગ્ટન બિઝનેસ જર્નલમાં ઓપિનિયન પોલ પણ લેવાયો કે ગાંધીએ સીએફઓ તરીકે રાજીનામું આપવું જોઈએ કે નહીં? જેમાં ૫૮% બિઝનેસ કમ્યુનિટીના લોકોએ કહ્યું કે હા, તેને રીઝાઇન કરવું જોઈએ, જ્યારે ૪૨% લોકોએ કહ્યું કે ના, ડિસ્ટ્રીકને હજી ગાંધીની જરૂર છે.5 મેં પોતે જ મેયરને કહ્યું કે હું આ કૌભાંડની જવાબદારી સ્વીકારું છું

અને રાજીનામું આપવા તૈયાર છું. પણ મેયરે મારું રાજીનામું ન સ્વીકાર્યું. મને કહ્યું કે ટૅક્સ ઑફિસને સુધારવા માટે, એ ઑફિસની બ્યુરોક્રસીની સાફસૂફી કરવા માટે અમારે હજી તમારી જરૂર છે!

જે લો ફર્મને આ બધું તપાસ કરવાનું કામ સોંપાયું હતું એનું પણ એમ જ કહેવું હતું કે ગાંધીની ઑફિસમાં એની નીચે હાથ કરતા માણસોએ આ ચોરી કરી છે, ગાંધીએ નહીં. આ સ્કૅન્ડલના મૂળમાં ટૅક્સ ઑફિસના કર્મચારીઓની બેદરકારી અને નૈતિક અંધતા છે.6 અગત્યના કૉંગ્રેસમેનો, બિઝનેસ સમુદાય, મજૂર મહાજન, મેયર પોતે, સિટી કાઉન્સિલ—એમ બધાનું માનવું એવું હતું કે ગાંધીએ ટૅક્સ ઑફિસને સુધારવામાં બહુ પ્રયત્નો કર્યા છે. એ જો સી.એફ.ઓ. તરીકે હજી રહે તો સુધારાનું કામ આગળ વધી શકે. વૉશિંગ્ટનને નાણાંકીય રીતે સદ્ધર બનાવવું હોય તો ગાંધીની હજી જરૂર છે. એમના સિવાય કોઈ વિકલ્પ અમને દેખાતો નથી.7 વધુમાં વૉલ સ્ટ્રીટમાં, ખાસ કરીને રેટિંગ એજન્સીઓમાં, એમ કહેવાયું કે આ સ્કૅન્ડલથી ડિસ્ટ્રીકના ક્રેડિટ રેટિંગ ઉપર કોઈ અસર નહીં આવે.8

# વૉશિંગ્ટનની અર્થવ્યવસ્થા

એક શહેર તરીકે વૉશિંગ્ટનની હયાતી જ જુદી છે. એ અમેરિકાની રાજધાની તો ખરી જ. પણ સાથોસાથ એ અમેરિકાનાં મોટાં શહેરોમાંનું એક ગણાય. એને અમેરિકાના ફેડરલ રાજ્યતંત્રથી જુદું રાખવામાં આવ્યું છે. એ રાજ્ય નહિ, પણ ‘ડિસ્ટ્રીક ઑફ કોલમ્બિયા, વૉશિંગ્ટન, ડી.સી.’ તરીકે ઓળખાવાય છે. એની અર્થવ્યવસ્થા અમેરિકાનાં પચાસ રાજ્યો કરતાં જુદી છે. વાયોમીંગ અને વર્મોન્ટ જેવાં કેટલાંક રાજ્યો કરતાં એની સાતેક લાખની વસતી વધારે અને એનું એ વખતનું લગભગ તેર બીલિયન ડોલરનું વાર્ષિક બજેટ અમેરિકાનાં કેટલાંક રાજ્યોનાં બજેટ કરતાં પણ મોટું, અને છતાં ડિસ્ટ્રીક રાજ્ય ન ગણાય, અને એના નાગરિકોને કૉંગ્રેસમાં પ્રતિનિધિત્વ ન મળે!

વૉશિંગ્ટનના રાજકારણ અને એની આર્થિક વ્યવસ્થાની જવાબદારી ફેડરલ ગવર્નમેન્ટે, મુખ્યત્વે અહીંની કૉંગ્રેસે, એટલે કે અમેરિકાની ધારાસભાએ પોતાના હાથમાં રાખી છે. અમેરિકાના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે ‘ટૅક્સેશન વિધાઉટ રિપ્રેઝન્ટેશન’ (પ્રતિનિધિત્વ વગરના કરવેરા)નું સૂત્ર લઈને અમેરિકનો ઇંગ્લૅન્ડના રાજા સામે લડ્યા

હતા. તે જ અમેરિકાની રાજધાનીના લોકોને આજે પણ એ મતાધિકાર નથી. જો કે આ નાગરિકોએ અહીંનો ટૅક્સ જરૂર આપવો પડે. એટલું જ નહિ, પણ ડિસ્ટ્રીકના નાગરિકો બીજાં બાવીસ રાજ્યો કરતાં વધુ ઇન્કમટૅક્સ ભરે!

રાજધાનીના નાગરિકોનું કહેવું છે કે અમે ફેડરલ કરવેરા બરાબર ભરીએ છીએ, અમારા જુવાનો દેશની લડાઈઓમાં ફના થાય છે, બધા જ ફેડરલ કાયદાઓ અમને લાગુ પડે છે, છતાં અમને મતાધિકાર નહિ? એ ન્યાય ક્યાંનો? આ બાબતનો ઊહાપોહ વારંવાર થાય છે. પણ એનું કાંઈ વળતું નથી. વૉશિંગ્ટનની વસતી ૧૯૬૦ના દાયકામાં સિત્તેર ટકા કાળી, શ્યામવર્ણી આફ્રિકન અમેરિકન હતી. તેથી રંગભેદ રાખવામાં આવે છે એવો દાવો કરવામાં આવ્યો. આ ચળવળને કારણે કૉંગ્રેસે છેવટે વૉશિંગ્ટનના નાગરિકોને પ્રમુખની ચૂંટણી માટેનો મર્યાદિત મતાધિકાર આપ્યો, અને સાથે સાથે સ્થાનિક રાજકારણ માટે હોમરૂલની વ્યવસ્થા કરી આપી. લોકો મેયર અને કાઉન્સિલની ચૂંટણી કરી શકે, પણ એમને કૉંગ્રેસમાં પ્રતિનિધિત્વ તો ન જ મળ્યું.

મુખ્યત્વે ગોરા લોકોની બહુમતિવાળી કૉંગ્રેસના નેતાઓ એમ માને કે જો વૉશિંગ્ટનને ડિસ્ટ્રીકને બદલે રાજ્ય ગણવામાં આવે અને એના નાગરિકોને પૂર્ણ મતાધિકાર મળે, તો એક રાજ્ય તરીકે અમેરિકાની સેનેટમાં બે સેનેટરો ઉમેરાય. અત્યારે સેનેટમાં એકેક રાજ્યના બે સેનેટરો ગણીને ૧૦૦ની સંખ્યા છે. ઘણા અગત્યના કાયદાઓ એકાદ બે મતને આધારે પસાર થાય છે. ડિસ્ટ્રીકના બે સેનેટરો કાળા, આફ્રિકન અમેરિકન હશે, અને બન્ને ડેમોક્રેટ હશે, એવા ભયે રીપબ્લીકન પાર્ટીના આગેવાનોનું એમ માનવું કે અત્યારે સેનેટનું જે પાવર બૅલેન્સ જળવાયું છે, તે ડેમોક્રેટ પક્ષ તરફ ઢળશે. સ્વાભાવિક રીતે જ રીપબ્લીકન પાર્ટીના નેતાઓને આ વાત ન પોસાય.

વધુમાં દરેક રાજ્યને બે સેનેટરો મોકલવાની વ્યવસ્થા એ નાનાં (વર્મીન્ટ જેવા) ને મોટાં (કેલિફોર્નિયા જેવા) રાજ્યો વચ્ચે બૅલેન્સ જાળવવા માટે યોજાઈ છે. આજે વૉશિંગ્ટનને રાજ્ય બનાવો અને કાલે એના જેવા જ ડિસ્ટ્રીક પોર્ટોરિકો પણ પોતાનું રાજ્ય માગે, તો પછી ક્યાં અટકવું? આ કારણે પચાસ રાજ્યો અને સો સેનેટરોમાં વધારો કરવામાં જબરી આનાકાની થાય છે. વધુમાં આજુબાજુનાં મેરીલેન્ડ અને વર્જીનિયા જેવાં રાજ્યોમાં વસતા (મુખ્યત્વે ગોરા) માણસો લાખોની સંખ્યામાં દરરોજ વૉશિંગ્ટનમાં ફેડરલ ગવર્નમેન્ટ અને અન્ય ઠેકાણે નોકરીધંધો કરવા આવે છે, તે બધા ઉપર એક રાજ્ય તરીકે વૉશિંગ્ટન નવા કરવેરા લાદી શકે. એ જોખમ શા માટે ખેડવું?

વૉશિંગ્ટનને હંમેશ કૉંગ્રેસના અંકુશ નીચે રાખવું હોય તો એ એક રાજ્ય નહીં, પણ ડિસ્ટ્રીક રહે એવી વ્યવસ્થા એમેરિકાના બંધારણમાં કરવામાં આવી છે. ડિસ્ટ્રીકના નાગરિકોને કોઈ બીજા રાજ્યના નાગરિકોની જેમ મતાધિકાર અને હક્કો આપવા હોય તો બંધારણમાં સુધારાવધારા કરવા પડે, જે અહીં ખૂબ મુશ્કેલ છે. એટલે અત્યારે તો વૉશિંગ્ટનના નાગરિકોએ આ અન્યાય નીચી મૂંડીએ સહન કરવા સિવાય બીજો કોઈ છૂટકો નથી.

માત્ર વૉશિંગ્ટનને રાજ્ય બનાવવાની બાબતમાં જ નહીં, પણ અમેરિકાની ઘણી બધી બાબતોમાં મૂળ તો આ ગોરા-કાળાનો રંગભેદ રહેલો છે. આ રંગભેદનું વિકરાળ સ્વરૂપ દેશના આંતર વિગ્રહ (સિવિલ વોર) માં ૧૮૬૦ના દાયકામાં પ્રગટ થયું હતું. છેલ્લાં બસો વરસમાં કાળા ગોરાના નાનાંમોટાં છમકલાં, હુલ્લડો અને ખૂનામરકી થતાં રહે છે. જે અમેરિકનો દુનિયા આખીની પચરંગી પ્રજાને પોતાનામાં સમાવી શક્યા છે, તે કોને ખબર પણ કેમ એના કાળા નાગરિકોને સમાવી શક્યા નથી. સમાજશાસ્ત્રીઓ માટે આ એક મોટો કોયડો છે.

# વૉશિંગ્ટન ફડચામાં ગયું!

૧૯૯૫માં વૉશિંગ્ટન ફડચામાં ગયું. વૉલ સ્ટ્રીટમાં એની આબરૂના કાંકરા થયા. કૉંગ્રેસે એના ચૂંટાયેલા રાજકર્તાઓ– મેયર અને કાઉન્સિલરો પાસેથી, નાણાંકીય બાબતોના બધા અધિકારો, અને સત્તાઓ ખૂંચવી લીધાં. એ કામગીરી સંભાળવા માટે કૉંગ્રેસે એક કંટ્રોલ બોર્ડ અને ચીફ ફાઈનાન્સિઅલ ઑફિસરની (સી.એફ.ઓ.ની) નિમણૂંક કરી. વધુમાં કૉંગ્રેસે સી.એફ.ઓ.ને અસાધારણ અધિકારો, હક્કો, સ્વતંત્રતા અને સત્તા આપ્યાં. વૉશિંગ્ટનની બધી જ નાણાંકીય જવાબદારી સી.એફ.ઓ.ને સોંપી. આનો અર્થ એ પણ થયો કે નાણાંકીય બાબતમાં કંઈ પણ ગોલમાલ કે આઘાપાછી થાય તો એ બધું ઓળઘોળ થઈને સી.એફ.ઓને માથે આવે.

વૉશિંગ્ટનના રાજકારણમાં આ હોદ્દો ખૂબ અગત્યનો ગણાય. ભારતમાં જે હોદ્દો નાણાંપ્રધાનનો ગણાય એના જેવો જ. જોકે, ભારતના નાણાંપ્રધાન કરતાં આ સી.એફ.ઓ.ની જવાબદારી, સત્તા અને સ્વતંત્રતા વધારે. આપણે ત્યાં નાણાંપ્રધાનને

વડાપ્રધાનના હાથ નીચે કામ કરવાનું અને એ જે કહે તે કરવાનું. વડાપ્રધાનની વિરુદ્ધ એ કશું ન કરી શકે. ભૂલેચૂકેય એવું કાંઈ કરે તો એને ગડગડિયું મળે.

વૉશિંગ્ટનનો સી.એફ.ઓ. ભલે મેયર અને કાઉન્સિલ સાથે કામ કરે, છતાં પોતાની સમજણ પ્રમાણે એ એમનાથી વિરુદ્ધ પણ જઈ શકે. એ પોતે જ પોતાનો બોસ. મેયર કે કાઉન્સિલ સી.એફ.ઓ.ને કૉંગ્રેસની અનુમતિ વગર રજા ન આપી શકે. મેયર અને કાઉન્સિલની ટર્મ ચાર વરસની હોવા છતાં સી.એફ.ઓ.ને પાંચ વરસની ટર્મ આપવાનું કૉંગ્રેસે નક્કી કર્યું, એનો પગાર પણ કૉંગ્રેસે જ નક્કી કરીને કહ્યું કે જે પગાર અમેરિકન પ્રમુખના કેબિનેટ મેમ્બરને મળે છે તે સી.એફ.ઓ.ને આપવો.

વૉશિંગ્ટનના આખાય રાજતંત્રમાં નાણાંકીય ક્ષેત્રે કામ કરતા ૧૨૦૦ જેટલા લોકોનો બધો જ સ્ટાફ એના હાથ નીચે. મેયર કે કાઉન્સિલ પણ આ સી.એફ.ઓ.ની અનુમતિ વગર નાણાંકીય બાબતમાં કશું જ ન કરી શકે. દર વર્ષે સી.એફ.ઓ. જ નક્કી કરે કે ટૅક્સની આવક કેટલી થશે અને જે આવક હોય એનાથી વધુ ખર્ચ ન થાય તે જોવાની જવાબદારી પણ એની જ. એ જ નક્કી કરે કે વૉલ સ્ટ્રીટમાં જઈને કેટલું દેણું કરવું અને એ દેણું બરાબર નિયમસર ભરાય તેની જવાબદારી પણ એની જ.

આવી અસાધારણ સત્તા અને જવાબદારીવાળી સી.એફ.ઓ.ની પોઝિશન ઊભી કરવાનો મૂળ આશય એ હતો કે વૉશિંગ્ટન ભવિષ્યમાં ક્યારેય ફડચામાં ન જાય અને એની નાણાંકીય સ્થિતિ હંમેશ સદ્ધર રહે. થયું પણ એવું જ. હું જ્યારે ૧૯૯૭માં વૉશિંગ્ટનમાં ટૅક્સ કમિશનર થયો ત્યારે સરકાર લગભગ ૫૦૦ મિલિયન ડોલરના ફડચામાં હતી. અને જ્યારે ૨૦૧૩માં સીએફઓના હોદ્દા પરથી છૂટો થયો ત્યારે એની સિલકમાં દોઢ બીલિયન ડોલર જમા હતા! આ મહાન પરિવર્તનનો ઘણો યશ વૉશિંગ્ટનના પહેલા સી.એફ.ઓ. એન્થની વિલિયમ્સને જાય છે.

ન્યૂ યૉર્ક, ફિલાડેલ્ફિયા જેવાં મોટાં શહેરોને પણ વૉશિંગ્ટનની જેમ નાણાંકીય મુશ્કેલીઓ પડી હતી. એમણે પણ મોટી ખાધ અનુભવી હતી. એ બધામાંથી કોઈ પણ વૉશિંગ્ટન જેટલી ઝડપથી નાણાંકીય સદ્ધરતા ફરી મેળવી શક્યું ન હતું. કંટ્રોલ બૉર્ડ અને સી.એફ.ઓ.આવ્યા પછી જ વૉશિંગ્ટનના બોન્ડ્ઝ 'જંક' કેટેગરીમાંથી 'ટ્રીપલ એ' કેટેગરી સુધી પહોંચ્યા હતા. વૉશિંગ્ટનની આવી નાણાંકીય સદ્ધરતા સિદ્ધ કરવામાં મેં જે ભાગ ભજવ્યો છે એનું મને ગૌરવ છે. મારી આ સિદ્ધિ માટે મને ખૂબ માન અને સન્માન મળ્યાં છે. અનેક પ્રકારના અવોર્ડ્ઝ અને માનપત્ર મળેલાં છે. પણ એ બધાંમાં

સૌથી નોંધપાત્ર જો હોય તો એ કે મારા શાસન દરમિયાન આવડું મોટું કૌભાંડ થયું છતાં હું ત્યાં બીજાં સાત વરસ સી.એફ.ઓ તરીકે ટકી રહ્યો હતો. એ કેવી રીતે?

# આ ઝંઝાવાતમાંથી હું કેવી રીતે બચ્યો?

હું જ્યારે જ્યારે કોઈ મોટી મુસીબતમાં ફસાઉં છું ત્યારે એ ઝંઝાવાતમાંથી હેમખેમ પસાર થવા માટે એક વાત ખાસ યાદ રાખું છું. ટૅક્સ ઑફિસના કૌભાંડના મોટા ઝંઝાવાતમાંથી બચવા માટે પણ મને એ વાત બહુ કામ લાગી હતી. એ વાત આ છે: ટૅક્સ ઑફિસને સંભાળવામાં, એના તંત્રની વ્યવસ્થા બરાબર ગોઠવવામાં મેં મારાથી શક્ય તેટલા બધા પ્રયત્નો કરેલા ખરા? અને જો આ પ્રશ્નનો જવાબ 'હા' હોય, એટલે કે મારાથી થતું હું બધું જ કરી છૂટ્યો હોઉં, તો ઓછામાં ઓછું મને તો શાંતિ અને ધરપત રહે કે મારાથી બનતું મેં બધું કર્યું, અને ન બનવા જેવું જે થયું તે મારા કાબૂ બહારની વાત હતી. હા, કૌભાંડ જરૂર થયું. એનો અર્થ એ થયો કે મેં જે સુધારાવધારાના પ્રયત્નો કર્યા હતા તે ઓછા પડ્યા, પરિણામે જે બન્યું એની જવાબદારી મેં સ્વીકારી લીધી.૭ તમે જો તમારાથી થતું બધું જ કરી છૂટ્યા હો અને છતાં પણ જો તમે નિષ્ફળ જાવ અને એ નિષ્ફળતાની જવાબદારી સ્વીકારો, તો એનાથી વધુ તમારી જાત આગળ તમે કે બીજા શું માગી શકે?

યોગાનુયોગ થયું પણ એમ જ. અહીં વૉશિંગ્ટનના રાજકર્તાઓ ટૅક્સ ઑફિસને સુધારવાના મારા પ્રામાણિક પ્રયત્નો જોઈ શક્યા હતા. એ પ્રયત્નો દ્વારા જે ધરખમ સુધારા થયા હતા એ પણ સ્પષ્ટ હતા. એથી જ તો તે બધાએ કહ્યું કે મારે મારું સુધારાવધારાનું કામ ચાલુ રાખવું. મારા રાજીનામાનો અસ્વીકાર થયો. એટલું જ નહીં, પણ ઊલટાનું મને બીજાં સાત વરસ એ જ હોદ્દા પર કામ કામ કરવાની તક મળી.

આ કટોકટી આવી અને એમાંથી હું પસાર થઈ ગયો. પણ એમાંથી શું પાઠ ભણવાનો છે? આ સંદર્ભમાં પ્રારંભમાં મેં વિખ્યાત ફ્રેંચ ફિલોસોફર Pierre Teilhard de Chardinનું જે વિધાન મૂક્યું છે એ ધ્યાનમાં રાખવા જેવું છે. એ કહે છે કે કોઈ સંનિષ્ઠ માણસ ઉપર મોટી ઉપાધિ આવી પડે છે ત્યારે આવું કેમ થયું એવો પ્રશ્ન પૂછવાને બદલે આવી પડેલ બલાને ટાળવા એણે શું કર્યું એ વાત પર વધારે ધ્યાન આપવું જોઈએ.

બીજી વાત એ છે કે જીવનમાં મુસીબતો તો આવ્યા જ કરવાની છે. એનાથી ગભરાઈએ તો જીવન કેમ જીવાય? અને જે લોકો કાંઠે ઊભા ઊભા તમાશો જુએ છે એ તો તમારી ટીકા કર્યા જ કરવાના છે. આમ કરો ને તેમ કરો એવી સુફિયાણી સલાહસૂચનાઓ પણ આપ્યા કરવાના. આમ કર્યું હોત તો વધુ સારું એવી વાતો પણ કરવાના. એ બધાથી ગભરાઈને આપણાથી હાથ થોડા ખંખેરી નખાય? કે જીવનમાંથી રાજીનામું થોડું અપાય? આ બાબતમાં અમેરિકાના પ્રેસિડેન્ટ થીઓડોર રુઝવેલ્ટનું એક વિધાન હું હંમેશ ધ્યાનમાં રાખું છું: "It is not the critic who counts: not the man who points out how the strong man stumbles or where the doer of deeds could have done better. The credit belongs to the man who is actually in the arena, whose face is marred by dust and sweat and blood, who strives valiantly, who errs and comes up short again and again, because there is no effort without error or shortcoming..."10

# મારી દ્વિધા

આજે હું નિવૃત્ત થઈને બેઠો છું ત્યારે વિચાર આવે છે કે આ જિંદગીમાં હું ક્યાંથી નીકળ્યો અને ક્યાં પહોંચ્યો! મારી ગતિ અને પ્રગતિ એવી અને એટલી તો અણધારી નીવડી છે કે મારા જન્મ સમયે કુંડળીમાં જે કાંઈ લખાયું હશે અથવા જોષીએ જે કાંઈ ભવિષ્ય ભાખ્યું હશે તેમાંથી ભાગ્યે જ કંઈ સાચું પડ્યું હશે. ક્યાં અમારું ધૂળિયું ગામ જેમાં મારા જન્મ વખતે હજી ઈલેક્ટ્રીસિટી પણ આવી નહોતી અને જ્યાં પીવાનું અને નાવાધોવાનું પાણી નદીએથી લાવવું પડતું, અને ક્યાં વિશ્વની મહાન સત્તા અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન? ક્યાં મુંબઈની મૂળજી જેઠા મારકેટમાં કરેલી અદના ગુમાસ્તાની નોકરી અને ક્યાં વૉશિંગ્ટનના પાવરફુલ ચીફ ફાઈનાન્સિયલ ઑફિસરની પોઝિશન? ક્યાં મુંબઈમાં એક ઘોલકી શોધવા માટે અસહ્ય મુશ્કેલીઓ વચ્ચે કરેલો આંધળો રઝળપાટ અને ક્યાં અદ્યતન સુવિધાઓથી સજ્જ અમારું વિશાળ ઘર અને એનું

એકાદ એકરનું હરિયાળું બેક યાર્ડ? ક્યાં મારી મુંબઈની ગુલામગીરી અને ક્યાં અહીં 'વૉશિંગ્ટોનિઅન ઑફ ધી ઈયર' કે 'મોસ્ટ પાવરફુલ વૉશિંગ્ટોનિઅન્સ'માં મારી ગણતરી? ક્યાં નાતની વીશીઓમાં જેમતેમ લુસલુસ ઊભડક ખાવાનું અને ક્યાં વ્હાઈટ હાઉસનું સ્ટેટ ડીનર? આવી એક્સ્ટ્રીમ પરિસ્થિતિઓ વચ્ચે થયેલી મારી અણધારી જીવનયાત્રાનું મને જ મોટું આશ્ચર્ય છે.

કોઈને પણ પૂછો તો કહેશે કે આ જીવનયાત્રા એક નીવડેલા અને સફળતા પામેલા માણસની છે. છતાં મને એમ કેમ થયા કરે છે કે મેં જિંદગી વેડફી છે? આજે જીવનસંધ્યાએ મને નિષ્ફળતાનો ડંખ કેમ સતત પજવે છે? દિવસ ને રાત આ જ વિચાર આવ્યા કરે છે કે મેં જિંદગીમાં શું ઉકાળ્યું? આ સમસ્યાના મૂળમાં છે બીજાઓ સાથે હંમેશ સરખામણી કર્યાં કરવાની મારી ખરાબ આદત. હું જ્યારે બીજા સિદ્ધહસ્ત લોકોની–લેખકો, વિચારકો, કવિઓ, ઉદ્યોગપતિઓ, નેતાઓ, સંશોધકો વગેરેની વાતો વાંચું સાંભળું છું ત્યારે ઈર્ષાથી સમસમી ઊઠું છું. થાય છે કે એ લોકોની સિદ્ધિઓની સરખામણી સામે મેં કાંઈ જ મેળવ્યું નથી. એક અત્યંત મહત્ત્વાકાંક્ષી માણસની તીવ્ર અસંતોષવૃત્તિથી હું સતત પીડાઉં છું. જે મળ્યું છે તેનો સંતોષ અને આનંદ સાવ નથી એવું નથી, પણ એ ક્ષણિક જ હોય છે. તત્કાલ સંતોષની લાગણી અનુભવીને તરત મારું મન છટકીને જે નથી મળ્યું તે તરફ વળે છે અને નથી મળ્યાનું દુ:ખ પેટ ચોળીને ઊભું કરે છે. અર્ધા ભરાયેલા પાણીના ગ્લાસને જોઉં છું તો મને ભરેલો ભાગ નથી દેખાતો, ખાલી ભાગ જ દેખાય છે! આ દ્વિધાનું મારે શું કરવું?

બધા લોકોને કંઈક અને કંઈક મહત્ત્વાકાંક્ષા હોય છે. એ મનુષ્ય સહજ છે. અને જો માણસ યથાશક્તિ પ્રયત્ન કરે અને ઈશ્વરકૃપા હોય તો એ ધારેલી ઇચ્છાઓ સફળ થવાની શક્યતા છે. મારી મહત્ત્વાકાંક્ષા કોઈ જુદા જ પ્રકારની છે. જે લોકો આદર્શ તરીકે મારા કલ્પનાવિશ્વમાં ઘર કરીને બેઠા છે તેમનો વિચાર કરું છું ત્યારે મને એમ થાય છે કે એ લોકો સુધી મારાથી આ ભવમાં તો પહોંચાય જ નહિ. રાજકીય ક્ષેત્રે નહેરુ, રુઝવેલ્ટ કે ચર્ચિલ; સાહિત્યમાં એડમંડ વિલ્સન, ટી એસ એલીએટ, ઉમાશંકર જોશી, સુરેશ જોષી, ચેખોવ, નેબોકોવ, કે નાયપોલ; ચિંતકોમાં વિટગનસ્ટાઈન કે વિલિયમ જેમ્સ જેવા જો મારા ખ્યાલમાં હોય તો હું એમને આ જિંદગીમાં કયારે પહોંચવાનો છું?

# મારા જીવનની આદર્શ વ્યક્તિ: ગાંધીજી

અને આ બધાં ઓછાં હોય તેમ મારા જીવનમાં કોઈ એક વ્યક્તિને આદર્શ તરીકે ઠેઠ કિશોરવયથી મેં માની હોય તો એ છે: ગાંધીજી! હાઈસ્કૂલમાં ગુજરાતી ગદ્યપદ્યના પાઠ્યપુસ્તકમાં ગાંધીજીની આત્મકથાનાં થોડાંક પ્રકરણ હું ભણ્યો હતો. એ મારો ગાંધીજીનો પહેલો પરિચય. એ પ્રકરણોમાં તેમના શરૂઆતના આફ્રિકાના દિવસોની, ખાસ કરીને ટ્રેનમાંથી તેમને ધક્કો મારી કાઢી મુકાયેલા અને સિગરામમાં એમની પર પડેલો સખત માર, ત્યાં તેમનો જે હુરિયો બોલાયેલો તે બધી વાતો હતી. નિરાડંબર અને સરળ ગુજરાતીમાં લખાયેલી આ વાતો મને એટલી તો ગમી કે દોડીને લાઇબ્રેરીમાં જઈ એમની આત્મકથા લઈ આવ્યો.

બસ, ત્યારથી મને ગાંધીજીનું ઘેલું લાગ્યું. એમણે જે પ્રામાણિકતાથી પોતાને વિશે લખ્યું હતું—એમના બાળલગ્ન, યૌવનસહજ જાતીય ઉત્સુકતા, ભીરુતા, લંડનમાં એમના ખાવાપહેરવાના હાસ્યાસ્પદ પ્રયોગો, મુંબઈમાં એમના વકીલ થવાના નિષ્ફળ પ્રયત્નો, દક્ષિણ આફ્રિકામાં પડેલી અસહ્ય હાડમારીઓ—આ બધી વાતો આત્મકથાને અત્યંત રસપ્રદ બનાવે છે, પરંતુ સાથે સાથે એ એમના ચારિત્ર્ય અને એમના નિત્ય પરિવર્તનશીલ જીવનની પણ ઝાંખી કરાવે છે. સરળ, નિખાલસ અને નિરાડંબર શૈલીમાં લખાયેલી આ આત્મકથા માત્ર ગુજરાતી સાહિત્ય જ નહીં, પણ વિશ્વસાહિત્યનું એક ઉત્તમ આત્મનિવેદન છે.

અને છતાં એમની આત્મકથા એમના જીવન અને ખાસ કરીને એમની મહત્તા સમજવા માટે ઉપયોગી નથી નીવડતી. એટલું જ નહીં પણ એ poor guide છે. આત્મકથા અને એમનાં બીજાં લખાણોમાં એમનું વલણ 'મો સમ કૌન કુટિલ ખલ કામી'નું, સતત self-deprecatory જ રહ્યું છે. પોતે કેવા સામાન્ય હતા; કેવા બીકણ હતા; કેવા શરમાળ હતા; વિદ્યાર્થી તરીકે, વકીલ તરીકે જ્યાં જ્યાં એમણે હાથ અજમાવ્યો ત્યાં બધે જ શરૂઆતમાં કેવા પાછળ પડેલા; પુત્ર, પતિ અને પિતા તરીકે કેવા નિષ્ફળ નીવડ્યા–આવી જ પોતાની મર્યાદાઓની, ખામીઓની જ વાતો. ક્યાંય બણગાં ફૂંકવાની

વાત નહીં. કોર્ટમાં પહેલો કેસ લડવા ઊભા થયા તો પગ ધ્રૂજવા લાગ્યા! એવું જ થયું કૉંગ્રેસના અધિવેશનમાં પહેલી વાર ઠરાવ રજૂ કરવા ઊભા થયા ત્યારે. કોઈ સાંભળે નહીં.

બીજા સમકાલીન ભારતીય નેતાઓ કેવા મહાન હતા એની ખાસ નોંધ કરે: ફિરોજશાહ મહેતા તો મુંબઈના 'બેતાજ બાદશાહ, અને મુંબઈના સિંહ હતા...અને હિમાલય જેવા, લોકમાન્ય તિલક સમુદ્ર જેવા તો ગોખલે ગંગા જેવા.' આ બધા અને બીજાં અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ જેમની મહત્તાનાં વખાણ કરતાં એમની જીભ સુકાતી નહોતી, તેમાંથી કોઈ પણ મારી દૃષ્ટિએ ગાંધીજીની કક્ષાના હતા નહીં. આમ કહેવામાં હું એ નેતાઓની મહત્તા સ્વીકારતો નથી એવું નથી, પણ એટલું જ કહેવાનું કે એમાંનું કોઈ પણ એમની કક્ષાનું ન હતું, એવી હતી ગાંધીજીની બહુમુખી પ્રતિભા અને મહાનતા.

છતાં એમણે પોતાના સામાન્ય દોષો કે ભૂલોને કેવું મોટું સ્વરૂપ આપ્યું હતું! પોતે ભૂલ કરે તો એ 'પહાડ જેવડી ભૂલ' હોય એમ વાત કરે! નાનપણમાં કિશોર સહજ એકાદ બીડી ફૂંકી કે થોડું માંસ ખાઈ લીધું કે થોડું ખોટું બોલ્યા, અથવા તો વેશ્યાવાડામાં એક આંટો માર્યો અને તે પણ સાવ નકામો—આવી ઝીણી ઝીણી વાતને એમણે ચોળીને ચીકણી કરી છે. એમાંય પિતાના મૃત્યુ સમયે એમની સાથે હોવાને બદલે પોતે પત્ની સાથે સૂતા હતા તેનો ડંખ તો એમને જિંદગીભર સતાવતો રહ્યો હતો. બિનકસરતી નબળું શરીર; ચોર, ભૂત અને સાપના ભયથી રાતે દીવા વગર અંધારામાં ન સૂઈ શકે એવો બીકણ સ્વભાવ, ભણવામાં સાવ સામાન્ય—આવું બધું ભોળાભાવે વાંચતા હું એમ માનતો થઈ ગયો કે આવો સાવ સામાન્ય માણસ જો મહાત્મા થઈ શકતો હોય તો હું શા માટે ન થઈ શકું?

ત્યારથી જ નક્કી કરેલું કે થવું તો ગાંધીજી જેવા થવું! ગાંધીજી મારું જિંદગીભરનું obsession રહ્યા છે. દેશમાં જાઉં અને જો હું અમદાવાદ ગયો હોઉં તો જરૂર સાબરમતી આશ્રમમાં આંટો મારું, અને દિલ્હી ગયો હોઉં તો રાજઘાટ પર. મારી દૃષ્ટિએ સ્વતંત્ર ભારતના આ સૌથી અગત્યનાં પવિત્ર તીર્થસ્થાનો છે. જતી જિંદગીએ જ્યારે હું કવિતા ભણી વળ્યો ત્યારે મારી ગાંધીભક્તિ મેં ચાર સૉનેટમાં વ્યક્ત કરી છે.[11]

# બહુમુખી પ્રતિભા

ગાંધીજી કેવા મહાન હતા તે તો મને પરદેશમાં આવ્યા પછી સમજાયું. દેશમાંથી બહાર નીકળ્યા પછી ઘણું બધું ફરવાનું થયું છે, અમેરિકામાં તેમ જ દુનિયાના અનેક દેશોમાં. કોઈ પણ ઠેકાણે જાઉં, તક મળે તો બુકસ્ટોરમાં જરૂર આંટો મારું. જોઉં કે લોકો શું વાંચે છે, ખરીદે છે. બાયોગ્રાફીના સેક્શનમાં જોઉં તો ગાંધીજી વિશે સ્થાનિક ભાષામાં લખાયેલાં કે અનુવાદ થયેલાં પુસ્તકો, ખાસ તો એમની આત્મકથા જરૂર જોવા મળે. એમના વિશે અનેક ભાષાઓમાં કેટલું બધું લખાયું છે! છતાં ભાગ્યે જ એવું વરસ જાય કે પશ્ચિમમાં એમના વિશે કાંઈક અને કાંઈક નવું દળદાર પુસ્તક ન લખાયું હોય. શરમની વાત તો એ છે કે એમની માતૃભાષા ગુજરાતીમાં જ એમનું કોઈ આધારપૂર્ણ, પ્રમાણભૂત અને સમતોલ જીવનચરિત્ર હજી સુધી લખાયું નથી. જે લખાયું છે તેમાં મોટે ભાગે એમની પ્રમાણભાન વિનાની પ્રશસ્તિગાથા જ હોય છે. આવાં રેઢિયાળ જીવનચરિત્રોમાં મને આપણી યુનિવર્સિટીઓના સંશોધનનાં નીચાં ધોરણો દેખાય છે, અને સાથે સાથે આપણા પ્રૉફેસરોની સંશોધન પ્રત્યેની ઉદાસીનતા અને પાંડિત્ય કેળવવા માટે જરૂરી ઉદ્યમનો અભાવ પણ દેખાય છે.

વિદેશમાં, ખાસ કરીને અમેરિકામાં મારી અટક સાંભળતા તરત પ્રશ્ન પુછાય: તમે મહાત્માના કંઈ સગા થાવ કે? આજે મને અમેરિકા આવ્યે પચાસ વરસ થયાં. વિદેશવાસનાં આ વર્ષો દરમિયાન જે કાંઈ થોડી ઘણી મુશ્કેલી પડી તેની સરખામણી ગાંધીજીએ લંડન અને ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં જે હાડમારીઓ સહન કરી હતી તેની સાથે ન જ થઈ શકે. પરંતુ એમણે જે નીડરતા અને આત્મવિશ્વાસથી વિદેશવાસની હાડમારીઓનો સામનો કરેલ તે મારે માટે આજે પણ અજાયબીની વાત છે! ક્યાંથી આવી એ નીડરતા? એ આત્મવિશ્વાસ?

સ્વાતંત્ર્ય સંગ્રામમાં બોમ્બ ફેંકીને પકડાવાના ડરે ભાગીને સંતાઈ જતા ક્રાંતિકારીઓની હિંમતની વાત ઘણી વાર થાય છે. ત્યારે આ ભડવીર માણસ ભાગવાની વાત કરતો નથી. એ તો બ્રિટિશ રાજ્યને ચેલેન્જ આપીને કહેતા કે હું અહીંયા છું આવીને મને પકડી જાવ. કોર્ટમાં બ્રિટિશ જજને કહે છે કે હા, મેં જ બ્રિટિશ રાજ વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી છે, તમે મને જે જેલની સજા આપશો તે ખુશીથી ભોગવીશ. તમારો

કાયદો કહે તેમ જ મને વધુ ને વધુ સજા કરો! દેશના રાજકારણમાં ગાંધીજી આવ્યા ત્યાં સુધી આપણા નેતાઓ દર વર્ષે ભરાતા કૉંગ્રેસના અધિવેશનમાં ભભકાદાર અંગ્રેજીમાં ભાષણો અને ઠરાવો કરીને સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલતા હતા! એમાંથી ભાગ્યે જ કોઈની ત્રેવડ હતી કે બ્રિટિશ સરકારના જુલમી વહીવટને સામે ચાલી પડકારે અને કહે કે તમારે જે કરવું હોય તે કરો, હું તમારી જેલથી ડરતો નથી. દેશની સ્વતંત્રતા માટે હું જેલમાં જવા તૈયાર છું. એ લડતમાં જો મરવું પડે તો હું મરવા તૈયાર છું. આવી 'કરેંગે યા મરેંગે'ની ખુમારી એક વખતના આ બીકણ માણસમાં ક્યાંથી આવી? અને આવી ખુમારી બીજાં કેટલાં નેતાઓમાં હતી?

ગઈ સદીની શરૂઆતમાં જ્યારે યુરોપના ધુરંધર નેતાઓ પહેલા વિશ્વયુદ્ધના મહાન હિંસક મોરચાઓની મસલત કરી રહ્યા હતા ત્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાના અંધારા ખૂણામાં અહિંસક મોરચાનું આયોજન કરી રહ્યા હતા. અહીં જ એમણે organized nonviolent mass movement—સંગઠિત સામૂહિક પણ અહિંસક આંદોલનના શ્રી ગણેશ માંડ્યા. એ એમને કેવી રીતે સૂઝ્યું? અમેરિકાની સિવિલ રાઈટ્સ મુવમેન્ટ હોય કે, આરબ સ્પ્રિંગ હોય, કે બાલ્ટિક દેશોની સ્વતંત્રતા મેળવવાની ઝુંબેશ હોય—આખી દુનિયાના લોકો એ અહિંસક ચળવળનો દાખલો લઈને આજે જુલમગારોના ત્રાસમાંથી મુક્તિ પામે છે.

ગરીબમાં ગરીબ, દુ:ખીમાં દુ:ખી લોકોની સેવામાં એમણે જીવન ઓગાળી દીધું, તો આવી લોકસેવા કરવાની ધગશ એમને ક્યાંથી લાગી? આવું સમસંવેદન એમને કેવી રીતે મળ્યું? દેશના ગરીબોની વ્યથા સમજવા માટે એમની સાથે એ આત્મસાત થયા. માત્ર શબ્દોથી નહિ, પણ રોજબરોજના જીવનવ્યવહારમાં, ખાવા, પીવા અને પહેરવામાં. વાતો કરીને નહિ, પણ પોતાનું જીવનપરિવર્તન કરીને. અસ્પૃશ્યતાનિવારણ કરવું હોય તો ભંગીવાસમાં જઈને રહેવું પડે. ગ્રામોદ્ધાર કરવો હોય તો ગામડાંઓમાં જઈને ગામડિયાઓની સાથે જઈને રહેવું પડે. આમ દેશના દુ:ખિયારાઓની પરિસ્થિતિનું એમનું જ્ઞાન એ પોથીમાંના રીંગણાનું નહીં, પણ જાત અનુભવનું હતું. એ કહેતા: “I do not know whether you have seen the world as it really is. For myself, I can say I perceive the world in its grim reality every moment.” (૧૯૧૮).

એમને એ પણ ખબર હતી કે દેશની ગરીબી હઠાવવી હોય તો એ કોઈ સ્લોગન કે

વરદીની, કે પંચવર્ષીય યોજનાની વાત ન હતી. તે માટે તો ગરીબો વચ્ચે રહીને કામ કરવાની વાત હતી. આ એક બે દિવસ કે વરસ બે વરસની વાત ન હતી, એમાં તો જીવન અર્પી દેવું પડે, અપાર ધીરજ ધરવી પડે. કંઈક સવળાં પાસાં ન પડે તો હિમ્મત ન હરાય કે નિરાશ ન થવાય. એમણે બરાબર કહેલું કે : "I am not a quick despairer." (૧૯૨૨) આવી નિરંતર સેવા કરવામાં જ એમણે એમના જીવનની સાર્થકતા જોઈ હતી: "For men like me, you have to measure them not by the rare moments of greatness in their lives, but by the amount of dust they collect on their feet in course of life's journey." (૧૯૪૭)

માત્ર રાજકારણ જ નહિ, પણ જીવનના એકેએક ક્ષેત્રમાં એમણે આખીયે જિંદગી સતત પ્રયોગ કર્યા કર્યા છે. સાચા અર્થમાં એ પ્રયોગખોર મહાત્મા હતા. ખોરાક, પોશાક, શિક્ષણ, આરોગ્ય, બાળ ઉછેર, સેક્સ, ગ્રામસેવા, ધર્મ, સાહિત્ય, અર્થશાસ્ત્ર–જીવનનું ભાગ્યે જ કોઈ એવું પાસું હશે કે જે વિશે એમણે વિચાર ન કર્યો હોય, કે એ બાબતમાં કંઈક એમણે અજમાવ્યું ન હોય કે જેમાં એમને કંઈક ને કંઈક કહેવાનું ન હોય. અને એ બધું કહેવામાં એમણે કોઈ સંકોચ નહોતો રાખ્યો. જીવનભર જેમ એ કાર્યરત રહ્યા હતા, તેમ એ કંઈ ને કંઈ લખતા પણ રહ્યા. એમના સમગ્ર લખાણના ગ્રંથોની સંખ્યા સો સુધી પહોંચી છે! આ માણસ શરમાળ હતો? "શરમાળપણું એ મારી ઢાલ" એમ કહેતો!

માટીમાંથી માનવ બનાવવાનો એમની પાસે જાદુ હતો. દેશનાં ગભરુ લોકો જે હંમેશ બ્રિટિશ રાજકર્તાઓથી ફફડતાં હતાં તેમનો ભય એમણે દૂર કર્યો. કહ્યું કે કોઈથી ગભરાવાની જરૂર નથી. એટલું જ નહીં પણ બધા જ ત્રાસ કરનારા લોકો હતાં તેમની સામે શીંગડા ભરાવતા શીખવાડ્યું. દેશમાં અબળા ગણાતી સ્ત્રીઓને પણ એમણે ઘરમાંથી બહાર લાવી સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડી અને એમને જેલમાં જતી કરી! ગાંધીયુગમાં દેશને કેવા કેવા મહાન માણસો મળ્યા! અને માત્ર રાજકારણમાં જ નહીં, પણ જીવનના અનેક ક્ષેત્રે. અનેકવિધ લોકોસાથે વિધવિધ સંજોગોમાં કામ કરવું અને કરાવવું એ એમની અદ્‌ભુત ખૂબી હતી. એ એમને ક્યાંથી મળી? બલિદાન અને ત્યાગની અપેક્ષા જ્યારે એ બીજા પાસે રાખતા ત્યારે એ બાબતમાં તેમણે પોતાનું નામ પહેલું નોંધાવ્યું હોય જ.

એમના માનવ સંબંધો, એમની સેવાભાવના સર્વથા નિર્વ્યાજ હતાં. આઠેક દાયકાની

જિંદગી પછી એ કયો દલ્લો મૂકી ગયા? સાબરમતી આશ્રમમાં એ મિલકત હજી એમને એમ પડી છે: રેંટિયો, ચપ્પલ, ચશ્માં, ડેસ્ક વગેરે નિત્ય જીવનની જૂજ જરૂરિયાતની વસ્તુઓ. ૧૯૪૭ના ઑગસ્ટની પંદરમીએ મુખ્યત્વે એમના જ નેતૃત્વ નીચે દેશ જ્યારે સ્વતંત્ર થયો ત્યારે એ ક્યાં હતા? રાજધાની દિલ્હીમાં સ્વતંત્રદિનની ઉજવણીમાં એ નહોતા પડ્યા, કે સ્વતંત્ર ભારતના પ્રમુખ કે વડા પ્રધાન થવાની તજવીજમાં નહોતા પડ્યા. એ તો બંગાળનાં કોમી હુલ્લડોમાં ફસાયેલા નિરાધાર લોકોની સેવામાં, એમને બચાવવામાં જાનના જોખમે પગપાળા ગામડે ગામડે ઘૂમતા હતા. આવો નિસ્વાર્થ ભાવ એમનામાં ક્યાંથી આવ્યો?

કહેવાય છે કે છેલ્લાં બેએક હજાર વર્ષમાં ગાંધીજી જેવો માણસ દુનિયાને જોવા મળ્યો નથી. મહાન વિજ્ઞાની આઇનસ્ટાઇને તો ત્યાં સુધી કહ્યું કે ભવિષ્યમાં લોકો એમ માનશે પણ નહિ કે આવો માણસ આ પૃથ્વી પર એક વાર સદેહે જીવ્યો હતો. સહજ જ પ્રશ્ન થાય કે આવી મહાન વિશ્વવિભૂતિને હું આદર્શ માનીને બેસું એનો અર્થ શો? એમના જેવા થવાનું મારું ગજું નથી એવું કહેવું પણ નિરર્થક છે. મને ખાત્રી છે કે આ ભવમાં તો હું ક્યારેય આ આદર્શ સુધી પહોંચવાનો નથી જ નથી. તો પછી જે અશક્ય છે તેને આદર્શ માનીને શા માટે બેસવું? મેથેમેટિક્સમાં Asymptotic—અનંતસ્પર્શીય—એવો એક કન્સેપ્ટ છે. એટલે કે પરિઘથી ફંટાયેલી એક લીટી બીજી એક લીટીને મળવા પ્રયત્ન કરે છે. ધીમે ધીમે એ નજીક આવે છે, પણ કદીયે એ બે લીટીઓ મળી શકતી નથી. છતાં મળવાનો એ પ્રયત્ન તો ચાલુ જ રહે છે. જીવનમાં આદર્શ રાખવાનું કામ આવું જ કંઈક છે. એ તો ધ્રુવતારક છે. ત્યાં પહોંચાય છે થોડું?

# હું આ શા માટે આ લખું છું?

બલવંતરાય ઠાકોરની એક પંક્તિ છે: 'નિશાન ચૂક માફ, કિન્તુ નહીં માફ નીચું કદી.' કોઈ મને એમ ન કહી શકે કે મારું નિશાન નીચું છે! આખરે જીવનમાં આપણે કશુંક અગત્યનું મેળવવું હોય તો તેને માટે નિરંતર અસાધારણ પરિશ્રમ કરવો જોઈએ. માણસમાં ઈશ્વરદત્ત પ્રતિભા ભલે હોય પણ જો એ પ્રતિભાબીજની માવજત ન કરી હોય તો એ વિશિષ્ટતા અચૂક વેડફાઈ જવાની. મારામાં કોઈ ઈશ્વરદત્ત શક્તિ કે મેધાવી

બુદ્ધિ તો નથી જ નથી, પરંતુ જે કોઈ થોડીઘણી છે તેની પણ મેં માવજત નથી કરી. એ જાળવણી માટે અસાધારણ પરિશ્રમપરાયણતા હોવી જોઈએ એ મારામાં નથી. છતાં આવા અસાધ્ય ધ્યેયની પાછળ પડી રહેવામાં હું મારા જીવનનો વિકાસ જોઉં છું. આ અનંતસ્પર્શીય આદર્શની પ્રાપ્તિની મથામણમાં જ હું જીવનની સાર્થકતા જોઉં છું.

મોટી નવાઈની વાત એ છે કે જીવનસંધ્યાએ જ્યારે આ લખી રહ્યો છું, ત્યારે પણ આ અસાધ્યતાની વાસ્તવિકતા હું સ્વીકારી શકતો નથી. હું હજી પણ જે લેઇટ બ્લુમર મહાનુભાવોએ મોટી ઉંમરે સિદ્ધિઓ મેળવી છે તેમનો અભ્યાસ કર્યા કરું છું અને ઊંડે ઊંડે આશા રાખું છું કે કદાચ મારું પણ એવું થાય! ઘણો વખત આ બાબતમાં પશ્ચિમ જર્મનીના ભૂતપૂર્વ ચાન્સલર કોનરાડ એડીનાવર અને આપણા મોરારજી દેસાઈ જે બન્ને બહુ મોટી ઉંમરે પોતાના દેશના મુખ્ય સૂત્રધાર થયેલા એ મને બહુ કામે લાગતા! જો કે જેમ જેમ મારી ઉંમર વધતી જાય છે તેમ આ યુક્તિ બહુ ચાલશે નહીં.

અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનને નાણાંકીય રીતે સધ્ધર બનાવવામાં એના સી.એફ.ઓ. તરીકે મેં જે ભાગ ભજવ્યો તે અહીંના ટીવી છાપાં ઉપરાંત દેશના ટીવી છાપાંમાં પણ ઓછુંવત્તું આવ્યું. આમ હું દેશમાં પણ ક્યારેક ક્યારેક છાપે ચડ્યો. મને ઘણી વાર પૂછવામાં આવે છે કે ડિસ્ટ્રીકની નાણાંકીય પરિસ્થિતિમાં જે ધરખમ ફેરફાર થયા એ કેવી રીતે થયા? “તમે જે કામ વૉશિંગ્ટનમાં કર્યું તે દેશમાં ન થઈ શકે? દેશની નાણાંકીય પરિસ્થિતિ કેવી રીતે સુધરે? તમે જે કામ કર્યું છે તે વિશે કેમ લખતા નથી?” એક ભારતીય ઈમિગ્રન્ટ પરદેશ, અને તેમાંય અમેરિકામાં જઈને આ કામ કેવી રીતે કરી શક્યો હશે તે કુતુહલના જવાબમાં પણ કંઈક અંશે આ આત્મકથા લખાઈ છે. તેથી જ તો અહીં મારા પ્રોફેશનલ જીવનની ગતિવિધિ વધુ છે. અંગત જીવનની મથામણો પ્રમાણમાં ઓછી છે. અને જે છે તે પણ પ્રોફેશનલ જીવનમાં અનિવાર્યતઃ અંતર્ગત હતી તે જ છે.

જન્ક બોન્ડના સ્ટેટસમાંથી વૉશિંગ્ટનનું AA and AAA સુધીના બોન્ડ રેટિંગ સુધી ઝડપથી પહોંચવું એ અમેરિકન મ્યુનિસિપલ ફાઈનાન્સ ક્ષેત્રે ખરેખર જ અસાધારણ ઘટના હતી. મારા પ્રોફેશનલ જીવનની એ એક મહાન ઘટના હતી. છતાં હું જ્યારે મારા જીવન વિશે વિચાર કરું છું ત્યારે થાય છે કે સોલોમન ગ્રંડીની12 સાધારણતાની પેલી વાત, મારી આજુબાજુના હજારો અને લાખો લોકોની જેમ મને પણ લાગુ પડે જ છે. ભલે ને મને મારા જીવનની આ સાધારણતા સ્વીકારવાનું આકરું લાગતું

હોય, પણ હું મારી જાતને આજે પૂછું છું: કે ભાઈ, તેં ક્યો મોટો વાઘ માર્યો છે કે તું આત્મકથા લખવા બેઠો? તું ક્યાં મોટો ગાંધીજી કે ચર્ચિલ થઈને બેઠો છે કે લોકોને તારા જીવનમાં રસ હોય? આ પ્રશ્ન મને પણ સતાવે છે.

તો પછી હું શા માટે આ આત્મકથા લખવા બેઠો છું? મારા ભાવનાસૃષ્ટિના આદર્શો સુધી પહોંચું કે ન પહોંચું, તેની બીજાઓને ન પડી હોય તે હું સમજી શકું છું, પણ મને એ નિષ્ફળતાનો મોટો ડંખ રહ્યો છે. અને એ સમજવા હું પ્રયત્ન કરું છું. આત્મકથન એ આત્મશોધનનો જ એક પ્રકાર છે. હું તો ત્યાં સુધી કહું કે જ્યાં સુધી તમે લખો નહીં ત્યાં સુધી તમે શું વિચારો છો તે જાણવું મુશ્કેલ છે. એ દૃષ્ટિએ હું આ લખીને જાતને પામવાનો પ્રયત્ન કરું છું. કદાચ બીજું કાંઈ નહીં તો ઓછામાં ઓછું મારી નિષ્ફળતા વિશે જરૂર લખી શકું. માલ્કમ મગરીજ નામના એક બ્રિટિશ પત્રકારની આત્મકથાનું શીર્ષક છે, Chronicles of Wasted Time. એ પ્રમાણે આ મારી નિષ્ફળતાની રામકહાણી છે એમ માનો. ઉપરવાળો મને પૂછે એ પહેલાં મારે જ મારી જાતનો હિસાબ આપવો છે, કે ભાઈ તને જીવન જીવવાની જે ઉમદા તક મળી તેનું તેં શું કર્યું? આ જિંદગીમાં તેં શું ઉકાળ્યું? અને જીવનની પરીક્ષામાં હું જો નપાસ થયો તો કેમ થયો?

સાડા સાત દાયકાની આ જિંદગીની સફર પછી મારી સફળતા અને નિષ્ફળતાની વ્યાખ્યા પણ ધૂંધળી બની ગઈ છે. હવે મને ખબર નથી પડતી કે કોને મહાન કહેવા અને કોને પામર? હવે કોઈને એવા લેબલ લગાડવા એ પણ મને યોગ્ય નથી લાગતું. એક વસ્તુની સ્પષ્ટતા જરૂર થઈ છે. જે લોકો એમ કહે છે કે એમની અસાધારણ સિદ્ધિઓ અને સફળતાઓ આપકમાઈની છે તો એ વાતમાં હું માત્ર એમની બડાશના બણગા જોઉં છું. ઊલટાનું આવા સફળ માણસની પાછળ હું એના જન્મ, કુટુમ્બ, સમાજ, ઉછેર, ભણતર, મિત્રો, જીવન સાથી, નસીબ, વગેરે વસ્તુઓ જોઉં છું. એનો અર્થ એ નથી કે વ્યક્તિગત બુદ્ધિ, પ્રયત્ન, ધગશ, પરિશ્રમ વગેરે જરૂરી નથી. કહેવાનું માત્ર એટલું જ કે જેને ઇંગ્લીશમાં આપણે 'self-made man' કહીએ છીએ તે વાત કપોલકલ્પિત છે![13]

કોઈ પણ આત્મકથા આખરે તો જાત વિશેની જાહેરખબર જ હોય છે. લેખક ઢંઢેરો પીટાવીને ગામને કહે છે કે જુઓ હું કોણ છું, મેં શું શું કર્યું છે, વગેરે. એ દૃષ્ટિએ પ્રખ્યાત અમેરિકન કવિ એમિલી ડિકિન્સને (Emily Dickinson) જે ચેતવણી આપી છે તે વિચારવા જેવી છે:

How dreary—to be—Somebody!
How public—like a Frog—
To tell one's name—the livelong June—
To an admiring Bog!

આજે જીવનસંધ્યાએ બેઠો બેઠો હું વિચારું છું કે હું જીવન કેમ જીવ્યો, હું ક્યાં ક્યાં ભમ્યો, મેં શું શું જોયું, કોને કોને મળ્યો, કોણે કોણે મારો હાથ પકડ્યો, અને મેં કોના કોના હાથ પકડ્યા, કોને કોને મેં દુભવ્યા, કોને અન્યાય કર્યો, ક્યાંથી મને નિર્વ્યાજ પ્રેમ મળ્યો અને મેં કોને એવો જ પ્રેમ આપ્યો–આવી બધી વાત લખવી છે. જે ઠેકઠેકાણે, દેશ વિદેશમાં અનેક નોકરીઓ કરી છે, તેની જ વાત કરું તોય મને મારી ગતિવિધિનો ખ્યાલ આવે. વધુમાં મારી જિંદગીમાં જે બન્યું છે તે વાત જો હું સચ્ચાઈ અને પ્રામાણિકતાથી કરું તો એમાંથી કંઈક નક્કર નીપજે.

રોબર્ટ ફ્રોસ્ટની એક પ્રખ્યાત કવિતા 'Road Not Taken'ની અંતિમ પંક્તિઓ છે: 'Two roads diverged in a wood, and I— I took the one less travelled by, and that has made all the difference.' મારું કંઈક ઊંધું જ થયું છે. મેં જે રસ્તો પકડ્યો તે ચીલાચાલુ હતો, બધા જે રસ્તે જતા હતા તે બાજુ હું વળી ગયો. ભાગ્યે જ જ્યાં કોઈ જતું ત્યાં જવાનું જોખમ મેં નથી લીધું. એમ કેમ થયું? મેં એવા દાખલાઓ જોયા છે કે માણસ એકલો હિમાલયના પ્રવાસે નીકળી પડે અને છ મહિને પાછો આવે. એક મિત્ર મુંબઈથી હીચ હાઈકિંગ કરીને અફઘાનિસ્તાન પહોંચ્યા પછી ઘરે કાગળ લખીને જણાવ્યું કે અહીંથી હું યુરોપ જવાનો છું. આવું કોઈ સાહસ મેં કર્યું જ નથી. એમ કેમ?

હું સ્કૂલમાં હતો ત્યારે તોફાની છોકરાઓમાં મારી ગણતરી નહોતી થતી. ક્યારેય કોઈ છોકરીની છેડતી કરી હોય, નિશાળમાં માસ્તરનો હુરિયો બોલાવ્યો હોય, તોફાન કર્યાં હોય, મારામારી કરી હોય, ક્લાસમાં ગુટલી મારી ફિલ્મ જોવા ગયો હોઉં–એવું કશું જ મેં કર્યું નથી. અમેરિકનો જેને 'messing around,' કહે છે, એવું મેં કંઈ કર્યું જ નથી. ઊલટાનું મારી ગણતરી ડાહ્યાડમરા છોકરામાં થતી! પશ્ચિમના દેશોમાં જે વિશ્વયુદ્ધો થયાં તેમાં અસંખ્ય કિશોરો અને યુવાનો જોડાયેલા. સોળ, સત્તર વરસનો છોકરો લશ્કરમાં જોડાય અને દુનિયા ફરી આવે. પ્રખ્યાત નવલકથાકાર અર્નેસ્ટ હેમિંગ્વે જ્યારે ઇટલીમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકે ગયેલા અને ઘવાયેલા ત્યારે તેની ઉંમર

માત્ર અઢાર વરસની હતી! વિન્સ્ટન્ટ ચર્ચિલ પચીસના થયા એ પહેલા ક્યુબા, ઇન્ડિયા, સુદાન અને સાઉથ આફ્રિકાની લડાઈઓમાં ભાગ લઈ ચૂક્યા હતા. આપણા દેશમાં પણ ત્રીસી અને ચાલીસીના દાયકામાં ઉછરેલા કિશોરો અને યુવાનોને દેશની સ્વતંત્રતાની ઝુંબેશમાં જોડાવાની તક હતી. ખુદ મારા પિતાશ્રી જ કિશોરવયમાં જેલમાં જઈ આવેલા. લાઠીનો માર ખાઈ આવેલા. આવું કોઈ સાહસ કરવાની મારા જમાનાના કિશોરોને કોઈ તક મળી નથી, અને જો મળી હોય તો મેં તો લીધી જ નથી.

ઘરમાંથી મને જો ગિરનારના પર્યટનમાં જવાની પણ જો રજા ન મળતી હોય તો લશ્કરમાં જોડાવાની તો વાત ક્યાં કરવી? છોકરાઓને શિસ્ત મળે તે માટે એનસીસી અને એસીસીમાં જોડાવાની તક સ્કૂલમાં મળતી. એમાં છોકરાઓને યુનિફોર્મ મળે, કૂચ કરવા મળે, લાઠી કેમ ચલાવવી એની ટ્રેનિંગ મળે. મારે એમાં ખૂબ જોડાવું હતું, પણ ઘરેથી સ્પષ્ટ ના પાડી: આપણે એવા કોઈ લશ્કરનાં ધીંગાણાં કરવા નથી જવું! સ્કૂલના કેટલાક છોકરાઓને એ યુનિફોર્મમાં કૂચ કરતા જોઈ ઈર્ષાથી હું જલી જતો.

કૌટુંબિક પરિસ્થિતિ, બીજાઓ પ્રત્યેની પોતાની જવાબદારીનું ભાન, બીજાઓની મારા માટેની શું અપેક્ષાઓ છે, મારે માટે શું ધારશે એનો જ સતત ખ્યાલ કરીને મેં હંમેશ સરળ દેખાતો રસ્તો લીધો છે. એ સહીસલામતીવાળું પગલું ભરવામાં હું મારી ગભરુ મનોદશા જ જોઉં છું. કટોકટીના ટાણે લોકોની ઐસી તૈસી કરીને મન ફાવે તેમ કરવાની મારામાં હિમ્મત કોઈ દિવસ આવી નથી. જેમ કોઈ સાહસી લોકો બધું ફગાવીને ચાલી નીકળે અને મનનું ધાર્યું કરે છે તેવું મેં ક્યારેય કર્યું નથી. એમ કરવામાં સાહસ છે, જોખમ છે, પણ સાથે સાથે નવું અજમાવવાનું, નવી સીમાઓ ઓળંગવાનું અને નવી ક્ષિતિજો સુધી પહોંચવાનું excitement પણ છે જે મેં કદી અનુભવ્યું નથી.

જો કે આજે જે નથી કર્યું અને જે ગુમાવ્યું છે તેનો અફસોસ કરવાનો કોઈ અર્થ નથી. આશય માત્ર છે સમજવાનો કે શા માટે હું જોખમ લેતો નથી. અલબત્ત, અહીં એક માણસની આપવીતીની વાત છે. આવી આત્મકથા વ્યક્તિના ગમા અણગમા અને પૂર્વગ્રહોથી રંગાયેલી હોય એ સ્વાભાવિક છે.

# સ્મૃતિ અને વિસ્મૃતિ

છતાં આ લખું છું તે કદાચ કોઈને ઉપયોગી નીવડી શકે, એવો છૂપો આશય પણ છે.

ગઈ સદીના વચલા દાયકાઓમાં દેશનાં નાનાં ગામોમાં તેમ મુંબઈ જેવા શહેરમાં સામાન્ય લોકો હાડમારીભર્યું જીવન કેમ જીવતા એનું અહીં વર્ણન કરવા પ્રયત્ન છે. સાસરે ગયેલી વહુ પિયરની વાત કરતા જેમ લાગણીશીલ કે રોમેન્ટિક બને છે, તેમ દેશ છોડીને વર્ષોથી પરદેશમાં વસતા લોકો વતનની વાતો કરતા આવી લાગણીઓ પ્રદર્શિત કરે છે. હું એવી લાગણીઓથી બચ્યો છું કે નહિ એ તો વાચકે જ નક્કી કરવાનું છે.

અહીં જે ઘટનાઓ રજૂ થઈ છે તેને થયે તો ભવ વીતી ગયો છે. મારા વતનમાં જ્યાં મારો જન્મ અને ઉછેર થયો, મુંબઈમાં જ્યાં જ્યાં મેં નોકરીઓ કરી, અને અમેરિકામાં મેં જ્યાં જ્યાં શરૂઆતમાં વસવાટ કર્યો—એ વિશેની વાતો પચાસ સાઠ વરસ જૂની છે. એ બધી હકીકતો પર, એ અનુભવો પર સ્મૃતિ-વિસ્મૃતિના કંઈક થરો લદાયેલાં છે. અહીં એ ઘટનાઓ, એ અનુભવોની વાત જરૂર છે, પણ એ બધું જેમ અને જેવી રીતે યાદ રહ્યું છે તે પ્રમાણે લખાયું છે. ક્યારેક સ્મૃતિ દગો દે છે, તો ક્યારેક એવું પણ બને છે કે જેમ કોઈ જૂના તામ્રપત્ર પર જે લખાયેલું હોય તે ભૂંસાઈ જાય છે, છતાં ઇતિહાસકાર એ કાળનો ઇતિહાસ તો લખે જ છે. એ ઇતિહાસમાં કેટલું સાચું માનવું એ પ્રશ્ન પણ ઊભો રહે છે. કોઈ પણ આત્મકથાનાત્મક લેખનમાં આવી મર્યાદા પણ રહે છે. માનસશાસ્ત્રીઓ આ પ્રકારના લેખનને palimpsest કહે છે. એવું લખાણ પણ અહીં હશે જ એમ હું માનું છું. અને છતાં વિખ્યાત મનોવિજ્ઞાની ઓલીવર સેક્સ કહે છે તેમ મોટે ભાગે આપણી સ્મૃતિઓ ભાગ્યે જ ખોટી પડતી હોય છે. હા, એ બધી સ્મૃતિઓ આપણા આત્મરંગે જરૂર રંગાયેલી હોય છે. અને જેમ જેમ પરિસ્થિતિ બદલાતી રહે છે તેમ તેમ એ રંગ બદલાતો રહે છે. છતાં આ સ્મૃતિઓ બનેલી ઘટનાઓને વફાદાર રહેતી હોય છે.14 આ આત્મકથનમાં કેટલીક જીવન્ત વ્યક્તિઓના નામ લખ્યા નથી અથવા તો ફેરવ્યા છે. છતાં હકીકતો અને બનેલા બનાવો વિશે સચ્ચાઈ અને પ્રમાણિકતા જાળવીને જ લખ્યું છે.

આ પ્રાસ્તાવિક નિવેદન પછી પણ જો વાચકમિત્રો ચેત્યા ન હોય અને આગળ વધવું હોય તો જરૂર આગળ વધે!

# Part II

# ભાગ ૧ : ઇન્ડિયા

**જાતને જાણી છે કોણે કે હું જાણી શકું, સખે?**
**જાણે જે જાતને તેયે જણાવે નહિ અન્યને.**

જ્યોતીન્દ્ર દવે, ૧૯૪૧ના વર્ષનો રણજિતરામ
સુવર્ણચંદ્રક સ્વીકારતી વેળાએ

# ૧. સાવરકુંડલા (૧૯૪૦ – ૧૯૫૭)

## નીરસ બાળપણ

૨૦૧૬માં હું આ લખું છું ત્યારે મારી ઑફિશિયલ ઉંમર ૭૬ની ગણાય. સાચી ઉંમર કેટલી એ તો રામ જાણે! મારો જન્મ ઘરે જ થયેલો. અમારા ગામમાં નહોતી કોઈ હૉસ્પિટલ કે ન કોઈ પ્રસૂતિગૃહ. ઘરે દાયણ આવે. અમે ભાઈ બહેનો બધાં આમ ઘરે જ જન્મેલાં. અમારા જન્મનો કોઈ ઑફિશિયલ રેકોર્ડ ન મળે. આજે પણ દેશમાં લગભગ ૫૯% જેટલા જન્મોનો કોઈ ઑફિશિયલ રેકોર્ડ નોંધાતો નથી.15 જો જન્મતારીખ નોંધેલી ન હોય તો ઉજવવાની વાત કેવી? મને યાદ નથી કે અમારા ઘરમાં મારી, કે બીજા કોઈની પણ જન્મતારીખ ક્યારેય ઉજવાઈ હોય.

ઘરમાં છોકરો હેરાન કરતો હોય ત્યારે બાપ એને સ્કૂલમાં દાખલ કરી દે. એ જે કહે તે એની ઉંમર. આમ એક દિવસ કાકા (પિતાશ્રીને અમે કાકા કહેતા) મને સ્કૂલમાં લઈ ગયા. પ્રિન્સિપાલને કહ્યું કે છોકરાને સ્કૂલમાં દાખલ કરવો છે. ઉંમર પૂછતાં એમણે કહ્યું કે છોકરાની જન્મ તારીખ લખો ઑક્ટોબરની ચોથી. કયું વરસ? તો કહે લખો ૧૯૪૦. આમ મારી જન્મતારીખ નક્કી થઈ. મેં જ્યારે ૧૯૫૭માં મુંબઈ જવા ગામ છોડ્યું ત્યારે મને ઑફિશિયલી સત્તર વર્ષ થયા હતાં. ત્યાં સુધીના બાળપણ અને કિશોરવયનાં બધાં જ વરસો મેં ગામમાં જ કાઢ્યાં. એ વર્ષો સુખનાં વર્ષો હતાં એમ હું ન કહી શકું.

પ્રસિદ્ધ રશિયન નવલકથાકાર વ્લાડીમીર નેબોકોવ એમની આત્મકથામાં બાળપણમાં અનુભવેલા સુખ અને લાડ, આશ્ચર્ય અને ઉલ્લાસની વાત નોસ્ટેલ્જિયાથી કરે છે.16 બાળપણની આ મધુર સ્મૃતિઓ એમને પુખ્ત વયમાં ખૂબ ઉપયોગી નીવડી હતી.

રશિયન રેવોલ્યુશન અને ત્યાર પછીના દેશવટા દરમિયાન એમને જે ભયંકર અનુભવો થયા, જે આર્થિક અને અન્ય હાડમારીઓ ભોગવવી પડી ત્યારે આ અત્યંત સુખદ બાળપણની યાદો જાણે કે એમની ઢાલ બની ગઈ હતી.

મારું કંઈક ઊંધું છે. નાનપણથી જ મને એવું કેમ થતું કે આ કુટુંબ, આ ઘર, આ ગામ હું ક્યારે છોડું? અને એ બધું છોડ્યા પછી મને ક્યારેય એવું થયું નથી કે ચાલો, પાછા જઈએ. ભલે કોઈનો ઉછેર નેબોકોવની જેમ અમીરી કુટુંબના લાડમાં ન થયો હોય, પણ શિશુસહજ આનંદ અને ઉલ્લાસનો અધિકાર તો દરેકનો છે. એમાં કંઈ ગરીબ તવંગરના ભેદભાવ ન હોય. છતાં મારા કુટુંબમાં મેં ઉલ્લાસ અને ઉત્સાહનું વાતાવરણ જોયું નથી. માબાપ, દાદા દાદી કે ભાઈ બહેનોના પ્રેમ અને લાડ મને નહીં મળ્યા હોય એવું હું કહેતો નથી, પણ એવા કોઈ લાડ કે વ્હાલ આજે યાદ નથી. એ કેવું? એ પણ યાદ નથી કે મેં ભાઈ બહેનો સાથે સંતાકૂકડી કે બીજી કોઈ રમત રમી હોય, કે દાદા દાદી પાસેથી કોઈ પરીકથાઓ સાંભળી હોય. કે કાકા સાથે બેસીને પાંચ મિનિટ વાત કરી હોય. અરે, મારો જન્મદિવસ ક્યારેય ઉજવાયો હોય એવું પણ યાદ નથી!

આજની દૃષ્ટિએ મારું બચપણ બોરિંગ જ ગણાય. નિશાળેથી નીસરી જવું પાંસરું ઘેર એવું જ સમજો. અમારા ઘરમાં રમકડાં હોય કે બાળ સાહિત્યની ચોપડીઓ હોય એવું પણ સાંભરતું નથી. પત્તાં પણ નહોતાં તો પછી ચેસની તો શી વાત કરવી? હજી સુધી મને પત્તાંની કોઈ રમત આવડતી નથી, કે નથી આવડતી કેરમ, ચેસ કે ચોપાટ. એવું જ સંગીતનું. ઘરમાં કોઈ વાજિંત્ર, હાર્મોનિયમ, તબલા, પાવો, બંસરી જેવું કંઈ ન મળે તો પિયાનોની તો વાત શી કરવી? કાકા નાના હતા ત્યારે બંસરી વગાડતા એવું બાએ કહ્યું ત્યારે મને આશ્ચર્ય થયેલું. મેં એમની બંસરી કોઈ દિવસ જોઈ નથી કે સાંભળી નથી. ઘરમાં કે આડોશપાડોશમાં કોઈ વહેલી સવારે પ્રભાતિયાં ગાતું હોય કે સાંજે ભજન ગવાતાં હોય એવું પણ યાદ નથી. સ્કૂલમાં પણ ગીતસંગીતના કોઈ ક્લાસ નહોતા.

ગામમાં જ્યારે ઈલેક્ટ્રીસિટી આવી અને પછી મ્યુનિસીપાલિટીનો રેડિયો આવ્યો, ત્યારે પહેલી જ વાર મને ગીતસંગીતનો અનુભવ થયો, પણ તે મુખ્યત્વે ફિલ્મી મ્યુઝિકનો. ગુજરાતી સુગમ સંગીત અને રવિશંકર કે બિસ્મીલ્લાખાન વગેરેના શાસ્ત્રીય સંગીતનો ખરો પરિચય તો અમેરિકા આવ્યા પછી જ થયો. મુંબઈની મારી આર્થિક હાડમારીઓને કારણે શાસ્ત્રીય સંગીત કે નાટકોના કાર્યક્રમોમાં હું ક્યારેય નહોતો જઈ

શક્યો. ભારતીય વિદ્યાભવનની બાજુના બે સૅનેટોરિયમમાં એક વાર છ મહિના રહી ચૂક્યો છું, પણ ત્યાં અંદર પગ મૂકવાની હિમ્મત એકેય વાર નહોતી કરી.

જાનપદી વાર્તાઓમાં કે નવલકથાઓમાં મેળાઓની કે નવરાત્રીના રાસ ગરબાઓની રમઝટની રસપ્રદ વાતો આવે છે તેવું મેં કશું અનુભવ્યું નથી. મેળામાં હું ક્યારેય ગયો નથી. મને યાદ પણ નથી કે અમારા ગામમાં ક્યારેય મેળો ભરાયો હોય. હું રાસ ગરબા રમ્યો નથી. છોકરાઓ ઘેઘુર વનમાં જાય, વાઘ કે સિંહની ત્રાડ સાંભળે, આંબાવાડીમાં જઈને કેરી પાડે કે વડલાની ડાળ ઉપર બેસીને હિંચકે ઝૂલે—આવું બધું મેં વાંચ્યું છે, પણ ક્યારેય જોયું નથી કે કર્યું નથી. ખરું પૂછો તો બાળપણ કે કિશોરવયને સહજ એવું ગાંડપણ મેં અનુભવ્યું નથી. ભરચોમાસામાં નદીમાં પૂર આવતાં, પણ એ પૂરમાં હું કદી તણાયો નથી. ઊંચા ઝાડની ડાળીએ ચડીને પડ્યો નથી. નિશાળમાં કે શેરીમાં ઝઘડા કરીને મારામારી કરી નથી. નાના છોકરાઓ હાથ પગ ભાંગે તેવું મેં કોઈ તોફાન કર્યું નથી. “આ છોકરો ભરાડી છે,” એવું મારે માટે કોઈએ કહ્યું હોય તેવું યાદ નથી. પાડોશમાં લુહારના છોકરાઓ ટેસથી બીડી પીતા તે હું જોતો, પણ મેં કોઈ દિવસ બીડી પીધી નથી. લોકો બચપણમાં મિત્રો બનાવે અને પછી જિંદગીભર એ મૈત્રી ટકાવી રાખે, એવું ઘણું સાંભળ્યું છે, પણ મારી બાબતમાં એવું બન્યું નથી. હા, ગામના પ્રેમાળ લોકો સાથે ઓળખાણ ઘણી છે, પણ એને મૈત્રી ન કહી શકાય.

મને એ પણ સમજાતું નથી કે ગામના નૈસર્ગિક વાતાવરણથી હું કેમ આટલો બધો અજ્ઞાત હતો. પશુ, પંખી, ઝાડ, પાન, ફૂલ, ફળ જાણે કે હોય જ નહીં તેમ મારો ઉછેર થયો છે. એ બધી બાબતમાં મારું અજ્ઞાન આજે મને આઘાતજનક લાગે છે. અમારે ઘરે કોઈ દિવસ ફૂલ આવ્યાં હોય તે યાદ નથી. બે મોટી બહેનોનાં લગ્ન માટે માંડવો નંખાયો હતો તે યાદ છે, પણ એ ફૂલોથી શણગારાયો હોય એવું યાદ નથી. દેશમાંથી આવતા મુલાકાતીઓ અમેરિકાના નૈસર્ગિક વૈવિધ્ય અને સમૃદ્ધિથી આભા બની ક્યારેક કોઈ વૃક્ષ કે ફૂલ માટે પૂછે છે ત્યારે એમને જવાબ આપવા માટે મારે ગલ્લાંતલ્લાં કરવા પડે છે. એક વાર એક મિત્રે અહીં પંખીઓનો કલરવ ન હોવાની નોંધ લીધી ત્યારે જ મને એનું ભાન થયું. દેશમાં મેં જો આ બધું ન સાંભળ્યું હોય તો અહીંયા એનો અભાવ કેમ વર્તાય?

## બાપુજીનું ગાંડપણ

બાળપણની એક વાત યાદ રહી ગઈ છે, બાપુજીના ગાંડપણની. પિતાશ્રીના મોટા ભાઈને અમે બાપુજી કહેતા. એમને એકવાર મગજની અસ્થિરતા આવી ગઈ હતી. એમનો મોટો દીકરો મુંબઈ જઈને ખૂબ પૈસા કમાયો હતો. સાયનમાં મોટો ફ્લૅટ લીધો, ગાડી લીધી, ઘરે ઘાટી રસોયા રાખ્યા. બાપુજીનું આખું કુટુંબ મુંબઈ બોલાવી લીધું. દૂરના પરામાં એમને એક નાની ઓરડી અપાવી. ત્યાં એ સાતેક જણનું કુટુંબ સાંકડમાંકડ રહે. પોતાની જ ઑફિસમાં બાપુજીને નોકરી આપી. દેશની આરામશાહીના જીવનથી ટેવાયેલા બાપુજીને મુંબઈનું હાયવોય ભર્યું જીવન આકરું લાગ્યું. વહેલા ઊઠવાનું, ઊભડક ચા પીધી ન પીધી ને ટ્રેન પકડવાની, મુંબઈ ફોર્ટ એરિયામાં જવાનું, લંચમાં ટીફિનનું ખાવાનું. પોતાના જ દીકરાની ઑફિસમાં ગુમાસ્તા તરીકે નોકરી કરવાની. ઘાટીઓની સાથે દોડધામ કરવાની. મોટી ઉમ્મરે આ બધું એમને કઠ્યું. પણ સૌથી કઠ્યો દીકરાનો તુમાખી મિજાજ. આ બધું એકાદ વરસ તો બાપુજીએ મૂંગે મોઢે સહન કર્યું. પણ એક દિવસ દીકરાનું ગેરવર્તન એમનાથી ન સહેવાયું. એમનો પિત્તો ગયો. દીકરાને ઝૂડ્યો. ઑફિસમાં હોહા થઈ ગઈ. ઑફિસના માણસો તો આ બાપ-દીકરાની બાથમબાથી જોઈને હેબતાઈ ગયા. કેટલાકે વચ્ચે પડીને દીકરાને બચાવ્યો.

આ અણધાર્યા બનાવ પછી બાપુજીના મગજની અસ્થિરતા વધી. સગાંવ્હાલાંઓએ વચમાં પડીને બાપુજીને સહકુટુંબ દેશમાં મોકલ્યા. પણ એમના મગજની અસ્થિરતા વધતી ગઈ. ગાંડપણ સુધી પહોંચી. ડૉક્ટર વૈદ લોકોના ઈલાજ કોઈ કામે ન લાગ્યા. ગામના બુઢ્ઢાઓએ કીધું કે આને માતાજી ચડે છે. એક જ ઉપાય છે. એને કનકેશ્વરી માતાના મંદિરે લઈ જાવ. મંદિર આવ્યું ગિરમાં. ગામની બસ કંપનીમાંથી એક નાની બસ ભાડે કરી આખું કુટુંબ ઊપડ્યું માતાજીને પગે લાગવા ગિરના જંગલમાં. આ સંઘમાં બા, કાકા અને વડીલો તો ખરા, પણ સાથે થોડાં બાળકો હતાં. બાળકો સાથે શા માટે લીધાં તે આજે પણ હું સમજી શકતો નથી. એમાં મારો નંબર લાગ્યો. બસની આ લાંબી મુસાફરીમાં બાપુજીનું ગાંડપણ વધવા માંડ્યું. એમણે જેમ તેમ બોલવાનું, ગાળો ભાંડવાનું શરૂ કર્યું. પણ જ્યારે એમણે ભાંગતોડ કરવા માંડી ત્યારે નાછૂટકે એમને બાંધવા પડ્યા. આ બધું ચાલતી બસે. વચમાં નદી આવી. આમ તો છીછરી, છતાંય બસ એમાં ફસાઈ.

ડ્રાઈવર અને બીજા વડીલોએ ઘણી મહેનત કરી, પણ કાદવમાં ફસાયેલી બસ નીકળે જ નહીં. હવે શું કરવું?

અમે બધા નદીના પટમાં ઊતર્યા. કાકા અને બીજું કોઈક ચાલતા ચાલતા બાજુના ગામમાં મદદ લેવા ગયા. અમે બધાએ રેતીમાં રાત કાઢી. પણ ગિરની વચ્ચે વહેતી નદીમાં ન કોઈ વાઘ સિંહ જેવું જનાવર આવ્યું કે ન એમની ત્રાડ સંભળાઈ. મધરાતની એ શાંતિમાં જે ત્રાડ અમને સંભળાઈ તે બાપુજીની બેફામ ગાળોની. પહેલી જ વાર કોઈ પુખ્ત વયના પુરુષને આમ ગાળો બોલતો મેં સાંભળ્યો. બપોરના કાકા બાજુના ગામમાંથી મિકેનિકને લઈને આવ્યા. બસ બહાર નીકળી. અમે બધાએ કનકેશ્વરી માતાની જય બોલાવી! મંદિરે પહોંચી માતાજીના દર્શન અને પૂજાપાઠ કરીને અમે પાછા ફર્યા. એ પછી છએક મહિને બાપુજીને સારું થયું.

અમેરિકા આવ્યા પછીની દેશની એક મુલાકાતમાં હું આખા કુટુંબને કનકેશ્વરી લઈ ગયો હતો. બાની ઇચ્છા હતી કે મારા નવપરિણીત પુત્ર અને પુત્રવધૂ પાસે માતાની સેવા કરાવીએ. ગિર જવા એક વૅન ભાડે કર્યું. સહકુટુંબ અમે પહોંચ્યા માતાજીને મંદિરે. ત્યાં રાત પણ રહ્યા. જતા રસ્તામાં નદી આવી ત્યારે પચાસેક વરસ પહેલાંની મારી ગિરની મુલાકાત, બાપુજીનું ગાંડપણ, રેતીમાં કાઢેલી રાત એ બધું યાદ આવ્યું, ત્યાં એકાએક અમારું વેન અટક્યું. મને થયું કે આ શું? નદીમાં પાછા ફસાવાના છીએ કે શું? જોયું તો રસ્તામાં એક સિંહ કુટુંબ આડું થઈને પડ્યું હતું! બા કહે આ તો શુભ શુકન ગણાય. છોકરાઓ તો સિંહ જોઈને રાજી રાજી થઈ ગયા. એમણે એમની અમેરિકન ટેવ પ્રમાણે ફોટાઓ લીધા. વૅનના ડ્રાઈવરે મને કહ્યું કે હોર્ન મારશું તો એ ઊઠીને ચાલી જશે. પણ જવાની કોઈ ઉતાવળ ન હતી, ન સિંહને કે ન અમને. પંદરેક મિનિટ અમારું અને સિંહ કુટુંબનું આ stand-off ચાલ્યું. આખરે સિંહ ઊઠીને ધીમે ધીમે ચાલતો થયો. (કદાચ એ સિંહણ પણ હોય.) તેની પાછળ તેનું કુટુંબ પણ ગયું. અને અમે વૅન ચલાવ્યું.

## અમારું ઘર

અમારા ઘરની ડેલી ફળિયામાં ઊઘડે. મારી બન્ને મોટી બહેનોના લગ્નના સમયે ત્યાં માંડવા નંખાયેલા. ફળિયાની જમણી બાજુ એક મેડી હતી. તે મારો આશરો હતો. દિવસ ને રાત ત્યાં મારો ધામો હોય. ત્યાં બેઠો બેઠો હું ગુજરાતી નવલકથાઓની દુનિયામાં

ખોવાઈ જતો. બા બોલાવે ત્યારે ખાલી જમવા જ નીચે આવતો. ડાબી બાજુ નાનું રસોડું, જમવા માટે અમારે ટર્ન લેવા પડે. બાકી બીજા ચાર નાના ઓરડા. એક બા કાકાનો, બીજો મા અને બાપાનો ઓરડો. સામેના બે ઓરડામાં દૂરના મામા મામી, અને એક વિધવા મામી. ઓરડાઓ આગળ ઓસરી, એમાં છોકરાઓ સૂવે. બા કાકાના ઓરડામાં ચાલવાની પણ જગ્યા ન મળે. ત્યાં એક હીંચકો, એની પાછળ કબાટ અને પટારો, જેમાં શિયાળાનાં ગોદડાં, રજાઈ અને એની નીચે ચાંદીનાં વાસણ અને બાનાં થોડાં ઘરેણાં હશે એમ માનું છું કારણ કે મેં એમને કોઈ દિવસ ઘરેણાં પહેરેલાં જોયાં નથી.

ઘરની ભીંતો બધી મેલી અને અડવી. ન કોઈ કુટુંબીજનોના ફોટાઓ, ન કોઈ ભગવાન કે કુળદેવીની છબી. કાકા ગાંધીજીની અસર નીચે જેલ ભોગવી આવેલા, છતાં ગાંધીજીનો કોઈ ફોટો કે પિક્ચર ઘરમાં ક્યાંય ન મળે. હું ગામમાં હતો ત્યાં સુધી તો ક્યારેય ન'તો ભીંતોને ચૂનો લગાવાયો કે ન'તા ટોડલે મોર ચીતરાયા. અમારા ઘરના આંગણે રંગોળી દોરાઈ હોય એ પણ યાદ નથી. હા, બા-કાકાના ઓરડામાં પૂજાનો એક ગોખલો હતો. ત્યાં કોની મૂર્તિ હતી તે અત્યારે મને યાદ નથી, પણ તહેવાર પ્રસંગે બા ત્યાં દીવો કરતાં.

નળિયાં પણ દેશી, વિલાયતી નહીં. વરસાદ જો ધોધમાર પડ્યો તો બે ઓરડાઓમાં ડોલ મૂકવી પડતી. ઘરમાં બીજું કોઈ ફર્નિચર ન મળે. એક ખાટલો ખરો, પણ એ માંકડથી ખીચોખીચ ભરેલો એટલે અમે બધા સૂવાનું જમીન પર પથરાયેલાં ગાદલાંઓ ઉપર પસંદ કરતા. ન્હાવા (જો નદીએ ન ગયા હોય તો) કે જમવા માટે પાટલો હતો. ખાલી બાપા જ એ પાટલો વાપરતા. દીવાનખાના અને ડાઈનિંગ રૂમનું ફર્નિચર મેં બૉલીવુડની મૂવીઓમાં જોયેલું એ જ. મુંબઈ ગયા પછી પણ એવું ફર્નિચર હું વસાવી નહોતો શક્યો. મુંબઈમાં એક પૈસાદાર સગાને ત્યાં પહેલી જ વાર સોફા ઉપર હું જ્યારે બેઠો ત્યારે રોમાંચ થયો હતો.

જે શેરીમાં ઘર હતું તેનું ન મળે કોઈ નામ કે ન મળે ઘરનો કોઈ નંબર. શેરીઓને નામ કે ઘરને નંબર દેવાનો રિવાજ નહોતો, અને જરૂરિયાત પણ નહોતી. રડી ખડી કોઈ ટપાલ આવી હોય તો પાડોશમાં બધાને ખબર કે કોણ ક્યાં રહે છે. સત્તર વરસના મારા વસવાટ દરમિયાન ક્યારેય અમારા ઘરે ટપાલ આવી હોય એવું યાદ નથી. અમારી સાંકડી શેરીમાં ઘરની બરાબર સામે એક લુહારનું બહોળું કુટુંબ રહેતું. બાજુમાં એની દુકાન હતી. ત્યાં વજન કરવાના કાંટા બને. ગામનો કોઈ મોટામાં મોટો ધંધો ગણાતો

હોય તે કાંટાનો. ગામ કાંટાઓ માટે જાણીતું હતું. લુહારની ધગધગતી ભઠ્ઠી સામે બેસીને અમે છોકરાઓ કાંટા કેમ બને છે તે જોતા. લુહારના બે છોકરાઓ ભઠ્ઠીમાંથી નીકળેલી ધગધગતી લોઢાની પાટને સામસામા ઘૂંટણ ઉપર અડધા ઊભા રહીને ટીપે. એમાંથી અંગારા ઊડે. એ ઊડતા અંગારાઓથી હું દાઝ્યો નહીં એ જ આશ્ચર્ય છે. લુહારના એક છોકરાએ તો આ અંગારાથી બન્ને આંખો ખોઈ હતી. છતાં હું તો દરરોજ સ્કૂલમાંથી આવીને ત્યાં ભઠ્ઠીની સામે બેસી જતો! લુહારો એમનું કામ કર્યે જાય. આજુબાજુ લોકોની આવજા થતી રહે. ત્યાં કાંઈ ઓશાના ઈન્સ્પેક્ટર્સ થોડા આવવાના હતા?17

## ગામ

સાવરકુંડલા એ જમાનાના કાઠિયાવાડમાં હતું. પછીથી ગુજરાતમાં ભળ્યું. એ નાના ગામની વસ્તી ત્યારે લગભગ વીસેક હજારની હશે. આમ તો એ બે ગામો હતાં: સાવર અને કુંડલા. વચ્ચે નાવલી નદી. જ્યારે ધોધમાર વરસાદ વરસતો ત્યારે એમાં બંને કાંઠા છલકાઈ જાય એટલાં પૂર આવતાં. પૂર ઓસરે નહીં ત્યાં સુધી બન્ને ગામ વચ્ચેનો વ્યવહાર બંધ થઈ જાય. બન્ને ગામને જોડતો કોઈ બ્રીજ ત્યારે નહોતો. હવે તો નદી જેવું કાંઈ રહ્યું નથી.

અમારું ઘર દેવળાને ઝાંપે, કુંડલામાં. ઝાંપેથી આગળ વધીએ તો જે રસ્તો તમને ચોક લઈ જાય, તે ગાંધી ચોક તરીકે ઓળખાતો. એ રસ્તે હું દરરોજ અમારી દુકાને જતો. એ રસ્તા પર ડાબી બાજુએ એક બીડીવાળાની દુકાને કામ કરનારાઓ ફટફટ બીડીઓ વાળતા જાય અને આવતાં જતાં બૈરાંઓ ઉપર ગંદી કૉમેન્ટ કરતા જાય. પછી આવે પાનવાળાની દુકાન જ્યાં પાન ખાનારાઓનો અડ્ડો જામ્યો હોય. ત્યાં નવરા લોકો બીડી ફૂંકતા હોય, ઊભા ઊભા તમાકુવાળું પાન ખાતા હોય, અને ગામ આખાની ગૉસિપ કરતા કરતા પાનની પિચકારી મારતા જાય. એ પિચકારીઓથી બાજુની ભીંત આખી રાતી થઈ ગઈ હોય. આગળ વધો તો આવે હજામ, એ પણ ગામની ગૉસિપનું મોટું ધામ. થોડેક આગળ આવે ગાંધી ચોક. ત્યાં મોટા મોટા બોર્ડ મુકાયેલા હોય, જેમાં કૉંગ્રેસ અને સમાજવાદ એમ બન્ને પક્ષો ચોકમાં હાથેથી લખેલા સંદેશાઓ મૂકે. આ બોર્ડ દ્વારા મ્યુનિસિપાલિટી (સુધરાઈ)ની ચૂંટણી લડાય. સમજો કે આ ચોક એ જ અમારું રોજનું

છાપું. નવરા લોકો ઊભા ઊભા એ બોર્ડ વાંચે. ગામની એકની એક ટોકિઝમાં કઈ ફિલ્મ ચાલે છે તેનું પણ મોટું પોસ્ટર ત્યાં લગાડેલું હોય.

એ દરમિયાન સુધરાઈએ મરફીનો મોટો રેડિયો લીધો. વાયરનાં દોરડાંઓથી ગામના ખૂણે ખૂણે મૂકેલા લાઉડસ્પીકર્સ સાથે એને કનેક્ટ કર્યો. એક લાઉડસ્પીકર ચોકમાં ઉપર ટીંગાડેલું હતું જ્યાં તમને દરરોજ રાતે આઠ વાગે ઓલ ઇન્ડિયા રેડિયો ઉપરથી ગુજરાતીમાં આવતા સમાચાર સંભળાય. હું ખાસ કરીને એ સમાચાર દરરોજ રાતે ચોકમાં ઊભા ઊભા સાંભળતો. દેશવિદેશના સમાચારો સાંભળતા એ દૂરની દુનિયામાં ખોવાઈ જતો. એક વાર રેડિયો ઉપર જાણીતા નવલકથાકાર રમણલાલ વસંતરાય દેસાઈના અવસાન સમાચાર સાંભળ્યા ત્યારે થયું કે કોઈકને જઈને કહું. પણ કોને? બીજે દિવસે સ્કૂલમાં જઈને ગુજરાતીના શિક્ષક મુકુંદભાઈને એ સમાચાર કહ્યા ત્યારે જ મને સંતોષ થયો. ગામમાં જેવી લાઈટ આવી કે ગણ્યાગાંઠ્યા ઘરે એ નંખાઈ. એ ઘરોમાં રેડિયો પણ વસાવાયો. કોક વાર એ ઘરોમાં રેડિયો પર આવતી ક્રિકેટની કોમેન્ટરી સાંભળવા હું જતો.

જમણી બાજુ લાઇબ્રેરી તરફ જતા રસ્તામાં ખૂણે એક ધોબીની દુકાન હતી. અમે છોકરાઓ ત્યાં ભેગા થતા. એ જમાનામાં ચોખલિયા ગાંધીવાદી ઓલ ઇન્ડિયા રેડિયો ઉપર ફિલ્મી ગીતો રીલે કરવાની મનાઈ હતી. તેથી અમે દર બુધવારે રેડિયો સિલોન પર આવતી અમીન સયાનીની બિનાકા ગીતમાલા સાંભળતા. આ અઠવાડિયે કયું ગીત બિનાકા ગીતમાલામાં પહેલે નંબરે આવશે તેની ઉત્સુકતાથી ત્યાં બેટ લેવાતી. એ ધોબી ગામમાં આવતી એકેએક મૂવી જોતો. ફિલ્મફેર પણ મગાવતો. નવું મૂવી જોયા પછી બીજે દિવસે બધા એની દુકાને ભેગા થાય. મૂવીની, ખાસ કરીને એક્ટ્રેસની જે ચર્ચા થાય એ પોતે ચેરમેનની અદાથી મોડરેટ કરે. જો હીરો અને હિરોઈનનાં પાત્રોમાં એક્ટર એક્ટ્રેસનું મિસમેચ થયું હોય તો એ ડિરેક્ટરનું આવી બને! ઘણી વાર દેવદાસ જેવી મૂવી જોઈ હોય તો ધોબીની સાથે અમે બધા પણ દુ:ખી દુ:ખી થઈ જતાં. એ રસ્તે આગળ વધો તો લાઇબ્રેરી આવે એ તો મારું તીર્થધામ હતું; એની વિશે વિગતથી વાત આગળ ઊપર કરીશ. એની થોડેક આગળ આવે મૂવી થીએટર–ટોકીઝ. ગામના મનોરંજનનું એ મોટું સાધન હતું. મુંબઈથી અઠવાડિયે બે અઠવાડિયે બૉલીવુડની મૂવી આવે. ટિકીટ લેવા માટે પડાપડી થાય. કોઈ લાઈનમાં માને નહીં. ક્યારેક મારામારી પણ થાય. છતાં અમે મૂવીઓ જોતા.

ચોકથી ડાબી બાજુ જાઓ તો જકાતની દુકાન આવે. એ જ બાજુ અમારી દાણા અને દલાલીની દુકાન. અને સીધે સીધા જાવ તો નદી આવે. એ પહેલાં ડાબી બાજુ ગાંઠિયાની એક નાની દુકાન આવે. બાપા (દાદાને અમે બાપા કહેતા) માટે હું ત્યાંથી ઘણી વાર ગાંઠિયા અને મરચાં લઈ આવતો. એ એમનું એક માત્ર ઇન્ડલ્જન્સ હતું. એ દુકાનની બરાબર સામે વનમાળીદાસ પેંડાવાળાની દુકાન હતી. એના પેંડા બહુ વખણાતા અને આજુબાજુનાં ગામોમાં જતા. એમનો દીકરો અનંત વાર્તાઓ લખતો. કેટલીક તો વાર્તાઓના મૅગેઝિનમાં છપાતી પણ ખરી. એનો એક વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ થયો હતો એ યાદ છે. એ જ રસ્તા પર એક વકીલની ઑફિસ હતી. એ વકીલ હંમેશ લાંબો કાળો ડગલો પહેરતા, અને ચીપી-ચીપીને બોલતા.

ત્યાંથી આગળ વધો તો કોર્ટ અને બીજા સરકારી બિલ્ડીંગો આવે. સુધરાઈની ચૂંટણી વખતે ત્યાં મતગણતરી થતી. કૉંગ્રેસીઓ અને સમાજવાદીઓ વચ્ચે આ ચૂંટણી બહુ જોશથી લડાતી. નદીના પટમાં સભાઓ ભરાય. એવી એક ચૂંટણીમાં સમાજવાદીઓ બધી જ સીટ જીત્યા. યુવાન સમાજવાદી નેતા નવીનચંદ્ર રવાણીને લોકોએ ખભે બેસાડીને સરઘસ કાઢેલું. આ ચૂંટણીનું પરિણામ એટલું તો અણધાર્યું હતું કે માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં, પણ આખા દેશમાં હો હા થઈ ગઈ. દિલ્હીથી નીકળતા પ્રખ્યાત શંકર્સ વિકલીમાં એ બાબતનું કાર્ટૂન આવ્યું હતું. મુંબઈ અને બીજે ઠેકાણેથી સમાજવાદી નેતાઓ સમજવા આવ્યા હતા કે આ યુવાન સમાજવાદીઓએ કૉંગ્રેસના પીઢ નેતાઓને કેવી રીતે હરાવ્યા. ખંધા કૉંગ્રેસી નેતાઓ એમ સહેલાઈથી હાર સ્વીકારી લે એમ નહોતા. એકાદ વરસ પછી એ રાજ્ય સરકાર આગળ ગયા અને કહ્યું કે સમાજવાદીઓએ ગેરવ્યવહાર અને અણઆવડતને કારણે ગામને બહુ હાનિ પહોંચાડી છે. એમની સુધરાઈ રદ કરો, અને ગવર્નરનું રાજ્ય સ્થાપો. રાજ્ય સરકાર કૉંગ્રેસના હાથમાં હતી. એ કાંઈ થોડી ના પાડવાની છે? આમ મોટા ઉપાડે સમાજવાદીઓ ચૂંટણી જીત્યા તો ખરા, પણ આખરે તેમના હાથમાંથી સુધરાઈ ઝૂંટવી લેવાઈ. એમણે ઘણો વિરોધ નોંધાવ્યો, સભાઓ ભરી, પણ બધું નકામું નીવડ્યું.

કોર્ટની બાજુમાં ગુણવંત સ્ટુડીઓ હતો. ગામમાં આ એક જ ફોટોગ્રાફર. એ જમાનામાં ફોટા પડાવવાનો બહુ રિવાજ ન હતો. કોઈ પ્રસંગોપાત્ત લોકો ફોટા પડાવે. બાપુજીનો દીકરો જે મુંબઈ જઈને ખૂબ પૈસા કમાયેલો એને અમારા સંયુક્ત કુટુંબનો ફોટો જોઈતો હતો. એણે ફોટોગ્રાફરને ઘરે બોલાવેલો. એ ફોટો પડાયો ત્યારે મારી ઉંમર

દસેક વરસની હશે એમ માનું છું. એ ફોટો જોતાં એ ઘર, એ ફળિયું, ફોટામાં ઊભેલા અને બેઠેલા લોકો આંખ સામે તરી આવે. જો કે આજે મોટા ભાગના એ બધા સિધાવી ગયા છે. વડીલોમાં કોઈ નથી. હવે તો હું વડીલમાં ખપું છું!

ગુણવંત સ્ટુડીઓ મૂકીને આગળ વધો તો આવે નદી. નદીની બીજી બાજુ સાવર ગામ. રેલવે સ્ટેશન જવાનું થાય ત્યારે જ અમે એ બાજુ જતા. નદીના પટમાં આજુબાજુનાં ગામડાંઓમાંથી ખેડૂતો ગાડાંઓ ભરીને ઘઉં, કપાસ, શીંગ, બાજરી જેવો માલ વેચવા આવતા. સવારના ગાડાંઓ લાઈનમાં લાગી જાય, હરરાજી થાય. હરિભાઈ દલાલ હરરાજી કરે. એમની બોલવાની છટા અનોખી હતી. એ જ્યારે ગાડા ઉપર ચડીને માલની હરરાજી કરે ત્યારે એમનો રુઆબ જોવા જેવો હોય! સાંજના વેચેલા માલના જે કંઈ પૈસા મળ્યા હોય તે ખેડૂતો લઈને પાછા જાય. કાકા વહેલી સવારે ચા પીને નીકળે નદીને પટ જવા. લીખાળા ગામના કોઈ ખેડૂત માલ વેચવા આવ્યા હોય તો એની દલાલી નક્કી કરવા.

હું સવારે વહેલો દુકાને જાઉં. સાફસૂફી કરું. કાકાએ ગોખલે દીવો, અગરબત્તી કરી દીધેલા હોય. બાપાની રાહ જોઉં. એ આવે પછી હું દુકાનેથી નીકળું. કાકાને જઈને મળું. નદીના પટમાં જ્યાં એક બાજુ શાકભાજી વેચાય ત્યાંથી કાકા જે શાક અપાવે તે લઈને બાને આપી આવું. દરરોજનું જે શાક મળે તેની રસોઈ થાય. એ જમાનામાં જો ઈલેક્ટ્રિસિટી જ ન હોય તો રેફ્રિજરેટરની વાત શી કરવી? કેરીની સિઝનમાં કાકા ક્યારેક કેરી અપાવે. ત્યારે બા કેરીનો રસ કાઢે અને એની જ્યાફત થાય.

વાહનવ્યવહારનાં સાધનો પણ ઓછાં. ગામમાં સમ ખાવા પૂરતી પણ એકે કાર નહોતી. આવવા જવા માટે બે પગ, પૈસાદાર હો તો ઘોડાગાડી અને તે પણ સ્ટેશને જવા માટે. બહારગામ માટે બસ અને મીટરગેજ ટ્રેન. ગામમાં એક ડૉક્ટર. કોઈ મરણપથારીએ પડેલા દર્દીને ઘરે તેમને ઘોડાગાડીમાં જતા અમે જોતા. સત્તર વરસના મારા વસવાટમાં એક જ દિવસે ડૉક્ટર મારે ઘરે આવ્યા હતા. મા (દાદી) એક વાર પડી ગયાં, એમનો પગ ભાંગી ગયો અને બાપાએ ન છૂટકે ડૉક્ટરને ઘરે બોલાવ્યા. બાકી તો જો કોઈને કાંઈ નાનીમોટી માંદગી થઈ હોય ત્યારે બાપાનો નિયમ એવો હતો કે થોડા દિવસ રાહ જુઓ તો એની મેળે જ સારું થઈ જશે!

જરાક કંઈક થયું ને ડૉક્ટર આગળ કે હૉસ્પિટલમાં દોડી જવાની અમેરિકન આદત શરૂ શરૂમાં મને નવાઈ પમાડતી. અહીં આવ્યા પછી હું પણ ડૉક્ટર પાસે જવા ટેવાઈ

ગયો છું. હવે તો હું અમેરિકન થયો ને? હેલ્થ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ તો દર મહિને ભરું છું તે વસૂલ કરવાનું ખરું ને? જો કે હૉસ્પિટલમાં તો પંચોતેરમે વરસે મેં જ્યારે ઘૂંટણની રીપ્લેસ્મેન્ટ સર્જરી કરાવી ત્યારે જ જિંદગીમાં પહેલી વાર પગ મૂક્યો! જેવું ડૉક્ટરનું તેવું જ ડેન્ટીસ્ટનું. અમેરિકામાં જ પહેલી વાર ડેન્ટીસ્ટની આગળ ગયો. ત્યારે મારી ઉંમર ત્રીસની હશે. મારા દાંતની દશા જોઈને એ મને પૂછે : છેલ્લે ક્યારે ડેન્ટીસ્ટ પાસે ગયેલા?!

ઘરમાં પાણીના નળ હજી નહોતા આવ્યા. નાવાધોવા માટે અમે નદીએ જતાં. પીવાનું પાણી ભરવા માટે પણ નદીએ જવું પડતું. ગામમાં ઇલેક્ટ્રીસિટી હજી આવી નહોતી, પણ એ લાવવાના પ્રયત્નો જરૂર થતા હતા. લાઇટ આવી ત્યારે અમ છોકરાઓ માટે એ મોટી નવાઈની વાત હતી. બજારની દુકાનોમાં રંગીન ટ્યુબ લાઇટ્સ આવી તે જોવા જતા. બહુ જ ઓછાં ઘરોમાં લાઇટ આવેલી. બાપા નકામો ખરચ કરવા દે નહીં, એટલે અમારા ઘરમાં તો હું ૧૯૫૭માં દેશમાંથી નીકળી મુંબઈ ગયો ત્યાં સુધી તો લાઇટ નહોતી આવી. અમે કેરોસીન લેમ્પ–ફાનસથી વાંચતા-લખતા. બાપાને એ પણ ગમતું નહીં. કહેતા કે રાતે વાંચવાથી આંખ બગડે, અને ફાનસ ઓલવી નાખતા, કહેતા કે ધોળે દિવસે કેમ વાંચતા નથી? તેમને અમારી આંખો કરતાં કેરોસીન બળે છે તેની ચિંતા હતી.

એ સમયના કાઠિયાવાડનાં ગામડાંઓમાં બહારવટિયા અને ચોરલૂંટારાઓનો મોટો ત્રાસ. એ બધાથી બચવા બાપા સહકુટુંબ સાવરકુંડલા આવ્યા. મને આશ્ચર્ય થાય છે કે ગુજરાતી સાહિત્યમાં આ બહારવટિયાઓની બહાદુરી અને શૌર્ય બિરદાવતા દુહાઓ કેમ ગવાય છે? એમની ખાંભીઓ ઉપર જઈને લોકો એમનું સન્માન શા માટે કરે છે. આખરે તો આ ચોરલૂંટારાઓ જ હતા. લોકો પર ત્રાસ ગુજારતા. સાવરકુંડલા પ્રમાણમાં થોડું મોટું. બાપા મૂળ લીખાળા નામના ગામડાના. અનાજનો ધંધો કરતા. બાપાએ ત્યાં દુકાન માંડી. સાથે સાથે દલાલીનો ધંધો પણ શરૂ કર્યો. લીખાળાના ખેડૂતો જે માલ લઈને આવે તેને વેચવાની જવાબદારી અમારી. તેમાં જે કૈં દલાલી મળે તે અમે રાખીએ.

ઢેડ-ભંગીઓ ગામથી દૂર ઢેડવાડામાં રહે. એમના છોકરાઓ સ્કૂલમાં એક ખૂણે જુદા બેસે, તે અમને જરાય અજુગતું નહોતું લાગતું! એવી જ રીતે મુસલમાનોનો પણ જુદો વાડો હતો. ત્યાં એમની મસ્જિદ અને કબ્રસ્તાન હતા. મારા સત્તર વરસના વસવાટમાં ગામમાં ક્યારેય પણ હિંદુ મુસલમાનનાં હુલ્લડ થયાં હોય એવું યાદ નથી. તાજિયાના દિવસોમાં બજારમાં મોટું તાબૂત નીકળે. અમે જોવા જઈએ. એ તાજિયાની આગળ મુસલમાનો પોતાના ખુલ્લા વાંસા ઉપર લોઢાની સાંકળના ચાબખા મારતા આગળ વધે.

પીઠ આખી લોહીલુહાણ થઈ જાય તો ય ચાબખા મારે જાય! ડામરના રસ્તાઓ હજી થયા નહોતા. શેરીઓમાં ધૂળના ગોટા ઊડે. ગમે તેટલી સાફસૂફી કરો તો ય ઘરમાં અને બહાર બધે ધૂળ ધૂળ હોય. ઉનાળાની સખત ગરમીમાં છોકરાઓ નાગા પૂગા રખડતા હોય. પુરુષો પણ અડધા ઉઘાડા આંટા મારતા હોય.

ગામના એ ચોખલિયા અને સંકુચિત વાતાવરણમાં જાણે કે જાતીય વૃત્તિનો સર્વથા અભાવ છે એવી રીતે જ વર્તવાનું. અમને કહેવાતું કે રસ્તામાં સામે કોઈ છોકરી મળે તો નીચું જોઈને પસાર થવું! નિશાળમાં ત્રણ ચાર છોકરીઓ ક્લાસમાં જરૂર હોય, પણ એ તો શિક્ષક સાથે ક્લાસમાં આવે અને જાય. એમની સામે જોવાની જ જો મના હોય તો વાત કરીને મૈત્રી બાંધવાની વાત તો ક્યાં કરવી? તો પછી છેડતી કરવાની વાત જ કેમ થાય?

આ રીપ્રેસ્ડ સેક્સ્યુઆલિટીમાંથી કંઈક રાહત મળે તે માટે હું લાઇબ્રેરીમાં જઈને જેમાં પ્રેમની વાતો હોય એવી ચોપડીઓ શોધતો. એવામાં આલ્બર્તો મોરાવિયાની નવલકથા The Woman of Rome નો જયા ઠાકોરે કરેલો અનુવાદ સ્ત્રી હાથે ચડી. એમાં રોમના વેશ્યાજીવનની રસપ્રદ વાતો હતી તે વારંવાર વાંચતો. પાછળથી એ બુક પર અશ્લીલતાનો કેસ મંડાયેલો એવું યાદ છે. ખાસ તો બૉલીવુડની મૂવીઓ હું ધ્યાનથી જોતો. હીરો હિરોઈન સાથે જે પ્રેમ કરતો તેનો વાઈકેરીયસ આનંદ અનુભવતો. નરગીસ, મધુબાલા કે મીનાકુમારી જેવી સુંદરીઓ સાથે મારે જે પ્રેમ કરવો હતો તે મારી બદલે રાજ કપૂર કે દિલીપકુમાર કરતાં! મૂવીમાં જો કોઈ પ્રાણ જેવો વીલન આવે તો હું એને ધિક્કારતો. એમાય દેવદાસ કે પ્યાસા જેવું મૂવી જોયું હોય તો હું તો દિવસો સુધી દુ:ખી રહેતો, ઝીણો તાવ આવી જતો, જીવન નિરર્થક લાગતું! પ્યાસા નું ગીત “જાને વો કૈસે લોગ થે જિન કે પ્યાર કો પ્યાર મિલા” મારા મગજમાંથી મહિનાઓ સુધી ખસે જ નહીં. આવા પ્રેમ-વિરહનાં ગીતો મહિનાઓ સુધી હું ગણગણતો.

આ મૂવીઓમાં અમને મુંબઈ પણ જોવા મળતું. એના વિશાળ રસ્તાઓ, ગાડીઓ, ખાસ તો ફેશનેબલ કપડાંઓમાં બની ઠનીને આંટા મારતી સ્ત્રીઓ, સૂટબૂટમાં સજ્જ થયેલા પુરુષો જોવા મળતા. હેન્ડસમ એક્ટર અને સુંદર એક્ટ્રેસ જોવા મળતી. મૂવીઓનું મુંબઈ જોઈને મને થતું કે હું ક્યારે મુંબઈ જાઉં અને એ બધું રૂબરૂ જોઉં. તે દિવસોમાં ગામમાંથી છટકવાનો મારે માટે મૂવીઓ સિવાય એક બીજો રસ્તો હતો લાઇબ્રેરીનો. દરરોજ લાઇબ્રેરી ઊઘડવાની હું રાહ જોતો ઊભો હોઉં. છાપાં, મેગેઝિનોમાં સમજ

પડે કે ન પડે, પણ એના પાનાં ફેરવ્યા કરું અને દૂર દૂરના દેશોના ફોટા જોયા કરું. ખાસ કરીને દેશવિદેશનાં શહેરોની જાહોજલાલી મને ખૂબ આકર્ષતી. એમાંય યુરોપ, અમેરિકાનાં શહેરોની સ્વચ્છતા, સુંદરતા, સપ્રમાણતાના ફોટા હું વારંવાર જોયા કરતો. અને મારા ગરીબ ગામની એ શહેરો સાથે સરખામણી કર્યા કરતો અને તીવ્ર અસંતોષ અનુભવતો.

હવે જ્યારે જ્યારે ગામ જાઉં ત્યારે ત્યાં બધે જરૂર આંટા મારું–દેવળાને ઝાંપે, જ્યાં અમારું ઘર હતું ને જ્યાં મારો જન્મ થયેલો, હાઇસ્કૂલમાં, લાઇબ્રેરીમાં જ્યાં બેઠા બેઠા મેં મુંબઈનાં સપનાં જોયાં હતાં, ચોકમાં જ્યાં અમારી દુકાન હતી. આ બધી જગ્યાએ ફરી વળું. છેલ્લો ગયેલો ત્યારે જોયું તો અમારું ઘર અને દુકાન બન્ને તોડી નંખાયા છે. ગામ જોઈને નિરાશા ઉપજેલી. રસ્તાઓ હજી મોટે ભાગે એવા ને એવા જ છે. લોકોનાં ઘરો મોટાં થઈ ગયાં છે. ઘરે ઘરે ટીવી આવી ગયાં છે. ક્યાંક ક્યાંક કોકને ઘરે કમ્પ્યૂટર પણ આવી ગયાં છે. પણ ગામની ગંદકી એવી ને એવી જ છે. બલકે વધી છે. મારા જમાનામાં ભૂંડ ન હતાં તે હવે દેખાયાં! અને જે લાઇબ્રેરીમાં બેસીને દુનિયા જોવાનાં સપનાં જોયેલાં એના રંગઢંગ જોઈને દુ:ખ થયું. ગામની વસતી વધી છે. જ્યાં મેટ્રિકની પરીક્ષા આપવાની સગવડ ન હતી અને જેને માટે અમારે દૂર મોટા શહેર ભાવનગર જવું પડતું ત્યાં હવે કૉલેજો થઈ ગઈ છે! પણ કૉલેજમાંથી ભણીને બહાર નીકળતા ગ્રેજ્યુએટો કામધંધાએ લાગે એવાં કારખાનાં કે ઉદ્યોગો પ્રમાણમાં થયા નથી. એ માટે તો ગામના યુવાનોએ હજી પણ મુંબઈ, અમદાવાદ, વડોદરા જેવાં મોટાં શહેરોમાં જવું પડે છે.

## ગામની ગંદકી

ગામની ગંદકી, સંકુચિતતા મને ખૂબ ખૂંચતી. છોકરાઓ ગમે ત્યાં શેરીમાં હંગે મૂતરે, બાજુમાં ઊભેલ ગાય એ ગુ ખાય. એ ગાયના મૂતરની ધારમાં આંગળી મૂકીને આવતી જતી બૂઢી સ્ત્રીઓ એ ઊના મૂતરને માથે ચડાવે. ગૌમૂત્ર પવિત્ર ગણાય ને! એ બધું જોતાં મને કમકમાટી છૂટતી. અરે, આધેડ વયના પુરુષો પણ શેરીમાં ભીંતનો આધાર લઈને ખુલ્લે રસ્તે પેશાબ કરી લે! આવતી જતી સ્ત્રીઓ બિચારી લાજ કાઢીને દૂર ખસી જાય. ગામને એક ખૂણે ગુવાડો હતો ત્યાં બૈરાઓ હંગવા મૂતરવા જાય. એ ગુવાડાની અસહ્ય દુર્ગંધ આખાય પાડોશને ગંધવી મારે. ગામના ઢેડ ભંગીઓ એ ગુ ભેગું કરીને ગાડામાં

ભરીને ગામની બહાર નાખી આવે. ગુ ભરેલું ગાડું નીકળે ત્યારે એ બદબૂ સહેવી મુશ્કેલ થઈ પડતી.

ગામ વિશેના મારા ત્યારના અને અત્યારના તીવ્ર અસંતોષમાં હું મારો કચકચિયો સ્વભાવ જ જોઉં છું. સાવરકુંડલાની સરખામણી હું મારા સપનાના પટોમ્પકિન જેવા કોઈ આદર્શ ગામ સાથે કરતો હતો.18 આવી સરખામણી સર્વથા અયોગ્ય હતી. ત્યારના આજુબાજુના મહુવા, અમરેલી, શિહોર જેવાં ગામો જેવું જ એ એક ગામ હતું. મારી સાવરકુંડલા વિશેની જે ફરિયાદો છે–ધૂળ, ગંદકી, રસ્તાઓ, સંકુચિતતા–તે બધી જ આ ગામો સામે પણ થઈ શકે. એટલું જ નહીં, પણ મુંબઈ જેવા મોટાં શહેરોમાં પણ આજે કેટલી ગંદકી છે!

એક પ્રજા તરીકે આપણને જાહેર ગંદકી અને ગેરવ્યવસ્થા જાણે કે સદી ગયાં છે! ભલે આપણે ઘર અને આંગણું ઝાડુ વાળી, પોતું મારીને બધું સાફ રાખીએ પણ ભેગો થયેલો કચરો તો બહાર શેરીમાં જ ફેંકીએ! નાનાં મોટાં શહેરોમાં ખૂણે ખૂણે જોવા મળતા કચરાના ટેકરાઓ દિવસો સુધી પડ્યા રહે. મુંબઈની મૂળજી જેઠા મારકેટના સંડાસ અને મૂતરડીઓની અસહ્ય ગંદકી અને બદબૂ તેના કરોડપતિ શેઠિયાઓને જાણે કે નડતી જ નથી. અરે, અહીં અમેરિકામાં પણ આપણા ઇન્ડિયન રેસ્ટોરાંના રેસ્ટ રૂમ્સ જુઓ તો ચીતરી ચડે.

તેવી જ રીતે કાશી કે મથુરા જેવાં આપણાં પવિત્ર યાત્રાધામોની ભયંકર ગંદકી પણ આપણને નડતી નથી. જે નદીને આપણે પવિત્રમાં પવિત્ર માનીએ છીએ, જેનું ગંગા માતા કહી સન્માન કરીએ છીએ તેમાં જ આપણે મડદાંઓ નાખતા કે કારખાનાંઓમાંથી નીકળતો કચરો, કેમિકલ વેસ્ટ ઠાલવતા સંકોચ અનુભવતા નથી. અત્યારે તો દુનિયાની ગંદામાં ગંદી નદીઓમાં ગંગાની ગણતરી થાય છે! આવી ગંદકીથી ઊભરાતી ગંગામાં ડૂબકી મારીને હૉસ્પિટલને બદલે સ્વર્ગમાં કેમ જવાય છે તે હું સમજી જ શકતો નથી. આપણી સદીઓથી ચાલી આવતી માન્યતાઓ કે વ્યક્તિગત શ્રદ્ધા સમજું છું પણ ગંગાની ગંદકી સમજી શકતો નથી.

આપણા નેતા અને સુધારકોમાં એક ગાંધીજીને જ આ વાત ખૂંચી હતી. જીવનભર એ સ્વચ્છતાના ઉગ્ર આગ્રહી રહેલા. આજથી લગભગ સો વરસ પહેલાંની કલકત્તાની કૉંગ્રેસના સમ્મેલનમાં એમને ગંદકી જરાય ગમી ન હતી. પોતે સામેથી માંગીને સંડાસ સાફ કરવાનું કામ માથે લીધું હતું! જાહેર ગંદકી જાણે કે આપણી રાષ્ટ્રીય લાક્ષણિકતા

થઈ ગઈ છે. ગંદકીમાં આપણને કશું અજૂગતું પણ લાગતું નથી. બીજાં ગામોની જેમ સાવરકુંડલામાં પણ એ લાક્ષણિકતા છતી થતી હતી એટલું જ. બાકી તો એ આજુબાજુના ગામો કરતા તો એ સારું ગણાય છે.

## ગામના પ્રેમાળ લોકો

અમેરિકામાં વસતા ગુજરાતીઓ દેશી છાપાં અને મૅગેઝિન્સમાં પોતાના ગામ માટે હોંશે હોંશે લખે છે. ખાસ કરીને પોતાનું બાળપણ કેવી મોજમજા અને આનંદથી વિતાવ્યું તેની વાતો વિગતથી કરે છે. મને આવી બધી વાતો કરવા અને એ વિશે લખવા માટે ઘણું કહેવામાં આવે છે. હું વિવેકથી ના પાડું છું. ગામ વિશે લખવાનો મને કોઈ ઉમળકો જ થતો નથી. પણ ગામમાં મેં જે કંઈ જોયું છે તેથી સ્પષ્ટ કહી શકું કે જો ગામ માટે મને કોઈ કૂણી લાગણી નથી, તો ગામના લોકો માટે પ્રેમ છે. એ લોકોને પણ મારા માટે ખુબ સદ્‌ભાવની લાગણી રહી છે. જ્યારે જ્યારે એમને ગામમાં, મુંબઈમાં કે બીજે ક્યાંય મળું છું ત્યારે એમનો મારા માટેનો સદ્‌ભાવ અને પ્રેમ સ્પષ્ટ જોઉં છું.

ખાસ કરીને કોઈ પ્રસંગે દેશમાં જવાનું થાય તો લોકો અડધા અડધા થઈ જાય. મારી બધી જ સગવડો જુએ અને કશી પણ ખામી ન આવે તેનો ખ્યાલ રાખે. અમેરિકામાં જઈને મેં વૉશિંગ્ટનનું નાણાંતંત્ર સંભાળ્યું અને તેને ફડચામાંથી ઉગાર્યું તેમાં "આ તો અમારા ગામનો સપૂત છે" એવું ગૌરવ લે. વિશ્વગુર્જરીનો એવોર્ડ મને જ્યારે મળેલો ત્યારે તે જોવા માટે ગામના કેટલાક લોકો ખાસ અમદાવાદ આવ્યા હતા. ગામ જ્યારે જાઉં ત્યારે જેને જેને મળવાનું બને એ બધાયનો ધ્રુવ મંત્ર એક જ હોય: "ઘરે તો આવવાનું જ છે હોં!" ૨૦૧૨માં ગામે મારું મોટું સન્માન કરેલું, ગામનો છોકરો પરદેશમાં અને ખાસ કરીને અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં, આવું મોટું કામ કરીને દેશમાં અને દુનિયામાં ગામનું નામ ઉજાળે છે એ ન્યાયે મને જાણીતા કથાકાર શ્રી મોરારીબાપુને હાથે મોટો અવોર્ડ અને માનપત્ર અપાયેલા.

જ્યારે જ્યારે ગામ જવાનું થાય છે ત્યારે મુંબઈથી અમારો કાફલો પ્લેનમાં બેસે અને ભાવનગર પહોંચે. જાણીતા ઉદ્યોગપતિ અને સાહિત્યપ્રેમી હરેશ મહેતાની આગેવાની નીચે મુંબઈમાં વસતા પણ મૂળ સાવરકુંડલા નિવાસીઓ સાથે અમે પણ જોડાઈએ. ભાવનગરથી કુંડલા જવા અમે એક બસમાં ખડકાઈએ. હરેશભાઈ અને એમનાં પત્ની

યશોધરાબહેન એક આદર્શ યજમાન દંપતી છે. એમણે અમારા માટે રસ્તામાં ગરમ ગરમ ફાફડા ગાંઠિયા, જલેબી અને મોળાં મરચાંના નાસ્તાની વ્યવસ્થા કરી જ હોય. એમને ખબર કે મને ગરમ ગરમ ફાફડા ગાંઠિયા બહુ ભાવે છે. સાવરકુંડલામાં પણ જેટલા દિવસ અમે હોઈએ તેટલા દિવસ સવારના મારે માટે ખાસ ગાંઠિયાનો ઘાણ પડાવે. ગરમ ગાંઠિયા લાવવા કોઈને મોટરસાઇકલ પર દોડાવે અને પછી ઉમળકાથી પીરસે. “જુઓ આ ગરમ ગરમ છે!” મને તીખી મસાલેદાર રસોઈ બહુ ભાવે, પણ મારાથી એ સહન ન થાય, તેથી મારે માટે જમણવાર વખતે બહુ તીખી નહીં, છતાં સ્વાદિષ્ટ એવી રસોઈ કરાવે! ગામના લોકો મારા માટે અડધા અડધા થઈ જાય. મારી બધી સગવડ સંભાળે. જેમના ઘરે અદ્યતન સુવિધાઓ હોય છે, તે એમને ઘરે મને મહેમાન થવાનો આગ્રહ રાખે.

સંગીત અને સાહિત્ય ક્ષેત્રે પોતાનું નામ કાઢનારા ઘણા લોકો નીકળ્યા છે જે ગામને ભૂલતા નથી. પંકજ ઉધાસ, પ્રફુલ્લ દવે, કમલેશ અવસ્થી, ભરત વિંઝુડા, સંજુ વાળા, રતિલાલ બોરીસાગર, લક્ષ્મીકાંત ભટ્ટ વગેરેએ ગુજરાત અને ગુજરાતની બહાર પણ ખ્યાતિ મેળવી છે. ઉદ્યોગપતિ હરેશ મહેતા, પ્રૉફેસર દિવ્યકાંત સૂચક અને જાણીતા ઈએનટી સર્જન ડો. માનસેતા જેવા સમાજસેવી સજ્જનો પણ સાવરકુંડલાના ઝળહળતા સપૂતો છે. આ સજ્જનોએ ગામની સેવા કરવામાં પોતાની જાત ઘસી નાખી છે. ગામનું સદ્‌ભાગ્ય એ છે કે ત્યાંથી નીકળેલા એના સપૂતો એને ભૂલતા નથી. અને ત્યાં કંઈ ને કંઈ ઉપયોગી પ્રવૃત્તિ કરતા જ રહે છે. કૉલેજો, હૉસ્પિટલ, સ્કૂલો વગરે બંધાવતા રહે છે. જે લોકોએ મુંબઈ કે બીજે જઈને પૈસા બનાવ્યા છે તે લોકો ગામમાં મોટું ઘર બંધાવે. અને વરસે એકાદ આંટો જરૂર મારે. ગામને લલ્લુભાઈ શેઠ જેવા નેતા અને કાર્યકર્તા મળ્યા હતા. એમને કારણે ગામ અનેક પ્રકારની સહકારી પ્રવૃત્તિઓથી ધમધમતું. એમણે કરેલી ઘણી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ હજી પણ ચાલે છે.

## સાહિત્યનો શોખ લાગ્યો

ગામના કિશોરોને સારા સંસ્કાર અને શારીરિક વ્યાયામ મળે તે માટે સંસ્કાર મંદિર (ક્લબ) અને વ્યાયામ મંદિર (અખાડો) નામની બે સંસ્થાઓ ચાલતી. આ બન્ને સંસ્થાઓ સાંજે સ્કૂલ પત્યા પછી છોકરાઓને રમત ગમત અને બીજી પ્રવૃત્તિઓમાં

લગાડતી. હું સંસ્કાર મંદિરમાં જોડાયો હતો, પણ ત્યાં રમતગમત કરતાં મારું ધ્યાન બીજે હતું. એક નાના કબાટમાં સમાય જાય તેટલાં પુસ્તકોની લાઇબ્રેરી હતી તે હું ચલાવતો. મેં એનો ઉપયોગ ઘણો કર્યો. ત્યાં મેં પહેલો કાવ્યસંગ્રહ જોયો—મણિશંકર ભટ્ટ કાન્તનો ક્રાઉન સાઈઝનો 'પૂર્વાલાપ'! કાન્તના છંદપ્રભુત્વ અને એમનાં ખંડકાવ્યોના મહિમાની તો વરસો પછી ખબર પડી, પણ ત્યારે તો હાથમાં આવતા સમજ પડે કે નહીં છતાં એ વાંચી ગયો હતો. એ લાઇબ્રેરીનો હું જાણે કે માલિક બની ગયો હતો. યાદ નથી કે કોઈ એકે ય ચોપડી વાંચવા લઈ ગયું હોય. સંસ્કાર મંદિરનું એક હસ્તલિખિત મૅગેઝિન સંસ્કાર પણ હું ચલાવતો હતો. મારા અક્ષર સારા એટલે જ તો મને એ કામ સોંપાયું હશે. એનાં હસ્તલિખિત વીસેક પાનાં હું જ ભરતો અને પછી ગામની લાઇબ્રેરીમાં હું જ જઈને મૂકતો! જો કોઈ લાલો ભૂલેચુકેય એ ઉપાડે તે જોઈને હું રાજી થતો. મારા સાહિત્ય વાંચવા લખવાના પહેલા પાઠ મને આ સંસ્કાર મંદિરમાં મળ્યા.

પ્રાથમિક શિક્ષણ માટે એક ધૂળી નિશાળ હતી અને એક હાઇસ્કૂલ. શિક્ષકોમાં માત્ર એક મુકુંદભાઈથી જ હું પ્રભાવિત થયેલો. ગોરો વાન, સ્વચ્છ કફની, બંડી અને લેંઘો, પગમાં સ્ટાઇલીસ્ટ ચપ્પલ. અસ્ખલિત વાણી. ગુજરાતી ભાષા આવી સુંદર રીતે બોલાતી મેં પહેલી જ વાર સાંભળી. એમણે મને સાહિત્યનો શોખ લગાડ્યો. એ પોતે હાસ્યલેખો લખતા. એમના લેખોનો એક સંગ્રહ પણ પ્રગટ થયેલ એવું યાદ છે. મુકુન્દભાઈ અમને ગુજરાતી સાહિત્યકારોની, ખાસ કરીને કવિ ઉમાશંકર જોશી અને નવલકથાકાર કનૈયાલાલ મુનશીની રસપ્રદ વાતો કરતા. ગુજરાતી કવિતાનો મને ચસકો લગાડનાર પણ એ જ હતા. એ ગુજરાતીમાં એમ. એ. થયેલા. અમારી સ્કૂલમાં એમના જેટલું ભણેલા શિક્ષકો ઓછા. એ જ્યારે લળી લળીને ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારોની વાત કરે ત્યારે મને થતું કે હું પણ કૉલેજમાં જાઉં અને સાહિત્યકાર થાઉં.

એક વાર એમણે ઉમાશંકર જોશીની પ્રખ્યાત કવિતા 'બળતાં પાણી' વિસ્તારથી સમજાવી. એ કવિતામાં બળતા વનની વચ્ચે વહી જતી નદીની વાત છે. નદીની દ્વિધા એ છે કે એની આજુબાજુના ભડકે બળતા ડુંગરાઓ અને ઝાડોને ઠારવાને બદલે એને દૂર દરિયામાં બળતા વડવાગ્નિને ઓલવવા જવાનું છે. એ કાંઠા ઓળંગીને પોતાના સગાંવહાલાં જેવાં વૃક્ષોને ઠારી શકતી નથી. તો પછી એ ક્યારેય ડુંગરાઓ અને ઝાડવાઓ ઠારશે ખરી? સમુદ્રમાં ભળી, તેમાંથી વરાળ થઈને વાદળું બનીને કદાચ એ

પાછી આવશે અને વરસશે ત્યારે. પણ ત્યારે પેલું વન તો બળીને ખાખ થઈ ગયું હશે, એનું શું?

આમ જે વન, ડુંગર અને વૃક્ષોએ નદીને પોષી અને પાણીથી સભર કરી તેમને અણીને સમયે મદદ કરવાને બદલે દૂરના અગ્નિને ઠારવા જવાની નદીની વ્યથામાં કવિ ઘરડા માબાપને છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયેલા યુવાનની મનોદશાને વ્યક્ત કરે છે, એ વાત મુકુન્દભાઈએ વિસ્તારથી સમજાવી ત્યારે થયેલું કે કેટલાં બધાં પાનાંની આ કવિતા હશે! પરંતુ જ્યારે ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ ગંગોત્રીમાં એ કવિતા જોઈ ત્યારે તો બહુ ટૂંકી લાગી. મુકુંદભાઈએ સમજાવ્યું કે એ સૉનેટ છે. એમાં માત્ર ચૌદ લીટી જ હોય. આટલી ઓછી લીટીઓમાં આટલું બધું કહી શકાય અને એમાં ઘણા અર્થ અને અનેક સંદર્ભો સમાવી શકાય એ જોઈ મને અચરજ થયું હતું. વર્ષો પછી ઉમાશંકર અમેરિકા આવેલા ત્યારે મેં એમને મુકુંદભાઈ અને ‘બળતાં પાણી’ની વાત કરી હતી. એમણે મને કહ્યું કે બરાબર જોશો તો ખબર પડશે કે એમાં ચૌદ નહીં પણ પંદર લીટીઓ છે! છતાં એ કવિતાનું કલેવર સૉનેટનું જ છે.

આ ‘બળતાં પાણી’એ અને મુકુન્દભાઈએ મને કવિતાનું ઘેલું લગાડ્યું. હું તો કવિ થવાનાં સપનાં સેવવા લાગ્યો. લાઇબ્રેરીમાં જઈને જેટલા કવિતાસંગ્રહો હાથમાં આવે તે જોવા માંડ્યો. સમજાય કે ન સમજાય તો પણ વાંચતો. કુમાર પ્રેસમાં સુંદર બાંધકામ સાથે ડેમી સાઈઝમાં છપાયેલ ઉમાશંકર જોશીનું ‘ગંગોત્રી’ જોયું ત્યારે થયું કે મારો પણ આવો કાવ્યસંગ્રહ થાય તો?! થયું કે લખવું તો સૉનેટ લખવું અને તે પણ છંદમાં જ! પચાસેક વર્ષો પછી જ્યારે મારો પ્રથમ કાવ્યસંગ્રહ અમેરિકા, અમેરિકા પ્રગટ થયો ત્યારે એનાં પચાસે પચાસ કાવ્યો સૉનેટ હતાં અને તે પણ પૃથ્વી છંદમાં! ૨૦૧૨માં સાવરકુંડલાના એક મંડળે ગામમાંથી નીકળેલ ખ્યાતિ પામેલ સપૂત તરીકે મારું સન્માન કરેલું ત્યારે મુકુંદભાઈનું પણ એક આદર્શ શિક્ષક તરીકે સન્માન થયું હતું. એ સમયે તેમને મળીને આનંદ થયેલો.

મુકુંદભાઈના વિરલ અપવાદ બાદ કરતાં બીજા કોઈ શિક્ષકની મારા પર અસર પડી નથી. ઊલટાનું મોટા ભાગના શિક્ષકો તો સાવ નકામા હતા. એમને ક્લાસમાં ભણાવવા કરતાં પ્રાઇવેટ ટ્યુશનો કરીને પૈસા કમાવામાં વધુ રસ હતો. સાયન્સના એક શિક્ષક કેમિસ્ટ્રીના ક્લાસમાં કોઈ પણ પ્રયોગ કરીને કહે કે આ તો બધી માયા છે! પરિણામે મને સાયન્સ, અને ખાસ કરીને કેમિસ્ટ્રીમાં જરાય રસ પડ્યો નહીં. ચિત્રકળાના શિક્ષક

અમે છોકરાઓ જ્યારે ડ્રૉઈંગ કરતા હોઈએ ત્યારે રીતસરનું ઝોકું ખાઈ લેતા! સ્કૂલના હેડમાસ્તર તો આછા લીલા રંગના ડગલા નીચે ખમીસ પણ ન પહેરે. વધુમાં એકનો એક ડગલો મહિનાઓ સુધી ધોયા વગર પહેરી રાખતા. પરિણામે એમની બગલમાંથી પરસેવાની તીવ્ર બદબૂ આવતી તે હજી મારા નાકમાં ચચરે છે. આ જમાનાના ખાધેલ બુઢ્ઢા માસ્તરો દરરોજ દાઢી કરવામાં કે નહાવામાં સમજતા નહીં. જેવા ઊઠ્યા એવા આવી ગયા!

આવા બધાની સામે થોડા નવા કૉલેજ જઈ આવેલા જુવાન શિક્ષકો પણ હતા. એ બધા ધોબીએ ધોયેલાં ઈસ્ત્રીવાળાં કપડાં પહેરે, ચપ્પલ નહીં, શૂઝ પહેરે. મેં તો જ્યારે અમેરિકા આવવા પ્લેનમાં બેઠો ત્યારે પહેલી વાર દોરીવાળા શૂઝ પહેર્યા હતાં. આ શિક્ષકો ચીપી ચીપીને બોલે, એમની વાતચીતોમાં વારે વારે અંગ્રેજી શબ્દો અને વાક્યોની છાંટ આવે. આ બધું જોઈ સાંભળીને અમે છક્ક થઈ જતા. એમાંના એક હતા જયશ્રીકાન્ત વિરાણી, જે બહુ સારું ગાતા. એમને ઑલ ઇન્ડિયા રેડિયોના રાજકોટ સ્ટેશન પર એક ગીત ગાવાનું આમંત્રણ મળ્યું હતું. ગામમાં જે ગણ્યાગાંઠ્યા ઘરમાં રેડિયો હતો તેમાંના એક ઘરે અમે બધા વિરાણી સાહેબને રેડિયો પર સાંભળીને આભા થઈ ગયા હતા.

બીજા એક લક્ષ્મીકાન્ત ભટ્ટ. એ ટૂંકી વાર્તાઓ લખતા. એમની એક ટૂંકી વાર્તા 'ટીપે, ટીપે' ઉમાશંકર જોશીએ એમના પ્રખ્યાત માસિક સંસ્કૃતિ માં છાપીને એમને ગુજરાતના અગ્રગણ્ય વાર્તાકારોની હરોળમાં બેસાડી દીધા. મારા હસ્તાક્ષર બહુ સારા, એટલે ભટ્ટસાહેબ મને એમની વાર્તાઓ કોપી કરવા આપે અને પછી જુદાં જુદાં મૅગેઝિનોમાં મોકલે. વર્ષો પછી મુંબઈમાં હું એ જ મરોડદાર અક્ષરોમાં નોકરી માટે એપ્લીકેશન કરતો. એ જમાનામાં મારી પાસે ટાઈપરાઈટર ક્યાંથી હોય? જે શેઠે મને નોકરી આપેલી તેમણે મને કહ્યું હતું કે ઘણાએ એપ્લાય કરેલું, પણ એ બધામાં તારા અક્ષર બહુ સારા હતા એટલે તને નોકરી આપી!

## લાઇબ્રેરીની લત લાગી

ભલે હું ગામમાં રહેતો હતો પણ મારું મન તો દિવસરાત ગામની બહાર જ ભમતું. ગામમાંથી છટકવા માટે મારી પાસે બે જ રસ્તા હતા. એક તો મુંબઈથી આવતી મૂવીઓ

અને બીજો રસ્તો એ અમારી જૂની લાઇબ્રેરી. એના ભાંગ્યાતૂટ્યા બાંકડાઓમાંથી માંકડનું ધણ ઉભરાય. છતાં હું ત્યાં રોજ જઈને બેસતો. ત્યાં ચટકા ભરતા માંકડોને મારતા મારતા મુંબઈ, અમદાવાદ, અને દિલ્હીની દુનિયામાં ખોવાઈ જતો. મુંબઈ, અમદાવાદના છાપાઓ વાયા વિરમગામ થઈને ટ્રેનમાં ટહેલતા, ટહેલતા ચોવીસ કલાકે આવે. લાઇબ્રેરિયન મોઢામાં ભરેલ પાનનો ડૂચો ચાવતો ચાવતો છાપાનું એક એક પાનું છૂટું કરીને કાચના ઘોડામાં ગોઠવે જેથી લોકો બંને બાજુ ઊભા ઊભા વાંચી શકે.

જેટલી અધીરાઈથી હું છાપાંની રાહ જોતો તેટલી જ અધીરાઈથી એક પુખ્ત વયના દાઢીવાળા ભાઈ રાહ જોતા. હું જ્યારે જ્યારે લાઇબ્રેરીમાં જાઉં ત્યારે એ હાજર હોય જ. એમના ખાદીના મેલા કફની લેંઘા અને બંડીમાંથી વાસ આવે. એ વાત કરે ત્યારે મોઢામાંથી લાળ પડે. છાપું વાંચતા જાય અને દેશપરદેશના બનાવો પર રનીંગ કોમેન્ટરી આપતા જાય. નહેરુએ શું ભૂલ કરી, પાકિસ્તાનને કેમ હરાવવું, શિક્ષણનાં ધોરણ કેમ નીચાં ગયાં છે, દેશમાં લાંચરુશ્વત કેમ વધી ગઈ છે—આમ અનેક વિષયો ઉપર એમને કંઈક ને કંઈક કહેવાનું હોય જ. હું તો આભો બનીને એ જે કહે તે સાંભળ્યા કરું. મેં એક વાર લાઇબ્રેરિયનને કહ્યું આ ભાઈ કેવા હોશિયાર છે! એ મને કહે કંટોલો હોશિયાર? મૂરખ, છે મૂરખ. કામધંધો કાંઈ કરતો નથી. આખો દિવસ અહીં બેઠો રહે છે. સારું છે કે બૈરી બિચારી કામ કરે છે, નહીં તો ભૂખે મરત.

એવી જ રીતે દરરોજ લાઇબ્રેરી આવનારાઓમાં હતા એક સાધુ. સૌમ્ય ચહેરો, ભગવા કપડાં, કોઈ દિવસ એક શબ્દ પણ ન બોલે. આવે, બેસે, પોતાના ઝોળામાંથી એક લાંબો ચોપડો કાઢે, શાહીનો ખડિયો કાઢે, કલમ બોળે અને ઝીણા અક્ષરોમાં અંગ્રેજીમાં લખવાનું શરૂ કરે તે ઠેઠ ઊભા થાય ત્યાં સુધી. મેં એમને કોઈ છાપું કે મેગેઝિન વાંચતા કે કોઈની સાથે વાત કરતા જોયા નથી. એની સાથે તમારી આંખ મળી તો બસ મીઠું હસે. મને હંમેશ થતું કે માંકડથી ઉભરાતી બેંચ પર બેસીને આ સાધુ શાન્તિથી કેમ લખી શકતા હશે? શું લખતા હશે?

લાઇબ્રેરીમાં ઊભા ઊભા મેં દર અઠવાડિયે *ગુજરાત સમાચાર* માં ધારાવાહિક આવતી ઈશ્વર પેટલીકરની લોકપ્રિય નવલકથા *તરણા ઓથે ડુંગર* વાંચી હતી. *જન્મભૂમિ પ્રવાસી* ના તંત્રી મોહનલાલ મહેતા 'સોપાન'નું અમેરિકાનું પ્રવાસવર્ણન પણ એવી જ રીતે વાંચ્યું હતું. એમાંની બે વાત હજી મને યાદ છે: એક તો એ કે *ન્યૂ યૉર્ક ટાઈમ્સ* ના રવિવારના એક જ દિવસના છાપામાં જેટલી ઇન્ક વપરાય છે તેટલી એમના

જન્મભૂમિમાં આખા વરસમાં વપરાતી! અહીં અમેરિકામાં આવ્યા પછી ખબર પડી કે ન્યૂ યૉર્ક ટાઈમ્સ ની એ રવિવારની આવૃત્તિ ત્રણસો ચારસો પાનાંની હોય છે! લોકો તો આવડા દળદાર છાપામાંથી પોતાને ગમતા બે ત્રણ સેક્શન લઈ લે અને બાકીનું છાપું પડતું મૂકે! બીજી વાત એ કે જેમ આપણે ત્યાં માલદાર ખેડૂતોના ઘર બહાર એક બે ગાડાં પડ્યા હોય તેમ અમેરિકામાં સામાન્ય લોકોને ઘરે પણ એક બે કાર પડી હોય! થયું કે કેવો સમૃદ્ધ એ દેશ હશે, અમેરિકા! ત્યાં જવાનું મળે તો કેવું!

મુંબઈ, અમદાવાદ, વડોદરા વગેરેથી આવતા ગુજરાતી સાહિત્યનાં અનેક મેગેઝિનો મને ગુજરાતી સાહિત્યની દુનિયામાં લઈ જતા. અખંડ આનંદ, સંસ્કૃતિ, કુમાર, ઊર્મિ નવરચના, નવચેતન, બુદ્ધિપ્રકાશ, ક્ષિતિજ—આવાં મેગેઝિન સમજાય કે ન સમજાય તોય હું વાંચી જતો. ગુજરાતી નવલકથાઓ, નાટકો, વાર્તાસંગ્રહો, કાવ્યસંગ્રહો, વગેરે પણ હું વાંચવા માંડ્યો. હું લાઇબ્રેરીમાં દરરોજ જતો અને લાઇબ્રેરિયન પાસે પુસ્તકો માંગતો. બધાં પુસ્તકો એ કબાટોમાં તાળાકૂંચી નીચે રાખતો. એ લાઇબ્રેરિયન પણ એક નમૂનો હતો. એના ગંજી વગરના અડધાં બીડેલાં બટનવાળા શર્ટમાંથી છાતીના વાળ ડોકિયું કરે. ગળે સોનાનો છેડો લટકતો હોય. મોઢાના એક ગલોફામાં પાનનો ડૂચો ભર્યો હોય. લાઇબ્રેરી એના બાપની હોય એમ વર્તે. એ આળસુને મને પુસ્તક આપવા માટે કબાટ સુધી જવું પડે, ચાવી ગોતવી પડે, કબાટ ઉઘાડવું પડે. એ એને કેમ ગમે? એણે કાકાને ફરિયાદ કરી કે તમારો છોકરો લાઇબ્રેરીમાં બહુ આવે છે, એને શું ઘરમાં કંઈ કામકાજ નથી કે તમે એને લાઇબ્રેરીમાં રોજ ધકેલો છો? ત્યારે કાકા મને વઢેલા!

લાઇબ્રેરીમાંથી હું ગુજરાતી પુસ્તકો લઈ આવતો અને ભૂખ્યા ડાંસની જેમ વાંચતો. ખાસ કરીને નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ. કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ, ધૂમકેતુ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ વગેરે જે કંઈ હાથમાં આવ્યું તે હું આડેધડ વાંચી કાઢતો. મુનશીની આત્મકથાએ મને ઘેલો કરી નાખ્યો. જેવી રીતે અનેક સંઘર્ષોનો સામનો કરીને એ એક સમર્થ વકીલ થયા અને સાથે સાથે એવા જ મોટા નવલકથાકાર પણ થયા એ મારે માટે અજાયબીની વાત હતી. એમની સ્વપ્નદ્રષ્ટાએ મને દેશસેવાની ભારે ધૂન લગાવી. સ્વપ્નદ્રષ્ટામાં આક્રમક પરદેશીઓએ, ખાસ કરીને અંગ્રેજોએ દેશની જે અવદશા કરી અને ભારતીયોની જે સ્વમાનહાનિ કરી હતી તે મને બહુ કઠી હતી. થતું કે મોટો થઈશ ત્યારે એનું વેર વાળીશ. રમણલાલ દેસાઈની ગ્રામલક્ષ્મી અને પીતાંબર

પટેલની ખેતરને ખોળે વાંચીને થયેલું કે ગામડાંઓમાં જઈને ગ્રામોદ્ધારની સેવા કરવી જોઈએ.

ગાંધીજીની આત્મકથા તો અદ્દભુત લાગી હતી. નાનપણથી જ સાચું બોલવાનો અને સાચું જ કરવાનો એમનો આગ્રહ, લંડનમાં ભણવા ગયેલા ત્યાંના એમના અનુભવો, દક્ષિણ આફ્રિકામાં રંગભેદને કારણે એમણે સહન કરેલાં અપમાનો, ત્યાંની જેલોમાં એમણે સહન કરેલો અત્યાચાર–આ બધું વારંવાર વાંચીને હું ખૂબ પ્રભાવિત થયો હતો. મનુભાઈ પંચોળી 'દર્શક'ની શકવર્તી નવલકથા ઝેર તો પીધાં છે જાણી જાણી એ પણ મારા પર મોટી ભૂરકી છાંટી હતી. એનાં પાત્રો ખાસ કરીને સત્યકામ અને અચ્યુતે પરદેશમાં જઈને જે પરાક્રમો કરેલાં તે હું વારંવાર વાંચતો. એવી જ રીતે યશોધર મહેતાની નવલકથા સરી જતી રેતી એમાં આવતી લંડનની વાતોને કારણે મને બહુ ગમી ગઈ હતી. આ બધું વાંચીને થતું કે મને પરદેશ જવા ક્યારે મળશે?

## અમારું કુટુંબ

અમારું સંયુક્ત કુટુંબ હતું. બાપા-મા, કાકા-બા, દૂરના મામા-મામી, બીજા એક વિધવા મામી, અમે સાત ભાઈ બહેનો, બધાં સાથે. અમારામાંથી કોઈને કુટુંબના ઇતિહાસની કે વંશવેલાની પડી નહોતી. મા-બાપાના કુટુંબની કોઈ માહિતી નહોતી. અરે, એમના માતા-પિતાનાં નામ સુધ્ધાં અમે જાણતા નહોતા. એવું જ બાના કુટુંબ વિશે. બહોળા કુટુંબમાં ઊછર્યા છતાં કુટુંબીજનો પ્રત્યે પ્રેમ કે મમત્વની કોઈ ઊંડી લાગણી મને દેખાતી નહોતી. જાણે કે અજાણ્યા માણસો અકસ્માતે એક ઠેકાણે ભેગા થઈ ગયા હોય એમ અમે બધાં સાથે રહેતા. પુખ્ત વયના લોકો ભાગ્યે જ કંઈ એક બીજા સાથે કોઈ કામ વગર બોલતા. લોકો જે રીતે ભાઈભાઈના અને ભાઈબહેનના ભીના પ્રેમની વાતો કરે, એવું મેં ક્યારેય અનુભવ્યું નથી. હું કુટુંબમાં સહુની સાથે ઊછર્યો હોઉં એમ મને લાગતું જ નથી. કુટુંબમાં સૌથી અળગો જ ઊછર્યો હોઉં એમ લાગે છે. સ્કૂલમાંથી આવ્યા પછી સાંજે સંસ્કાર મંદિરમાં જતો. જો કે ત્યાં આગળ જણાવ્યું તેમ ક્રિકેટ, વૉલીબોલ વગેરે રમતો રમવાને બદલે એની નાની લાઇબ્રેરી સંભાળતો હતો.

અમે ચાર ભાઈઓ અને ત્રણ બહેનો. ભાઈઓમાં હું મોટો, બે બહેનો મારાથી મોટી–એક નાની. અત્યારે બે ભાઈઓ દેશમાં છે, અને એક અમેરિકામાં. બે મોટી બહેનો

તો હવે ગુજરી ગઈ છે, પણ જ્યારે જીવતી હતી ત્યારે એમની સાથે કોઈ ગાઢ સંબંધ નહોતો. ત્રીજી બહેન મુંબઈમાં રહે છે. એને અમે અમેરિકા બોલાવેલી હતી પણ એને અને બાને અમેરિકા ન ફાવ્યું અને પાછા ગયાં. મારો નાનો ભાઈ એની પત્ની, ઉપરાંત મારા બા, બહેન, સાળા અને એના કુટુંબને જે મેં અમેરિકા બોલાવ્યા હતા તે પણ મારી ફરજ છે તેમ માનીને જ, તેમાં પણ મોટો ફાળો મારી પત્ની નલિનીનો જ. "તમે આટલાં વરસથી અમેરિકામાં મોજ મજા કરો છો અને તમારાં સગાંસંબંધીઓ હજી દેશમાં સબડે છે," એવું સાંભળવું ન પડે એ ન્યાયે જ અમે એમને બધાંને અમેરિકા બોલાવ્યાં હતાં. એમાં ક્યાંય મારો કુટુંબપ્રેમ ઊભરાતો નહોતો. સાળો અને તેનું કુટુંબ તથા ભાઈ અને તેની પત્નીએ બધાંએ પોતપોતાનો રસ્તો શોધી કાઢ્યો. મારા સંયુક્ત કુટુંબના અનુભવો બહુ સારા નથી. જો કે એમાં હું મુખ્યત્વે મારો જ વાંક જોઉં છું.

## મારો વિચિત્ર સ્વભાવ

મારો સ્વભાવ જ કોઈ આત્મલક્ષી એકાકી માણસનો–લોનરનો–છે. ગામ કે બહારગામ, મિત્રો કે સગાંઓને હું મળવાનું ટાળું છું. બહારગામ જાઉં છું ત્યારે પણ કોઈ ઓળખીતાને ઘરે રહેવા કરતાં હોટેલમાં જ રહેવાનું હું પસંદ કરું છું. મારાં પોતાનાં સંતાનો વરસોથી અહીં બાજુમાં જ રહે છે, પણ મેં એમને ત્યાં એક રાત પણ કાઢી નથી. એમના છોકરાઓનું બેબી સીટીંગ કરવાનું હોય ત્યારે રાતે ગમે તેટલું મોડું થયું હોય તો પણ હું બેબીસીટીંગ પત્યે ઘરે આવી જાઉં. પાર્ટીઓમાં પણ મારી મથરાવટી મેલી છે. મોડું જવું અને વહેલા નીકળવું. લોકો કહે કે ગાંધી આવતાંની સાથે જ જવાની વાત કરે છે!

એવું ન કહી શકાય કે હું મોટી ઉંમરે આવો મિસએન્થ્રોપ—જેને લોકોની સાથે હળવું મળવું ગમતું નથી એવો–થયો. નાનો હતો ત્યારે પણ હું લાઇબ્રેરીમાંથી ચોપડી લઈને ઘરની મેડીએ ચડી જતો! 'ચોપડીમાંથી મોઢું જ કાઢતો નથી,' એવી ફરિયાદ મારે માટે નિયમિત થતી. બા જ્યારે જમવા માટે બોલાવે ત્યારે જ નીચે ઊતરું. બાકી તો મોટે ભાગે આખો દિવસ ઉપર મેડીએ જ રહેતો, રાતે ત્યાં જ સૂતો. જાણે કે બધાથી દૂર ભાગીને મેં મારી એક જુદી દુનિયા બનાવી હતી અને એ દુનિયામાં હું દિવસ રાત રહેતો. આજે જ્યારે મારા સાવરકુંડલાના એ દિવસોનો વિચાર કરું છું તો લાગે છે કે મારી દુનિયા તો

માત્ર એ મેડીની અને લાઇબ્રેરીની હતી. ત્યાં બેઠા બેઠા દિવસરાત વિચારતો કે ક્યારે હું આ ગામમાંથી ભાગું!

આ ભાગવાની જે વાત છે તે મારા ગામ પૂરતી નથી, આ મારી રોજની કઠણાઈ છે. હું જ્યાં જ્યાં હોઉં છું, તે કરતાં બીજે ક્યાંક જવું, "ચાલો, કંઈક વધુ સારું ગોતો," એવી મારી મનોદશા હંમેશ રહી છે. મારે કૂલે ભમરો ચોંટ્યો હોય તેમ હું જિંદગી આખી ભટકતો રહ્યો છું. સાવરકુંડલામાંથી નીકળીને મારે મુંબઈ જવું હતું, મુંબઈ છોડીને અમેરિકા જવું હતું, અને અમેરિકામાં આવ્યા પછી પણ એક જગ્યાએ હું બેસી નથી રહ્યો. અમેરિકામાં આવ્યો ઍટલાન્ટામાં, પણ ત્યાંથી નૉર્થ કૅરોલીના, પૅન્સિલ્વેનિયા, લૂઈઝિઆના, વળી પાછું પૅન્સિલ્વેનિયા, અને અત્યારે હવે વૉશિંગ્ટન એમ હું ફરતો ને ફરતો રહ્યો છું.

જેવું રહેવાનું તેવું જ નોકરીનું, તેવું જ યુનિવર્સિટીઓનું. હંમેશ એમ જ થયા કર્યું છે કે જે નોકરી છે તેની કરતાં વધુ સારી નોકરી હોય તો સારું. જે યુનિવર્સિટીમાં ભણું છું કે ભણાવું છું તેના કરતાં વધુ સારી યુનિવર્સિટીમાં હોઉં તો કેવું સારું! આમ અત્યારે જ્યાં છું અને જે મારી પાસે છે, એ નહીં પણ જે નથી તેની શોધમાં હું સતત રહું છું. આ મનોદશાના મૂળમાં છે મારો કોમ્પિટિટીવ સ્વભાવ—મારી સરખામણી કરવાની કુટેવ.

દરેકે દરેક બાબતમાં—બૅંક બૅલેન્સ, કુટુંબવ્યવસ્થા, છોકરાઓ, નાનું કે મોટું ઘર, ઘરની સજાવણી, કરિયર, નામના, આરોગ્ય, દેખાવ, બુદ્ધિ, કૌશલ્ય, કુનેહ–કંઈક ને કંઈક બહાને બીજાઓ સાથે સતત સરખામણી કરીને હું સતત દુઃખી થયા કરું છું. આજે મને કોઈ પૂછે કે તમારા જીવનમાં તમે સુખ, આનંદ અને ઉલ્લાસ ક્યાં અને કયારે માણ્યાં છે તો મારે વિચાર કરવો પડે! જે જોઈતું હોય તે મળે તેનો ક્ષણિક આનંદ હું માણીને તરત જે નથી મળ્યું તેની શોધમાં નીકળી પડું છું. સદાના આવા કચકચિયા અને અસંતોષી જીવનું શું કરવું? આવા અભાગિયા જીવને શાંતિ ક્યાંથી હોય?

આવી મનોદશાના મૂળમાં છે મારી તીવ્ર મહત્ત્વાકાંક્ષા. આજે જ્યારે જીવનના સંધ્યાકાળે મેં જે કર્યું છે તે નહીં, પણ મેં જે નથી કર્યું તેનો વિચાર કરીને હું મનને ખાટું કરું છું. જે નથી થયું તેનો અફસોસ કરું છું. અને જીવનમાં નિષ્ફળ નીવડ્યો છું તેવાં રોદણાં રોઉં છું. જે છે તેમાં સંતોષ માનવાને બદલે જે નથી તેના વિચારમાં રાચ્યા કરવાની આ રોગગ્રસ્ત મનોદશાનો શો ઉપાય છે તે મને ખબર નથી, પણ એ દશામાં આજે ઠેઠ જિંદગીના છેવટના દાયકાઓમાં પણ પીડાઉં છું તેમાં કોઈ શંકા નથી.

## કાકા

લીખાળામાં ભણવાની કોઈ સગવડ ન હતી. બાપાએ કાકાને ભણવા માટે અમરેલી મોકલ્યા. ત્યાં એમણે ભણવાનું બાજુએ મૂકીને બીજી પ્રવૃત્તિઓમાં રસ દાખવ્યો. ખાસ કરીને બંસરી બજાવવાનું શીખ્યા અને એ એવી સરસ બજાવતા કે લોકો એમને મોહન બંસરીવાળા તરીકે ઓળખતા. સ્વાતંત્ર્ય સંગ્રામના જુવાળમાં અનેક જુવાનોની જેમ કાકા પણ જોડાયા. ગાંધીવાદી અસહકારી બન્યા. જેલમાં ગયા. બાપા તો હેરાન પરેશાન થઈ ગયા. આ શું? “મેં છોકરાને નિશાળમાં જવા મોકલ્યો અને એ તો જેલમાં જઈને બેઠો!” બાપા જેલમાં પહોંચ્યા! ત્યાં જઈ જે કાંઈ દંડ ભરવાનો હતો તે ભર્યો. “આ તો છોકરમત છે, એ હવે આવું કંઈ નહીં કરે, એને હું નિશાળમાંથી જ ઉઠાડી દઉં છું”, એવી જે કંઈ માફી માગવાની હતી તે માગી અને કાકાને ઘરે લઈ આવ્યા.

બાપાએ કાકાને દુકાને બેસાડી દીધા, અને એમની સગાઈની જોગવાઈ કરવા મંડ્યા. એમને ભય હતો કે કાકાનું ફટકે અને વળી પાછું જેલમાં જવાનું તૂત ઉભું કરે તે પહેલાં એમને પરણાવી દેવા. ઝટપટ સગાઈ કરી નાખી. તરત લગન લેવાયા. અને કાકા ડાહ્યાડમરા થઈને પરણી પણ ગયા! વાત વાતમાં સાત સાત સંતાનોના બાપ બની ગયા! જેલ કેવી ને વાત કેવી? કાકા તો હવે ઘરસંસારી અને વ્યવહારુ બની ગયા.

કાકાના ક્રાંતિકારી હોવાની અને એમના જેલમાં જવાની વાતની મને તો પાછળથી ખબર પડી. હું જે કાકાને ઓળખતો હતો તે કાકા સાવ જુદા હતા. મેં એમનામાં ક્યારેય કોઈ ક્રાંતિનો તણખો જોયો નહોતો. એટલું જ નહીં પણ એમણે ક્યારેય જીવન માટે કોઈ ઉત્સાહ બતાવ્યો હોય તેવું યાદ નથી. એમને મેં ભાગ્યે જ હસતા જોયા છે. તો શું એમનું જેલમાં જવું એ માત્ર એક અકસ્માત હતો? ગાંધીજીના મહાન પ્રભાવનું જ પરિણામ હતું? ગાંધીજીએ શરૂ કરેલ આઝાદીના જંગમાં જેવી રીતે લાખો નવયુવાનોએ યા હોમ કરીને ઝંપલાવ્યું હતું તેમ જ શું કાકાએ પણ જોશમાં આવીને ઝંપલાવેલું?

અમારા ઘરમાં મેં ભાગ્યે જ આનંદ ઉલ્લાસ કે ઉત્સવનું વાતાવરણ જોયું છે. ઘરમાં સાહિત્ય, સંગીત કે કલાની કોઈ નિશાની ન મળે. સમ ખાવા પૂરતી પણ એક ચોપડી ન મળે, સાહિત્યનું કોઈ પુસ્તક ન હોય તે તો કદાચ હજી પણ સમજી શકાય, પણ ધરમ ધ્યાનનું તો કોઈ થોથું ઘરમાં હોય કે નહીં? અરે, કાકા છાપું પણ નહોતા મંગાવતા! ઘણા લોકો, ખાસ કરીને લેખકો પોતાના બાળપણ અને ઉછેરની વાતો કરે ત્યારે દાદા

દાદીઓને મોઢે સાંભળેલી પરીકથાઓની કે વહેલી સવારે સાંભળેલાં પ્રભાતિયાંઓની એમના પર પડેલ અસરની વાતો કરે. મેં એવી એક પણ પરીકથા કે વાર્તા સાંભળી નથી કે નથી મારે કાને પ્રભાતિયાં કે ભજન કે ગીત પડ્યાં.

સંગીતની બાબતમાં તો મ્યુનિસિપાલિટીના નવા રેડિયાએ રેડિયો સિલોન પર આવતા ફિલ્મનાં ગીતો સંભળાવ્યાં એ જ. સિલોનની બિનાકા ગીતમાલાનાં ફિલ્મી ગીતો સાંભળીને મને હાર્મોનિયમ શીખવાનું મન થયું. કાકાને કહ્યું કે મારે હાર્મોનિયમ શીખવું છે. એમનો જવાબ રોકડો હતો: તારે હાર્મોનિયમ શીખીને શું કામ છે? તું શું આંધળો છે? આ હતો તેમનો સંગીત વિશેનો ખ્યાલ! મને થયું કે આ જ કાકા જે એક જમાનામાં મોહન બંસરીવાળા તરીકે ઓળખાતા?

## રેઢિયાળ ઉછેર

એ જમાનામાં કુટુંબો મોટાં હતાં. અગિયાર બાર સંતાનો હોય એવાં ઘણાં કુટુંબો મેં જોયાં છે. કહેવાતું કે ઘરે ઘરે ક્રિકેટની ટીમો હતી. સંતતિનિયમનની એ જમાનામાં લોકોને ઓછી સમજ હતી, અને એ બાબતના કોઈ સાધનસગવડ પણ ન હતાં. પરંતુ તમે જો આવા મોટા કુટુંબ માટે જવાબદાર છો તો એ સંતાનોનાં ભણતરગણતરની અને ભરણપોષણની સારસંભાળ તો કરવી જોઈએ ને? ઓછામાં ઓછું છોકરાઓ સ્કૂલમાં જાય છે કે નહીં, એમને બરાબર ભણતર મળે છે કે નહીં, એ તો જોવું જોઈએ કે નહીં? અમને ભાઈબહેનોને ભણાવવામાં કાકાએ જે બેદરકારી દાખવી છે તે સર્વથા અક્ષમ્ય છે. બધા ભાઈઓમાં મેં એકલાએ જ કૉલેજ પૂરી કરી છે. બે બહેનો અને એક ભાઈએ તો હાઇસ્કૂલ પણ પૂરી નથી કરી! હું કૉલેજમાં ગયો તે પણ એમની ઇચ્છા વિરુદ્ધ જ, એમણે તો મને મુંબઈ નોકરી જ કરવા મોકલ્યો હતો. એ તો ભલું થાજો મારા ફઈના દીકરા રતિભાઈનું કે એમણે મને કહ્યું કે તારે કૉલેજમાં જવું જોઈએ અને જેમણે મારી કૉલેજમાં જવાની વ્યવસ્થા કરી આપી

જેવું ભણવાનું તેવું જ નાનીમોટી જોવા જાણવા શીખવા જેવી બધી વાતનું. નાનપણમાં છોકરાને બાઇસિકલ તો શીખવાડવી જોઈએ કે નહીં? અમારી આજુબાજુ ઘણાને ત્યાં બાઇસિકલ હતી, પણ અમારે ત્યાં નહીં. આજ સુધી મને બાઇસિકલ ચલાવતા નથી આવડતું! એવું જ સ્વીમીંગનું. એ બધું મેં અમેરિકા આવીને શીખવા

પ્રયત્ન કર્યો. નિશાળમાંથી એક વાર આદ્ય કવિ નરસિંહ મહેતાના જન્મસ્થાન જૂનાગઢ અને ત્યાંના વિખ્યાત પર્વત ગિરનાર પર્યટન જવાનું હતું. નિશાળમાંથી બધા જ મિત્રો જવાના હતા, પણ કાકા એવો ખોટો ખર્ચો ન કરે. મારું જૂનાગઢ જવાનું અને ગિરનાર ચડવાનું રહી ગયું તે રહી જ ગયું. તેવી જ રીતે એનસીસી–નેશનલ કોર્પ્સમાં જોડાવા માટે મેં વાત કરી તો કહે, તેમાં જવાની તારે શું જરૂર છે? તારે લશ્કરનાં ધીંગાણાં કરવા છે?

કાકાએ અમે ભાઈબહેનોના ઉછેરમાં કોઈ રસ જ બતાડ્યો નહોતો. જેવી રીતે શેરીના કૂતરા બિલાડા એમની મેળે ઊછરી જાય તેમ અમે ઊછરી ગયા! સત્તર વર્ષે હું ઘરની બહાર નીકળ્યો મુંબઈ જવા માટે. એ સત્તર વર્ષોમાં એક પણ વાર કાકાએ મને પાસે બેસાડીને પૂછ્યું નથી કે બેટા, તું શું ભણે છે. તારે કોઈ મુશ્કેલી પડે છે? છોકરાઓ શું ભણે છે, આખો દિવસ શું કરે છે, ક્યાં રમે છે, કોની સાથે હરે ફરે છે, એવી કોઈ બાબતમાં એમણે કોઈ રસ જ બતાડ્યો નહોતો. એનો અર્થ એ નહીં કે એમને અમારે પ્રત્યે માબાપને સંતાનો માટે જે સહજ વ્હાલ અને પ્રેમ હોય તે નહોતા, પણ એ જમાનો જ જુદો હતો.

કાકાએ જાણે કે કૌટુંબિક જવાબદારીમાંથી રાજીનામું આપી દીધું હતું. મારે જ્યારે મેટ્રિકની પરીક્ષા આપવા માટે ભાવનગર જવાનું હતું ત્યારે એમણે મને મારા એક દોસ્ત વિનુની જોડે ભળાવી દીધો. સ્કૂલમાં હરિભાઈ નામે એક શિક્ષક હતા તેમનો એ દીકરો. એમને ત્યાં હું ઘણી વાર જતો અને જોતો કે હરિભાઈ સાહેબ વિનુની કેટલી સંભાળ લે છે! શું ખાધું પીધું, દરરોજનું લેસન કર્યું કે નહીં, વળી પાછું એ લેસન તપાસે, દરરોજ એ વહેલા ઊઠે, વિનુને ઉઠાડે એને માટે બદામ પીસ્તાવાળું દૂધ બનાવે અને વ્હાલથી એને પીવરાવે! આ બધું જોઈને હું તો છક થઈ જતો. મનમાં થતું કે ક્યાં આ હરિભાઈ સાહેબ અને ક્યાં કાકા? અને વિનુને જો પરીક્ષા આપવા માટે ભાવનગર જવાનું છે તો હરિભાઈ સાથે આવે. હરિભાઈની જેમ પોતાના દીકરા સાથે ભાવનગર જવાની વાત તો બાજુએ મૂકો, કાકા હરિભાઈને વિનંતી પણ કરતા નથી કે મારા દીકરાને તમારી સાથે લઈ જશો? વિનુની સાથે હું પણ જાઉં એવી કાકાની ઇચ્છા ખરી પણ એ માટે હરિભાઈને કહેવાનું કામ એમણે મારે માથે નાખ્યું!

આજે સાઠ વરસે એ બધી બાબતનો વિચાર કરું છું ત્યારે એક વાત સાવ સ્પષ્ટ થાય છે કે હરિભાઈ સાહેબ પોતાનો દીકરો ભણે, પરીક્ષામાં ઊંચા માર્ક લાવે, સારી નોકરીમાં

ઠરીઠામ થાય એ વાતમાં સક્રિય રસ લેતા હતા. કદાચ હરિભાઈ એ જમાનામાં અપવાદ હશે. પણ એક વાત ચોક્કસ કે કાકાને પોતાનો છોકરો ભણે કે ન ભણે એમાં જરાયે રસ ન હતો. એમને મન સ્કૂલ કે કૉલેજમાં જવું ને ભણવું એ બધું પૈસા કમાવા માટે નકામું હતું. એમાં ખોટો ખર્ચ તો થાય જ પણ વધુમાં છોકરો કમાતો મોડો થાય. એમની ઇચ્છા તો એવી હતી કે હું આ ભણવાનું તૂત છોડું અને જલદી જલદી કામે લાગી જાઉં, મોટા દીકરા તરીકે કુટુંબની જવાબદારી એમની ઉપરથી ઉપાડી લઉં અને તેમને એ બધી જંજાળમાંથી છૂટા કરું!

મને મેટ્રિક પછી તરત મુંબઈ મોકલી આપ્યો અને તે જવાબદારી પણ એમણે મુંબઈમાં રહેતી મારી બહેન ઉપર નાખી! એ બધી વાતો તો હું જ્યારે મારું મુંબઈનું કઠણ પ્રકરણ ખોલીશ ત્યારે કરીશ, અત્યારે તો એટલું જ કહીશ કે સાવરકુંડલાના સ્ટેશન ઉપર વળાવતા એટલું જ કીધું કે બહેનને ત્યાં ઊતરજે, અને એમણે હાથ ધોઈ નાખ્યા! મુંબઈની સખત હાડમારીનાં આઠ વરસો પછી મને જ્યારે અમેરિકા જઈને ભણવાની અદ્‌ભુત અને અનોખી તક મળી ત્યારે કહે કે ત્યાં જવાની શી જરૂર છે?! એમની દૃષ્ટિએ હું દેશ છોડું તો વળી પાછું એમને મારાં ભાઈબહેનોની જવાબદારીઓ વળગે. એમને તો એમ હતું કે હું મારા નાના ભાઈઓને ઠેકાણે પાડું, બહેનને પરણાવું. બે મોટી બહેનોને તો બાપાએ પહેલાં પરણાવી દીધી હતી, પણ હજી એક બહેન અને ત્રણ ભાઈઓ બાકી હતા. એ બધાંને કોણ ઠેકાણે પાડશે અને પરણાવશે? એ કામો તો હજી બાકી હતાં ને હું તો અમેરિકા ચાલ્યો! અને કોને ખબર પાછો આવીશ કે નહીં. વધુમાં હું મૂરખ પરણીને બેઠો હતો અને છતાં અમેરિકા જતો હતો. ઉપરથી મારી પત્ની નલિનીને દેશમાં પાછળ મૂકીને જતો હતો તો તેની જવાબદારીનું શું? એ પણ એમને માથે પડી કે શું? જો કે એવું જ થયું. હું અમેરિકા ગયો. કાકાને એ બધી જવાબદારી વળી પાછી સ્વીકારવી પડી. કોને માથે નાખે? જો કે એમણે કંઈ કર્યું નહીં. ઉપરવાળા ઉપર જ છોડ્યું!

પોતાનાં સંતાનોને ભવિષ્ય માટે તૈયાર કરવામાં કાકાએ જે ઉદાસીનતા બતાવી છે તે અત્યારે મને અક્ષમ્ય દેખાય છે. વધુમાં મુંબઈ જઈને પૈસા કમાવવામાં હું જે નિષ્ફળ ગયો અને પછી અમેરિકા ગયો એને કારણે મારાથી નાના ભાઈબહેનોનું ભવિષ્ય બગડી ગયું. એક ભાઈએ તો હાઈસ્કૂલ પણ પૂરી ન કરી, મારી પાસે મુંબઈ આવ્યો, પણ એને ઠેકાણે પાડવામાં હું કશું ન કરી શક્યો. એ હવે દેશમાં હું જે કૈં મદદ કરું છું તેનાથી પોતાનું ગાડું ચલાવે છે. નહોતો ભણ્યો કે નહોતો કમાતો, એટલે એને લાયક છોકરી ગોતવામાં પત્તો

ન ખાધો. આખી જિંદગી એ કુંવારો રહ્યો. બીજા બે ભાઈઓએ મેટ્રિકની પરીક્ષા આપી એટલે એમને મારી જેમ મુંબઈ ધકેલી દીધાં. એમાં એક જણે કૉલેજ શરૂ કરી પણ, પૂરી નહીં કરી શક્યો, ત્યારે બીજાએ કૉલેજમાં જવાનું નામ જ ન લીધું.

સામાન્ય રીતે છોકરાઓના બાપ એમના વેવિશાળ, લગ્નમાં ખાસ રસ ધરાવે અને ધ્યાન આપે. છોકરાઓની તંગી એટલે છોકરીઓનાં માબાપ એમને ગોતતાં આવે. એવું ભાગ્યે જ બને કે છોકરાને લાયક કોઈને કોઈ કન્યા ન મળે. થોડો ઘણો પણ પ્રયત્ન કરો તો લાકડે માંકડું વળગાડી શકાય. આવા પ્રસંગોમાં વરના બાપ પહોળા થઈને બેસે. કાકા આ બાબતમાં આંગળી પણ ઉપાડવા તૈયાર નહીં. પરિણામે આગળ કહ્યું તેમ એક ભાઈ સાવ કુંવારો રહી ગયો, અમે બીજા ત્રણ જણાંએ પોતાની મેળે જે કાંઈ થઈ શકે તે કર્યું.

જો છોકરાના બાપને જરૂરી એવો સાધારણ પ્રયત્ન પણ કાકા કરવા તૈયાર ન હતા, તો પછી દીકરીના બાપ તરીકે જે અસાધારણ મહેનત કરવી પડે, તેની તો વાત જ શી કરવાની? મારા અપરિણીત ભાઈ બહેનને આ બાબતમાં જે સહન કરવું પડ્યું છે તેનો મને બહુ જ અફસોસ રહ્યો છે. આમાં હું જેટલો કાકાનો વાંક જોઉં છું તેટલો જ મારો. મારા અમેરિકા આવવાથી એ બાબતમાં હું કાંઈ ન કરી શક્યો એનો મને ડંખ સદાય રહ્યો છે. દેશમાં, ખાસ કરીને નાના ગામ અને ગામડાંઓમાં આ કામ વડીલોનું છે. જુવાન છોકરાઓનું હળવા મળવાનું, પશ્ચિમમાં જેને 'ડેટિંગ' કહે છે તે મોટાં શહેરોને બાદ કરતાં આપણે ત્યાં છે જ નહીં, તો પછી જુવાન છોકરા છોકરીઓ પોતાના જીવનસાથીને કેમ શોધે?

આ બધું હું કાકા માટે લખું છું તે સંકોચ સાથે. ભક્ત શ્રવણની દંતકથાથી આપણે ત્યાં ભણાવાય છે કે માબાપ તો દેવ સમાન છે. એમની પૂજા કરવી, એમની સેવા કરવી, એમની પ્રશંસા કરવી, એમના વિશે કશુંય ખરાબ ન વિચારવું કે ન બોલવું. એ ન્યાયે આજે હું કાકાની જે કઠોર ટીકા કરું છું તે તો પાપમાં પડવા જેવી વાત છે. દેશનું કોઈ આ વાંચશે તો કહેશે કે હું કેટલો કૃતઘ્ન છું! પોતાના બાપ વિશે આવું કંઈ લખાય? પણ મારે જો મારી આ કથની પ્રામાણિકતાથી લખવી હોય તો મારા મનમાં કાકા વિશે જે ઉબળખો ભર્યો છે તે કાઢવો જ જોઈએ. ખોટી ખોટી સુષ્ઠુ સુષ્ઠુ વાતો કરવાનો કોઈ અર્થ નથી.

એટલે જ તો દેશમાંથી માતાપિતા વિશે લખાતા લેખોનું સંપાદન થાય છે અને મને તેમાં લખવા કહેવામાં આવે છે, ત્યારે એવો કોઈ લેખ લખવાને બદલે કંઈ ને કઈ બહાનું કાઢીને છટકી જાઉં છું. આજે આ લખું છું તેમાં મારા રોષ કરતાં દુઃખ વધુ છે. હું

સમજવા પ્રયત્ન કરું છું કે કાકા જે એક જમાનામાં બળવાખોર બનીને જેલમાં ગયા હતા તેમનું આવું પરિવર્તન કેમ થયું? અને જ્યારે એમને પોતાની બધી મહત્ત્વાકાંક્ષાઓ છોડીને ઘરસંસારની ધૂંસરીએ જોડાવું પડ્યું ત્યારે એ કેવા નિરાશ થયા હશે?

આજે જે આ બધું કડવું લખું છું તે સાચું. પણ અમને બાળકોને કાકાનું વર્તન એ જમાનામાં કઠતું નહોતું. એ બાબતનો કોઈ વિચાર, સારો કે નરસો કર્યો જ નહોતો. નાનાં બાળકોમાં એવી બુદ્ધિ ક્યાંથી હોય? એ જમાનામાં આવું બધું સામાન્ય અને સ્વાભાવિક જ હતું. વધુમાં એ પણ સમજવું ઘટે કે આપણે સૌ આખરે તો આપણા વર્તમાન સમયનાં વિચારવહેણો, ગ્રહોપૂર્વગ્રહો, માન્યતાઓ અને સમજથી ઘડાયેલા હોઈએ છીએ. કાકાએ એમના જમાનાની સમજ પ્રમાણે અમને બાળકોને ઉછેર્યાં, અમારું ભરણપોષણ કર્યું, અને જીવનનિર્વાહ કર્યો. આજે પંચોતેર વર્ષે અત્યારના ધોરણ મુજબ એનું પિષ્ટપેષણ કરવા બેસું તે યોગ્ય ખરું? ઊલટાનું એ સમયે તો કાકાને માટે મને ખૂબ માન હતું. દેશની આઝાદીની લડત માટે એ જેલમાં ગયા હતા તે વાતનું હું બહુમાન કરતો, અને બડાશથી તે બધાને કહેતો પણ ખરો.

## કાકાની કઠણાઈ

બાળઉછેરની દૃષ્ટિએ હું જો કાકા માટે ઇઝી કેઈસ હતો તો મારો એક ભાઈ બહુ મુશ્કેલ પ્રશ્ન હતો. એ કાંઈ ભણે નહીં, અને કાકાને થયું કે એને મુંબઈ મોકલવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. હું મુંબઈ હતો જ. અને જેવી તેવી પણ નોકરી તો કરતો જ હતો. એ દરમિયાન મેં લગ્ન કર્યાં હતાં. વ્યવસ્થિત નોકરીધંધો અને રહેવાનું ઠેકાણું ન હોવા છતાં લગ્ન કરવાની મારી મૂર્ખામીની વાત તો આગળ ઉપર આવશે, પણ લગ્ન પછી અમારે હૂતો હુતીએ રહેવું કયાં, ઘરસંસાર કયાં શરૂ કરવો એની પણ મોટી ઉપાધિ હતી. ઓરડી તો હતી નહીં. પત્ની નલિનીને દેશમાં મૂકવા સિવાય કોઈ ઉપાય નહોતો. દેશમાં જઈને એને મૂકી તો આવ્યો, પણ નલિનીને તો મુંબઈમાં નવા પરણેલા ધણી સાથે નવવધૂની જેમ સ્વાભાવિક જ રહેવું હતું. રોજ દેશમાંથી કાગળો આવે: ક્યારે બોલાવો છો? ઓરડીની વ્યવસ્થા એટલી જલદીથી થાય એ શક્ય નહોતું. એ જમાનામાં મુંબઈમાં હવાફેર કરવા માટે ત્રણ મહિના માટે સૅનેટોરિયમો મળતી. કોઈકને નામે મેં એવી એક સૅનેટોરિયમ જગ્યા લીધી. અને દેશમાં નલિનીને લેવા ગયો.

નક્કી એવું કર્યું હતું કે કાકા નલિનીને લઈને અડધે રસ્તે વિરમગામ આવે અને હું મુંબઈથી વિરમગામ પહોંચું અને એને મુંબઈ લઈ આવું. એ જમાનામાં વિરમગામ રેલવેનું મોટું જંક્શન હતું. મુંબઈ આવવા જવા માટે ત્યાં ગાડી બદલવાની હોય. લગ્ન પછી અમે તરત જ છૂટા પડેલાં એટલે અમને વરઘોડિયાને સાથે રહેવાનું મળ્યું જ નહોતું. એટલે હવે સાથે રહેવાની તક મળશે, લગ્નજીવન માણવાની તક મળશે તેવી આશાએ હું તો હોંશે હોંશે વિરમગામ સ્ટેશને પહોંચી ગયો. કાકાને ત્યાં મળ્યો તો જોયું કે નલિની ઉપરાંત મારો એક નાનો ભાઈ પણ એમની સાથે હતો. મને એમ થયું કે એ અમસ્તો ગાડીમાં ફરવા આવ્યો હશે. કાકાનો વિચાર જુદો હતો. એમને તો એને મુંબઈ મોકલવો હતો. મેં એમને કહ્યું કે હજી મારું જ કાંઈ ઠેકાણું નથી, ત્યાં હું એને ક્યાં રાખું? સૅનેટોરિયમ તો માત્ર ત્રણ મહિના માટે છે. પછી મારે ક્યાં જવાનું છે તેની મને જ ખબર નથી ત્યાં હું એની જવાબદારી કેવી રીતે ઉપાડું?

મેં એને પાછો લઈ જવા કહ્યું. મને કહે કે તારું જે થશે એ એનું થશે પણ ભાઈસા'બ તું એને મહેરબાની કરીને મુંબઈ લઈ જા. એ નથી ભણતો કે નથી કાંઈ કામ કરતો. એનું મારે દેશમાં કરવું શું? અમારી આવી રકઝક વિરમગામના સ્ટેશન ઉપર ખુલ્લામાં ચાલતી હતી તેમાં કાકા એકાએક રડી પડ્યા! મેં જિંદગીમાં કાકાને પહેલી વાર રડતા જોયા. એમનું રડવાનું મારાથી જોવાયું નહીં. ભાઈ અને નલિનીને લઈ હું મુંબઈ આવ્યો. આજે વિચાર આવે છે કે એ સમયે કાકાની કેવી લાચારી હશે કે એ પોતાના બે જુવાનજોધ છોકરાઓ અને પુત્રવધૂ આગળ વિરમગામના પ્લૅટફૉર્મ ઉપર જાહેરમાં રોઈ પડ્યા! આ લખતાં મારી આંખો ભીની થાય છે. થાય છે કે અમે બધા ભાઈઓ તેમને માટે કેવા નકામા નીવડ્યા! એમને જ્યારે જરૂર પડી ત્યારે અમારામાંથી કોઈ પણ એમને કશી મદદ કરી ન શક્યા. એટલું જ નહિ પણ જે દૃષ્ટિએ દેશમાં લોકોની કિંમત થાય છે—કોણ કેટલા પૈસા બનાવે છે—તેમાં તો અમે બધા સાવ નિષ્ફળ નીવડ્યા. એટલે તો કાકાએ મોટી ઉંમરે મુંબઈ આવવું પડ્યું, અને નોકરી કરવી પડી.

હું અમેરિકા આવ્યો ત્યારે મારા શરૂઆતનાં વર્ષો વળી પાછા ભણવામાં ગયાં. પીએચ.ડી.નું લફરું શરૂ કરેલું એટલે અહીં પણ મારી આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. એમાં વળી નલિની દેશમાંથી આવી હતી અને અમારે ત્યાં પહેલો દીકરો જન્મ્યો હતો. અમેરિકામાં હજી ઠેકાણે પડું અને દેશમાં કંઈક આર્થિક મદદ કરી શકું એવી સ્થિતિ થઈ ત્યાં તો દેશમાંથી ખબર આવ્યા કે કાકા ગુજરી ગયા છે. દોડીને ગયો. એ જમાનામાં

અમેરિકાના પ્લેન અડધી રાતે આવે. મારતી ટેક્સીએ ઘરે ગયો. જઈને બાના ખોળામાં માથું મૂકીને હું ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો.

કાકાને હું ક્યારેય પણ કોઈ મદદ નથી કરી શક્યો તેનો મને જિંદગીભરનો વસવસો રહી ગયો છે. એમને અમેરિકા ન લાવી શક્યો કે ન કોઈ આર્થિક મદદ કરી શક્યો, એ બાબતનો મને ડંખ રહી ગયો છે. એ બિચારાએ આખી જિંદગી ઢસરડો જ કર્યો છે. મેં એમને ક્યારેય જિંદગી માણતા, હસતા, મજા કરતા જોયા જ નથી! આજે વિચારું છું કે એક વખતના એ આશાવાદી અને આશાસ્પદ યુવાનનું શું થયું? હજી બાકી રહી ગયું હોય તેમ કાકાની પરિસ્થિતિ વણસી. અમારું વાણિયા કુટુંબ, દલાલીનો ધંધો, અનાજની દુકાન, પણ ઘરનો ખર્ચ માંડ માંડ નીકળે. ગામના ધંધા પડી ભાંગ્યા હતા. છેવટે ધંધો બંધ કરી, ઘર સંકેલીને કાકાને મુંબઈ આવવું પડ્યું. મોટી ઉંમરે મુંબઈમાં આવી વળી પાછું એકડેએકથી બધું શરૂ કરવું પડ્યું. અમારા એક દૂરના સગાને ત્યાં એમણે ગુમાસ્તા તરીકેની નોકરી કરવા માંડી.

મોટી ઉંમરે મુંબઈનું કઠણાઈભર્યું જીવન શરૂ કરવું એ તો પાકા ઘડે કાંઠા ચડાવવાની વાત હતી. સવારના વહેલા ઊઠવાનું, જેવું તેવું લુસપુસ ખાઈને દોડીને દૂર બોરીવલીથી મુંબઈની ગાડી પકડવાની. બેસવાની જગ્યા ન મળે તો ઠેઠ મરીન લાઈન્સના સ્ટેશન સુધી એ ભીડમાં એકાદ કલાક ઊભા ઊભા જવાનું, ત્યાંથી વળી અડધો કલાક ચાલીને ભીંડીબજારમાં જવાનું. એ રાતના ઘરે પાછા આવે ત્યારે આઠેક વાગી ગયા હોય.

એ મુંબઈ આવ્યા ત્યારે એમની ઉંમર પાંસઠ હશે. એ ઉંમરે એમને મુંબઈના હડસેલા અને હડદોલા ખાતા ખાતા ગુમાસ્તાની નોકરી કરવી પડી ત્યારે એમની મનોદશા કેવી હશે? એમને તો એવી કલ્પના હતી કે હું મુંબઈમાં ધંધો કરતો હોઉં અને મારી ધીકતી કમાણી હોય તો મોટી ઉંમરે એમને રાહત રહે. એમની ઇચ્છા હતી કે હું જલદી જલદી પૈસા કમાવા માંડું અને ભાઈબહેનોની જવાબદારી ઉપાડી લઉં. પણ એ બાબતમાં હું સાવ નકામો નીવડ્યો, હું પોતે જ જો માંડ માંડ ગુમાસ્તાની નોકરી કરતો હોઉં ત્યાં હું એમને કેવી રીતે મદદ કરવાનો હતો? તેમને માટે લખેલાં બે સૉનેટ પિતૃઅંજલિ તરીકે મારા પ્રથમકાવ્યસંગ્રહમાં સમાવાયાં છે.19 તેમાં મારો આ વસવસો પ્રગટ થાય છે. મારું પ્રાયશ્ચિત્ત કરતા એક સૉનેટમાં. મેં કહ્યું છે કે તમને તો હું નકામો નીવડ્યો પણ એનો બદલો વાળવા હું તમારા પૌત્રનો સારો પિતા બનીશ. એ બાબતમાં પણ હું નિષ્ફળ નીવડ્યો તેની વાત તો આગળ ઉપર થશે.

આગળ જણાવ્યું એ મુજબ હાઈસ્કૂલની ફાઇનલ એક્ઝામ આપવા માટે મારે ભાવનગર જવું પડ્યું. પરીક્ષા આપીને જેવો પાછો આવ્યો કે તરત જ કાકાએ મને કહ્યું કે તારે મુંબઈ જવાનું છે. એ તો પરીક્ષાના પરિણામની રાહ જોવા તૈયાર ન હતા. પાસ કે નપાસ, મુંબઈ જઈને નોકરી કરવાની જ વાત હતી. બીજે જ અઠવાડિયે મને ટ્રેનમાં બેસાડ્યો વિરમગામ જંકશન જવા. સમજાવ્યું કે વિરમગામ જંક્શને ટ્રેન બદલવાની છે. ત્યાં મુંબઈ જવાની બ્રોડગેજની ટ્રેન પકડવાની. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને તને બનેવી લેવા આવશે. હું તો ગભરાતો ગભરાતો ટ્રેનમાં બેઠો. પહેલી જ વાર હું ટ્રેનમાં એકલો જતો હતો. મારી ઉંમર ત્યારે સત્તરની હશે.

માંડ માંડ વિરમગામ આવ્યું. કોકને પૂછ્યું કે મુંબઈ જવાની બ્રોડગેજની ટ્રેન ક્યાંથી પકડવાની? મને કહે મારી સાથે ચાલ. હું પણ મુંબઈ જાઉં છું. એ ભલા માણસે જોયું કે હું એકલો છું. મુંબઈની ગાડીમાં મને એની સાથે બેસાડ્યો. ચાનાસ્તો પણ કરાવ્યો. હું તો એટલો થાકેલો કે તરત સૂઈ ગયો. મુંબઈ આવ્યું ત્યાં સુધી સૂતેલો જ રહ્યો. એ માણસે મને જગાડ્યો. મને પૂછ્યું કે તને કોઈ લેવા આવવાનું છે? મેં હા પાડી. બનેવીને આ પહેલા એક જ વાર જોયા હતા. મને તો એમનો ચહેરો પણ યાદ ન હતો. પણ એમણે મને ગોતી કાઢ્યો. સ્ટેશનમાંથી બહાર નીકળી ટૅક્સી લીધી. બૉલીવુડની મૂવીઓમાં આ પીળી ટૅક્સીઓ જોયેલી ખરી, પણ હું હવે પહેલી વાર ટૅક્સીમાં બેઠો. અમે ઘરે આવ્યા.

# ૨. મુંબઈ (૧૯૫૭ – ૧૯૬૫)

ચલ મન મુંબઈ નગરી,
જોવા પુચ્છ વિનાની મગરી!

**નિરંજન ભગત**

અહીં ઊઘડી આંખ, પાંખ પ્રસરી, ઊડ્યો આભ હું,
મહાનગર આ, ભણ્યો જીવનના અહીં પાઠ હું.

## મુંબઈ આવ્યો

સાવરકુંડલાની લાઇબ્રેરીમાં મેં જોયું હતું કે મોટા ભાગનાં ગુજરાતી પુસ્તકોના પ્રકાશકો મુંબઈના, અને તે પણ પ્રિન્સેસ સ્ટ્રીટના. થયેલું કે કોઈક દિવસે મુંબઈ જવાનું થશે ત્યારે આ પ્રિન્સેસ સ્ટ્રીટ પર તો જઈશ જ. કેવી ભવ્ય એ સ્ટ્રીટ હશે! ત્યાં આંટો મારીશ તો એકાદ કવિ કે લેખક જરૂર મળશે. મુંબઈ આવીને પહેલું કામ પ્રિન્સેસ સ્ટ્રીટ જવાનું કરેલું. જોયું તો પ્રિન્સેસ સ્ટ્રીટ સાવ જુદી જ નીકળી. ત્યાં તો ધમાલ અને ઘોંઘાટ, મોટર અને હાથગાડીઓનો ટ્રાફિક, અસંખ્ય લોકોની આવજા, હાથગાડીવાળાઓની ધક્કામુક્કી, ફેરિયાઓની બૂમાબૂમ, અને બોનસમાં મોટો ઉકરડો! આ બધું જોઈને હું નિરાશ થઈ ગયો: થયું કે આ પ્રિન્સેસ સ્ટ્રીટ? અહીંની ધમાલમાં સામાન્ય લેખકની વાત છોડો, કનૈયાલાલ મુનશી આવે તો પણ કોઈ એને ન ઓળખે!

સાવરકુંડલામાં બૉલીવુડની ફિલ્મો મને મુંબઈ લઈ જતી. ફિલ્મોનું મુંબઈ જોઈને હું

અધધધ થઈ જતો. આસ્ફાલ્ટના વિશાળ રસ્તાઓ પર સડસડાટ દોડી જતી ગાડીઓ, આલિશાન મકાનો, ઈસ્ત્રીવાળાં કપડાં પહેરીને ફરતા લોકો, નિયોન લાઈટનો ઝગમગાટ, ભભકદાર રેસ્ટોરાંમાં હાથમાં હાથ નાખીને જમવા જતાં યુગલો, ચોપાટીનો દરિયો—આ બધું જોઈને હું ગામ ભૂલીને મુંબઈમાં ખોવાઈ જતો. થતું કે મુંબઈ જવાનું ક્યારે થશે? હવે હું મુંબઈ આવ્યો. અત્યાર સુધીનું મારું મુંબઈ ફિલ્મોનું મુંબઈ હતું. જે બધું ફિલ્મોમાં જોયેલું તે હવે સગી આંખે જોતાં હું આભો બની ગયો.

મારા જીવનમાં જે વળાંકો આવ્યા છે, જે પરિવર્તનો થયાં છે, તેમાં મોટામાં મોટું તે અમારા નાના ગામમાંથી મુંબઈ આવવું તે. દેશમાંથી અમેરિકામાં આવવા કરતાં પણ એ મોટો બનાવ હતો. મુંબઈ મારા માટે માત્ર દેશની જ નહિ, પણ દુનિયાની બારી હતી. અહીં મને પહેલી વાર ભાત ભાતના લોકો જોવા સાંભળવા મળ્યા. દેશવિદેશના અંગ્રેજી છાપાં અને મૅગેઝિન જોવા વાંચવાં મળ્યાં. મારી આખી દૃષ્ટિ બદલાઈ ગઈ. અંધારિયા કૂવાનો દેડકો જાણે કે મોટી માછલી બનીને મહાસાગરમાં તરવા માંડ્યો!

આજનું મુંબઈ તો રહેવા માટે લગભગ અશક્ય થઈ ગયું છે. અત્યારે તો ત્યાં આવવાજવાની મુશ્કેલીથી જ થાકી જવાય છે. એમાં ઉમેરો: ગંદકી, ગરમી, ગિરદી, ઘોંઘાટ, હુંસાતુંસી, કીડિયારાની જેમ ઊભરાતી વસતી, પૈસા અને માત્ર પૈસાની જ બોલબાલા, ખૂણે ખૂણે ઊભી થઈ ગયેલી ઝૂંપડપટ્ટી લગોલગ બંધાતા મીલિયન કે બિલિયન ડોલર્સના મહેલો, ટ્રાફિક લાઈટ આગળ હુમલો કરતા ભિખારીઓ, અસહ્ય ગરીબી વચ્ચે છડેચોક પૈસા ઉડાડતા અને મોજમજા કરતા ધનિકો–આ બધું જોતાં અમારા જેવા અમેરિકાની સુવિધાઓથી સુંવાળા થઈ ગયેલા મુલાકાતીઓને એક બે અઠવાડિયામાં જ થાય કે ભાગો!

## એ વખતનું મુંબઈ

પરંતુ ઓગણીસો પચાસના અને સાઇઠના દાયકાનું મુંબઈ જુદું હતું. આધુનિક સગવડ વગરના નાના ગામમાં ઉછરેલા મારા જેવા માટે મુંબઈનું મહાનગર એ જ મોટું આશ્ચર્ય હતું! મેં જિંદગીમાં પહેલી જ વાર આટલા બધા માણસો અને આટલો બધો ટ્રાફિક જોયો. પાણીના રેલાની જેમ સરતી પીળી પીળી ટેક્સીઓ, મુસાફરોથી ખીચોખીચ ટણણ કરતી દોડતી ટ્રામો, હજારો અને લાખો પરાંવાસીઓને સડસડાટ

લાવતી ને લઈ જતી ઇલેક્ટ્રિક ટ્રેન, ડબલ ડેકર બસો, ફોર્ટ એરિયાના આલિશાન મકાનો, ભવ્ય ગેઇટ વે ઑફ ઇન્ડિયા અને એની સામે તાજમહાલ હોટેલ, મરીન ડ્રાઈવ, મલબાર હિલ, હૅંગીંગ ગાર્ડન, મુંબઈ યુનિવર્સિટી, રાજાબાઈ ટાવર, એલ્ફિન્સ્ટન અને સેન્ટ ઝેવિયર્સ જેવી વિખ્યાત કૉલેજો, એરકન્ડીશન્ડ મૂવી થિયેટરો, હોલીવુડની મૂવીઓ, ક્રિકેટ માટેનું બ્રેબોર્ન સ્ટેડિયમ, બોરીબંદર અને ચર્ચગેટ સ્ટેશન, ઊંચાં મકાનોમાં ઉપર નીચે લઈ જતી લીફ્ટો–આવું આવું તો કંઈ કંઈ હું મારી ભોળી આંખે જોઈને અંજાઈ ગયો. પહેલી વાર લીફ્ટનો અનુભવ કંઈક અનોખો જ હતો!

આજે તો મુંબઈમાં ચાલવું જ મુશ્કેલ થઈ ગયું છે. ફોર્ટ એરિયાની બધી જ ફૂટપાથ ફેરિયાઓએ કબજે કરી છે. (જો કે એમને હવે ફેરિયા કેમ ગણવા? ફરવાને બદલે એ તો એમને જે વેચવાનો માલ હોય છે તેનો પથારો કરીને ફૂટપાથ ઉપર બેઠા હોય છે!) પણ એ જમાનામાં ફૂટપાથ ઉપર લોકોને હાલવાચાલવાની મોકળાશ હતી. શરૂ શરૂમાં હું ફોર્ટ એરિયામાં ફરવા જતો. ભવ્ય ગેટ વે ઑફ ઇન્ડિયાથી ઠેઠ હું ચાલવાનું શરૂ કરું. ત્યાંની તાજમહાલ હોટેલ, આગળ ચાલતા ડાબી બાજુ વિશાળ કાવસજી જહાંગીર હોલ. ૧૯૫૭માં પ્રવૃત્તિ સંઘનું કવિ સમ્મેલન થયેલું ત્યારે ત્યાં ગયો હતો. આવો મોટો હોલ મેં જિંદગીમાં પહેલી વાર જોયો. આ જ હોલમાં વર્ષો સુધી પ્રખ્યાત ધારાશાસ્ત્રી અને ટેક્સ નિષ્ણાત નાની પાલખીવાલા દર વર્ષે એમનું નવા બજેટના કરવેરા વિશે જોરદાર ઈંગ્લીશમાં ભાષણ આપતા. (આવું ભારેખમ અને જૂનવાણી ઈંગ્લીશ આપણા દેશ સિવાય ભાગ્યે જ ક્યાંય બોલાતું હશે. અમેરિકામાં તો નહીં જ.) એમને સાંભળવા આખો હોલ ભરાઈ જતો.

થોડુંક આગળ વધો તો કાલાઘોડા પર જમણી બાજુ જહાંગીર આર્ટ ગેલેરી આવે. એની સામે ખૈબર નામનું રેસ્ટોરાં, એમાં તો અંદર જવાની પણ આપણી હિંમત ન ચાલે. એની બાજુમાં એક ટ્રાવેલ એજન્સી હતી. તેની શો વિન્ડોમાં યુરોપ અને અમેરિકાનાં શહેરોની જાહેરાત કરતા પોસ્ટર્સ મુકાયાં હોય તે હું લળી લળીને જોતો. એ નામો મને જોવા સાંભળવા ખૂબ ગમતાં તેથી મનોમન ગણગણતો—લંડન, ઝ્યુરિક, મિલાન, ન્યૂ યૉર્ક, સિડની, સાન ફ્રાન્સિસ્કો! મુંબઈના એ વખતના સાંતાક્રુઝ ઍરપોર્ટ પણ ક્યારેક ક્યારેક ફરવા જતો. ત્યાં પરદેશથી આવતી જતી ફ્લાઈટનું પબ્લિક એનાઉન્સ્મેન્ટ થાય ત્યારે પણ આવાં નામો ધ્યાનથી સાંભળતો. એ સમયે થતું કે આવે કોઈ ઠેકાણે જવામાં આપણો નંબર ક્યારેય લાગશે ખરો?

કાલાઘોડાની ડાબી બાજુ ડેવિડ સાસુન લાઇબ્રેરી અને એલ્ફિન્સ્ટન કૉલેજ. ડેવિડ સાસુનની પાછળ એક નાનો બગીચો. ત્યાં ચા કૉફીની નાની દુકાન. ચા લઈને બગીચામાં બેસો અને મિત્રો સાથે અલકમલકની વાતો કરો. હું એનો મેમ્બર થઈ ગયો હતો. લો કૉલેજમાં ભણતો હતો ત્યારે ત્યાં વાંચતો. દેશવિદેશનાં મૅગેઝિન ત્યાં મને પહેલી વાર જોવા મળ્યાં–એનકાઉન્ટર, ન્યુ સ્ટેટ્સમેન, સ્પેકટેટર, ક્વેસ્ટ. એની અગાશીમાં લાંબા થઈને પડવાની વ્યવસ્થા. પરંતુ એ બધી આર્મ ચેર ઉપર તો બૂઢા પારસીઓનો ઈજારો. સવારથી સાંજ સુધી એ ત્યાં સૂતા પડેલા હોય. ધોબી તળાવ ઉપર મેટ્રો સિનેમા સામે એક મોટી લાઇબ્રેરી હતી. ત્યાં પણ લોકો સૂવા જ આવે! આ સૂનારાઓનો એવો તો ત્રાસ થઈ ગયેલો કે પ્યૂન દર કલાકે ટેબલ પર લાકડાની એક જાડી પટ્ટી પછાડે. લોકો જાગે, અને પાછા સૂઈ જાય! આ ત્રાસ ઓછો હોય તેમાં ખુરસીઓમાં માંકડનું ધણ છુપાઈને બેઠું હોય. જેવા તમે ત્યાં બેસો કે તુરત તમારા ઉપર હુમલો કરે. જો કે સૂનારા બહાદુરોને ન પ્યૂનની કે ન માંકડની કોઈ અસર! એ તો નસકોરાં બોલાવે જ જાય!

ડેવિડ સાસુનની બાજુમાં આર્મી નેવીનું બિલ્ડીંગ હતું. ત્યાં મુલ્કરાજ આનંદના મોંઘા પણ દળદાર આર્ટ મૅગેઝિન માર્ગ ની ઑફિસ હતી. સ્વતંત્ર પાર્ટીના અગ્રગણ્ય નેતા અને ધારાસભ્ય મીનુ મસાણીની ઑફિસ પણ ત્યાં હતી. એક વાર લાઇબ્રેરીના બગીચામાં ચા પીતો હું બેઠો હતો ત્યાં કોઈ એક માણસ જોર જોરથી બોલતો સંભળાયો. ઊભા થઈને જોયું તો મીનુ મસાણી એના ડ્રાઇવરને ધમકાવતા હતા! એમના પ્રત્યેનું મારું બધું જ માન ત્યાં ને ત્યાં જ ઊતરી ગયું. થયું કે આ માણસ એક વાર સોશિયાલીસ્ટ પાર્ટીનો આદ્ય સ્થાપક હતો?

કાલાઘોડાથી નીચે ઊતરો તો ડાબી બાજુ મુંબઈ યુનિવર્સિટી આવે. એનો રાજાબાઈ ટાવર, કોન્વોકેશન હોલ, ગાર્ડન, એની સામે જ ભવ્ય મેદાન જ્યાં પોપ આવેલા ત્યારે જંગી સભા યોજાઈ હતી. આગળ વધતા ફ્લોરા ફાઉન્ટન અને સર ફિરોજશાહ મહેતાનું ભવ્ય પૂતળું. એક વખતે એ મુંબઈના બેતાજ બાદશાહ ગણાતા. દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી એમની ચળવળ માટે મદદ લેવા દેશમાં આવ્યા હતા ત્યારે તેમને મળવા ગયા હતા. ગાંધીજી એમનાથી કેટલા પ્રભાવિત થયેલા એ વાત એમણે આત્મકથામાં લખી છે. ઓગણીસમી સદીના પહેલા દાયકામાં ફિરોજશાહ મહેતા મુંબઈના જાહેર જીવનમાં કેવા અગ્રણી અને પ્રખ્યાત હતા તેની વાત કનૈયાલાલ મુનશીએ પણ એમની આત્મકથામાં લખેલ છે. ફ્લોરા ફાઉન્ટનના એમના ભવ્ય પૂતળા આગળ

ઊભો રહીને હું આ બધું યાદ કરતો. એ વખતે આ વિશાળ રસ્તો હોર્ન્બી રોડ કહેવાતો. ફ્લોરા ફાઉન્ટન પર મોટી મોટી બૅંકનાં તોતિંગ બિલ્ડીંગ જોવા મળે. બૅંક ઑફ ઇન્ડિયા, સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા, વગેરે.

એ એરિયામાં અસંખ્ય રેસ્ટોરાં. સસ્તાં સાઉથ ઇન્ડિયન રેસ્ટોરાં પણ ઘણાં. ટેમરીન્ડ લેનમાં એક છાયા નામનું રેસ્ટોરાં હતું. હજી પણ છે. જ્યારે જ્યારે હું ફોર્ટ એરિયામાં જાઉં ત્યારે ત્યાં મારો ધામો જરૂર પડે. સસ્તું ખરું ને. એ બધાં રેસ્ટોરાંમાં જબ્બર ગિર્દી હોય. તમારા ચારના ટેબલ પર બીજા ત્રણ બેઠેલા હોય જેમને તમે કોઈ દિવસ જોયા પણ ન હોય. બધા નીચે મોઢે મૂંગા મૂંગા જલદી જલદી ખાઈ લે. તમે ઊઠો કે તરત તમારી જગ્યાએ બેસવા માટે પાછળ કોક ઊભું જ હોય! તમારે જો તમારા ટેબલ પર કે બુથમાં એકલા કે મિત્રો સાથે બેસવું હોય તો ગે લોર્ડ કે લા બેલા જેવા વેસ્ટર્ન સ્ટાઈલના મોંઘાં રેસ્ટોરાંમાં જવું પડે. પણ ત્યાં જવાની આપણી ત્રેવડ નહીં.

મુંબઈમાં મને પહેલી જ વાર પંજાબી, રાજસ્થાની, સાઉથ ઇન્ડિયન વગેરે જુદું જુદું ખાવાનું મળ્યું. આ બધામાં સાઉથ ઇન્ડિયન વધુ ભાવ્યું. અહીં અમેરિકામાં પણ હું સૌથી પહેલાં જવાનું પસંદ કરું સાઉથ ઇન્ડિયન રેસ્ટોરાંમાં. મુંબઈમાં અમારા જેવા વેજીટેરિયન ગુમાસ્તાઓ માટે મોંઘાં રેસ્ટોરાં તો દેખાવનાં, ખાવાની મજા તો ચીપ સાઉથ ઇન્ડિયન રેસ્ટોરાંમાં જ. મસાલા ડોસા, ઈડલી, અને પૂરી સુકી ભાજી અને ખાસ કરીને રવા ડોસા અને કોકોનટની ધોળી ચટણી અને સંભાર. ઉડીપી રેસ્ટોરાંની કૉફી મને ખૂબ ભાવતી. લુંગી પહેરેલો વેટર તમારા ટેબલ પર આવીને કપ વાટકામાં જે રીતે એક પણ ટીપું બહાર ન પડે એમ કૉફી ઉછાળે તે હું જોઈ રહેતો! એવી મજેદાર કૉફી મને હજી સુધી ક્યાંય મળી નથી, અમેરિકાના વિખ્યાત સ્ટારબક કૉફીહાઉસમાં પણ નહીં. મુંબઈમાં જાઉં ત્યારે માટુંગા જરૂર એક આંટો મારું. ઉડીપી ઈડલી ખાઉં ત્યારે જ મને સંતોષ વળે. હું જ્યારે કૉલેજમાં ભણતો હતો ત્યારે માટુંગામાં કિંગ્સ સર્કલ પર આવેલી નાતની બોર્ડિંગમાં રહેતો. ત્યાં ઉડીપી રેસ્ટોરાં ઘણાં. ત્યારથી સાઉથ ઇન્ડિયન ફૂડનો મને ચસકો લાગી ગયો.

મુંબઈ આવીને પહેલી વાર હું રેસ્ટોરાંમાં જતો થયો. દેશમાં તો હોટેલ રેસ્ટોરાં કેવા ને વાત કેવી? કોળી કુંભાર જેવા હલકા વરણના લોકો હોટેલમાં જઈને ચા પીવે. વાણિયા બ્રાહ્મણ હોટેલમાં ન જાય. ફરસાણ અને મીઠાઈની દુકાનો જરૂર, પણ ત્યાંથી તો કોઈ પ્રસંગોપાત્ત પેંડા જેવી વસ્તુઓ ઘરે લઈ આવે. પણ ખાવાનું તો ઘરે જ.

બાપાને ગરમ ગરમ ફાફડા ગાંઠિયા અને મરચાં બહુ ભાવે. ઘણી વાર સવારના દુકાને પહોંચતાં જ મને કહે, ગાંઠિયા લઈ આવ. પછી દુકાનનો દરવાજો આડો કરીને અમે જે ઝાપટીએ! ત્યારથી મને ગાંઠિયાનો જબ્બર શોખ લાગી ગયો તે ઠેઠ આજ સુધી છે. અહીં અમેરિકામાં પણ દર વિકેન્ડમાં સવારે ગરમ ગરમ ગાંઠિયા ન મળે તો મારી સવાર ન પડે!

ફ્લોરા ફાઉન્ટનથી થોડા આગળ હોર્ન્બી રોડ પર જઈએ તો ટાઈમ્સ ઑફ ઇન્ડિયાનું બિલ્ડીંગ, ન્યુ બૂક કંપની, વેસ્ટ ઍન્ડ વોચ, હેન્ડલુમ હાઉસ, ખાદી ગ્રામોદ્યોગ વગેરે જોવા મળે. ખાદી ગ્રામોદ્યોગવાળા લંચ ટાઈમે એક કલાક સ્ટોર બંધ કરી દે, કારણ કે કર્મચારીઓનો લંચ ટાઈમ તો સચવાવો જ જોઈએ! જ્યારે આજુબાજુની ઑફિસોના લોકોને લંચ ટાઈમે શોપિંગ કરવું હોય ત્યારે આ સ્ટોર બંધ હોય! બોલો, એ કેવો ધંધો કરતા હશે?! પણ કર્મચારીઓના યુનિયનનું જોર જબરું. સ્ટોરમાં નફો થાય કે ખોટ, એમને એમનો લંચ ટાઈમસર લેવાનો એટલે લેવાનો જ. ટાઈમ્સના બિલ્ડીંગમાં મારું રોજનું આવવાનું થતું. નોકરી શોધવાની જે એપ્લીકેશન કરતો તે રોજ અહીં આવીને એના ચમકતા પીળા બોક્સમાં નાખતો. દર વખતે ભગવાનને કહેતો કે બાપા, હવે ખમૈયા કરો, જેવી તેવી પણ કોઈક નોકરી અપાવો!

ફ્લોરા ફાઉન્ટનની (આજના હુતાત્મા ચોક)ની આજુબાજુ ફરતા હું નિરંજન ભગતના મુંબઈ વિશે ને પ્રવાલદ્વીપનાં કાવ્યો ગણગણતો. ૧૮૬૪માં બંધાયેલ ગ્રીક ગૉડેસ ફ્લોરાના આ આરસના પૂતળામાં આર્કિટેક્ચર, સ્કલ્પચર અને વોટરનો અદ્‌ભુત સમન્વય થયો છે. કવિએ ગૉડેસ ફ્લોરા માટે ‘વિશ્વ માલણી’ જેવો સુંદર શબ્દ વાપર્યો છે, તો એના હાથમાં રહેલાં પુષ્પોને ‘શલ્ય ફૂલ’ કહ્યા છે. ‘હોર્નબી રોડ’ના પ્રવાહી લય અને એના કાવ્ય વસ્તુનું મને હંમેશ આકર્ષણ રહ્યું છે: “આસફાલ્ટ રોડ, સ્નિગ્ધ સૌમ્યને સપાટ, કશી ન ખોડ!” ‘હોર્નબી રોડ’ના કવિ મધરાતે લટાર મારવા નીકળે છે તે મોટિફનું મેં વર્ષો પછી મારા પેન્સીલવેનિયા એવન્યૂ નામના કાવ્યમાં અનુસરણ કર્યું છે, જો કે મેં ગુલબંકી નહીં પણ ઝૂલણા છંદ વાપર્યો છે.

હોર્ન્બી રોડ ઉપર આગળ જમણી બાજુ બોરીબંદર સ્ટેશન અને ડાબી બાજુ જરાક અંદર એક્સેલ્સિઅર થિયેટર હતું. ઓપેરા થિયેટરની જેમ બેસવા માટે અનેક લેયર. ત્યાં સૌથી ઉપરના માળે બેસીને માથું એકદમ નીચું કરીને Bridge on River Kwai નામની હોલીવુડની ફિલ્મ જોઈ હતી તે હજી યાદ છે. આગળ જતાં કાલબાદેવી,

પણ એ પહેલાં મેટ્રો થિયેટર જ્યાં અનેક મેટિની શો જોયેલા. દર રવિવારે લાઈનમાં ઊભા રહી જવાનું. આ હોલીવુડની મૂવીઓ બે કલાક માટે મને અમેરિકા પહોંચાડી દેતી. એ જમાનામાં હજી મુંબઈમાં ટ્રામ હતી. કિંગ્સ સર્કલ ઉપરથી બેસો તો ઠેઠ ફોર્ટ સુધી લઈ જાય. એ સર્કલ પર અરોરા થિયેટર હતું, ત્યાં પણ હોલીવુડની ઘણી મૂવીઓ જોઈ છે.

સમજાય કે નહીં, પણ જવું ખરું. આલ્ફ્રેડ હિચકોકની Vertigo મૂવીમાં સ્ટોરીની કંઈ ખબર ન પડી, પણ કીમ નોવાકને જોઈને અમે તો પાણી પાણી થઈ ગયા હતા! એ મૂવીનું સાન-ફ્રાંસિસ્કો, North By Northwest અને Apartmentનું ન્યૂ યૉર્ક—કેવાં એ શહેરો! એના વિશાળ રસ્તાઓ, તેના પર દોડી જતી પીળી પીળી ટેક્સીઓ, સ્કાય સ્ક્રેપર્સ, સ્વચ્છતા, લોકોની મેનર્સ વગેરે જોતાં હું થાકતો જ નહીં. આર્થર મિલરના નાટક A View from the Bridge પરથી ઊતરેલી મૂવી જોઈ હતી. એમાં ઇટાલિયન ઈમિગ્રન્ટો અમેરિકામાં આવીને કેમ એડજસ્ટ થાય છે એ જોતાં હું પણ એમની સાથે અમેરિકામાં એડજસ્ટ થઈ જતો!

Stalag ૧૭, Judgment at Nuremberg, Guns of Navarone વગેરે જોઈને હું બીજા વિશ્વયુદ્ધમાં ખોવાઈ જતો. The Wages of Fearમાં Yves Montandની એક્ટિંગ બહુ ગમેલી. એની બીજી મૂવીઓ Z, અને Let's Make Love જોવાની તો હજી બાકી હતી. એક વાર વર્ષને અંતે રવિવારે શેઠે હવાલા પાડવા પેઢીમાં બોલાવેલો અને હું પહોંચી ગયો Lotus થિયેટરમાં. Yves Montand અને Ingrid Bergmanનું Goodbye Again જોવા. મૂવી જોઈને પેઢીએ પહોંચ્યો ત્યારે મારો જ હવાલો પડી ગયો! એ જ લોટસમાં સત્યજીત રાયની કેટલી બધી ફિલ્મો જોયેલી! એ અરસામાં Ingmar Bergmanનું પણ ઘેલું લાગ્યું. એની બે મૂવીઓ The Seventh Seal અને Wild Strawberries બહુ ગમેલી.

આજે એમ થાય છે કે મૂવીઓના બે કલાકના એ અંધારામાં હું મારી જાતને પામતો! મને થતું કે મારે ખરેખર ન્યૂ યૉર્ક, સાન ફ્રાન્સિસ્કો, બર્લિન જેવાં શહેરોમાં રહેવું જોઈએ, પણ બે કલાક પછી જેવા બહાર નીકળો તો મુંબઈ દેખાય! ઘણી વાર તો ત્યાંથી ભાગી જવાનું મન થાય. પણ જવું ક્યાં? એક વાર ડોરિસ ડે અને રોક હડસન વાળી એક કોમેડી Pillow Talk જોઈ. તેની સિક્વલ Lover Come Back કલાક પછી જ હતી. બાજુના રેસ્ટોરામાં કંઈક ખાધું ન ખાધું ને સિક્વલ જોવા વળી પાછા આપણે તો લાઈનમાં

ઊભા રહી ગયા! Witness for Prosecutionમાં ચાર્લ્સ લોટનને જોઈને થયેલું કે બસ, ઇંગ્લેન્ડ જઈને ભણવું અને લોયર થવું! પણ મુંબઈમાંથી છટકવું કેમ?

મુંબઈના મલબાર હિલ, માટુંગાના ફાઈવ ગાર્ડન્સ, હોર્નબી રોડ જેવા અનેક વિસ્તારોમાં ફરતા મને વારંવાર થતું કે ક્યાં મારું ધૂળિયું ગામ અને ક્યાં આ મુંબઈ! ગંદકી, વરસાદની મોસમમાં થતો કીચડ, ગમે ત્યાં પેશાબ કરતા છોકરાઓ, રખડતી ગાયો, ગૂંગળાવી નાખે એવું અંધારિયા કૂવાનું એ વાતાવરણ છોડીને મને હવે આ મહાન શહેરની સ્વચ્છતા અને મોકળાશમાં રહેવાનું મળ્યું. થયું હું કેટલો ભાગ્યશાળી છું! જાણે કે મારું સપનું સાકાર થયું. ગામની સંકુચિતતામાંથી નીકળીને આવ્યો હતો તેથી મુંબઈનું બૃહદ્ સાંસ્કૃતિક, સાહિત્યિક અને રાજકીય વાતાવરણ મારે માટે કોઈ ઈશ્વરદત્ત વરદાન હતું. જે મને ગામમાં ક્યારેય જોવા ન મળતું તે બધું મુંબઈમાં એકાએક જ મારા ખોળામાં આવી પડ્યું. હું તો ભૂખ્યા ડાંસની જેમ તૂટી પડ્યો. જ્યાં જ્યાં મને જવાની જોવાની તક મળે કે તરત જ દોડી જતો.

દરરોજ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા લઉં. ખબર પડે કે ન પડે પણ વાંચું. ટાઇમ્સમાં રોજના બનાવો અને મીટિંગની માહિતી આપવામાં આવતી. સવારે પહેલું કામ એ જોવાનું કરું. સાંજે જવા જેવી કોઈ મીટિંગ છે ખરી? કોઈ સાહિત્યકાર કે દેશપરદેશનો નેતા આવવાનો છે? આમ મુંબઈના સાંસ્કૃતિક, સાહિત્યિક અને રાજકીય વાતાવરણમાં હું સહેજે વિહરવા માંડ્યો.

## મુંબઈનું વિશાળ સાંસ્કૃતિક જગત

જે જે કવિઓ અને લેખકોનાં મેં માત્ર નામ જ સાંભળ્યાં હતાં કે જેમનાં પુસ્તકો જ જોયા હતા તે હવે મને રૂબરૂ જોવા મળ્યા! ઘોઘા સ્ટ્રીટ પર આવેલા જન્મભૂમિ પ્રવાસીના જૂના ખખડધજ મકાનના એક નાના હોલમાં સાંજે સાહિત્ય સભાઓ કે દેશપરદેશથી આવતા સાહિત્યકારો સાથે મિલનો ગોઠવાતા. ત્યાં હું અચુક જતો. અમદાવાદ કે વડોદરાથી આવતા સાહિત્યકારો માટે ત્યાં જરૂર કાર્યક્રમો યોજાય. ખબર પડતા ત્યાં હું હાજર થઈ જાઉં. એ જ હોલમાં એ વખતના ગુજરાતી સાહિત્યના કેટલાં બધાં ધુરંધર કવિઓ, લેખકોને મેં જોયા સાંભળ્યા છે. સુરેશ દલાલ, સુરેશ જોષી, ગુલાબદાસ બ્રોકર, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી—આમ કંઈકને મેં મુંબઈમાં પહેલી વાર જોયા. એક

વાર કાલાઘોડા પાસે આવેલા વિશાળ કાવસજી જહાંગીર હોલમાં પ્રવૃત્તિ સંઘના આશ્રયે એક મોટું કવિ સંમેલન યોજાયું હતું. તેમાં કેટલા બધા કવિઓને એક સાથે એક જ મંચ ઉપર બેઠેલા જોયા! હું તો અધધધ થઈ ગયો. એ કવિ સમ્મેલનમાં સ્ટેજની જે વ્યવસ્થા હતી તે એ દિવસના પ્રમુખ ચંદ્રવદન મહેતાને નહીં ગમી. સંઘના આયાજકોને ગમે કે ન ગમે, પણ ધરાર એ બદલાવીને જ રહ્યા! ત્યાં મનસુખલાલ ઝવેરીએ પોતાના વનપ્રવેશનું કાવ્ય 'પચાસમે' રિસાઈટ કર્યું હતું તે યાદ છે.

એ જમાનાના પ્રસિદ્ધ મૅગેઝિન સેટરડે રીવ્યુના તંત્રી નોર્મન કઝીન્સ એક વાર મુંબઈ આવ્યા ત્યારે હું એમને જોવા સાંભળવા દોડી ગયો હતો. આવા કોઈ અગ્રગણ્ય અમેરિકન સાહિત્યકાર તંત્રી સાથે શેક હેન્ડ કરવા મળે તે મારે મન મોટી વાત હતી. એમને જોઈને હું તો આભો જ બની ગયો. ડવાઈટ મેકડોનલ્ડે કઝીન્સ અને સેટરડે રીવ્યુને 'મિડલ બ્રો' ગણીને ઝાટકણી કાઢતો જે આકરો લેખ લખ્યો હતો તે વાંચવાને હજી દસેક વરસની વાર હતી, એટલે ત્યારે તો કઝીન્સને જોવા સાંભળવા મળ્યું એને જ મારું સદ્‌ભાગ્ય સમજતો હતો.

૧૯૬૧માં રવીન્દ્રનાથ ટાગોરની જન્મ શતાબ્દી મુંબઈમાં ઉજવાઈ હતી. ત્યારે દેશવિદેશથી ઘણા સાહિત્યકારો આવેલા. તેમાં સમર્થ ઇટાલિયન નવલકથાકાર આલ્બર્ટો મોરાવિયાને જોયેલા. એમની નવલકથા ધ વુમન ઓફ રોમ નો અનુવાદ સ્ત્રી નામે થયેલો તે મેં દેશની લાઇબ્રેરીમાં વાંચેલો. એ પ્રસંગે અમદાવાદથી ઉમાશંકર જોશી આવેલા. મને થયું કે એમને તો મળવું જ જોઈએ. મારે એમને કહેવું હતું કે એમની કવિતા 'બળતાં પાણી' મને ખૂબ ગમી ગયેલી. એમનું પ્રવચન પત્યે એ જ્યારે મંચ ઉપરથી નીચે ઊતર્યા એટલે આપણે તો ત્યાં પહોંચી ગયા. એમણે સહજ જ મારે ખભે હાથ મૂકીને પૂછ્યું, "શું નામ તમારું?" હું કંઈ જવાબ આપું તેટલામાં તો ગુલાબદાસ બ્રોકરે એમનો કબજો લીધો. મારે જે 'બળતાં પાણી'ની વાત કરવાની હતી તે તો રહી જ ગઈ. એ વાત છેવટે બે દાયકે ઉમાશંકર જોશી અમેરિકા આવ્યા ત્યારે જરૂર કરી. પણ મુંબઈમાં એમણે મારે ખભે જે હાથ મૂક્યો હતો તે એકાદ બે ક્ષણો મારે માટે અદ્‌ભુત હતી!

એ જમાનામાં સાહિત્યિક ક્ષેત્રે ઉમાશંકરની બોલબાલા હતી. કવિ, નાટકકાર અને વાર્તાકાર તરીકેની એમની પ્રતિષ્ઠા તો હતી જ, પણ વિવેચક તરીકે પણ એમનો પડતો બોલ ઝીલાય. ભલભલા એમની પાસે પ્રસ્તાવના મળશે એ લોભે પુસ્તક પ્રગટ કરવાની વરસ બે વરસ રાહ જુએ. એમના મૅગેઝિન સંસ્કૃતિમાં પોતાની કવિતા, લેખ કે વાર્તા

છપાય એ કોઈ પણ ગુજરાતી સર્જક માટે 'Good-Housekeeping Seal of Approval' હતો. એમાં ગુજરાતી સાહિત્ય વિષયક વિધવિધ ચર્ચા કે વાદવિવાદ પ્રગટ થતાં. કવિ વિવેચકો તેમાં ઉત્સાહથી ભાગ લેતાં. જેવું સંસ્કૃતિ આવ્યું કે રાતોરાત હું એ વાંચી લેતો, ખાસ કરીને તંત્રી લેખ. કેરળમાં જ્યારે સામ્યવાદી સરકાર આવી ત્યારે ઉમાશંકર જોશીનો તંત્રીલેખ, 'કેરળે કેમ આગ સાથે રમત આદરી?' એ તો હજી યાદ છે. કહેવાય છે કે એ જમાનામાં પણ સંસ્કૃતિના સબસ્ક્રાઇબર્સની સંખ્યા વધી વધીને સાતસો સુધી પહોંચી હતી, અને પછી તો ઘટીને બસો જેટલી થઈ ગયેલી! એ વખતની ચારેક કરોડની વસ્તીવાળી ગુજરાતી પ્રજામાં આવા ઉત્તમ સામયિકની હજારથી પણ વધુ કોપી ન વેચાય એમાં હું આપણી સાહિત્યિક અને સાંસ્કારિક દરિદ્રતા જોઉં છું.

હું મારા બૌદ્ધિક વિકાસની વાત કરું તો નિઃશંક કહી શકું કે આ 'લિટલ' મૅગેઝિનની મારી પર જે અસર પડી છે તેવી કોઈ પણ લાખોની સંખ્યામાં વેચાતાં મૅગેઝિનની નથી પડી. આજે અડધી સદી પછી પણ સંસ્કૃતિના કેટલા બધા લેખો મને હજી યાદ છે! ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાનો યશવંત દોશીએ લખેલો આકરો વિવેચન લેખ અને પછી જયંતિ દલાલે લખેલો પ્રત્યુત્તર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખેલો 'સુન્દરમ્'ના કાવ્યસંગ્રહ યાત્રાનો વિવેચન લેખ અને તે વિશે ખુદ ઉમાશંકર જોશીનો પોતાનો જ આધુનિક કવિતામાં શ્રદ્ધાના અભાવ વિશેનો સણસણતો જવાબ, વિનાયક પુરોહિતનો સુરેશ જોષીના પ્રથમ વાર્તાસંગ્રહ ગૃહપ્રવેશનાં છોતરાં ફાડી નાખતો વિવેચનલેખ, 'આમ ગૃહપ્રવેશ ન થાય,' ક્રિશ્ચિયન મિશનરીઓની ધર્માન્તર પ્રવૃત્તિઓ વિશેનો સ્વામી આનંદનો લાંબો લેખ, વાડીલાલ ડગલીનો પંચવર્ષીય યોજનાના વધુ પડતા મિલિટરી સ્પેન્ડિંગ વિશેનો, 'ગણવેશની આરતી,'વાળો લેખ, હરિશ્ચન્દ્ર ભટ્ટ ઉપરના ઉમાશંકર જોશીના પોતાના બે લેખો, જે પાછળથી હરિશ્ચન્દ્ર ભટ્ટના મરણોત્તર કાવ્યસંગ્રહ સ્વપ્નપ્રયાણમાં સમાવાયેલા—આવા આવા કંઈક લેખો આજે પણ હું સહજ જ યાદ કરી શકું. એ દિવસોમાં તો આ બધા લેખો રસથી વાંચતો અને વિચારતો. થતું કે આવી ચર્ચામાં હું ક્યારે ભાગ લઈશ?

જેવું સંસ્કૃતિનું તેવું જ સુરેશ જોષીના સામયિક ક્ષિતિજનું. એમનો મનુભાઈ પંચોલી 'દર્શક'ની ખૂબ લોકપ્રિય બનેલી નવલકથા ઝેર તો પીધાં છે જાણી જાણીનો આકરો રિવ્યૂ જ્યારે આવ્યો ત્યારે ગુજરાતી સાહિત્યજગતમાં ખળભળાટ મચી ગયેલો. ભોગીલાલ ગાંધીના માસિક વિશ્વમાનવમાં સુરેશ જોષીના ગુજરાતી કાવ્યોના આસ્વાદ કરાવતા જે

લેખો આવતા એની હું આતુરતાથી રાહ જોતો. એ જ અરસામાં ઉમાશંકર જોશી ઠક્કર વસનજી માધવજી વ્યાખાનમાળામાં પ્રવચનો આપવા આવ્યા હતા. મુંબઈ યુનિવર્સિટીના મોટા કોન્વોકેશન હોલમાં એ પ્રવચનો યોજાયાં હતાં. આખો હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. એમને સાંભળીને થયું કે જિંદગીમાં જો કંઈ થવું તો કવિ જ થવું, બાકી બધું નકામું! ઉમાશંકર જોશીએ એમના પ્રવચનમાં પ્રખ્યાત વિવેચક મોરીસ બાવરાની વાત કરી હતી એટલું જ અત્યારે યાદ છે.

એ જ હોલમાં 'ઍક્સપૅરિમેન્ટ ઇન ઇન્ટરનેશલન લીવીંગ'ના આશ્રયે અમેરિકાથી આવેલા. યુવકયુવતીઓના ગ્રુપને હાથમાં હાથ મિલાવી હસતા, ગાતા અને નાચતા જોઈને થયું કે હું અમેરિકા ક્યારે જાઉં ને આમ ગાઉ અને નાચું! મારે તો ખાસ એ છોકરીઓ પાસે જઈને વાતો કરવી હતી અને એમનાં સરનામાં લઈને પત્રવ્યવહાર કરવો હતો. પણ એ કાર્યક્રમ પૂરો થતા જ મુંબઈના ફટ ફટ અંગ્રેજી ફાડતા છોકરાઓ એમને ઘેરી વળ્યા. એમાં મારા જેવા વાયા વિરમગામવાળાનો નંબર ક્યાંથી લાગે?

ચોપાટી ઉપર આવેલા ભારતીય વિદ્યાભવનના ગીતા મંદિર હોલમાં સુરેશ જોષીને એમની સંસ્કૃતમય પ્રવાહી ભાષામાં ભાષણ કરતા સાંભળતા હું આફરીન થઈ ગયો હતો. કાલિદાસની પ્રખ્યાત પંક્તિ, 'શૈલાધિરાજ તનયા ન યયૌ ન તસ્થૌ,' ટાંકીને એના સંદર્ભમાં કવિતાની જે વ્યાખ્યા અને કવિકર્મ સમજાવેલ એ હજી મારા કાનમાં ગુંજે છે. ભારતીય વિદ્યાભવનના સ્થાપક કનૈયાલાલ મુનશીને પણ અહીં જ જોવાનું બન્યું હતું. એમની નવલકથાઓ અને ખાસ કરીને એમની આત્મકથા વાંચીને હું બહુ જ પ્રભાવિત થઈ હતો. થયું કે આ મહાન પુરુષ માત્ર સાહિત્યકાર નથી, પણ દેશનું બંધારણ રચવામાં અગત્યનું કામ કરનાર કુશળ ધારાશાસ્ત્રી છે. ગુજરાતની અસ્મિતાના આદ્ય પ્રણેતા તો ખરા જ પણ સાથે સાથે એક સાંસ્કૃતિક પુરુષ પણ છે. ઊંચાઈ ઓછી, ગોરો વાન, ધોળા બગલા જેવી કફની અને ધોતિયું, માથે ટાલ ઢાંકતી ગાંધી ટોપી! આવા અનેકવિધ ક્ષેત્રે મોટું પ્રદાન કરનાર મુનશીને હું સદેહે જોતો હતો તે મારાથી મનાતું નહોતું.

ગીતામંદિરમાં જ મેં મનુભાઈ પંચોળી 'દર્શક'ને પહેલી વાર જોયા અને સાંભળ્યા. ઈસ્ત્રી વગરની ખાદીની કફની અને ધોતિયું. આવા સાવ સાદા લેબાસમાં એમને જોઈને હું પ્રભાવિત થયો હતો. એમની પ્રસિદ્ધ નવલકથા ઝેર તો પીધાં છે જાણી જાણી નાં પાત્રો સત્યકામ અને અચ્યુતના ઇંગ્લૅન્ડ અને યુરોપનાં પરાક્રમો વિશે વાંચીને પરદેશ જવાનાં સપનાં સેવ્યાં હતાં તે મારે તેમને કહેવું હતું, પણ સંકોચને કારણે બધા લોકોની

વચ્ચે ન કહી શક્યો. પછી એ વાત ઠેઠ ઓગણીસો એંશીના દાયકામાં થઈ. અમેરિકાની ગુજરાતી લિટરરી અકાદમીનું તેમને અમેરિકા આવવાનું આમંત્રણ આપવા જ્યારે દેશમાં ગયો હતો ત્યારે એ વાત એમને કરી હતી.

આવી સભાઓ ચર્ચગેટ ઉપર આવેલા ચેમ્બર ઑફ કૉમર્સના હોલમાં પણ ભરાતી. એકાંકીઓની હરીફાઈમાં જીતેલાઓનું સન્માન કરવા માટે એક સમારંભ ત્યાં યોજાયો હતો. ન ભૂલતો હોઉં તો કલકત્તાથી આવેલી ટીમને એમાં પહેલું ઇનામ મળ્યું હતું. ગગનવિહારી મહેતા એ સમારંભના પ્રમુખ હતા. ગોરો વાન, મીડીયમ હાઈટ, સુરવાલ, અચકન અને માથે ઝાંખી પીળી ટોપી અને ટટ્ટાર શરીર. એમની ટોપી ગાંધી ટોપી જેવી ધોળી કેમ નથી એ પઝલ વર્ષો પછી વાડીલાલ ડગલીના એમને વિશેના લેખ પરથી પડી. “ધોળી નહીં પણ ઝાંખી પીળી ટોપી—પોતાની આંતરિક સ્વતંત્રતા જાળવવા માટે કદાચ” હોય.૨૦ વર્ષોના વિદેશ વસવાટ પછી પણ એમને સરળ અને શુદ્ધ ગુજરાતીમાં પ્રવચન કરતા જોઈ મને આશ્ચર્ય થયેલું. ૧૯૫૨-૧૯૫૮ દરમિયાન એ અમેરિકા ખાતે દેશના એલચી હતા. અને અમેરિકામાં એમની કામગીરી માટે ખૂબ વખણાયા હતા. દેશમાં આવ્યા પછી આઈસીઆઈસીઆઈ કોર્પોરેશનના ચેરમેન હતા. ફરી એક વાર એમને ટાટાના બોમ્બે હોલમાં જોયા હતા. કોઈ વિદેશી મહાનુભાવની ત્યાં મીટિંગ હતી. આવી બધી મીટિંગ પત્યા પછી હું ત્યાં ઊભો રહેતો અને આવા મહાનુભાવોને આભો બનીને જોઈ રહેતો.

ભારતીય વિદ્યાભવનના ભવ્ય સભાગૃહમાં એ સમયે દેશના એકીકરણ ઉપર એક પરિસંવાદ યોજાયો હતો. આપણે તો તરત પહોંચી ગયા. એમાં કનૈયાલાલ મુનશી બોલવાના હતા. તે કંઈ છોડાય? ત્યાં એ જ સભામાં રાજાજી અને સી પી રામસ્વામી અય્યારને સાંભળેલા એવું યાદ છે. ભારતીય વિદ્યાભવનની રજત જયંતિ પણ મુંબઈમાં ત્યારે ઉજવાઈ હતી. એમાં રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણ આવ્યા હતા. એ ભવ્ય મેળાવડામાં હું હોંશે હોંશે ગયો હતો. એમને બહુ દૂરથી જોયા. પ્રવાહી અંગ્રેજીમાં બોલે, વચ્ચે વચ્ચે સંસ્કૃતના શ્લોકો ટાંકે અને એનું રનીંગ ટ્રાન્સલેશન કરતા જાય. એમની બોલવાની શી છટા! મારા ઉપર એની ખૂબ અસર પડેલી. હું એવો તો અંજાયો કે એમની એ હિંદુ વ્યૂ ઑફ લાઈફ નામની ચોપડી મેં ફૂટપાથ પર ચોપડીઓ પાથરીને બેઠેલા ફેરિયા પાસેથી બીજે જ દિવસે ખરીદી. એમાં બહુ કાંઈ ખબર ન પડી, પણ મારું અંગ્રેજી સુધરે એ માટે એમાંથી ફકરાઓ ગોખવાના શરૂ કર્યા.

## એવું જ વિશાળ રાજકીય જગત

જેવું કવિ લેખકોનું એવું જ અગ્રણી રાજકર્તાઓનું. ખબર પડી કે દેશ પરદેશથી કોઈ અગત્યનું માણસ આવ્યું છે, તો હું પહોંચી જતો. ટાઈમ્સમાંથી ખબર પડી કે કેરાલાના સામ્યવાદી મુખ્ય પ્રધાન નામ્બુદ્રીપાદની એક સભા યોજાઈ છે. ગયો. કોઈક પત્રકારને એમની સાથે દલીલબાજી કરતો જોઈ મને આશ્ચર્ય થયું હતું. આવા મોટા માણસ સાથે આવી રીતે વાત થાય? એક વાર કૃષ્ણમેનન યુનોમાં કે એમ ક્યાંક અમેરિકા જતા હતા. આગલે દિવસે એમની મુંબઈમાં સભા થઈ. પત્રકારોએ પ્રશ્નોની ઝડી વરસાવી તે એમને નહીં ગમી. એમણે એ બધાના ઊધડા લીધા તે જોવાની મજા પડેલી. એવી જ રીતે ટાટા કંપનીના બોમ્બે હાઉસના નાના હોલમાં મોરારજી દેસાઈને બહુ નજીકથી જોઈ સાંભળીને આશ્ચર્ય થયેલું. ઊંચા, ટટ્ટાર, અને ગોરા, જાણે કે હજી હમણાં જ નાહી ધોઈને તૈયાર થયા હોય એવા લાગ્યા. મુંબઈની એ ગરમીથી જ્યારે અમે બધા પરસેવાથી રેબઝેબ હતા ત્યારે આ માણસ આટલો ફ્રેશ કેમ છે?

એ વરસોમાં જુસ્સેદાર સમાજવાદી નેતા અને યુનિયન લીડર જ્યોર્જ ફર્નાન્ડીસે રેલવેના કર્મચારીઓની હડતાલ પાડેલી. પૉલીસ એને પકડવા બહુ મથતી હતી પણ એ મળે તો ને? દાદરના સ્ટેશને હું ગાડીની રાહ જોતા ઊભો હતો. ત્યાં એક માણસ પ્લેટફૉર્મ પરથી કૂદકો મારી પાટા ઓળંગી સામેના પ્લેટફૉર્મ ઉપર દોડીને જતો હતો, પૉલીસ એની બરાબર પાછળ હતી. મેં ત્યાં કોકને પૂછ્યું કોણ છે? જવાબ મળ્યો : 'ફર્નાન્ડીસ!' વર્ષો પછી એ જ જ્યોર્જ ફર્નાન્ડીસ દેશના ડિફેન્સ મિનિસ્ટર થયા! સમાજવાદી પક્ષની સ્થાપનાની રજત જયંતિ મુંબઈના દાદર પરામાં ઉજવાઈ હતી. ત્યાં મેં અશોક મહેતા, જયપ્રકાશ નારાયણ વગેરે સમાજવાદી નેતાઓને જોયા, સાંભળ્યા. તે વખતે સમાજવાદી પક્ષના એક આદ્ય સ્થાપક યુસુફ મહેરઅલીને યાદ કરીને જયપ્રકાશ રડી પડ્યા હતા એ હજી યાદ છે.

અશોક મહેતાને એ જ સમયે શિવાજી પાર્કના મેદાનમાં ઉર્દૂની છાંટવાળી હિન્દીમાં જોરદાર ભાષણ કરતા સાંભળ્યા હતા. એ કન્વેન્શનમાં એમને સિગરેટના ઠુંઠાને બૂટથી ઓલવી નાખતા જોયા એ હજી પણ યાદ રહી ગયું છે! એ જમાનામાં કોઈ મોટા માણસને સ્મોકિંગ કરતા જોતો ત્યારે જરૂર આશ્ચર્ય થતું. બીડી કે સિગરેટ ફૂંકવી એમાં કોઈ ચારિત્ર્યની ખામી હોય એવું નાનપણથી જ મારા મનમાં ચોખલિયા ગાંધીવાદીઓએ

ઠાંસી ઠાંસીને ભરી દીધેલું. એક વાર જાણીતા કવિ મનસુખલાલ ઝવેરીને પ્રવચન હોલની બહાર નીકળતા જ સિગરેટ સળગાવતા જોતાં મને થયું કે આવું સુંદર રસવાહી પ્રવચન આપનાર માણસ સિગરેટ ફૂંકે છે?! જેવું સ્મોકિંગનું તેવું જ દારૂનું. એમના શિષ્ય અને જાણીતા કવિ અને સંચાલક સુરેશ દલાલ તો જેમ ચેન સ્મોકર હતા તેમ ડ્રિન્ક્સ પણ લેતા. જો કે એ પોતાનો દારૂ જાળવી રાખતા. વર્ષો પછી એમના મિત્ર થવાનો લ્હાવો મળ્યો ત્યારે હું એમને વારંવાર સ્મોકિંગ છોડવા કહેતો, પણ એ જો એમના પત્ની સુશીબહેનનું ન માને તો, મારું શું ગજું? સિગરેટ અને ડ્રિંક્સ જાણે કે એમની ખાસિયતની વસ્તુઓ થઈ ગઈ હતી. મારો બીજો કાવ્યસંગ્રહ, ઇન્ડિયા ઇન્ડિયા એમને અર્પણ કરતા લખેલું:

**શરાબ, સિગરેટ, કેફ વધુ કાવ્યનો માણતા;**
**સદાય જલસો કરો, બધું પ્રમાણતા, જાણતા.**

મુંબઈની ગે લોર્ડ હોટેલમાં એક વાર અમેરિકાના ઍમ્બેસડર જ્હોન કેનેથ ગાલ્બ્રેથ આવવાના હતા એવું સાંભળ્યું એટલે આપણે તો ત્યાં જઈને અડ્ડો જમાવ્યો. અંદર જવા તો ન મળ્યું પણ ત્યાં બહાર ઊભા રહીને ગાડીમાંથી ઊતરીને અંદર જતા ગાલ્બ્રેથને જરૂર જોયા. એમની આજુબાજુના ઠીંગણા દેખાતા દેશી યજમાનોની સરખામણીમાં તેમની ઊંચાઈ માનવી મુશ્કેલ હતી. ગે લોર્ડની અંદર જતા પહેલાં કોઈ પણ સંકોચ વગર એમણે ખિસ્સામાંથી દાંતિયો કાઢીને વાળ ઓળ્યા. એ જ ગે લોર્ડમાં કેનેડીની હત્યા થઈ ત્યારે શોકસભા થઈ હતી, તેમાં મને મુંબઈના કેટલા બધા ખ્યાતનામ લોકો જોવા મળેલા! મને થયું હતું કે હું કેટલો ભાગ્યશાળી માણસ છું કે મને મુંબઈ રહેવાનું મળ્યું છે!

૧૯૬૨માં લોકસભાની મુંબઈની સીટ માટે એ સમયે આચાર્ય કૃપલાની અને કૃષ્ણ મેનનની વચ્ચે "બેઉ બળિયા બાથે વળિયા," એવો મોટો ચૂંટણીજંગ લડાયો હતો. વિવિધ વિષયો ઉપર એ શું વિચારે છે એ જાણવા માટે મેં એમને મળવા વિનંતી કરી. બંનેએ મને આવીને મળી જવા કહ્યું! હું તો માની જ ન શક્યો કે આવા મહાન નેતાઓ મારા જેવા સાવ સામાન્ય છોકરાને આમ તરત મળવા બોલાવશે! એ બંનેને મારા મિત્ર કનુભાઈ દોશી સાથે જઈને મળી આવ્યો! એક વાર ગુજરાતના પ્રસિદ્ધ પ્રવાસલેખક અને ગાંધીજીના અંતેવાસી કાકાસાહેબ કાલેલકરની એક સભા મણીભવનમાં યોજાઈ હતી. તેમાં મેં એમને દેશની ગરીબી અને બેકારીના સળગતા સવાલો કેમ ઉકેલવા એ માટે પ્રશ્ન

પૂછેલો. દેશની એ સમસ્યાનો ઉકેલ કરવા માટે મને કાકાસાહેબની વાતો સાવ વાહિયાત લાગી. પરંતુ તે દરમિયાન પ્લાનિંગ કમિશનના અગ્રગણ્ય સ્ટેટીટિશિયન મહાલોનોબીસ મુંબઈમાં આવેલા, ત્યારે એમણે દેશના આર્થિક વિકાસ વિશે જે વાતો કરી હતી તે બરાબર ગળે ઊતરી ગઈ હતી.

આવા સાહિત્યિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિથી ધમધમતા મુંબઈથી થોડાં જ વરસોમાં હું થાકી જઈશ અને તેને છોડવા તૈયાર થઈ જઈશ તેની તો કલ્પના પણ ત્યારે કરવી મુશ્કેલ હતી. મુંબઈ આવવાનું મારું મિશન—અલબત્ત કાકાનું મિશન—એ હતું કે હું જલદી જલદી સેટલ થઈ જાઉં અને દેશમાંથી ભાઈબહેનોને બોલાવું. પણ મુંબઈમાં સેટલ થવા જતાં મને જે અસહ્ય હાડમારીઓ સહન કરવી પડી હતી, ખાસ કરીને નોકરી અને ઓરડી શોધવાના ભયંકર ત્રાસથી હું એવો તો તોબા પોકારી ગયો હતો કે મેં મુંબઈ છોડવાનું નક્કી કર્યું અને ભોપાલમાં નોકરી પણ લઈ લીધી હતી, અને મુંબઈ છોડવા તૈયાર થઈ ગયો હતો!

## બહેનના ઘરે

સાવરકુંડલા સ્ટેશને મને વળાવતા કાકાએ કહ્યું હતું કે બહેનને ત્યાં જજે. બહેન બનેવીનો મુંબઈમાં ગિરગામના પારસી વિસ્તારમાં મોટો ફ્લૅટ હતો. માન ન માન, હમ તેરે મહેમાન એ ન્યાયે હું તો બહેનને ત્યાં આવી પડ્યો. બહેન બનેવીનું સંયુક્ત કુટુંબ. એમની પાંચ દીકરીઓ, બે દિયર, એક દેરાણી, સાસુ અને નણંદ બધા સાથે રહેતા. એ ફ્લૅટમાં આગળના રૂમ સિવાય બીજે બધે ઠેકાણે ધોળે દિવસે પણ લાઈટ ચાલુ રાખવી પડે એટલું અંધારું. ભલે બધા સાથે રહે, પણ જાણે કે કોઈ એક બીજાને ઓળખતા નથી એમ જ. ભાઈઓ એકબીજા સાથે ભાગ્યે જ બોલે, વેર ઝેર એવું નહીં, પણ કોઈ વાતચીત જ ન કરે. ખાલી સાસુ જ બોલ બોલ કર્યા કરે. ઘરમાં સૌ પોતપોતાનું કામ મૂંગા મૂંગા કર્યા કરે. રેડિયો અને દીકરીઓના કિલકિલાટ અને સાસુની કચકચ સિવાય બીજું કશું સંભળાય નહીં.

બહેનને ઉપરા ઉપર પાંચ દીકરીઓ થઈ એમાં છેલ્લી બે તો જોડકી હતી. બહેનને જોઈતો હતો દીકરો અને જન્મતી હતી દીકરીઓ. છેલ્લી બે છોકરીઓ જન્મ્યા પછી તો બહેન બહુ ડિપ્રેસ થઈ ગઈ હતી. કોઈ એમને મળવા જાય તો તુરત રોવા માંડે. છેવટે

એમને એક છોકરો થયો ખરો, પણ બહેનનું ડીપ્રેશન ચાલુ જ રહ્યું, જે વધીને પેરેનોયા થયો. જેને કારણે આઘાતજનક પરિસ્થિતિમાં એમનું દુ:ખદ મૃત્યુ થયું. આવા ઉલ્લાસ અને આનંદ વગરના ઘરમાં વળી મારો વધારો થયો. જતાં વેંત જ મને થયું કે હું અહીં ક્યાં આવ્યો? આ ઘરમાંથી નીકળવું જોઈએ, પણ જવું ક્યાં?

એમની બાજુના જ ફ્લૅટમાં એક ભલી પારસી વિધવા બાઈ રહેતી. એનું નામ બાનુબહેન. એ મને એના ફ્લૅટમાં લઈ જાય. કંઈ ને કંઈ ખાવાનું આપે જ. હંમેશ વેલ ડ્રેસ્ડ હોય. ઘરમાં પણ શુઝ પહેરેલા હોય. મોઢા પર પાવડરના થથેરા હોય. એ પાવડરની તીવ્ર ગંધ હજી સુધી નાકમાં રહી ગઈ છે. એમને ખબર પડી કે હું નવોસવો દેશમાંથી આવ્યો છું તો મને સલાહસૂચના, શિખામણ આપે. મુંબઈના વાતાવરણથી ગભરાવું નહીં એમ કહે. થોડા સમયમાં “ટને બધું સમજાઈ જશે.” શાળાનાં પાઠ્યપુસ્તકોમાં ફિરોઝશાહ મહેતા અને જમશેદજી ટાટા વિશે વાંચ્યું હતું, પણ પારસીઓનો આ મારો પહેલો અનુભવ. પ્રજા તરીકેની એમની સાલસતાની મારા પર બહુ સરસ છાપ પડી. વરસો પછી અમેરિકામાં પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં હું ભણાવતો હતો ત્યાં સાયરસ મહેતા કરીને મારો એક પારસી કલીગ હતો. એ પણ ખૂબ સાલસ અને ખાનદાન માણસ હતો. અમારી બન્નેની મૈત્રી જામી હતી.

## નોકરી મળી, પણ પગાર વગરની!

દેશમાં કામધંધા ભાંગી પડ્યા હતા. જોબ્સ હતા જ નહીં. કાકાને એમ કે હું મુંબઈ જઈને જલદી જલદી નોકરી લઈશ. કોઈ ધંધાની લાઈન પકડીશ. સ્વતંત્ર ધંધો શરૂ કરીશ, અને તેમનો બોજો ઉપાડી લઈશ. અમારા સગામાંથી જ મુંબઈ જઈને સફળ થયેલ કેટલાક લોકોના દાખલા હતા. એમાં મુખ્ય અમૃતલાલનો. એ કાકાના મોટા ભાઈના (જેને અમે બાપુજી કહેતા) મોટા દીકરા. મુંબઈની હમામ સ્ટ્રીટમાં એમની મોટી ઑફિસ. અમારા બધા માટે અમૃતલાલ મોડેલ. બહુ ઝાઝું ભણેલ નહીં. હાઇસ્કૂલ માંડ માંડ પૂરી કરી હતી. પણ મુંબઈમાં ધીકતો ધંધો કરે. ખૂબ કમાય. સાયનમાં મોટો ફ્લૅટ લીધો. દેશમાંથી બાપુજીના આખા કુટુંબને મુંબઈ બોલાવી લીધું. બહેનોને એક પછી એક પરણાવી દીધી. ભાઈઓને કામે લગાડી દીધા.

એવો જ બીજો દાખલો મારા બનેવીનો. એ પણ દેશમાંથી માત્ર હાઈસ્કૂલ પૂરી કરીને

મુંબઈ આવ્યા હતા. મૂળજી જેઠા મારકેટમાં નોકરી કરતા કરતા એમણે કાપડની દલાલી શરૂ કરી. દલાલીની લાઈન બરાબર પકડી. જામી ગયા. એમણે પણ દેશમાંથી પોતાનું કુટુંબ બોલાવ્યું અને ભાઈઓનો ભાર ઉપાડી લીધો. બહેનને પરણાવી. મારા ફઈના દીકરા રતિભાઈ પણ આ જ રીતે મુંબઈમાં સ્થાયી થયા હતા. એમનાં માબાપ નાનપણમાં જ ગુજરી ગયાં હતાં. એ એમના મોસાળમાં, એટલે કે અમારે ત્યાં દેશમાં ઉછર્યા હતા. બા કાકાએ એમની સંભાળ લીધી હતી. બધાની જેમ રતિભાઈ પણ હાઈસ્કુલ પૂરી કરી મુંબઈ આવ્યા હતા. તફાવત એટલો કે એ નોકરી કરતાં કરતાં આગળ ભણ્યા. કૉલેજમાં જઈને બી. કોમ કર્યું. સારી લાઈન પકડીને ધંધો શરૂ કર્યો. સફળ થયા. પૈસા બનાવ્યા.

મારી સામે, બલકે કાકાની સામે આવા દાખલાઓ હતા. મને મુંબઈ મોકલીને રાહ જોઈને બેઠા હતા કે ક્યારે હું મુંબઈમાં સ્થાયી થાઉં અને દેશમાંથી ભાઈબહેનોને બોલાવું. હું મુંબઈ આવ્યો ત્યારે મારી ઉંમર સત્તર વરસની. કશી ગતાગમ નહીં. છાપાં મૅગેઝિન અને બૉલીવુડની મૂવીઓમાં જે મુંબઈ જોયેલું એ જ. મુંબઈમાં નોકરી ગોતવાની વાત તો બાજુ રહી, પણ એના રસ્તાઓ, બસ, ટૅક્સી, ટ્રામ, ટ્રેનમાં કેમ આવવું જવું તેનું પણ મને ભાન નહોતું. પણ ભલા બહેનબનેવીએ મારી સંભાળ લીધી. બનેવી મને દૂરના એક માસા પાસે લઈ ગયા. એ મૂળજી જેઠા મારકેટની એક પેઢીમાં ગુમાસ્તા હતા. માસાને કહે કે તમારી પેઢીમાં નટુને હમણાં બેસાડો. માસા કહે, આવીને ભલે બેસે અને કામકાજ શીખે. પણ હમણાં એને પગાર બગાર નહિ આપીએ. બનેવી કહે, વાંધો નહીં. પગારની જરૂર નથી. બસ, તમારા હાથ નીચે કેળવજો અને કામકાજ શીખવજો. ભલું થાજો એ માસાનું કે આમ એમને કારણે મને નોકરી મળી. આ મારી પહેલી નોકરી, જોકે પગાર વગરની.

## મૂળજી જેઠા મારકેટ

મૂળજી જેઠા મારકેટની દુનિયા જ જુદી હતી. એની હાયરારકીમાં સૌથી ઉપર શેઠ. તે ઉપર બેઠા બેઠા બધા પર રાજ કરે. એની નીચે મહેતાજીઓ. પછી ગુમાસ્તાઓ, એની નીચે ઘાટીઓ. હું તો સાવ નવોસવો એટલે ઘાટીઓથી પણ નીચે. મારે તો બધું એકડે એકથી શીખવાનું હતું. પહેલાં તો મારે મારકેટની ભૂગોળ શીખવાની હતી. અસંખ્ય ગલીઓ, અનેક ચોક, આજુબાજુની શેરીઓ, ચાનાસ્તાની દુકાનો, ખમતીધર

શેઠિયાઓની ખ્યાતનામ પેઢીઓ, મિલોના એજન્ટની પેઢીઓ, મોટી મોટી બૅંકો—આ બધું ક્યાં છે એ શીખવાનું હતું. આ બધી જગ્યાએ જલદી કેમ જવાય તે ઘાટીઓ બરાબર જાણે. એ તો હાથગાડીઓમાં માલ ભરીને લોકોનાં ટોળાં વચ્ચે રસ્તો કાઢતા ઝટપટ દોડે. હું જોતો રહું.

પહેલે દિવસે શેઠે મને પેઢીમાં જોયો. એ કાંઈ બોલે એ પહેલાં મોટા મહેતાજીએ કહ્યું કે છોકરો દેશમાંથી આવ્યો છે. થોડા દિવસ આપણી પેઢીમાં બેસશે, પછી એનો રસ્તો કાઢી લેશે. ગાંધી નામ છે. શેઠે મારી સામે જોયું. કાંઈ બોલ્યા નહીં. મને થયું કે મરી ગયા. પહેલે જ દિવસે રજા મળી કે શું? ત્યાં મોટા મહેતાજીનો હુકમ છૂટ્યો. જા, ચા લઈ આવ! પણ ક્યાં જવું ચા લેવા? પેઢીનો ઘાટી કહે ચાલ, તને બતાવું ક્યાંથી અને કેવી ચા લાવવાની. કહે, શેઠને માટે એક ઠેકાણેથી જ ચા લાવવાની, એ લોકોને ખબર છે કે શેઠને ફુદીનો અને આદુમસાલાવાળી જ ચા ભાવે છે. પાછા વળતાં શેઠ માટે પાન પણ લેતા આવવાનું. અને તે પણ અમુક જ પાનવાળા પાસેથી, કારણ કે એને ખબર છે કે શેઠને પાનમાં કેટલી તમાકુ ફાવે.

આમ પેઢીનો ઘાટી મારો ગુરુ બની ગયો. એણે મને એની પાંખમાં લીધો. કઈ બૅંકમાં હૂંડી છોડાવવા જવું, ક્યો કેશિયર આપણું કામ જલદી કરે, આ બધી એને ખબર. ઘાટી અને ગુમાસ્તાઓ સવારે પહેલાં આવે. સાફસૂફી કરે. ગાદીતકિયા ગોઠવે, પછી આવે મહેતાજી. શેઠ કરતાં મહેતાજીનો રૂઆબ મોટો. જેવા એ આવે એવા એમના હુકમ છૂટવા માંડે: ચા લઈ આવ. મિલની દુકાનમાં જઈને આજ જે માલ છોડાવવાનો છે તેનું ઇન્વોઇસ લઈ આવ. બૅંકમાં જઈને બૅલેન્સ ચેક કરી આવ, વગેરે વગેરે. અમને બધાંને ખબર કોને માટે કયો પ્રશ્ન પૂછાય છે, અને કોણે શું કરવાનું છે.

પછી મોડા મોડા શેઠ આવે. એ આવે એટલે પેઢીમાં થોડી વાર તો સોપો પડી જાય. થોડો સમય કોઈ કંઈ બોલે નહીં. શેઠ આજુબાજુ ઘૂરકીને જુએ. વાતાવરણ એકદમ તંગ હોય. એમને માટે ચા આવે. એકાદ બે ઘૂંટડા ભરે. પછી વાતાવરણ કંઈ હળવું થાય. મહેતાજી સાથે સવાલ જવાબ શરૂ થાય– આજે કઈ મિલનો માલ છોડાવવાનો છે, કેટલી હૂંડી ભરવાની છે, શેના સોદા કરવાના છે, ઉઘરાણી ક્યાં સુધી આવી, વગેરે. પછી દલાલોની અવરજવર શરૂ થાય. મિલના એજન્ટો, દૂર ગામોથી આવેલા કાપડના વેપારીઓ, ફંડફાળો ઉઘરાવતા નાતના કાર્યકર્તાઓ, ચાનાસ્તાના લોભે આવતા ખુશામતિયાઓ—આમ અનેક લોકોની આવજા થયા કરે. સોદાઓ થાય.

લાખોની ઊથલપાથલ થાય. વચમાં વચમાં મહેતાજીના હુકમ છૂટ્યા કરે. ગુમાસ્તાઓ અને ઘાટીઓ દોડાદોડી કર્યા કરે.

ક્યારેક શેઠનો છોકરો એના કૉલેજિયન ફ્રેન્ડસ લઈને આવે. અમે બધા જ્યારે ચોળાયેલ લેંઘો-કફની અને ચંપલમાં આંટા મારતા હોઈએ ત્યારે એ રાણો સ્ટાર્ચ કરેલ કડક પેન્ટ શર્ટ અને પોલિશ કરેલ બુટમાં સજ્જ હોય. શેઠ કરતાં એનો રુઆબ મોટો. એ આવે કે એને માટે તુરત અમારે ચા અને નાસ્તાપાણીની વ્યવસ્થા કરવાની. ઘાટીએ મને સમજાવેલું કે એ રાજકુંવરને શું શું ભાવે. દોડીને એને માટે એનો ભાવતો નાસ્તો લઈ આવવાનો. ઘણી વાર તો એ અને એના મિત્રો નાસ્તો કરતા હોય ત્યારે અમારે મેટ્રો સિનેમામાં જઈને એમને માટે હોલીવુડની ફિલ્મની ટિકીટ લઈ આવવાની. એ લાડકાઓ લાઈનમાં થોડા ઊભા રહેવાના હતા?

આ બધામાં સાંજ કયારે પૂરી થાય એ ખબર ન પડે. મોડી સાંજે ટ્રામમાં બેસીને ઘરે આવું. એ વખતે મુંબઈમાં હજી ટ્રામો હતી, જોકે ઘોડાઓથી નહિ પણ ઈલેક્ટ્રિસિટીથી ચાલતી. લોકો જાનને જોખમે દોડતી ટ્રામે ઝડપથી ચડે ઊતરે. પછી તો જોયું કે પરાના લોકો એવી જ રીતે ચાલતી ઇલેક્ટ્રિક ટ્રેનમાં ચડતા ઊતરતા. એવું પણ સાંભળેલું કે બે ચાર હીરાઓ એવી બહાદુરી કરતા રોજ મરે છે.

જેમ જેમ હું મારકેટની દુનિયામાં ગોઠવાતો જતો હતો તેમ તેમ મને ખબર પડી કે કાકા શા માટે કહેતા હતા કે ભણવાની બહુ જરૂર નથી. જે પૈસા કમાય તે હુશિયાર અને બાકી બધા ઠોઠ, એ વાત મને મારકેટમાં સ્પષ્ટ દેખાઈ. અહીં પૈસા બનાવવા માટે બહુ ભણતરની જરૂર ન હતી. મોટા ભાગના શેઠિયા, મહેતાજી કે ગુમાસ્તા જેમના પરિચયમાં હું આવ્યો તેમાંથી ભાગ્યે જ કોઈ કૉલેજમાં ગયું હતું. ઘણાએ તો હાઇસ્કૂલ પણ પૂરી નહોતી કરી. જેવું તેવું વાંચતાં લખતાં આવડ્યું કે મારકેટમાં કામે લાગી ગયા હતા. કેટલાકે તો દલાલી શરૂ કરી દીધી હતી. મૂળમાં પૈસા બનાવાના છે એટલી એમને ખબર હતી.

મારકેટમાં અભણ ગુમાસ્તામાંથી કરોડપતિ થયા હોય એવા જે દાખલાઓ મારી સામે હતા તેમાં મામાની તોલે કોઈ ન આવે. મામા મારા નહીં, મારકેટના. બધા એમને માનથી મામા કહેતા. કહેવાય છે કે દોરી લોટો લઈને મુંબઈ આવ્યા હતા. વરસો પહેલાં ઘાટીના કામથી શરૂઆત કરી હતી, આજે કરોડપતિ. એવા સાદા કે કોઈ એમને ગુમાસ્તા જ માને. બીજા શેઠિયાઓની જેમ ક્યારેય મેં એમને બણગા ફૂંકતા જોયા નથી. ઊંચા,

સફેદ પણ મેલી કફની અને ધોતિયું. ચકળવકળ થતી તેમની આંખમાંથી કશુંય છટકે નહીં. એમની પેઢીમાં વીસેક માણસો કામ કરતા હશે, અને ગોડાઉનમાં બીજા વીસેક, પણ મામાને બરાબર ખબર કે કોણ શું કરે છે. પેઢીમાં બેઠા બેઠા એમને ખબર હોય કે કઈ મિલનો કયો માલ ગોડાઉનમાં ક્યાં પડ્યો છે અને ક્યાં મોકલવાનો છે. અંશેઅંશ મારકેટના એ જીવ. મારકેટમાં અત્યારે શું થઈ રહ્યું છે તે એમને ખબર હોય. મારકેટની એકેએક ગલીમાં કોની પેઢી ક્યાં આવેલી છે, કઈ મિલનો માલ કોણ વેચે છે, એ એમની જાણમાં હોય. બીજા શેઠ લોકો મારકેટમાં બપોરના બારેક વાગે આવે, ત્યારે મામા તો ક્યારનાય આવી ગયા હોય. બહારગામ જ્યાં એમનો માલ જતો હોય તે વેપારીઓ સાથે ટેલિફોન પર સોદા કરવાનું શરૂ કરી દે. બપોર સુધી એ ચાલે. પછી મારકેટના વેપારીઓ સાથે એમની લેવડદેવડ શરૂ થાય. એમને જોઈને હું વિચાર કરતો કે હું આજે ભલે ઘાટી રહ્યો, પણ એક દિવસ મામાની જેમ જ કરોડપતિ થઈશ!

આવી જ વાત હતી એક દલાલ બેલડીની–ચંદન અને કુંદનની. બન્ને કાંઈ ભણેલા નહીં, પણ ભારે ખાપરાકોડિયા. ભલે મારકેટમાં દલાલી કાપડની કરે, પણ એમના હાથ બધે પહોંચેલા. રીયલ એસ્ટેટની પણ દલાલી કરે. કોઈ વસ્તુની તંગી હોય, ન મળતી હોય તો એમને પૂછો. એ ગમે ત્યાંથી પણ લઈ આવે. એ જમાનામાં કાર, ટેલિફોન, ફ્લૅટ, ફૉરેન ઍક્સચેન્જ વગેરેની ડીમાંડ જબરી, તંગી પણ મોટી. પૈસા હોય તોય લાંબી રાહ જોવી પડે. લાગવગ જોઈએ. મારકેટમાં બધાને ખબર કે ચંદન કુંદનને કહો ને તમારું કામ તરત થઈ જાય. એ બેલડી જ્યારે પેઢીમાં આવે ત્યારે એમનાં ખિસ્સાં દાણચોરીના માલથી ભરેલા હોય. અમારા શેઠ અને મોટા મહેતાજી માટે ઘડિયાળ, સોનાનું બિસ્કીટ, એવું કંઈ કંઈ મૂકતા જાય. શેઠની ખુશામત કરવામાં પાકા. એ વરસોમાં વિલે પાર્લેમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સમ્મેલન ભરાયું હતું. જેવો હોલમાં દાખલ થતો હતો ત્યાં જ એ બેલડીને મેં જોઈ. આશ્ચર્ય થયું. એમની સાથે વાત કરતાં ખબર પડી કે મારકેટના એક મોટા શેઠિયા સ્વાગત સમિતિ કે બીજી કોઈ રીતે એમાં જોડાયેલા હતા. ચંદન અને કુંદન કામ કરવા હાજર થઈ ગયેલા. શેઠને ખુશ કરવાની આ તક એ કાંઈ થોડી જવા દેવાના હતાં?

## હું કૉલેજિયન થયો

મને થયું કે હું પણ આ ચંદન અને કુંદનની જેમ જલદી જલદી દલાલીનું કામ શરૂ કરી દઉં, અને પૈસા કમાવવાના શરૂ કરી દઉં. ત્યાં મારા ફઈના દીકરા રતિભાઈ મને મળવા આવ્યા. એમણે મારા જીવનમાં બહુ મોટો ભાગ ભજવ્યો. અગાઉ જણાવ્યા મુજબ અમારા કુટુંબમાંથી દેશ છોડી નસીબ અજમાવવા મુંબઈ આવેલા ઘણા લોકોમાં રતિભાઈ અને બાપુજી (કાકાના મોટા ભાઈ)ના મોટા દીકરા અમૃતલાલભાઈ બન્નેએ ધંધો કરી બહુ પૈસા બનાવ્યા, મુંબઈમાં મોટા ફ્લૅટ લીધા, ગાડીઓ વસાવી, અને અમારા જેવા પૈસા બનાવવા માટે મુંબઈ જનારા લોકો માટે એ બન્ને મૉડેલ હતા. બન્ને હાઇટમાં ઊંચા, વાને ગોરા, મને લાગે છે કે એમનામાં બાપાના જીન્સ આવ્યા હશે.

પોતે અનાથ હતા ત્યારે મામા મામીએ (એટલે કે બા કાકાએ) એમની સંભાળ લીધી હતી તે રતિભાઈ કદી ભૂલ્યા નહીં. એમની એવી ઇચ્છા કે મામામામી માટે કંઈક કરી છૂટે. એમને ખબર પડી કે હું નોકરી કરવા મુંબઈ આવ્યો છું એટલે તરત જ એમણે મને એમની પાંખમાં લીધો. મને એમને ઘરે એક બે અઠવાડિયાં રહેવા આવવા કહ્યું. આમેય તે હું બહેનના ઘરમાંથી છટકવા માંગતો જ હતો. મેં હા પાડી. રતિભાઈ મને કહે કે તારે મારકેટની નોકરી છોડીને કૉલેજમાં જઈને બી. કોમ થવું જોઈએ. મેં કહ્યું કેમ? તારે ભણવું જોઈએ. મેં કહ્યું ભણવાની શી જરૂર છે? મારકેટમાં હું કંઈ બહુ ભણેલા માણસો જોતો નથી, અને એ બધાય પૈસા કમાય છે. હું પણ થોડા સમયમાં પૈસા એમની જેમ જ કમાતો થઈ જઈશ!

એ હસીને કહે, મૂરખ, મારકેટમાં હજારો લોકો કામ કરે છે તેમાં પૈસાવાળા શેઠિયાઓ કેટલા અને મહેતાજીઓ, ગુમાસ્તાઓ ને ઘાટીઓ કેટલા? જરા ધ્યાનથી જો. પેઢીમાં શેઠ એક હોય, પણ મહેતાજીઓ, ગુમાસ્તાઓ અને ઘાટીઓ દસ પંદર હોય છે. અને કોઈ મહેતાજીને તેં ક્યારેય પૂછ્યું છે કે કેટલાં વરસથી એ મારકેટમાં નોકરી કરે છે? એ બધાયને તારી જેમ જ પૈસા બનાવવા હતા, તેમાંથી કેટલાએ પૈસા બનાવ્યા? કેટલા શેઠિયા થયા? મારું માન અને મારકેટમાં પૈસા બનાવાની અને શેઠ થવાની શેખચલ્લી જેવી વાતો મૂકીને ભણવાનું કર. બી. કોમ. જેવી કોઈ ડીગ્રી લઈને સારી નોકરી લઈ લે. પછી ધંધો કરવો હોય તો કરજે. એમાં તું પૈસા કમાઇશ એની કોઈ ખાતરી નથી, પણ કૉલેજની ડીગ્રી હશે તો સારી નોકરી જરૂર મળશે.

મેં કહ્યું, દેશમાં કાકા તો મારી કમાણીની રાહ જોઈને બેઠા છે. અહીં ધંધો કરીને કંઈ પૈસા બનાવું તો ઠેકાણે પડું અને દેશમાંથી બધાને બોલાવી શકું. જો કૉલેજમાં ભણવા બેસું તો બીજાં ચાર વરસ નીકળી જાય તેનું શું? કાકાને હું કૉલેજમાં ભણવા બેસું તે ગમવાનું નથી. વધુમાં કૉલેજમાં જવાના ફીના પૈસા હું ક્યાંથી કાઢવાનો છું? અને એ ચાર વરસ દરમિયાન હું રહીશ ક્યાં? રતિભાઈ કહે કે તારા કાકાને મુંબઈની કંઈ ખબર નથી. એ હા ના કરશે તો હું એમને સમજાવીશ, પણ એમને ન ગમે તો પણ તારે આગળ ભણવું જ જોઈએ. તારે તારું ભવિષ્ય જોવાનું છે. જો, હું મારા છોકરાઓને ટ્યુશન કરાવું છું તેને માટે જે માસ્તર આવે છે તેને પૈસા આપું જ છું. એ માસ્તરને બદલે તું છોકરાઓને ભણાવજે. એ પૈસા હું તને આપીશ અને તેમાંથી તારી ફી ભરજે. તારે રહેવા માટે આપણી કપોળ જ્ઞાતિની બોર્ડિંગ છે ત્યાં હું વ્યવસ્થા કરી આપીશ. પણ મેં કહ્યું કે હું તો હજી દેશમાંથી હમણાં જ આવ્યો છું મને મુંબઈની કશી ખબર નથી. કઈ કૉલેજમાં જવું, ત્યાં એડમિશન કેમ મેળવવું, બોર્ડિંગમાં કેમ દાખલ થવું, એ બધી બાબતની મને કોઈ ખબર નથી. એ કહે કે એ બધી વાત હું સંભાળીશ.

રતિભાઈની વાતોએ મારકેટમાં ધંધો કરવાનો અને અઢળક પૈસા બનાવવાનો જે રોમેન્ટિક ખ્યાલ હતો તે કાઢી નાખ્યો. જે પેઢીમાં હું થોડો વખત બેઠો હતો ત્યાં જ કામ કરતા મોટા ભાગના મહેતાજીઓ, ગુમાસ્તાઓ અને ઘાટીઓ વરસોથી કામ કરતા હતા. મોટી ઉંમરના મહેતાજી, જેનો પડતો બોલ અમે ઝીલતા અને જેને અમે સૌ, શેઠ સુધ્ધાં, મોટા મહેતાજી કહેતા, તે તો શેઠના બાપદાદાના જમાનાથી પેઢીમાં કામ કરતા હતા. અને હજી મહેતાજી જ હતા. મારી આંખ ઊઘડી. થયું કે રતિભાઈની સલાહ સાચી છે. કાકાને ગમે કે ન ગમે મારે કૉલેજમાં જવું જ જોઈએ.

નાનપણમાં કનૈયાલાલ મુનશીની સ્વપ્નદ્રષ્ટા અને ઈશ્વર પેટલીકરની તરણા ઓથે ડુંગર જેવી નવલકથાઓ વાંચીને મેં કૉલેજમાં જવાનાં સપનાં સેવ્યાં હતાં, પણ હાઇસ્કૂલ પછી તરત જ નોકરી કરવાના કાકાના આદેશથી અને મારકેટના થોડા જ અનુભવથી એ સપનાં રોળાઈ ગયાં હતાં. પણ રતિભાઈને મળ્યા પછી કૉલેજ જવાનાં એ સપનાં પાછા સજીવન થયાં. લાગ્યું કે આપણું ભાગ્યનું પાંદડું ફર્યું છે! એમ પણ થયું કે કૉલેજમાં જઈને ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરવો અને કવિ થવું, અને બને તો એમ.એ.ની ડીગ્રી લઈને પ્રૉફેસર થવું! એ વખતે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં કવિ મનસુખલાલ ઝવેરી ગુજરાતીના પ્રૉફેસર તરીકે પ્રસિદ્ધ હતા. વિદ્યાર્થીઓ એમના ક્લાસમાં દાખલ

થવા આતુર હતા. મને પણ થયું કે કૉલેજમાં જવાની તક મળી છે તો મનસુખભાઈના હાથ નીચે જઈને ભણવું. દેશની લાઇબ્રેરીમાં મેં એમના કાવ્યસંગ્રહો પણ જોયા હતા.

મારી કૉલેજમાં જવાની વ્યવસ્થા રતિભાઈ કરતા હતા, ત્યારે મેં કાલા થઈને કહ્યું કે મારે તો સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં જવું છે. ત્યાં કવિ મનસુખલાલ ઝવેરીના હાથ નીચે સાહિત્યનો અભ્યાસ કરવો છે. એમ પણ કહ્યું કે મનસુખભાઈની ગુજરાતીના પ્રૉફેસર તરીકેની ખ્યાતિ સાંભળીને વિદ્યાર્થીઓ દૂર દૂરથી આકર્ષાઈને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં તેમના ક્લાસમાં બેસવા આવતા હતા. તેમની વિદ્વત્તા અને સ્વચ્છ અને સ્પષ્ટ ગુજરાતીમાં લાંબો સમય બોલવાની એમની સજ્જતા એવી હતી કે થાય કે આપણે એમને સાંભળ્યા જ કરીએ. કહેવાતું કે 'શ' અને 'ષ'નો ઉચ્ચાર ભેદ સમજવો હોય તો મનસુખભાઈને સાંભળો! એ દિવસોમાં મુંબઈના ગુજરાતી સાહિત્યજગતમાં મનસુખભાઈનો સિતારો ચમકતો હતો, છતાં રતિભાઈને એ કોણ છે તેની ખબર પણ નહોતી! રતિભાઈએ પૈસાનું મહત્ત્વ સમજાવીને મને સ્પષ્ટ કહ્યું કે તારે લિટરેચરને રવાડે ચડવાનું નથી. કૉમર્સની ડીગ્રી લઈ કોઈ ધંધાની લાઈન પકડીને પહેલાં પૈસા બનાવ પછી જે કરવું હોય તે કરજે. મને પૂછ્યું પણ ખરું કે એ ઝવેરી છે તો ઝવેરાતનો ધંધો કેમ કરતા નથી? કવિતાના લફરે કેમ ચડ્યા છે?!

આમ રતિભાઈએ મારી કવિ થવાની અને સાહિત્યનો અભ્યાસ કરવાની વાત ઉપર ઠંડું પાણી રેડ્યું. એ કહે એવું લિટરેચરનું લફરું લગાડીશ તો તને નોકરી નહીં મળે. તારે તો કૉમર્સમાં જવાનું છે, બી. કોમ. થવાનું છે. બી. કોમ. થઈશ તો કોઈ સારી કંપનીમાં નોકરી મળશે. કોઈ ધંધાની લાઈન પકડાશે. કવિતા ફવિતા લખવાથી તારું કંઈ વળવાનું નથી. આખરે રતિભાઈ જ મારી કૉલેજની ફી ભરવાના હતા અને હવે પછી મુંબઈમાં મારી સંભાળ લેવાના હતા તો મારાથી તેમની અવગણના કેમ થાય? વધુમાં એમને કારણે જ હું મારકેટમાંથી છૂટવાનો હતો. આપણે તો નીચી મુંડીએ એમણે જે કહ્યું તે કરવા તૈયાર થઈ ગયા. એ મને મુંબઈની જાણીતી સીડનહામ કૉલેજમાં લઈ ગયા. મેટ્રિકની પરીક્ષામાં મારો ફર્સ્ટ ક્લાસ આવેલો તેથી એડમિશનમાં કોઈ વાંધો ન પડ્યો. આમ હું મારકેટની દુનિયામાંથી છૂટ્યો અને કૉલેજીયન થયો. અને બહેનને ઘરેથી નીકળીને નાતની બોર્ડિંગમાં દાખલ થયો.

## બોર્ડિંગની દુનિયા

કૉલેજમાં જવાથી એક ફાયદો થયો: હું બહેનના ઘરેથી બહાર નીકળી શક્યો. રતિભાઈએ મને બોર્ડિંગમાં દાખલ કરાવ્યો. એ જમાનામાં સૌરાષ્ટ્રમાં એકાદ બે કૉલેજ હતી. સાવરકુંડલા, મહુવા, શિહોર, રાજુલા જેવાં નાનાં નાનાં ગામોમાંથી જો છોકરાઓને કૉલેજમાં જવું હોય તો એમને મુંબઈ આવવું પડે. પણ મુંબઈમાં રહેવું ક્યાં? આ છોકરાઓ મુંબઈ કૉલેજમાં જાય ત્યારે તેમના રહેવાની સગવડ થાય તે માટે કપોળ નાતિના આગેવાન શેઠિયાઓએ ઠેઠ ૧૮૯૬માં નાતિની એક બોર્ડિંગ શરૂ કરી હતી. એ શરૂ થઈ ત્યારે તો માત્ર દસેક જેટલા વિદ્યાર્થીઓ હતા. આજે સોએક જેટલા વિદ્યાર્થીઓ ત્યાં રહીને મુંબઈની વિધવિધ કૉલેજોમાં મેડીસીન, એન્જિનિયરીંગ, કૉમર્સ, આર્ટ્સ, લૉ, એવું જુદું જુદું ભણે છે. રતિભાઈ પોતે જ આ બોર્ડિંગમાં રહીને ભણ્યા હતા. બોર્ડિંગની બાજુમાં જ પોદ્દાર કૉમર્સ કૉલેજ હતી, પણ એમણે મને ઠેઠ ચર્ચગેટ સ્ટેશન પાસે આવેલી સીડનહામ કૉલેજમાં દાખલ કર્યો કારણ કે એ પોતે ત્યાં ગયા હતા. મુંબઈમાં સીડનહામનું નામ પણ મોટું.

માટુંગાના ફાઈવ ગાર્ડન્સના ત્યારના શાંત અને રળિયામણા એરિયામાં આવેલી આ બોર્ડિંગ મારા માટે આશીર્વાદ સમી હતી. હું પહેલી જ વાર ઘરનું વાતાવરણ છોડીને બહાર રહેવા ગયો. બોર્ડિંગમાં રહેનારા બધાં જ કૉલેજીયનો અને લગભગ સમવયસ્ક. રૂમની સાઈઝ મુજબ એક, બેથી માંડીને ચાર જેટલા પાર્ટનર હોય. વરસે વરસે તમારા પાર્ટનર બદલાય. આમ સાવ અજાણ્યા લોકો સાથે રહેવાનું મને મળ્યું. પહેલે જ વરસે અનિલ દોશી મારા રૂમ પાર્ટનર હતા. એ માટુંગાના જ હતા. એમની દ્વારા મને એમના ભાઈ કનુભાઈ દોશી સાથે ઓળખાણ થઈ જે જીવનભરની મૈત્રીમાં પરિણમી. હું જ્યારે અમેરિકા આવવા તૈયાર થયો ત્યારે પાસપોર્ટ મેળવવા જે ગેરેન્ટીની જરૂર પડે તે મારા કોઈ સગા આપવા તૈયાર ન હતા. પણ અનિલભાઈએ ખુશીથી ગેરેન્ટી લખી આપી. પછી તો બન્ને દોશી ભાઈઓના અમેરિકા આવવામાં હું નિમિત્ત બન્યો.

આ બોર્ડર્સમાં કેટલાક તો મુંબઈ કે આજુબાજુના પરાના હતાં. ઘણા કોન્વેન્ટ સ્કૂલ્સમાં ભણેલા. ફટ ફટ ઇંગ્લીશમાં વાતો કરે, ઇસ્ત્રીવાળાં કપડાં પહેરે, ટેનિસ અને બેડમિંગ્ટન રમે. કો'ક ભાગ્યશાળીને તો વળી ગર્લફ્રેન્ડ હોય! એ બધા રવિવારે રેસ્ટોરાંમાં જાય અને પછી અરોરા કે બીજા કોઈ થિયેટરમાં જઈને હોલીવુડની ફિલ્મ જુએ. બીજે દિવસે

ડાઈનિંગ ટેબલ પર એ ફિલ્મની ઇંગ્લીશમાં વાત કરે. હું આ બધું આભો બનીને જોઈ રહું. ડાઈનિંગ ટેબલ પર વાત કરવાની હજી મારામાં હિંમત આવી નહોતી. ઈંગ્લીશમાં બોલવાની તો વાત જ ક્યાં કરવી?

બોર્ડિંગની પાછળ અને આજુબાજુ લગોલગ બીજાં બિલ્ડિંગ્સ. બારી ઉઘાડો તો સામેના ફ્લેટમાં શું થઈ રહ્યું છે તે બધું દેખાય, શું બોલાય છે તે બધું સંભળાય. ત્યાં વસતા લોકો માટે અમારા જેવા બોર્ડર્સનો મોટો ત્રાસ હોવો જોઈએ. લીબીડોથી ઊભરાતા અમે સોએક નવજુવાનો. દિવસે અને ખાસ તો રાતે આજુબાજુના ફ્લૅટ્સમાં શું થઈ રહ્યું એ જોવા જાણવા અમે આતુર. ચકળવકળ આંખે મીટ માંડીએ. આ જાસૂસી કરતા ક્યારેક અમે પકડાઈએ પણ ખરા. ફરિયાદ આવે. થોડી વાર એ બધું બંધ થાય, પણ વળી પાછું શરૂ થાય. મારી બારી સામે એક કચ્છી કુટુંબ હતું. ત્યાં એક નમણી છોકરી એના કોન્વેન્ટ સ્કૂલના યુનિફોર્મમાં બાલ્કનીમાં ઘણી વાર ઊભી હોય તેને હું જોતો. વરસો પછી અમેરિકામાં એક પાર્ટીમાં એણે મને પકડી પાડ્યો. કહે કે તું બોર્ડિંગમાં રહેતો હતો અને તારી બારી મારી બાલ્કનીની સામે જ પડતી હતી! મીટ માંડવામાં માત્ર અમે છોકરાઓ જ નહોતા!

હું હજી ઈસ્ત્રી વગરના લેંઘો કફની અને ચપ્પલ પહેરતો હતો. મુંબઈના પ્લેબોય બોર્ડર્સ સામે હું સાવ ગામડિયો જ દેખાયો હોઈશ. પેન્ટ શર્ટ અને શુઝ લેવાના મારી પાસે પૈસા ન હતા. કાકા આગળથી પૈસા માગવાની તો વાત જ નહોતી. એમને તો હું બહેનનું ઘર છોડીને કૉલેજ જવા માટે બોર્ડિંગમાં રહેવા ગયો તે જ નહોતું ગમ્યું. રતિભાઈ આગળ પૈસા માગવાનો સંકોચ થતો હતો. એ મારી કૉલેજની ફી, ટ્રેનમાં આવવાજવાનો પાસ, અને બોર્ડિંગમાં બે ટંક ખાવાના પૈસા આપતા. મને થયું કે બોર્ડિંગમાં ખાવાનું એક ટંકનું કરી નાખું તો થોડા પૈસા બચે. રતિભાઈનાં સંતાનોને સવારના ટ્યુશન આપતો હતો. પણ સાંજના એક વધારાનું ટ્યુશન આપી શકાય તો સારું એમ માનીને એ શોધ આદરી. મારો એક બીજો રૂમપાર્ટનર પણ માટુંગાનો જ હતો. એ કહે મારા ભાઈને માટે અમે ટ્યુટર ગોતીએ છીએ. તારે કરવું છે? આમ મારું સાંજનું ટ્યુશન શરૂ થયું. પૈસાની થોડી રાહત થઈ. બે ટંકનું ખાવાનું શરૂ કર્યું.

પહેલું વેકેશન પડ્યું કે દેશમાંથી આવેલા છોકરાઓ તો ઘરે ગયાં. મેં જોયું કે એ બધાને ઘરેથી કાગળો આવે. ખાવાના, ખાસ કરીને મીઠાઈના પાર્સલ આવે. ભાઈબહેન કે માબાપ દેશમાંથી ખાસ મળવા આવે. મુંબઈના છોકરાઓ માટે તો પરીક્ષાના દિવસોમાં

એમનાં સગાંઓ ચાનાસ્તો લઈને હાજર હોય. એક પેપર પૂરું થાય કે સગાંઓ ઘેરી વળે, થમીસમાંથી ગરમ ગરમ ચા કાઢે, નાસ્તો ખવરાવે, પેપર સહેલું હતું કે અઘરું એવી પૂછપરછ કરે. આ બધું હું દૂર ઊભો ઊભો જોઈ રહું. મનોમન સમસમી રહું. બા કાકાને ખબર પણ નહીં હોય કે હું શું ભણું છું, કે અત્યારે પરીક્ષા ચાલે છે. મારા ચાર વરસના વસવાટમાં દેશમાંથી સમ ખાવા પૂરતો કાકાનો એક કાગળ પણ આવ્યો નહોતો, તો એમની મળવા આવવાની તો વાત ક્યાં કરવી? એ દિવસોમાં મને બહુ ઓછું આવતું. કાકા ઉપર મને એટલો તો ગુસ્સો આવતો હતો કે ચાર વરસમાં એકે વાર હું દેશમાં ઘરે ગયો નહોતો. જો કે દેશમાંથી પણ કોઈએ મને કહ્યું નહોતું કે વેકેશન પડ્યું છે તો એક વાર ઘરે આવી જા. કમસે કમ અમને તારું મોઢું બતાડી જા!

બોર્ડિંગમાં ધીમે ધીમે હું સેટલ થઈ ગયો. રૂટીનમાં સવારે ટ્યુશન કરવા જવાનું. આવીને કૉલેજમાં જવા માટે દાદર સ્ટેશન સુધી ચાલીને ચર્ચગેટની ટ્રેન પકડવાની. બપોરના ભૂખ લાગે. ગારમેન્ટ ક્લીનીન્ગના સ્ટાર્ચ વાળા કડક પેન્ટ શર્ટ પહેરેલા અને ઇંગ્લીશમાં વાત કરતા મુંબઈના છોકરાછોકરીઓથી ભરેલી કેન્ટીનમાં જવાની હિંમત નહોતી. પૈસા પણ નહોતા. કૉલેજમાં સદ્‌ભાગ્યે થયેલા મિત્ર નવીન જારેચાને પકડતો. એમની બહેનને ત્યાંથી એમનું ટિફિન આવતું તેમાં હું ક્યારેક ભાગ પડાવતો, કહો કે એમના કરતાં વધુ ખાતો! નવી લખેલી કવિતા એમને વંચાવાના બહાને. કૉલેજના ક્લાસીસમાં મને ભાગ્યે જ રસ પડતો. બધું ઇંગ્લીશમાં. આપણે વાયા વિરમગામથી આવેલા. પ્રૉફેસર તો ઇંગ્લીશમાં એનું લેક્ચર ગગડાવીને ચાલતા થાય. હું બાઘો થઈને સાંભળું પણ સમજુ કાંઈ નહીં. ક્લાસ ક્યારે પતે એની રાહ જોઉં. ટ્રેન પકડીને પાછો બોર્ડિંગમાં. આવીને ટ્યુશન કરવા જાઉં. આ મારી રોજની રૂટીન.

બોર્ડિંગમાં એક નાની લાઇબ્રેરી હતી. તે સંભાળવાનું કામ મેં લીધું. એનું જે કાંઈ થોડું બજેટ હતું તેમાંથી થોડાં માસિકો જે હું દેશમાં હું વાંચતો—સંસ્કૃતિ, વિશ્વમાનવ, વગેરેનું લવાજમ ભર્યું. મોટા ભાગના બોર્ડર્સને લાઇબ્રેરીમાં કે આ માસિકોમાં કોઈ રસ ન હતો. કૉલજનાં પાઠ્યપુસ્તકો વાંચવાને બદલે આ માસિકો આવે એટલે તરત વાંચી જતો. વધુમાં બોર્ડિંગમાં એક સ્ટડી સર્કલ શરૂ કર્યું. જેમાં બહારથી કોઈ જાણીતા સાહિત્યકારને લેક્ચર આપવા અમે બોલાવતા. સીડનહામ કૉલેજમાંથી ઈંગ્લીશના પ્રૉફેસર મહિષી અને ગુજરાતીના પ્રૉફેસર મુરલી ઠાકુર, અને મીઠીબાઈ કૉલેજમાંથી ઇતિહાસ અને રાજકારણના પ્રૉફેસર નગીનદાસ સંઘવીને હું આ સ્ટડી સર્કલમાં લઈ આવ્યો હતો.

એક વાર હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયને બોલાવેલા. એ નાટ્યકાર, કવિ, સંગીતકાર, અને પાર્લામેન્ટના મેમ્બર! જો કે ત્યારે એ હજી બાવરચી ફેમના મોટા ફિલ્મ સ્ટાર નહોતા થયા. છતાં મારે માટે એ બહુ મોટા માણસ હતા. ક્રાંતિકારી વિરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયના એ ભાઈ. પણ ખાસ તો કૉંગ્રેસના પહેલા ભારતીય મહિલા પ્રમુખ અને ગાંધીજી સાથે દાંડીકૂચમાં જોડાયેલ સરોજીની નાયડુના એ નાના ભાઈ. હરીન્દ્રનાથ આવવા તૈયાર થયા, પણ એક શરતે. "તું મને આવીને ટૅક્સીમાં લઈ મૂકી જા." આમાં તો ગાંઠનું ગોપીચંદન કરવાની વાત હતી. પણ આ તો બીગ કેચ હતો. મેં હા પાડી. દિવસ નક્કી કર્યો. હું તો નિયત દિવસે એમને ઘરે પહોંચી ગયો. ફ્લૅટની ઘંટડી મારી. જવાબ નહીં મળ્યો. બારણાને જરાક ધક્કો માર્યો તો ઊઘડી ગયું. અંદર ગયો. દીવાનખાનામાં કોઈ ન મળે. હિમ્મત કરીને અંદર આગળ વધ્યો અને જોયું તો બેડરૂમમાં કોઈ જુવાન છોકરીને એ ચુંબન ભરતા હતા! હું તો હેબતાઈ ગયો. ત્યારે હજી હું ગાંધીવાદી ચોખલિયો હતો. મને જોઈને તેઓ ગુસ્સે થઈ ગયા. મેં એમને કહ્યું કે હું એમને લેવા આવ્યો છું. મને બહાર બેસવાનું કહ્યું. તૈયાર થઈને અંદરથી બહાર નીકળ્યા. ટૅક્સી લીધી. કશું જ ન બન્યું હોય એમ ટૅક્સીમાં અલકમલકની વાતો કરતા અમે બોર્ડિંગમાં પહોંચ્યા. આજે પચાસ જેટલા વરસે એ શું બોલ્યા હતા તે યાદ નથી, પણ એ કોઈ જુવાન છોકરીને ચુંબન કરતા હતા તે બરાબર યાદ છે!

એ દિવસોમાં હું ગાંધીવાદી હતો. દેશદાઝ ઘણી હતી. પેન્ટ શર્ટ પહેરવાનું શરૂ કર્યું એ પહેલાં જે કફની લેંઘો પહેરતો એ ખાદીના પહેરતો. મારાં એક ફઈનો દીકરો જયંતિ આ બધી બાબતમાં મારો ગાઈડ હતો. લગભગ મારી જ ઉમ્મરનો, સગા કરતા મિત્ર વધુ. એક દિવસ મને કહે, દેશમાં ગરીબ લોકો ભૂખે મરે છે, અને આપણે કેટલું બધું ખાઈએ છીએ. જમવામાં માત્ર બે રોટલી અને કાં તો શાક અથવા દાળ, અને ફરસાણ અને મીઠાઈ તો નહીં જ નહીં. બોર્ડિંગમાં રવિવારે એક જ વાર જમવાનું હોય, પણ બપોરના મોટી જ્યાફત થાય. એ બહુ વખણાય. બહારના માણસો પણ ગેસ્ટ તરીકે આવે. હવે જયંતિએ આપેલા નિયમો મુજબ જ્યાફતની મીઠાઈ અને ફરસાણ મારાથી ખવાય જ નહીં. બોર્ડિંગના મહારાજ મારાં આ નવાં નવાં ધતિંગ જોયા કરે. એમનાથી રહેવાયું નહીં. એક વાર મને બાજુમાં લઈને પૂછે, તને મારી રસોઈ ભાવતી નથી કે શું? શું કંઈ વધુ ઓછું લાગે છે? મેં જ્યારે મારું કારણ સમજાવ્યું ત્યારે માથું ધુણાવીને ખસી ગયા!

## રતિભાઈ

હું રતિભાઈનો વિચાર કરું છું ત્યારે થાય છે કે બાળપણના અનાથ જીવનની અનેક હાડમારી, ખાસ કરીને ગરીબી સહન કરીને એમનો જીવન પ્રત્યેનો અભિગમ, અપ્રોચ (approach), "પૈસો મારો પરમેશ્વર" એવો એકસુરી, યુનીડીમેન્શલ (unidimensional) થઈ ગયો હતો. જે પૈસા બનાવે તે હોશિયાર, બાકી બધા ઠોઠ એવું એમનું સ્પષ્ટ માનવું. એ જ્યારે માટુંગાની ચાલીમાં રહેતા હતા ત્યાં એમની બાજુમાં જ ગુજરાતના જાણીતા નવલકથાકાર ગુણવંતરાય આચાર્ય રહેતા હતા. એમની દરિયા વિષયક નવલકથાઓ હું વાંચી ચૂક્યો હતો, અને મારે મન તો આવા લેખકના પાડોશી થવાનું મળે એ જ સદ્ભાગ્ય હતું. રતિભાઈને એનો એક પાડોશી કંઈક લેખક છે એવો આછો ખ્યાલ હતો. મેં જ્યારે એમને કહ્યું કે આ તો આપણા મોટા લેખક છે, ત્યારે કહે, એમ? એમની ચોપડીઓ બહુ ખપતી નહીં હોય, નહીં તો ચાલીમાં શા માટે રહે? જિંદગીમાં પૈસા સિવાય બીજી કોઈ વસ્તુનું એમને મહત્ત્વ દેખાતું જ નહી!

રતિભાઈનું આ પૈસાનું વળગણ હું સમજી શકું છું. આપણા દંભી સમાજમાં ધર્મ, નીતિ, સંસ્કાર વગેરે મૂલ્યોની મોટી મોટી વાતો જરૂર થાય, ગીતા પાઠ થાય, વારંવાર થતી રામકથાઓમાં હજારોની સંખ્યામાં લોકો હાજરી આપે, છતાં આપણી બોટમ લાઈન તો પૈસાની જ છે. મૂળજી જેઠા મારકેટમાં મેં એવા પણ શેઠિયાઓ જોયા છે, જે નિયમિત પૂજાપાઠ કરે, અને ધર્મધ્યાનમાં પૂરા પાવરધા રહે, પણ મહેતાજીને બસોનો પગાર આપીને ત્રણસોના પગારની સહી લેવામાં એ કંઈ અજૂગતું જોતા નહીં. રોજ બરોજના જીવનમાં ધર્માચરણ થવું જોઈએ, એવો ભ્રમ મનમાં રાખે જ નહીં.

આપણા સમાજમાં, ખાસ કરીને અમારી નાતમાં અને કુટુંબમાં પૈસા અને પૈસાદારોનો હજી પણ છડેચોકે જયજયકાર થાય છે. સભા સમારંભોમાં, નાતના મેળાવડાઓમાં, અરે, સાહિત્યમિલનોમાં પણ પૈસાવાળાઓ પહોળા થઈને બેસે. ગરીબગુરબાઓની આપણા સમાજમાં જે અવગણના થાય છે, એમને જે મેણાંટોણાં અને અપમાન સહન કરવા પડે છે તે રતિભાઈએ બહુ સહન કર્યાં હતાં. એમને બીક હતી કે એમને માથે જે વીતી હતી તે એમનાં સંતાનોને માથે પણ કદાચ વીતશે, એટલા માટે એમનું બધું ધ્યાન પૈસા બનાવવામાં જ ચોંટ્યું હતું.

મેં રતિભાઈને ક્યારેય કોઈ ગુજરાતી કે ઈંગ્લીશ, ચોપડી કે મૅગેઝિન વાંચતા જોયા

નથી. એમને ઘરે છોકરાઓનું ટ્યુશન કરવા હું દરરોજ જતો, પણ એ ઘરમાં મેં કોઈ પુસ્તક કે મૅગેઝિન જોયું હોય એવું યાદ નથી. હા, છાપાં જરૂર આવતા, પણ તે શેરબજાર અને ધંધાને લગતા સમાચારો જોવા માટે જ. કૌટુંબિક સંબંધો કે મૈત્રી પણ એવી બાંધવી કે જે આપણને ઉપયોગી થઈ પડે. માટુંગાના પાંચ બગીચા એરિયામાં દરરોજ સવારે ફરવા જતા ધનિકોનું એક ગ્રુપ હતું. તેમાં તે હોંશે હોંશે જોડાયેલા. એમનું સવારનું ફરવા જવાનું પણ આમ એમણે પૈસાદારોના ગ્રુપ સાથે રાખ્યું, જેથી એમાં જે કોઈ કોન્ટેક થાય તે ધંધામાં કામ લાગે!

જીવનની એકેએક પ્રવૃત્તિના હેતુમાં પૈસો મુખ્ય હોવો જોઈએ એવી એમની સાદી પણ સ્પષ્ટ માન્યતા. યેન કેન પ્રકારેણ પણ પૈસા બનાવવા એ એમનો જીવનમંત્ર હતો. આ કારણે શિષ્ટ સાહિત્યની વાત તો બાજુમાં મુકો, પણ એમને ફિલ્મ, ગીત સંગીત, ધર્મ, કે સામાજિક પ્રવૃત્તિઓ વગેરેમાં કોઈ રસ નહીં. એમની સાથે વાતો કરતા એવું ક્યારેય સાંભળ્યું નહોતું કે એ કોઈ મૂવી જોવા ગયા હોય, કે સંગીતના કાર્યક્રમમાં ગયા હોય. એમની સોશિયલ લાઈફમાં માત્ર લગ્ન પ્રસંગે જવાનું કે કોઈની સાદડીમાં જઈને બેસવાનું. રતિભાઈનું આવું સાહિત્ય, સંગીત અને કલાવિહીન જીવન ત્યારે મને જરાયે વિચિત્ર નહોતું દેખાયું. હું પણ એવા જ અરસિક ઘરમાં ઉછરેલો. મારા બધાં જ સગાંસંબધીઓ આવું જ જીવન જીવતા. એમને માટે તો એ ભલા અને એમના નોકરી-ધંધા ભલા.

રતિભાઈને જ્યારે ખબર પડી કે હું સાવ સામાન્ય ઘરની કૉલેજમાં પણ નહીં ગયેલી છોકરીને પરણવાનો છું ત્યારે નિરાશ થયા હતા. એમને એમ હતું કે એ કોઈ પૈસાવાળા કુટુંબની છોકરી સાથે મારી સગાઈ કરી આપી મારું ભવિષ્ય સુધારશે. એમણે એમ જ કર્યું હતું. જે ચાલીમાં રહેતા હતા તેના જ માલિકની દીકરી સાથે લગ્ન કર્યાં હતાં. દીકરીની સાથે સાથે સસરાએ બે રૂમનું ફ્લૅટ જેવું સરસ રહેવાનું કરી આપ્યું.

રતિભાઈ લાંબું જીવ્યા. દરરોજ સવારના લગભગ એકાદ કલાક ફરવા જવાને કારણે એમનું શરીર કસાયેલું હતું. વૃદ્ધાવસ્થામાં થોડું કથળેલા, એ સિવાય એ લગભગ રોગમુક્ત હતા. ગોરો વાન, હાઈટની કોઈ હડતાલ નહીં. જે પરિસ્થિતિ હોય તેમાં કોઈ કચ કચ કર્યા વગર જીવવામાં માને. એમની એક દીકરી મેન્ટલી રીટારડેડ હતી. રતિભાઈ અને ભાભીએ એ છોકરીને ઘરમાં રાખીને ઉછેરી અને એ મરી ત્યાં સુધી એને સાચવી. એમણે બન્ને છોકરાઓને મુંબઈમાં મોટા મોટા ફ્લૅટની વ્યવસ્થા કરી આપી, ધીકતો ધંધો

આપ્યો, પણ ઘરડા ઘડપણે પોતે તો છોકરાઓથી જુદા દૂરના પરામાં ભાભી સાથે રહેતા હતા. રતિભાઈએ જીવનમાં જે અનેક વિષમતાઓને આવી પડે તે સહન કરીને કેમ જીવવું તેનો એક ઉત્તમ દાખલો મને આપ્યો હતો.

જો રતિભાઈના મોઢેથી ફરિયાદનો કોઈ શબ્દ મેં ક્યારેય સાંભળ્યો નથી, તો ભાભી ભારે કચકચિયા. દિવસ ને રાત એકે એક બાબતમાં કંઈ ને કંઈ કચ કચ કર્યા કરે. મેં એમને છોકરાઓને પ્રોત્સાહન આપતાં કે એમનાં વખાણ કરતાં ક્યારેય જોયાં નથી. મોટા પૈસાવાળાની દીકરી અને ગરીબને ઘરે આવવું પડ્યું એટલે એમને પણ પૈસાનું ભારે ઓબ્સેશન. પાઈએ પાઈનો હિસાબ કરે, અને કરકસરથી ઘર ચલાવે. એમના પાછળનાં વરસો બહુ ખરાબ ગયા. ભાઈ ગયા પછી ભાભી કરુણ દશામાં પથારીવશ એકલા જીવ્યા. છોકરાઓ આવ-જા કરે એટલું જ. બાકી ઘાટી અને બાઈ એમની સંભાળ રાખે. જ્યારે જ્યારે હું મુંબઈ જાઉં ત્યારે તેમને ત્યાં અચૂક આંટો મારું. એમની અર્ધ બેભાન દશામાં પણ એ મને ઓળખી કાઢે! ભાભીની આવી કરુણ દશા જોઈને મનાય જ નહીં કે એક જમાનામાં એ રુઆબથી ઘર ચલાવતાં હતા, ઘરમાં એકહથ્થું રાજ કરતાં હતાં, અને રતિભાઈને પણ ખખડાવી નાખતાં!

હું જ્યારે અમેરિકા આવવા તૈયાર થયો ત્યારે પાસપોર્ટ લેવા માટે ગેરેન્ટીની જરૂર પડે તે આપવાની રતિભાઈએ મને સ્પષ્ટ ના પાડી! કહે કે ત્યાં શા માટે જાય છે? પૈસા બનાવવા માટે અમેરિકા જવાની કોઈ જરૂર છે જ નહીં, પોતાનો અને બીજા અનેકના દાખલા આપી કહ્યું કે જો, અમે બધા અમેરિકા ક્યાં ગયા છીએ, છતાં ફ્લૅટ ગાડી વગેરે વસ્તુઓ અમે વસાવી છે. વધુમાં એમ પણ કહ્યું કે જુવાન છોકરાઓ અમેરિકા જઈને બદલાઈ જાય છે. ત્યાંની વ્યભિચારી સંસ્કૃતિ અને શિથિલ કુટુંબપ્રથાથી ભોળવાઈને દેશ, માબાપને, સગાંસંબંધીઓને ભૂલી જાય છે.

એમનું કહેવું હતું કે સ્વછંદી અને સ્વાર્થી અમેરિકન છોકરીઓ આપણા છોકરાઓને લલચાવે છે. આવી છોકરીઓથી ભરમાઈને જે બૈરીએ પોતાનાં ઘરેણાં વેચીને ધણીને અમેરિકા મોકલ્યો હોય છે તેને જ છોડીને અમેરિકન છોકરીને પરણે છે. મારા અમેરિકા ગયેલા એક મિત્રે એવું કરેલું તેનો દાખલો આપીને કહ્યું કે તું એવું નહીં કરે એની ખાતરી શું? મુંબઈની સખત હાડમારી અનુભવીને હું એવો તો હારી ગયો હતો કે અમેરિકા જવાની જે અણધારી તક મને મળી તે તરત ઝડપી લીધી. અને રતિભાઈના વિરોધ છતાં હું તો અમેરિકા ગયો જ.

પૈસાવાળા સંબંધીઓ એમને માટે શું ધારે છે, એ લોકો એમને એમના એલીટ (elite) સર્કલમાં પોતાને સમાવે છે કે નહીં એની એમને સતત ચિંતા રહેતી. જ્યારે એમના પૈસાવાળા સગાઓ અને મિત્રો છોકરાઓને અમેરિકા ભણવા મોકલવા મંડ્યા ત્યારે રતિભાઈ ને થયું કે એમનો દીકરો પણ અમેરિકા જાય તો સારું. મિત્રોની જેમ એમને પણ અમેરિકા જતા છોકરા માટે વિદાય સમારંભ યોજવો હતો, છાપામાં છોકરાના ઍરપોર્ટના હારતોરાવાળો ફોટો જોવો હતો. છોકરો અમેરિકા જઈ એમ.બી.એ.ની ડીગ્રી લઈ આવે તો મેરેજ મારકેટમાં એના ભાવ વધી જાય. મોટા પૈસાપાત્ર કુટુંબની છોકરી મળે. એના મોટા દીકરાની કૉલેજ પૂરી થઈ ત્યારે આ બધી ગણતરીથી એને અમેરિકા મોકલવાનું નક્કી કર્યું. મને લખ્યું કે આ બાબતમાં હું કંઈ મદદ કરી શકું કે? મેં તરત જ એને માટે એડમીશન, રહેવાની, વગેરેની વ્યવસ્થા કરી આપી. એ દીકરો જ્યારે એમ.બી.એ.ની ડીગ્રી લઈને દેશમાં ફરવા આવ્યો, ત્યારે એને પાછો અમેરિકા નહીં આવવા દીધો! એનું ગ્રીન કાર્ડ જ ફાડી નાખ્યું! એક મોટા કુટુંબની છોકરી શોધીને પરણાવી દીધો. એમની દૃષ્ટિએ દીકરાને અમેરિકા મોકલવાનો એમનો જે હેતુ હતો તે સર્યો. પછી એને ત્યાં પાછું જવાની શી જરૂર છે?

પણ મારા માટે અમેરિકા આશીર્વાદરૂપ હતું. જો મારી પાસે કૉલેજની ડીગ્રી ન હોત તો મારું અમેરિકા આવવાનું શક્ય જ ન બનત. રતિભાઈની મદદ અને સલાહ સૂચનાથી જ હું મારકેટ છોડી શક્યો અને કૉલેજ જઈ શક્યો. એમણે જ મારી કૉલેજ જવાની સગવડ કરી આપી હતી. આમ મારા જીવનમાં, ખાસ કરીને મારી પ્રગતિમાં રતિભાઈએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. એમની જો મદદ ન હોત તો હું હજી મારકેટમાં ગુમાસ્તો જ રહ્યો હોત, કદાચ મહેતાજી બનવા સુધી પહોંચ્યો હોત. પણ ધંધો કરવાની જે કુનેહ અને સહજ વૃતિ જોઈએ એ મારામાં હતી જ નહીં. વધુમાં હું મારકેટમાં કે બીજે ક્યાંય દલાલી તો ન જ કરી શક્યો હોત. દલાલી કરવા માટે જે ખુશામત કરવી પડે, શેઠિયાઓની જે પગચંપી કરવી પડે તે મારાથી ન જ થઈ શકત. રતિભાઈએ મને મારકેટની દુનિયામાંથી છોડાવ્યો. આમ હું રતિભાઈનો જીવનભર ઋણી રહ્યો છું. જ્યારે જ્યારે હું દેશમાં ગયો હોઉં છું ત્યારે તેમને જરૂર મળતો, અને એમની સાથે રહેતો. મારી અમેરિકાની સફળતા જોઈને એ પોતે ગર્વ અનુભવતા. એમને જ્યારે અમેરિકા આવવાનું થયું ત્યારે એમને અમેરિકા ફેરવવાનો મને સંતોષ થયો હતો.

## સીડનહામ કૉલેજ

કૉલેજમાં દાખલ તો થયો, પણ કૉલેજિયન થવું અઘરું હતું. કૉલેજમાં જવા વિશેના મારા જે રોમેન્ટિક ખ્યાલો હતા તે બધા એક પછી એક એમ ધીમે ધીમે ઓસરવા માંડ્યાં. પહેલી મોટી મુશ્કેલી તો એ પડી કે ક્લાસમાં પ્રૉફેસર શું બોલે છે તેની કંઈ ખબર જ ન પડે! હું તો વાયા વિરમગામથી આવેલો. ગુજરાતી મીડિયમમાં ભણેલો. અંગ્રેજીનો કક્કો બારાખડી આવડે એટલું જ, પણ લખવા, વાંચવા અને ખાસ તો બોલવાના ફાંફા! મુંબઈની કૉલેજોમાં મીડિયમ ઈંગ્લીશ, બધું જ કામ અંગ્રેજીમાં થાય. કંઈ ખબર ન પડે. પહેલે જ અઠવાડિયે "હું બહુ હોશિયાર છું" એ ફાંકો ઊતરી ગયો.

વધુમાં બોર્ડ ઉપર પ્રૉફેસરે જે કાંઈ લખ્યું હોય તે વંચાય નહીં. ક્લાસમાં સંખ્યા મોટી, ક્લાસ રૂમ મોટા. આગળ છોકરીઓ બેઠી હોય. હું તો દૂર છેલ્લી પાટલીએ બેસનારો. મેં બાજુવાળાને બોર્ડમાં જે લખાતું હતું તેની કોપી કરતો જોયો તો પૂછ્યું: તને આ બધું વંચાય છે? એ મને કહે: હાસ્તો, તું આંધળો છે? જા, ચશ્માં લઈ આવ. ત્યારે મને ખબર પડી કે મને ચશ્માંની જરૂર છે! બીજે દિવસે પૂછપરછ કરી કાલબાદેવી ગયો. ત્યાં ચશ્માંવાળાઓની દુકાનો ઘણી. એકમાં ગયો. એણે થોડાક ચશ્માં મારી આંખ પર લગાડીને પૂછ્યું કેમાં સારું દેખાય છે? આમ દસ મિનિટમાં જ હું ચશ્માધારી બની ગયો!

કૉલેજમાં પહેલે જ દિવસથી મેં જોયું તો મુંબઈની કોન્વેન્ટ સ્કૂલોમાં ભણેલા છોકરાઓ, ખાસ કરીને પારસી અને ક્રિશ્ચિયન છોકરાછોકરીઓ અંગ્રેજીમાં સહજ જ વાતો કરે, ક્લાસમાં પ્રૉફેસરોને પ્રશ્નો પૂછે, અને આપણી ફાટે. થાય કે ક્યાં આવી ગયા? કૉલેજનાં પાઠ્યપુસ્તકો પણ અંગ્રેજીમાં જ હોય. ત્રણસો ચારસો પાનાંના આખા ને આખા અંગ્રેજીમાં લખાયેલાં પુસ્તકો મેં પહેલી વાર જ જોયાં. ઈંગ્લીશ લખવા, વાંચવા અને બોલવાની સહજતા તો ઠેઠ અમેરિકા આવ્યા પછી જ આવી. કૉલેજનાં એ ચાર વર્ષોમાં ક્લાસમાં એક વાર પણ ઊભા થઈને પ્રૉફેસરને સમ ખાવા પૂરતો પણ કોઈ પ્રશ્ન પૂછવાની હિંમત મેં કરી નહોતી!

કૉલેજમાં જવાનું બીજું આકર્ષણ એ હતું કે ત્યાં ભણતી મુંબઈની આધુનિક છોકરીઓ સાથે મારી મૈત્રી થશે. આવી કોઈ મૈત્રી પ્રેમમાં પણ કદાચ પરિણમે! આવું બધું ઘર ઉપરની મેડીએ નવલકથાઓ વાંચતાં વાંચતાં કલ્પેલું. ગામમાં તો છોકરી સામે જોવું હોય તો પણ છાનામાના જ જોવાનું. આગળ જણાવ્યું તેમ નિશાળમાં બે ત્રણ છોકરીઓ

ક્લાસમાં હોય. પણ એ તો ક્લાસમાં આગળ બેસે. શિક્ષક સાથે આવે અને જાય. એમની સાથે વાત તો ક્યાંથી થાય? વાત કરવાની હિંમત પણ ક્યાં હતી. અરે, રસ્તામાં સામે જો કોઈ છોકરી મળી ગઈ હોય તો નીચે જોઈને ચાલવામાં આપણી ખાનદાની છે એવું અમારા મગજમાં ઠસાવાતું.

મુંબઈની છોકરીઓ અને સ્ત્રીઓ તો છૂટથી હરેફરે, ઑફિસોમાં કામ કરે, ટ્રેઈનમાં આવે જાય અને પરપુરુષો સાથે છૂટથી વાતો કરે. આ બધું જોઈને આપણે તો ખુશ થઈ ગયા. થયું કે આમાં ક્યાંક તો આપણો નંબર લાગશે. થયું કે કૉલેજમાં કોઈ છોકરી સાથે અલકમલકની વાતો કરીશું. એને પ્રણયકાવ્યોનો રસાસ્વાદ કરાવીને એના પ્રેમમાં પડીશું! વાસ્તવિકતા કંઈક જુદી જ નીકળી. કૉલેજમાં છોકરીઓ જરૂર હતી, અને એ છોકરાઓ સાથે હળતી મળતીય ખરી. પણ એ છોકરાઓ કોણ અને કેવા? ટાયનોલમાં ધોવાયેલ એક્સ્ટ્રા સ્ટાર્ચવાળા પેન્ટ શર્ટમાં આંટા મારનારા, કેટલાકના મોઢામાંથી સિગરેટના ધુમાડાના ગોટા નીકળે, અને તાજેતરમાં જોયેલી હોલીવુડની મૂવીઓની અંગ્રેજીમાં વાતો કરતા હોય. કેટલાક તો પોતાની ગાડીમાં કૉલેજમાં આવે. કેટલાકને ડ્રાઈવર લઈ મૂકી જાય.

એ નબીરાઓની સામે આપણો નંબર ક્યાંથી લાગવાનો? હજી હું કફની લેંઘા અને ચપલમાં જ આંટા મારતો હતો. અંગ્રેજી બોલવાના ફાંફા તો પહેલેથી જ હતા. છોકરીઓની બાબતમાં આપણી દશા તો જેવી દેશમાં હતી તેવી જ અહીં રહી. કૉલેજનાં ચાર વર્ષોમાં એક વાર પણ કોઈ છોકરી સાથે વાત કરવાની હિંમત કરી નહોતી, તો પછી પ્રેમ કરવાની વાત તો ક્યાં કરવી? માત્ર દૂરથી આ છોકરીઓને જોયા કરવાથી વધુ હું કશું ન કરી શક્યો. મને ગુજરાતી કવિતા વાંચવા લખવાનો શોખ છે, એની વાત અહીં આ કૉમર્સ ભણતી છોકરીઓને કેમ કરવી?

આમ કૉલેજમાં જવાનો મારો ઉત્સાહ ઓસરવા મંડ્યો. થયું કે આ તો મોટી ભૂલ થઈ ગઈ. ક્લાસમાં જો પ્રૉફેસર બોલે તે કશું સમજાય જ નહીં તો હું એક્ઝામ પેપર્સ કેમ લખીશ? અને જો ફેઈલ થયા તો રતિભાઈને શું મોઢું બતાડીશ? અને કાકાને થશે કે મોટે ઉપાડે કૉલેજમાં જઈને મેં શું ઉકાળ્યું? થયું કે દેશમાં પાછા જવું? મારકેટમાં પાછા જવું? ત્યાં તો "હું હવે કૉલેજમાં જવાનો છું," એમ બણગા ફૂંક્યા હતા. કયા મોઢે હું પાછો જાઉં? મારું તો સાપે છછુંદર ગળ્યા જેવી વાત થઈ. આવી હતાશ મનોદશામાં હતો ત્યાં એક દિવસે કૉલેજમાં ભાઈ નવીન જારેચાની ઓળખાણ થઈ.

## નવીન જારેચા

કૉલેજમાં એ જમાનામાં જુદી જુદી ભાષામાં વૉલપેપર ચલાવાતા–ગુજરાતી, મરાઠી, હિન્દી, વગેરે. વિદ્યાર્થી રચિત કવિતા, વાર્તા, લેખ વગેરે તેમાં સારા અક્ષરે લખાઈને ભીંતે લગાડેલા કાચના બોક્સમાં મુકાય. દર મહિને એ બદલાય. હું આ પ્રવૃત્તિ ઉત્સુક્તાથી જોતો. થતું કે મારે પણ એમાં કવિતા મૂકવી જોઈએ. પણ આપવી કોને? એક દિવસે નવીનભાઈ ગુજરાતી વૉલપેપર પૂર્ણિમા બદલતા હતા. મેં જઈને પૂછ્યું કે મારે અહીં કવિતા કેવી રીતે મૂકવી? એ કહે મને આપો, હું આનો તંત્રી છું. આપણે તો તૈયાર હતા! મેં એમને તરત જ મારી તાજેતરમાં લખાયેલ કવિતા આપી. એ પૃથ્વી છંદમાં લખાયેલ સૉનેટ હતું. એ એમણે પૂર્ણિમા માં મૂક્યું.

કૉલેજના ગુજરાતીના પ્રૉફેસર હતા મુરલીભાઈ ઠાકુર, એમણે આ સૉનેટ જોયું ને પૂછ્યું કે "આ નટવર ગાંધી કોણ છે?" કોઈ નવોસવો છોકરો છંદોબદ્ધ કવિતા લખે અને તે પણ પૃથ્વી છંદમાં અને સૉનેટમાં? મને મળવા બોલાવ્યો, ગયો. આમ મુરલીભાઈની ઓળખાણ થઈ. મને કહે, તમે લખતા રહો. પાછળથી ખબર પડી કે એક જમાનામાં મુરલીભાઈ પણ પોતે કવિતા લખતા. હરિશ્ચંદ્ર ભટ્ટ સાથે સફરનું સખ્ય એ નામે એમનો એક જોડિયો કવિતાસંગ્રહ પણ છપાયો હતો. મારી કવિતા આમ પૂર્ણિમા માં આવ્યાને કારણે સ્વર્ગસ્થ કવિ હરિશ્ચન્દ્ર ભટ્ટના સુપુત્ર મેઘનાદ ભટ્ટ જે બી.કોમ.ના જુનિયર વરસમાં હતા તેમની સાથે પણ મારી ઓળખાણ થઈ. એ કવિપુત્ર પણ કવિતા લખતા હતા.

જારેચા, મેઘનાદ અને હું લગભગ દરરોજ મળીએ, જે કંઈ લખ્યું હોય તે એકબીજાને બતાડીએ. હું મુંબઈમાં નવોસવો. એ બંને મારાથી બે વરસ સિનિયર, પણ કવિતાની બાબતમાં હું એ બંનેથી આગળ હતો. એ બંનેને હજી જ્યારે છંદનું કોઈ ઝાઝું ભાન ન હતું ત્યારે મને તો છંદોની હથોટી બેસી ગઈ હતી. હું છંદોમાં જ કવિતા લખતો! એ ઉપરાંત મારું ગુજરાતી સાહિત્યનું, ખાસ કરીને કવિતાનું જ્ઞાન ખાસ્સું હતું. કોઈ પણ કવિનું નામ પડતાં એ કવિની કઈ કવિતા પ્રસિદ્ધ છે અને એના ક્યા ક્યા કવિતાસંગ્રહો પ્રગટ થયા છે તે હું તરત જ કહેતો. ગામની લાઇબ્રેરીમાં જે થોથાં ઉથલાવ્યાં હતાં તે અહીં કામે લાગ્યાં!

આમ હું કૉલેજમાં જ્યારે હારીને બેઠેલો ત્યારે કહો તો કવિતાએ મને બચાવ્યો.

જ્યાં મને કોઈ ઓળખતું ન હતું ત્યાં એકાએક જ મારા ભાવ વધી ગયા. ગુજરાતીના પ્રૉફેસરને જાણવું હતું કે આ નટવર ગાંધી કોણ છે! કવિતા દ્વારા જ મારી અને જારેચાની અને ભટ્ટની મૈત્રી થઈ. એ મૈત્રી કૉલેજ પછી પણ ચાલુ રહી. બી.કોમ. થયા પછી ભટ્ટને તો લાગવગથી મફતલાલ મિલની મુંબઈની ઑફિસમાં નોકરી મળી ગઈ. એમના એક મિત્ર જે મફતલાલ છોડીને થોમસન ઍન્ડ ટેલર નામના ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં નોકરી કરવા ગયા હતા ત્યાં મને તેમની ભલામણથી નોકરી મળી. આમ ભટ્ટની મદદથી મને જો મારી પહેલી નોકરી મળી તો જારેચાની મદદથી હું અમેરિકા આવી શક્યો.

મારા જીવનમાં, ખાસ તો મારી પ્રગતિમાં જે મહત્ત્વનું સ્થાન રતિભાઈ ધરાવે છે, તેટલું જ અગત્યનું સ્થાન જારેચાનું છે. જારેચાની મદદથી હું કેવી રીતે અમેરિકા આવ્યો અને અમેરિકામાં એમણે મારી જે સંભાળ કરી એ વાત આગળ ઉપર આવશે. અત્યારે તો કૉલેજનાં વર્ષોની વાત કરવાની છે. મેં જોયું તો જારેચા હજી પણ કફની લેંઘા અને ચપલમાં જ પણ નિસંકોચ ફરતા હતા. જ્યારે હું સંકોચ અનુભવું ત્યારે એ કૉલેજમાં બધે છૂટથી હરે ફરે. હું તો કૉલેજની કેન્ટીનમાં જતા ગભરાઉં. ત્યાં કાઉન્ટર પર જઈ ઓર્ડર કરવાની પણ હિંમત ન ચાલે. જારેચાને એ કોઈ સંકોચ નહીં. એ તો મુરલીભાઈની કેબીનમાં પણ સહેજ જ પહોંચી જાય.

હું એમની આંગળીએ આંગળીએ બધે જવા માંડ્યો. એક વાર અમે બંને પ્રખ્યાત કવિ રાજેન્દ્ર શાહના પ્રિન્ટીંગ પ્રેસ લિપિનીમાં રવિવારની સવારે પહોંચી ગયા. ત્યાં રાજેન્દ્રભાઈ ઊગતા કવિઓ માટે વર્કશોપ ચલાવતા. નવા કવિઓ હોંશે હોંશે પોતાની કવિતા વાંચે. રાજેન્દ્રભાઈ મઠારે. વચમાં વચમાં પ્રેસના કારીગરોનું કામ જોતા તપાસતા જાય અને સૂચનો કરતા જાય. કાવ્યવાચન પછી નાસ્તો આવે. એક વાર નાસ્તો જલદી આવી ગયો. અમારા બધાનું ધ્યાન નાસ્તામાં! રાજેન્દ્રભાઈ કહે કવિતા બાજુએ મૂકો. પહેલાં નાસ્તો કરી લઈએ. “પહેલાં ભોજન, પછી ભજન!”

એક વાર મેં પણ રાજેન્દ્રભાઈને મારી છંદોબદ્ધ કવિતા દેખાડી. કૉલેજના વાર્ષિક મૅગેઝિનમાં છપાયેલી હતી. એટલે મુરલીભાઈના હાથ નીચે પસાર થઈ હતી. મને એમ કે જેમ મુરલીભાઈએ એને વખાણી હતી તેમ રાજેન્દ્રભાઈ પણ એનાં વખાણ કરશે. વાંચીને કહે, તમારા છંદ કાચા છે. મને ગમ્યું નહીં. નાની ઉંમરમાં છંદોબદ્ધ કવિતા લખવાની મારી આવડતનાં અત્યાર સુધી વખાણ જ સાંભળ્યા હતા. ત્યાં જાણીતા ગીત કવિ અને ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્ના આવ્યા. એની તરફ નજર કરીને કહે, જુઓ, આ

પ્રદ્યુમ્નના બાવડાં જોયા? કેવા જોરદાર છે! એ જોરદાર કેવી રીતે થયા? એ દરરોજ અખાડામાં જઈને કસરત કરે છે. તમારે એવો નિયમિત છંદોવ્યાયામ કરવાની જરૂર છે. વર્ષો પછી જ્યારે મારો પ્રથમ કવિતાસંગ્રહ, અમેરિકા અમેરિકાનું વિમોચન થયું ત્યારે રાજેન્દ્રભાઈ આવ્યા હતા. એ મને ગમેલું, પણ મનમાં હું વિચાર કરતો હતો કે હવેના મારા છંદો વિશે એ શું માનશે?

જારેચા સાથે મુંબઈમાં મેં બહુ આંટા માર્યા છે. જારેચાને કૉલેજમાં સહજતાથી અંગ્રેજીમાં વાતો કરતા, હરતાફરતા જોઈ મને થોડી ધરપત થઈ. થયું કે હું પણ વરસે બે વરસે આમ અંગ્રેજી બોલતો થઈ જઈશ. હું જ્યારે કૉલેજના જુનિયર વરસમાં આવ્યો ત્યારે એ તો બી.કોમ થઈ ગયા હતા. જ્યારે મોટા ભાગના ગ્રેજુએટ્સ નોકરી ગોતતા હતા ત્યારે એ અમેરિકા જવાનો વિચાર કરતા હતા! મને થયું, "આ માણસ ગજબ છે! છે સામાન્ય સ્થિતિના, માંડ માંડ મધ્યમ વર્ગના કહી શકાય એવા કુટુંબમાંથી આવે છે, અને છતાં અમેરિકા જવાની વાત કરે છે!"

## જારેચા અમેરિકા ઉપડ્યા!

એ જમાનામાં લોકોને અમેરિકા જવાનો મોટો મોહ હતો. આંગળીના વેઢે ગણાય એટલા જ અમેરિકા જઈ આવેલા લોકોને હું ઓળખતો. તે વખતે અમને અમેરિકા માત્ર હોલીવુડની મૂવીઓ અને લાઈફ ટાઈમ મૅગેઝિનમાં જોવા મળતું એ જ. જો કે અમેરિકા વિશે જાણવાની ઉત્સુકતા ઘણી. એ વખતે મુંબઈમાં હજી ટીવી પણ આવ્યું નહોતું, તો પછી સીએનએન વગેરે ટીવી શૉની વાત ક્યાં કરવી? આજે એ બધા શૉને કારણે લોકોને અમેરિકાની નવાઈ નથી રહી. કહો કે એનું આકર્ષણ ઘટ્યું છે. વધુમાં અમેરિકાની અવરજવર પણ વધી ગઈ છે. દેશમાં ભાગ્યે જ કોઈ ઉચ્ચ મધ્યમ વર્ગનું કે પૈસાદાર ઘર એવું હશે કે જેમાંથી કોઈક ને કોઈક–દીકરો, દીકરી, ભાઈ, બહેન, જમાઈ, કે સાઢું અમેરિકામાં નહીં હોય. તે લોકો આવતા જતા હોય. વળી આવા સાધનસંપન્ન લોકો હવે તો અમેરિકામાં નિયમિત વેકેશન માણવા જાય છે!

દરરોજ છાપાંમાં કોઈ ને કોઈના અમેરિકાગમનના ફોટાઓ સાથે સમાચાર આવે જ: "ફલાણાના દીકરા આજે મોડી રાતે એર ઇન્ડિયાના પ્લેનમાં અમેરિકાની અમુક યુનિવર્સિટીમાં એમ.બી.એ.ના ઉચ્ચ અભ્યાસ કરવા માટે જવાના છે!" એમનું

અમેરિકાનું પ્લેન તો ઊડવાનું હોય ત્યારે ઊડે, પણ ભાઈ તો દિવસોથી ઊડતા દેખાય. જેવી ખબર પડે કે કોઈ અમેરિકા જવાનું છે તો તુરત એના ભાવ ચડી જાય. લોકો ઘરે જમવા બોલાવે. ઍરપોર્ટ ઉપર એમને વળાવવા માટે સગાંવ્હાલાં અને મિત્રોનું ધાડું પહોંચી જાય. મારા જેવા હરખપદુડા લોકો પણ ઍરપોર્ટ પહોંચે. એ બધા વચ્ચે હારતોરા સાથે ભાઈના ફોટા પડે. બીજે દિવસે ઘરના બધાં છાપું ઉત્સુક થઈને જુએ કે શું આવ્યું છે.

અમેરિકા જવા માટેની ઘણી વસ્તુઓની જરૂર પડે: એડમિશન, વિસા, પાસપોર્ટ, ફૉરેન એક્ષ્ચેન્જ–તે બધું મેળવતા નાકે દમ આવી જાય. એ બાબતમાં મદદ કરવા કેટલાક હોશિયાર માણસો કન્સલ્ટીંગનો ધંધો કરતા. એક કન્સલટન્ટની આ બાબતની ધીકતી પ્રેક્ટિસ ચાલતી હતી. તેને મળવા જારેચા જવાના હતા. મને કહે ચાલો, મારી સાથે! હું પણ ગયો. કન્સલટન્ટને મળ્યા ત્યારે ખબર પડી કે અમેરિકા જવું એટલે બેગમાં કપડા ભરીને ઍરપોર્ટ ઉપર જઈને હારતોરા લઈને પ્લેનમાં બેસવાની માત્ર વાત નથી. મોટી વાત તો અઢળક પૈસા જોઈએ એની હતી. અમેરિકા ભણવા જવા માટે જે લાખો રૂપિયાની જરૂર પડે તે ક્યાંથી કાઢવા? એ એકડો જો પહેલાં લખાઈ જાય તે પછી જ બીજાં મીંડાંઓનું મહત્ત્વ હતું.

જારેચાના પિતાશ્રી એમની નાતના અગ્રણી સેવક હતા. એમની ઇચ્છા એવી કે નાતમાંથી પહેલું અમેરિકા જનાર તો તેમનો દીકરો હોવો જોઈએ! આમ તો એ માસ્તર હતા, પણ નાતનું બહુ કામ કરતા. નાતમાં એમની આબરૂ મોટી. નાતના ખમતીધર લોકોને કહ્યું કે આપણે હવે સંકુચિતતા છોડીને નવી પેઢીને આગળ અભ્યાસ માટે પરદેશમાં મોકલવી જોઈએ. જુઓ, મારો નવીન બી.કોમ. થયો છે. મારે એને અમેરિકા મોકલવો છે. એ ત્યાં જશે તો નાતનું નામ ઉજાળશે. ઠરીઠામ થઈને નાતના બીજા છોકરાઓને પણ બોલાવશે. આ વાત એમણે નાતના શેઠિયાઓને ગળે ઉતારી. નાતના લોકોએ ભેગા થઈને જારેચાના અમેરિકા જવા માટેનો ફંડફાળો ભેગો કર્યો! આ મોટું કામ પત્યા પછી પાસપોર્ટ, વિસા, બોટની ટિકિટ અને ફૉરેન એક્ષ્ચેન્જની પણ વ્યવસ્થા થઈ ગઈ. પેલા કન્સલટન્ટની મદદથી એમને ઍટલાન્ટા યુનિવર્સિટીમાં એડમીશન મળ્યું. જારેચાનું અમેરિકા જવાનું આમ નક્કી થયું. ચોપાટીના મોટા રેસ્ટોરાંમાં નાતનો મોટો સમારંભ થયો. તેમના મિત્રને નાતે હું પણ ગયેલો. નાતના શેઠ લોકોએ ભાષણો કર્યાં.

હારતોરા થયા. બીજે દિવસે બોટ પર એમને વળાવવા ગયો. બોટ ઊપડી ત્યાં સુધી હું પીઅર ઉપર ઉભો રહ્યો.

પાછા વળતા આખે રસ્તે હું વિચાર કરતો હતો કે આમ મારું કયારેય અમેરિકા જવાનું થશે ખરું કે? જારેચા અમેરિકા જાય તો હું કેમ ન જાઉં? પણ હું અમેરિકા જઉં એ પહેલાં તો મારે બી.કોમ. થવાનું છે. એનાં હજી બે વરસ બાકી છે. જારેચા જેવા બી.કોમ. થયા કે તેમના બાપાએ દીકરાને અમેરિકા મોકલવા માટે ખાસ દેશમાંથી મુંબઈ આવીને નાતના અગ્રગણ્ય શેઠિયાઓને મળીને પૈસા ઊભા કર્યા અને છોકરાને અમેરિકા મોકલ્યો. મારે તો કાકાના કાગળો રોજ આવતા હતા. એમાં હરી ફરીને એક જ વાત હોય. કૉલેજ પૂરી થવાની કેટલી વાર છે? એમની ઇચ્છા હતી કે જલદી જલદી હું ભણવાનું પૂરું કરું, નોકરી કરવા માંડું અને દેશમાંથી ભાઈબહેનોને મુંબઈ બોલાવું અને ઠેકાણે પાડું. ટૂંકમાં બી. કોમ. થઈને મારે તો નોકરી કરવાની હતી, મુંબઈમાં સેટલ થવાનું હતું, અને દેશમાંથી બધાને બોલાવાના હતા. જારેચા સાથે મારી સરખામણી ન થાય.

## હું બી. કોમ. થયો

જારેચા અને ભટ્ટના ગયા પછી કૉલેજમાં મને સૂનું સૂનું લાગવા માંડ્યું. બી.કોમ.નું ભણવામાં મને કોઈ રસ નહોતો. એ જમાનામાં સીડનહામ કૉલેજ બહુ વખણાતી. મુંબઈની ઉત્તમ કૉમર્સ કૉલેજ ગણાતી. એના પ્રૉફેસરોની ખ્યાતિ બહુ હતી. પ્રિન્સિપલ કે. ટી. મર્ચન્ટ મોટા ઈકોનોમિસ્ટ તરીકે પ્રખ્યાત હતા, અને પ્લાનિંગ કમિશન સાથે સંકળાયેલા હતા. તે ઉપરાંત મરાઠીના જાણીતા સાહિત્યકાર ગંગાધર ગાડગીલ અમને ઇકોનોમિક્સ ભણાવતા, અને કવિ પી.એસ. રેગે સિવીક્સ. આમાંથી કોઈને ભણાવવામાં કે વિદ્યાર્થીઓમાં રસ નહોતો. ક્લાસમાં આવે, ભાષણ કરીને ચાલતા થાય. એક પ્રૉફેસર તો લેક્ચર કરતા કરતા રોજ રીતસરનાં બગાસાં ખાય. ઈંગ્લીશના એક પ્રૉફેસરે જ્યોર્જ બર્નાર્ડ શોના પીગ્મેલીયન નાટકને બોરિંગ કરી નાખ્યું! એ નાટક શું છે એ તો માય ફેર લેડી ફિલ્મ જોઈ ત્યારે ખબર પડી.

બધાની જેમ ગાઈડો વાંચી ગોખીને હું એકઝામમાં પાસ તો થયો, પણ પછી શું? મારી સાથેના બી.કોમ. થયેલાઓમાં જે પૈસાપાત્ર હતા તે તો અમેરિકા જવાની તૈયારી કરવા મંડ્યા, બાકીના જે સગવડવાળા હતા તે ચાર્ટર્ડ એકાઉન્ટિંગનું કરવામાં લાગી ગયા.

જેમને બાપધંધો હતો તે તેમાં લાગી ગયા. જેમને સારી લાગવગ હતી તે બૅંક કે કોઈ મોટી ફૉરેન કંપનીમાં લાગી ગયા. અને હું બેકાર થયો! અને સાથે સાથે રહેવાનું ઠેકાણું પણ ખોયું. કૉલેજ પૂરી થઈ એટલે મારે નાતની બોર્ડિંગમાંથી નીકળવું પડ્યું. આમ મારે માત્ર નોકરી જ નહોતી શોધવાની, સાથે સાથે રહેવા માટેનું કોઈ ઠેકાણું પણ શોધવાનું હતું. બોર્ડિંગમાં નાના ગામમાંથી આવેલા બીજા વિદ્યાર્થીઓ પણ મારી જેવી જ મુશ્કેલીમાં હતા. કૉલેજની ડીગ્રી લઈ લીધા પછી અમારે બધાએ બોર્ડિંગ છોડવાની હતી. મારા જેવા ઘરબાર વગરના ચાર છોકરાઓ ભેગા થઈને અમારામાંથી એકના સગાનો ફ્લૅટ ખાલી પડ્યો હતો ત્યાં રહેવા ગયા. જોકે એ ફ્લૅટ ચાર મહિના માટે જ મળ્યો હતો, પણ હાલ પૂરતી તો વ્યવસ્થા થઈ. પછી જેવા પડશે એવા દેવાશે એ હિસાબે રહેવા ગયા. અને મેં નોકરીની શોધ શરૂ કરવા માંડી.

મારી પાસે બાપદાદાનો કોઈ મોટો ધંધો મુંબઈમાં હતો નહીં, પૈસા તો હતા જ નહીં, કોઈ ઓળખાણ કે લાગવગ ન મળે, તો પછી મુંબઈમાં નોકરી કેવી રીતે મળે? ટાઈમ્સ વાંચવાનું ચાલુ હતું. એમાં વોન્ટ એડ જોવાનું શરૂ કર્યું. દરરોજ ઓછામાં ઓછી એક એપ્લીકેશન તો કરવી જ એવું નક્કી કર્યું. સારા કાગળ લઈ આવ્યો. ક્યાંય પણ કૉમર્સનું ભણેલાની જરૂર હોય એવું લાગે કે તુરત જ 'રીસપેક્ટેડ સર' થી શરૂ કરીને સારા અક્ષરે એપ્લીકેશનનો કાગળ લખતો અને સાથે બણગાં ફૂકતું રેજુમે તૈયાર હતું તે મૂકતો. એ જમાનામાં ટાઈપ રાઇટર હતા, પણ એ લેવાના પૈસા ન હોતા, અને ટાઈપ રાઇટર હોય તો પણ ટાઈપ કરતા આવડવું જોઈએ ને? એપ્લીકેશન હાથે લખ્યા સિવાય કોઈ છૂટકો ન હતો. પછી ચાલતો ચાલતો ટાઈમ્સના ફોર્ટમાં આવેલા મોટા બિલ્ડિંગની બહાર ચકચકતા પીળા બોક્સમાં એપ્લીકેશન નાખી આવતો.

ભાગ્યે જ કોઈ જવાબ આવે. અને જો આવે તો સમજવું કે કોઈ મોટી બૅંક કે ઇન્સ્યૂરન્સ કંપની અથવા તો કોઈ ફૉરેન કંપનીનો હોય. જો કે જવાબમાં મોટે ભાગે 'ના' જ હોય, અને તે પણ ફોર્મ લેટર હોય. ક્યારેક ઇન્ટર્વ્યૂમાં જવાનું થાય તો ખુશ થાઉં. મનમાં અને મનમાં અનેક સવાલજવાબ તૈયાર કરું. ઇન્ટરવ્યૂના દિવસે સવારના વહેલાં ઊઠી કપડાંને ઈસ્ત્રી કરાવરાવું. ટ્રેનને બદલે બસમાં જાઉં. ટ્રેનની ગિરદીમાં કપડા ચોળાવાનો ભય. કંઈક કેટલીય એપ્લીકેશન કરી કેટલાય ઇન્ટર્વ્યૂ આપ્યા, પણ નોકરીનો કોઈ પત્તો ખાધો નહીં. નોકરીની શોધમાં આખું મુંબઈ ફરી વળ્યો.

ટાઈમ્સમાં ડ્રાઈવર માટે બહુ વોન્ટ એડ આવતી, પણ આપણને ડ્રાઇવિંગ કરતા

આવડવું જોઈએને! બાઈસીકલ જ જો નથી આવડતી તો કાર ચલાવાની વાત ક્યાં કરું? એક વાર એમ પણ થયેલું કે ચલો, ડ્રાઈવિંગના ક્લાસ ભરું. ગલ્ફના દેશોમાં ભણેલા માણસોની જરૂર હતી તો થયું કે ચાલો, પાસપોર્ટ કઢાવીએ અને નોકરી જ જો મળી જતી હોય તો ગલ્ફ ઉપડીએ. એ જમાનામાં હજી કમ્પ્યૂટર આવ્યા નો'તા. ટાઈપ રાઈટર અને ટાઇપિસ્ટોની બોલબાલા હતી. દરેક નાની મોટી ઑફિસમાં કોરસ્પોંડસ અને ઇન્વોઇસ તૈયાર કરવા માટે ટાઇપિસ્ટની બહુ જરૂર હોય. એટલે ટાઇપિસ્ટોની મોટી માંગ હતી. પણ આપણને ટાઈપીંગ ક્યાં આવડતું હતું? આખરે ટાઈપીંગ ક્લાસ પણ શરૂ કર્યા. મને એમ થયા કરતુ હતું કે જે સ્કીલ્સની નોકરીના બજારમાં ખાસ જરૂર છે તેમાંનું મને કંઈ આવડતું નથી, અને જે કંઈ આવડે છે તેની કોઈ ડિમાંડ નથી. મને વારંવાર થતું કે મેં બી. કોમ થઈને શું કાંદો કાઢ્યો? આ કરતાં જો મારકેટમાં જ ચોંટી રહ્યો હોત તો કોઈ લાઈન હાથ લાગી હોત. આ ચાર વરસો કૉલેજમાં બગાડ્યાં તેને બદલે કદાચ કોઈ ધંધો શીખ્યો હોત. પણ હવે મારકેટમાં થોડું જવાય છે? બી.કોમ થયા પછી ગુમાસ્તા કેમ થવાય?

## આખરે નોકરી મળી

ઘણી વાર મેઘનાદ ભટ્ટને મફતલાલ મિલની એમની ઑફિસમાં મળવા જાઉં. તપાસ કરું કે એમને ત્યાં કોઈ નોકરીની શક્યતા ખરી કે? એક વાર કહે કે અહીં મફતલાલમાં નોકરી મળવી મુશ્કેલ, પણ મારા એક મિત્ર મહેતા અહીંથી હમણાં નોકરી છોડીને થોમસન ઍન્ડ ટેલર નામના નવા ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં ચીફ એકાઉન્ટટન્ટ તરીકે જોડાયા છે. તમારી ઇચ્છા હોય તો તેમને વાત કરું, જો ત્યાં કોઈ જગ્યા હોય તો. મેં કહ્યું, ભાઈસાહેબ, કંઈક કરો ને! એમને કહો કે મહેરબાની કરીને મને રાખી લે. કોઈ પણ પગાર ચાલશે. એમણે મહેતાને વાત કરી. હું એ મહેતા સાહેબને મળવા ગયો. એ કહે આવતી કાલથી આવી જજો. પગાર મળશે મહિનાનો દોઢસોનો. હું તો રાજીના રેડ થઈ ગયો. આમ મને નોકરી મળી પણ આખરે ઓળખાણથી જ. ખંતથી સારા અક્ષરથી જે એપ્લીકેશન કરી હતી તે બધી નકામી જ નીવડી.

અમદાવાદના એક શ્રીમંત કુટુંબનો દીકરો અમેરિકા જઈને રીટેલ સેલ્સ મૅનેજમૅન્ટનું ભણીને એમ.બી.એ.ની ડીગ્રી લઈ આવ્યો હતો. બાપાને થયું કે આ દીકરો અમેરિકાનું

ભણીને આવ્યો પણ એને ઠેકાણે કેમ પાડવો? એ રાજકુંવર કહે મારે મુંબઈમાં એક મૉડર્ન ડિપાર્ટમેન્ટ સ્ટોર કરવો છે. એ સમયે મુંબઈમાં એક જ ડિપાર્ટમેન્ટ સ્ટોર હતો, અકબરઅલી ઇબ્રાહીમજી નામે. અમેરિકન દૃષ્ટિએ એ મૉર્ડન ન ગણાય. "એ તો કોઈ દાણા બજારની દુકાન જેવો છે." એનું માનવું એવું હતું કે એ જો મુંબઈમાં કોઈ અદ્યતન, અમેરિકન સ્ટાઈલનો ડિપાર્ટમેન્ટ સ્ટોર શરૂ કરે તો અકબરઅલી પડી ભાંગશે, અને એનો નવો સ્ટોર જામશે!

આ વાત એણે પોતાના શ્રીમંત બાપને ગળે ઉતારી. બાપને થયું કે કદાચ આ રીતે છોકરો ઠેકાણે પડશે. બાપા હતા ખમતીધર. જે કાંઈ પૈસાની જરૂર હતી, તે કાઢી આપ્યા. અને કાલાઘોડા ઉપર થોમસન ઍન્ડ ટેલર નામે મોટે ઉપાડે ધામધૂમથી ડિપાર્ટમેન્ટ સ્ટોર શરૂ થયો. મૂળમાં તો એ દવાની પ્રખ્યાત મોટી દુકાન હતી તે લઈ તેને વધારીને તેનો સ્ટોર કર્યો. અમેરિકન સ્ટાઈલ મુજબ વસ્તુઓના જુદા જુદા કાઉન્ટર બનાવાયા–દાસના રસગુલ્લા, શૂઝ, પરફ્યુમ, રેડીમેડ શર્ટ્સ, વગેરે, અને જુદા જુદા સેલ્સમેન રખાયા. પર્ફ્યુમના કાઉન્ટર ઉપર રૂપાળી અને મીઠાશથી અંગ્રેજી બોલતી પારસી અને ક્રિશ્ચિયન છોકરીઓ મૂકી.

આ ઉપરાંત દવાની દુકાન તો ચાલુ જ હતી. ફાર્મસીમાં વરસોથી કામ કરીને રીઢા થઈ ગયેલા કર્મચારીઓ તો આ છોકરાઓની રમત હોય એમ જોઈ રહ્યા હતા. એમને થયું કે જો પોતે કોઈ હા ના કરશે તો જોબ જાશે. એ જમાનામાં આવો જોબ એમને બીજે ક્યાં મળવાનો છે? નક્કી પગાર તો ખરો જ, પણ સાથે સાથે ડ્રગ કંપનીઓ એમને જેટલો માલ વેચાય તેનું કમીશન સાઈડમાં આપે. તે ઉપરાંત એ બધા મળી ગયેલા. દરરોજ સાંજે ઘરે જાય ત્યારે કોઈ મોંઘી દવા ખીસામાં મૂકી દે. ડોરકીપર પણ આમાં ભળેલો. એ એમને જવા દે. કમિશન અને દવાની રોજની તફડંચીની ઉપર કેબીનમાં બેઠેલા નાદાન જુવાનિયા મેનેજરોને કાંઈ ભાન નહીં. ઘણી વાર એમને હું ફાર્મસીમાં નીચે મળવા જતો ત્યારે એ મને સાનમાં સમજાવતા. "ગાંધી, તમે બીજી નોકરી શોધવાનું ચાલુ રાખજો. આ અમેરિકન ધતિંગ ઇન્ડિયામાં લાંબું નહીં ચાલે! જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તમાશો જુઓ અને મજા કરો." એમની વાત સાવ સાચી પડી. થોડાંક વરસોમાં થોમસન ઍન્ડ ટેલર સ્ટોર ઊઠી ગયો અને અકબરઅલી હજી પણ ધીકતો ધંધો કરે છે. આમ અમેરિકામાં એમ.બી.એ. થયેલા લખપતિના હીરાએ ખરેખર જ લાખના બાર હજાર

કર્યા. પણ એ શ્રીમંત બાપ આગળ બીજા કંઈક લાખો રૂપિયા પડ્યા હતા. કાનખજૂરાનો એકાદ પગ ઓછો થયો તો શું થઈ ગયું?

પણ મને તો આ સ્ટોરમાં નોકરી મળી એ જ મોટી વાત હતી. કામ જમાઉધારની જર્નલ એન્ટ્રીઓ પાડવાનું હતું, એમાં કોઈ બી.કોમ.ની ડીગ્રીની જરૂરિયાત નહોતી. પણ મારી પાસે આ કૉમર્સની ડિગ્રી હતી તો જોબ મળ્યો. રતિભાઈની વાત સાવ સાચી હતી. મારી પાસે જો આર્ટસ કૉલેજની ગુજરાતી સાહિત્યમાં બી.એ.ની ડિગ્રી હોત તો હું હજી રખડતો હોત. મૂળ તો એ જમાનામાં જોબ જ હતા નહીં. અને જે કોઈ થોડાં ઘણાં હતાં તેને માટે લાગવગની જરૂર પડતી.

ડિગ્રી હોવા છતાં આ જેવી તેવી પણ નોકરી મેળવતાં નાકે જે દમ આવી ગયો એટલાથી ખબર પડી કે દુનિયામાં કેટલે વીસે સો થાય છે. વધુમાં એક કડવી વાત એ સમજાણી કે હું ભલે મુંબઈની સભાઓમાં આંટા મારું ને મોટા મોટા સાહિત્યકારોને મળું કે કૃષ્ણ મેનન કે આચાર્ય કૃપલાની સાથે દેશના ભવિષ્યની ચર્ચા કરું, પણ એ બધી વાતોથી ઘરે છોકરા ઘૂઘરે રમે નહીં. ક્યાં આ દોઢસો રૂપરડીની નોકરી અને ક્યાં બધી કૉલેજનાં વરસોમાં સેવેલી મહત્ત્વાકાંક્ષાઓ? મને થયું કે આવી બે બદામની નોકરી શોધતાં મારે નાકે જો દમ આવી જાય છે તો હું શું દેશસેવા કરવાનો હતો? મુનશી, મેનન, કૃપલાની, રાધાકૃષ્ણ, નહેરુ, અશોક મહેતા વગેરેની બધી મોટી મોટી વાતો છોડી દો, ભાઈ!

## એ બધી વાતો તો શેખચલ્લીના ચાળા અને રમત છે

કૉલેજનાં વરસોમાં સેવેલી મહત્ત્વાકાંક્ષાઓએ મારા મગજમાં મારી વિશિષ્ટતાનું જે ભૂસું ભરેલું તે બધું આ ન કરવા જેવી નોકરીએ કાઢી નાખ્યું. ફાર્મસી વાળાઓની વાત મને ગળે ઊતરી ગયેલી. વધુમાં હું તો અકાઉન્ટન્ટ ને? સ્ટોરની આવક જાવક જોતો અને થતું કે આ ગાડું લાંબું ચાલે નહીં. આપણે આપણો વિચાર કરવાનો છે. સારી નોકરી ગોતવાનો પ્રયત્ન ચાલુ રાખવાનો છે. ટાઈમ્સ જોતા રહેવાનું છે અને મિત્રોને પણ કહેતા રહેવાનું કે ભાઈ આપણું કંઈ થાય તો જોજો.

## હું જર્નાલીસ્ટ થયો, એક અઠવાડિયા માટે!

એક મિત્ર જન્મભૂમિ જૂથના ધંધાને લગતા સાપ્તાહિક વ્યાપારમાં પત્રકાર તરીકે કામ

કરતા હતા. તેમને એક વાર મળવા ગયો. પૂછ્યું, તમારે ત્યાં કોઈ મેળ મળે એમ છે? એ કહે, હમણાં અહીંયા કંઈ નથી, પણ મેં એમ સાંભળ્યું છે કે જન્મભૂમિના તંત્રી મોહનલાલ મહેતા 'સોપાન' યુવાન પત્રકારોની શોધમાં છે. તેમને મળો. અહીંયા જ ઉપરના માળે એમની ઑફિસ છે. તપાસ કરો. હું તો પહોંચી ગયો 'સોપાન'ની કેબીનમાં. પ્યૂન સાથે ચિઠ્ઠી મોકલાવી. 'સોપાને' મને અંદર બોલાવ્યો.

મેં કહ્યું કે મારે તમારા હાથ નીચે નોકરી કરવી છે. તમારી પાસેથી પત્રકારત્વ શીખવું છે. કહ્યું કે મેં એમના અમેરિકા પ્રવાસનું રસિક વર્ણન જન્મભૂમિમાં કટકે કટકે વાંચ્યું હતું અને મને ખૂબ ગમ્યું હતું. આ ખુશામત એમને ગમી. એ કહે, અત્યારે અહીં જન્મભૂમિમાં કોઈ ઓપનીંગ નથી, પણ જો તમને મૅગેઝિનમાં કામ કરવાનો અને લખવાનો રસ હોય તો હું તમને હમણાં ને હમણાં જ જોબ આપી શકું છું. મારે ઘરેથી હું થોડાં મૅગેઝિન ચલાવું છું. મને ખબર હતી કે 'સોપાન' વર્ષોથી અખંડ આનંદના તંત્રી હતા. તે ઉપરાંત એમનાં પત્ની લાભુબહેન અને પુત્રીઓ સાથે સાથે જીવન માધુરી, બાળ માધુરી એવા મૅગેઝિન ચલાવતા હતા. મને એ પણ ખબર હતી એમનું ઘર મુંબઈમાં ક્યાં હતું: ગુલબહાર, બેરેક રોડ, મેટ્રો સિનેમા પાછળ! 'સોપાન' પર મારી પહેલી છાપ સારી પડી હશે. મને કહે કાલથી આવી શકશો? મેં કહ્યું જરૂર! અને બીજે જ દિવસે થોમસન ઍન્ડ ટેલરમાં કશું જણાવ્યા વગર હું તો 'સોપાન'ને ઘરે પહોંચી ગયો. આમ હું જર્નાલીસ્ટ થયો!

'સોપાન'ના મોટા ફ્લૅટમાં એક બાજુના રૂમોમાં એમનું કુટુંબ—પોતે, લાભુબેન, અને એમની બે દીકરીઓ—રહેતું. અને બીજી બાજુના રૂમોમાં મૅગેઝિનોમાં કામ કરતા સ્ટાફના બે લોકો બેસે. જેવો હું દાખલ થયો તેવું જ એ કર્મચારીઓએ મારી સામે ઘૂરકીને જોયું. 'સોપાન' આવ્યા. મારી ઓળખાણ કરાવી. કહ્યું કે ગાંધી તમારી સાથે આજથી કામ કરશે. એમણે તેમની કામ કરવાની પ્રથા સમજાવી. કહ્યું કે મારે તમારું કામ પડશે ત્યારે બોલાવીશ અને ત્યારે જ તમારે ફેમીલી ક્વાર્ટર્સમાં આવવું. ત્યાં મારી જુદી ઑફિસ છે. જ્યારે જ્યારે અમારામાંથી કોઈની જરૂર પડે ત્યારે એ બેલ વગાડે. અમને ખબર કે એક વાર બેલ વાગે તો કોને જવાનું, બે વાર બેલ વાગે તો કોને જવાનું. હવે એમાં હું ત્રીજો ઉમેરાયો. ઉપરાઉપરી ત્રણ બેલ વાગે ત્યારે "ગાંધી, તમારે આવવું."

એક બેલ વાગે એટલે અમે ત્રણે રાહ જોઈએ કે હવે ફરી વાર બેલ વાગશે કે નહીં. પહેલી વાગે એટલે એક ભાઈ 'સોપાન'ની ઑફિસમાં અંદર જવા તૈયાર થાય. બાકીના અમે બે રાહ જોઈએ હવે કોઈ બેલ વાગવાની છે કે નહીં. બીજી વાગ્યા પછી પહેલા

ભાઈને રાહત થાય: હાશ, બચ્યા. બાકીના અમે બે ત્રીજી બેલની રાહ જોઈએ. ત્રીજી વાગે એટલે એ બીજા ભાઈને નિરાંત થાય. હું અંદર જાઉં. જેવો પાછો આવું કે પેલા બે પૂછે, સાહેબ શું કહે છે? અમારી બાબતમાં કાંઈ પૂછતા હતા કે? સ્ટાફના માણસોએ શરૂઆતમાં જ ઑફિસનો ઉમરો બતાવીને મને સમજાવેલું કે “આ લક્ષ્મણ રેખા છે. તમારે નોકરી ગુમાવવી હોય તો જ એ ઓળંગવી!”

નોકરી કરવા માટે કોઈને ઘરે જવું એ મને જરા વિચિત્ર લાગ્યું. થોમસન ઍન્ડ ટેલરમાં કામ કરવા જતો ત્યારે ઑફિસમાં જતો હોઉં એમ લાગે, ફોર્ટમાં જવાનું, આજુબાજુ બેંકો, બીજી ઑફિસો, દુકાનો, રેસ્ટોરાં હોય. સ્ટોરનો મોટો સ્ટાફ પણ ખરો. એ ઉપરાંત સાંજે છૂટો ત્યારે ફોર્ટના વિસ્તારમાં કંઈક પ્રવૃત્તિઓ ચાલતી હોય. આમાંનું અહીં કંઈ ન મળે. કામ કરવાવાળા મને ગણીને ટોટલ ત્રણ–ઇન, મીન ને તીન. ભાગ્યે જ કોઈ કોઈની સાથે વાત કરે. બાકીના બે જણ વારે વારે મારી સામે ઘૂરકીને જોયા કરે. એમને એમ કે ‘સોપાને’ આ નવા માણસને એમના ઉપર જાસૂસી કરવા મૂક્યો છે.

‘સોપાને’ મને પહેલું કામ આપ્યું એક અંગ્રેજી લેખનો અનુવાદ કરવાનું. “ગાંધી, તમે કૉલેજમાં ભણેલા છો એટલે તમે આ અનુવાદ કરી શકશો.” રીડર્સ ડાયજેસ્ટ કે એવા કોઈક મૅગેઝિનમાં આવેલો એ લેખ હતો, ‘No man is a hero to his valet.’ મેં એનો અનુવાદ કર્યો. એમને ગમ્યો. હું જો ભૂલતો ન હોઉં તો એ મારા નામઠામ વગર અખંડ આનંદમાં છપાયો. મારું આ પહેલું જ લખાણ આમ મારા નામ વગર છપાયું!

હું બી.કોમ. હતો એટલે ‘સોપાન’ મને કહે કે તમારે આપણું હિસાબ કિતાબનું કામ પણ સંભાળવાનું છે. પછી એમની એક દીકરીનો પરિચય આપતા કહે કે એ તમને સમજાવશે કે એકાઉન્ટ્સ બૂક્સ કેમ રાખવી. એની ઉંમર નાની છે પણ લાભુબહેને એને એવી ટ્રેનિંગ આપી છે કે એ ઇન્કમટેક્ષમાં પાસ થાય એવી બૂક્સ રાખી શકે છે. પછી તો એ દીકરી મને એક પછી ઓર્ડર્સ આપવા માંડી કે મારે શું શું કરવું. મને એ કઠ્યું. થયું કે હું તો સીડનહામમાંથી બી.કોમ. થયેલો છું, આ છોકરી મને શું ઍકાઉન્ટિંગ શીખવાડવાની હતી? એમ પણ થયું કે જો મારે અહીં આવીને ઍકાઉન્ટિંગનું જ કામ કરવાનું હોય તો થોમસન ઍન્ડ ટેલર શું ખોટું હતું? મારે તો લેખક થવું હતું.

ત્રીજે દિવસે જ્યારે ફેમીલી કવાટર્સમાં કોઈ ન હતું ત્યારે એક કર્મચારી ભાઈ જે વરસોથી અહીં નોકરી કરતા હતા તે મારી પાસે આવી, હળવેથી કહે, “ગાંધી, એવું મેં સાંભળ્યું કે તમે બી.કોમ. થયા છો, એ વાત સાચી?” મેં કહ્યું, “હા, હજી હમણાં જ

ડીગ્રી લીધી," અને છાપ મારવા ઉમેર્યું, "અને તે પણ સીડનહામ કૉલેજમાંથી!" એ કહે, "ભલા માણસ, તમે મૂરખ છો? બી.કોમ.ની ડીગ્રી છે અને તે પણ સીડનહામમાંથી અને તમે અહીં નોકરી કરો છો? તમારું શું ફરી ગયું છે? ભાગો અહીંથી. આ લોકો તો તમારો દમ કાઢી નાખશે. આવી નોકરી તો જે લોકો અમારી જેમ ભણ્યા નથી એવા માટે છે. તમારી જેવી ડીગ્રી હોત તો હું તો કો'ક મોટી બૅન્ક કે ઇન્સ્યૂરન્સ કંપનીમાં ક્યારનોય લાગી ગયો હોત!" 'સોપાન'ને મળવા ગયો હતો ત્યારે જે વાત મને કહી હતી તે એકાએક જ યાદ આવી: "હું તમારું શોષણ નહીં કરું!" હું ચેત્યો. 'સોપાન'ના ઘરે એક જ અઠવાડિયામાં મને ખબર પડી ગઈ કે આમાં આપણું ઝાઝું વળે તમે નથી.

બીજે જ અઠવાડિયે થોમસન ઍન્ડ ટેલરમાં નીચી મૂંડીએ પહોંચી ગયો. ત્યાં મહેતા સાહેબ મને પૂછે, "ક્યાં હતા ગાંધી તમે આખું અઠવાડિયું? અમને તો ચિંતા થઈ. તમારી તબિયત બગડી ગઈ'તી કે શું?" મેં કહ્યું કે "હા, સાહેબ, એકાએક જ, અને ઘરે ટેલિફોન ન મળે, એટલે તમને જણાવી નહી શક્યો." એ ભલા માણસે મારી વાત માની! અને વળી પાછું મારું જમા ઉધાર કરવાનું કામ શરુ થઈ ગયું. આમ મારી જર્નાલીસ્ટ તરીકેની કારકિર્દી એક જ અઠવાડિયામાં પૂરી થઈ ગઈ.

## અને એક અઠવાડિયા માટે વીમા એજન્ટ પણ થયો!

હું થોમસન ઍન્ડ ટેલરમાં વળી પાછો જાણે કશું જ ન બન્યું હોય તેમ કામે લાગી ગયો. પણ એ સાવ સામાન્ય, બુક કીપીન્ગનો જોબ મને રાત દિવસ સતાવતો હતો. સારી નોકરી માટેની મારી શોધ ચાલુ જ હતી. દેશમાં એક વાર કાકાને મોઢે સાંભળ્યું હતું કે એમના એક નાનપણના ગોઠિયા મિત્ર વી. એચ. વોરા લંડન જઈને એક્ચ્યુઅરી થઈ આવેલા. અત્યારે તે મુંબઈમાં લાઈફ ઇન્સ્યૂરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલ.આઈ.સી.) માં મોટો હોદ્દો ધરાવતા હતા. મેં કાકાને લખ્યું કે એ મુંબઈ આવે અને મને વોરા સાહેબ પાસે લઈ જાય. એમની લાગવગથી એલ.આઈ.સી.માં જોબ અપાવી દે કારણ કે લાગવગ સિવાય સારી નોકરી મળવી શક્ય જ નથી.

કાકા મુંબઈ થોડા આવવાના હતા? પણ એક ચિઠ્ઠી લખી મોકલાવી. લખ્યું કે એને ઘરે જઈને આ ચિઠ્ઠી આપજે. તને એલ.આઈ.સી.માં નોકરી મળી જશે. મેં ગોતી કાઢ્યું કે વોરા સાહેબ મુંબઈમાં ક્યાં રહેતા હતા. મુંબઈના મલબાર હિલના પોશ એરિયામાં

એમના ઘરે એક સવારે વહેલો પહોંચી ગયો. પણ હું પહોંચું તે પહેલાં વરસાદ ત્યાં પહોંચી ગયો. મુંબઈના એ ધોધમાર વરસાદમાં બિચારી છત્રીનું શું ગજું? એ તો કાગડો થઈ ઊડી ગઈ. વોરા સાહેબના ઘરે પહોંચ્યો ત્યારે કપડાં વરસાદના પાણીથી લદબદ હતા. બેલ મારી. ઘાટીએ દરવાજો ઉઘાડ્યો. મેં એને કાકાની ભીંજાયેલી ચિઠ્ઠી આપીને કહ્યું કે સાહેબને મળવું છે. એણે મારા દીદાર જોયા. કહે, ઇધર ખડા રહો. એ ચિઠ્ઠી લઈ અંદર ગયો. થોડી વારમાં બહાર આવીને કહે, સાહેબકો મિલને કે લિયે, કલ અગ્યારે બજે ફોર્ટકી ઑફિસમેં આના. આમ વોરા સાહેબના દર્શન કે નોકરી વગર હું એમના ઘરેથી નીકળ્યો.

થોડું ઓછું આવ્યું. મને એમ કે એ વ્હાલથી બેસાડશે, કાકાના ખુશખબર પૂછશે. ચા પાણી નાસ્તો કરાવશે. મુંબઈમાં મને એમની મદદની જરૂર પડે તો તેમને મળવા કહેશે. જ્યાં સુધી મુંબઈમાં કાયમી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમને ત્યાં આવીને રહેવા આવવાનું કદાચ કહેશે! આમાંનું કંઈ ન થયું એનું આશ્ચર્ય તો થયું જ, રંજ પણ થયો. જો કે બીજે દિવસે ઑફિસમાં આવવાનું કહ્યું એથી સાવ હામ ન હારી. ઓછામાં ઓછું જે કામ માટે ગયો હતો તે થાય, અને મને એલ.આઈ.સી.માં સારી નોકરી મળી જાય તો આપણે ગંગા ન્હાયા. એમને ઘર ગયાનું સાર્થક થાય.

બીજે દિવસે એમની ફોર્ટની ઑફિસમાં પહોંચી ગયો. થોડો વહેલો ગયેલો. મારા એક મિત્ર શરદ પંચમિયા ત્યાં એલ.આઈ.સી.માં જ કામ કરતા હતા. એને પહેલો મળ્યો. કહ્યું કે હું તો વી. એચ. વોરાને મળવા આવ્યો છું. વોરા સાહેબ મને એલ.આઈ.સી.માં નોકરી અપાવાના છે. પંચમિયા તો આભા બની ગયા! મને કહે કે તમારી મીટિંગ પતે અહીં પાછા આવજો. આપણે સાથે ચા પીશું. એ જ બિલ્ડિંગના ટોપ ફ્લોર ઉપર વોરા સાહેબની ઑફિસ હતી. હું તો કૂદતો કૂદતો બબ્બે પગથિયાં ચડતો ત્યાં પહોંચી ગયો.

સેક્રેટરીએ મને વેઈટિંગ રૂમમાં બેસાડ્યો. બેઠો બેઠો હું મનમાં ગોઠવણી કરતો હતો કે હું એમને શું કહીશ. એમની ઉપર કેમ સારી છાપ પાડીશ. કેવી નોકરી, ક્યાં, કેટલા પગારની માંગીશ, વગેરે, વગેરે. દસ મિનિટ, વીસ મિનિટ, અડધો કલાક, પોણો કલાક, કલાક, હું રાહ જોતો બેઠો રહ્યો. એક પછી એક એમ સૂટ, બૂટ, ટાઈ પહેરેલા ઑફિસરો આવતા જાય, પણ આપણો કોઈ ભાવ જ ન પૂછે. ગભરાતા, ગભરાતા સેક્રેટરીને પૂછ્યું: મારો નંબર ક્યારે લાગશે? એણે મારી સામે જોયા વગર જ કહ્યું કે હજી બેસવું પડશે. બેઠો. દોઢ કલાકે મને અંદર બોલાવ્યો. ગયો. જોયું તો વોરા સાહેબ બહુ બીઝી લાગ્યા.

મને કહે, તમને આ એક નામ આપું છું એ ભાઈને મળો એ તમને કામે લગાડી દેશે. સેક્રેટરી તમને એનું એડ્રેસ આપશે. બે મિનિટમાં જ મીટિંગ પતી ગઈ!

હું તો રાજીના રેડ થઈ ગયો. નીચે પંચમિયા સાથે ચા પીવા ગયો. સેક્રેટરીએ જે માહિતી આપી હતી તે મેં એમને બતાડી. તે જોઈ એ તો હસવા મંડ્યા. કહે, આવી નોકરી તો હુંય તમને અપાવી શકું! મને સમજાવ્યું કે આ તો વીમા એજન્ટ થવાની વાત છે. આમાં તો તમારે ઘરે ઘરે જઈને લાઈફ ઇન્સ્યૂરન્સ વેચવાનો છે. હવે મારે આભા થવાનો વારો આવ્યો. છતાં વોરા સાહેબે કહ્યું હતું, એટલે ઓછામાં ઓછું જેમનું નામ આપ્યું હતું તેને મળવા ગયો. એ ભાઈ મોટા વીમા ઑફિસર હતા. એમનું કામ વીમા વેચનાર એજન્ટોને ટ્રેઈન કરવાનું. એ તો નવા નવા ઇન્સ્યૂરન્સ એજન્ટ ગોતતા જ હતા. એમણે મને સમજાવ્યું કે વીમો કેમ વેચવો. કહે કે પહેલાં તમે તમારા સગાંવહાલાં અને મિત્રોને વહેંચો. એ બધા તમને ઓળખે, તમે એમને ઓળખો. વીમો લેવાની વાત તમે કહેશો તે માનશે.

એમની સલાહ મુજબ મુંબઈમાં રહેતા મારા ઓળખીતા લોકોનું લીસ્ટ બનાવ્યું. નક્કી કર્યું કે એમને એક પછી એક મળવા જવું અને વીમો લેવાનું કહેવું. બીજે જ દિવસે સવારે રવિવારે હું દૂરના એક માસાને મળવા ગયો. રજાના દિવસે સવારનો વહેલો ગયો એટલે તેમને આશ્ચર્ય થયું. મને કહે, દેશમાં બધા બરાબર છે? કોઈ મર્યું તો નથી ને? મેં એમને મારા આવવાનો હેતુ સમજાવ્યો. પેલા વીમા એજન્ટે મને જે ગોખાવ્યું હતું તે બોલવાનું શરૂ કર્યું: જુઓ મુંબઈની પરાની ટ્રેનમાં લોકો જાન જોખમમાં મુકીને દરરોજ આવ જા કરે છે. તમે પણ દરરોજ ટ્રેનમાં આવ જા કરો છો. ક્યારે શું થાય એ કહેવાય નહીં, એવું એવું બધું.

માસાએ આ બધું સાંભળ્યા પછી, મોટેથી બૂમ પાડી માસીને રસોડામાંથી બોલાવ્યા. જો, આ નટુ આવ્યો છે. અને પછી પૂછ્યું, હું છેલ્લાં ત્રીસ વરસથી મુંબઈ ટ્રેનમાં રોજ આવજા કરું છું, ક્યારેય ઘરે પાછો ન આવ્યો હોઉં એવું બન્યું છે? માસી શું બોલે? પછી મને ચા પીવરાવી ને કહે, તું આ વીમાના રવાડે ક્યાં ચડ્યો? વીમાના એજન્ટો તો કંઈક રખડે છે. એમાં તારું કંઈ વળવાનું નથી. કોઈ ધંધાની લાઈન હાથમાં પકડ તો બે પૈસા કમાઈશ. હું ચેત્યો. મારામાં વીમો કે બીજું કૈં પણ વેચવાની આવડત છે જ નહીં.

પંચમિયા આગળ પાછો ગયો. એમને પૂછ્યું, હવે મારે શું કરવું? એ કહે, વોરા સાહેબ જઈને કહો કે તમારે તો એલ.આઈ.સી.ની ઑફિસમાં જોબ જોઈએ છે. હું પાછો વોરા

સાહેબને મળવા ગયો. કીધું કે ઑફિસની નોકરીનું કાંઇક કરી આપો. ફરી વાર મળવા ગયો એ એમને નહીં ગમ્યું. કહે, કે એ માટે તમારે અરજી કરવી પડે, એક્ઝામ આપવી પડે, એવા જોબ માટે હજારો લોકોની લાઈન લાગેલી છે. હું સમજી ગયો કે એ કંઈ મને એમ ને એમ એલ.આઈ.સી.ની નોકરી અપાવી દેવાના નથી. જો કે પંચમિયાએ કહ્યું તેમ વોરાનો એક ઈશારો થાય તો મને એલ.આઈ.સી.નો જોબ ફટ કરતા મળી જાય. આપણે તો પાછા હતા ત્યાં ને ત્યાં! સદ્‌ભાગ્યે આ વખતે મેં મારો થોમસન ઍન્ડ ટેલરનો જોબ ચાલુ રાખ્યો હતો.

## હવે શું કરવું?

મારી સાથે જે મિત્રો કૉલેજમાં હતા તેમાંથી મોટે ભાગે બધા લાગવગ ઓળખાણને કારણે સારી સારી નોકરીએ લાગી ગયા. કેટલાક બાપદાદાના ધંધામાં બેસી ગયા. ભાગ્યશાળી નબીરાઓ અમેરિકા પહોંચી ગયા. કેટલાકે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ થવા માટે જરૂરી આર્ટિકલ ભરવા મંડ્યા. આ બધા નસીબદાર લોકોની મને ખૂબ ઈર્ષા આવતી. મારે સાવ સામાન્ય ક્લર્ક તરીકે નોકરી કરવી પડે છે એની શરમ પણ થતી હતી. મને થતું કે હું કોને શું મોઢું બતાડું? મેં મિત્રો અને સગાંવહાલાંઓને મળવાનું જ બંધ કરી દીધું. મળવાનું થાય તો અચૂક પૂછપરછ થાય, “હમણાં ક્યાં નોકરી કરો છો? ક્યાં રહો છો? ધંધાની કોઈ લાઈન હાથમાં આવી કે?” આમાંથી એકેય પ્રશ્નના મારી પાસે સંતોષ કારક જવાબ નહોતા. કોઈ જાણીતું મને મળવા આવવાનું કહે તો હું એ ટાળું. એક વાર થોમસન ઍન્ડ ટેલરના મેઝેનીન ફ્લોરમાં જ્યાં હું બેસતો ત્યાંથી નીચે સ્ટોરમાં મેં બે મિત્રોને આવતા આવતા જોયા. હું દોડીને બાથરૂમમાં જઈ સંતાઈ ગયો! કંઈ કામે ગાંધી બ્હાર ગયા હશે, એમ માનીને થોડી વાર મારી રાહ જોઈને મિત્રો પાછા ગયા.

જો કોઈ લાગવગ નથી તો અરજી તો કરીએ, ક્યાંક કદાચ એ તુક્કો લાગી જાય, એ ન્યાયે, વળી પાછું મેં દરરોજ ટાઈમ્સ જોવાનું અને એપ્લીકેશન કરવાનું શરૂ કર્યું. દરરોજ સવારે સારા અક્ષરે એક એપ્લીકેશન લખતો. કાલબાદેવીની નાતની વીસીમાં ખાવાનું, પછી ત્યાંથી ચાલતા ચાલતા ફોર્ટમાં ટાઇમ્સના બિલ્ડિંગમાં મોટા ચકચકતા પીળા બોક્સમાં એપ્લીકેશન નાખવાની. ત્યાંથી ચાલતા થોમસન ઍન્ડ ટેલરમાં જઈને જમાઉધારની જર્નલ એન્ટ્રીઓ પાડવાની. આ મારી રોજની રૂટીન.

મનમાં ઊંડે ઊંડે હતું કે મારી ડેસ્ટીની કંઈક જુદી જ હોવી જોઈએ. હારવું નથી એવો મક્કમ નિર્ણય કરીને કંઈ ને કંઈ પ્રેરણાત્મક સાહિત્ય વાંચતો. વિવેકાનંદનો 'Arise, Awake' વાળો પૅરેગ્રાફ મેં મોટા અક્ષરે લખી મારા ડેસ્ક પર કાચની નીચે રાખ્યો હતો તે વારંવાર વાંચતો. સ્ટોરના મોટા શેઠ જેના પૈસાથી અમારો ખોટનો ધંધો ચાલતો હતો તે એક વાર અમદાવાદથી સ્ટોરની વિઝિટે આવ્યા. સ્ટોરમાં ફરતા ફરતા અમારા અકાઉન્ટીંગ ડિપાર્ટમેન્ટ આવ્યા. એમણે એ વિવેકાનંદનો ફકરો જોયો. મને પૂછ્યું કે તમે કોણ છો, શું અભ્યાસ કર્યો છે, હજુ આગળ અભ્યાસ કરવાનો છો, શું વાંચો છો, મને તમારી પ્રગતિના સમાચાર મોકલતા રહેજો, વગેરે વગેરે. આપણે તો રાજીના રેડ થઈ ગયા. થયું કે આપણું પ્રમોશનનું નક્કી!

મેં તો એમની સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો! એમની આગળ અભ્યાસ કરવાની ટકોર યાદ હતી. એમની ઉપર છાપ પાડવા મેં તરત પાર્ટ ટાઈમ એલ.એલ.બી.નું લફરું શરૂ કર્યું. સવારના વહેલા ઊઠીને ગવર્નમેન્ટ લૉ કૉલેજમાં જતો, પછી વીશીમાં અને પછી સ્ટોરમાં. જો કે આ બાબતમાં મેં દેશમાં કાકાને કહ્યું જ નહિ, એમને થાય કે વળી પાછું કૉલેજમાં જવાની શી જરૂર? એક ડિગ્રી ઓછી છે?

## મૂળજી જેઠા મારકેટમાં, ફરી એક વાર!

સ્ટોરમાં પ્રમોશન મળે કે ન મળે, પણ મારું દરરોજનું એક એપ્લીકેશન કરવાનું તો ચાલુ જ હતું. એક વાર સ્ટોરમાં એક અજાણ્યા માણસ મને મળવા આવ્યા. નામ ભાનુભાઈ. મને કહે કે તમારી સાથે કોફી પીવી છે અને વાત કરવી છે. થોડું આશ્ચર્ય થયું, પણ મફતની કોફી પીવામાં શી હાનિ એમ માનીને એમની સાથે બહાર ગયો. મને કહે કે તમે મદ્રાસની એક ટેક્ષટાઈલ મિલની મુંબઈની ઑફિસમાં નોકરી માટે જે અરજી કરી છે એ લોકો તમને જોબ આપવા તૈયાર છે. તમે કયારથી શરૂ કરી શકો? હું તો ભૂલી પણ ગયેલો કે મેં આવી કોઈ નોકરીની એપ્લીકેશન કરેલી. દરરોજ જો હું એક એપ્લીકેશન કરતો હોઉં તો મહિને બે મહિને કેમ યાદ રહે કે ક્યાં એપ્લાય કરેલું? પણ પગાર વધુ હતો એટલે મારી ઉત્સુકતા વધી.

મેં ભાનુભાઈને પુછ્યુ કે તમે ત્યાં કામ કરો છો? ના, એમણે કહ્યું, પણ વાત વિગતથી સમજાવી કે એ શા માટે આવ્યા હતા. દક્ષિણની બે પ્રખ્યાત ટેક્ષટાઈલ મિલના કાપડનું

મુંબઈમાં વેચાણ કરવાનો ઈજારો આ કંપનીના હાથમાં હતો. એ કંપનીના બે ભાગીદારો. એક ગુજરાતી અને બીજા મદ્રાસી. ધંધો ધીકતો ચાલે. કાપડનો માલ ઉમદા, ડીમાંડ બહુ, ગ્રાહકો બંધાયેલા. ઝાઝી મહેનત વગર જ ધંધો ચાલે. મદ્રાસી પાર્ટનર મિલોનું કામ સંભાળે, ગુજરાતી પાર્ટનર ચોપડા અને બૅંકનું. ભાગીદારીમાં મદ્રાસી સિનિયર, નફામાં એનો ભાગ વધુ, આખરે તો એના સંપર્કો અને સંબંધોને કારણે જ આવી બબ્બે જબ્બર મિલની એજન્સીઓ મળી હતી. ગુજરાતી પાર્ટનરનું કામ રૂટીન હતું. કોઈ મહેતાજી પણ એ કામ સંભાળી શકે. મુદ્દાની વાત એજન્સી સાચવી રાખવાની હતી, બાકી બધું એની મેળે થાય. અને એ કામ મદ્રાસીના હાથમાં.

જેમ જેમ નફો વધતો ગયો તેમ તેમ ગુજરાતી પાર્ટનરની દાનત બગડી. એને થયું કે એને અડધો અડધ ભાગ મળવો જોઈએ. આ કચકચ ચાલતી હતી. પણ એનો કોઈ ઉકેલ આવતો નહીં. ગુજરાતી ભાઈ સમજતા હતા કે જો એ ઝઘડો કરશે તો ધંધામાંથી સાવ જશે. મદ્રાસી ભાઈને એવી શંકા પેઠી કે ગુજરાતી પાર્ટનર ચોપડાઓમાં ગોટાળા કરે છે. કંપની કેટલો નફો બનાવે છે તે બતાડે જ નહીં અને પૈસા ઉપાડ્યા કરે. નફો કેટલો થાય છે એની મદ્રાસીને ખબર જ ન પડે એ માટે એણે ચોપડા લખવાનું સાવ બંધ કર્યું! જ્યારે મદ્રાસી પાર્ટનર પૂછપરછ કરે ત્યારે જેમ તમે ગલ્લાંતલ્લાં કરીને વાત ટાળી દે.

મદ્રાસી પાર્ટનર કોઈ અકાઉન્ટન્ટ રાખવાની વાત કરે તો ગુજરાતી પાર્ટનર કહે કે એવી શું જરૂર છે, હું બેઠો છું ને? આખરે મદ્રાસી પાર્ટનર આ ગલ્લાંતલ્લાંથી થાકી ગયા. નક્કી કર્યું કે અકાઉન્ટન્ટ તો રાખવો જ પડશે જેથી વ્યવસ્થિત હિસાબકિતાબ થાય, રેગ્યુલર ઑડિટ થાય, અને નફા નુકસાનની વરસને અંતે ખબર પડે. એને એવો અકાઉન્ટન્ટ રાખવો હતો કે જે ઈંગ્લીશ પણ જાણતો હોય. એમને કોઈ મારકેટનો મહેતાજી નહોતો જોઈતો. આવો અકાઉન્ટન્ટને ગોતવાનું કામ એમણે એમના જૂના પાડોશી મિત્ર ભાનુભાઈને સોંપ્યું, એમણે ટાઈમ્સમાં એડ આપી, મેં અપ્લાય કર્યું હશે. કાગનું બેસવું અને ડાળનું પડવું. આમ મને આ નોકરી મળી.

પણ આ નોકરી કરવા મારે પાછું મૂળજી જેઠા મારકેટમાં જવાનું થયું! પણ ભાનુભાઈ પાસે કેટલીક ચોખવટ કરી. "ટોપી નહીં પહેરું, ચા લેવા નહીં જાઉં, શેઠના ગુલામની જેમ ઑફિસ સિવાયના આડાઅવળાં કામ નહીં કરું–શેઠના દીકરા માટે મેટ્રોમાં ટિકિટ લેવા નહીં જાઉં, બૅંક અવર્સ મુજબ સવારે આવીશ અને સાંજે નિયત સમયે ઘરે જઈશ,

શનિવારે પણ બૅંક અવર્સ રાખીશ, વગેરે." પહેલી વાર મારકેટમાં નોકરી શરૂ કરી ત્યારે પહેલે જ દિવસે મોટા મહેતાજીએ કહેલું કે તારે ટોપી પહેરવાની છે. અને પછી કહે ચા લઈ આવ. દરરોજ બધાં આવે એ પહેલાં પેઢીએ પહોંચવાનું તો ખરું જ, પણ ગમે તેટલું મોડું થાય તો પણ શેઠ મહેતાજીઓ બધા ઘરે જાય પછી જ ઘરે જવાનું. શનિવારે તો બહુ મોડે સુધી પેઢી ઉઘાડી હોય. કહે કે ઘરે જવાની શું ઉતાવળ છે? કાલે તો રવિવાર છે! એમને મારી એટલી તો ગરજ હતી કે ભાનુભાઈએ કહ્યું કે કાંઈ વાંધો નહીં. આવી જાઓ. આ બાબતમાં કોઈ મુશ્કેલી પડે તો મને જણાવજો.

પહેલે દિવસે જઈને જોયું તો મારે ગાદી ઉપર નીચે નહોતું બેસવાનું. બેસવા માટે ખુરસી ડેસ્ક હતાં. ચપ્પલ પણ કાઢવાની જરૂર ન હતી. મારકેટની હાયરારકી(ઉચ્ચાવચતા)માં હવે મારું સ્થાન પહેલાં કરતાં ઊંચું થયું. હવે હું ઘાટીને કહી શકું કે "ચા લઈ આવ!" મારકેટની ભૂગોળથી પણ હું પરિચિત હતો. મુંબઈમાં આવ્યે હવે મને પાંચ વરસ થઈ ગયાં હતાં, એટલે શહેરની પણ ગતાગમ હતી. ઉપરાંત મારકેટના કોક અભણ શેઠિયાની પેઢીમાં નહીં, પણ મિલની એજન્સીની ઑફિસમાં કામ કરવાનું હતું. મદ્રાસી પાર્ટનર સાથે ઈંગ્લીશ હિન્દીમાં વાતચીત થતી. એને મળવા આવતા લોકોમાં સાઉથના ઘણા અગત્યના ઊંચા ઑફિસરો, ધંધાદારી લોકો હોય. ઑફિસની જગ્યા મોટી, સાથે નાનો એવો બાથરૂમ. મારકેટની નજીક પણ મારકેટની બહાર. મોટો ફાયદો એ કે હું ત્યાં રાત્રે સૂઈ શકું. બોર્ડિંગના મિત્રો સાથે જે ફ્લૅટમાં રહેતો હતો તે તો કામચલાઉ હતો, એ ખાલી કરવાનો હતો. રોજના જમણ માટે નાતની વીશીમાં જતો, પણ રહેવું ક્યાં એ પ્રશ્ન તો હજી માથે હતો. મુંબઈમાં એ જમાનામાં જગ્યાની ભયંકર તંગી. દૂરનાં પરાંઓમાં પણ એક નાનકડી ઘોલકી લેવી હોય તો પણ હજારો રૂપિયાની પાઘડી આપવી પડે. મહિને મહિને ભાડું પગારમાંથી નીકળે, પણ એક સાથે પાઘડીની હજારો રૂપિયાની રકમ ક્યાંથી કાઢવી? ઓરડીની પાઘડીના પૈસા તો હતા જ નહીં. રહેવાનો પ્રશ્ન તો ઊભો જ હતો. મેં વિનંતી કરી કે મારે સૂવા બેસવા માટે ટેમ્પરરી જગ્યાની જરૂર છે તો રાતે હું ઑફિસમાં સૂઈ શકું?

મને રજા મળી. પરંતુ શેઠ મને કહે, અહીં તમારો સામાન રાખવાની જગ્યા નથી. એની વ્યવસ્થા કંઈક બીજે ઠેકાણે કરવાની. મારી પાસે ત્યારે કોઈ સામાન કે સાધનસામગ્રી હતા જ નહીં. પહેર્યાં કપડાં એ જ! ઑફિસમાં એક ઘાટી અને ભૈયાજી પણ રાતે સૂતા હતા. મારકેટમાં કામ કરતા મોટા ભાગના ઘાટીઓ અને ભૈયાઓ પોતાના

કુટુંબકબીલાને દેશમાં મૂકીને મુંબઈમાં નોકરી કરતા. વરસે બે વરસે દેશમાં આંટો મારીને કુટુંબીજનોને મળી આવે. મુંબઈની નોકરીની જે કમાણી થાય તેમાંથી દેશમાં બૈરીછોકરાંઓનું ભરણપોષણ થાય. હું ભલે ને બી.કોમ. થયો, પણ ઓરડીની બાબતમાં મારી દશા આ ઘાટીઓ અને ભૈયાઓ જેવી જ હતી. હું એમની સાથે રાતે સૂવામાં જોડાયો. એમને બહુ ગમ્યું નહીં, પણ મેં એમને સમજાવ્યું કે હું તો ઓરડીની શોધમાં જ છું. આ તો ટેમ્પરરી વ્યવસ્થા છે. જેવી મને ઓરડી મળી કે હું ચાલ્યો. જો કે મનમાં ઘણું સમજતો હતો કે હું એમ ક્યાંથી ચાલવાનો હતો? પગારમાંથી માંડ માંડ ચાલતું હતું ત્યાં ક્યાંથી પાઘડીના પૈસા હું કાઢવાનો હતો?

અઠવાડિયે બે અઠવાડિયે ભૈયાજી મને કહે, હમ મજા કરને કે લિયે ચલતે હૈ, આપ ભી ચલિયે. શરૂઆતમાં તો હું કૈં સમજ્યો નહી, પણ ઘાટીએ મને સમજાવ્યું કે ભૈયાજી તો ફોકલેન્ડ રોડ પર વેશ્યાવાડે જતા હતા! હું ગભરુ માણસ અત્યાર સુધી તો નિશાળેથી નીસરી જવું પાંસરું ઘેરના ન્યાયે જિંદગી જીવ્યો હતો, તે હવે ફોકલેન્ડ રોડ ઉપર મજા કરવા જવાનો હતો? ઉપરથી જો શેઠને ખબર પડી ગઈ તો નોકરી જાય એ કેમ પોસાય? લોકો મારે માટે શું ધારે?

## તેમાં હું લગ્ન કરીને બેઠો!

મુંબઈમાં મારી એકલતા ટાળવા હું ઘણી વાર શનિ-રવિએ મારા મામા-મામીને ત્યાં વિલે પાર્લામાં જતો. એમનું ઘર નાનું, બે જ ઓરડીનું, પણ મારે માટે હંમેશ ઉઘાડું. બન્ને અત્યન્ત પ્રેમાળ અને ઉદાર દિલના. એમનો મારે માટે પ્રેમ ઘણો. શનિવારે જાઉં, રાત રોકાઉં, રવિવારે સાંજના પાછો પેઢીમાં. મામાની બાજુમાં એક વોરા કુટુંબ રહેતું હતું—ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો. મોટા ભાઈ પરણેલા, એટલે ભાભી અને એમનાં ત્રણ સંતાનો, એમ બધા બે ઓરડીમાં રહેતા. બે બહેન પરણીને સાસરે હતી. એક હજી કુંવારી, એનું નામ નલિની. એને મામીની સાથે બહુ બનતું. એ મોટા ભાગે મામીને ઘરે જ પડી પાથરી રહેતી. મુંબઈની ચાલીઓમાં બારીબારણાં તો રાતે જ બંધ થાય, આખો દિવસ ઉઘાડાં હોય. પાડોશીઓની એકબીજાના ઘરમાં આખોય દિવસ અવરજવર થયા કરે. જ્યારે હું મામા-મામીને ત્યાં જતો ત્યારે વોરા કુટુંબની અને ખાસ તો નલિનીની ઓળખાણ થઈ. મને એ ગમી ગઈ.

કૉલેજનાં વરસો દરમિયાન કોઈ છોકરી સાથે મૈત્રી બાંધવાની કે પ્રેમ કરવાની વાત તો બાજુમાં રહી, હું એવી કોઈની ઓળખાણ પણ ન કરી શક્યો. ત્યારે મારી ઉંમર વીસેક વરસની હતી. મારા જુવાનજોધ શરીરની નસેનસમાં વીર્ય ઉછળતું હતું. અને મારી જાતીય ઝંખના દિવસે દિવસે તીવ્ર થતી જતી હતી. જિંદગીમાં હજી સુધી તો કોઈ યુવતીનો સ્પર્શ પણ નહોતો કર્યો. મારી પ્રેમપ્રવૃત્તિ માત્ર કવિતા પૂરતી જ હતી. મોટા ભાગના ગુજરાતી કવિઓની જેમ મારી છંદોબદ્ધ કવિતામાં જે પ્રેમિકા આવતી હતી તે માત્ર કલ્પનામૂર્તિ જ હતી. મેટ્રો કે ઇરોસ જેવા થિયેટરમાં હોલીવુડની ફિલ્મોમાં ગમે તેમ છૂટછાટ લેતી રૂપાળી અભિનેત્રીઓ જોઈને હું આભો બની જતો. મેટ્રોમાં લગભગ દર રવિવારની મેટિનીમાં જાઉં. જે કોઈ મૂવી હોય તેમાં બેસી જાઉં. એ દોઢ બે કલાક તો કોઈ નવી જ દુનિયામાં પહોંચી જાઉં. પણ થિયેટરમાંથી બહાર નીકળતાં જ મને મુંબઈની મારી કપરી પ્રેમવિહોણી વાસ્તવિકતાનું ભાન થાય, અને હું ભયંકર હતાશા અનુભવું.

ધીમે ધીમે મને સમજાતું ગયું કે મારા ભાગ્યમાં કોઈ રૂપાળી, પૈસાપાત્ર કુટુંબની કે ભણેલ ગણેલ મુંબઈની છોકરી નથી લખી. એવી છોકરીને મુંબઈ છોડીને ક્યાંય બીજે નથી જવું ગમતું. એટલું જ નહીં મુંબઈમાં રહેવા માટે એને ફ્લૅટ જોઈએ. તે પણ દૂરનાં પરાંઓમાં નહીં. પ્રોપર મુંબઈમાં હોય તો જ એ વિચાર કરે. મારી પાસે ફ્લૅટ શું, સમ ખાવા પૂરતી એક નાનકડી ઓરડી પણ નહોતી. નોકરી પણ મૂળજી જેઠા મારકેટની! આવા મારા હાલ હવાલ જોઈને, કોણ મને છોકરી આપવાનું છે? વધુમાં ભણેલ છોકરી તો હૂતો હુતી બંને એકલા રહી શકે એવું નાનું કુટુંબ પસંદ કરે. છોકરાની સાથે ભાઈબહેનોનું મોટું ધાડું હોય તે તેને પોસાય નહીં. વરની સાથે ઘરડાં માબાપ કે જેઠજેઠાણી જેવા વડીલો આવતાં હોય તો તેમની સેવા કરવી પડે. એ પણ ન ચાલે! આવી બધી શરતો સામે હું કાયર હતો. કાકા-બા, ત્રણ ભાઈઓ અને એક બહેન દેશમાં રાહ જોઈને બેઠા હતા કે ભાઈ ક્યારે મુંબઈમાં ઓરડી લે અને અમને બોલાવે!

જાતીય ઉત્સુકતાને કારણે નલિની પ્રત્યેનું મારું આકર્ષણ વધવા મંડ્યું. એ ઝાઝું ભણી નહોતી. કૉલેજ સુધી પણ પહોંચી નહોતી. જો કે મુંબઈની ચાલીમાં રહેલી એટલે મુંબઈમાં ઓછા પગારમાં ઘર કેમ ચલાવવું તેની એને ખબર. બહોળા કુટુંબમાં અને ગરીબાઈમાં ઊછરી હતી, એટલે કરકસર કરી જાણતી. હા, એ કંઈ મીનાકુમારી કે વૈજયંતીમાલા જેવી રૂપસુંદરી નહોતી, પણ ચહેરો જોવો ગમે તેવો હતો. અત્યાર સુધી

એ એક જ એવી છોકરી મળી કે જેની સાથે હું સહેલાઈથી વાતોચીતો કરી શકતો. અને જે મારી સાથે વાતો કરતી. મને થયું કે એની સાથે મારી સગાઈ થાય તો કેવું?

નલિનીના ભાઈઓ તો ક્યારનાય એની સગાઈ કરવા માથાકૂટ કરતા જ હતા. મામા મામીને ત્યાં મને આવતો જતો રોજ જોતા, એમને થયું હશે કે આ છોકરા સાથે બહેનનું નક્કી થઈ જાય તો એમને માથેથી આ એક ઉપાધિ ઓછી થાય. એમણે આ વાત મામીને કરી, અને મામીએ મને કરી. પણ મેં કહ્યું કે મને નલિનીમાં રસ છે, પણ હાલ તુરત મારી પાસે કોઈ રહેવાની વ્યવસ્થા નથી, હું તો પેઢીમાં સૂઉં છું અને નાતની વીશીમાં જમું છું. એ લોકો કહે એમને એ બાબતનો કોઈ વાંધો નથી, ચાલો, સગાઈ તો કરી નાખીએ.

મેં દેશમાં બા-કાકાને જણાવ્યું. કાકાને થયું કે જો લગ્ન કરશે તો વહેલો મોડો મુંબઈમાં ઓરડી લેશે, અને ભાઈઓને મુંબઈ બોલાવશે. વધુમાં મારી એક બહેન હજી કુંવારી હતી. તેની પણ સગાઈ કરવાની હતી. એને માટે દેશમાં છોકરો મળવો મુશ્કેલ હતો. એને પણ મુંબઈ મોકલાય અને પોતાની માથેથી એ બધો ભાર ઓછો થાય. છોકરી કોણ છે, કુટુંબ કેવું છે, પોતાના દીકરા માટે બીજે કોઈ સારે ઠેકાણે તપાસ કરવી જોઈએ, છોકરો હજી નાનો છે, સારી નોકરી પણ નથી કે ધંધાની કોઈ લાઈન પણ હાથમાં આવી નથી, અરે, હજી ઓરડી પણ નથી તો રહેશે ક્યાં, એવી કોઈ બાબતનો વિચાર કર્યા વગર કાકાએ તો હા પાડી દીધી.

એ જમાનામાં મારા જેવો ભણેલો છોકરો મળવો મુશ્કેલ. ઘણા પૈસાદાર લોકો આવા લાયક છોકરા સાથે પોતાની છોકરીને પરણાવવા માટે મુંબઈના સારા વિસ્તારમાં ફ્લૅટ અપાવી દે, સારી નોકરી અપાવે કે પોતાના ધંધામાં બેસાડી દે. અમારા જ એક સગાએ આ રીતે પોતાના છોકરાને પરણાવ્યો. સસરાએ એને મુંબઈની જુહુ કૉલોનીમાં ફ્લૅટ અપાવી દીધો. પણ એવી છોકરી મારે માટે ગોતવા કાકાએ મુંબઈ આવવું જોઈએ, આજુબાજુ પૂછપરછ કરવી જોઈએ. એમને એવી કોઈ માથાકૂટ કરવી નહોતી, એમને તો મારા ત્રણ ભાઈઓ અને બહેન ક્યારે મુંબઈ જાય જેથી એમને માથેથી ભાર ઓછો થાય એ ખ્યાલ હતો. હું પણ મૂરખ કે મેં પણ કંઈ ઝાઝો વિચાર ન કર્યો, અને સગાઈ કરી બેઠો!

જેવી સગાઈ થઈ કે તુરત નલિનીના મોટા ભાઈએ લગ્ન કરવા કહ્યું. કહે કે “અત્યારના જમાનામાં સગાઈ લાંબો સમય રહે તે જોખમી છે. ધારો કે તમારું ફટક્યું અને સગાઈ તોડી નાખી તો પછી અમારી બહેનનું શું થાય?” આવી બધી દલીલો કરી

તરત લગ્ન કરવા દબાણ કર્યું. મેં કહ્યું મારી પાસે રહેવા માટે ઓરડી જ ક્યાં છે? લગ્ન તો કરીએ, પણ રહેવું ક્યાં? એ કહે, લગ્ન પછી નલિની વરસ બે વરસ દેશમાં રહેશે. ત્યાં સુધીમાં તો તમે ઓરડી લઈ શકશો. પણ લગ્ન તો હમણાં કરી જ નાખો. આમ કોઈ સારી નોકરીનો બંદોબસ્ત નથી, રહેવાનાં કોઈ ઠેકાણાં નથી, તોય હું લગ્ન કરીને બેઠો!

મૂર્ખતાની કોઈ હદ હોય કે નહીં? નલિનીના ભાઈઓ તો એમનો સ્વાર્થ જોતા હતા, પણ મેં લાંબો વિચાર કેમ ન કર્યો? જીવનનો આ અત્યંત અગત્યનો નિર્ણય ઝાઝો વિચાર કર્યા વગર હું લેતો હતો ત્યારે મારા કોઈ વડીલોએ હું શું કરી રહ્યો છું તે બાબતમાં ચેતવણી પણ નહીં આપી. સત્તરેક વરસની ઉંમર પછીના જીવનના બધા જ નિર્ણયો આમ મેં મારી મેળે જ લીધા હતા. આ દૃષ્ટિએ જીવનમાં મેં જે ચડતીપડતી કે તડકી છાંયડી જોઈ છે, તે બાબતમાં હું મારી જાત ને જ જવાબદાર માનું છું. એમાં મારાથી કોઈનો વાંક કાઢી ન શકાય. પણ મારી નાદાનિયતામાં લીધેલ નિર્ણયોને કારણે મારે કેવી કેવી મુશ્કેલીઓ સહન કરવી પડશે તેનો ખ્યાલ તો પછી આવ્યો.

## હું ઘોડે નહીં, ખટારે ચડ્યો!

જે બસમાં હું થોડાં સગાંઓને લઈને પરણવા ગયેલો એ જાણે કે જૂનો કોઈ ખટારો જ જોઈ લો. બા કાકા અને બીજા સગાંઓ તો દેશમાં હતાં. મારા બહેન બનેવી વગેરે જે બીજા કોઈ થોડાં મુંબઈમાં હતાં તેમણે કોઈએ મારા લગ્નમાં ઝાઝો રસ ન બતાવ્યો. લગ્નની બધી તૈયારી પણ મારે જ જાતે કરવાની હતી. હું ત્યારે ગાંધીવાદી સાદાઈમાં માનતો હતો. ખાવાપીવામાં, કપડાં પહેરવામાં, બધી જ રીતે સાદાઈથી રહેતો. આગળ જણાવ્યું તેમ નાતની બોર્ડિંગમાં પણ દર રવિવારે ફરસાણ અને મિષ્ટાન હોય તે હું ન ખાઉં! માત્ર બે રોટલી અને થોડું શાક એમાં મારું ખાવાનું પતી ગયું. વચમાં તો એક ટાણું જ ખાતો. દેશમાં આવી ગરીબી હોય અને લોકો ભૂખે મરતા હોય ત્યારે મારાથી મિષ્ટાન કેમ ખવાય કે ત્રણ ટંક કેમ ખવાય? જો આવી મારી માન્યતા હોય તો પછી હું લગ્નનો જમણવાર થોડો કરવાનો હતો?

બને તેટલી સાદાઈથી જ મારે લગ્ન કરવાં હતાં. લગ્નની ધામધૂમમાં કશો ખર્ચો કરવો નહોતો. જો કે ખર્ચો કરવાના પૈસા પણ હતા નહીં. સાદાઈથી જ બધું પતાવવું હોય તો સિવિલ મેરેજ કરવા પડે. થોડાં સગાંઓને લઈને મારે વિલે પાર્લે નલિનીના

ઘરે જવાનું હતું. સહી સિક્કા કરવા કોર્ટનો ઑફિસર ત્યાં આવવાનો હતો. આ સિવિલ મેરેજ કરાવવા કોઈ બ્રાહ્મણ નહીં, પણ કોર્ટમાંથી ઑફિસર આવે. પાંચ દસ મિનિટમાં સહી સિક્કા કરાવી દે, અને બિન્ગો, તમારા લગ્ન થઈ જાય! કોઈ જાન ન નીકળે, જો માંડવો જ ન નંખાય તો બૈરાંઓ મોંઘાં પટોળાં કે સાડી સેલાં ને ઘરેણાં પહેરીને ક્યાં બેસે અને લગ્નનાં ગીતો ક્યાં ગાય? સાજનમાજન સજ્જ થઈને ક્યાં બેસે? કોઈ કંકોત્રી નહીં, રિસેપ્શન નહીં, મેળાવડો નહીં, જમણવાર નહીં.

લગ્નનો કોઈ ખર્ચો નથી થવાનો એ વાત કાકાને ગમી. એમણે કોઈ વિરોધ નહીં નોંધાવ્યો. એમણે તો ખાલી હાજરી જ આપવાની હતી. પણ એ જ્યારે મુંબઈ આવ્યા ત્યારે એકલા જ આવ્યા. મારા બા નહીં આવ્યાં. એમને થયું હશે કે ઘરે મોટા દીકરાના લગ્ન થાય અને લોકો ગળ્યું મોઢું ન કરે? જાન ન નીકળે? લગ્નનાં ગીતો ન ગવાય? મેંદીવાળા હાથ ન થાય? આ લગ્ન છે કે છોકરાઓની ઘરઘરની રમત છે? જો કે એમને મોઢે ફરિયાદનો એક શબ્દ પણ મેં ક્યારેય સાંભળ્યો નથી, પણ એમણે એમનો વિરોધ એમની ગેરહાજરીથી નોંધાવ્યો! એમના પહેલા દીકરાના લગ્ન થતાં હતાં અને બા પોતે જ હાજર નહીં! બા ન જ આવ્યાં! આજે હું સમજી શકું છું કે મેં બાને કેટલું દુ:ખ આપ્યું હશે! આજે આ લખતાં મારી આંખ ભીની થાય છે.

થોડાં સગાં એક ઠેકાણે ભેગાં થાય અને ત્યાંથી અમે બસમાં સાથે વિલે પાર્લે જઈએ એમ નક્કી થયું. બધાં ભેગા તો થયા, પણ બસ ન મળે! સરનામાની કંઈ ગરબડ થઈ હશે તેથી ડ્રાઇવર ભૂલો પડ્યો. બસનું નક્કી તો મેં જ કરેલું. જાનૈયાઓને મૂકીને વરરાજા બસ શોધવા નીકળ્યા! સારું થયું કે મારી સાદાઈની ધૂનમાં મેં વરરાજાને શોભે એવા ભભકાદાર કપડાં નહીં પણ રોજબરોજના લેંઘો કફની જ પહેરેલાં, નહીં તો મુંબઈના એ ટ્રાફિકમાં રઘવાયા થઈને પગપાળા બસ શોધતા વરરાજાને જોઈને લોકોને હસવું આવત. આખરે બસ મળી, જોતાં જ થયું કે આ બસ છે કે ખટારો? અમે બધા જેમ તેમ એમાં ગોઠવાયાં, સીટ ઓછી પડી, થોડા લોકો સાથે વરરાજા ઊભા રહ્યા. આમ મારી જાન નીકળી!

મુંબઈના ટ્રાફિકમાં અમારી બસ પા પા પગલી ભરતી હતી. એનું હોર્ન પોં પોં કરીને માથું દુ:ખવતું હતું. માનો કે એ જ મારી શરણાઈ અને નગારાં! ધાર્યા કરતાં અમને મોડું થયું એટલે નલિનીના ભાઈઓને ચિંતા થઈ. એ જમાનો મોબાઈલનો નહોતો, અને લેન્ડલાઈન પણ પૈસાવાળાઓને ત્યાં જ હોય. એ લોકો અમને શોધવા નીકળ્યા, એમને

થયું કે એક્સીડન્ટ થયો કે બસવાળો રસ્તો ભૂલ્યો? કોર્ટ ઑફિસર ઊંચોનીચો થવા માંડ્યો. એને બીજી અપોઇન્ટમેન્ટ હતી. આખરે અમે પહોંચ્યા ખરા, પણ કલાકેક મોડા! જાણે કે મારા ભવિષ્યના લગ્નજીવનમાં જે મુશ્કેલીઓ પડવાની હતી એની આ બધી એંધાણી હતી.

જેવા અમે પહોંચ્યા કે કોર્ટ ઑફિસરે અમને ઝટપટ સહી સિક્કા કરાવી, ‘કોન્ગ્રેચ્યુલેશન’ કહી ચાલતી પકડી. આમ ફેરા ફર્યા વગર કે સપ્તપદીનાં પગલાં ભર્યા વગર અમે પ્રભુતામાં પગલાં માંડ્યા! અમે પરણ્યા તો ખરા, પણ અમારે લગ્નની સુહાગ રાત ક્યાં કાઢવી એ પ્રશ્ન મોટો હતો. ઘર તો હતું નહીં. આનો ઉપાય મેં શોધી કાઢ્યો હતો: જેવા લગ્ન થાય કે તે જ દિવસે માથેરાન જવું, હનીમૂન માટે. અને જે દિવસે માથેરાનથી પાછા આવીએ તે જ દિવસે નલિનીએ દેશમાં જવું, એટલે મુંબઈમાં રાત કાઢવાનો સવાલ જ ઊભો ન થાય.

## માથેરાનમાં હનીમૂન

લગ્નના સહીસિક્કા થયા. વડીલોને પગે લાગી અમે સીધા ગયા બોરીબંદર સ્ટેશને. માથેરાનની ગાડી પકડી. રાતે હોટેલમાં પહોંચ્યા. જીવનમાં પહેલી જ વાર હોટેલમાં રહેવાનું થયું. અને તેમાંય કોઈ સ્ત્રી સાથે! મારે મન મોટી વાત હતી. વેવિશાળ પછી અમને બહાર ફરવા જવાની છૂટ હતી. નલિનીને લઈને હોલીવુડની ફિલ્મો જોવા જતો. એમાં હીરો અને હિરોઈનના છૂટથી ચુંબન કરવાના દૃશ્યો આવતાં. એ જોવા માટે અમે હોલીવુડની મૂવીઓ જોવા જતા. એ જમાનામાં બૉલીવુડની હિન્દી ફિલ્મોમાં ચુંબનનાં દૃશ્યો સેન્સર બોર્ડ કાપી નાખતું હતું. માથેરાનની હોટેલમાં તો અમે એકલા જ હતા. અહીં તો બધું કરવાની અમને છૂટ હતી. મારી જે જાતીય ભૂખ હતી તે હવે હું કશાય સંકોચ વગર સંતોષી શકું તેમ હતું. છતાં અમે સંયમ જાળવ્યો. જ્યાં સુધી મુંબઈમાં રહેવાની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી અમારે કુટુંબ શરૂ નહોતું કરવું.

રહેવાનું કોઈ ઠેકાણું નથી, સારી નોકરી નથી, પૈસા નથી, એવા અનેક મૂંઝવણભર્યા પ્રશ્નોને ભૂલીને હું માથેરાનમાં અમારું હનીમૂન માણવા મંડ્યો. આપણે તો પાછા રોમેન્ટિક ખરા ને! પ્રસિદ્ધ કવિ અને સૉનેટ સ્વામી બલવંતરાય ઠાકોરની જાણીતી સોનેટમાળા પ્રેમનો દિવસ મારી સાથે લઈ ગયો હતો! થયું કે અમે બંને સાથે પ્રેમ કરતા કરતા એ

વાંચીશું અને માણીશું! બાકી રહ્યું હોય એમ અમે માથેરાનમાં ઘોડેસવારી કરી અને મિત્રોને બતાડવા એના ફોટાઓ પણ પાડ્યા!

જેવું હનીમૂન પત્યું કે અમારા પ્રશ્નો પુરબહારમાં શરૂ થયા. જે દિવસે મુંબઈ આવ્યા કે તે જ દિવસે નલિની અને હું દેશમાં જવા રવાના થયા. એ સમયે મુંબઈથી સાવરકુંડલા જવા વિરમગામ સ્ટેશને ગાડી બદલવી પડે અને લગભગ ચોવીસેક કલાક થઈ જાય. ગાડીની એ લાંબી મુસાફરી અમે ઊંચા જીવે પૂરી કરી ગામ પહોંચ્યા. મનમાં ફફડાટ હતો કે બા કાકા શું કહેશે? હું એમનો ભાર હળવા કરવાને બદલે એમને માથે વધુ બોજો નાખતો હતો. વધુમાં બાની ઇચ્છા વિરુદ્ધ જ મેં ઊભડક લગ્ન કર્યાં હતાં. જે વહુને હું ઘરમાં લાવતો હતો તેને એમણે જોઈ પણ ન હતી!

હું નલિનીનો પણ વિચાર કરતો હતો. ભલે નલિની દેશમાં રહેવા તૈયાર થઈ, પણ એને થયું તો હશે ને કે આ લગ્ન તો કેવું કે જેમાં પરણેતર સાથે રહેવાનું નહીં. જેવા પરણ્યા તેવા જ ધણીથી પાંચસો ગાઉ દૂર જઈને રહેવાનું? અને તે પણ સાસરે જ્યાં સાસુ, ત્રણ દિયર, નણંદ વગેરે ને ઓળખવાની વાત તો બાજુ રહી, જોયા પણ નથી. અને એ પણ મુંબઈ જેવું મોટું શહેર છોડીને ગામડા જેવા નાના ગામમાં?

આવી બધી ચિંતા સાથે ઘરે પહોંચ્યો. બા કાકા અને બીજા વડીલોને પગે લાગ્યો. જાણે પોતાની ઇચ્છા વિરુદ્ધ કશું થયું જ ન હોય તેમ બાએ અમ વરઘોડિયાને વધાવી લીધા. એમણે તો ગોર પણ બોલાવી રાખ્યો હતો. ન્હાઈ ધોઈને અમે જેવા તૈયાર થયાં કે તરત પૂજામાં બેસાર્યા. આડોશપાડોશમાંથી લોકો આવ્યા. બાએ બધાને કંસાર ખવરાવ્યો, જે વિધિ મેં મુંબઈમાં કરવાની ના પાડી હતી તે બધી જ બાએ દેશમાં મારી આગળ કરાવી. મેં એમનું એવું તો મનદુ:ખ કરેલું કે હવે એમને ના ક્હેવાની મારી હિંમત જ ન ચાલી. અને મેં જો ના પાડી હોત તો પણ મારું ત્યાં થોડું ચાલવાનું હતું? આ કાંઈ મુંબઈ થોડું હતું?

## બા

નલિની સાથે દેશમાં હું માત્ર એક જ અઠવાડિયું રહ્યો. પણ એમાં મને મારા બાની કુશળતા અને કોઠાસૂઝની પહેલી જ વાર ખબર પડી. એમણે નલિનીની બધી જ જવાબદારી માથે લઈ લીધી. સમજો કે એમણે એનો કબજો લઈ લીધો. આ એક

જ અઠવાડિયામાં મેં જોઈ લીધું કે બાએ સાત સાત સંતાનોને કેવી રીતે ઉછેર્યાં હશે. અમારા બહોળા સંયુક્ત કુટુંબમાં કેટલાં બધાં માણસો રહેતાં હતાં! સંતાનો ઉપરાંત, સાસુ સસરા, જેઠ જેઠાણી અને દૂરના બીજાં બે ત્રણ સગાંઓ, અને આવતા જતા અનેક મહેમાનો—બાએ આ બધાંની વચ્ચે રહેવાનું અને બધાનું સાચવવાનું. આમાં નલિનીનો વધારો થયો. જો કે નલિનીએ એમનો મોભો વધાર્યો. અત્યાર સુધી બા નાની વહુ ગણાતા. હવે એ સાસુ બન્યા, જાણે કે એમને પ્રમોશન મળ્યું!

આમ તો બા નિરક્ષર હતાં. એ ભણેલાં નહોતાં એનો અર્થ એવો નહીં કે એ ગણેલા નહોતાં! અમારા સંયુક્ત કુટુંબમાં રહેવું સહેલું ન હતું. જેઠાણીએ મા બાપાને રાખવાની ના પાડી અને જુદા રહેવા ગયાં. ઘરડા સાસુસસરાની સારવાર કરવાનું બાને માથે આવ્યું. એમાં માજીનો પગ ભાંગ્યો એટલે બાને માથે વળી એક કામ વધ્યું. માજી ને નવરાવવા ધોવરાવવાનું અને એમની બીજી બધી સફાઈ પણ બાએ જ કરવાની હતી. બીજું કોણ કરે? જેઠાણીની કોઈ મદદ હતી નહીં અને અમારી આર્થિક પરિસ્થિતિ એવી નહોતી કે કાકા કોઈ બાઈને માની સંભાળ માટે રાખે.

આવું બધું ઘરનું કામ ઓછું હોય તેમ કાકા એમાં વધારો કરે. ઘણી વાર વગર કહ્યે જ જે ખેડૂતો માલ વેચવા આવ્યા હોય તેમને જમવા માટે ઘરે લઈ આવે. બાએ ઊભાઊભા એમની રસોઈ બનાવવાની. એ ખડતલ લોકોનો ખોરાક પણ જબરો! ઘણી વાર બાપાને ફરસાણ ખાવાનું મન થાય. કહે, “વહુ, આજે થોડા ભજિયાં બનાવજો,” અથવા ગળ્યું ખાવાનું મન થાય તો કહે, “વહુ, આજે થોડો શીરો હલાવજો!” આ ઉપરાંત આવડા મોટા કુટુંબની સવાર સાંજની રસોઈ તો ખરી જ. એ જમાનામાં બહાર રેસ્ટોરાંમાં જવાની તો વાત હતી જ નહીં. અને કેટરિંગનું નામ કેવું અને વાત કેવી?

આ ઘરકામના બોજા ઉપરાંત અમ સાત ભાઈબહેનની સંભાળ લેવાની એ જુદી. કાકા તો સવારથી દુકાને જવા નીકળી પડે. બાની દરરોજની રૂટીન એની એ જ. એમાં કોઈ ફેરફાર નહીં. બાએ કોઈ દિવસ વેકેશન લીધું હોય કે ક્યાંય બહારગામ ગયા હોય એવું મને યાદ નથી. સિનેમા નાટકની વાત બાજુએ મૂકો, મેં એમને નવરાત્રિમાં રાસગરબા લેતા પણ જોયા નથી. એમની સમગ્ર દુનિયા અમારા ઘરની ચાર દીવાલોમાં સમાઈ ગઈ હતી. એમની જિંદગીમાં ઘરકામના ઘસરડા સિવાય મેં બીજું કંઈ જોયું નથી. મેં ક્યારેય બા-કાકાને સાથે બેસીને વાત કરતા કે હસતા જોયા નથી. ક્યારેય કાકા બા માટે કોઈ સાડી, ઘરેણું એવું કાંઈ લાવ્યા હોય તે પણ મને યાદ નથી.

અને છતાં બા પાસેથી મેં ક્યારેય ફરિયાદનો કોઈ શબ્દનો સાંભળ્યો નથી. ઊલટાનું કાકાનાં વખાણ કરતા બાની જીભ ન સુકાય. અમે એમના પુત્રોએ એમને કોઈ સુખ કે શાંતિ આપ્યાં નથી, ઊલટાનું એમનું દુઃખ વધાર્યું છે. પુત્રવધૂઓએ એમનો એક સાસુ તરીકે કોઈ મહિમા કર્યો નથી, ઊલટાનું એમની સાથે ઝઘડાઓ કર્યા છે. એમની વૃદ્ધાવસ્થામાં જ્યારે એમને જરૂર પડી છે ત્યારે અમે કોઈ હાજર નથી રહ્યાં.

૧૯૯૭માં મને વિશ્વગુર્જરીનો એવોર્ડ મળેલો ત્યારે બાને આખાયે કુટુંબ સાથે હું અમદાવાદ લઈ ગયો હતો. એમના મોટા દીકરાનું આવું જાહેરમાં ગવર્નરના હાથે સન્માન થાય એ એમના જીવનનો એક બહુ મોટો પ્રસંગ હતો. ત્યાર પછી તો હું એમને અમેરિકા લઈ આવ્યો, પણ એમને અમેરિકા ન ફાવ્યું. એ પાછા દેશમાં ગયાં. બા પાસેથી મોટામાં મોટી હું વસ્તુ શીખ્યો હોઉં તો એ કે જિંદગી જીવતાં જે અનેક મુશ્કેલીઓ, હાડમારીઓ આપણને અનિવાર્ય રીતે નડે છે તે સહેવી. એ બાબતની ફરિયાદ કરવાનો કોઈ અર્થ નથી. સહનશીલતા અને સહિષ્ણુતા એ એમના મોટા સદ્‌ગુણો. મેં એમને ક્યારેય કોઈની સાથે ઝઘડો કરતા કે મોટે અવાજે બોલતા સાંભળ્યા નથી. એક વાર એમની એક માથેભારી વહુ એમને ખખડાવતી હતી ત્યારે બાને મેં મૂંગે મોઢે સાંભળતા જોયાં છે. ગમ ખાવાની વાત જાણે કે એમને સહજ હતી. ‘કજિયાનું મોં કાળુ’ એ કહેવત મેં એમની પાસેથી વારંવાર સાંભળી છે.

બધાને સમજીને બધા સાથે સંપીને રહેવું એ બાની ખાસિયત. આ વાત ક્યારેય બાએ મને પાસે બેસાડીને સમજાવી નથી, પણ જીવી બતાવી હતી. બાના જીવનનો આ અમૂલ્ય પાઠ મને ધીમે ધીમે અને બહુ મોડેથી સમજાયો. અને તે પણ સાવરકુંડલા છોડીને મુંબઈ આવ્યો ત્યારે જ. મેટ્રિકનું ભણવાનું પૂરું કરી હું નોકરીધંધા માટે ગામ છોડીને મુંબઈ આવ્યો, ત્યારે ઘરબાર કે પૈસાટકા વગર આવનાર નવા માણસને મુંબઈમાં જે હાડમારીઓ ભોગવવી પડે છે તે બધી મને નડી હતી. જ્યારે જ્યારે એ બધું અસહ્ય બની જતું ત્યારે હું બાને, અને ખાસ તો એમની સહનશીલતાને યાદ કરીને મારું ગાડું આગળ ચલાવતો.

અમેરિકા આવ્યા પછી પણ બાની સહનશીલતા અને સહિષ્ણુતા મને વારંવાર યાદ આવ્યા કરી છે. મોટા સંયુક્ત કુટુંબમાં અનેક ચિત્રવિચિત્ર માણસો સાથે રહીને એ બધાને નભાવવાની બાની કુનેહ, એમની કુશળતા મારે માટે અમેરિકામાં પણ માર્ગદર્શક નીવડી છે. અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનના ચીફ ફાઇનન્સિલ ઑફિસર થવાના નાતે મારે

અનેક સારાનરસા માણસો સાથે વર્ષો સુધી નાછૂટકે કામ કરવું પડ્યું છે, કહો કે મારે એ બધાને નભાવવા પડ્યા છે. એ અગત્યના હોદ્દા ઉપર હું ચૌદ વરસ સુધી ટકી રહ્યો એ બાની સહનશીલતા અને સહિષ્ણુતાના ગુણ જે થોડાઘણા પણ મારામાં ઊતર્યા છે તે કારણે જ. બાની મારા ઉપર જાણેઅજાણે જે અસર પડી છે તે અનેક રીતે મારા વર્તન અને વ્યક્તિત્વમાં આજે તરી આવે છે.

અત્યારની ભણેલી સ્ત્રીઓની સરખામણીમાં બા એક મા તરીકે કદાચ નપાસ થાય. પોતાની નિરક્ષરતાને કારણે એમણે પોતાનાં બાળકો સાથે બેસીને ક્યારેય કોઈ ચોપડી વાંચી નથી, કે નથી કરી કોઈ દેશદુનિયાના વર્તમાન પ્રવાહોની ચર્ચા. પણ પોતાની જિંદગી જે સહનશીલતા અને સહિષ્ણુતાથી બાએ જીવી બતાડી છે તે મારે માટે આજે પણ મોટી દીવાદાંડી સમાન છે.

## પાછો મુંબઈમાં

નલિનીને બા કાકા આગળ દેશમાં મૂકીને મારે તો મુંબઈ પાછું જવાનું હતું. જવાની આગલી રાતે મને ઊંઘ જ ન આવી. હું મારા ભવિષ્યના વિચારે ચડ્યો. મોટે ઉપાડે મેં લગ્ન તો કર્યું, પણ હવે શું? ભવિષ્ય એકદમ નિરાશાજનક દેખાયું. થયું કે હું શું કરી બેઠો? મુંબઈ જઈને મૂળજી જેઠા મારકેટની ન કરવા જેવી નોકરી કરવાની છે, એ જ પેઢીમાં ભૈયાઓ અને ઘાટીઓ સાથે સૂવાનું છે, નાતની વીશીમાં ખાવાનું છે, બા કાકાને મદદ કરવાની વાત તો બાજુમાં રહી, હું એમને માથે નલિનીનો ભાર મૂકીને જાઉં છું.

ટ્રેનની લાંબી મુસાફરી કરતાં મારા વિચારોની ટ્રેનની મુસાફરી વધુ લાંબી નીકળી! હું ક્યાં સુધી નલિનીને દેશમાં રાખી શકીશ? આગલી રાતે એનો ધ્રુવ મંત્ર એક જ હતો: “મને ક્યારે મુંબઈ બોલાવીશ?” પણ એ માટે તો મારે ઓરડી લેવી પડે, ઓરડી માટે પાઘડીના પૈસા જોઈએ એ ક્યાંથી કાઢવા? ઓછા પગારની નોકરીમાંથી મારું જ જો માંડ માંડ ચાલતું હતું, તો હું કેવી રીતે પાઘડીના પૈસા ઊભા કરીશ?

હવે મને સમજાયું કે મેં છોકરમતમાં વિચાર કર્યા વગર લગ્ન કર્યા એ કેવડી મોટી ભૂલ હતી. એ ભૂલ મારે દાયકાઓ સુધી ભોગવવી પડશે, કે એમાં મારું આખું જીવન રોળાઈ જશે તે વાત તો મને મોડી સમજાણી. હાલ તરત તો મારે યેન કેન પ્રકારેણ નલિનીને મુંબઈ લાવવાની હતી. સારા પગારની નોકરી ગોતવી પડશે, અથવા કોઈ ધંધાની લાઈન

શોધવી પડશે. પણ એ કેમ કરવું? મુંબઈ આવીને હું પેઢીની રૂટીનમાં ધીમે ધીમે પાછો ગોઠવાઈ ગયો. પણ હવે હું નફિકરો ન હતો. મિત્રો અને પેઢીના લોકો જોઈ શકતા હતા કે મારે માથે મોટો ભાર હોય એમ સચિંત ફરતો હતો. લગ્ન કરીને જાણે કે મેં ગુનો કર્યો હોય એમ મને સતત થયા કરતું હતું. મિત્રોને મળવાનું તેમ જ મામામામીને ઘરે જવાનું પણ ઓછું કરી નાખ્યું.

નલિનીને દેશમાં ગયે લગભગ એક વરસ થઈ ગયું. દેશમાંથી તેના કાગળો નિયમિત આવતા જ હતા. એમાં એક જ વાત હોય, દેશમાં ગમતું નથી, ક્યારે મુંબઈ બોલાવે છે? હું તેને હજી રાહ જોવાનું લખતો હતો. કહેતો કે ઓરડી લેવાની પાઘડીના પૈસા નથી. હમણાં તો આ નોકરીમાં કોઈ બચત થતી નથી. નવી નોકરીની શોધમાં જ છું, કંઈક ધંધો કરવા માટે પણ પ્રયત્ન કરું છું. પણ એ હોશિયાર હતી. એણે ત્યાં દેશમાં બેઠા બેઠા પાઘડી વગર ઓરડી લેવાનો રસ્તો બતાવ્યો! એણે લખ્યું કે મુંબઈમાં ઘણા લોકો સૅનેટોરિયમમાં ટેમ્પરરી રહે છે તેમ રહીએ, પછી જોઈ લઈશું. એના એક સગા આ રીતે સૅનેટોરિયમમાં રહેતા હતા.

મુંબઈની ગીચ ગલીઓ અને અંધારા વિસ્તારોમાં રહેતા લોકોને ઘણા રોગો થતા. ડૉક્ટરો ભલામણ કરતા કે હવાફેર કરવા ક્યાંક બીજે જાવ, જ્યાં પુષ્કળ હવા ઉજાસ હોય એવી જગ્યાએ ચાર છ મહિના રહેવા જાઓ. આવા દર્દીઓ માટે નાતના દાનેશરીઓએ ચોપાટીના દરિયા કાંઠે અને દૂરના પરાંઓમાં સૅનેટોરિયમો બંધાવેલાં. દર્દીઓને થોડાક મહિના રહેવા મળે. શરત એ કે તમારી પાસે ડૉક્ટરનું સર્ટિફિકેટ હોવું જોઈએ અને મુંબઈમાં રહેવાનું ઘર હોવું જોઈએ, જેથી ઓરડી વગરના અમારા જેવા સાજા નરવા માણસો સૅનેટોરિયમની વ્યવસ્થાનો ગેરલાભ ન લે. જો કે લોકો ગમે તેમ કરીને ગેરલાભ લેતા જ હતા.

નલિનીનું કહેવું હતું કે આપણે શા માટે આવી સૅનેટોરિયમમાં જગ્યા ન શોધીએ? કોઈ સગાની લાગવગથી ડૉક્ટરનું સર્ટિફિકેટ તો મળી જ રહે. એના મોટા બહેન તારા બહેન જેને મુંબઈમાં ઓરડી હતી તેને નામે સૅનેટોરિયમની અરજી કરવી. જો તુક્કો લાગે તો ઓછામાં ઓછું ત્રણ મહિના તો સાથે મુંબઈમાં રહેવા મળશે, પછીની વાત પછી! ત્રણ મહિના પછી જો બીજી કોઈ વ્યવસ્થા ન થઈ તો એ પાછી દેશમાં જશે! એનો એ તુક્કો લાગ્યો અને અમને વિલે પાર્લેમાં ત્રણ મહિના માટે નાતની એક સૅનેટોરિયમમાં બે રૂમની જગ્યા મળી. અને નલિનીનું મુંબઈમાં આવવાનું નક્કી થયું.

## નલિની મુંબઈ આવી

આગળ જણાવ્યું તેમ એ જમાનામાં સાવરકુંડલાથી મુંબઈ જવા માટે વચમાં વિરમગામ સ્ટેશને ગાડી બદલવાની. ત્યાં મીટરગેજની ટ્રેન પૂરી થાય અને બ્રોડગેજની ટ્રેન શરૂ થાય. નક્કી એવું થયું કે નલિની સાવરકુંડલાથી વિરમગામ આવે અને હું મુંબઈથી ત્યાં અડધે રસ્તે લેવા જાઉં. આ સૅનેટોરિયમની વ્યવસ્થા માત્ર ત્રણ મહિનાની જ છે, પછી નલિનીને ક્યાં રાખવી, ત્યારે અમારું શું થશે, એ બધી ચિંતા મૂકી હું વિરમગામ જવા તૈયાર થયો. નલિનીને એક વરસ પછી મળવાનું હતું. એની સાથે હનીમૂનમાં ભલે ને એક અઠવાડિયા માટે પણ જે જાતીય આનંદ ભોગવ્યો હતો, જે મજા કરી હતી તે મનમાં હું હંમેશ વાગોળતો. થયું કે વળી પાછી એ મજા કરવાની મળશે.

હું તો હરખપદુડો થઈને નક્કી કરેલ દિવસે વિરમગામ સ્ટેશને પહોંચી ગયો. મુસાફરોના ટોળાં વચ્ચે નલિનીને ગોતવા માંડ્યો. આખરે એને જોઈ, પણ મારો બધો જ ઉત્સાહ ઓસરી ગયો. જોયું તો એની સાથે મારો એક ભાઈ અને કાકા પણ ઊભા હતાં. મને ધ્રાસકો પડ્યો, શું આ ભાઈ પણ મુંબઈ આવવાનો છે? મેં કલ્પના એવી કરેલ કે કાકા નલિની મને ભળાવીને પાછા સાવરકુંડલા જશે અને હું નલિનીને લઈને મુંબઈ આવીશ. મારો એની સાથે રહીને મજા કરવાનો જે વિચાર હતો તે ભાઈને જોઈને પડી ભાંગ્યો. 'કાકાની કઠણાઈ' નામના પ્રકરણમાં આગળ જણાવ્યું છે તે મુજબ મારે આ ભાઈને મુંબઈ લાવવો પડ્યો. મુંબઈમાં હું મારું જ માંડ માંડ પૂરું કરતો હતો તેમાં હવે નલિનીની સાથે ભાઈ પણ આવીને માથે પડ્યો. એણે હાઈસ્કૂલ પણ પૂરી નહોતી કરી. એને નોકરીએ કોણ રાખવાનું છે? ગુમાસ્તા થવાની પણ લાયકાત એનામાં નથી. ઘાટીની નોકરી મળે તો ય એ ભાગ્યશાળી. વધુમાં એ મુંબઈમાં પણ સાવ નવો સવો. શરૂઆતના થોડા મહિના તો એ સાવ ઘરે બેઠો.

હું તો સવારના ઊઠીને નોકરીએ જાઉં, પણ નલિનીએ ભાઈની સંભાળ લેવાની. એને માટે સવાર-બપોર સાંજ એમ ત્રણ ટંક રસોઈ કરવાની. ઘરમાં ગોંધાઈ રહેવાનું એને ન ગમે એટલે એને થોડું ઘણું મુંબઈ બતાડવાનું. એનો સ્વભાવ તીતાલી. ઘડી ઘડીમાં ગુસ્સે થઈ જાય. ઝીણી ઝીણી વાતમાં એનો કક્કો ખરો કરે. કાકા એનાથી કેમ થાકી ગયા હશે તે હું સમજી શક્યો. થોડા જ વખતમાં નલિની પણ એનાથી થાકી ગઈ. દરરોજ રાતે

અમારા બે વચ્ચે ભાઈપુરાણ થાય, અને મારી નલિની સાથે સૂવાની મજા બગડે. એ મને કહે તમે આ પાપને ઘરમાંથી બહાર કાઢો. પણ હું એને ક્યાં કાઢું? એને કોણ રાખે?

આખરે એક મિત્રની લાગવગથી ભાઈને એક રેડીમેડ ગારમેન્ટના સ્ટોરમાં ઘાટી તરીકે નોકરી અપાવી. સ્ટોરનો માલિક કહે, હું એને પગાર નહીં આપું, મેં કહ્યું કાંઈ વાંધો નહીં. થયું કે ઓછામાં ઓછું દિવસ આખો તો ઘરની બહાર રહેશે. નલિનીનો દિવસ પૂરતો તો છુટકારો થશે. પણ એને આવી પગાર વગરની નોકરી નહોતી કરવી. એને ઘાટી તો નહોતું જ થવું. એને તો ગલ્લે બેસવું હતું! મેં કહ્યું જે છે તે આ છે. તું કંઈ ભણ્યો નથી, તારામાં કોઈ આવડત નથી. એ પણ કહ્યું કે મેં પણ આવી જ રીતે પહેલી નોકરી ઘાટી તરીકે અને પગાર વગર જ કરેલી. આ સિવાય તને બીજું કાંઈ મળશે નહીં. લેવી હોય તો લે નહીં તો દેશમાં પાછો જા! મને કમને એણે નોકરી લીધી. અને નલિનીને થોડીક રાહત થઈ. પણ અમારો રહેવાનો મૂળ પ્રશ્ન તો હજી ઊભો જ હતો.

## સૅનેટોરિયમોમાં રઝળપાટ

સૅનેટોરિયમમાં અમે અમારો ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. ભલે ને કામચલાઉ પણ પહેલી જ વાર અમારું ઘર મંડાયું. મુંબઈના અસંખ્ય ગૃહસ્થ નોકરિયાતોની જેમ હું પણ સવારનો ચા-નાસ્તો કરીને ટ્રેન પકડીને મુંબઈ જતો થયો. હવે વીશીમાં લંચ લેવાને બદલે ઘરેથી ટિફિન આવે તે ખાતો. સાંજે પેઢીનું કામ પતાવી બધાંની જેમ હું પણ ટ્રેન પકડીને ઘરે આવતો થયો. આમ હું મુંબઈના સ્થાયી વસવાટ કે રહેઠાણ વગર મુંબઈવાસી થયો.

સૅનેટોરિયમના પાડોશીઓમાં નાદુરસ્ત તબિયતને કારણે હવાફેર માટે આવ્યા હોય એવા લોકો તો બહુ ઓછા. મોટા ભાગના લોકો મારા જેવા શરીરે નરવા પણ પૈસેટકે બીમાર હતાં. અમારી કફોડી દશા એવી હતી કે નોકરી કરવી મુંબઈમાં પણ રહેવાના ફાંફા. આવા સમદુ:ખિયા અમે એકબીજા સાથે નોટ્સ સરખાવતા. ત્રણ મહિના પત્યે ક્યાં રહેવા જશું? પાડોશીને ઓળખો અને કાંઈક સંબંધ બાંધો ત્યાં તો એ બીજે ઠેકાણે જવાની તૈયારી કરતા હોય. ઘણા લોકો તો રાતે ને રાતે જ ગાયબ થઈ જાય! આપણને ખબર પણ ન પડે! આમ લોકો આવતા જતા. કોઈ ભાગ્યશાળી માણસ પાઘડીના પૈસા ઊભા કરે. કાયમી નિવાસ સ્થાનની ઓરડી કે ફ્લૅટ લે. અમે બાકીના ફૂટેલા નસીબવાળા

આભા થઈ છૂપી છૂપી એમની ઇર્ષા કરતાં. મનોમન વિચાર પણ કરતા કે ક્યારેક તો આપણા નસીબનું પાંદડું ફરશે અને આપણે પણ ઓરડી કે ફ્લૅટ લેશું.

પણ મારું નસીબનું પાંદડું ફરે એ પહેલાં અમારા ત્રણ મહિના પૂરા થવાની તૈયારીમાં હતા. મારી ચિંતા દિવસે દિવસે વધવા માંડી. હવે હું શું કરીશ? હું તો પાછો પેઢીમાં સૂવા જઈ શકું, અને વીશીમાં ખાઈ શકું. પણ નલિનીને થોડું કહેવાય કે તું પણ પેઢીમાં સૂવા ચાલ? અને ભાઈનું શું કરવું? જેવા ત્રણ મહિના પૂરા થયા કે હું સૅનેટોરિયમના ટ્રસ્ટીઓના પગે પડ્યો. મારી પરિસ્થિતિ સમજાવી અને વિનંતી કરી કે અમને બીજા ત્રણ મહિના મહેરબાની કરીને રહેવા દો. એ લોકોને દયા આવી. અમને બીજા ત્રણ મહિનાનું એક્ષ્ટેન્શન આપ્યું. હું તો રાજી રાજી. ઓછામાં ઓછામાં આવતા ત્રણ મહિના આપણે સહીસલામત છીએ. જો કે મને ખબર હતી કે બીજા ત્રણ મહિના તો અબઘડી પૂરા થશે, અને વળી પાછો એનો એ જ પ્રશ્ન ઊભો થવાનો છે.

જ્યાં સુધી હું ઓરડી લઈશ નહીં ત્યાં સુધી આ પ્રશ્ન ઉકલવાનો નથી જ. ખબર હતી કે આ નોકરીમાં પણ મારું કશું વળવાનું નથી. લોકો કહે, ધંધો કર, દલાલી કર, પણ હું શેનો ધંધો કરું કે શેની દલાલી કરું? બી. કોમ.ની ડીગ્રીએ મને જમાઉધારના હવાલા નાખવા સિવાય શું શીખવાડ્યું હતું? કોઈ મોટી બૅંકમાં મને નોકરી મળે તો મારો ઉદ્ધાર થઈ જાય. આવી બૅંક ઓરડી કે ફ્લૅટ લેવા માટે એના કર્મચારીઓને લોન આપતી હોય છે. બી.કોમ. થયો છું, તો બૅંક ક્લાર્ક જરૂર થઈ શકું, પણ એવી નોકરી મેળવવા માટે લાગવગ જોઈએ એ ક્યાંથી કાઢવી?

સારી નોકરી માટેની શોધ તો ચાલુ જ હતી, પણ સાથે સાથે બીજા સૅનેટોરિયમની શોધ પણ હવે શરૂ થઈ. ખબર પડી કે મુંબઈના ચોપાટી વિસ્તારમાં બાજુ બાજુમાં બે સૅનેટોરિયમો હતાં. બન્નેમાં અરજી કરી. લાગવગ લગાડી, ટ્રસ્ટીઓ અને સૅનેટોરિયમ સંભાળતા મહેતાજીઓને મળીને કંઈક કાલાવાલા કર્યાં. નસીબ જોર કરતું હશે કે કેમ પણ બન્ને જગ્યાએ મારો નંબર લાગ્યો! ત્રણ મહિના એક જગ્યાએ અને પછીના ત્રણ મહિના બાજુમાં. આમ અમને ચોપાટી વિસ્તારમાં છ મહિના રહેવાનું મળ્યું!

અને તે પણ ભારતીય વિદ્યાભવનની આજુબાજુ. કનૈયાલાલ મુનશીએ સ્થાપેલી એ ભવ્ય સંસ્થા હતી. ત્યાં ઘણા સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતા. જે મફત હોય. તેમાં હું જરૂર જતો. મુનશી પોતે પ્રસિદ્ધ નવલકથાકાર, જાણીતા ધારાશાસ્ત્રી અને એક વખતના ઉત્તર પ્રદેશના ગવર્નર. એમની નવલકથાઓ મેં વાંચી હતી. ખાસ

તો સ્વપ્નદ્રષ્ટા, તેના નાયકની જેમ મારે પણ દેશ સેવા કરવી હતી. હું મુનશીની આત્મકથાઓ વાંચીને એમના જેવા થવાની મહત્ત્વાકાંક્ષા સેવતો. પણ આ દર ત્રણ ત્રણ મહિને સૅનેટોરિયમોમાં કરવા પડતા રઝળપાટ પછી એ સપનાં શેખચલ્લીની નિરર્થક ઘેલછાઓ જેવાં જ મને લાગ્યાં.

દર ત્રણ મહિને હવે ક્યાં જવાનું છે તેની ઠેઠ સુધી ખબર ન હોય. જ્યારે નક્કી થાય ત્યારે બધા લબાચા ઉપાડવાના, લારીમાં ભરીને નવે ઠેકાણે ડેરા તંબૂ તાણવાના. દેશના ભાગલા પછી નિરાશ્રિતો જે રીતે ગામે ગામે રખડતા એવી અમારી દશા થઈ. મને યાદ છે કે સાવરકુંડલામાં કેટલાંક હબસી કુટુંબો આવી રીતે ગામને છેવાડે ઝૂંપડી બાંધીને રહેતા તે હું જો'તો. એ જિપ્સી લોકો એકાએક જ રાતના પોતાનો માલ સામાન ઉપાડીને ક્યારે ગાયબ થઈ જાય તેની ખબર જ ન પડે. અમારી પરિસ્થિતિ આ જિપ્સીઓ જેવી જ થઈ ગઈ હતી.

દરેક જગ્યાએ જ્યાં અમને રહેવાનું મળે ત્યાં અમારી આઇડેન્ટિટી બદલાય. નવા નામે રહેવાનું. મુંબઈમાં રહેતા અમારા જુદાં જુદાં સગાંઓનાં નામે અમે અરજી કરતા. અમારે બરાબર યાદ રાખવું પડે કે અત્યારે જ્યાં રહીએ છીએ તે કયા નામે રહીએ છીએ અને કયા નામે આપણે અહીં ઓળખાઈએ છીએ. એક સૅનેટોરિયમમાં છોકરાઓ મને હરિશ્ચન્દ્ર કહીને મારી ઠેકડી ઉડાડતા, કારણ કે ત્યાં અમે નલિનીના બહેન તારાબહેનના નામે સૅનેટોરિયમ લીધું હતું. નલિની તારામતિ થયેલી. પાડોશના છોકરાઓએ હરિશ્ચન્દ્ર-તારામતિવાળી દંતકથાને આધારે મને હરિશ્ચન્દ્ર બનાવી દીધો! જ્યારે હું ઘર બહાર નીકળું ત્યારે હરિશ્ચન્દ્ર કહીને મારો હુરિયો બોલાવતા. બહુ મોડેથી ખબર પડી કે શા માટે છોકરાઓ મને હરિશ્ચન્દ્ર કહેતા.

## મુંબઈ છોડવાનું નક્કી કર્યું

મુંબઈમાં અમારી નાતનાં બધાં જ સૅનેટોરિયમોમાં હવે અમે રહી ચૂક્યા હતા. એક ઠેકાણે તો એક્ષ્ટેન્શન પણ લીધું હતું. કેટલીક જગ્યાએ ટ્રસ્ટીઓ અને મહેતાજીઓ અમને ઓળખી ગયા હતા. હવે ફરી વાર ત્યાં જવું મુશ્કેલ હતું. એ મળે તોયે ત્રણ મહિના પછી તો એનો એ જ પ્રશ્ન ઊભો રહેવાનો છે. વધુમાં આ સૅનેટોરિયમમાં દર ત્રણ મહિને થતી રઝળપાટથી હું થાક્યો પણ હતો. જો સૅનેટોરિયમ મળ્યું તો મુંબઈમાં ક્યાં અથવા

કયા પરામાં અને કેવું મળશે તે બાબતમાં અમારો કોઈ ચોઈસ થોડો હતો? ભારતીય વિદ્યાભવનની બાજુમાં જે એક જગ્યા મળી હતી, તે એવી તો ખખડધજ હતી કે ક્યારે પડી ભાંગશે તેનો કોઈ ભરોસો ન હતો. રૂમની વચમાં જ ટેકા માટે મોટા થાંભલાઓ મૂકાયેલા હતા!

હવે મારે શું કરવું? મારી દશા વળી પાછી સાપે છછુંદર ગળ્યા જેવી થઈ! નોકરી મુંબઈમાં છે, પણ રહેવા માટે ઓરડી નથી. દૂરના પરામાં પણ સામાન્ય ઓરડી લેવા જેટલાય પૈસા નથી અને એ પૈસા ભેગા થવાની હું કોઈ શક્યતા જોતો નહોતો. હવે નલિનીને પણ દેશમાં પાછી મોકલવી મુશ્કેલ. આ મુસીબતનો એક જ ઉપાય મને દેખાતો હતો. તે હતો મુંબઈ છોડવાનો! મુંબઈમાં જ્યાં આખા દેશમાંથી લોકો પોતાનું નસીબ અજમાવવા આવતા હતા, ત્યાં મારો જ પત્તો ન લાગે એમ? મારે મુંબઈ છોડવું પડશે એમ? અનેક સગાંઓ, મિત્રો અને ઓળખીતાઓ એમ બધા જ જો મુંબઈમાં પોતાનો રસ્તો શોધી લેતા હોય તો હું એક જ એવો નમાલો નીકળ્યો કે સામાન્ય ઓરડી પણ ગોતી શકતો નથી? બધા જ પોતપોતાની રીતે મુંબઈમાં ગોઠવાઈ જતા હોય છે તો હું જ એવો અક્કલ વગરનો કે હજી ઓરડી વગરની રખડપાટ કરું છું? મેં તો એવો શું ગુનો કર્યો છે?

જે જે વસ્તુઓ વિશે મનમાં હું ખાંડ ખાતો હતો, જેને માટે મગજમાં રાઈ ભરીને બેઠો હતો—બી. કોમ. ડીગ્રી, મારી સાહિત્યપ્રીતિ, ખાસ કરીને પૃથ્વી છંદ ઉપરનું મારું પ્રભુત્વ, દેશના રાજકીય પ્રવાહો વિશેની મારી સમજ, દેશોદ્ધાર કરવાની મારી ધગશ, કશુંક કરી છૂટવાની મારી મહત્ત્વાકાંક્ષા—આમાંનું કશું કરતાં કશું જ મને કામમાં નહોતું આવતું. થયું કે એ બધામાં ધૂળ પડો. થયું કે આ કરતા હું કૉલેજમાં ન જ ગયો હોત તો સારું. કાકાની વાત સાવ સાચી હતી. મારાં કેટલાં બધાં સગાંઓ જેમણે કૉલેજનો દરવાજો પણ જોયો નથી તે આજે મારકેટમાં દલાલી કરે છે, અથવા નાનીમોટી કોઈ ધંધાની લાઈન પકડી લઈને પૈસા બનાવે છે. કેટલાક તો ગાડીઓ ફેરવે છે. અને હું બી. કોમ. ભણેલો ઓરડી વગરનો રખડું છું.

પેઢીમાં બહારગામની મિલોમાંથી જે માલ આવતો તે છોડાવવાનું કામ મારે માથે હતું. તે માટે હૂંડીઓ ભરવાની હોય. એક બૅંકમાંથી લાખો રૂપિયા ઉપાડી બીજીમાં ભરવાના અને હૂંડી છૂટે. ઘણી વાર તો આખી સવાર એમાં જ જાય. એ જમાનો કસ્ટમર સર્વિસ કે ટેક્નોલોજીનો નહોતો. એક બૅંકમાંથી પૈસા ઉપાડું, ટેક્સીમાં બેસી બીજી બૅંકમાં જઉં.

મારી પાસે બેગમાં લાખો રૂપિયા હોય. અડધોએક કલાકની ટેક્સી રાઇડમાં હું લખપતિ બની જતો. આવી રીતે લાખો રૂપિયા લઈને જવું આવવું એ કેટલું જોખમી હતું એવો વિચાર પણ આવ્યો નહોતો, કે એવું પણ વિચાર્યું નહોતું કે આમાંથી પાંચેક હજારની ગાપચી મારી લઉં તો મારો ઓરડીનો સવાલ ઊકલી જાય. કોને ખબર પડવાની છે? જો કે એવું કાંઈ કરવાની હિંમત પણ નહોતી.

મારી મુંબઈની ભયંકર નિષ્ફળતા મને બહુ કઠતી હતી. મારા હાથ હેઠા પડ્યા હતા. આપણે મુંબઈ છોડવું પડશે એ વાત નલિનીને સમજાવતા હું એકાએક જ રડી પડ્યો! બાળપણમાં હું જરૂર રડ્યો હોઈશ, પણ પુખ્ત વયમાં આ પહેલી જ વાર રડ્યો. એ મને રડતો જોઈ હેબતાઈ ગઈ. નલિની પણ દર ત્રણ મહિને સૅનેટોરિયમોમાં લબાચા ફેરવી ફેરવીને થાકી હતી. એણે હા પાડી. અને મેં મુંબઈ બહાર કોઈ મોટા શહેરમાં નોકરી શોધવાનું શરૂ કર્યું. તુરત જ ભોપાલના એક મોટા કેમિકલ પ્લાન્ટમાં એકાઉટન્ટ તરીકે સારી નોકરી મળી. પગાર પણ સારો હતો. અને ત્યાં મુંબઈ જેવો કોઈ રહેવાનો પ્રશ્ન હતો જ નહીં. જે પગાર મળવાનો હતો તેમાંથી હું કોઈ સારું મકાન ભાડે લઈ શકું. મેં હા પાડી. જવાની તારીખ નક્કી થઈ. આજે પચાસેક વર્ષ પછી એ યુનિયન કાર્બાઈડનો પ્લાન્ટ હતો કે બીજો કોઈ એ યાદ નથી, પણ દાયકાઓ પછી ભોપાલના યુનિયન કાર્બાઈડના પ્લાન્ટમાં ભયંકર હોનારત થઈ હતી જેમાં હજારેક માણસો મરી ગયા હતાં. અમેરિકામાં બેઠા બેઠા એ સમાચાર વાંચ્યા ત્યારે મારી નોકરી માટે ભોપાલ જવાની વાત યાદ આવી હતી.

બા કાકાને જણાવી દીધું. કાકાને મારી મુંબઈ છોડવાની વાત જ નહીં ગમી. અમારા સગાંઓ કે ઓળખીતાઓમાં કોઈ મુંબઈ સિવાય બીજે ક્યાંય ગયું હોય એમ સાંભળ્યું નહોતું. હું એમની બાજી બગાડી નાખતો હતો. એમને તો દેશમાં બાકી રહેલા મારા બીજા બે ભાઈઓ અને એક બહેનને બને એટલી જલદીથી મુંબઈ મોકલવા હતા. હું જો મુંબઈમાં હોઉં જ નહીં તો કેવી રીતે મોકલે? મેં તો નક્કી કરી નાખ્યું હતું કે મુંબઈ બીજા બધા માટે ભલે સારું હોય, પણ મારે માટે તો સાવ નકામું નીવડ્યું હતું.

દેશમાં હતો ત્યારે હું મુંબઈ આવવાનાં અને રહેવાનાં સપનાં સેવતો હતો. નાનપણથી નાસ્તિક છતાં, ગમે તેમ પણ મારું મુંબઈ જવાનું થાય એવી હું ઈશ્વર પાસે દિવસરાત પ્રાર્થના કરતો. એ જ મુંબઈને હું હવે ધિક્કારતો થઈ ગયો. ત્યાંથી ભાગવા તૈયાર હતો. છતાં મુંબઈમાં જે મારી હાર થઈ હતી તે હું સ્વીકારવા તૈયાર ન હતો. મનમાં

ને મનમાં નક્કી કરતો હતો કે ભોપાલ કે બીજે જ્યાં ક્યાંય હું સ્થાયી થઈશ ત્યાં ખૂબ પૈસા બનાવીશ, આગળ આવીશ અને આ મુંબઈવાળાઓને બતાડી દઈશ! વધુમાં મારી જાતને મનાવતો હતો કે મુંબઈની બહાર લાખો લોકો વસે જ છે ને? એ બધાનું જે થાય છે તે મારું થશે.

## આખરે ઓરડી લીધી!

હજી મેં કોઈને વાત નહોતી કરી કે અમે તો ભોપાલ જવાની તૈયારી કરી રહ્યા છીએ. થયું કે ઓછામાં ઓછું મારે મારી બહેન, મામા-મામી અને રતિભાઈને તો જણાવવું જોઈએ કે હું મુંબઈ છોડું છું. દેશમાંથી આવીને પહેલો વહેલો બહેનને ત્યાં જ ઊતર્યો હતો. મામા-મામીએ અઢળક પ્રેમથી મુંબઈમાં મારી સંભાળ લીધી હતી. અને રતિભાઈએ તો મને કૉલેજમાં ભણાવ્યો હતો. પહેલા રતિભાઈને મળવા ગયો. વાત કરી. રતિભાઈ કહે, આ તેં શું આદર્યું? મુંબઈ કઈ છોડાય? અને તે પણ ભોપાલ માટે? ત્યાં તારું ભવિષ્ય શું? મેં કહ્યું કે મુંબઈમાં મને મારું ભવિષ્ય બહુ કાંઈ દેખાતું નથી, અને ધારો કે અહીં મારું ભવિષ્ય હોય તો પણ આ ઓરડી વગર અમારે રહેવું ક્યાં? હવે મને સૅનેટોરિયમ મળે એમ લાગતું નથી. અને મળે તો ય એ રઝળપાટથી હું થાક્યો છું. એ મારી મૂંઝવણ સમજ્યા. કહે, જા તું ઓરડીનું નક્કી કરી આવ, પાઘડીના પૈસા હું આપીશ! હું એમની ઉદારતા જોઈને આભો બની ગયો. મેં કહ્યું કે એ પૈસા હું ક્યારે પાછા આપી શકીશ તેની મને ખબર નથી. એ કહે, એ બાબતમાં મુંઝાવાની જરૂર નથી. જ્યારે તારી પાસે સગવડ થાય ત્યારે આપજે, અત્યારે તો ઓરડી લઈ લે.

હું તો રાજીના રેડ થઈ ગયો. તરત ઓરડીની શોધ આદરી. દૂરના પરા કાંદિવલીમાં એક મારવાડી શેઠે પોતાના બંગલા પાછળ નોકરોને રહેવા માટે થોડી ઓરડીઓ ઉતારી હતી, તેમાંથી જે એક વધી હતી તે મળતી હતી. પાઘડીના અઢી હજાર કહ્યા. ગયો રતિભાઈ આગળ. કહ્યું કે અઢી હજાર રૂપિયામાં કાંદીવલીમાં ઓરડી મળે છે. એ કહે, હું તને બે હજાર આપીશ. બાકીના પાંચસોની વ્યવસ્થા તું કરી લેજે. એ પાંચસો ઊભા થાય એટલે મારી પાસે આવજે, હું તને બે હજાર આપીશ.

હવે મારે પાંચસો રૂપિયા ક્યાંથી કાઢવા? પેઢીમાં તો બન્ને ભાગીદાર વચ્ચે ઝઘડો ચાલતો હતો, ત્યાં કાંઈ વળે એમ લાગ્યું નહીં. આખરે એક દૂરના માસા જેની પેઢીમાં

દેશમાંથી આવીને વગર પગારે કામે લાગ્યો હતો, તેમને મળ્યો, અને પાઘડી માટે ખૂટતા પાંચસો રૂપિયાની વાત કરી. એમણે તરત હા પાડી. દોડીને રતિભાઈ પાસે ગયો. એમણે કહ્યું આવતી કાલે આવજે, અને પૈસા લઈ જજે. આમ પાઘડીના અઢી હાજર રૂપિયા ઊભા થયા. અમે ઓરડી લીધી! અને અમારું ભોપાલ જવાનું બંધ રહ્યું.

## એક ઓરડીનો અમારો ગૃહસ્થાશ્રમ

પાઘડીના પૈસા હાથમાં આવ્યા કે તુરત જ સૅનેટોરિયમની દુનિયાને રામરામ કરીને અમે ઓરડીમાં રહેવા ગયા, અને ઘર માંડ્યું. એ એક રૂમમાં અમારું કિચન, લીવિંગ રૂમ, ડાઇનિંગ રૂમ, ફેમીલી રૂમ, લાઇબ્રેરી, બાથરૂમ, જે ગણો તે બધું જ આવી ગયું! ભાઈ રાતે બહાર ચાલીમાં સૂવે અને અમે ઓરડીમાં. સંડાસ માટે બહાર એક કામચલાઉ જગ્યા હતી ત્યાં પાણીનું ડબલું લઈને જવાનું. બારણું પકડીને બેસવાનું, નહીં તો ઊઘડી જાય. સંડાસ એક જ, અમે વાપરનારા વીસ. સવારના લાઈન લાગી હોય. વરસાદ વખતે છત્રી લઈ સંડાસ જવાનું!

પૈસા તો હતા નહીં, એટલે ઉધારું કરીને ઘરવખરીનો સામાન લઈ આવ્યા. થોડો સામાન સગાંઓએ આપ્યો. આમ અમારો મુંબઈનો ઘરસંસાર શરૂ થયો. મારા અઢીસોના પગારમાં છોકરાને ઘૂઘરા રમાડવાની વાત તો બાજુમાં રહી, હુતો-હુતી એમ બેનું અમારું ઘર પણ ચલાવવાનું મુશ્કેલ હતું. તેથી મેં પ્રાઇવેટ ટ્યુશન કરવાના શરૂ કર્યા. જો હવે સૅનેટોરિયમ ગોતવાનું બંધ થયું તો ટ્યુશનની શોધ શરૂ થઈ. સાથે સાથે સારી નોકરી માટેની તપાસ તો ચાલુ જ હતી. ટાઈમ્સ તો નિયમિત જોતો જ હતો. એક વાર જોયું તો એક શ્રીમંત કુટુંબના એક નબીરાને ઈંગ્લીશ શીખવવા માટે શિક્ષકની જરૂર હતી. મેં તરત જ અરજી કરી. મને મળવા બોલાવ્યો.

શ્રીમંત શેઠ કહે, એમનો દીકરો સખ્ત માંદગીમાં સપડાયો એટલે એને સ્કૂલમાંથી ઉઠાડી લેવો પડ્યો હતો. દીકરો ઝાઝું ભણ્યો નથી, અને હવે ઉંમર વધી હોવાથી સ્કૂલમાં જવાની ના પડે છે. હવે એને કોઈ કૉલેજની ડિગ્રી નથી મળવાની, પણ જો પાંચમાં બેઠો હોય તો કાંઈ બાફે નહીં એવું કાંઈક કરી આપો. ઓછામાં ઓછું મારે એનું ઈંગ્લીશ સુધારવું છે અને એનું જનરલ નોલેજ વધારવું છે. વળી હસતાં હસતાં કહે, ચોપાટી ઉપર જે દાઢીવાળાનું પૂતળું છે તે ટાગોરનું છે એમ માને છે! (એ પૂતળું મુંબઈના એક

વખતના મેયર વિઠ્ઠલભાઈ પટેલનું છે!) તમારે એની સાથે એક કલાક બેસવું, ટાઈમ્સ વાંચવું જેથી એનું ઈંગ્લીશ સુધરે, સાથે સાથે એનું જનરલ નોલેજ વધે અને કરંટ અફેર્સની પણ કંઈક ખબર પડે. અને છોકરો એમ ના માને કે બધા દાઢીવાળા પૂતળાં ટાગોરનાં છે! મને થયું કે આ તો અદ્‌ભુત તક છે. મેં તુરત હા પાડી. થયું કે હું દરરરોજ સવારના પહેલું કામ ટાઇમ્સ વાંચવાનું કરું જ છું, તો હવે આ રાજકુંવર સાથે એ કરીશ. ઉપરથી મને મહિને દોઢસો રૂપિયા મળશે!

આમ મને આવું સારું ટ્યુશન મળ્યું એથી હું તો ખુશ થઈ ગયો. થયું કે આ તો સેલીબ્રેટ કરવું જોઈએ. એમની ટેમરીન્ડ લેન પર આવેલી ઑફિસની નીચે જ ‘છાયા’ અને ‘ન્યૂ વેલકમ’ નામના બે રેસ્ટોરાં હતા. ‘છાયા’માં જઈને બેઠો અને પૂરી ભાજીનો મોટો ઓર્ડર આપ્યો, આરામથી એ ખાઈને કૉફી પીતો હતો, ત્યાં મારા જૂના મિત્ર કનુભાઈ દોશીને રેસ્ટોરાંમાં દાખલ થતા જોયા. મેં એમને બોલાવ્યા, અને પૂછ્યું: તમે અહીં ક્યાંથી? એ કહે, એક ઈંગ્લીશ ભણાવાના ટ્યુશનના ઇન્ટરવ્યૂ માટે આવ્યો હતો, પણ એમણે મને કહ્યું કે હમણાં જ એ ટ્યુશન અપાઈ ગયું. મેં કહ્યું કે બેસો, જેને એ ટ્યુશન મળ્યું છે તેની સાથે કૉફી પીવો!

પોતાના જૂજ પગારને સપ્લીમેન્ટ કરવા મુંબઈમાં મારા જેવા ભણેલા લોકો પ્રાઇવેટ ટ્યુશન કરતાં. મારામાં જો ધંધા કરવાની કંઈક પણ સૂઝ હોત તો એનો મોટો ધંધો કરત. કારણ કે આજે ટ્યુશન ક્લાસ ચલાવવાનો ધંધો કરનારા લોકો કરોડપતિ થઈ ગયા છે. સ્કૂલો અને કૉલેજોમાં છોકરા છોકરીઓ કશું ભણતા જ નથી, અને જે ભણાવાય છે તે એક્ઝામમાં પાસ થવામાં બહુ ઉપયોગી નીવડતું નથી. જો સારા માર્ક્સ મેળવવા હોય તો પ્રાઇવેટ ટ્યુશનના ક્લાસ ભરવા જ પડે. જાણે કે એક પેરેલલ એજ્યુકેશન સિસ્ટમ ઊભી થઈ ગઈ છે. મારી જેમ બીજા મિત્રો પણ આ રીતે પ્રાઇવેટ ટ્યુશન કરીને પોતાની ઇન્કમ સપ્લીમેન્ટ કરતા.

હવે મારું દરરોજનું રૂટીન બદલાઈ ગયું. ટ્યુશન કરવા મારે મલબાર હિલ પર સવારના આઠે પહોંચવાનું. મારું રહેવાનું ઠેઠ કાંદિવલીમાં. સવારના પાંચે ઊઠું. નહાઈ ધોઈ તૈયાર થઈ, થોડો ચા નાસ્તો કરીને ઘરેથી નીકળું. છની ગાડી પકડું. મુંબઈના ગ્રાન્ટરોડ સ્ટેશને ઊતરું, ત્યાંથી મલબાર હિલની બસ લઉં, અને બસ જ્યાં હેન્ગીંગ ગાર્ડન જવા જમણી બાજુ વળે ત્યાં હું ઊતરી પડું અને હાર્કનેસ રોડ દસેક મિનિટ

ચાલીને દરિયાકાંઠે આવેલા શેઠના ઘરે પહોંચું. ટ્યુશન પતાવીને પાછો બસ પકડીને ઑફિસ પહોંચું ત્યાં સાડા દસ અગિયાર થઈ જાય.

મુંબઈમાં પૈસાવાળા લોકો કેમ રહે છે તેનો મને હવે ખ્યાલ આવ્યો. મકાનમાં દાખલ થાઉં તો ચોકીદાર ગુરખો મને સલામ કરે! ભલે ને ત્રણચાર માળનું મકાન હોય તોય લીફ્ટ હોય. લીફ્ટવાળો ગુરખો પણ તમને સલામ ભરે. ઘરે ઘાટી તો ખરા જ, પણ ઉપરાંત બીજા બે-ત્રણ નોકરો, રસોયા મહારાજ, શોફર હોય. બબ્બે ગાડીઓ હોય, સવારે જતાં હું જોતો કે દરરોજ એ ગાડીઓ ધોવાતી. ચાર-પાંચ રૂમનો મોટો ફ્લૅટ. દરેકને પોતાના જુદા જુદા રૂમ, દરેક રૂમમાં બાથરૂમ. એ ઉપરાંત દીવાનખાનું, ડાઈનિંગ રૂમ, આ બધું જોઈને હું તો છક્ક થઈ ગયો. ક્યાં મારી કાંદિવલીની એક ઓરડી જેમાં મારો આખો સંસાર આવી ગયો અને ક્યાં આલિશાન ફ્લૅટ?!

સવારના જેવો પહોંચું કે તરત મારે માટે એસ્પ્રસો કૉફી આવે. મને પાછળથી ખબર પડી કે જે કુટુંબના નબીરાને હું ભણાવવા જતો હતો તે તો બહુ ખ્યાતનામ કુટુંબ હતું. લોકો વિનયી અને સંસ્કારી પણ ખરા. મારી સાથે વાત કરે તો કોઈ દિવસ તું-તા ન કરે, હંમેશ તમે કહીને જ વાત કરે. જે છોકરાને હું ભણાવતો હતો તે હતો ઉછાંછળો, પણ મારી સાથે વિનયથી વાત કરે. ઘણી વાર તો હું ટ્યુશન કરીને નીકળતો હોઉં ત્યારે શેઠ જો નીકળતા હોય તો મને બસસ્ટોપ સુધી રાઇડ આપે.

## આખરે મારકેટ છોડી

એક દિવસ હું ટ્યુશન પતાવી જતો હતો ત્યાં શેઠે મને હાથના ઈશારે બોલાવ્યો અને બેસવા કહ્યું. હું તો ગભરાયો, આ ટ્યુશન ગયું કે શું? કોઈક કારણે તે દિવસે એમને બોલવાની ડૉક્ટરે મના કરી હતી, તેથી એક કાગળ ઉપર લખ્યું, ગાંધી, તમે કોઈ વિશ્વાસપાત્ર માણસને ઓળખો છો? મારી ઑફિસમાં મારે મેનેજરની જરૂર છે. મેં હા પાડી. મને હાથના ઈશારે પૂછે, કોણ? મેં કહ્યું, હું! વળી પાછું કાગળ ઉપર લખીને પૂછ્યું કે તમે અત્યારે જે નોકરી કરો છો તે શા માટે છોડો છો? મેં કહ્યું કે હું અત્યારે મૂળજી જેઠા મારકેટમાં કામ કરું છું, નોકરી ઠીક છે, પણ સારી નોકરી બીજે ક્યાંય મળતી હોય તો હું બદલવા તૈયાર છું. મને લખીને જણાવ્યું કે આવતીકાલે ઑફિસે આવજો, આપણે જોબ ઓપનિંગની વાત કરીશું.

બીજે દિવસે હું તો એમની ઑફિસે પહોંચી ગયો. મેનેજરના જોબની ઓપનિંગ હતી. ઑફિસમાં મેનેજરનો રોલ શું છે તે વિગતવાર સમજાવ્યો. બીજા થોડા માણસો હતા—ગુજરાતી સેલ્સમેન, સાઉથ ઇન્ડિયન ટાઇપિસ્ટ, એક ક્લાર્ક, બે ઘાટી, અને એક પાર્ટ ટાઈમ મહેતાજી. મેનેજર તરીકે હું આ બધાનો ઉપરી થઈશ. મને પૂછે, તમે આ કામ સંભાળી શકશો? જિંદગી આખી મેં કોઈને કોઈના હાથ નીચે નીચી મૂંડીએ કામ કર્યું હતું. આ પહેલી જ તક મળતી હતી કે જેમાં મારી નીચે લોકો કામ કરવાના હતા. હું આ તક જવા થોડો જવા દેવાનો હતો? વધુમાં ઑફિસ ફ્લોરા ફાઉન્ટન આગળ ફોર્ટ એરિયામાં. થયું કે કાલબાદેવીથી છૂટીશ. વધુમાં પગારમાં સો રૂપિયા વધારે! હું શા માટે ના પાડું?

મને પૂછે કે તમે ક્યારથી શરૂ કરશો? મેં કહ્યું કે આવતીકાલથી! મને કહે એમ ના ચાલે, જ્યાં છો ત્યાં તમારે ઓછામાં ઓછી એકાદ અઠવાડિયાની નોટીસ આપવી જોઈએ. અમે નક્કી કર્યું કે મારે બીજે અઠવાડિયે શરૂ કરવું. જેવો હું જવાની રજા લેતો હતો ત્યાં મને કહે, ગાંધી, તમે અમારી ઑફિસના મેનેજર થવાના છો. હવે તમારાથી ટ્રેનમાં સેકન્ડ ક્લાસમાં ન અવાય જવાય! ફર્સ્ટ ક્લાસમાં જ આવવા જવાનું છે, ફર્સ્ટ ક્લાસનો પાસ કઢાવી લેજો, તે માટેના પૈસા ઑફિસમાંથી લઈ લેજો! ફર્સ્ટ ક્લાસમાં તમને ઊંચા ઑફિસરોની, ધંધાદારીઓની ઓળખાણ થાય, એ આપણને કામ લાગે! (જો કે જે સેકન્ડ કલાસમાં હું આવતો જતો તે ખરેખર તો થર્ડ કલાસ જ હતો, પણ વેસ્ટર્ન રેલવેએ ચાલાકીથી એને સેકન્ડ કલાસ બનાવી દીધો અને થર્ડ કલાસને રદ કર્યો!)

નવી નોકરી ભલે આવતે અઠવાડિયે શરૂ થવાની હોય, મેં તો દોડીને ફર્સ્ટ ક્લાસનો પાસ હમણાં ને હમણાં જ કઢાવી લીધો! પેઢીમાં જઈને કહી દીધું કે મેં નવી નોકરી લીધી છે અને આવતે અઠવાડિયે હું એ શરૂ કરવાનો છું. મારકેટમાંથી છૂટવાની આવી તક હું થોડો જવા દેવાનો હતો? ભલા મદ્રાસી શેઠે મને ઘણું કહ્યું કે ન જાવ, તમારો પગાર વધારીએ, પણ અમારી નોકરી ન છોડો. ગુજરાતી ભાગીદાર જેના હાથ નીચે મારે રોજબરોજ કામ કરવું પડતું તે તો મનમાં ને મનમાં રાજી થયો હશે કે હાશ, આ બલા છૂટી. વળી પાછું હિસાબકિતાબનું કામ એના હાથમાં આવી જશે. અને જે કાંઈ કરવું હશે તે કરી શકશે.

ભલે દૂરના પરામાં પણ ઓરડી મળી, સારું ટ્યુશન મળ્યું, નવી વધુ પગારની મેનેજર થવાની નોકરી, અને હું ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસમાં ફરતો થઈ ગયો—થયું કે મારા નસીબનું પાંદડું ફરતું લાગે છે. જો કે મારા શંકાશીલ સ્વભાવને થયું કે એક પછી એક આ બધું

સવળું પડે છે, તો કાંક તો અવળું પડશે જ! અને થયું પણ એવું જ! શેઠના જે દીકરાને હું દરરોજ ભણાવતો હતો, તે ઑફિસમાં આવતો અને ત્યાં તો એ શેઠ થઈને બેસતો! ઑફિસની હાયરારકી(ઉચ્ચાવત્તા)માં એ ઊંચો અને હું નીચો. વધુમાં ઑફિસમાં બીજા લોકોને ખબર પડે કે એ મારી આગળ ઈંગ્લીશના પાઠ ભણે છે એમાં એને નીચે જોવાપણું લાગતું હતું. એ કહે કે હું હવે ગાંધી પાસે ટ્યુશન નહીં લઉં!

આ ટ્યુશન બંધ થાય તો મારું આવી બને. મારી આવકમાં મોટું ગાબડું પડે. મેં મારી મૂંઝવણ શેઠને સમજાવી. એ ભલા માણસ કહે, ગાંધી તમારે હવે ટ્યુશન કરવાની જરૂર નથી, હું ટ્યુશન જેટલો તમારો પગારવધારો કરી આપું છું. આમ હજી નોકરી શરૂ કરું ત્યાં જ મારો પગારવધારો થયો અને સાથે સાથે ટ્યુશન કરવાની માથાકૂટ પણ મટી. સવારના પાંચ વાગે ઊઠીને છ વાગ્યાની ટ્રેન હવે પકડવાની જરૂર ન રહી. હવે મારું રૂટીન મુંબઈના નોકરિયાતો જેવું નોર્મલ થયું. બધાની જેમ હું પણ દસેક વાગ્યાની ટ્રેન પકડી ચર્ચગેટ સ્ટેશને પહોંચું. ત્યાં ઊતરતા મને થાય કે હાશ, કાલબાદેવીની, મારકેટની દુનિયામાંથી, એ ગંદકી, એ દલાલો, એ ગુમાસ્તાઓ, મહેતાજીઓ, પાનની પિચકારી ઉડાડતા પાંચ ચોપડી ભણેલા શેઠિયાઓની જાળમાંથી હું છૂટ્યો.

ટ્રેનમાંથી ચર્ચગેટ ઊતરો અને સામે ઈરોસ થિયેટર દેખાય, ત્યાં હોલીવૂડની જે કોઈ નવી મૂવી આવી હોય તેનાં મોટાં પોસ્ટરો દેખાય, સરિયામ મોટા રસ્તાઓ, ફૂટપાથ ઉપર ટાઈ લગાડીને ઝડપથી ઑફિસે જતા અને ફટફટ ઈંગ્લીશમાં વાત કરતા મુંબઈગરાઓ, ઊંચી એડીના બૂટ પહેરીને વેસ્ટર્ન લેબાસમાં આવતી જતી પારસી કે ક્રિશ્ચિયન છોકરીઓ, મુંબઈ યુનિવર્સિટીનો રાજાબાઈ ટાવર, ફ્લોરા ફાઉન્ટન, એની બાજુમાં ફિરોજશાહ મહેતાનું ભવ્ય પૂતળું, અનેક રેસ્ટોરાં, કૉફી હાઉસો, જહાંગીર આર્ટ ગેલેરી, ડેવિડ સાસૂન લાઇબ્રેરી, આ બધું જોતાં મને થયું કે હું જાણે સીવીલાઈજેશનમાં પાછો આવ્યો! ફોર્ટ એરિયામાં દરરોજ સાંજે કંઈ ને કંઈ પબ્લિક મીટિંગ હોય જ. ઑફિસેથી નીકળીને ત્યાં હું આંટો મારું. અને પછી ત્યાં જે કોઈ મિત્ર મળ્યું હોય તેની સાથે કૉફી પીને ઘરે જવાની ટ્રેન પકડું.

## વળી પાછી નિરાશા

ઓરડી અને નોકરી મળ્યા પછી મને એમ થવા માંડ્યું કે હવે હું મુંબઈમાં સ્થિર થતો

જાઉં છું. ઓરડી લીધાની જેવી કાકાને ખબર પડી કે તરત જ નાની બહેનને મુંબઈ મોકલવા કહ્યું. એમનો વિચાર તો બીજા બે ભાઈઓને પણ મોકલવાનો હતો. મેં ઘસીને ના પાડી. કહ્યું કે મુંબઈ આવે એ પહેલાં એમનું ભણવાનું પૂરું થવું જોઈએ. વધુમાં એક ભાઈ તો આવીને માથે પડ્યો જ હતો. જો કે બહેન તો આવી જ. પ્રશ્ન એ થયો કે એને ક્યાં સૂવરાવવી? ભાઈ તો ચાલીમાં સૂતો, પણ બહેનને ચાલીમાં થોડી સૂવડાવાય? નલિનીએ એનો પણ ઉપાય ગોત્યો. આવી નાની ઓરડી હતી છતાં વચમાં લાકડાનું પાર્ટીશન નખાવી એના બે ભાગ કર્યા. એક ઓરડીની અમે બે ઓરડી કરી! રાત પડે એટલે પાર્ટીશનની એક બાજુ અમે બે અને બીજી બાજુ બહેન, ભાઈ ચાલીમાં, આમ અમારું ગાડું ચાલ્યું!

નોકરીમાં ઠરીઠામ થતો જતો હતો પણ મહત્ત્વાકાંક્ષાનો કીડો વળી પાછો મનમાં ખદબદ કર્યા કરતો હતો. હા, મેનેજરની નોકરી હતી, પણ આખરે એમાં મળી મળીને મને કેટલો પગાર મળશે? એમાંથી ફ્લૅટ થોડો લેવાય? આ એક નાની ઓરડીમાં હું ક્યાં સુધી રહીશ? દેશમાંથી મુંબઈ આવવા બે ભાઈઓ થનગની રહ્યા હતા. મને ખાતરી હતી કે વહેલા મોડા કાકા એમને મુંબઈ મોકલશે જ. વધુમાં એમના કાગળોમાં એ એમ પણ લખતા હતા કે દેશના ધંધા પડી ભાંગ્યા હોવાથી એ પોતે પણ મુંબઈ આવવાનો વિચાર કરતા હતા. ધારો કે દેશમાંથી આખુંય કુટુંબ મુંબઈ આવ્યું તો હું એ બધાંને ક્યાં રાખીશ. વધુમાં અમારે ત્યાં પ્રથમ સંતાનનો જન્મ થવાનો હતો.

આ બધો વિચાર કરતાં એમ થયું કે મારે મારી આવક વધારવી જ જોઈએ, પણ કેવી રીતે? ખરેખર જ જો પૈસા બનાવવા હોય તો કશોક ધંધો કરવો જોઈએ, ધંધામાં જ પૈસા છે, નોકરીમાં નહીં. પણ ધંધો કરવો કેમ? એને માટે મૂડી જોઈએ તે ક્યાંથી કાઢવી? અને શેનો ધંધો કરવો? ધંધાની કોઈ લાઈન શીખ્યો નથી. થયું કે ચાલો, ચાર્ટર્ડ એકાઉન્ટિંગનું ભણું, એ પ્રેક્ટીસમાં બહુ સારા પૈસા બને છે. પણ એ ભણવા માટે કોઈ ફર્મમાં જોડાવું જોઈએ, અને ત્યાં એપ્રેન્ટિસના નહિવત્ પગારે ચાર વરસ કામ કરવાનું, આર્ટિકલ ભરવાના, અને સાથે સાથે એની બહુ અઘરી પરીક્ષાઓ પાસ કરવાની. પરીક્ષાઓની વાત તો પછી, પણ એપ્રેન્ટિસના નહિવત પગારે ચાર વરસ ઘર કેમ ચલાવવું? વધુમાં હું તો પરણીને બેઠો હતો, અને ઘરે હવે બાળક આવવાનું હતું, દેશમાંથી ભાઈબહેનો આવવાના હતા, આ બધી જવાબદારી રોજબરોજની વ્યવસ્થિત આવક વગર કેમ અદા કરવી? આમ ચાર્ટર્ડ એકાઉન્ટિંગનો વિચાર નેવે મૂક્યો.

અને લૉયર થવાનો વિચાર કર્યો. મારું લૉ કૉલેજમાં પાર્ટટાઈમ જવાનું જે શરૂ કર્યું હતું, તે વચમાં બંધ કર્યું હતું તે વળી પાછું શરૂ કર્યું. મુંબઈના મોટા વકીલો ધામધૂમ કમાય છે, એ હું જોતો. એમાંય જો ઇન્કમટેક્ષની પ્રેક્ટીસ કરીએ તો તરી જઈએ. વધુમાં કનૈયાલાલ મુન્શીનો દાખલો તો હાજરાહજૂર હતો, પોતે મોટા લૉયર, પણ સાથે સાથે મોટા લેખક, નવલકથાકાર. એમની નવલકથાઓ, આત્મકથાઓ વાંચીને તો હું મોટો થયો. લૉયર થવાનું ભણવા માટે લૉ કૉલેજમાં બે વરસ જવાનું અને પછી બાર એક્ઝામમાં પાસ થાવ, અને જો સારી લૉ ફર્મમાં જોડાઈ શકો તો પછી તમે ન્યાલ થઈ જાવ.

લૉ કૉલેજની એક મોટી સગવડ એ હતી કે ત્યાં તમે સવાર કે સાંજના ક્લાસ ભરી શકો. સાથે સાથે નોકરી કામધંધો પણ ચાલુ રાખી શકો. આ વ્યવસ્થા મને ગમી. ચર્ચગેટ ઉપર આવેલ ગવર્નમેન્ટ લૉ કૉલેજમાં વળી પાછા ક્લાસ ભરવાના શરૂ કર્યા. સવારના ઘરેથી વહેલા નીકળવાની વાત મારે માટે કોઈ નવાઈની નહોતી. ટ્યુશન કરવામાં માટે સવારના જતો તે હવે લૉ કૉલેજમાં જઈશ. આમ વળી પાછી મારું નવું રૂટીન શરૂ થયું. સવારના વહેલા નીકળી પહેલા લૉ કૉલેજમાં જાઉં. અને પછી અગિયારેક વાગે ઑફિસે જાઉં. સદ્ભાગ્યે ચર્ચગેટ સ્ટેશન, લૉ કૉલેજ, ઑફિસ વગેરે બધું પાસે એટલે કૉલેજમાં જવાની બહુ અગવડ નહીં પડી.

મેં જોયું તો લૉ કૉલેજમાં મારા જેવા આશા-આકાંક્ષાભર્યા, પણ નાણાંકીય સગવડ વગરના કંઈક જુવાનિયાઓ લૉ ડિગ્રી લઈ પોતાની કેરિયર આગળ વધારવા મથતા હતાં. બે વરસ લૉનું ભણ્યો, ગાઈડો વાંચીને પરીક્ષા આપી, પાસ થયો, એલ.એલ.બી.ની ડીગ્રી મળી, પણ એનો અર્થ એ થોડો હતો કે મને વકીલાત કરતા આવડશે કે કોર્ટમાં કેસ લડતા આવડશે? અરે, લૉ કૉલેજનાં એ બે વરસમાં કોઈ લૉ ઑફિસમાં પગ પણ મૂક્યો ન હતો, કે કોર્ટમાં કોઈ કેસ લડાતો જોયો ન હતો. જેવું ભણતર બી.કોમ.નું એવું જ એલ.એલ.બી.નું, પોથીમાંના રીંગણા જેવું. તમારા નામ પાછળ એક પૂંછડુ વધે, અને એક વધુ લટકણું રેજ્યુમેમાં લગાડો, એટલું જ, બાકી એનો કોઈ પ્રેક્ટીકલ ઉપયોગ નહીં. હીરો ઘોઘે જઈ પાછો આવ્યો એમ લૉ કૉલેજમાં ગયા પછી પણ આપણ રામ તો હતા તેવા ને તેવા જ, ધોયેલા મૂળા જેવા! હવે શું કરવું?

## નલિનીની સમસ્યા

આ દરમિયાન અમારે ઘેર પુત્રજન્મ થયો. પણ એ જન્મતાં જ, હજી નલિની એને લઈને ઘરે આવે એ પહેલાં પ્રસૂતિગૃહમાં જ ગુજરી ગયો. નલિની ભારેપગી હતી ત્યારે જે પ્રકારની ખાવાપીવાની માવજત લેવી પડે તે અમે ન લઈ શક્યા, એટલે બાળક જન્મ્યું ત્યારે ખૂબ જ નબળું હતું, અને જન્મતાં જ એનું મૃત્યુ થયું. અમે હૉસ્પિટલમાંથી ખાલી હાથે ઘરે આવ્યા. આ અમારા બહુ ખરાબ દિવસો હતા. મને થયું કે આ શું? સંતાનપ્રાપ્તિનું સુખ જે રાજા રંક કે ગરીબ તવંગર બધાને મળે તેમાંથી પણ અમે બાકાત? અને બીજા સંતાનની પણ આવી દશા નહીં થાય એની ખાતરી શી? થયું કે વિધાતા મારી પાછળ આદુ ખાઈને પડ્યો છે. હું વળી પાછો ભગવાનને ગાળ આપતો થઈ ગયો.

પ્રથમ પુત્ર જન્મતા જ ગુમાવ્યો એનો શોક અમને, ખાસ કરીને નલિનીને ઘેરી વળ્યો. એનો સ્વભાવ એકદમ ચીડિયો થઈ ગયો. નવ પરિણીત હૂતોહૂતી તરીકે એકલા રહીને અમારે જે મજા કરવી હતી તે અમે ક્યારેય નથી કરી. લગ્ન પછી તરત જ નલિનીને દેશમાં એક વરસ રહેવું પડ્યું. પછી એ જ્યારે મુંબઈ આવી ત્યારે પહેલા ભાઈ અને પછી બહેન અમારી સાથે રહેવા આવ્યા એટલે એ મજાને બદલે કચ કચ શરૂ થઈ. હું સાંજે ઘરે આવું ત્યારે રોજની ભાઈબહેનની કંઈ ને કંઈ કચ કચ હોય જ.

ભાઈ એનો પરચો દેખાડતો હતો. વહેલો મોડો આવે, આવીને ગરમ ગરમ રસોઈ માગે, એ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી રસોડું બંધ ન થાય અને અમારું સૂવાનું પણ મોડું થાય. એની ડીમાન્ડ વધતી જતી હતી. કાકા એનાથી કેમ કંટાળી ગયા હશે તે હું હવે સમજી શકતો હતો. ઉપરથી એ નોકરી છોડવાની વાત કરતો હતો, કહે, મારે આવી વગર પગારની ઘાટીના જેવી નોકરી નથી કરવી. એને તો જલદી જલદી શેઠ થઈને ગલ્લે બેસવું હતું!

એક બાજુ મને નલિનીની સહનશક્તિ માટે માન થતું હતું. એવી કેટલી સ્ત્રીઓ છે કે જે લગ્ન કરીને તરત પતિથી વિખૂટી પડી દૂર દેશમાં અને તે પણ મુંબઈ છોડીને અજાણ્યા નાના ગામે રહેવા જાય અને ત્યાં એક વરસ કાઢે? કોણ આવી રીતે દર ત્રણ મહિને લબાચા ઉપાડી સૅનેટોરિયમમાં રખડે? કોણ આવી રીતે નાની ઓરડીમાં ઘર માંડે? અને મારા ઓછા પગારમાં ઘર ચલાવે? કોણ એની જેમ ઘર માંડતા જ દિયર, નણંદને

સાથે રાખે? આ બધા નલિનીના ગુણો જોઈ મને થતું હતું કે મારા જેવી આર્થિક અને કૌટુંબિક પરિસ્થિતિવાળા માણસ માટે એ જ યોગ્ય જીવનસંગિની હતી.

## ડેડ એન્ડ નોકરી

મારા તત્કાલના જીવનનિર્વાહના અને કૌટુંબિક પ્રશ્નોનો નિકાલ કરવા માટે મેં મારું બધું ધ્યાન મારી કારકિર્દી પર દોર્યું. જો કે ત્યાં પણ નિરાશાજનક ભવિષ્ય સિવાય બીજું કશું દેખાતું નહોતું. બબ્બે ડીગ્રીઓ પછી પણ મને કોઈ બહુ સારા પગારની અને કોઈ સારા ઠેકાણે નોકરી નહોતી મળતી, અને એવી નોકરી મળશે એવી આશા પણ મેં છોડી દીધી હતી. રોજ ટાઈમ્સ જોઈને એપ્લીકેશન કરતો તે બંધ કર્યું, થયું કે એનો અર્થ શું? કોઈ મોટી બૅંક કે ઇન્શ્યુરન્સ કંપની અથવા ફૉરેન કંપનીમાં લાગવગ સિવાય આપણો નંબર લાગવાનો નથી એ વાત સ્પષ્ટ હતી. ધંધો કરવા માટે જે મૂડીની શરૂઆતમાં જરૂર પડે તે તો નથી જ, અને એ મૂડી હોય તોય ધંધો કરવા માટે જે આવડત જોઈએ તે ક્યાં હતી?

ધીમે ધીમે મને એમ થતું જતું હતું કે આપણે ભાગે જે પત્ની, જે નોકરી અને જે ઓરડી લખાઈ હતી તે છે અને તેમાં જ સંતોષ માનીને જીવન જીવવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. દિવસ ને રાત મારી જાતને કહેતો કે, ભાઈ, તું વળી કઈ વાડીનો મૂળો છે કે તારી ગણતરી જુદી થાય? તું કંઈ નવી નવાઈનો થોડો છે? તું જોતો નથી કે મુંબઈમાં લાખો લોકો જીવે છે અને ઘણા તો તારા કરતાં પણ વધુ ખરાબ દશામાં જીવે છે, સબડે છે, એ કેમ જોતો નથી? તારી પાસે ઓરડી તો છે, જ્યારે લાખો લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે, તેમનું શું? ગમે તેવી પણ તારી પાસે નોકરી તો છે, દર મહિને પગાર આવે છે, જ્યારે લાખો લોકો નોકરી વગરના રખડે છે, તેમનું શું? એ બધાનો વિચાર કરી, તારે સમજવું જોઈએ કે તું તો ભાગ્યશાળી છે, અને ભગવાનને ગાળ આપવાને બદલે એનો પાડ માનવો જોઈએ!

સવાર ને સાંજે ટ્રેનમાં જતા આવતા મોટા ભાગના લોકો જ્યારે ગાડીમાં ઊંઘતા હોય, અથવા પત્તાં રમતા હોય કે ભજન કરતા હોય, ત્યારે હું ઊંડા વિચારમાં ઊતરી જતો. મને થતું કે આ બધા લોકો કેવા વાસ્તવિકતા સ્વીકારીને જીવે છે, અને જે છે એમાં મોજમજા કરે છે તેમ હું કેમ નથી કરી શકતો? મારી જાતને બહુ સમજાવું કે આ જ વાસ્તવિકતા છે, તે સ્વીકારીને જ મારે જીવવાનું છે. રાતે પાછો ચાલીમાં આવું ત્યારે થતું

કે આવી જ ચાલીમાં શું મારે જિંદગી કાઢવાની છે. ટ્યુશન કરવા જ્યાં જતો તેવો ફ્લૅટ, રાચરચીલું, ગાડીઓ વગેરે મને એક વાર મળશે એવા ખ્યાલ જે મનમાં રાખીને બેઠો હતો તે મૂર્ખાઈ હતી તે હવે મને સ્પષ્ટ સમજાયું.

અત્યાર સુધી હું હાડમારીના દિવસોમાં એમ માનતો કે આ બધું તો ટેમ્પરરી છે, આ તો વિધાતા મારી કસોટી કરે છે, પણ મારે હારવાનું નથી, બલ્કે એમાંથી નીકળીને હું જ્વલંત સફળતા પામવાનો જ છું, ખૂબ પૈસા બનાવવાનો જ છું, આગળ આવવાનો જ છું, અને દુનિયાને બતાવી દેવાનો છું કે હું કોણ છું! ઉમાશંકર જોશીની સૉનેટમાળા, ‘આત્માના ખંડેર’ના એક સૉનેટની આ પંક્તિ હું વારંવાર ગણગણતો, ‘આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા.’ પણ એ આખીય વાત હવે મને શેખચલ્લીનાં સ્વપ્નાં જેવી લાગી, અને થયું કે એવા બણગા ફૂંકવા છોડી જે વાસ્તવિકતા છે તેને સ્વીકારી નીચી મૂંડીએ જીવ્યે જવું. દુનિયા જે છે તે છે અને તારા માટે કંઈ બદલાવાની નથી. મારી આ નિરાશાનાં વરસોમાં બે જણને હું વારંવાર મળવા જતો. ‘યથાર્થ જ સુપથ્ય’ની ફિલોસોફીથી જીવન જીવતી આ બે વ્યક્તિઓએ મારે માટે મોટા આશ્ચર્યની વાત હતી. એમણે જીવનમાં કંઈક મુશ્કેલીઓ વેઠી હતી, છતાં એ કેવી રીતે શાંતિથી જીવન જીવતાં હતાં!

હું જો મારી ડેડ ઍન્ડ નોકરીથી પેટ ચોળીને રોજ દુ:ખ ઊભું કરતો હતો, તો મારા એક પરમ મિત્ર શરદ પંચમિયા એવી જ એક ડેડ એન્ડ નોકરી કરતા હતા, છતાં ખુશીથી જીવતા હતા. દૂર મલાડમાં સંયુક્ત કુટુંબમાં બહેન, ભાઈઓ અને માબાપ બધા સાથે રહે. ઘણી વાર હું એમને ત્યાં જતો ત્યારે મને હંમેશ થતું કે એ કુટુંબ કેવા સંતોષ અને સંપથી રહે છે. પંચમિયા લાઈફ ઇન્સ્યૂરન્સ કંપની ઓફ ઇન્ડિયા (એલ.આઈ.સી.)માં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. સંતોષી જીવ. આગળ વધવાની એમને કોઈ ઝંખના નહોતી એવું નહીં, પણ એ બાબતનો મારા જેવો કોઈ વલવલાટ નહોતો. પાર્ટ ટાઈમ કૉલેજમાં જરૂર જતા હતા, પણ એ પ્રમોશન મેળવવા કરતા મઝા કરવા જતા હોય એમ લાગતું. દરરોજ ટાઈમ્સ વાંચે. પબ્લિક અફેર્સમાં, પોલીટીક્સમાં પૂરેપૂરો રસ લે. પણ પોતે પ્રધાન નથી, કે થવાના નથી, તેનો એમને વસવસો નહોતો.

એમને મળવા જાઓ એટલે આપણી કૉફી તો સાચી જ. વધુમાં એ બટેટાવડાનો પણ આગ્રહ કરે. સુકલકડી કાયા, શર્ટ પેન્ટ, જાડા કાચનાં ચશ્માં, જિંદગીમાં બધું જ મળી ગયું હોય એવી શાંતિ. કોઈ હાયહોય નહીં. બધાની સાથે હળીમળીને રહેવાની

એમની વૃત્તિ. એમને પત્ની પણ એવા જ શાંત સ્વભાવનાં મળ્યાં. જાણે કે એ બંને એક બીજા માટે સર્જાયા હોય એમ લાગે. એવી જ એમની પરીઓ જેવી બે પુત્રીઓ. એમાંની એક તો સંસ્કૃતમાં પત્રો લખી શકે એવી પારંગત હતી. બન્ને વળી આજ્ઞાંકિત તો એવી કે પંચમિયાનો પડતો બોલ ઝીલે. આખી જિંદગી એમણે એલ.આઈ.સી.માં ક્લાર્ક તરીકે કાઢી. એમના મિત્રો કે સગાંઓ પૈસાવાળા થયા, કે અમેરિકા ગયા, કે ઑફિસમાં બીજાઓને પ્રમોશન મળ્યું અને એમને નહીં મળ્યું, એ બાબતની ફરિયાદ કરતા મેં એમને ક્યારેય સાંભળ્યા નથી. ઈર્ષા તો માનવ સહજ છે, છતાં બહુ ઓછી વ્યક્તિઓમાં એમના જેટલો ઈર્ષાનો અભાવ જોયો છે.

મારી પ્રગતિમાં એમણે જીવંત રસ લીધો છે. મેં કંઈ લખ્યું હોય અથવા મારા વિશે દેશના છાપાંમાં જે કાંઈ આવ્યું હોય તે સાચવી રાખે. એ બધા ક્લિપીન્ગ્સનું એમણે એક આલ્બમ બનાવેલું! અમેરિકા આવ્યા પછી દેશમાં મને કંઈક એવોર્ડ મળતા અને મારું સન્માન થતું. આવા પ્રસંગે હું તેમને સહકુટુંબ લઈ જાઉં. મારી પ્રગતિમાં ખુશી મનાવે. એમની મૈત્રી નિર્વ્યાજ હતી. હું જ્યારે અમેરિકા આવતો હતો ત્યારે મને વળાવવા ઍરપોર્ટ આવેલા મિત્રોમાં પંચમિયા જ એક એવા હતા કે જેમણે મને એમની અમેરિકા આવવાની વ્યવસ્થા કરવા નહોતું કહ્યું. મારા અમેરિકાના લાંબા વસવાટમાં દેશમાંથી અનેક પત્રો આવે છે. તેમાં ઘણાયનો ધ્રુવ મંત્ર એક જ હોય: “અમારું ત્યાં આવવાનું થાય એવું કંઈક કરો.” પંચમિયાએ એ બાબતનો કોઈ દિવસ ઈશારો પણ કર્યો નથી, ન પોતાના માટે, કે ન પોતાની દીકરીઓ માટે.

પોતે જે કોઈ પરિસ્થિતિમાં હોય એમાં જ સંતોષથી રહેવું એ જાણે કે પંચમિયાને સહજ હતું. મોટી ઉંમરે એમની આંખો ગઈ એ હકીકત એમણે જે સહજતાથી સ્વીકારી તે મારે માટે એક મોટી અજાયબી હતી. હું મુંબઈ જાઉં ત્યારે જરૂર એમને મળવા જાઉં. છેલ્લે ગયેલો ત્યારે એમના નાના બે રૂમના ફ્લૅટમાં એ આંટા મારતા હતા. કહે કે “આંખ ગયા પછી ઘર બહાર તો નીકળાય નહીં, એટલે ઘરમાં જ વોક કરી લઉં છું.”

બીજી એક એવી વ્યક્તિ હતી મારા માસા. મુંબઈમાં એ સૂકા મેવાની દુકાન ચલાવતા. મૂળ કરાંચીના. દેશના ભાગલા પછી કરાંચીથી પહેર્યે લૂગડે ભાગીને મુંબઈ આવ્યા. થોડી ઘણી બચત હતી તેમાંથી સૂકા મેવાનો સ્ટોર કર્યો. દિવસ આખો સ્ટોર ચલાવે. રાત્રે બંધ કરીને સ્ટોરના જ પાટિયા ઉપર સૂઈ જાય. ઘરબાર તો હતા નહીં. પોતાની માલ-મિલકતમાં જે કંઈ રોકડું હતું તે ઓશીકે રાખી સૂએ. એક રાતે કોઈ ઓશીકું સરકાવી

ગયું. આખા દિવસની કેડતોડ મજૂરીથી થાકેલા માસાને એવી તો ઊંઘ ચડેલી કે ખબર પણ ન પડી. હવે શું કરવું?

કોઈ પૈસાદારને ભાગીદાર બનાવી સ્ટોર ચાલુ રાખ્યો. વરસે બે વરસે એ પૈસાદારની દાનત બગડી. પૈસાના જોરે માસાને કહે, તમને હવે ભાગીદાર તરીકે અમે નહીં રાખીએ. નોકર તરીકે રહેવું હોય તો રહો અને સ્ટોર ચલાવો, નહીં તો ચાલતી પકડો. માસા બિચારા મોટી ઉંમરે ક્યાં જાય? જે સ્ટોર એમણે જાતમહેનતથી જમાવ્યો હતો ત્યાં જ નોકરી સ્વીકારી! ભાગીદાર પણ લોહી ચૂસનારો નીકળ્યો. માસા વહેલી સવારે બાજુમાં જ જ્યાં એક રૂમમાં એમણે ઘર માંડ્યું હતું ત્યાંથી આવે. દસેક મિનિટ દૂર ઘર હોવા છતાં ઘરે લંચ માટે જવાની રજા નહીં. ટિફિન આવે તે ખાવાનું. બપોરે ખાધા પછી દસ પંદર મિનિટ સ્ટોરમાં જ આડા પડી ઊભા થઈ જાય. મોડી રાત સુધી સ્ટોરનું કામ કરે. રવિવારે ચોપડા લખે. મેં એમને ક્યારેય મૂવીમાં જતા જોયા નથી. કોઈ લગ્નપ્રસંગ જો રવિવારે હોય તો જ જાય. બાકી તો એ ભલા ને સ્ટોર ભલો. જિંદગીમાં આટઆટલી હાડમારી ભોગવ્યા છતાં મેં એમને ક્યારેય ફરિયાદ કરતા જોયા નથી.

હું આ બે વ્યક્તિઓનો મળતો ત્યારે જરૂર વિચારે ચડી જતો. મારામાં એમના જેવી સહનશીલતા કે ધીરજ ક્યારે આવશે? મુંબઈની હાડમારી વેઠવામાં હું એકલો થોડો છું? આ શહેરમાં અસંખ્ય લોકો જીવે છે. કેટલાને ફ્લૅટ છે? કેટલાને કાર છે? છતાં બધાય જીવે જ છે ને? અને મારે જો જીવવું જ હોય તો રોતા કકળતા શા માટે જીવવું? આ બધું સમજતો છતાં ય હું જાણે નવી નવાઈનો હોઉં તેમ મારી હાડમારીઓને પંપાળ્યા કરતો હતો. દિવસ રાત ફરિયાદ કરતો. જાતને કહેતો રહેતો કે હું સ્પેશિયલ છું, આ હાડમારીને લાયક નથી, મારી આવડત, બુદ્ધિ, વિચારસૃષ્ટિ, આકાંક્ષાઓ જોતાં મને ઘણું ઘણું મળવું જોઈએ, ઉપરવાળો કંઈક ભૂલ કરે છે. જે મહાન લોકો મારે માટે પ્રેરણાપુરુષો હતા એમનાં જીવનચરિત્રો હું ઉથલાવી જતો અને જોતો કે એમણે શું શું વેઠ્યું છે, અને એમાંથી એ કેવી રીતે બહાર આવ્યા. વળી, એ પણ જોતો હતો કે એ બધા મારી ઉંમરે શું કરતા હતા, ક્યાં સુધી આવી ચૂક્યા હતા અને હું હજી આ બે બદામની નોકરીમાંથી આગળ વધ્યો નથી, તેનું મારે શું કરવું. મારી આ અવદશામાંથી મારે કેમ છટકવું?

હવે જ્યારે જ્યારે મુંબઈ જાઉં છું ત્યારે મેં જ્યાં જ્યાં નોકરીઓ કરી હતી, કામ કર્યું હતું, રહ્યો હતો, હર્યો-ફર્યો હતો, ત્યાં એકાદ આંટો જરૂર મારું. ટ્રામ તો હવે નથી, પણ ટ્રેન, બસ, ટેક્સીમાં જરૂર થોડી મુસાફરી કરી લઉં. જે જે રેસ્ટોરાંમાં મેં ખાધું હતું, તે

હજી ચાલતાં હોય તો ત્યાં બેસીને કશુંક ખાઈ લઉં. આ બધી જગ્યાએ જઈને પ્રભુનો અને નવીન જારેચાનો પાડ માનું કે એમણે મારી અમેરિકા આવવાની વ્યવસ્થા કરી, અને આ બધામાંથી મને ઉગાર્યો. પચાસેક વરસના અમેરિકાના સુંવાળા વસવાટ પછી થાય કે હું મુંબઈમાં કેમ જીવ્યો?! અને છતાં એ પણ જોઉં કે મુંબઈમાં મેં જે હાડમારી ભોગવી હતી તેનાથી પણ વધુ હાડમારી ભોગવતા લાખો લોકો મુંબઈમાં હજી જીવે જ છે ને! એ બધાને હું રોદણાં રોતાં જોતો નથી. મુંબઈની આ બધી મુશ્કેલીઓ વચ્ચે લોકો કેવા સિફતથી પોતાનો રસ્તો શોધી કાઢે છે! કોઈ પણ સંજોગોમાં રહેવાની મુંબઈના લોકોની સૂઝસમજ અને ચતુરાઈ મને સમજાય છે. મુંબઈની આ સહનશીલ અને હિકમતી પ્રજાને હજાર હજાર સલામ ભરું છું.

જીવવા માટે અમેરિકન સુખસગવડો અનિવાર્ય નથી. આખરે દુનિયાના કેટલા લોકોને એ સુખસગવડો ભોગવવા મળે છે? અને છતાં લાખો અને કરોડો લોકો જીવે જ છેને! જેમ હું મુંબઈમાં બધે આંટો મારી આવું છું તેમ દેશમાં મારે ગામ પણ જઈ આવું છું. અને ત્યાં જતા એમ થાય છે કે ગામના લોકોને મુંબઈનાં સાધનસગવડો નથી, છતાં એ બધાં જીવે જ છે ને? એ બધાં દુઃખી છે એમ કેમ કહેવાય? આખરે પોતાના સંજોગોને અનુકૂળ થઈને રહેવાની કુશળતા મનુષ્ય સહજ છે, નહીં તો દેશનાં ગામડાંઓની ભયંકર ગરીબીમાં લોકો કેમ કરીને જીવે જાય છે? મને થાય છે કે મારું અમેરિકા આવવાનું ન થયું હોત તો મેં પણ શું એ બધાની જેમ મારો રસ્તો ન ખોળી કાઢ્યો હોત? ખુદા જાને!

અને છતાં મુંબઈની હાડમારીઓમાંથી પસાર થતાં મારું જે દુઃખ હતું તેને હું કેમ નકારી શકું? ટ્યુશન કરવા જતો ત્યારે ત્યાં વિશાળ ફ્લૅટ અને તેની અનેક આધુનિક સાધન સગવડો જોતાં મને જરૂર થતું કે આ બધું મને કેમ ન મળે? દરરોજ છાપાંમાં અમેરિકા જતા પૈસાદાર નબીરાઓના ફોટા જોતો ત્યારે થતું કે મને અમેરિકા જવા કેમ ન મળે? આમાં મારી લાયકાતનો પ્રશ્ન તો હતો જ નહીં. મને થતું કે એ બધા કરતાં શું મારી લાયકાત ઓછી હતી? મને મારી ગરીબીનું તીવ્ર ભાન પળે પળે થતું. હું જો પૈસાવાળો હોત, લાગવગવાળો હોત, તો હું પણ અમેરિકા જઈ શકું, ફ્લૅટમાં રહી શકું, મોજમજા કરી શકું. આ બધી ફ્લૅટ અને અમેરિકાની વાત મૂકો પડતી, પણ જે સમાજ અને દેશમાં સારી નોકરી કે સારી ઓરડી મેળવવા માટે પણ જો આકાશપાતાળ એક કરવા પડતાં હોય, તો એવા સમાજમાં રહેવાનો અર્થ શો? આવી દુઃખી મનોદશામાં મને મુંબઈ માટે, સમાજ માટે, દેશ માટે ઘૃણા થાય તેમાં નવાઈ શી?

આ કપરા સમયે મને દેશમાં, એની લોકશાહીમાં અને એની સામાજિક વ્યવસ્થામાંથી શ્રદ્ધા સાવ ઊઠી ગઈ. મારા જેવા ભણેલા માણસને પણ એક સામાન્ય નોકરી, કે રહેવાની ઓરડી મેળવવા આટલી મુશ્કેલી પડતી હોય એવી લોકશાહીનો અર્થ શો? પછી તો હું પૈસાવાળાઓને ધિક્કારતો થઈ ગયો. એમની પાસે ફ્લૅટ, ગાડી, વગેરે જીવનની બધી સગવડ હોય, એમના છોકરાઓને અમેરિકા જવાનું મળે, અને હું મુંબઈમાં હડદોલા ખાઉં તે મારાથી સહેવાતું નહોતું. મેં જોયું કે એક પછી સરકાર આવીને જતી. એક પંચવર્ષીય યોજના પૂરી થાય ને બીજી તૈયાર આવી ને ઊભી જ હોય. પણ લોકોની દશામાં શું ફેરફાર થતો? ઊલટાનું એમની દશા વણસતી જતી હતી. મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓ તો વધતી જતી હતી. થતું કે મારે આ ભૂખડીબારસ દેશમાંથી ભાગવું જ જોઈએ. પણ કેવી રીતે?

## અમેરિકાનાં સપનાં

ભલે મેં છાપાંમાં વૉન્ટ-ઍડ જોવાનું છોડ્યું પણ છાપાં વાંચવાનું નહોતું છોડ્યું. એ તો હું પહેલું કરું. ઑફિસ જવા જેવો હું ટ્રેનમાં બેસું કે તુરત છાપું ઉઘાડું, જ્યારે આજુબાજુ લોકો પત્તાં રમવામાં પડ્યા હોય, કે ભજન કરતા હોય, કે ઊંઘતા હોય ત્યારે હું છાપામાં તલ્લીન હોઉં. દેશવિદેશમાં શું ચાલી રહ્યું છે તે જાણવાની તાલાવેલી ઘણી. આ છાપાંના પાનાં ઉથલાવતાં મારી નજર 'વિદેશગમન'ના સમાચાર ઉપર જરૂર પડે. બાપના પૈસાના જોરે વધુ અભ્યાસ માટે અમેરિકા ઉપડતા મારી જ ઉંમરના જુવાનિયાઓના ફોટા છાપાંમાં જોઈને હું જલીને ખાખ થઈ જતો. થતું કે આ બધા ભોટાઓ કરતા અમેરિકા જવાની લાયકાત તો મારી વધુ છે.

એ લોકોને અમેરિકાની શું ખબર? અમેરિકા જતા એક નબીરાને મેં જ્હોન ગુન્થરના જાણીતા પુસ્તક ઇનસાઇડ અમેરિકાની વાત કરી હતી. એને ગુન્થરના નામની પણ ખબર ન હતી. પ્રખ્યાત અમેરિકન કોલમનીસ્ટ વોલ્ટર લીપમેનની ઇન્ડિયન એક્ષ્પ્રેસમાં આવતી કૉલમ હું નિયમિત વાંચતો, ત્યારે હારતોરા પહેરીને અમેરિકા પધારતાં આ રાજકુંવરોને લીપમેન કોણ છે તેની ખબર પણ નહીં હોય. એમની એક જ લાયકાત હતી. તે એ કે એમના બાપા પાસે મોટો દલ્લો હતો, અને છોકરાને અમેરિકા મોકલવા માટે ધૂમ

ખર્ચો કરવા તૈયાર હતા, જ્યારે કાકા મારી પાસે આશા રાખીને બેઠા હતા કે હું ક્યારે પૈસા કમાઉ અને કુટુંબને મુંબઈમાં સેટલ કરું. મને થતું કે આ ક્યાંનો ન્યાય છે?

એ જમાનામાં ચર્ચગેટ આગળ અમેરિકન લાઇબ્રેરી હતી. ત્યાં હું નિયમિત જતો. અમેરિકન મૅગેઝિન અને પુસ્તકો વાંચતો. એ જ વખતે અમેરિકામાં ૧૯૬૪ની ચૂંટણી ચાલતી હતી. લીન્ડન જોહ્ન્સન અને બેરી ગોલ્ડવોટર વચ્ચે પ્રમુખપદા માટે જે હરીફાઈ થતી હતી તે વિશે હું બહુ જ રસથી વાંચતો. કાલા ઘોડા પાસે આવેલ ડેવિડ સાસૂન લાઇબ્રેરીમાં પણ હું જતો અને ત્યાં આવતા દેશવિદેશનાં અનેક છાપાં મૅગેઝિન ઉથલાવતો એ વાત તો મેં આગળ ઉપર કરી છે. મને બહુ થતું કે પરદેશ જવા માટે બૌદ્ધિક રીતે હું પૂરેપૂરો તૈયાર છું, પણ આર્થિક રીતે સર્વથા નબળો હતો. આ મુખ્ય મુદ્દાના કારણે મારે માટે અમેરિકા જવું એ માત્ર એક સપનું જ હતું.

એ વરસો દરમિયાન અમેરિકાથી સર્કેરામા યુ.એસ.એ. નામનું એક પ્રદર્શન આવ્યું. ફોર્ટ એરિયાના એક મેદાનમાં એનો મોટો તંબૂ તણાયો. તેમાં બધી બાજુ પડદાઓ. ત્યાં તમારી આંખ સામે આખું અમેરિકા પ્રોજેક્ટ થાય. તમારે ખાલી તંબૂની વચ્ચે કલાકેક ઊભા રહેવાનું, પણ તમે અમેરિકામાં જ ઊભા છો એમ લાગે. જાણે કે તમને અમેરિકાનો પ્રવાસ કરાવે, બધે લઈ જાય. બધું બતાડે—ન્યૂ યૉર્કના સ્કાય સ્ક્રેપર્સ, ટોળાંઓથી ઊભરાતા સાઈડ વોક્સ, ટૅક્સીઓથી ભરેલી સ્ટ્રીટ્સ, શિકાગો જેવાં મહાકાય શહેરો, દરિયા જેવી વિશાળ નદીઓ, રળિયામણા બાગબગીચાઓ, ગ્રાન્ડ કેન્યન, નાયગરા ફોલ્સ જેવાં ભવ્ય ભૌગોલિક સ્થાનો, મહાન યુનિવર્સિટીઓ, એની પચરંગી પ્રજા વગેરે રૂબરૂ જુઓ. આ જોઈને હું તો ગાંડો બની ગયો. થયું કે આવા અમેરિકામાં ક્યારે જવા મળે?

બે વરસ પહેલાં અમેરિકા ગયેલા મિત્ર નવીન જારેચા મને કયારેક ક્યારેક પત્રો લખતા અને અમેરિકાની વાતો લખી મને અજાયબી પમાડતા હતા. એમના પત્રોની હું બહુ રાહ જોતો. ગરુડની સ્ટેમ્પવાળો એમનો ઇનલેન્ડ લેટર જોઈને જ મારા રૂવાંડાં ખડા થઈ જતાં! એકનો એક કાગળ દસ વાર વાંચી જતો! તરત વળતો જવાબ લખું, અને આજીજી કરું કે ભાઈ, આપણું કંઈક કરો! એ પોતે ઍટલાન્ટા યુનિવર્સિટીમાં ટ્રેજરરની ઑફિસમાં ક્લર્ક હતા. આવી સામાન્ય નોકરી હોવા છતાં એમની પાસે નવી કાર હતી અને સરસ મજાનો ફ્લૅટ હતો. એમની અમેરિકન લાઈફ સ્ટાઈલની વાતો વાંચી હું

અંજાઈ જતો, અને વળી પાછો શેખચલ્લીના વિચારે ચડી જતો, જાણે કે હું પણ ત્યાં જ છું અને એ બધી મજા કરી રહ્યો છું!

## સપનાં કે વલખાં?

એમાં એક દિવસ જારેચાનો તાર આવ્યો. કહે કે તમારા એડમિશનની વ્યવસ્થા થઈ ગઈ છે, આવવાની તૈયારી કરો! આ તાર વાંચીને હું તો આસમાને પહોંચી ગયો! થયું કે આપણું ભાગ્યનું પાંદડું ખરેખર જ ફર્યું લાગે છે. આખા ગામમાં જાહેરાત કરી દીધી કે ભાઈ, હું તો આ અમેરિકા ઊપડ્યો! પણ એડમિશનનો લેટર આવ્યા પછી અમેરિકા જવાના ખરા પ્રશ્નો શરૂ થયા. પહેલાં તો પાસપોર્ટ લેવો પડશે, એને માટે કોઈ ઝાઝું બૅંક બૅલેન્સવાળા ખમતીધર માણસે સરકારને ગેરેન્ટી આપવી પડશે કે આ ભાઈને અમેરિકામાં કાંક થયું અને સરકારને ખર્ચ થયો તો તેની બધી જવાબદારી એ લેશે. એવી ગેરેન્ટી મારે માટે કોણ આપવાનું છે? વધુમાં ત્યાં જવાની એરલાઈન્સની ટિકિટના પૈસા કોણ આપશે? ત્યાંની કૉલેજની ફી કેમ ભરવી? ત્યાં રહેવાના ખર્ચનું શું? તે ઉપરાંત ફૉરેન એક્ષ્ચેન્જનો મોટો પ્રશ્ન તો ઊભો જ હતો.

ધારો કે આ બધા પૈસા હું ઊભા કરું તોય મને મોંઘું ફૉરેન એક્ષ્ચેન્જ કોણ આપવાનું છે?

૧૯૬૨માં ચાઇનીઝ ઇન્વેજન થયું. તે પછી ફૉરેન એક્ષ્ચેન્જની ભયંકર તંગી હતી. બહુ મોટી લાગવગ હોય તો જ મળે. પરદેશ જવાની જેમને પરમીશન મળી હોય તેમને પણ માંડ માંડ સાત ડોલર મળે! પરદેશ જનારા લોકો મોટે ભાગે કાળા બજારમાં મોંઘે ભાવે ડોલર ખરીદે. વધુમાં હું તો અહીં પરણીને બેઠો છું, ઘર માંડ્યું છે, એ બધાંનું શું? હું અમેરિકા જઈને વરસ બે વરસ ભણીશ, પણ એ દરમિયાન મુંબઈના ઘરનો, નલિનીનો, ભાઈ બહેન વગેરે જે મારી સાથે રહે છે તેનો ખર્ચ કોણ ઉપાડશે?

જેમ જેમ આ બધા પ્રશ્નોનો હું વિચાર કરતો ગયો તેમ તેમ મારો અમેરિકા જવાનો વિચાર કેટલો ઈમ્પ્રેકટીકલ છે તે સમજાયું. મેં આ બધા પ્રશ્નો જારેચાને વિગતવાર સમજાવતો કાગળ લખ્યો. મારી બોટમ લાઈન તો એવી હતી કે જો કોઈ પરોપકારી ધનવાન માણસ હું જ્યાં સુધી અમેરિકામાં ભણું ત્યાં સુધી ત્યાંનો અને મુંબઈનો મારો બધો ખર્ચ ઉપાડે અને ઉપરથી ત્યાં જવાની મારી ટિકિટ પણ કઢાવી આપે તો જ હું

અમેરિકા આવી શકું! જારેચાએ સ્વાભાવિક જ એમ ધારી લીધું હતું કે એ બધા પૈસાની વ્યવસ્થા તો હું પોતે જ કરીશ. જે રીતે એ અમેરિકા આવેલ તે રીતે. એ ભલા માણસને શું ખબર કે એમના પિતાશ્રીએ જે રીતે એમને માટે અમેરિકા જવાના પૈસા ઊભા કર્યા તેવું કાકા મારે માટે થોડું કરવાના હતા? એટલું જ નહીં, અમેરિકા જવાની વાતનો કાકા તો સખત વિરોધ કરશે જ એની મને ખાતરી હતી.

જારેચા તરફથી કોઈ જવાબ નહીં આવ્યો. જારેચા હજી તો બે જ વરસ પહેલાં અમેરિકા ગયા હતા અને માંડ માંડ પોતે સેટલ થતા હતા તેમાં એ મારો આ બધો ખરચ કેમ ઉપાડે? હું દરરોજ ઓળખીતા ટપાલીની સામે આતુર ચહેરે જોઉં અને એ ભલો માણસ મારી સામે માથું ધુણાવે અને હું સમજું કે મારે માટે અમેરિકાનો કોઈ કાગળ નથી. કૉલેજ એડમિશનનો કાગળ આવીને પડ્યો હતો તે હું જાનને જોખમે સાચવતો હતો, પણ ચારેક મહિના પછી મને સમજાણું કે આપણી અમેરિકાની ગાડી કંઈ આગળ વધે એમ લાગતું નથી. જે સેમેસ્ટરથી મને એડમિશન મળ્યું હતું તે પણ શરૂ થઈ ગયું, અને આપણે રામ તો હજી મુંબઈમાં જ રખડતા હતા!

વધુમાં મૂર્ખામી એવી કરેલી કે જેવો એડમિશન લેટર આવ્યો કે તરત જ હરખપદુડા થઈને ગામ આખામાં ઢંઢેરો પીટાવ્યો હતો કે હું તો અમેરિકા જવાનો છું! સ્વાભાવિક રીતે જ ઓળખીતા પાળખીતા લોકો મળે ત્યારે પૂછે કે અમેરિકા ક્યારે ઊપડો છો? કેટલાક મિત્રો કહે, તમારે માટે અમારે વિદાય સમારંભ કરવો છે, કયો દિવસ તમને ફાવશે? મારું તો વળી પાછું સાપે છછુંદર ગળ્યા જેવું થયું. મારે શો જવાબ આપવો? "અરે, હું તો અમરેલી જવાની વાત કરતો હતો," એમ કહીને વાત ઉડાડી નાખતો, પણ અંદરથી થતું કે ધરતી જો માર્ગ આપે તો સમાઈ જાઉં. મનમાં ને મનમાં હું મારી જાતને તમાચા મારતો. કહેતો કે મારી અમેરિકા જવાની હેસિયત શું?

પણ મારું અમેરિકા જવાનું જે સપનું છે તેનું શું કરવું? ધીમે ધીમે હું મને સમજાવતો ગયો કે મારી જેમ જ અમેરિકા જવાનાં સપનાં સેવતા હજારો શું, લાખો જુવાનિયાઓ મુંબઈમાં રખડે છે. એ બધા અહીં રખડે અને હું અમેરિકા જાઉં એમ? હું એવો તો ક્યો નવી નવાઈનો છું? મારી આજુબાજુ લોકો મારી જેમ જ જીવે જ છે ને? કેટલા અમેરિકા જાય છે? કેટલાને ઘરે ગાડી છે? કેટલા મરીન ડ્રાઈવ કે જુહુના ફ્લૅટમાં રહે છે? કેટલાને ઘરે સાહિત્ય, સંગીત અને કલા, આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ છે? મારી જે

જીવનની જે કલ્પના હતી તે તો માત્ર રોમેન્ટિક નવલકથાઓમાં જ હોય! એ બધી વાતો છોડીને જે વર્તમાન પરિસ્થિતિ છે, તે સ્વીકાર્યા વગર છૂટકો નથી.

મને જીવનમાં પહેલી જ વાર થયું કે હવે જે પરિસ્થિતિમાં હું ફસાયો છું, તેમાંથી છટકવું શક્ય નથી. મારી વણસતી દશાની નિશાનીઓ બધે દેખાતી હતી. દેશમાંથી કાકાની સહકુટુંબ મુંબઈ આવવાની વાત વળી પાછી શરૂ થઈ. દેશના ધંધા સાવ પડી ભાંગ્યા હતા, દેશમાં બાકી રહેલા બીજા બે ભાઈઓને ઠેકાણે પાડવાના હતા. એક ભાઈ મુંબઈ આવીને મારી માથે ક્યારનોય પડ્યો હતો, એને પણ વ્યવસ્થિત સેટલ કરવાનો હતો. બહેનને પરણાવવાની હતી. પહેલા સંતાનનું અકાલ નિધન થયું. નલિની હવે ક્યાં સુધી બીજા સંતાન માટે રાહ જુએ? પોતાનો ધંધો કરવાની વાત તો બાજુએ મૂકો, નવી સારી નોકરીની પણ કોઈ શક્યતા દેખાતી નહોતી.

મારી નિરાશા હવે હતાશામાં ફેરવાઈ. થયું કે આપણે ભાગ્યે આ જ બધું લખાયું છે: આ ન કરવા જેવી નોકરી, કપરી કૌટુંબિક પરિસ્થિતિ, દાખલ થતાં જ ઓકાવી દે એવી આ ચાલી અને એમાં અમારી આ દસ બાય બારની ઓરડી, આ મુશ્કેલીઓથી ભર્યું ભર્યું મુંબઈ, આ દંભી સમાજ, આ અક્કરમી દેશ—આ બધામાં હું કેવી રીતે આગળ આવવાનો હતો? ક્યાં અને કેવી રીતે મોટાં કામ કરીને ભવિષ્યને ઉજાળવાનો હતો? મને 'હું કંઈક સ્પેશ્યલ છું,' એવો જે ભ્રમ હતો તે ઓગળી ગયો. ઊલટાનું મને એમ થવા મંડ્યું કે મારી આજુબાજુ જે હજારો ને લાખો લોકો જીવે છે તેમ જ મારે પણ જીવવાનું છે. એ બધાની જેમ હું પણ સાવ સામાન્ય માનવી છું. મારે મારી પામરતા સ્વીકારવી જ રહી.

જે કુટુંબ, સમાજ, અને દેશમાં હું જીવું છું તેમાં કાંઈ ફેરફાર થવાનો નથી. જે છે તે છે, લવ ઈટ ઓર લીવ ઈટ! એ બધામાં સંતોષ માની આગળ વધો. પણ આગળ ક્યાં વધુ? આવી હતાશામાં હું સાવ દિશાશૂન્ય અને હેતુવિહીન જીવન જીવતો હતો ત્યાં જારેચાનો ફરી એક ટેલિગ્રામ આવ્યો: તારા અમેરિકાના બધા ખર્ચની વ્યવસ્થા થઈ ગઈ છે! એડમિશનનું પણ થઈ ગયું છે, એ બાબતનો લેટર મોકલી દીધો છે. સેમેસ્ટર પણ શરૂ થઈ ગયું છે. જલદી જણાવ કે કઈ તારીખે તું નીકળે છે.

ત્રણેક વરસ પહેલાં જારેચાનો અમેરિકા આવવાનો પહેલો તાર આવેલો ત્યારે મેં હરખપદુડા થઈને ગામ આખામાં ઢંઢેરો પીટાવેલો કે હું તો અમેરિકા જાઉં છું! પછી જ્યારે એ આખી વાતનો જબરો ફિયાસ્કો થયો ત્યારે નીચી મૂંડીએ," હું તો અમરેલી જવાનું

કહેતો હતો," એમ કહીને વાત ઉડાડી મૂકેલી. દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે તે ન્યાયે આ વખતે કોઈને અમેરિકા જવાની વાતની ગંધ સરખી પણ આવવા ન દીધી, અને મૂંગા મૂંગા અમેરિકા જવાની તૈયારી શરૂ કરી દીધી.

## હું અમેરિકા ઊપડ્યો, ખરેખર!

૧૯૬૨માં હું પહેલી વાર અમેરિકા ન આવી શક્યો તેનો જારેચાને રંજ રહી ગયો હતો. ત્યારથી જ એ ભલા માણસ મારા ખર્ચની જોગવાઈ કરવા મથતા હતા. પોતે યુનિવર્સિટીમાં જ કામ કરતા હતા, તેથી મારા એડમિશનની વ્યવસ્થા ત્યાં એ સહેલાઈથી કરી શક્યા, પણ ફી અને રહેવાનું શું? અને મારે તો અહીંનો જે ખર્ચ તો ઊભો હતો તેનો પણ વિચાર કરવાનો હતો. એમણે ઉપાય બતાવ્યો. "તું અહીં આવીને મારી ઑફિસમાં પાર્ટટાઈમ કામ કરજે, એમાંથી તારો ત્યાંનો ને અહીંનો એમ બંને ખરચા નીકળી જશે. શરૂઆતમાં મારી સાથે રહેજે અને મારી સાથે જ આવજે, જજે."

હવે રહી એરલાઈનની ટિકિટ. એ મોટો ખરચ હતો. એ માટે એમણે ઍટલાન્ટાના એક ફાઉન્ડેશનને અરજી કરી અને કહ્યું કે મારા એક મિત્ર માટે અહીંની યુનિવર્સિટીમાં એડમિશન, ફી અને રહેવાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે. પણ આ મહત્ત્વાકાંક્ષી નવયુવાનને અમેરિકા આવીને પોતાનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવવાની જે અમૂલ્ય તક મળી છે તે એરલાઈનની ટિકિટના પૈસા ન હોવાને કારણે જવા દેવી પડશે. એ બાબતમાં ફાઉન્ડેશન કોઈ મદદ કરી શકે?

મારા કોઈ મોટા સદ્‌ભાગ્યે ફાઉન્ડેશને હા પાડી અને ટિકિટના પૈસા આપ્યા. જારેચાએ તરત એર ઇન્ડિયાની ટિકિટ કઢાવીને મોકલી આપી. મુંબઈનો એર ઇન્ડિયાનો માણસ મને ઑફિસમાં મળવા આવ્યો. હું ગભરાયો કે ઑફિસમાં બધાને ખબર પડશે કે ભાઈસાહેબ વળી પાછા અમેરિકા જવાના ધતિંગ કરવા લાગ્યા કે શું? હું એને તરત બહાર લઈ ગયો અને કહ્યું કે મહેરબાની કરીને તારે ઑફિસમાં ન આવવું. એ બિચારો તો એનું કામ કરતો હતો, એને ખબર ન પડી કે હું શા માટે એને ઑફિસમાં આવવાની ના પાડું છું. મને હજી ખાતરી નહોતી થતી કે હું ખરેખર જ અમેરિકા જવાનો છું. હજી તો મારે પાસપોર્ટ કઢાવવાનો હતો, વિઝા મેળવવાના હતા, ઘરે બધાને સમજાવવાના હતા.

જીવનમાં મેં એટલી બધી પછડાટ ખાધી છે, એટલી બધી હાર સહન કરી છે, કે હું એવું માનતો થઈ ગયો હતો કે આપણે જે ધાર્યું છે તેથી ઊલટું જ થવાનું છે.

પણ એક વાર ટિકિટ આવી ગઈ એટલે મને થોડી ધરપત થઈ. એક ઓળખીતા ટ્રાવેલ એજન્ટને પકડ્યો. કહ્યું કે મારું અમેરિકા જવાનું નક્કી થયું છે. ત્યાં સેમેસ્ટર શરૂ થઈ ગયું છે. મારે જલદી પહોંચવાનું છે. મદદની જરૂર છે. મને કહે, પહેલું કામ પાસપોર્ટ કઢાવાનું. તારા ફોટા આપ. મારી પાસે તો તૈયાર ફોટા પણ નહોતા! એ મને તુરત ને તુરત જ્યાં જલદીથી ફોટા મળી શકે એવા ફોટોગ્રાફરને ત્યાં લઈ ગયો. ફોટા પડાવ્યા. ટ્રાવેલ એજન્ટે મને કહ્યું કે પાસપોર્ટ માટે કોઈ ખમતીધર માણસની ગેરેન્ટીની જરૂર પડશે. કોણ તને એ આપશે? આગળ ઉપર જણાવ્યું તે મુજબ રતિભાઈએ તો મને સ્પષ્ટ ના પાડી. હવે શું કરવું? મારા મિત્ર કનુભાઈ દોશી જે મારી અમેરિકા જવાની યોજનામાં તીવ્ર રસ બતાવતા હતા તે વહારે ધાયા. એમણે એમના ભાઈ અનિલને વાત કરી. અનિલભાઈ અને હું એક જમાનામાં નાતની બોર્ડિંગમાં રૂમમેટ હતા, તેમણે તરત હા પાડી. આપણી ગાડી આગળ વધી.

ટ્રાવેલ એજન્ટની મદદથી પાસપોર્ટ મળ્યો. મારા નામનો પાસપોર્ટ હોય એ જ મોટી વાત હતી. મેં ક્યારેય કલ્પના કરી નહોતી કે મારી પાસે પાસપોર્ટ હોય! વિઝા લેવા માટે અમેરિકન કોન્સ્યુલેટમાં ગયો. ત્યાં કહે કે ડૉક્ટર પાસેથી મેડિકલ સર્ટિફિકેટ લઈ આવો. એ માટે અમારા ડૉક્ટર પાસે તમારે જવું પડશે. ગભરાતો ગભરાતો એ ડૉક્ટર આગળ ગયો. ન કરે નારાયણ ને એ મારા માંદલા શરીરમાં કોઈ રોગ ગોતી કાઢે તો? અમેરિકાના ડબલ ચીઝ પીઝા ખાઈને અત્યારે તો મારું વજન ૧૬૦ સુધી પહોંચ્યું છે, પણ ત્યારે તો માત્ર ૧૩૦ પાઉન્ડ જેટલું હતું! સદ્ભાગ્યે વાંધો ન આવ્યો.

વીઝા ઑફિસર સાથે મારો ઇન્ટરવ્યૂ નક્કી થયો. હું ત્યાં પણ ગભરાતો જ ગયો. જિંદગીમાં પહેલી જ વાર કોઈ અમેરિકન સાથે વાત કરવાની હતી. આગલી આખી રાત ઊંઘ નહીં આવી. એ શું શું પૂછશે? અને એ જે પૂછશે તે મને સમજાશે? હોલીવૂડની મૂવીઓ જોવાથી અમેરિકન ઉચ્ચારોથી થોડો ઘણો પરિચિત હતો, પણ મૂવીના ડાયલોગ ઘણી વાર સમજાતા નહીં. જોકે ટ્રાવેલ એજન્ટે મને સમજાવ્યું હતું કે ત્યાં કેવા સવાલો પુછાય છે અને એના કેવા જવાબ આપવા. ગયો. બહુ વાંધો નહી આવ્યો. વિઝા મળી ગયા. હવે રિઝર્વ બૅંકમાંથી 'પી' ફોર્મ અને ફૉરેન એક્સચેન્જ મેળવવાના હતા. જો કે ફૉરેન એક્સચેન્જમાં તો માત્ર સાત ડોલર જ મળવાના હતા. વધુ તો સરકાર આપતી

નહીં અને આપતી હોય તોય એ લેવાના પૈસા ક્યાં હતા? ટ્રાવેલ એજન્ટ દ્વારા ટિકિટ લેવાઈ ગઈ. જવાની તારીખ નક્કી થઈ ગઈ. ટિકિટ હાથમાં આવ્યા પછી જ મને ધરપત થઈ કે હવે જવાનું નક્કી જ છે. જારેચાને મેં તાર કહીને જણાવી દીધું કે આવું છું!

થયું કે હવે ઘરે, ઑફિસમાં અને બીજે બધે ઠેકાણે કહેવામાં વાંધો નથી. બધે જ આશ્ચર્ય છવાઈ ગયું. લોકોને થયું કે આ માણસ સાવ સામાન્ય નોકરી કરે છે અને અમેરિકા જવાનું ક્યાંથી ગોઠવી આવ્યો? પહેલાં તો નલિનીએ રોવાનું શરૂ કર્યું! કહે કે મારું શું થશે? એણે પણ સાંભળ્યું હતું કે પરણેલા લોકો અમેરિકા જઈને પોતાની પત્નીને ભૂલી જાય છે. અમેરિકન છોકરીઓ એમને ફસાવે છે. એમની સાથે આડકતરા સંબંધો બાંધી પત્નીને બોલાવતા નથી. અમારી નાતમાં જ એવો એક કેસ બન્યો હતો જેની વાત કરીને રતિભાઈએ મને પાસપોર્ટ માટે ગેરેન્ટી આપવાની ના પાડી હતી તે જ વાત નલિનીએ મને કરી. હું પણ એવું નહીં કરું એની ખાતરી શી?

મેં એને સમજાવ્યું કે હું પણ એવું કરીશ તેવું કેમ મનાય? ઉપરાંત દેશમાં આપણું ભવિષ્ય કાંઈ સારું દેખાતું નથી. અમારા સૅનેટોરિયમના રઝળપાટ, સારી નોકરી શોધવાના મારા રોજના ફાંફા, ટૂંકા પગારમાં ઘર નહોતું ચાલતું તેથી ટ્યુશન કરવાની પળોજણ, દેશમાંથી આવેલા લોકોનો ધસારો—આ બધાની નલિની સાક્ષી હતી એટલું જ નહીં, પણ મારા આ જીવનસંગ્રામમાં એ પણ મારી સાથે રહીને ઝઝૂમી હતી. એણે પણ મારી સાથે એ બધું વેઠ્યું હતું. વધુમાં મેં એને અમેરિકા આવવાની લાલચ આપી. કહ્યું કે એક વરસ તો ક્યાંય નીકળી જશે અને તું અમેરિકા આવી જઈશ!

નલિની તો માની ગઈ પણ કાકાને સમજાવવા વધુ મુશ્કેલ હતું. દેશનો ધંધો સંકેલી એ બાકીના કુટુંબને લઈને મુંબઈ આવી ગયા હતા. બાજુના પરા બોરીવલીમાં ઓરડી લઈ એમણે પાકટ વયે મુંબઈની હાડમારીવાળી જિંદગી શરૂ કરી હતી. પોતાના એક જૂના મિત્રની દાઢીમાં હાથ ઘાલીને એના ધંધામાં મહેતાજી તરીકે નોકરી શરૂ કરી હતી. એ મારી પર મદાર રાખીને બેઠા હતા. ક્યારે હું ધીકતી કમાણી કરું, ભાઈ-બહેનોની સંભાળ લઉં અને એમને મુંબઈની કઠણાઈમાંથી છોડાવું. એમને મદદરૂપ થવાને બદલે હું તો અમેરિકા ચાલ્યો! વધુમાં એમની ઉપર નલિનીનો ભાર નાખીને જતો હતો.

રતિભાઈની જેમ એમને પણ શંકા હતી કે કદાચ હું અમેરિકા જ રહી જાઉં, દેશમાં પાછો આવું જ નહીં અને નલિનીને છોડી દઉં તો? જેમ નલિની તેમ જ કાકાને અમેરિકા લઈ જવાની લાલચ આપી. મેં એમ પણ કહ્યું કે એકાદ વરસમાં હું ત્યાં સેટલ થઈ જઈશ

અને નલિની તથા ભાઈબહેનોને બોલાવી લઈશ. એ માન્યા નહીં. આ બધી ગડમથલ ચાલતી હતી, તેવામાં મારા બા ગંદકીથી લપસણી થયેલી ચાલીમાં પડ્યા. એમનો પગ ભાંગ્યો. એમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. મારા અમેરિકા જવાની વાત વિશે એ પણ નારાજ હતાં. પણ એમના સ્વભાવ મુજબ એમણે મને કાંઈ કહ્યું નહીં, પણ એમનો મારા પ્રત્યેનો અસંતોષ અને દુ:ખ હું જોઈ શકતો હતો. મુંબઈમાં ધીકતી કમાણીનો ધંધો કે નોકરી કરવામાં તો હું સાવ નિષ્ફળ નીવડ્યો હતો. અમેરિકા જવાની આવી અમુલ્ય તક મળી છે તે હું કાંઈ જવા દેવાનો ન હતો. બા કાકાને મનદુ:ખ થયું હોવા છતાં મારી અમેરિકા જવાની તૈયારી ચાલુ રહી.

જેમ જેમ અમેરિકા જવાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ મને શ્રદ્ધા બેસતી ગઈ કે હું ખરેખર જ મુંબઈ અને તેની બધી ઝંઝટમાંથી બસ હવે થોડા જ દિવસમાં છૂટવાનો છું, ત્યાં જ ઇન્ડિયા-પાકિસ્તાનની ૧૯૬૫ની લડાઈ શરૂ થઈ. મુંબઈમાં બ્લેક આઉટ શરૂ થયો. મુંબઈ ઍરપોર્ટ બંધ કરવાની વાત ચાલુ થઈ. અકરમીનો પડિયો કાણો! મને થયું કે આ મારું દુર્ભાગ્ય કેવું છે કે મારું અમેરિકા જવાનું નક્કી થયું ત્યારે જ લડાઈ શરૂ થઈ. કદાચ ઍરપોર્ટ બંધ થશે. સદ્ભાગ્યે સીઝ ફાયર ડીકલેર થયો અને એર ઇન્ડિયાવાળાઓએ કહ્યું કે હા, તમારું પ્લેન જરૂર ઊપડશે.

પૈસાદારોના છોકરાઓ વિદેશગમન કરે ત્યારે જે મેળાવડાઓ થાય અને જે ફોટા પડે એવું કંઈ મારા માટે થવાનું નહોતું. એક તો કાકા અને રતિભાઈ બન્નેએ મારા અમેરિકા જવા વિશે પોતાનો અણગમો નોંધાવ્યો હતો. તેથી "અમારા સુપુત્ર ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જવા આજે એર ઇન્ડિયાની રાતની ફ્લાઈટમાં ઉપડે છે," એવી હેડલાઈન સાથે છાપામાં ફોટો આવવાનો નહોતો. પણ મને આવી બાબતની કોઈ પડી નહોતી. હવે તો હું અમેરિકા જાઉં છું એ જ મારે મન મોટી વાત હતી.

એક મિત્રે મારા માટે ચર્ચગેટ ઉપર આવેલા એક નાના રેસ્ટોરામાં મેળાવડો યોજ્યો. એ ભાઈએ સરપ્રાઈઝ પાર્ટી રાખી હતી, મને એટલું જ કહ્યું હતું કે અમે બે સાંજે કૉફી પીવા મળીશું અને પછી છૂટા પડીશું. હું ગયો અને જોયું તો મારા કૉલેજના કેટલાક અને બીજા મિત્રો હાજર હતા. કેટલાક બીજા દરવાજે આવીને રિસાઈને ઊભા રહ્યા. કહે કે, ગાંધી પોતે દરવાજે આવીને અમને આમંત્રણ આપે તો જ અમે અંદર આવીએ! જે ભાઈએ ભલમનસાઈથી આ મેળાવડાની વ્યવસ્થા કરી હતી તેમણે નિમંત્રણ આપવામાં

કંઈક ભૂલ કરી હશે, કોને ખબર? હું દરવાજે ગયો, એમને આગ્રહ કરીને અંદર લઈ આવ્યો. એમને બધાને ઍરપોર્ટ મને વિદાય આપવા આવવા કહ્યું.

મેળાવડો પતાવી રાતે મોડો ઘરે પહોંચ્યો અને નલિનીને ખબર પડી કે મારે કેમ મોડું થયું, તો વળી ઘરે એ બાબતમાં ઝઘડો થયો. એને પણ વિદાય સમારંભમાં આવવું હતું અને મારી સાથે બેસીને માનપાન માણવાં હતાં. મેં એને ઘણી સમજાવી કે આ મેળાવડાની મને પોતાને જ ખબર ન હતી. જે ભાઈએ મારા પ્રત્યેની એમની કૂણી લાગણીથી આ બધું ગોઠવ્યું હતું તે નલિનીને જ કહેવાનું ભૂલી ગયા! અમેરિકા જવાના આગલા દિવસે જ આ બધા મનદુ:ખને કારણે મારો અમેરિકા જવાનો ઉત્સાહ જ ઓસરી ગયો. મને થયું કે આમાંથી ક્યારે ભાગું?

એ ભાગવાનો દિવસ આવી ગયો! ઍરપોર્ટ ઉપર થોડા લોકો આવેલા. મારા હારતોરા પણ થયા! અને મેં આખરે એર ઇન્ડિયાનું પ્લેન પકડ્યું. જિંદગીમાં હું પહેલી જ વાર પ્લેનમાં બેઠો. એ જમાનામાં મુંબઈનું સાંતાક્રુઝ ઍરપોર્ટ જોવા જવાનું સ્થાન હતું. દેશમાંથી જે લોકો ફરવા આવે તે મુંબઈનું ઍરપોર્ટ જોવાનું ન ચૂકે. હું પણ એવી રીતે વર્ષો પહેલાં જોવા આવેલો, અને પછી ઘણા લોકોને ત્યાં બતાડવા પણ લઈ ગયેલો. જેટલી વખત ત્યાં ગયો છું તેટલી વાર મને થયેલું કે મને ક્યારે પ્લેનમાં બેસવાનું મળશે? હું જોવા બતાડવા નહીં, પણ ખુદ પોતે જ વિદેશ જવા માટે ઍરપોર્ટ પર ક્યારે આવીશ? આજે હું ખરેખર વિદેશ જવા માટે, અને તે પણ અમેરિકા જવા માટે, ઍરપોર્ટ આવ્યો છું તે હું માની શકતો ન હતો. એનાઉન્સ્મેન્ટ થયું કે પ્લેનમાં બેસો. તમારું પ્લેન ઊપડવાની તૈયારીમાં છે. પ્લેનમાં જવાની સીડીનાં પગથિયાં ચડતા હું ખલીલ જિબ્રાનની પંક્તિઓ ગણગણતો હતો: Then we left that sea to seek the Greater Sea!

# Part III

# ભાગ ૨ : અમેરિકા

નિતાંત ઉછળે, ભળે, સળવળે, ફળે, ઉજળે,
દયા, દમન, દાનનો દયિત દેશ પૃથ્વી પટે!

Give me your tired, your poor,
Your huddled masses yearning to breathe free.

From a sonnet by Emma Lazarus
inscribed on the inner wall of
the pedestal of the Statue of Liberty
in the New York harbor

For an immigrant with skill, America is heaven.

Erik Erikson

# ૩. ઍટલાન્ટા (૧૯૬૫ – ૧૯૬૬)

## પ્લેનની પહેલી મુસાફરી

૧૯૬૫ના ઑક્ટોબરની દસમી તારીખે મોડી રાતે હું જ્યારે એર ઇન્ડિયાના પ્લેનમાં બેઠો એ મારી જિંદગીની પહેલી જ પ્લેનની મુસાફરી હતી. સાવરકુંડલા જેવા નાનકડા ગામમાંથી વાયા વિરમગામ થઈ મુંબઈ પહોંચેલા અમારા જેવા માટે એરપ્લેનનું એક્સાઈમેન્ટ જબરું હતું! દેશમાંથી નવા નવા આવેલા અમે મુંબઈના ઍરપોર્ટ પર પ્લેન જોવા જતાં. પ્લેનને ચડતું-ઊતરતું જોવું એ પણ અમારે માટે મોટો લ્હાવો હતો. ઍરપોર્ટના લાઉડસ્પીકર ઉપર થતા એનાઉન્સમેન્ટમાં જ્યારે ન્યૂ યૉર્ક, લંડન, બર્લિન, મિલાન, સિડની વગેરે નામો બોલાતાં ત્યારે હું રોમાંચ અનુભવતો. કલ્પના કરતો કેવાં હશે એ શહેરો? મૂવી થીએટરમાં જ્યારે ન્યૂઝ રિલ્ઝમાં પરદેશ જતા આવતા મહાનુભાવોને પ્લેનમાં હું ચડતા-ઊતરતા જોતો ત્યારે થતું કે હું ક્યારે આવી રીતે પ્લેનની મુસાફરી કરીશ? ઑક્ટોબરના એ દિવસે જ્યારે પ્લેનના પગથિયાં ચડતો હતો ત્યારે માની જ નહોતો શકતો કે હું ખરેખર જ પ્લેનમાં બેસીને ન્યૂ યૉર્ક જઈ રહ્યો હતો.

પ્લેનમાં દાખલ થતાં જ મેં જોયું કે બધું કેટલું સ્વચ્છ અને વ્યવસ્થિત હતું. અહીં ઍરપોર્ટનો ઘોંઘાટ, ધમાલ, ધક્કામુક્કી નહોતાં. મારી સીટ ઉપર બેઠો કે તુરત એક ટૂંકા વાળવાળી, છટાથી સુંદર સાડી પહેરેલી રૂપાળી એર હોસ્ટેસ આવીને વિનયથી મને પૂછી ગઈ, બધું બરાબર છે ને? તમારે કોઈ ચા-કૉફી જોઈએ છે? મુંબઈમાં ક્યારેય કોઈએ મારી સાથે આવી મીઠાશથી વાત કરી હોય એવું યાદ નહોતું. એ જમાનો એર લાઈન સર્વિસનો હતો, અને તેમાંય એર ઇન્ડિયાની સર્વિસ તો બહુ વખણાતી હતી. હું તો

બાઘાની જેમ એને જોઈ જ રહ્યો. એને એમ કે હું ઈંગ્લીશ નહીં સમજતો હોઉં. એણે મને ફરી પૂછ્યું, પણ હવે હિન્દીમાં, હું કંઈ પાછો પડું એવો થોડો હતો? મેં કહ્યું "નો, થેંક્યુ!"

મારા લેબાસ પણ એવા જ હતા. જિંદગીમાં પહેલી જ વાર સૂટ પહેરેલો. મારા શેઠે મને આપ્યો હતો. કહે: અમેરિકામાં બહુ ઠંડી પડે છે. તમારે આ ગરમ સૂટની જરૂર પડશે. બરાબર ફીટ નહોતો થતો તો ય મેં તો ચડાવ્યો! બાકી હોય તેમ એમણે જે એક થર્મલ પેન્ટ આપ્યું એ પણ લગાવ્યું. ઍરપોર્ટની એ ગરમી, ગદ્દી, હારતોરા, અને હું પરસેવે રેબઝેબ. ટાઈ બાંધતાં પણ હજી હમણાં જ શીખ્યો હતો. મેં જિંદગીમાં પહેલી જ વાર મોજા અને દોરીવાળા શુઝ પહેર્યા હતા. એ બહુ કઠતા હતા. ચપ્પલથી ટેવાયેલા મારા પગને આ ઠઠારો નહીં ગમ્યો હોય.

જે લોકો છાશવારે પ્લેનની મુસાફરી કરતા હશે તે તો બધા ફટાફટ ગોઠવાઈ ગયા. એમને તો ખબર હોય ને કે સાથે લીધેલો સામાન ક્યાં મૂકવો, હાથમાં શું રાખવું. એ બધાને જોઈને મેં પણ મારો સામાન ઉપર ગોઠવ્યો. મોટા ભાગના મુસાફરો તો છાપાં કે ચોપડીમાં ખોવાઈ ગયા. હું એ બધાંને જોતો જ રહ્યો. થયું કે આ લોકો જે મુંબઈમાં મારો ભાવ પણ ન પૂછે, તેમની સાથે આજે હું પ્લેનમાં બેઠો છું!

ઍરપોર્ટ પર મને હારતોરા પહેરાવાતા હતા ત્યારે મારા મિત્ર પંચમિયા આવીને મને કહી ગયા કે મારા જ પ્લેનમાં એસ. કે. પાટીલ હતા. એ પણ અમેરિકા જતા હતા. હું તો માની જ ન શક્યો. હું અને સદોબા પાટીલ એક જ પ્લેનમાં? ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? પાટીલ તો મુંબઈના એ સમયના બેતાજ બાદશાહ ગણાતા. મુંબઈ નગરીનો એકહથ્થુ કન્ટ્રોલ તો કરે, પણ સાથે સાથે દિલ્હીની સેન્ટ્રલ ગવર્મેન્ટમાં મિનિસ્ટર પણ હતાં. મુંબઈમાં એમને ઘણી વાર જોવા, સાંભળવાનું થયેલું, પણ એ બધું તો જાહેર સભા સમારંભોમાં. મને થયું કે આ એમને મળવાની અનેરી તક છે તે ન ગુમાવવી જોઈએ. પણ એ તો ફર્સ્ટ ક્લાસમાં હોય, એને મળવું કેમ?

મેં તુરત એમને ચિઠ્ઠી લખી. કહ્યું કે મળવું છે. લાગ્યું તો તીર, નહીં તો તુક્કો! બહુ બહુ તો એ ના પાડશે. એ રીતે જ ૧૯૬૨માં મુંબઈની ચૂંટણી વખતે હું કૃષ્ણ મેનન અને આચાર્ય કૃપલાનીને મળી આવેલો. આવા મોટા માણસોને મળવાનો મને કોઈ દિવસ સંકોચ નથી થયો. હું એમની સાથે શું વાતો કરીશ એવો પણ પ્રશ્ન મને થયો નથી. અમેરિકા આવીને પણ અહીંના અગત્યના નેતાઓ, વિચારકોને આ રીતે જ મળતો. ઍટલાન્ટા પહોંચતાં જ ત્યાંનાં મુખ્ય છાપાં, ઍટલાન્ટા જર્નલ એન્ડ કોન્સ્ટિટ્યુશનના

તંત્રી અને અમેરિકાની સિવિલ રાઈટ્સ મુવમેન્ટના એક અગત્યના પ્રણેતા રાલ્ફ મક્ગીલને પણ કાગળ લખીને મળી આવ્યો હતો. અમેરિકાના તે વખતના જગપ્રસિદ્ધ કોલમિસ્ટ વોલ્ટર લીપમેનને પણ મળવા માટે કાગળ લખ્યો હતો! જો કે પાછળથી ખબર પડી કે એને મળવા માટે મોટા મોટા એમ્બેસેડરો, રાષ્ટ્રપ્રમુખો, વડાપ્રધાનોને પણ મુશ્કેલી પડે છે! અમેરિકાથી દેશમાં ફરવા જતો ત્યારે મળવા જેવા માણસોને અગાઉથી થોડા પત્રો લખતો હતો. આ રીતે જ ઇન્દિરા ગાંધી અને મોરારજી દેસાઈને પણ મળી આવ્યો હતો.

મેં એર હોસ્ટેસ દ્વારા ચિઠ્ઠી મોકલાવી. એ પાછી આવી ને કહે અત્યારે તો પાટીલ સાહેબ સૂતા છે, સવારે એમને ચિઠ્ઠી આપશે. હું પણ આખા દિવસની ધમાલથી થાક્યો હતો. સૂઈ ગયો. સવારના પ્લેન ઝ્યુરિક પહોંચ્યું. પગ છૂટો કરવા ઊતર્યો. નાનું પણ શું સુંદર ઍરપોર્ટ! ક્યાં મુંબઈના ઍરપોર્ટના ધમાલ, ગંદકી, અંધાધુંધી અને ક્યાં અહીંની વ્યવસ્થા, શાંતિ, સ્વચ્છતા! ત્યાં સવાર પડેલી. લાંબી કાચની દીવાલોમાંથી પથરાતો સવારના સૂર્યનો હૂંફાળો તડકો મને ગમ્યો. ઍરપોર્ટના રિસેપ્શન એરિયાના એક બેંચ પર બેઠો, અને મને પહેલી જ વાર થયું કે મેં મુંબઈને, દેશને, એ બધી ધમાલને ખરેખર છોડ્યાં છે. હું મારા સદ્‌ભાગ્યને માની જ નહોતો શકતો કે જે અમેરિકા વિશે મેં છાપાંમાં કે મૅગેઝિનોમાં વાંચ્યું હતું ત્યાં જ હું જઈ રહ્યો હતો.

મારી અમેરિકાની સફર વિશે હું આવા અહોભાવથી લખું છું અથવા એ વિશે વાતો કરું છું તે હવે અમેરિકા છાશવારે જતા આવતા દેશીઓને વિચિત્ર લાગે એ હું સમજી શકું છું. એ જમાનામાં આજના જેટલું લોકો ટ્રાવેલ નહોતા કરતા. હવે તો દેશમાં ગામડે ગામડે ટેલિવિઝન પહોંચ્યાં હોવાથી લોકોને અમેરિકાના ન્યુઝ ચોવીસે કલાક મળે છે. આજે સીએનએન જેવા શો અમેરિકામાં શું થઈ રહ્યું છે તેની માહિતી તત્કાલ ઘરે ઘરે પહોંચાડે છે. આજે જે રીતે દેશના લોકો અમેરિકામાં શું ચાલી રહ્યું છે, અમેરિકનો કેવી રીતે જીવે છે, એ બાબતમાં વાકેફ છે, એવી અમને અમારા જમાનામાં કોઈ ખબર નહોતી. હું જ્યારે દેશમાંથી નીકળ્યો ત્યારે હજી મુંબઈમાં ટેલિવિઝન આવ્યું નહોતું.

માત્ર હોલીવુડની મૂવીઓમાં અથવા તો ન્યૂઝરીલમાં જે અમેરિકા જોવા મળતું તેનાથી અમે આભા બનતા. અમેરિકા ફરીને કે ભણીને કોઈ પાછું આવ્યું હોય તેને મળવાનું બન્યું હોય તેય મારે મન મોટી વાત હતી. એવા વિરલ પ્રસંગે હું તેમને અમેરિકા વિશેના અનેક પ્રશ્નો પૂછીને પજવી મારતો. એક ભાઈ કંટાળીને મને કહે: તમને અમેરિકાનું આટલું બધું

ઘેલું છે તો તમે ત્યાં કેમ જતા નથી? બાપને દલ્લે અમેરિકા આંટો મારી આવેલા એ નબીરાને હું શું કહું? એ વાત મને ઝ્યુરિકના ઍરપોર્ટ પર યાદ આવી ગઈ!

હું ઍરપોર્ટ ઉપર આમ મારી સુખની પળો વાગોળતો બેઠો હતો ત્યાં મને સંભળાયું કે મારે પ્લેનમાં પાછું ચડવાનું છે. પ્લેનમાં બેઠો કે તુરત બ્રેકફાસ્ટ આવ્યો. એક નાની ટ્રેમાં આટલી બધી વસ્તુઓ આવી વ્યવસ્થિત રીતે ગોઠવાઈને આવે એ જોઈને હું છક્ક થઈ ગયો. જિંદગીમાં પહેલી જ વાર મેં સીરિયલ જોયા. ખબર નહીં કે એ કેમ ખવાય. બાજુના પેસેન્જરને જોઈ મેં પણ એમાં દૂધ નાખ્યું. આમ પહેલી વાર મેં સીરિયલ ખાધા અને મારું અમેરીકાનાઈઝેશન શરૂ થયું.

બ્રેકફાસ્ટ પૂરો થયો કે તુરત પાટીલ સાહેબે મને મળવા બોલાવ્યો. હું બાજુની સીટમાં બેઠો. હું કોણ છું, શા માટે અમેરિકા જાઉં છું, એવા એમના ઔપચારિક પ્રશ્નો પછી મેં એમને પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. વર્ષોનું મારું નિયમિત ટાઈમ્સનું વાંચન કામમાં આવ્યું. એમની અને કૃષ્ણ મેનનની વચ્ચેની વૈચારિક હુંસાતુંસી જગજાહેર હતી. હજી હું મેનનનું નામ લઉં ત્યાં જ તેમણે ડાબેરી વિચારધારાને અનુસરતા દેશના રાજકારણીઓ—જેમાં મેનન મુખ્ય ગણાતા—દેશનું કેવું સત્યાનાશ કરી રહ્યા છે, તે માટે લાંબું ભાષણ કર્યું અને પછી તે અચાનક જ મૂંગા થઈ ગયા. તેમણે આંખો બંધ કરી દીધી. મને ખબર ન પડી કે મારે હવે શું કરવું. એર હોસ્ટેસ જે દૂર ઊભી ઊભી અમારો તમાશો જોઈ રહી હતી, તેણે મને ઊઠવાનો ઈશારો કર્યો. અને મારી પાટીલ સાહેબ સાથેની મુલાકાત પૂરી થઈ. હું તો હવામાં ઊડતો ઊડતો મારી સીટ ઉપર પાછો આવ્યો. થયું કે ક્યારે હું ઍટલાન્ટા પહોંચું અને મિત્ર પંચમિયાને કાગળ લખું કે હું પાટીલને મળ્યો!

જો એર હોસ્ટેસે પાટીલ સાહેબ સાથે મારો ઇન્ટરવ્યૂ પૂરો ન કરાવ્યો હોત તો મારે એમને મારા મુંબઈના કડવા અનુભવની વાત કરવી હતી. આખરે એ તો મુંબઈના વડા નાગરિક હતા. કહેવાતું કે એમને પૂછ્યા વગર મુંબઈમાં ચકલુંય ન ફરકે. હું ૧૯૫૭માં મુંબઈમાં આવ્યો અને ૧૯૬૫માં છોડતો હતો. જ્યારે આવ્યો ત્યારે કેટકેટલા સપનાં લઈને આવ્યો હતો! હું તો દેશ સેવા કરવા થનગનતો હતો. મારે તો મોટાં કામ કરવા હતાં. નામના કાઢવી હતી. આજે મુંબઈથી જ્યારે નીકળતો હતો ત્યારે એ બધું શેખચલ્લીનાં સપનાઓની જેમ કેમ રોળાઈ ગયું?

મારે પાટીલને પૂછવું હતું કે મુંબઈમાં મારા જેવા જુવાનિયાઓ જેને કામ કરવું છે તેમને જેવી તેવી પણ નોકરી મેળવતાં આટલી બધી મુશ્કેલી કેમ પડે છે? દેશમાં આટલી

બેકારી કેમ છે? રહેવાની નાનકડી ઓરડી પણ કેમ મળતી નથી? એને માટે એ શું કરે છે? દેશમાં તંગી સિવાય છે શું? અને તંગીનું નિવારણ કરવા માટે સરકાર એક પછી એક બાબતમાં કન્ટ્રોલ મૂકવા સિવાય બીજું કરે છે શું? અને જે લોકોને કંઈક પણ કરવું છે તેની ઉપર સરકારનો અંકુશ શા માટે છે? એકનો એક દીકરો પરણતો હોય અને તમારે જમણવાર કરવો હોય તો ન થાય! ફિલ્મોમાં શું બતાવી શકાય અને શું ન બતાવી શકાય એ પણ સરકાર નક્કી કરે. હીરો હિરોઈનને ફિલ્મમાં ચુંબન ન કરી શકે! એવું કંઈ જોવું હોય તો હોલીવુડની મૂવી જોવા જવું પડે. વળી એવી મૂવી અમુક થિયેટર જ દેખાડી શકે. નાનો મોટો ધંધો કરવો હોય કે ફેક્ટરી શરૂ કરવી હોય તો એને માટે સરકારી પરમીટ લેવી જોઈએ. રાજાજીએ સાવ સાચું જ કહ્યું હતું આ તો 'લાયસન્સ પરમીટ રાજ' છે. જિંદગીની નાની મોટી બધી જ વાતમાં આ સડેલી સરકાર, ખાસ તો એની રેઢિયાળ અને બેજવાબદાર બ્યુરોક્રસી, આડી આવે છે એ બાબતમાં એ શું કરે છે. એવું પણ બને કે મારી આવા ઉકળાટ સામે પાટીલ સાહેબે મને કહ્યું હોત કે નહેરુ એનું કહ્યું માને તો ને? પણ મને પૂછવાનો કે એમને જવાબ આપવાનો મોકો મળ્યો.

## ઍટલાન્ટા પહોંચ્યો

ન્યૂ યૉર્કમાં પ્લેન બદલીને ઍટલાન્ટા જવાનું હતું. ઍરપોર્ટ ઉપર હેલ્પ ડેસ્ક ઉપર જઈને ઇસ્ટર્ન એરલાઈન્સનું ઍટલાન્ટા જતું પ્લેન કેમ પકડવું અને ટેલિફોન કેમ કરવો એ પૂછ્યું. છોકરી ભલી હતી. એણે વિગતથી મને સમજાવ્યું. મેં કહ્યું: "Thank you," એણે કહ્યું: "You are welcome." આપણે ત્યાં જેમ Thank you પછી 'Don't mention it' કહેવાનો રિવાજ છે તેમ અહીં લોકો 'You are welcome,' કહે. હું એમ સમજ્યો કે એ અમેરિકામાં મારું સ્વાગત કરે છે. તો વળી પાછું મેં કહ્યું: "Thank you." અને એણે કહ્યું: "You are welcome." અમારી આ પીંગ પોન્ગની શબ્દ બાજી આગળ વધે તે પહેલાં જ એણે હારીને કહ્યું: "Never mind!" અને મને ટેલિફોન બૂથ પર લઈ ગઈ. એ જમાનો હજી લેન્ડ લાઇનનો હતો. એણે મને જારેચાનો નંબર જોડી આપ્યો. મેં જેવો ટેલિફોન ઉપાડ્યો ત્યાં જ જારેચા પૂછે: કેમ છો તમે, ભાઈ?! બરાબર પહોંચી ગયા? ટેલિફોનનો અવાજ એટલો સ્પષ્ટ હતો કે જાણે બાજુમાં જ ઊભા હોય એમ લાગે. મને કહે કે આપણે બે

કલાકમાં મળીએ છીએ. ઍરપોર્ટ ઉપર તમને લેવા આવું છું. ઇસ્ટર્ન એરલાઇનનું પ્લેન બે કલાકમાં મને ઍટલાન્ટા લઈ આવ્યું.

ઊતરીને હું જેવો ટર્મિનલમાં ગયો કે મેં જારેચાને જોયા. એમની સાથે એક રૂપાળી આફ્રિકન અમેરિકન છોકરી હતી. જારેચાએ અમારી ઓળખાણ કરાવી. એમની ફેન્સી કારમાં હું બેઠો. પાણીના રેલાની જેમ ગાડી દોડ્યે જતી હતી. ઍટલાન્ટાના રશ અવરના એ જબ્બરદસ્ત ટ્રાફિકમાં જારેચા સહજતાથી કાર ચલાવતા હતા. એક હાથ સ્ટીઅરીન્ગ વ્હીલ પર, બીજા હાથમાં સિગરેટ. સિગરેટના ધુમાડાના ગોટાઓ ચગાવતા ચગાવતા બાજુમાં બેઠેલી છોકરી સાથે વાતો કરતા જાય. એ બધું જોઈને હું છક્ક થઈ ગયો. આવા જબરા ટ્રાફિકમાં પણ કેટલી સહજતાથી અને કેટલી સ્પીડમાં ગાડીઓ જતી હતી! હાઈ વે ઉપર કોઈ ટ્રાફિક લાઈટ્સ નહીં, કોઈ ધમાલ નહીં, કોઈ અંધાધૂંધી નહીં. જાણે કે બધાને ખબર કે શું કરવાનું છે, કેવી શિસ્ત! બધા કેવા પોતાની લેનમાં જ કાર ચલાવે છે! જારેચા કહે કે એ બધાને ખબર છે કે એમ જો ન કરીએ તો શું થાય. નવા નિશાળિયાની કુતુહલવૃત્તિથી મેં પૂછ્યું કે શું થાય? એ કહે, મોટો એક્સિડન્ટ થાય, તમે મરી જાવ, અને જો બચ્યા તો મોટી ટિકિટ મળે અને ઇન્સ્યૂરન્સનું પ્રિમિયમ વધી જાય. જો કે એ બધી, ખાસ કરીને પ્રિમિયમ વધવાની વાત તો વર્ષો પછી મારો પોતાનો એક્સિડન્ટ થયો ત્યારે સમજાણી.

જે યુનિવર્સિટીમાં જારેચા બર્સરની ઑફિસમાં કામ કરતા હતા અને જ્યાં એ પોતે પણ ભણ્યા હતા ત્યાં જ મને એમણે એડમિશન અપાવ્યું હતું, તેની જ ડૉર્મમાં એમનો ફ્લૅટ હતો. એ ફ્લૅટનો બાથરૂમ પણ કેવો! બધી જ વ્યવસ્થા હતી. આવો બાથરૂમ મેં મૂવીઓ સિવાય ક્યાંય જોયો નહોતો. એમણે મને ઠંડા ગરમ પાણીના નળ, શાવર, ટબ, ટોઇલેટ વગેરેની વ્યવસ્થા સમજાવી. પહેલે દિવસે તો બીતા બીતા શાવર વાપર્યો, ભૂલે ચૂકેય કાંઈ ગરબડ થઈ જાય તો. અને એવું જ થયું. જિંદગીમાં પહેલી જ વાર મેં શાવર લીધો. શાવર કર્ટન બરાબર બંધ નહીં થયો એટલે બાથરૂમમાં બધે પાણી પાણી થઈ ગયું!

એમનો ફ્લૅટ અમેરિકાની દૃષ્ટિએ નાનો ગણાય. લીવીંગ રૂમ, બેડરૂમ અને બાથરૂમ, પણ મુંબઈની સરખામણીમાં તો ખાસ્સો મોટો હતો. હું તરત જોઈ શક્યો કે યુનિવર્સિટીમાં એક ક્લાર્કની સામાન્ય નોકરી અને તે પણ માત્ર એક વર્ષથી જ, છતાં જારેચા પાસે કેવો સુંદર ફ્લૅટ હતો! જારેચાને મુંબઈમાં આવો ફ્લૅટ મેળવતાં આખી જિંદગી નીકળી જાત, અને તે પણ ભાગ્યશાળી હોત તો જ. દૂરના એક પરામાં ખાલી એક ઓરડી મેળવતાં

મારે મુંબઈમાં જે રઝળપાટ કરવો પડ્યો હતો તે મને યાદ આવ્યો. થયું કે સામાન્ય માણસને પણ આ સુખસગવડ મળે તે તો અમેરિકાનો જ પ્રતાપ છે!

અમેરિકામાં કૉલેજ અને યુનિવર્સિટીમાં ભણવા માટે વિદ્યાર્થીઓ મોટે ભાગે બહાર ગામથી આવે. મોટી મોટી યુનિવર્સિટીઓમાં સિત્તેર એંશી હજાર છોકરા છોકરીઓ ભણતા હોય. કૅમ્પસમાં સેંકડોની સંખ્યામાં બિલ્ડીંગો હોય. એમાં અનેક ડૉર્મ હોય. નાનકડું ગામ જ જોઈ લો. શરૂઆતમાં વિદ્યાર્થીઓને ડૉર્મમાં રહેવું પડે. માબાપ અને કુટુંબથી વિખૂટા પડીને એકલા રહેવાથી એમનામાં સ્વાયત્તતા આવે. એમને જવાબદારીનું ભાન આવે. ઍટલાન્ટા યુનિવર્સિટી પ્રમાણમાં નાની. છોકરાઓની એક ડૉર્મમાં એમની બાજુની રૂમ જારેચાએ મારે માટે નોંધાવી રાખી હતી. એમના ફ્લૅટની ચાવી આપી મને કહ્યું કે હમણાં મારા ફ્લૅટનો જ બાથરૂમ વાપરજે.

મેં જ્યારે ડૉર્મના કૉમન બાથરૂમ વાપરવા શરૂ કર્યાં ત્યારે ખબર પડી કે શા માટે એમણે મને એમનો અંગત બાથરૂમ વાપરવા કહ્યું. મુંબઈની છોકરાઓની હોસ્ટેલમાં હું બાથરૂમમાં ટુવાલ પહેરી રાખવા અને બારણું બંધ કરીને જ ટુવાલ કાઢવા ટેવાયેલો હતો. અહીંયા જોયું તો કાળા છોકરાઓ કોઈ પણ સંકોચ વગર નાગા રખડતા હતા. એમના કાળા ડીબાંગ પડછંદ શરીરને નગ્ન અવસ્થામાં જોઈને હું તો ડઘાઈ ગયો. બાકી હતું તો આ છોકરાઓ નાગા નાગા એકબીજા સાથે મસ્તી કરતા હતા! મને થયું કે આપણે હમણાં તો જારેચાના બાથરૂમમાં જ સારા!

બીજે દિવસે એમની સાથે ડૉર્મના ડાઈનિંગ હોલમાં ગયો. નિશ્ચિત સમયે કાફેટેરિયામાં બધા લાઈનસર ઊભા રહે. કોઈ ધક્કામુક્કી નહીં. ખાવાનું પણ કેટલું બધું, અને કેવું જુદું જુદું. બાફેલાં શાકભાજી, ફળફળાદિ, બ્રેડ, અનેક પ્રકારની મિષ્ટાનની વાનગીઓ. પીવા માટે દૂધ, બટરમિલ્ક વગેરે. મેં પહેલી જ વાર ચોકલેટ મિલ્ક જોયું. મારે માટે કેટલીયે વસ્તુઓ સાવ નવી હતી. આપણે તો પાછા વેજીટેરિયન, પૂછવું પડે, આમાં ક્યાંય મીટ ખરું? એ જમાનામાં અમેરિકામાં સલાડ બાર હજુ શરૂ થયા નહોતા. લોકોને વેજીટેરિયન થવાની લત લાગી ન હતી. મોટા ભાગના લોકો મીટ, ખાસ કરીને બીફ સ્ટેક, ફીશ, ચીકન, લેમ્બ વગેરે નિયમિત ખાય. મેં જોયું કે છોકરા-છોકરીઓ બધા સાથે બેઠા હતાં. કોઈને કોઈનો છોછ ન હોતો. સહજ જ અલકમલકની વાતો કરતા ભોજન કરતાં હતાં. ખાધા પછી ઘણા આરામથી સિગરેટ ફૂંકતા હતા. એ જમાનામાં સિગરેટ બહુ પીવાતી. જમ્યા પછી બધા પોતાની ટ્રે લઈ લે અને કન્વેયર બેલ્ટ ઉપર મૂકી દે. કોઈ નોકરો ન

હતાં. બધા પોતપોતાનું કામ કરતાં હતાં. અને આટલા બધાં લોકો હતાં છતાં કોઈ ઘોંઘાટ નહીં.

## કાળા લોકોની યુનિવર્સિટી

ડૉર્મમાં એક વસ્તુ મેં ખાસ નોંધી. ત્યાં મને કોઈ ગોરો અમેરિકન દેખાયો જ નહીં! ડોર્મના રહેવાસી છોકરાઓ, કામ કરનારા લોકો, વગેરે બધા આફ્રિકન અમેરિકન એટલે કે કાળા લોકો જ હતા. મને થયું કે હું અમેરિકા આવ્યો છું કે આફ્રિકા? આ કેવું? બીજે દિવસે જારેચા સાથે યુનિવર્સિટીમાં ગયો ત્યાં પણ એવું જ. વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, પ્રૉફેસરો, અધિકારીઓ વગેરે બધા કાળા જ. થોડા ઇન્ડિયન અને ચાઇનીઝ વિદ્યાર્થીઓ દેખાયા. ઇન્ડિયન વિદ્યાર્થીઓ મારી મૂંઝવણ સહેજે સમજી ગયા. એ બધાનો પણ આવ્યા ત્યારે આ જ અનુભવ હતો. એમણે મને સમજાવ્યું કે ઍટલાન્ટા યુનિવર્સિટી તો મુખ્યત્વે કાળા લોકો માટેની છે.

ઍટલાન્ટા યુનિવર્સિટી દક્ષિણના જ્યોર્જિયા રાજ્યની રાજધાની ઍટલાન્ટામાં આવેલી. દક્ષિણનાં રાજ્યો ૧૯૬૦ના દાયકામાં પણ હજી રંગભેદમાં માનતાં હતાં. તેમણે કાળી અને ગોરી પ્રજાઓને એકબીજાથી અલગ રાખવા માટે કાળાઓ માટે એક જુદી જ સમાજવ્યવસ્થા ઊભી કરી હતી. કાળાઓને ગોરા લોકોની કૉલેજો કે યુનિવર્સિટીઓમાં ન આવવા દેવા માટે એમની જુદી સ્કૂલો, કૉલેજો અને યુનિવર્સિટીઓ બાંધી. કાળા વિદ્યાર્થીઓ માટે જે પબ્લિક અને પ્રાઈવેટ કૉલેજો અને યુનિવર્સિટીઓ સ્થપાઈ તેમાંની એક ઍટલાન્ટા યુનિવર્સિટી. આ યુનિવર્સિટી મુખ્યત્વે કાળા લોકો માટે છે એ અમને દેશી વિદ્યાર્થીઓને તો અહીં આવ્યા પછી જ ખબર પડી! ઍટલાન્ટા યુનિવર્સિટી અને આજુબાજુ જે કૉલેજો હતી—મોરહાઉસ, ક્લાર્ક, સ્પેલ્મન, મોરીસ બ્રાઉન—તે બધી ખાસ કાળા છોકરા-છોકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે ઊભી કરવામાં આવી હતી.

દેશમાં કાળા લોકો વિશે સાંભળેલું—એમની ગુલામી વિશે, રંગભેદને કારણે એમને થતા ભયંકર અન્યાય વિશે. વધુમાં તેમના મહાન નેતા માર્ટીન લ્યુથર કિંગ અને બીજાઓની આગેવાની નીચે વૉશિંગ્ટનના લિંકન મેમોરિયલ ઉપર લાખોની સંખ્યામાં કાળા લોકો ભેગા થયેલા તેનું ન્યુઝ રીલ પણ જોયું હતું. એમાં એ વખતે કિંગે આપેલું I have a dream વાળું યાદગાર પ્રવચન પણ સાંભળેલું. પણ એ લોકો માટે જુદી

કૉલેજો હશે અને મારે એવી એક કૉલેજમાં જવાનું થશે એની કલ્પના પણ ત્યારે ક્યાંથી હોય?

અમેરિકાનાં દક્ષિણ રાજ્યો, ખાસ કરીને નૉર્થ અને સાઉથ કેરોલીના, જ્યોર્જિયા, ફ્લોરીડા, એલબામા, મિસીસીપી, ટેક્સાસ, આર્કાન્સાસ, ટેનેસી વગેરેમાં ગુલામીની પ્રથા સદીઓથી પ્રચલિત હતી. ત્યાંના સ્યુગર, કોટન અને ટોબેકોના મોટા પ્લાન્ટેશનોમાં કામ કરવા માટે મજૂરોની ખૂબ જરૂર હતી. આવું સખત કામ કરનારા મજૂરો લાવવા ક્યાંથી? પ્લાન્ટેશનોના માલિકો ગોરાઓ હતા. ગોરા લોકોની સંખ્યા પ્રમાણમાં ઓછી, અને જે હતા તે કાંઈ આવું કમ્મરતોડ અને હલકું કામ થોડા કરવાના હતા? એ માટે ગોરાઓ આફ્રિકામાંથી લાખોની સંખ્યામાં કાળા લોકોને ઘસડી લાવ્યા, અને આમ ગુલામીની પ્રથા શરૂ થઈ.

ગુલામ થઈને આવેલા કાળા લોકો ગોરાઓની મિલકત હતી. ઢોર-જનાવરની જેમ જ એમની લેવડદેવડ થતી. એમને વેચવા ખરીદવાના રીતસરના બજારો ભરાતા, જ્યાં એમના લીલામ થતાં. બળબળતા બપોરે કે હાડકાં ભાંગી નાખતી ઠંડીમાં ઢોરની જેમ જ એમણે માલિકના હુકમ મુજબ રાતદિવસ કામ કરવાનું. એમની આ મજૂરીથી જ સ્યુગર, કોટન અને ટોબેકોના ઉદ્યોગો ચાલતા હતાં અને તેથી જ તો દક્ષિણનાં રાજ્યોના અર્થકારણમાં ગુલામીની પ્રથા અનિવાર્ય રીતે ગૂંથાઈ ગઈ. ૧૮૬૦ના દાયકામાં આ ગુલામીની પ્રથા નાબૂદ કરવા અમેરિકાનાં ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે દારુણ સિવિલ વોર થઈ. અમેરિકાના મહાન પ્રમુખ એબ્રાહમ લિંકનની નેતાગીરી નીચે ઉત્તરનાં રાજ્યો એ મહાયુદ્ધમાં વિજેતા નીવડ્યાં.

જેમ આપણે ત્યાં દેશના ભાગલાની કરુણ અને ભયંકર ઘટના પછી હિંદુ અને મુસ્લિમ પ્રજા વચ્ચેના સંબંધો સદાને માટે વણસી ગયા, તેમજ અમેરિકાની સિવિલ વોર પછી ગોરી અને કાળી પ્રજાના સંબંધો, ખાસ કરીને દક્ષિણનાં રાજ્યોમાં બગડેલા જ રહ્યા. કાળા લોકોની ગુલામીમાંથી મુક્તિ ભલે થઈ, પણ એ કલંકનો ડાઘો હજી અમેરિકાના રોજબરોજના જીવનમાંથી સાવ ભુંસાયો નથી. કાળા ધોળાના સંબંધોમાં એનું ઝેર હજી પણ ઊંડેઊંડે પ્રસરેલું છે. સિવિલ વોરને કારણે ગુલામીની પ્રથાની કાયદેસરની નાબૂદી થઈ હોવા છતાં, દેશનો રંગભેદ, ખાસ કરીને દક્ષિણનાં રાજ્યોમાં લગભગ કંઈક અંશે ટકી રહ્યો છે. આ રંગભેદને કારણે કાળા લોકોની આર્થિક

પરિસ્થિતિ ખરાબ જ રહી, બલકે વણસી. ગુલામી નાબૂદ થયા પછી તો હવે રોજબરોજ જીવવા માટે એમણે કામ શોધવાનું રહ્યું.

રંગભેદને કારણે જીવનનાં અનેક ક્ષેત્રમાં તેમને બળજબરીથી પાછળ રખાયા. જ્યાં જ્યાં ગોરા લોકો હોય ત્યાં ત્યાં તેમને આવવાનો અધિકાર નહીં. એમને બસમાં બેસવાનું હોય તો તે પાછળ, ગોરા લોકો આગળ બેસે. ગોરા લોકોના ચર્ચમાં એ આવી ન શકે. એમના ચર્ચ જુદાં, એમની સ્કૂલો જુદી, એમની કૉલેજો જુદી, એમનાં રહેઠાણ અને પાડોશ પણ જુદાં. આમ સમાજના બે ભાગ પડી ગયા, એક ગોરા લોકો માટે, અને બીજો કાળા લોકો માટે. ગોરા લોકો સત્તાનો કબજો લઈને બેઠા હતા. સારા નોકરીધંધા, રહેવાના સારા પાડોશો, સારી સ્કૂલો અને કૉલેજો વગેરે ગોરાઓ માટે, હલકાં કામ કાળાઓ માટે. કાળા લોકોને પૂરેપૂરો મતાધિકાર અને અન્ય સ્વતંત્રતા મળવાને હજી વાર હતી. મૂળમાં કાળા લોકોની રાજકીય, સામાજિક અને ખાસ કરીને આર્થિક સ્થિતિ ગોરાઓની સરખામણીમાં નીચી અને ખરાબ જ રહી અને એમનું શોષણ થતું રહ્યું.

હું ઍટલાન્ટા ૧૯૬૫માં પહોંચ્યો ત્યારે સિવિલ વોરને સો વર્ષ થઈ ગયાં હતાં. એ સો વરસમાં કાળા લોકોની પરિસ્થિતિમાં ધીમે ધીમે પણ મોટા ફેરફાર થયા હતા. છતાં કાળા ધોળાનો ભેદભાવ મટે અને આખરે એમને નાગરિકતાના બધા હક્ક મળે એ માટે ત્યારે માર્ટીન લ્યુથર કિંગ અને બીજા આફ્રિકન અમેરિકન નેતાઓની આગેવાની નીચે સિવિલ રાઈટ્સની ઝુંબેશ પુરબહાર ચાલતી હતી. છતાં રંગભેદને કારણે જે ભેદભાવ થતો હતો તે ગોરા લોકોના હાડમાં એવો તો ઊતરી ગયો હતો કે સમાજ અને રાષ્ટ્રના જે બે ભાગ પડી ગયા હતા તે યેનકેન પ્રકારેણ ચાલુ જ રહ્યા.

આજે આ લખાય છે ત્યારે ૨૦૧૬માં સિવિલ વોરને દોઢસોથી પણ વધારે વરસ થયાં, પણ રંગભેદનો ભેદભાવ થોડે ઘણે અંશે આખાયે દેશમાં, પણ ખાસ કરીને દક્ષિણના રાજ્યોમાં, હજી જોવા મળે છે. હમણાં જ સાઉથ કૅરોલીનાની રાજધાની ચાર્લ્સટનમાં એકવીસ વરસના એક ગોરા જુવાને ચર્ચમાં જઈને પ્રભુભજન કરતા ૯ કાળા લોકોની હત્યા કરી. કહે કે એ કાળા લોકોને ધિક્કારે છે. હું અમેરિકા ગયો ત્યારે કાળા ધોળા વચ્ચેનાં છમકલાં તો રોજબરોજ થયે જતાં હતાં. ૧૯૬૦માં એલબામા રાજ્યમાં ચાર કાળી છોકરીઓને ચર્ચમાં બોમ્બ ફેંકીને બાળી નાખવામાં આવેલી. આવાં હિચકારાં કૃત્યો ઉપરાંત કાળા લોકો પર થતો રોજનો ત્રાસ ઘણી વાર અસહ્ય બની જતો. કાળા લોકોનો રોષ ક્યારેક મોટાં શહેરોમાં ભયંકર હુલ્લડોમાં પ્રગટ થતો. અને

પછી મહિનાઓ સુધી મોટે ભડકે બળતો. ૧૯૬૮માં માર્ટિન લ્યુથર કિંગની હત્યા પછી અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન સહિત કેટલાંક શહેરોમાં આવાં મોટાં હુલ્લડો થયાં હતાં.

અમેરિકામાં કાળા ધોળા વચ્ચેના રંગભેદને કારણે થતો ભેદભાવ ભૂંસવા અસાધારણ પ્રગતિ થઈ છે. ખાસ તો ભેદભાવને લીધે ઊભી થયેલી કાળાઓની દારુણ આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરવા માટે અમેરિકામાં અનેક કાયદાઓ ઘડાયા છે. કાળા લોકોને પૂરેપૂરો મતાધિકાર મળે તે માટે કંઈક કેસ ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યા. હું જ્યારે અમેરિકા આવ્યો ત્યારે તો કલ્પના પણ નહોતી થઈ શકતી કે કાળો માણસ અમેરિકાના કોઈ રાજ્યનો ગવર્નર કે રાષ્ટ્રનો પ્રમુખ બને. અને છતાં ૨૦૦૮માં આફ્રિકન અમેરિકન બરાક ઓબામાની બહુમતિથી પ્રમુખ તરીકે ચૂંટણી થઈ. અમેરિકન સમાજ કેટલો પરિવર્તનશીલ છે એ આ મહાન ઘટના સાબિત કરે છે.

મુંબઈનો પેલો કન્સલ્ટન્ટ જેનો ધંધો અમને અમેરિકન કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સહેલાઈથી એડમિશન અપાવાનો હતો તે ઍટલાન્ટા યુનિવર્સિટી જેવી કૉલેજ શોધે કે જેમાં અમને જલ્દીથી એડમિશન મળી જાય અને અમે અમેરિકામાં ઠેકાણે પડી જઈએ. અને એને એની ફી મળી જાય. એ અમને કંઈ થોડો કહેવાનો હતો કે આ કૉલેજો કઈ કક્ષાની છે? કે કાળા વિદ્યાર્થીઓને એડમિશન આપવા માટે આ કૉલેજોમાં ધોરણ અનિવાર્યતઃ જુદાં અને નીચાં રાખવા પડે. ક્લાસમાં, ખાસ કરીને મેથ્સ કે અકાઉન્ટિન્ગના ક્લાસમાં, તરત ખબર પડે કે અમારા સહાધ્યાયી કાળા વિદ્યાર્થીઓ ભણવામાં દેશી વિદ્યાર્થીઓ જેટલા સજ્જ ન હતા. જે હાઈસ્કૂલોમાં એ બધા ભણ્યા હતા ત્યાં પણ સગવડો ઓછી હોય. એ પણ આ રંગભેદથી થતા ભેદભાવનું જ પરિણામ. દક્ષિણનાં બધાં જ રાજ્યોમાં ગોરાઓની સ્કૂલ અને કૉલેજોને ફંડ, સાધનો, સગવડ પહેલાં મળે અને જે કાંઈ વધ્યુંઘટ્યું હોય તે કાળી સંસ્થાઓને મળે.

અહીં આવ્યા પછી ખબર પડી કે અમેરિકામાં તો ચારેક હજાર કૉલેજો અને યુનિવર્સિટીઓ છે અને બધાની કક્ષા એક સરખી નથી. એટલું જ નહીં પણ હાર્વર્ડ, યેલ, શિકાગો, પેન, સ્ટેનફર્ડ, ડાર્ટમથ જેવી ખ્યાતનામ કૉલેજો તો બહુ ઓછી. અમે એવી ઉચ્ચ કક્ષાની યુનિવર્સિટીમાં ભણતા નથી એ અમને દેશી વિદ્યાર્થીઓને બહુ કઠતું. એ પ્રખ્યાત યુનિવર્સિટીઓમાં જે સાધનસગવડ હોય તે બધે કેવી રીતે હોય? અને તેમાં પણ ઍટલાન્ટા યુનિવર્સિટી જેવી કાળા લોકોની સંસ્થાઓની આર્થિક સ્થિતિ તો બહુ જ

કફોડી. ખાસ કરીને સરકારી બજેટમાં ગોરી યુનિવર્સિટીઓની પતરાવળી પહેલી પડે. કાળાઓને ભાગે તો જે કાંઈ બાકી રહ્યું હોય તે આવે. આવી કફોડી આર્થિક પરિસ્થિતિને કારણે કેટલીક પ્રાઇવેટ કાળી કૉલેજો તો સાવ બંધ થઈ ગઈ અને કેટલીક એક બીજા સાથે જોડાઈ ગઈ. જેમ કે ઍટલાન્ટા યુનિવર્સિટી આજે ક્લાર્ક ઍટલાન્ટા યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. એ અને બાજુની ક્લાર્ક કૉલેજ જોડાઈ ગયા.

અમેરિકામાં આવીને પૂરતાં સાધનસગવડ વગરની ગરીબ યુનિવર્સિટીમાં ભણતા અમે બધા વિચાર કરતા કે હાર્વર્ડ, યેલ, શિકાગો, જેવી યુનિવર્સિટીઓમાં ભણવાનું કેવું હશે! ઍટલાન્ટાની ગોરી યુનિવર્સિટીઓ કેવી હોય તે જોવા જાણવા માટે હું બહુ ઉત્સુક હતો. એક વાર હું ઍટલાન્ટામાં આવેલી એમરી નામની ગોરા લોકોની યુનિવર્સિટીમાં ગયો. ત્યાંની વ્યવસ્થા, મકાનો, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, વગેરે જોઈને હું છક્ક થઈ ગયો. એની સરખામણીમાં અમારી ઍટલાન્ટા યુનિવર્સિટી ખૂબ વામણી લાગે. થયું કે આવી યુનિવર્સિટીમાં મારે ભણવાનું?

પણ હવે શું થાય? અહીંથી પાછું થોડું જવાય છે? એમ પણ થયું કે ચાલ, અહીંથી છોડીને બીજી કૉલેજમાં એડમિશન લઉં. પણ જવું ક્યાં? આપણે તો અહીં મફતના ભાવે આવ્યા છીએ. બીજે જવાના પૈસા ક્યાંથી કાઢવા? અહીં તો જારેચાની મદદ પણ છે, કંપની છે, તે મને બીજે ક્યાં મળવાની છે? અને મારાથી એમને એમ કહેવાય પણ કેમ કે મારે હવે ઍટલાન્ટા છોડીને બીજે જવું છે? એ ભલા માણસે મારા માટે આટલી બધી મહેનત કરીને બધી વ્યવસ્થા કરી આપી, એરલાઈનની ટિકિટ પણ મેળવી આપી, અને મારો થોડો ઘણો ખર્ચો નીકળે એ માટે યુનિવર્સિટીમાં જોબ અપાવ્યો જેમાંથી હું થોડા પૈસા નલિનીને મોકલતો હતો. હવે એને જ એમ કહું કે તમે જે યુનિવર્સિટીમાં ભણ્યા છો, અને જ્યાં હવે કામ કરો છો, એ મને નથી ગમતી એટલે હું ચાલ્યો. હું એવો નગુણો નહીં થાઉં. થયું કે આ પલાળ્યું છે તે પૂરું કરો, એમ.બી.એ ની ડીગ્રી લઈ લો અને પછી ભાગો.

## પ્રેક્ટિકલ શિક્ષણ

ઍટલાન્ટા યુનિવર્સિટી ભલે ગોરી યુનિવર્સિટીઓની સરખામણીમાં નબળી હતી, પણ મુંબઈની અમારી સીડનહામ કૉલેજ કરતાં તો હજારગણી સારી હતી! સીડનહામ કૉલેજમાં તો અમે ગોખી ગોખીને ભણતા, ગાઇડ્સમાં જે હતું તે એક્ઝામ પેપર્સમાં

ઓકતા. પચાસ સાઠ છોકરાઓના ક્લાસમાં પ્રૉફેસર આવે, વેઠ ઉતારતા હોય એમ લેક્ચર આપીને ચાલતા થાય. વિદ્યાર્થીઓ સમજે છે કે નહીં એની એને કાંઈ પડી ન હોય.

મારા કૉલેજના ચાર વરસ દરમિયાન પ્રૉફેસર અને વિદ્યાર્થીઓ વચ્ચે ક્લાસમાં ક્યારેય કોઈ ચર્ચા થઈ હોય એવું યાદ નથી. જ્યાં પ્રૉફેસર અને વિદ્યાર્થી વચ્ચે જો વાત જ ન થતી હોય ત્યાં વિચારવિનિયમ કે ચર્ચાને અવકાશ કેવી રીતે હોય? માત્ર મુરલીભાઈએ જ મારી કાવ્યપ્રવૃત્તિમાં કંઈક રસ બતાડ્યો હતો. પણ એ તો ગુજરાતીના પ્રૉફેસર, કૉમર્સ કૉલેજમાં એમનું શું ગજું? અહીં કેટલાક પ્રૉફેસરો તો તમને ઘરે જમવા બોલાવે. વિદેશી વિદ્યાર્થીઓને એ લાભ બહુ મળતો. અઠવાડિયામાં એક વાર મળતો સાંજનો એક ક્લાસ ભરવા અમે પ્રૉફેસરને ઘરે જતા! જ્યાં એમનાં પત્ની અમારી આગતાસ્વાગતા કરે, ચા નાસ્તો આપે. અમારામાં રસ બતાડે. અમને ઍટલાન્ટામાં સ્થાયી થવામાં શી મુશ્કેલી પડે છે તે બાબતની પૂછપરછ કરે, અને બનતી મદદ કરે.

અમેરિકન યુનિવર્સિટી સિસ્ટમની એક વસ્તુ મેં ખાસ નોંધી. જે કોર્સ તમે લીધો હોય તેમાં તમે કેવું કરો છો, કયો ગ્રેડ મેળવશો એ બધું જ એ કોર્સનો પ્રૉફેસર જ નક્કી કરે. આપણે ત્યાં જેમ આખી યુનિવર્સિટીના હજારો વિદ્યાર્થીઓ માટે જે એક જ એક્ઝામ પેપર નીકળે અને એ સેટ કરવાનું કે એને તપાસવાનું કામ તમારા પ્રૉફેસર નહીં પણ કોઈ જુદા લોકો કરે. અહીં તો તમારો પ્રૉફેસર બધું નક્કી કરે. એ જ પેપર કાઢે અને એ જ ગ્રેડ કરે. ઍટલાન્ટા યુનિવર્સિટીમાં એક વિચિત્ર પ્રૉફેસર હતો. એને ઇન્ડિયનો વિશે સખત પૂર્વગ્રહ હતો. કોઈ પણ ઇન્ડિયન વિદ્યાર્થીને એ સારા ગ્રેડ આપે જ નહીં. અમે બધા નવા નવા એટલે એ બાબતની ફરિયાદ કરવાની અમારી હિંમત ન ચાલે. નીચી મૂંડીએ એ જે ગ્રેડ આપે તે લઈ આગળ વધીએ. અમે બધા A ગ્રેડથી ટેવાયેલા, પણ આ વિચિત્ર પ્રૉફેસર પાસેથી જો F ગ્રેડ ન મળે તો જાન છૂટી એમ માનતા. જો કે આ તો અપવાદ રૂપ જ પરિસ્થિતિ હતી. બાકીના બધા પ્રૉફેસરો ઇન્ડિયનો માટે ખૂબ સારો અભિપ્રાય ધરાવતા. એમની ગ્રેડિંગ સિસ્ટમ પણ કોઈ પ્રકારના પૂર્વગ્રહ વગર થતી.

મુંબઈની કૉલેજની સરખામણીમાં અહીં ક્લાસમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી. પ્રૉફેસર વિદ્યાર્થીઓને નામથી ઓળખે. ક્લાસમાં વિદ્યાર્થીઓને ચર્ચામાં સક્રિય ભાગ લેવા પ્રોત્સાહન આપે. પ્રૉફેસરનું લેક્ચર હોય ખરું, પણ પ્રમાણમાં ઓછું, અને તે પણ વિષયને માત્ર રજૂ કરવા માટે, પછી સોક્રેટિક મેથડ મુજબ ક્લાસની ચર્ચા દ્વારા

જ શિક્ષણ અપાય. આશય તો વિદ્યાર્થીને સ્વતંત્ર વિચાર કરતા કરવાનો હોય છે. એ ઉપરાંત વિદ્યાર્થીઓને ચાર પાંચ સહાધ્યાયીઓની ટીમ બનાવવાનું કહેવામાં આવે. એમ.બી.એ.ના અભ્યાસમાં વિદ્યાર્થીઓને ધંધાના પ્રશ્નો રજૂ કરતા કેસ આપવામાં આવે. એમણે એ પ્રશ્નોનો ઉકેલ ટીમના સહાધ્યાયીઓ સાથે મળીને કરવાનો હોય. આખીય ટીમ પ્રૉફેસરને મળે અને ચર્ચા કરે.

આપણે ત્યાં કૉમર્સ કૉલેજના અત્યંત વ્યવહારુ વિષયો જેવા કે ઍકાઉન્ટિંગ કે માર્કેટિંગ પણ પોથીમાંનાં રીંગણાં જેમ ભણાવાતા. મેં જોયું તો અહીંનું બિઝનેસ શિક્ષણ પ્રેક્ટિકલ ઘણું. જે કોઈ ભણવાના કેસ હોય તે જીવતીજાગતી કંપનીઓના હોય. જેમ કે કેવી રીતે જનરલ મોટર્સ કંપની સ્થપાઈ અને એ અમેરિકાની સર્વોચ્ચ કાર કંપની કેવી રીતે થઈ શકી? અથવા તો મોટો રીટેલ સ્ટોર સીઅર્સ એના હરીફ મોંટગોમરી વોર્ડથી કેવી રીતે જુદો હતો? અમારે આવી કંપનીઓમાં જવાનું અને એના ઉચ્ચ અધિકારીઓ સાથે વાતો કરવાની. અમારી ટીમને ઍટલાન્ટાની એક સિમેન્ટ ફેક્ટરીનો કેસ મળ્યો હતો તો અમારી ટીમ પ્રૉફેસર સાથે ઍટલાન્ટાથી થોડે દૂર એક સિમેન્ટ ફેક્ટરીમાં ગઈ હતી. અમારા કેટલાક પ્રૉફેસરો જે વિષય ભણાવતા હોય તે બાબતનો એમને પોતાનો અનુભવ હોય. એટલું જ નહીં પણ કેટલાક પ્રૉફેસરો તો પોતે હજુ પોતાના ક્ષેત્રે કંપનીઓમાં કામ કરતા હોય. કેટલાકને પોતાની કન્સલ્ટિંગ પ્રેક્ટીસ હોય. કૉલેજમાં પાર્ટ ટાઈમ ભણાવતા હોય. અમારા બૅંકિંગના પ્રૉફેસર ઍટલાન્ટાની ફેડરલ રિઝર્વ બૅંકના મોટા ઑફિસર હતા.

૧૯૬૦ના દાયકામાં માત્ર આપણા જ દેશમાં નહીં પણ આખી દુનિયામાં અમેરિકાના એમ.બી.એ.નું મોટું વળગણ હતું. કહેવાતું કે બિઝનેસની દુનિયામાં આગળ આવવું હોય તો અમેરિકા જઈને એમ.બી.એ.નું ભણી આવો. અમેરિકન યુનિવર્સિટીમાંથી જો તમે એમ.બી.એ.ની ડીગ્રી લીધી હોય તો મોટી મોટી કંપનીઓમાં ફટ કરતાં સારો જોબ મળી જાય. આ એમ.બી.એ.ની ડીગ્રીમાં હાર્વર્ડ યુનિવર્સિટીની ડિગ્રીનું મહત્ત્વ સૌથી વધુ. તેની કેસ મેથડ બહુ વખણાતી. એ મેથડના મૂળમાં મુખ્ય વિચાર એવો કે બિઝનેસનું શિક્ષણ થિયરીનાં થોથા ઉથલાવાથી નહીં, પણ જીવતા જાગતા ધંધાનો, એક્ચ્યુઅલ કંપનીઓનો અભ્યાસ કરવાથી થાય છે. થીયરી પણ આવા એક્ચ્યુઅલ કંપનીના કેસ દ્વારા જ રજૂ થાય. અમેરિકાની મોટા ભાગની બિઝનેસ સ્કૂલ હાર્વર્ડમાં જે કેસ ભણાવાય

તેનું અનુકરણ કરતી. અમે ઍટલાન્ટા યુનિવર્સિટીમાં પણ આવા હાર્વર્ડના ઘણા કેસ ભણ્યા.

દેશમાં માત્ર ઍકાઉન્ટિંગના પ્રૉફેસરને પોતાની ચાર્ટર્ડ ઍકાઉન્ટિંગની પ્રેક્ટીસ હતી. યાદ છે કે એ એક જ માત્ર પોતાની કારમાં આવે. બાકી બધા પ્રૉફેસરો પરાની ટ્રેનમાં અમારી જેમ હડદોલા ખાતાં આવે! એ ઍકાઉન્ટિંગના પ્રૉફેસરની ભલે પ્રેક્ટીસ હોય અને એમના રોજબરોજના કામમાં કંપનીઓના પ્રશ્નો ઉકેલતા હોય, પણ ક્લાસમાં એમનું ભણાવવાનું પોથીમાંના રીંગણા જેવું જ. મેં એમને એમના અનુભવના પ્રશ્નોની કોઈ પણ ચર્ચા કરતા સાંભળ્યા નથી. વર્તમાન ઍકાઉન્ટિંગની પ્રેક્ટીસના પ્રશ્નો શું છે, કે એ વિશે એમનો અભિપ્રાય શું છે, એ બાબતની ક્યારેય એમણે ચર્ચા કરી હોય એવું યાદ નથી. માત્ર જમા-ઉધારની જર્નલ એન્ટ્રી કેમ પાડવી, બૅલેન્સશીટને કેમ ટેલી કરવી, એ બતાવે. ઍકાઉન્ટિંગ શું છે, એનો સામાજિક અને આર્થિક હેતુ શું છે, વિકસતા દેશની અર્થવ્યવસ્થામાં એનું સ્થાન શું છે, આપણે શા માટે ઍકાઉન્ટિંગનો અભ્યાસ કરવો જોઈએ—એવી કોઈ દિવસ વાત જ નહીં. માત્ર ઍકાઉન્ટિંગ જ નહી, પરંતુ બીજા બધાં જ વિષયોમાં પણ એક્ઝામમાં શું પૂછાશે અને અમારે એનો શું જવાબ આપવો એની જ વાત હોય. આશ્ચર્યની વાત તો એ છે કે દેશના નાણાંપ્રધાન પંચવર્ષીય યોજના રજૂ કરતા હોય અને અમે ઇકોનોમિક્સના ક્લાસમાં એનો ઉલ્લેખ પણ ન સાંભળીએ. એ ભણતર કેવું?

અહીં અમેરિકામાં લોકો પોતાની કૉલેજને જિંદગીભર યાદ કરે. દરેક કૉલેજનું એકે એક ગામમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ઍલમનાઈ એસોશિએશન હોય. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કૉલેજને નાણાંકીય મદદ કરવાની પોતાની ફરજ સમજે. કેટલાક તો લાખો અને કરોડો ડોલર્સનું દાન કરે. ઘણા પોતાનું વિલ બનાવતી વખતે કૉલેજને યાદ રાખે અને મર્યા પછી પોતાની મિલકતનો અમુક ભાગ કૉલેજને મળે એવી જોગવાઈ કરે. કૉલેજો પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંબંધ જાળવી રાખે, દર વર્ષે ગ્રેજુએશન સમયે એમને યાદ રાખીને બોલાવે, માનસન્માન કરે. અને જે વિદ્યાર્થીઓએ અસાધારણ સિદ્ધિઓ મેળવી હોય એમને ઓનરરી ડિગ્રી આપે.

કૉલેજમાંથી નીકળ્યા પછી મને યાદ નથી કે સીડનહામ કૉલેજ કે મુંબઈ યુનિવર્સિટીએ મારો કોઈ દિવસ સંપર્ક સાધ્યો હોય. હું જ્યારે જ્યારે મુંબઈ જાઉં ત્યારે સીડનહામ કૉલેજમાં જરૂર આંટો મારું. દરવાજે પોલીસ ઊભો હોય એ આવવાની મનાઈ કરે. એને

સમજાવું કે હું અહીં એક વાર વિદ્યાર્થી હતો ત્યારે માંડ માંડ મને અંદર જવા દે. અંદર ગયા પછી પણ કૉલેજમાં આંટા માર્યા સિવાય બીજું હું શું કરી શકું? મને ઘણી વાર વિદ્યાર્થીઓની સાથે કે પ્રૉફેસરોની સાથે વાતો અને વિચાર-વિનિમય કરવાનું મન થાય. પણ કોને કહેવું? કોઈ ઍલમનાઈ ઑફિસ હોય તો પૂછું ને?

ઍટલાન્ટા યુનિવર્સિટી ભલે શહેરના કાળા વિસ્તારમાં હતી, પણ હતી તો અમેરિકામાં અને તે પણ ઍટલાન્ટા જેવા શહેરમાં. અમેરિકાની સિવિલ વૉરમાં આ શહેરનું મોટું નામ હતું. સિવિલ વૉરની એક અગત્યની લડાઈ અહીં થયેલી. એ લડાઈમાં શર્મન નામના અમેરિકન જનરલે એની વિખ્યાત March to the Sea ઍટલાન્ટાથી શરૂ કરી હતી અને દક્ષિણનાં રાજ્યોને હરાવવામાં મોટો ભાગ ભજવેલો. એ વિશેની પ્રખ્યાત મૂવી Gone with the Wind મેં મુંબઈના મેટ્રો થિયેટરમાં જોયેલી, જો કે ત્યારે કલ્પના પણ નહોતી કે હું એ ઍટલાન્ટામાં એક વાર જઈશ અને ત્યાં યુનિવર્સિટીમાં ભણીશ.

થયું કે ઍટલાન્ટા જેવા અગત્યના શહેરમાં હું આવ્યો જ છું તો મારે એનો લાભ લેવો જોઈએ. ત્યાંનાં પ્રસિદ્ધ છાપાં Atlanta Journal and Constitutionના ખ્યાતનામ તંત્રી રાલ્ફ મક્ગીલને પત્ર લખ્યો કે મારે તમને મળવું છે. એનો જવાબ તરત આવ્યો. કહે, જરૂર આવો. હું તો પહોંચી ગયો. ત્યારે વિયેટનામનું યુદ્ધ ચાલતું હતું. એ વિશેનો મારો તીવ્ર વિરોધ મેં રજૂ કર્યો. ભૂલતો ન હોઉં તો મક્ગીલ એ વૉરના હિમાયતી હતા. આર્કાન્સાસના સેનેટર વિલિયમ ફુલબ્રાઈટ એ વૉરની વિરુદ્ધ સેનેટમાં હિઅરિંગ્સ ચલાવતા હતા. એ બાબતમાં મેં એમનાં વખાણ કર્યાં. મક્ગીલે મને ફુલબ્રાઈટની બાબતમાં ચેતવ્યો. કહે, એ ભલે વિયેટનામની મોટી મોટી વાતો કરે, પણ તમે એનો વોટિંગ રેકર્ડ તપાસશો તો ખબર પડશે કે એમણે જિંદગી આખી કાળાઓને સિવિલ રાઈટ્સ આપવાનો વિરોધ કર્યો છે. મક્ગીલ પોતે કાળાઓને સિવિલ રાઈટ્સ આપવાના મોટા હિમાયતી હતા. જો કે ફુલબ્રાઈટની મોટી મૂંઝવણ એ હતી કે દક્ષિણના કોઈ પણ રાજ્યમાં તમારે ચૂંટણીમાં જીતવું હોય તો કાળાઓને સિવિલ રાઈટ્સ આપવાની વાત જ ન કરાય.

## પાર્ટ ટાઈમ કામ શરૂ કર્યું

મેં ક્લાસ ભરવાના શરૂ કર્યા. વિચાર એવો હતો કે જેટલું બને તેટલું જલદીથી ભણવાનું પૂરું કરવું અને કામે લાગી જવું. દેશમાંથી નલિનીના કાગળો આવવાના શરૂ થઈ ગયા હતા કે ક્યારે બોલાવો છો? વળી ત્યાં ઘર ચલાવવા માટે પૈસા પણ નિયમિત મોકલવાના હતા. બા કાકા હજી હમણાં જ મુંબઈ આવીને સ્થાયી થયાં હતાં, તેમની પાસે પૈસાની કોઈ સગવડ નહોતી. હું જ્યારે મુંબઈથી નીકળ્યો ત્યારે મારી પાસે કોઈ બચત નહોતી. ઊલટાનું થોડુંઘણું દેવું હતું. વધુમાં ઍટલાન્ટાનો જે કંઈ ખરચ થતો હતો તે પણ પૂરો પાડવાનો હતો. જારેચા બહુ ભલા માણસ. એ તો મદદ કરવા હંમેશ તૈયાર હતા, પણ એમણે મારે માટે ઘણું કર્યુ હતું, એટલે હવે એમની પાસે હાથ લંબાવવાની મારી ઇચ્છા નહોતી. એટલે એમની ઑફિસમાં, ડોર્મના કિચનમાં, લાઇબ્રેરીમાં જ્યાં જ્યાં કામ મળતું હતું ત્યાં પાર્ટ ટાઈમ કામ કરવાનું શરૂ કરી દીધું.

અમેરિકામાં કામ કરવાનો આ મારો પહેલો અનુભવ હતો. મોટા ભાગનું જે કામ હું કરતો હતો તે હાઈસ્કૂલના છોકરા-છોકરીઓ માટે હતું. એ બધા વચ્ચે હું પચીસ વરસનો હતો અને એમ.બી.એ.નું ભણતો હતો. એ વાત જાણીને બધાંને આશ્ચર્ય થતું હતું અને મને સંકોચ થતો હતો. પણ કામ કર્યા સિવાય, થોડા ઘણા પૈસા કમાયા સિવાય છૂટકો ન હતો. ખાસ કરીને ડોર્મના કિચનમાં મોટાં તપેલાં ઉપાડવાનું, સાફ કરવાનું કામ મને ખૂબ આકરું લાગતું હતું. પહેલાં તો મારાથી એ ભારે વાસણો ઊંચકાય જ નહીં. પહેલે જ દિવસે કિચનમાં એક મોટું તપેલું ઉપાડવા ગયો, પણ ઊપડે તો ને? એક કાળી છોકરી મારી મથામણ જોતી હતી, પાસે આવી એક હાથે એ તપેલું ઉપાડી હસવા માંડી!

ઑફિસનાં કામોમાં પણ કમ્પ્યૂટિંગ મશીન ચલાવતાં આવડે નહીં. દેશમાં મેં ઍકાઉન્ટિંગનું કામ આંગળીના વેઢેથી કરેલું. હજી કેલ્ક્યુલેટર આવ્યા નહોતા, તો કમ્પ્યૂટરની વાત ક્યાં કરવી? દેશનો મારો અનુભવ અને જે કાંઈ આવડત હતી તે બધી અહીં નકામી નીવડી. એક કંપનીમાં મને ઍકાઉન્ટિંગ ક્લાર્ક તરીકે જે પાર્ટટાઇમ નોકરી મળી હતી તેમાંથી મને એક જ અઠવાડિયામાં રજા મળી. ભલે ને હું રાલ્ફ મક્ગીલ જેવા મોટા તંત્રી અને વિચારક સાથે વિયેટનામ વિશે ચર્ચા કરી શકું, પણ એક ઍકાઉન્ટિંગ ક્લર્ક તરીકે કામ કરવામાંથી મને રજા મળે છે!

માત્ર એક લાઇબ્રેરીના કામમાં કાંઈ વાંધો નહીં આવ્યો. લાઇબ્રેરીના ઓપન સ્ટેક જોઈ

હું છક્ક થઈ ગયો. દેશની કૉલેજમાં જો કોઈ ચોપડી જોઈતી હોય તો લાઇબ્રેરિયનને સ્લીપ ભરીને આપવાની, એ પ્યૂનને આપે, એ એની ફુરસદે સ્ટેકમાં જાય. વારંવાર એમને વિનંતી કરવી પડે. પુસ્તકની તમને બહુ જરૂર હોય અને એને ચાપાણી પીવરાવ્યાં હોય તો જ એ ચોપડી તમને જોઈતી હોય ત્યારે મળે. અહીં તો ઓપન સ્ટેક! કોઈ પણ વિદ્યાર્થી સહજ જ ત્યાં જાય અને પોતાને જોઈતું પુસ્તક લઈ લે. ત્યાં વાંચવાની પણ સગવડ હોય. મારું કામ આ સ્ટેકમાં નવી ચોપડીઓ આવી હોય તે યથાસ્થાને ગોઠવવાનું. લાઇબ્રેરીના ઓપન સ્ટેકમાં છૂટથી ફરવા મળવાથી મને અનેક પ્રકારનાં પુસ્તકો જોવા મળ્યાં. જો કે મારે ભાગ્યે અહીં પણ અૅકાઉન્ટિંગ અને બિઝનેસના વિષયો ભણવાના હતાં, પણ મેં તો પોલિટિક્સ અને સાહિત્યનાં પુસ્તકો અને મૅગેઝિનો પર મારો શરૂ કર્યો.

ભણવામાં અને પાર્ટ ટાઈમ કામમાંથી મને જે સમય મળતો તે હું શહેર અને આજુબાજુ ફરવામાં કાઢતો. જારેચા પાસે તો ગાડી હતી. એ અમારા જેવા દેશી વિદ્યાર્થીઓને ગ્રોસરી અને બીજું શોપિંગ કરવા લઈ જાય. હું ઘણી વાર મારી મેળે એકલો બસમાં કે ચાલતો ચાલતો જતો. એક વાર આમ ડૉર્મથી ડાઉન ટાઉન ચાલતો ગયો. ઠંડી હતી, પણ જુવાનીના તોરમાં એમ માન્યું કે એમાં શું થઈ જવાનું છે? બે માઈલ જેટલું ચાલ્યો. થીજી ગયો. જારેચાને જ્યારે ખબર પડી ત્યારે એમણે મને ઠપકો આપ્યો. કહે, ઠંડીમાં આમ બહાર નીકળશો તો ન્યૂમોનિયા થઈ જશે. અને જો હૉસ્પિટલમાં જવું પડશે તો હજારો ડોલરનો ખર્ચ થશે. પછી એમણે મને અમેરિકન હેલ્થકેરની સિસ્ટમ કેવી રીતે માણસોનું દેવાળું કઢાવે છે તે સમજાવ્યું. હું ચેત્યો, પછી ચાલવાને બદલે બસમાં જતો.

## અમેરિકા, પહેલી નજરે

દેશમાં અમેરિકા વિશે જાણવાની મારી ભૂખ સંતોષવા હું હોલીવુડની મૂવીઓ જોવા જતો. ટાઈમ અને લાઈફ મૅગેઝિન જેવાં અમેરિકન સામયિકો વાંચતો. મુંબઈમાં ચર્ચગેટ સ્ટેશન નજીક આવેલ અમેરિકન લાઇબ્રેરી (યુસીસ)માં જઈને અમેરિકન છાપાં ઉથલાવતો. હું જોહન ગુન્થરના ઇનસાઇડ અમેરિકા નામના મોટા પુસ્તકનાં પાનાં ફેરવતા અમેરિકાનાં સપનાં જોતો. આ બધું પરોક્ષ જ હતું. અમેરિકાને જાત નજરે જોવાની પહેલી તક મને ઍટલાન્ટામાં મળી. કહો કે ત્યાં જ મને અમેરિકા રૂબરૂ જોવા

મળ્યું—ઊંચા ઊંચા સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગો, વિશાળ રસ્તાઓ, તેના પર પાણીના રેલાની જેમ દોડતી મોટી મોટી ગાડીઓ, મોટા ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ, ઊંચી એડીના શુઝમાં ફટ ફટ ચાલતી પુરુષ સમોવડી દેખાવડી સ્ત્રીઓ, ઊંચા અને તંદુરસ્ત પુરુષો વગેરે, વગેરે.

આ પહેલી નજરે જે અમેરિકા જોયું તેની થોડી વસ્તુઓ ખાસ ગમી. એક તો શહેરની સ્વચ્છતા. મુંબઈમાં રસ્તે રસ્તે કચરાઓના જે ઢગલાઓ જોયેલા તે ક્યાંય શોધ્યા પણ જોવા ન મળે. અરે, સાઈડ વોક, જેને આપણે ફૂટપાથ કહીએ એ એટલા સ્વચ્છ કે તેની ઉપર આરામથી સૂઈ શકાય! કોઈ ગમે ત્યાં કચરો ન ફેંકે. રેસ્ટોરાં, ગેસ સ્ટેશન, લાઇબ્રેરી, રેલવે સ્ટેશન, ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ જેવી બધી જાહેર જગ્યાઓએ સ્વચ્છ ટોઈલેટની વ્યવસ્થા હોય જ. આ કારણે કોઈને જાહેરમાં પેશાબ પાણી કરવા ન પડે. આજે હું સમજી જ શકતો નથી કે આપણા દેશને સ્વતંત્ર થયે સિત્તેર વરસ થયા છતાં અર્ધા દેશને, અને તેમાંયે સ્ત્રીઓને, જાહેરમાં જાજરૂ જવું પડે છે!

અહીં લોકોનો એક બીજા સાથેનો રોજિંદો વ્યવહાર વિવેકપૂર્ણ અને વિનયી. હોદ્દામાં ભલે ને માણસો ઊંચા હોય, પણ વિવેક અને વિનય જાળવે. બોસ પોતાની સેક્રેટરી સાથે પણ 'પ્લીઝ'થી જે કાંઈ કરવાનું હોય તે કહે, અને અચુક 'થેંક યુ' કહીને જ વાત પૂરી કરે. પ્રૉફેસરો પણ વિદ્યાર્થીઓ સાથે પૂરા વિવેકથી જ વાત કરે. અરે, માબાપ પોતાના નાનાં મોટાં સંતાનો સાથે આ શિષ્ટાચાર જાળવે અને છોકરાઓ આવો વિનય વિવેક બચપણથી જ શીખે એવી રીતે બાળઉછેર કરે. સ્ટોરમાં, સ્ટેશનમાં, બસ કે ટ્રેનમાં, રસ્તામાં, ગમે ત્યાં, અજાણ્યા માણસો વચ્ચે પણ આ વિવેક અને વિનય જળવાય.

શિસ્ત જાણે લોકોને ગળથૂથીમાંથી મળતી હોય એમ લાગે. મોટે મોટેથી વાતો કરવી, ઘોંઘાટ કરવો, બરાડા પાડીને એકબીજાને બોલાવવા, ધક્કામુક્કી કરવી, લાઈન તોડીને આગળ ઘૂસવું વગેરે જે આપણે ત્યાં સહજ છે, તેનો મેં અહીં લગભગ સર્વથા અભાવ જોયો. મેં જોયું કે શું ઘરમાં કે શું સ્કૂલમાં બાળકોના ઉછેરમાં શિસ્ત ઉપર ભાર મૂકવામાં આવે. કહેવામાં આવે કે સામા માણસનો વિચાર કરો. તમારા વર્તનની બીજા લોકો ઉપર શું અસર પડશે તેનો વિચાર કરવા કહે. મેં એ પણ જોયું કે દેશીઓ જ્યારે અમેરિકનો સાથે હોય, ત્યારે આ વિવેક જાળવવા પ્રયત્ન કરે, પણ ઇન્ડિયન એસોસિએશનના કાર્યક્રમોમાં પાછા દેશમાં પહોંચી ગયા હોય એમ એમનું વર્તન રેઢિયાળ અને શિસ્ત વગરનું શરૂ થઈ જાય!

મેં જોયું કે અહીં કોઈ પણ કામ કરવામાં લોકોને નાનમ નથી લાગતી, પછી ભલે ને એ

કામ આપણા દેશની દૃષ્ટિએ હલકું ગણાય. અને જેને ફાળે આવું ‘હલકું’ કામ કરવાની જવાબદારી આજે આવી પડી છે, એ કાલે ઊઠીને મોટી જવાબદારીવાળું પ્રોફેશનલ કામ કરતો હોય. ડૉર્મના કિચનમાં કામ કરનારાઓ કેટલાક વિદ્યાર્થીઓ સારા પૈસાદાર કુટુંબોમાંથી આવેલા હતા. લગભગ બધા જ વિદ્યાર્થીઓ કંઈક ને કંઈક કામે લાગેલા હતા. જાણે કે પાર્ટ ટાઈમ કામ કરવાની પોતાની ફરજ સમજતા હતાં. ગેસ સ્ટેશન, ગ્રોસરી સ્ટોર, ડિપાર્ટમેન્ટ સ્ટોર, રેસ્ટોરાંમાં, ડોનટ કે બર્ગરના ફ્રેન્ચાઈઝમાં, લાઇબ્રેરી, બૅંક, વગેરે, વગેરે જ્યાં જ્યાં અને જે કંઈ કામ મળે ત્યાં નિઃસંકોચ કરવા માંડે.

એમ.બી.એ. તો ગ્રેજ્યુએટ ડિગ્રી એટલે ઘણાએ ફૂલ ટાઈમ જોબ પહેલાં કરેલી. પોતાનો ચાલુ જોબ છોડીને વળી પાછું ભણવા બેસવું એ મારે માટે નવી વાત હતી. આપણે ત્યાં તો તમે ભણવાનું પૂરું કરો, અને પછી નોકરીધંધો કરો. એક વાર નોકરીધંધો શરૂ કર્યા પછી ભણવું કેવું અને વાત કેવી? મોટી ઉંમરે ભણવા જવું એમાં અહીં કોઈ શરમ નહીં. બલકે એ અમેરિકન ખાસિયત હતી. અહીંની જાણીતી બિઝનેસ સ્કૂલ્સમાં તો તમે જો બેચલર ડીગ્રી લઈને પછી કંઈ ફૂલ ટાઈમ કામ કરેલું હોય તો એડમિશન મળવાની શક્યતા વધુ.

## પરિવર્તનશીલ અમેરિકા

નિરંતર પરિવર્તનશીલતા એ એક અમેરિકન લાક્ષણિકતા છે. અહીં છાશવારે એકે એક બાબતમાં કંઈ ને કંઈ ફેરફાર થતા રહેતા હોય છે. આમાં ટેક્નૉલોજીનો ફાળો તો મોટો જ, પણ સાથે સાથે બધી બાબતમાં સુધારોવધારો કર્યા કરવો એ જાણે કે અમેરિકન સ્વભાવ છે. જાણે કે એમને કૂલે ભમરો છે. અમેરિકનો એક ઠેકાણે પલાંઠી વાળીને શાંતિથી બેસી જ ન શકે. એમને કોઈ એક વસ્તુથી સંતોષ ન હોય, તેમ કંઈ ને કંઈ નવું કરવું જોઈએ, નવી નવી વસ્તુઓ જોઈએ. આને લીધે અનેક પ્રકારના નવા નવા ગેજેટ મારકેટમાં હંમેશ આવ્યા જ કરતા હોય છે. કાર, કમ્પ્યૂટર અને જેટ ઍંજીનથી માંડીને ટોસ્ટર સુધી એકે એક વસ્તુનાં નવાં મોડેલ દર વરસે આવ્યા કરે. ભાગ્યે જ કોઈ એવી પ્રજા હશે જે ટેક્નોલોજીને પોતાના નિત્ય જીવનમાં અને વેપારધંધામાં અમેરિકનોની જેમ સાંગોપાંગ વણી લેતી હશે.

શું ઘરમાં કે ઘરની બહાર, વ્યક્તિગત કે સામૂહિક રીતે અમેરિકનો હંમેશ પ્રવૃત્તિરત

હોય છે. કેવી રીતે વધુ પૈસા બનાવવા, કેવી રીતે પોતાનું આરોગ્ય વધારવું, કેવી રીતે ઘરમાં સુધારાવધારા કરવા, કેવી રીતે વાહનવ્યવહારની વ્યવસ્થા વધુ સારી કરવી, કેવી રીતે સ્કૂલ, કૉલેજ, હૉસ્પિટલ, ફેક્ટરી, કંપની વગેરેનું મૅનેજમૅન્ટ વધુ એફીસીઅંટ બનાવવું એનો વિચાર અહીં નિરંતર થતો રહે છે. આને કારણે રોજબરોજનું જીવન બદલાતું રહે છે. શાંતિથી એક ઠેકાણે બેસી રહેવું અથવા જે છે તેમાં સંતોષ માનીને બેસી રહે તેવા અમેરિકનો બહુ ઓછા. શનિ કે રવિના રજાના દિવસોમાં પણ અમેરિકનો ઘરમાં કે ઘરની બહાર એમના યાર્ડમાં કંઈ ને કંઈ કરતા જ હોય. ગીતાના બારમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પ્રિય ભક્તનાં જે લક્ષણો બતાડે છે—સંતુષ્ટ, અનપેક્ષ, સર્વારંભ પરિત્યાગી, વગેરે તે અમેરિકનોને ભાગ્યે જ લાગુ પડે!

પહેલી વાર બૅંકમાં ખાતું ખોલાવવા ગયો તો ત્રણ ચાર છોકરીઓ અને એક મેનેજર આખી બ્રાંચ ચલાવતા હતા! હું તો દેશની બૅંકની બ્રાન્ચથી ટેવાયેલો હતો. એમાં તો વીસ ત્રીસ માણસો કામ કરતા હોય, પ્યૂન ચપરાસીઓ ચા નાસ્તો લાવતા હોય, ખાતાના ચોપડાઓ એક કાઉન્ટરથી બીજે લઈ જતા હોય, મેનેજર એમની કેબીનમાં બેઠા, બેઠા હુકમ કરતા હોય, કે ટેલિફોન પર મોટે મોટેથી વાત કરતા હોય, અને મારા જેવા કસ્ટમરો પોતાનો નમ્બર ક્યારે લાગશે તેની રાહ જોતા બેઠા હોય.

એટલાન્ટાની બૅંકમાં ખાતું ખોલાવતા મને ભાગ્યે જ દસ મિનિટ થઈ હશે. અને પછી ચેક ડીપોઝીટ કરતા કે કેશ કરાવતા ભાગ્યે જ પાંચ દસ મિનિટ થાય. જે બૅંકમાં ડ્રાઈવ ઇન વિન્ડો હોય ત્યાં તો અંદર જવાની જરૂર પણ નહીં. ગાડીમાં બેઠા બેઠા બૅંકિંગનું કામ થઈ શકે. આજે તો આખું અમેરિકા ક્રેડિટ ઉપર જ ચાલે છે. કેશનો ભાગ્યે જ ઉપયોગ થાય છે. અને જો કેશની જરૂર પડી તો એટીએમ મશીનમાંથી થોડી મિનિટમાં કેશ કાઢી શકાય. જે કામ કરવા દેશમાં હું બૅંકમાં જતો ત્યારે અડધી સવાર ગણી લેવી પડતી તે અહીં હવે મિનિટોમાં થાય. હું મુંબઈની મૂળજી જેઠા મારકેટમાં જ્યારે કામ કરતો હતો ત્યારે મારો અડધો દિવસ બૅંકમાં હૂંડી છોડાવવામાં જતો. જો કે બૅંકમાં જતો ત્યારે સાથે કોઈ ચોપડી રાખતો. આવી રીતે બૅંકમાં હૂંડી છૂટવાની રાહ જોતા જોતા કંઈક ચોપડીઓ વાંચી હતી. એમાંની બે ચોપડીઓ ખાસ યાદ રહી ગઈ: એક તો માઈકલ બ્રેશરે લખેલ જવાહરલાલ નહેરુનું જીવનચરિત્ર, Nehru: A Political Biography અને બીજી તે આપણા ચીન ખાતેના એમ્બેસેડર કે. એમ. પન્નીકરે લખેલ Between Two Chinas.

જો કે દેશની આ વાત પચાસ વરસ પહેલાંની છે. હવે તો ઈન્ટરનેટના જમાનામાં બૅંકિંગનું કામ દેશમાં પણ ઘરે બેઠા થઈ શકે છે. દેશ-વિદેશમાં, તમે જ્યાં હો ત્યાંથી લેપટોપ, કમ્પ્યૂટર કે સ્માર્ટ ફોન દ્વારા બૅંકિંગ કરી શકો એ અમેરિકન ટેક્નૉલોજીની બલિહારી છે. હવે તો હું જ્યારે દેશમાં આવું છું ત્યારે મારું અમેરિકાનું બૅંકિંગ કાર્ડ મુંબઈના એટીએમ મશીનમાં સહેલાઈથી વાપરી શકું છું. દેશના બૅંકિંગમાં પણ જે ધરખમ ફેરફાર થયા તે શહેરોમાં ઠેર ઠેર થઈ ગયેલા એટીએમ મશીનથી દેખાય છે.

ટેક્નોલોજીને કારણે કામની એફિસિઅન્સી આટલી બધી વધે એ નજરોનજર મેં પહેલી વાર અમેરિકામાં જોયું. સાથે સાથે એ પણ જોયું કે ટેક્નૉલોજીએ કામની વ્યાખ્યા જ બદલાવી નાખી હતી. જે કામ માટે પાંચ માણસની જરૂર પડે, તે હવે એક માણસથી થાય, અથવા તો એ કામ પૂરેપૂરું મશીન કરે. અને જો મશીન જ કામ કરવાનું હોય તો પછી માણસની જરૂર જ શું? વેક્યુમ ક્લીનર હોય તો પછી કામવાળી કે ઘાટીની શી જરૂર? રોજિંદાં ઘરકામ જે આપણે ત્યાં કામવાળી સ્ત્રીઓ અથવા ઘાટીઓ કરે, એ અહીં સૌએ પોતપોતાની મેળે જ કરવાનું. અને એ કામ સહેલું બનાવવા માટે અનેક પ્રકારના ગેજેટ, મશીન મળે.

જેવું ઘરમાં એવું જ ઑફિસ અને ફેક્ટરીમાં. જો બધા ટાઈપ કરતા હોય તો પછી ટાઈપિસ્ટની શી જરૂર? ફેક્ટરીમાં ઓટોમેશન દ્વારા જો જુદા જુદા ભાગો અસેમ્બ્લ થતા હોય અને આખી ને આખી કાર એમ બનતી હોય તો પછી મજૂર કામદારોની જરૂર ખરી? અને જો લગભગ બધાને ડ્રાઈવ કરતા આવડતું હોય તો પછી ડ્રાઈવરની શી જરૂર? અને હવે તો પોતાની મેળે ચાલતી કાર શોધાઈ છે અને તેનું રોડ ટેસ્ટિંગ પણ થઈ રહ્યું છે! જો બોસને કૉફી પીવાની ઇચ્છા થઈ તો પોતે ઊભા થઈને કૉફી મશીનમાંથી લઈ લે. અને એના લીધા પછી કૉફી મશીનમાં કૉફી પૂરી થઈ ગઈ તો એ કૉફી બનાવવાની જવાબદારી એની. કાફેટેરિયામાં તમે પોતે લાઈનમાં ઊભા રહીને તમારે જે ખાવાનું જોઈએ તે જાતે લઈ લો, અને ખાવાનું પતે એટલે તમારી ડીશ ઉપાડીને કન્વેયર બેલ્ટ ઉપર મૂકવાની જવાબદારી પણ તમારી જ. આ કારણે આપણે ત્યાં પ્યૂન, ઘાટી કે ચપરાસી કે કામવાળાનો જે આખો વર્ગ હતો તે અહીં ક્યાંય દેખાયો જ નહીં!

અનેક પ્રકારનાં કામ અને તે કરવાવાળા માણસો ધીમે ધીમે અમેરિકામાંથી અદશ્ય થતા ગયા. જે રૂટીન હોય છે અથવા તો જે જોખમી કામો હોય છે તે બધા માટે જુદા જુદા પ્રકારના ગેજેટ અને મશીન મળતા હોવાથી, એ પ્રકારના કામ કરવાવાળાઓએ

કંઈક બીજું શોધવાનું રહ્યું. જેમ જેમ કામકાજ બદલાતાં ગયાં તેમ તેમ સ્કૂલ, કૉલેજ ને અન્ય શિક્ષણસંસ્થાઓએ નવી ટ્રેનિંગ કે શિક્ષણને પોતાના અભ્યાસક્રમમાં ઉમેર્યાં જેથી એ પ્રકારે લોકો તૈયાર થાય. પરંતુ જેમણે એવાં કામોમાં આખી જિંદગી કાઢી હોય છે તે મોટી ઉંમરે નવું શીખવા જલદીથી તૈયાર નથી થતાં. એમની બેકારીથી પ્રવર્તતો તીવ્ર અસંતોષ અહીંના રાજકારણમાં, ખાસ કરીને ૨૦૧૬ની ચૂંટણીમાં વ્યક્ત થયો છે.

ઘરકામની બાબતમાં સ્ત્રીઓને ઘરમાં જે બંધાઈ રહેવું પડતું હતું તે હવે ગેજેટ અને ટેક્નોલોજીના ઉપયોગને કારણે જરૂરી નહોતું. સ્ત્રીઓ બધે જ કામ કરતી જોવા મળે—બૅંકમાં, સ્ટોરમાં, રેસ્ટોરાંમાં, સ્કૂલમાં, કૉલેજમાં, યુનિવર્સિટીમાં, ઑફિસમાં, ફેક્ટરીમાં. હવે અહીં તો ઠેઠ લશ્કરમાં પણ સ્ત્રીઓની ભરતી થવા માંડી છે! આમ સ્ત્રીઓને ઘરકામની ગુલામીમાંથી મુક્તિ મળી, પણ સાથે સાથે દેશને એની અરધોઅરધ પ્રજાની પ્રોડક્ટીવિટીનો લાભ પણ મળ્યો. વધુમાં સ્ત્રીઓને આર્થિક સ્વતંત્રતા મળી અને ઘણી બાબતમાં એ પુરુષોની સમોવડી થઈ. પુરુષો સ્ત્રીઓનું જે શોષણ કરતા હતા તે હવે પ્રમાણમાં ઓછું થયું. લગ્નજીવનમાં જો પુરુષ એની ઉપર ત્રાસ કરતો હોય તો સ્ત્રી પોતાના આર્થિક સ્વાવલંબન કારણે છૂટી થઈ શકે. પરિણામે કુટુંબવ્યવસ્થા અને બાળઉછેરમાં પણ મોટા ફેરફાર થયા.

મેં જોયું તો પતિ સાથે અમેરિકા આવેલી દેશી સ્ત્રીઓને પણ અહીંનું સ્ત્રીસ્વાતંત્ર્ય ગમી ગયું છે. જે કોઈ ભણીને, ડિગ્રી લઈને આવેલી હોય તેમને અહીં તરત કામ મળી જાય. જે બહેન ડૉક્ટર થઈને આવેલી હોય તે તો એન્જિનિયર પતિ કરતાં વધુ કમાતી થઈ જાય! અહીંનું સ્ત્રીદાક્ષિણ્ય પણ આપણી સ્ત્રીઓને ગમે છે. અમેરિકન પુરુષો એમને માટે દરવાજો ઉઘાડે, એ રૂમમાં આવે તો ઊભા થાય, એમને માટે ડ્રીન્કસ લઈ આવે, વિવેકથી વાત કરે, વાત કરતા સ્મિત આપે—આવું બધું, ઇન્ડિયન પુરુષો અહીં પણ નથી કરતા, તો દેશની વાત શી કરવી?

## અમેરિકાની જાહોજલાલી

દેશની ગરીબી અને તંગી હજી હમણાં જ અનુભવીને આવ્યો હતો એટલે મારે મન સૌથી વધુ આશ્ચર્યજનક વાત તો અમેરિકાની સમૃદ્ધિ અને ભૌતિક જાહોજલાલીની હતી. આપણે ત્યાં જે પૈસાદારો જ માણી શકે એ બધું સામાન્ય માણસને અહીં સહેલાઈથી

મળતું હતું તે મેં જોયું. સામાન્યમાં સામાન્ય માણસને પણ જીવનની બધી પ્રાથમિક જરૂરિયાતો મળતી હતી. સારું રહેવાનું, ખાવાપીવાનું, અને વ્યક્તિગત સગવડ બધાને મળે. મધ્યમ વર્ગના લોકોની પાસે પણ રહેવા માટે મોટાં ઘર, એકે એક ઘરમાં લીવિંગ રૂમ, ડાઈનિંગ રૂમ, બે ત્રણ બેડરૂમ, બેઝમેન્ટ, આગળપાછળ યાર્ડ હોય. ઘરમાં સેન્ટ્રલ હિટિંગ અને એરકન્ડીશનિંગ, રેફ્રિજરેટર, ઠંડા અને ગરમ પાણીના શાવર, ટોઇલેટ વગેરેની વ્યવસ્થા હોય. જેની પાસે આવાં ઘર ન હોય, તે અપાર્ટમેન્ટ કે ફ્લૅટમાં રહે, જો કે તેમાં પણ બધી સગવડો તો હોય જ. બધાને ત્યાં બબ્બે નહીં તો ઓછામાં ઓછી એક કાર તો ડ્રાઈવે કે ગરાજમાં જરૂર પડી હોય. અને એ કારમાં પણ અનેક પ્રકારનાં ગેજેટ હોય.

અમેરિકાની ખરી જાહોજલાલી શું છે તે તો એના ગ્રોસરી સ્ટોરમાં જાઓ ત્યારે ખબર પડે. એની આઈલ્સ અને શેલ્ફ વસ્તુઓથી છલકાતા હોય. દહીં, દૂધ, ચીઝ, બટર વગેરે ડેરીની વસ્તુઓ, અનેક પ્રકારનાં લીલાં શાકભાજી, ફળો, સીરિયલ, બ્રેડ, ચા, કૉફી, સ્યુગર, કોકો, વગેરે જે માંગો તે તરત મળે. માંસાહારીઓ માટે અનેક પ્રકારની ચીજવસ્તુઓ હોય એ તો સ્વાભાવિક છે, પણ હવે તો શાકાહારીઓ માટે કે માત્ર વીગન અથવા અન્ય ડાએટ કરનારાઓ માટે પણ બધું મળી રહે. જેમ છતના આ ચાળા હોય તેમ ચીઝ અને બ્રેડ જેવી વસ્તુઓ એક નહીં પણ અનેક પ્રકારની મળે! કોઈ બાબતની તંગી જ નહીં. દર શનિ-રવિએ લોકો મોટી-મોટી કાર્ટ ભરીને આ બધું લઈ જાય. જેવું ગ્રોસરી સ્ટોરનું તેવું જ વિશાળ ડિપાર્ટમેન્ટ સ્ટોરનું. કપડાં લત્તા, ફર્નિચર, અને ઘરને સજ્જ અને સુશોભિત કરવા અમેરિકનો જે હજાર વસ્તુઓ માંગે તે બધી અહીં સ્ટોર્સમાં મળે. વળી સામેથી ઉધારમાં લઈ જવાનું કહે!

મુંબઈમાં મને ઓરડી લેતાં નાકે દમ આવી ગયો હતો. કારણ કે એ લેવા માટે મારી પાસે બે હજાર રૂપિયા જેટલા પણ રોકડા પૈસા નહોતા. આખરે હું મુંબઈ છોડવા તૈયાર થઈ ગયો હતો. ઇન્સ્ટોલમેન્ટ દ્વારા કોઈ વસ્તુ દેશમાં ત્યારે ખરીદી શકાતી નહોતી. અહીં તો મોટાં ઘર અને કારથી માંડીને નાનામાં નાની વસ્તુ ઉધાર મળે. અને તમે એ પૈસા હપ્તે હપ્તે વ્યાજ સાથે ભરી શકો. નોકરીની શરૂઆત કરો કે તરત જ તમને ક્રેડિટ કાર્ડ મળે, જેથી જે જે વસ્તુની જરૂરિયાત હોય તે બધી વસ્તુઓ ઉધાર લઈ શકો. તે માટે રોકડા પૈસાની જરૂર નહીં, એ જોઈ જાણી હું તો છક્ક થઈ ગયો!

અમેરિકનોની આ બધી વ્યક્તિગત અને કૌટુંબિક જાહોજલાલી તો ખરી જ, પણ

ઘરની બહાર નીકળો તો દેશની સામૂહિક અને ભૌતિક સમૃદ્ધિનો અને એની નૈસર્ગિક રમણીયતાનો ખ્યાલ આવે. અહીંના વિશાળ રસ્તાઓ, હાઇવે, ગામને ખૂણે ખૂણે આવેલી લાઇબ્રેરીઓ, સ્કૂલો, પાર્ક્સ, મ્યુઝિયમ્સ અને રીક્રિએશન સેન્ટર્સ, નેશનલ પાર્ક્સ અને રળિયામણા બીચ, એની દરિયા જેવી નદીઓ, ઊંચા નીચા પર્વતો, આ બધું મફતના ભાવે બધા લોકો માણી શકે એવી સરકાર વ્યવસ્થા કરે. એમાં ગરીબ તવંગરનો કોઈજ ભેદભાવ નહીં. આગળ ભણવું હોય તો સરકારી કૉલેજો પણ ખરી, જેમાં એકદમ ઓછી ફી ભરી ભણી શકાય. વળી જેમને જરૂર હોય એમને સ્કોલરશિપ અને બીજી નાણાંકીય મદદ મળે. અરે, મારા જેવા વિદેશી વિદ્યાર્થીઓને પણ એ બધી મદદ મળતી હતી.

સૌથી વધુ આશ્ચર્યની વાત મને અહીંની સોશિયલ સિક્યોરિટીની લાગી. પાંસઠ વરસના થાઓ કે સરકાર તરફથી દર મહિને જીવન નિર્વાહ માટે સોશિયલ સિક્યોરિટીના ચેક આવવા શરૂ થઈ જાય! જ્યારે કમાતા હો ત્યારે જરૂર પગારના ચેકમાંથી એ માટે સરકાર પૈસા લે, પણ એ જેટલા પૈસા કાપે એના કરતા અનેકગણા પૈસા પાછા આપે. માણસ મરે ત્યાં સુધી એ ચેક આવ્યા કરે. એના મર્યા પછી એની વિધવાને સર્વાઇવર બેનીફીટ મળ્યા કરે જેથી એને બીજા આગળ હાથ લંબાવવો ન પડે. એવું પણ બને કે કેટલાય લોકોએ કાંઈ પણ પૈસા ન ભર્યા હોય, છતાં એમને પણ કંઈક ને કંઈક રકમનો ચેક તો આવે જ. આપણા ઘણા લોકો જે મોટી ઉંમરે અહીં આવ્યા હોય અને સોશિયલ સિક્યુરિટી સિસ્ટમમાં કશું પણ ભર્યું ન હોય છતાં એમને પણ ચેક તો આવે જ! અમેરિકામાં મોટી ઉંમરે આવેલા આપણાં ઘણાં વૃદ્ધજનો એવો લાભ જરૂર લે! એવું જ હેલ્થ કેરનું. વૃદ્ધાવસ્થામાં જો તમારી પાસે કોઈ સગવડ ન હોય, અને તમારી તબિયત બગડી તો સરકાર તમારી હૉસ્પિટલ સારવારનો ખર્ચ સંભાળી લે, કોઈ ફી વગર. આવી ઉદાર સમાજવ્યવસ્થા અને અમેરિકન જાહોજલાલીને કારણે આખી દુનિયામાંથી આવીને લોકો અહીં ઠલવાય છે. ઘણાં તો ગેરકાયદે અમેરિકામાં ઘૂસે છે.

અમેરિકન પ્રજાની એવી જ ઉદારતા ઓછી શક્તિમત્તાવાળા નાગરિકો માટે અહીં જે ખાસ વ્યવસ્થા હોય છે તેમાં વ્યક્ત થાય છે. મૂંગા, બહેરા, લૂલા, લંગડા, આંધળા, ઓછી બુદ્ધિવાળા કે અન્ય રીતે વિકલાંગ થયેલાં બાળકોનો વ્યવસ્થિત ઉછેર થાય તે બાબતની જવાબદારી સરકાર ઉપાડે. એમને માટે વિશિષ્ટ સંસ્થાઓ હોય છે જ્યાં એમની સંભાળ લેતા શિક્ષકો પણ ખાસ તાલીમ પામેલા હોય છે. ઠેઠ બાળમંદિરથી

માંડીને કૉલેજ સુધી એમને બીજાઓ જેવું જ શિક્ષણ મળે તેની કાળજી રખાય છે. કશીક ખોડવાળા લોકો બીજા નાગરિકોની જેમ જ સમાજની બધી જ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે એવી અપેક્ષા હોય છે. ટૂંકમાં વિકલાંગ લોકોની બધી શક્તિઓનો વિકાસ થઈ શકે એવી વ્યવસ્થા કરવામાં અમેરિકન સમૃદ્ધિ જરૂર ઉપયોગી નીવડે જ છે, પણ એમાં સાથે સાથે અમેરીકનોની એક પ્રજા તરીકેની સંવેદનશીલતા અને ઉદારતા જોવા મળે છે.

હું દેશમાં હતો ત્યારે અમેરિકાના મોટાં શહેરોનાં સ્લમ્સ વિશે બહુ સાંભળેલું. થયું કે હું અમેરિકાની સમૃદ્ધિ અને આર્થિક વ્યવસ્થાથી બહુ અંજાયેલો છું, તો અહીંના ગરીબ લોકોનું શું થતું હશે એ પણ મારે જાણવું જોઈએ. થયું કે ચાલો એવા સ્લમ્સ જોવા જાઉં અને જોઉં કે એમાં ગરીબ લોકો કેવી રીતે રહે છે. એક અમેરિકન મિત્રને લઈને ઍટલાન્ટાના સ્લમ્સ વિસ્તારમાં ગયો. મારા ખ્યાલમાં સ્લમ્સ એટલે આપણા મુંબઈની ઝોંપડપટ્ટી જેવું કંઈક હશે–ખુલ્લી ગટરમાં કે કચરાના ડુંગરાઓ ઉપર ચડીને અર્ધા નાગા છોકરાઓ રમતા હશે, લૂલા લંગડા ભિખારીઓ આવતા જતા લોકોને કનડતા હશે, લોકો ખુલ્લામાં સૂતા હશે, ગંધાતી સાંકડી ગલીકૂંચીઓમાં પતરાંના છાપરાં નીચે કાચી બંધાયેલી નાની ઓરડીઓમાં લોકો વસતા હશે.

જઈને જોયું તો આમાંનું કંઈ ન હતું. ત્યાં રહેનારા મોટે ભાગે કાળા લોકો જ હતાં, પણ ઝૂંપડાઓને બદલે જૂના ટાઉન હાઉસની કતારો હતી, થોડા મોટા પબ્લિક હાઉસિંગના અપાર્ટમેન્ટ બિલ્ડીંગ હતાં. હું મુંબઈની ચાલીમાં રહેતો હતો, તેના કરતા આ સ્લમ્સ સાત ગણા સારાં! મેં મારા મિત્રને પૂછ્યું કે આમાં કંઈ ભૂલ તો નથી થતી ને? પછી સમજાયું કે ગરીબી રીલેટીવ છે–જે અમેરિકામાં સ્લમ ગણાય તે આપણા દેશમાં મધ્યમ વર્ગમાં ખપે. અમેરિકામાં જે ગરીબ ગણાય તેને આપણા મધ્યમ વર્ગ કરતાં પણ સારાં સાધનસગવડ મળતાં હોય છે!

ભોળી આંખે થયેલું આ અમેરિકાનું મારું પ્રથમ દર્શન! શરૂશરૂમાં અમેરિકાનું બધું સારું જ દેખાતું. અને જો કોઈ દેશી અમેરિકાની ટીકા કરે તે મારાથી સહેવાય નહીં, અને જેમ નવો મિયાં ચૂક્યા વગર નમાજ પઢે અને બહુ અલ્લા અલ્લા કરે તેમ હું પણ અમેરિકાના ગુણગાન ગાતો. વધુમાં દેશના મારા કડવા અનુભવો હજી મનમાં તાજા હતા. શરૂઆતમાં તો મને નાઇટમેર આવતા કે હજી હું દેશમાં જ છું, મૂળજી જેઠા મારકેટમાં હજી ગુમાસ્તાની નોકરી કરું છું, અને શેઠિયાઓ અને એમના નબીરાઓ માટે ચા-પાણી લઈ આવું છું! ભરઊંઘમાંથી જાગી પડું, અને જ્યારે ખાતરી થાય કે મારા

જીવનની એ કારમી યાત્રા પૂરી થઈ છે, અને હવે તો હું અમેરિકામાં જ છું, ત્યારે પાછો સૂવા પ્રયત્ન કરું.

જેમ જેમ હું ઍટલાન્ટામાં સેટલ થતો ગયો તેમ તેમ દેશની બીજી બાજુ મને દેખાતી ગઈ. દેશની વિદેશનીતિ અને ખાસ કરીને વિએટનામનું યુદ્ધ મારે માટે અસહ્ય હતું. ખાસ કરીને દક્ષિણનાં રાજ્યોમાં કાળા લોકો પ્રત્યેના રંગભેદને કારણે થતો ભેદભાવ મને બહુ કઠતો. કાળા લોકોની સ્થિતિ સુધારવા માટે, એમને પૂર્ણ નાગરિકત્વ આપવા માટે પ્રયત્નો જરૂર થતા હતા, પણ દક્ષિણનાં રંગભેદી દુષ્ટ રાજકારણીઓ એનો વિરોધ કરતા હતા. મોટા ભાગના સુધારાઓ વૉશિંગ્ટનથી ફેડરલ ગવર્ન્મેન્ટ અને સુપ્રીમ કોર્ટના દબાણથી જ થતા હતા. કાળા લોકોની આ કફોડી દશાનો કોઈ અંત ન જોતા કાળા યુવાનોએ માર્ટીન લ્યુથર કિંગે ગાંધીજીની અસર નીચે આદરેલ અહિંસક અસહકારને નકાર્યો. તેમણે 'બ્લેક પાવર'ની હિંસક ઝુંબેશ ઉપાડી. દેશનાં મોટાં શહેરોમાં હુલ્લડો શરૂ થયાં. એ જ સમયે વિએટનામનું યુદ્ધ પુર જોશમાં ચાલતું હતું. તેની વિરુદ્ધ પણ આંદોલનો શરૂ થયાં.

વધુમાં અમેરિકાના રાજકારણમાં નેશનલ રાઇફલ એસોશિએશન (એન.આર.એ.), અમેરિકન મેડિકલ એસોશિએશન (એ.એમ.એ.) વગેરે સ્થાપિત હિતોની જોરદાર લૉબીઓ પ્રગતિશીલ સુધારાઓ કેવી રીતે અટકાવતી હતી તે ધીમે ધીમે સમજાયું. દાખલા તરીકે એનઆરએ કારણે અમેરિકામાં રાઇફલ, હેન્ડગન અને અન્ય હિંસક સાધનો બજારમાં છડે ચોક વેચાય અને દર વર્ષે લગભગ ૩૩,૦૦૦ લોકોની હત્યા થાય. એ.એમ.એ. અને ઇન્સ્યોરન્સ કંપનીઓની લૉબીઓને કારણે દેશમાં પબ્લિક હેલ્થકેરની વ્યવસ્થા ન થઈ શકે. મધ્યમ વર્ગ ને ગરીબ લોકો સામાન્ય સારવાર મેળવવામાં પણ પાયમાલ થઈ જાય, તો પછી કેન્સર જેવા જીવલેણ રોગની તો વાત જ શી કરવી? આવી અનેક લૉબીઓથી કલુષિત થયેલું અમેરિકન રાજકારણ બહુજન પ્રજાના હિતો કરતાં સ્વાર્થી સ્થાપિત હિતોનું જ રક્ષણ કરતી. આ બધું મને અહીંના વસવાટ પછી જ સમજાણું. અને અમેરિકાની એક જુદી જ ભાત જોવા મળી.

## એમ.બી.એ. થયો

મુંબઈની સીડનહામ કૉલેજમાં ભણવાથી એક ફાયદો એ થયો એ કે મને અંગ્રેજી

પ્રમાણમાં સારું આવડતું હતું. સાવરકુંડલામાં તો મારું ભણતર ગુજરાતી માધ્યમમાં જ થયું હતું, એટલે સીડનહામ કૉલેજનું ઈંગ્લીશ મીડિયમ મને બહુ આકરું લાગેલું. પણ કૉલેજનાં ઈંગ્લીશ મીડિયમનાં ચાર વર્ષો અને મુંબઈના વસવાટને કારણે અંગ્રેજી ભાષાની સગવડ વધી હતી. ઍટલાન્ટા યુનિવર્સિટીમાં ભાષાની બાબતમાં કોઈ વાંધો નહીં આવ્યો. ભણવાના વિષયો પણ મને મુખ્યત્વે સહેલા લાગ્યા. પ્રૉફેસરો ક્લાસમાં શું બોલે છે કે ભણાવે છે એ સમજવામાં મુંબઈમાં જે મુશ્કેલી પડી હતી, તે ઍટલાન્ટામાં ન પડી! જેમ મુંબઈના કોઈ પ્રૉફેસરની બુદ્ધિમત્તાથી હું અંજાયો ન હતો, તેવું જ ઍટલાન્ટામાં થયું, જો કે અહીંના પ્રૉફેસરો પોતાના વિષયની બરાબર તૈયારી કરીને આવતા, અને પોતાના વિષયના નિષ્ણાત દેખાતા. સીડનહામ કૉલેજમાં પ્રૉફેસરો વેઠ ઉતારતા હતા એવું લાગતું, જ્યારે અહીં પ્રૉફેસરોને પોતાના વિષયમાં અને વિદ્યાર્થીઓમાં રસ હોય એવું દેખાતું. આ બધામાં ઍટલાન્ટાનું પહેલું વરસ તો ક્યાં ગયું તેની ખબર જ ન પડી.

મારો અભ્યાસ પૂરો થાય તે પહેલાં મારે ફૂલટાઈમ જોબ શોધવાનો હતો. હું જ્યારે જોબ શોધવા નીકળ્યો ત્યારે ખબર પડી કે ઍટલાન્ટા યુનિવર્સિટીમાં ભણવાની મર્યાદાઓ શું હતી. મેં જોયું તો અમારી સાથે જે કાળા છોકરાછોકરીઓ હતાં તેમને ફટફટ સારી સારી કંપનીઓમાં જોબ મળવા માંડી, જ્યારે અમને દેશી વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂના પણ ફાંફા! અમેરિકાની સમૃદ્ધિથી કાળાઓને વેગળા રાખવાથી એમની કપરી દશા થઈ હતી. અમેરિકન સમૃદ્ધિ જે અહીં સામાન્ય ગોરા માણસોને પણ મળતી હતી, તે કાળા લોકોને નહોતી મળતી. એમને નસીબે ગરીબી અને કાળી મજૂરી ને હલકાં કામો જ લખાયાં હતાં. ખાસ તો મોટી કંપનીઓની અને ફેડરલ કે સ્ટેટ ગવર્નમેન્ટની સારી સારી નોકરીઓમાંથી એમને બાકાત રાખવામાં આવ્યા હતા.

૧૯૬૦ના દાયકામાં કાળી પ્રજાની સિવિલ રાઈટ્સની મોટી ઝુંબેશ શરૂ થઈ. બ્લેક પાવરના હિંસક આંદોલનને કારણે મોટાં શહેરોમાં હુલ્લડો થયાં. ગોરી પ્રજા ચેતી. દેશના આર્થિક તંત્રમાં ફેરફાર કરવાની જરૂરિયાત ગોરાઓને વરતાણી. ફેડરલ ગવર્નમેન્ટનું કંપનીઓ ઉપર દબાણ આવવા માંડ્યું કે એમણે કાળી પ્રજાને સારા જોબ આપવા, પ્રમોશન આપવું. આ સરકારી વ્યવસ્થાને અહીં 'અફર્મેટીવ એક્શન' કહેવામાં આવે છે. આપણા દેશમાં લઘુમતિઓ માટે જેમ સારી નોકરીઓ, મેડિકલ કૉલેજના એડમિશન

વગેરેના અમુક ટકા રિઝર્વ રખાય તેવું જ. ક્વોટા રાખવાની અમેરિકનોને મોટી સૂગ, પણ હકીકતમાં આ કાળા લોકોને સારા જોબ આપવાના ક્વોટા જ હતાં.

સારી સારી કંપનીઓ પોતાના ક્વોટા જલદી ભરવા બ્લેક કૉલેજોમાં જાય અને છોકરાછોકરીઓને પસંદ કરે. ભલે સાવ નબળો બ્લેક વિદ્યાર્થી હોય, છતાં પણ એને ઝીરોક્સ કે આઇબીએમ જેવી કંપનીઓ સામેથી મોટી ઓફર આપે, અને અમે દેશી વિદ્યાર્થીઓ જોતા રહી જઈએ. અમને ઇન્ટરવ્યૂમાં પણ ન બોલાવે. અહીં દરેક યુનિવર્સિટીમાં જોબ પ્લેસમેન્ટ સેન્ટર હોય. એની ફરજ વિદ્યાર્થીઓને સારી નોકરીઓ અપાવવાની હોય છે. કંપનીઓ યુનિવર્સિટીઓમાં સામેથી આવે અને સારા વિદ્યાર્થીઓને પસંદ કરે. જોબ પ્લેસમેન્ટ ઑફિસર વિદ્યાર્થીઓને મદદ કરે. હું પ્લેસમેન્ટ સેન્ટરમાં જાઉં ત્યારે મને મારા મુંબઈના દિવસો યાદ આવે. સીડનહામ કૉલેજમાં પ્લેસમેન્ટ સેન્ટર કેવું ને વાત કેવી? બી.કોમ થયા પછી મુંબઈમાં એક સાવ સામાન્ય ક્લર્કની નોકરી લેતા મને નાકે દમ આવી ગયો. અને છેવટે જે નોકરી મળી તે લાગવગથી જ મળી.

હવે મારે અમેરિકામાં જોબનો પત્તો પાડવાનો હતો, અને તે પણ તુરત જ. પૈસાની જરૂર તો ખરી જ, પણ મારે જલદી જલદી ગ્રીન કાર્ડ મેળવવું હતું. એ મળે તો જ અમેરિકામાં રહી શકાય. મારે કંઈ દેશમાં પાછા જવું નહોતું. પાછા જઈને દેશસેવા કરવી છે કે દેશ તમારી રાહ જોઈને બેઠો છે એવા શેખચલ્લીનાં શમણાં હું ક્યારેય જો'તો નહોતો. ગ્રીનકાર્ડ મેળવવા માટે જોબ હોવો એ અનિવાર્ય હતું. મારો હિસાબ સીધો હતો: જોબ હોય તો તમારા એમ્પ્લોયર તમને ગ્રીન કાર્ડ માટે સ્પોન્સર કરે. ભવિષ્યમાં વધુ સારો જોબ મેળવવા માટે પણ ગ્રીન કાર્ડ હોવું જરૂરી હતી. વળી ગ્રીન કાર્ડ વગર નલિનીને કેમ બોલાવી શકાય? એના એકસૂરી કાગળો તો નિયમિત આવતા જ હતા: ક્યારે બોલાવો છો?

ગ્રીનકાર્ડ મળે તો પછી પાંચ વરસે સીટીઝનશીપ માટે પણ એપ્લાય કરી શકાય. ભાઈ, બહેન, માબાપ વગેરેને જો દેશમાંથી બોલાવવા હોય તો અમેરિકન સીટીઝનશીપ હોવી જ જોઈએ. એટલે જે એમ્પ્લોયર સ્પોન્સરશીપ આપવા તૈયાર હોય ત્યાં જોબ લેવાનો હતો. બ્લેક કૉલેજો સ્પોન્સરશીપ આપવા તૈયાર હતી. તેમને બિઝનેસ, મેથ્સ અને એન્જિનિયરિંગના પ્રૉફેસરોની ખૂબ જરૂર હતી. આવા પ્રૉફેસરોની ત્યાં તંગી હોવાને કારણે ઈમિગ્રેશન સર્વિસ બ્લેક કૉલેજોની સ્પોન્સરશીપ તરત માન્ય કરતી અને ગ્રીનકાર્ડ આપતી.

બ્લેક કૉલેજમાં જોબ શોધવાનું એક બીજું રહસ્ય હતું. ઍટલાન્ટા યુનિવર્સિટી જેવી બ્લેક કૉલેજમાં ભણ્યા હો તો તમારે ભાગ્યમાં બ્લેક કૉલેજ જ લખી હોય ને! હવે મને ખબર પડી કે જારેચા શા માટે અહીં ઍટલાન્ટા યુનિવર્સિટીમાં કામ કરતા હતા. અમારે જોબ જોતો હોય તો કોઈ બ્લેક કૉલેજમાં જ મળવાનો હતો. ત્યાં ઘણી જગ્યાઓ ખાલી પડી હતી. એક જમાનામાં જ્યારે બ્લેક લોકોને વ્હાઈટ કંપનીઓમાં નોકરી નહોતી મળતી ત્યારે ઍટલાન્ટા યુનિવર્સિટીના સ્નાતકો આવી બ્લેક કૉલેજોમાં નોકરી કરતા. પણ હવે તો મોટી કંપનીઓ અને ફેડરલ અને સ્ટેટ ગવર્મેન્ટ આ બ્લેક સ્નાતકોને જેવા યુનિવર્સિટીમાંથી નીકળ્યા કે તરત ઊપાડી જાય. કંપનીઓની જેમ વ્હાઈટ યુનિવર્સિટી ઉપર પણ બ્લેક પ્રૉફેસરોને જોબ આપવાનું ફેડરલ ગવર્મેન્ટનું પ્રેશર હતું. આમ બ્લેક કૉલેજોમાં જે પ્રૉફેસરો હતા તેમને પણ વ્હાઈટ કૉલેજો અને યુનિવર્સિટીઓ સારી સારી ઓફર આપી લઈ જતી.

બ્લેક પ્રૉફેસરો જો વ્હાઈટ કૉલેજ અને યુનિવર્સિટીમાં જતા રહે તો પછી બ્લેક કૉલેજોમાં ભણાવશે કોણ? અમેરિકામાં ત્યારે લગભગ સોએક જેટલી બ્લેક કૉલેજો અને યુનિવર્સિટીઓ હતી. ત્યાં હવે નવા બ્લેક સ્નાતકો તો જતા બંધ થયા. બ્લેક કૉલેજમાં પ્રૉફેસરોની, ખાસ કરીને બિઝનેસ, મેથેમેટિક્સ, એન્જિનિયરિંગના પ્રૉફેસરોની, ખૂબ તંગી થઈ. લાઇબ્રેરીમાં જઈને બ્લેક કૉલેજોનું લીસ્ટ હું લઈ આવ્યો. ફટ ફટ એપ્લીકેશન કરવા માંડી. આપણે એપ્લીકેશન કરવામાં તો હોંશિયાર હતા. મુંબઈની ટ્રેનિંગ હતી ને? જો કે આ વખતે મુંબઈની જેમ હાથે લખીને નહીં, પણ ટાઈપ કરીને ઘણે ઠેકાણે એપ્લીકેશન મોકલાવી દીધી. ચાર ઠેકાણેથી ઇન્ટરવ્યૂ માટે મને બોલાવ્યો. ગયો. ચારે ઠેકાણેથી જોબ ઓફર આવી.

મેં નૉર્થ કેરોલિના સ્ટેટના ગ્રીન્સબરો નામના એક નાના શહેરની બ્લેક પબ્લિક યુનિવર્સિટીમાં નોકરી લીધી. નૉર્થ કેરોલિના સ્ટેટની એગ્રીકલ્ચરલ એન્ડ ટેક્નિકલ યુનિવર્સિટી (એ. ઍન્ડ ટી.)નું ફંડિંગ રાજ્ય તરફથી હતું, તેથી પ્રમાણમાં નાણાંકીય રીતે એ સદ્ધર હતી. મોટા ભાગની પ્રાઈવેટ બ્લેક કૉલેજો ફંડિંગને અભાવે મરવા પડી હતી. ગ્રીન્સબરોની જ એક પ્રાઈવેટ બ્લેક કૉલેજ બેનેટ કૉલેજમાં પણ મને જોબ મળેલો. મેં વિનયપૂર્વક ના પાડી. તે ફંડના અભાવે ફડચામાં પડવાની તૈયારી હતી. જેવું ઍટલાન્ટાનું ભણવાનું પત્યું કે આપણે તુરત જ બેગ ઉપાડીને બસમાં બેસી ગયા, ગ્રીન્સબરો જવા માટે.

હું કાંઈ ગ્રેજ્યુએશન સેરીમનીમાં માર્ચ કરીને ડિગ્રી લેવા રોકાયો નહીં. મને થયું કે યુનિવર્સિટી એની ફૂરસદે ડિગ્રી મોકલવાની છે, તો પછી એને માટે કંઈ ગાઉન અને કેપનો ખોટો ખર્ચ શા માટે કરવો? મારી સાથે ભણતા અમેરિકનોને આ વાત વિચિત્ર લાગી. એમને માટે કૉલેજ ગ્રેજ્યુએશન એ બહુ મોટી વાત હતી. એ સેરીમની માટે આખું કુટુંબ ભેગું થાય. દૂરદૂરથી સગાંવહાલાંઓ આવે, મોટા ડિનર થાય, ફોટા પડે, વગેરે, વગેરે.

મારે માટે એવું કંઈ થવાનું નહોતું. જે કુટુંબમાં ઉચ્ચ અભ્યાસનું મહત્ત્વ હોય તે કૉલેજ ગ્રેજ્યુએશનનો ઉત્સવ કરે, પણ અમારા કુટુંબમાં હું શું ભણું છું તેની જ કોઈને ખબર ન હોય, અને કાકા તો એમ માનતા હતા કે હાઈસ્કૂલ પછી કંઈ ભણવું એ જ નકામું છે, તો પછી હું કયા મોઢે કહું કે મારું ગ્રેજ્યુએશન થવાનું છે તો તેની સેરીમનીમાં તમે આવો. આ કારણે મારી પાસે પીએચ.ડી સુધીની આજે ચાર ચાર ડિગ્રીઓ હોવા છતાં મેં ક્યારેય ગ્રેજ્યુએશન સેરીમનીમાં માર્ચ કરીને એકેય ડિગ્રી લીધી નથી કે ફોટા પડાવ્યા નથી. મુંબઈમાં મને બી.કોમ. અને એલ.એલ.બી.ની ડિગ્રીઓ મળી ત્યારે ખબર પણ નહોતી કે સેરીમની ક્યારે હતી! જોબ શોધવાની મથામણ જ એવડી મોટી હતી કે ગ્રેજ્યુએશન સેરીમનીનો વિચાર પણ નહોતો કર્યો.

# ૪. ગ્રીન્સબરો (૧૯૬૬ – ૧૯૬૯)

૧૯૬૬ના સપ્ટેમ્બરમાં હું ગ્રીન્સબરો પહોંચ્યો ત્યારે એ. ઍન્ડ ટી.નું સેમેસ્ટર શરૂ થતું હતું. મારે જલદીથી જોબ શરૂ કરી દેવાનો હતો. ગ્રીન્સબરોમાં હું એકલો હતો. ઍટલાન્ટાના મારા એક વરસના વસવાટમાં મને જારેચાની સલાહસૂચના અને માર્ગદર્શન સતત મળતાં રહેતાં. મારો એમની સાથેનો સંપર્ક રોજનો હતો. ગ્રીન્સબરોમાં હવે મારે જ બધું સંભાળવાનું હતું. બસ સ્ટેશને મને કોઈ લેવા આવવાનું નહોતું. જ્યાં સુધી મારું અપાર્ટમેન્ટનું નક્કી ન થાય ત્યાં સુધી મેં રહેવાની વ્યવસ્થા કૉલેજની ડોર્મમાં કરી. ઍટલાન્ટામાં હું ડોર્મના વસવાટથી ટેવાયેલો હતો તેથી અહીં કાંઈ નવું નહીં લાગ્યું. એક વસ્તુ ખાસ કઠી અને તે એ કે મારી પાસે કાર નહોતી. ન્યૂ યૉર્ક કે શિકાગો જેવા ગણ્યાં ગાંઠ્યાં મોટાં શહેરોને બાદ કરતા, અમેરિકાનાં નાનાં શહેરોમાં કાર વગર રહેવું ખૂબ મુશ્કેલ. બસ કે ટ્રેનની સગવડ નહિવત્. ઍટલાન્ટામાં જારેચા એમની કારમાં મને જ્યાં જરૂર હોય ત્યાં લઈ જતા. અહીં એ માટે કોને કહેવું?

## પ્રૉફેસર થયો

એ. ઍન્ડ ટી. યુનિવર્સિટીમાં મારું મુખ્ય કામ ઍકાઉન્ટિંગ ભણાવવાનું. બ્લેક કૉલેજ એટલે લગભગ સો ટકા બ્લેક વિદ્યાર્થીઓ. મોટા ભાગે મધ્યમ વર્ગ કે ગરીબ ઘરોમાંથી આવેલા. ઘણા તો એવા કુટુંબોમાંથી આવેલા કે જ્યાંથી કોઈ આ પહેલાં કૉલેજમાં ગયું જ ન હોય. માબાપ છોકરા-છોકરી ઉપર ઘણો મદાર માંડી બેઠા હોય. ક્લાસમાં પહેલે દિવસે જઈને ઊભો રહ્યો. મારી સામે બધાં જ બ્લૅક છોકરાછોકરીઓ બેઠેલા. હું એમના કરતાં ઉંમરમાં દસેક વરસે મોટો હોઈશ, પણ એમના કદાવર શરીર સામે નાના

છોકરા જેવો દેખાયો હોઈશ. હું થોડી વાર તો ગભરાયો. હું જે કાંઈ બોલીશ તે આ લોકો સમજશે ખરા? મારા ઉચ્ચારો અને ઇંગ્લીશ હજી દેશી જ હતા. વળી અત્યાર સુધી હું જાહેરમાં ઇંગ્લીશમાં ક્યારેય બોલ્યો નહોતો. ઍટલાન્ટા યુનિવર્સિટીમાં ક્લાસમાં પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન જરૂર કરેલું, પણ એ તો બીજાઓ સાથે. અહીં તો હું એકલો. મેં જો કોઈ ભૂલચૂક કરી તો કોઈ મારી મદદે આવવાનું નહોતું. આગલે દિવસે તૈયારી ખૂબ કરી હતી, અરીસા સામે ઉભા રહીને પ્રેક્ટીસ પણ કરી હતી.

સ્વીમિંગ પૂલના ડાઈવીંગ બોર્ડ પર ઉભેલા શીખાઉ સ્વીમર જેવી મારી દશા થઈ. ત્યાં ઉપર પહોંચ્યા પછી પાણીમાં પડવા સિવાય છૂટકો થોડો છે? મેં તો યા હોમ કરીને ઝંપલાવ્યું. આગલે દિવસે જે ગોખ્યું હતું તે ઓકવાનું શરૂ કરી દીધું. પહેલી પાંચ મિનિટ હું શું બોલ્યો તેની કાંઈ મને ખબર ન પડી, પણ બોલ્યો ખરો અને જોયું તો સામે બેઠેલા વિદ્યાર્થીઓ ધ્યાનથી સાંભળતા હતાં, હું જે બોલતો હતો તેની નોટ્સ લેતા હતા. ખાસ કરીને કોઈ ઊભું નહોતું થતું, કે અંદરોઅંદર વાત કરતું નહોતું. દેશની કૉલેજોમાં જેમ પ્રૉફેસરોનો હુરિયો બોલાવાય તેવું કાંઈ થશે તો એવો મને ભય હતો. એવું કાંઈ ન થયું. પહેલી પાંચ મિનિટ પછીની બાકીની ચાલીસ મિનિટ ઝડપથી ગઈ. મેં ક્લાસ પૂરો કર્યો. એ જ વિષય મારે દિવસના બે વાર ભણાવવાનો હતો. મારા શંકા અને ભય પહેલા ક્લાસ પછી ગાયબ થયા. બીજો ક્લાસ બરાબર ગયો. રાત્રે શાંતિથી સૂતો.

પ્રૉફેસર તરીકે એકાદ અઠવાડિયું પસાર કર્યા પછી મને ખબર પડી કે પ્રૉફેસર હોવાનો એક મોટો ફાયદો છે. મોટે ભાગે વિદ્યાર્થીઓ તો એમ જ માને છે કે તમારામાં એમના કરતાં વધુ બુદ્ધિ, અનુભવ અને વિષયની જાણકારી છે, નહીં તો તમારી પ્રૉફેસર તરીકે પસંદગી થઈ કેવી રીતે? વધુમાં આગળ જણાવ્યું છે તેમ અહીં જે ગ્રેડ અપાય છે તે પ્રૉફેસર પોતે જ આપે. દેશની જેમ યુનિવર્સિટી એક્ઝામ અહીં નથી હોતી, કે જેમાં હજારો વિદ્યાર્થીઓ એક જ સરખી એક્ઝામ આપે. આપણે ત્યાં પેપરનું ગ્રેડિંગ કોણ કરે છે તે વિદ્યાર્થીઓને ખબર પણ ન હોય. અહીં તો પ્રૉફેસર જ એક્ઝામ પેપર નક્કી કરે, એ જ તપાસે, અને એ જ ગ્રેડિંગ કરે. એટલે કોઈ પણ વિદ્યાર્થી પ્રૉફેસરની સાથે જીભાજોડી કરતાં બે વાર વિચાર કરે.

દેશમાં જે પ્રૉફેસરોનો હુરિયો બોલાવાય એવું અહીં થયું હોય એમ મને યાદ નથી. એનો અર્થ એ નથી કે વિદ્યાર્થીઓને પ્રૉફેસર સામે ફરિયાદ કરવાનો કોઈ હક્ક નથી કે એવી ફરિયાદો થતી નથી. થાય જ છે, પણ કૉલેજના ડીન એવી કોઈ ફરિયાદ આવતા

એ બાબતની તપાસ કરે, અને પછી તે બાબત યોગ્ય પગલાં જરૂર લે. કોઈ વિદ્યાર્થીને પ્રૉફેસર ન ગમતા હોય, કે એની સામે વાંધો હોય તો એ જ વિષય ભણાવતા બીજા પ્રૉફેસરના ક્લાસમાં દાખલ થાય.

સદ્‌ભાગ્યે હું લોકપ્રિય પ્રૉફેસર નીવડ્યો. વિદ્યાર્થીઓ માટે મારી ઑફિસનાં બારણાં હંમેશાં ઉઘાડાં હોય એ એમને ગમતું. કોઈ પણ વિદ્યાર્થી મારી પાસે કોઈ પ્રોબ્લેમ લઈને આવે તો એ હું ધ્યાનથી સાંભળું એ એમને ગમે. એક વાર અપાર્ટમેન્ટ લીધા પછી હું થોડા થોડા વિદ્યાર્થીઓને ઘરે પણ બોલાવતો. તે એમને ખૂબ ગમતું. વધુમાં હું ઇન્ડિયન છું, બીજા પ્રૉફેસરોથી જુદો છું, વિદ્યાર્થીઓને મળવાનો, તેમના પ્રશ્નો સાંભળવાનો મારી પાસે ટાઈમ છે, મને તેમનામાં રસ છે—આ બધાંને કારણે હું પોપ્યુલર થઈ ગયો. વધુમાં હું જે કાંઈ ભણાવતો હોઉં તેનું વર્તમાન બિઝનેસ સાથે અનુસંધાન કરું, સમજાવું કે આજે આપણે જેની ક્લાસમાં ચર્ચા કરીએ છીએ એવું ક્લાસ બહારની દુનિયામાં થતું હોય છે. આ એપ્રોચ એમને ગમ્યો. હું નવો નવો પ્રૉફેસર હતો તેથી ક્લાસ માટે બરાબર તૈયારી કરતો, જેથી ક્લાસમાં ભણાવવામાં કે વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવામાં ભાગ્યે જ મુશ્કેલી પડતી.

## બ્લેક પાવરની ઝુંબેશ

એટલાન્ટાની સરખામણીમાં ગ્રીન્સબરો આમ તો નાનું શહેર ગણાય. પણ અમેરિકન સિવિલ રાઈટ્સ મુવમેન્ટમાં એનું મહત્ત્વ ઘણું. અમેરિકાના એક મોટા ડિપાર્ટમેન્ટ સ્ટોર વૂલવર્થના લન્ચ કાઉન્ટર પર એ. એન્ડ ટી. યુનિવર્સિટીના ચાર વિદ્યાર્થીઓએ ૧૯૬૦માં સીટ-ઇન કર્યું. એ દિવસોમાં કાળા અને ગોરા લોકોના લન્ચ કાઉન્ટર જુદા. કાળા લોકોના કાઉન્ટર પર જગ્યા ન હોય તો કાળા લોકોએ રાહ જોવાની. ગોરાઓના કાઉન્ટર પર જગ્યા હોય તો પણ ત્યાં એ બેસી ન શકે. જેવું લન્ચ કાઉન્ટરનું તેવું જ બસનું અને બીજી અનેક પબ્લિક ફેસીલીટીઓનું—કાળા અને ગોરા લોકો માટે જુદી જુદી વ્યવસ્થા અને ગોરાઓને પહેલો પ્રેફરન્સ મળે.

માર્ટીન લ્યુથર કિંગની અસર નીચે ચાર કાળા વિદ્યાર્થીઓ ૧૯૬૦ની ફેબ્રુઆરીની પહેલી તારીખે વૂલવર્થના ગોરા લોકોના કાઉન્ટર પર જઈને બેઠા અને કૉફી ઓર્ડર કરી. ત્યાં કામ કરતી ગોરી વેઈટ્રેસે ના પાડી અને કહ્યું કે આ તો ગોરા લોકોનો કાઉન્ટર છે.

કૉફી પીવી હોય તો કાળા લોકોના કાઉન્ટર પર જાઓ. વિદ્યાર્થીઓએ કાઉન્ટર પરથી ખસવાની ના પાડી. સ્ટોર બંધ થયો ત્યાં સુધી બેઠા, પણ એમને કૉફી નહીં મળી. બીજે દિવસે બાજુની કૉલેજમાંથી વીસ કાળા વિદ્યાર્થીઓ આવ્યા, ત્રીજે દિવસે સાઈઠ અને ચોથે દિવસે ત્રણસો વિદ્યાર્થીઓ આવ્યા. આ બનાવને ટીવી અને છાપાંએ ઘણો કવર કર્યો. દેશમાં હો-હા થઈ ગઈ. સાઉથનાં બીજાં મોટાં શહેરોમાં પણ આ પ્રકારના સીટ-ઇન શરૂ થયા. છેવટે વૂલવર્થ અને બીજા સ્ટોર્સમાંથી આ કાળા ગોરાના જુદા જુદા કાઉન્ટર રદ થયા. સિવિલ રાઈટ્સ મુવમેન્ટનું આ એક અગત્યનું પ્રકરણ હતું જેમાં કાળા લોકોને થોડી ઘણી સફળતા મળી.

એ. એન્ડ ટી. યુનિવર્સિટીમાં ભણાવવાથી સહેજે જ હું બ્લેક વિદ્યાર્થીઓના ગાઢ સંપર્કમાં આવ્યો. એમના પ્રશ્નો, સમસ્યાઓ, મૂંઝવણ વગેરેનો મને ઊંડો ખ્યાલ આવ્યો. હું જો પહેલેથી જ કોઈ ગોરી યુનિવર્સિટીમાં દાખલ થયો હોત તો, અમેરિકાના કાળા ગોરાના સંબંધોની સમસ્યા હું ક્યારેય આટલી નજીકથી જોઈ શક્યો ન હોત. ગુલામીથી માંડીને અત્યાર સુધી રંગભેદને કારણે બ્લેક પ્રજા ઉપર સૈકાઓથી જે અન્યાય થઈ રહ્યો હતો તે હવે એ લોકો સહેવા તૈયાર ન હતા. આર્થિક, સામાજિક, અને રાજકીય ક્ષેત્રે ગોરી પ્રજાને જે કંઈ મળતું હતું તે બ્લેક પ્રજાને હમણાં ને હમણાં મળવું જોઈએ એવી એમની સ્પષ્ટ માંગ હતી. એ બાબતમાં કાળા યુવાનો અધીરા હતા. એમના માબાપની પેઢીઓની ધીરજ સ્વાભાવિક રીતે તેમનામાં ન જ હોય. માર્ટીન લ્યુથર કિંગની અહિંસક અસહકારની ઝુંબેશને લીધે બ્લેક લોકો માટે સિવિલ રાઈટ્સ મેળવવામાં જે પ્રગતિ થઈ રહી હતી તેની ધીમી ગતિ એમને માન્ય ન હતી. જો એ બાબતમાં ગોરી પ્રજા આનાકાની કરતી હોય તો એમની સામે શસ્ત્રો ઉપાડવાં પણ આ નવી પેઢી તૈયાર હતી.

નવી પેઢીની સ્પષ્ટ માન્યતા હતી કે માર્ટીન લ્યુથર કિંગની અહિંસક ચળવળ વ્હાઈટ પાવરની સામે આખરે તો નિરર્થક નીવડવાની છે. માર્ટીન લ્યુથર કિંગ અને બીજા બ્લેક આગેવાનોના અહિંસક મોરચાઓનો સામનો દક્ષિણ રાજ્યોની ગોરી પ્રજાએ અને તેમના ગવર્નર, મેયર અને બીજા અધિકારીઓએ હિંસક રીતે જ કર્યો. સિવિલ રાઈટ્સ માટે શાંતિથી કૂચ કરતા અહિંસક બ્લેક સ્વયંસેવકો ઉપર વારંવાર ઝનૂની કૂતરાઓ દોડાવ્યા, લાઠીમાર કર્યા, અને ગોળીબાર પણ કર્યા. એમાં ઘણાં બ્લેક લોકો મર્યાં. કેટલાય બ્લેક ચર્ચનું બોમ્બિંગ થયું. નવી પેઢીના નેતાઓનું માનવું એવું હતું કે બ્લેક પ્રજા માટે હિસંક ક્રાંતિ સિવાય કોઈ બીજો રસ્તો નથી.

બ્લેક પ્રજા પર જુલમ કરતા વ્હાઈટ શાસનને ઉથલાવવા જો માર્ટીન લ્યુથર કિંગનું આંદોલન અહિંસક હતું, તો માલ્કમ એક્સ નામના એટલું જ જોરદાર વ્યક્તિત્ત્વ ધરાવતા નવી પેઢીના એક અગ્રણી નેતાનું આંદોલન હિંસક હતું. એ એમ માનતો કે લોહિયાળ ક્રાંતિ કર્યા સિવાય બ્લેક પ્રજાનો કોઈ ઉદ્ધાર થવાનો નથી. કિંગ અને માલ્કમ એક્સના જુદા જુદા અભિગમમાં શું સારું, શું નરસું, એ બાબતમાં હું કૉલેજના વિદ્યાર્થીઓ સાથે ઘણી ચર્ચા કરતો. એ લોકો પણ મને ગાંધીજીના સત્યાગ્રહ અને અહિંસક આંદોલન વિશે ઘણું પૂછતા. એ વખતે બ્લેક પાવરના મુખ્ય પ્રણેતા સ્ટોકલી કાર્માઈકલની બોલબાલા હતી, ખાસ કરીને યુવાન બ્લેક પેઢીમાં. એક વખત એ અમારી યુનિવર્સિટીમાં પ્રવચન કરવા આવ્યો. આખું ફિલ્ડ હાઉસ વિદ્યાર્થીઓથી ભરાઈ ગયું હતું. ઊભા રહેવાની પણ જગ્યા ન મળે. હું પણ એને સાંભળવા ગયો હતો. એના જેવા તેજસ્વી વક્તા મેં બહુ ઓછા જોયા છે. અમેરિકા આખરે બ્લેક પ્રજા માટે સારો દેશ નથી એમ માનીને છેવટે દેશ છોડીને એ ઘાનામાં જઈને રહેલો. વર્ષો પછી એ કોઈ સખ્ત માંદગીમાં સપડાયો હતો. એ સારવાર કરવા પાછા અમેરિકા આવેલો ત્યારે મેં એને વ્હીલ ચેરમાં બેઠેલો જોઈને હું માની જ ન શક્યો કે આ માંદલો માણસ એક જમાનામાં જાહેર સભામાં હજારોને મંત્રમુગ્ધ કરતો હતો?

૧૯૬૮માં માર્ટીન લ્યુથર કિંગની હત્યા થઈ. એ સમયે બ્લેક પ્રજાના એ સૌથી વધુ માનનીય નેતા હતા. ગાંધીજીની અસર નીચે એમણે અમેરિકન બ્લેક પ્રજાના સિવિલ રાઈટ્સ માટે અહિંસક સત્યાગ્રહની જે ઝુંબેશ આદરી હતી તેને કારણે માત્ર અમેરિકામાં જ નહીં, પણ આખી દુનિયામાં એ આદરપાત્ર હતા. એમને ૧૯૬૪નું શાંતિનું નોબેલ પ્રાઈઝ મળ્યું. એમની હત્યા થઈ ત્યારે એમની ઉંમર માત્ર ૩૯ વર્ષની હતી. જેવા એ હત્યાના સમાચાર આવ્યા કે તરત અમેરિકાનાં નાનાંમોટાં શહેરોમાં હુલ્લડ શરૂ થયાં. એ હુલ્લડોમાંથી વૉશિંગ્ટન પણ બાકી ન રહ્યું. વ્હાઈટ હાઉસને બચાવવા માટે પ્રેસિડેન્ટ જ્હોનસને નેશનલ ગાર્ડને બોલાવવા પડ્યા! અમારી કૉલેજના પ્રેસિડેન્ટે તરત જ સમજીને અઠવાડિયાની રજા જાહેર કરી અને કૉલેજ બંધ કરી દીધી. છોકરાછોકરીઓને ઘરે મોકલી દીધા. એ છોકરાઓછોકરીઓ જો કૅમ્પસ ઉપર હાજર હોત તો ગામમાં જરૂર મોટું તોફાન થાત.

## પહેલી કાર લીધી

મારે તો જલદી જલદી ગ્રીન કાર્ડ લેવું હતું. એ.એન્ડ ટી. યુનિવર્સિટીમાં જોબ હોવાને કારણે તરત જ ગ્રીન કાર્ડ મળી ગયું. જેવું ગ્રીન કાર્ડ મળ્યું કે તરત જ કાર લીધી, ફોર્ડ મસ્ટેન્ગ! કાર લેવાના રોકડા પૈસા નહોતા, પણ અહીં તો ઇન્સ્ટોલમેન્ટ ઉપર બધું મળે. ગ્રીન્સબરો જઈને મેં તરત ડ્રાઈવિંગ શીખી લીધું હતું. જેવી કાર લીધી કે ગાંડાની જેમ ડ્રાઈવ કરવાનું શરૂ કરી દીધું. વૉશિંગ્ટન, ન્યૂ યૉર્ક, શિકાગો, એમ બધે જવા માંડ્યું. શરૂ શરૂમાં શીખાઉ હતો છતાં એટલું તો ડ્રાઈવ કરતો કે આજે મને થાય છે કે ત્યારે મારો કોઈ જીવલેણ એક્સીડંટ કેમ નહીં થયો? જો કે થોડા ફેંડર બેન્ડર જેવાં છમકલાં જરૂર થયાં, પણ ઈશ્વર કૃપાએ જેમાં શારીરિક હાનિ થાય એવું કાંઈ નહીં થયું.

કાર લીધી કે પહેલું કામ વૉશિંગ્ટન જવાનું કર્યું! દેશમાંથી જ મને વૉશિંગ્ટનનું મોટું આકર્ષણ હતું. વ્હાઈટ હાઉસ, કેપિટોલ, સ્મીથસોનિયન મ્યુઝિયમ, મેસેચ્યુસેટ એવન્યૂ ઉપર આવેલ ઇન્ડિયન એમ્બેસી જ્યાં એક વાર ગગનવિહારી મહેતા અને એમ.સી. ચાગલા આપણા એમ્બેસેડર હતા, વૉશિંગ્ટન પોસ્ટ જેવા વિશ્વ વિખ્યાત છાપાં—આ બધું મારે જોવું હતું. વોલ્ટર લીપમેન જેવા કોલમીસ્ટ, ફૂલબ્રાઈટ જેવા સેનેટરોને મળવું હતું. એ બધાને કાગળો પણ લખી દીધા કે મારે એમને મળવા આવવું છે. મારે એમની સાથે વિએટનામ વોર વિશે ચર્ચા કરવી હતી.

મારા પત્રો જોઈને તેમને મારી ધૃષ્ટતા પર હસવું આવ્યું હશે. મને પોતાને જ આજે આશ્ચર્ય થાય છે કે હું કેવી રીતે આવા મોટા માણસોને કાગળો લખી શક્યો? લીપમેનને મળવા માટે તો પ્રમુખો, વડાપ્રધાનો, એમ્બેસેડરો આતુર હોય છે. મોટે ભાગે બધે ઠેકાણેથી ના આવી, પણ ન્યૂ રિપબ્લિક નામના સાપ્તાહિકના એક કોલમીસ્ટ રિચર્ડ સ્ટ્રાઉટ તરફથી હા આવી. ૧૯૨૦ના દાયકામાં ખુદ વોલ્ટર લીપમેને એ સાપ્તાહિકની શરૂઆત કરી હતી. આપણે તો ખુશખુશાલ. મિત્ર કનુભાઈ દોશી ત્યારે અમેરિકા આવી ગયા હતા. એમને ઉપાડીને આપણે તો વૉશિંગ્ટન પહોંચી ગયા. સ્ટ્રાઉટ અમને ત્યાંની વિશ્વવિખ્યાત નેશનલ પ્રેસ ક્લબમાં લંચમાં લઈ ગયેલા એ યાદ છે.

વિએટનામનું યુદ્ધ ચાલતું હતું. મારે મન એ અમેરિકાની વિદેશનીતિ ઉપર મોટું કલંક હતું. એ યુદ્ધનો વિરોધ કરતા પ્રખ્યાત અમેરિકનોને હું મળવા પ્રયત્ન કરતો હતો. એ વખતે શિકાગો યુનિવર્સિટીના રાજકારણના પ્રખ્યાત પ્રૉફેસર હાન્સ મોર્ગેન્થાઉ એ

યુદ્ધના સખ્ત વિરોધી હતા. એમનો વિરોધ કોઈ નૈતિક કારણોસર નહીં, પણ માત્ર પ્રેક્ટિકલ અને મીલીટરી વ્યૂહની દૃષ્ટિએ હતો. મને થયું કે મારે એમને મળવું જોઈએ! મેં એમને કાગળ લખ્યો કે મારે આવીને તમને મળવું છે. એ કહે આવો. ઠેઠ ગ્રીન્સબરોથી લગભગ હજારેક માઈલ ડ્રાઈવ કરીને હું શિકાગો પહોંચી ગયો. એમની સાથે થોડી વાતો કરી. પણ એમને જ્યારે ખબર પડી કે હું કોઈ રાજકારણ કે વિદેશનીતિનો નહીં, પણ એકાઉન્ટિંગનો પ્રૉફેસર હતો અને તે પણ નૉર્થ કેરોલિનાની કોઈ સામાન્ય યુનિવર્સિટી સાથે જોડાયેલો હતો કે તરત જ એણે અમારી વાતચીત પૂરી કરી. કહ્યું કે એ બહુ કામમાં છે, અને મારે હવે જવું જોઈએ!

આ દરમિયાન નલિની દેશમાંથી આવી. કારમાં હું ગ્રીન્સબરોથી પાંચસોએક માઈલ ડ્રાઈવ કરીને ન્યૂ યૉર્ક જઈને એને લઈ આવ્યો. એ આવે એ પહેલાં મેં એક અપાર્ટમેન્ટ લઈ રાખ્યું હતું. અમે ઘર માંડ્યું. થોડી બેઝીક વસ્તુઓ લીધી. હું તો સવારથી જ કૉલેજમાં ભણાવવા ચાલી જાઉં. એ તો ચાલીમાં રહેલી. પાડોશીઓ, સગાંઓથી ઘેરાયેલી રહેવા ટેવાયેલી. દિવસ રાત એ બધાની આવ-જા હોય. અહીં કોણ આવે? ગણ્યાગાંઠ્યાં ઇન્ડિયન ફેમીલી હતાં, એ જ સગાં ગણો, ગુજરાતી હોય કે નહીં. જે હતાં તેમાં મોટા ભાગના મારી જેમ પ્રૉફેસરો. સારા ઘરમાંથી આવેલા, જેમની પત્નીઓ ભણેલી. હવે નલિનીને પોતાની અભણતાનું ભાન થયું. એને અંગ્રેજી જરાય ન આવડે. ડ્રાઈવિંગની તો વાત જ ક્યાં કરવાની?

હું કૉલેજમાં ગયો હોઉં ત્યારે એને ઘરમાં ગોંધાઈને બેસી રહેવું પડે. જો કે આનો એક આડકતરો ફાયદો એ થયો કે એ ટીવી જોતી થઈ. દરરોજ કલાકો સુધી ટીવી જોવાથી એને અમેરિકન ઈંગ્લીશ ધીમે ધીમે સમજાવા માંડ્યું. અને ભાંગી તૂટી ઇંગ્લીશમાં આજુબાજુના પાડોશીઓ સાથે વાતો કરવા મંડી. સ્વાભાવિક રીતે જ એને ઘરમાં એકલું લાગવા માંડ્યું. મને થયું કે એને જેટલું બને તેટલું વહેલા ડ્રાઈવિંગ શીખી લેવું જોઈએ જેથી એ પોતાની મેળે ઘરની બહાર નીકળે અને એને કંઈ અમેરિકાની ગતાગમ પડે. એ ડ્રાઈવિંગ શીખી. લાયસન્સ લીધું. પોતાની મેળે ગેસ, ગ્રોસરી વગેરે લેવા જતી થઈ. એના પગ હવે છૂટા થયા. પછી તો જ્યાં ક્યાંય સેલ હોય ત્યાં પહોંચી જાય. કોઈ પણ ભારતીય સ્ત્રી સ્ટોરમાં છાશવારે આવતા સેલમાં જતી થાય ત્યારે સમજવું કે એનું અમેરીકનાઈઝેશન શરૂ થઈ ગયું.

## પીએચ.ડી.નું ભણવાનું શરૂ કર્યું

ગ્રીન કાર્ડ મળતાં જ મેં કંપનીઓમાં નોકરી શોધવાની શરૂ કરી. જે કાંઈ થોડા ઈન્ટરવ્યૂ આપ્યા અને જે એકાદ-બે નાની અને લોકલ કંપનીઓમાં નોકરીની ઓફર આવી તેમાં મારે જે કામ કરવાનું હતું તે જમા-ઉધારની જર્નલ એન્ટ્રીઓ પાડવાનું હતું. વધુમાં મારી મહેચ્છા હતી કે મને આઈ.બી.એમ કે ઝીરોક્સ જેવી મોટી ગ્લોબલ કંપનીઓમાં એક્ઝિક્યુટિવ જોબ મળે જેમાં હું બિઝનેસ ડિસીશન લઉં! એપ્લીકેશન કરી હોય એના જવાબ જરૂર આવે, પણ એ બધામાં ના જ હોય, તો પછી ઇન્ટરવ્યૂ આપવાની વાત જ ક્યાં હોય? એવી કોઈ નોકરી મળે એવી શક્યતા ન હતી. આખરે તો હું ઍટલાન્ટા યુનિવર્સિટીની છાપ લઈને નીકળ્યો હતો અને બ્લેક ન હતો. મારે જો કોઈ મોટી કંપનીમાં અગત્યની નોકરી મેળવવી હોય તો હાર્વર્ડ, પેન કે યેલ જેવી યુનિવર્સિટીમાંથી ડિગ્રી લેવી જોઈએ. પણ એને માટે તો વળી પાછું ભણવું પડે. એવી યુનિવર્સિટીમાં એડમિશન પણ ક્યાંથી મળવાનું હતું? અને ધારો કે એડમિશન મળ્યું તો એવી મોંઘી યુનિવર્સિટીમાં ભણવાના પૈસા ક્યાંથી કાઢવા?

વધુમાં હું જેમ જેમ ભણાવતો ગયો તેમ તેમ મને એ ગમવા લાગ્યું. થયું કે કોઈક કંપનીના કે બૅંકના ઍકાઉન્ટિંગ ડિપાર્ટમેન્ટમાં નોકરી મળે તો વળી પાછું ઍકાઉન્ટિંગનું બોરિંગ કામ કરવું પડે. અઠવાડિયાના પાંચે પાંચ દિવસે ઑફિસમાં નિયત સમયે જવું પડે. નવથી પાંચ ત્યાં બેસવું પડે, બોસ તમને હુકમ કરે કે આ કરો ને તે કરો. કૉલેજમાં તો તમે તમારા નિયત ક્લાસમાં સમયે જાવ, ભણાવીને બહાર નીકળી જાવ, અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ જ ક્લાસ હોય, અને તે પણ ત્રણ જ કલાક. બાકીનો સમય તમારો જ. વધુમાં જૂન, જુલાઈ અને ઑગસ્ટ તમારા. તમારે સમર સ્કૂલમાં ભણાવવું હોય તો ભણાવો, નહીં તો છુટ્ટા. કંપનીઓમાં તો બે અઠવાડિયાનું વેકેશન મળે તો મળે અને તે પણ તમારો બોસ નક્કી કરે ત્યારે.

કૉલેજની પ્રૉફેસરની નોકરીનો સૌથી મોટો ફાયદો તે જિંદગીભરની નોકરીનો, ટેન્યરનો. દરેક યુનિવર્સિટીમાં ત્રણ ત્રણ વરસના કોન્ટ્રેક્ટ મળે. પછી તો તમારું શિક્ષણ કામ સારું હોય, અને તમે જો તમારા ક્ષેત્રમાં સંશોધન કરીને કંઈક પબ્લીશ કર્યું હોય તો ટેન્યર મળે, એટલે કે જિંદગી ભરની નોકરી નક્કી થઈ જાય. કોઈ તમને કાઢી ન શકે. કંપનીઓમાં તો બે અઠવાડિયાંની નોટીસ અપાય અને તમને રજા મળે. મંદી આવે

અને કંપનીએ બનાવેલો માલ ન ઊપડે તો હજારોની સંખ્યામાં લોકોને રજા મળે. ટેન્યર મળ્યા પછી તમે કૉલેજના જમાઈ! જિંદગી આખીનું પાકું. વધુમાં કૉલેજની રીટાયરમેન્ટ સિસ્ટમ, હેલ્થ બેનીફીટ સિસ્ટમ, તમારાં સંતાનો માટે ફ્રી ટ્યુશન—આવા આવા ઘણા બેનીફીટ મળે. પ્રાઈવેટ સેક્ટરમાં પ્રમાણમાં આવું બધું ઓછું મળે.

પણ આ બધું મળે એ માટે પહેલાં ટેન્યર મળવું જોઈએ. એ મેળવવા માટે સૌથી મોટી જરૂરિયાત પીએચ.ડી.ની ડિગ્રીની. એ ડિગ્રી મેળવવા માટે કોઈ મોટી યુનિવર્સિટીમાં વળી પાછા ભણવા જવું પડે. એમાં ઓછામાં ઓછાં બીજાં ચાર વરસ નીકળી જાય. સંશોધન કરવાનું, પીએચ.ડી.નો થીસિસ લખવા, અત્યારની નોકરી છોડવી પડે. પણ નોકરી કેમ છોડાય? મારી પાસે બીજી કોઈ આવક તો હતી નહીં કે કોઈ સેવિંગ ન હતું. જે પગાર આવે તેમાંથી જ ચલાવતો હતો. હવે તો કારના હપ્તા, અપાર્ટમેન્ટનું ભાડું, ઘર ચલાવવાનો ખર્ચ વગેરે શરૂ થઈ ગયા હતા. એક વાર તમારા હપ્તા શરૂ થઈ ગયા તો સમજવું કે તમારું અમેરીકનાઈઝેશન પૂરું થયું. આ બધા ખર્ચ ઉપરાંત મેં દેશમાં બા કાકાને પૈસા મોકલવાના શરૂ કર્યા હતાં.

નિયમિત આવક માટે નોકરી કરવી જ પડે એમ હોય, અને પ્રૉફેસરગીરી કરવા માટે પીએચ.ડી.ની જરૂર હોય, તો એક જ રસ્તો હતો. અને તે પાર્ટ ટાઈમ પીએચ.ડી. શરૂ કરવાનો. સદ્‌ભાગ્યે ગ્રીન્સબરોની બાજુમાં પચાસેક માઈલ દૂર ચેપલ હિલ નામના નાના શહેરમાં નૉર્થ કેરોલિના રાજ્યની મોટી યુનિવર્સિટી હતી. ત્યાં હું પીએચ.ડી.ના ક્લાસ ભરવા જઈ શકું અને ઓછામાં ઓછું ડિગ્રીનું કામ શરૂ કરી શકું. હા, પાર્ટટાઈમ કરવાથી છએક વરસ નીકળી જાય, પણ મારે બીજો કોઈ છૂટકો નહોતો. એવી પણ આશા હતી કે એ યુનિવર્સિટીમાં મને ટીચિંગ ફેલોશીપ અથવા સ્કોલરશીપ મળી જાય તો એ.એન્ડ ટી.ની નોકરી છોડી દઈશ અને પીએચ.ડી.નું કામ ફૂલટાઈમ શરૂ કરી દઈશ. આવા કંઈક ખ્યાલે મેં પીએચ.ડી.માં ઝંપલાવ્યું.

આ વાતની જ્યારે કાકાને દેશમાં ખબર પડી હશે ત્યારે તેમને જરૂર થયું હશે કે આ છોકરાએ વળી પાછું ભણવાનું લફરું શરૂ કર્યું. ક્યારે એ પૈસા કમાશે અને અમારા બધાનો મુંબઈની હાડમારીમાંથી છુટકારો કરશે? ક્યારે એક જગ્યાએ ઠરીઠામ થઈને રહેશે? ક્યારે પોતાના કુટુંબનો ઉદ્ધાર કરશે? હવે મારી અને નલિનીની ઉંમર ત્રીસની થવા હતી. આગળ જણાવ્યા મુજબ અમે અમારો પહેલો દીકરો મુંબઈમાં જન્મતાં સાથે જ ગુમાવ્યો હતો. એટલે અમને બન્નેને ચિંતા હતી કે હવે જે બાળક થશે તેનું પણ એવું

નહીં થાય ને? અમે ડૉક્ટર પાસે ગયા. બધી ટેસ્ટ કરાવી. અને ડોકટરે કહ્યું કે તમારું બન્નેનું સ્વાસ્થ્ય સારું છે અને કોઈ પ્રકારનો ભય રાખવાની જરૂર નથી.

એ. એન્ડ ટી. યુનિવર્સિટીમાં મને જોબ માટે કોઈ ચિંતા ન હતી. ઉલટાનું હું તો બહુ વિદ્યાર્થીપ્રિય પ્રૉફેસર હતો. આમ મારી આવક માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. થયું કે હવે લાંબો સમય ગ્રીન્સબરોમાં જ રહેવાનું છે. મેં જોયું તો બીજા એક બે દેશી પ્રૉફેસરો પોતાનું ઘર લઈને વરસોથી અહીં સ્થાયી થઈ ગયા હતા. હું પણ એમ જ વિચાર કરતો હતો. થયું કે હવે અમારે કુટુંબકબીલાની શરૂઆત કરવી જોઈએ. માત્ર ચિંતા એ હતી કે અહીં અમેરિકામાં જો સંતાન જન્મે તો અમે એકલા જ છીએ, અહીં કોઈ સગાંવહાલાંની મદદ નથી મળવાની. બાળઉછેરના જે કોઈ પ્રશ્ન ઊભા થાય તે અમારે જ ઉકેલવા પડશે.

## ગોરી પ્રજાનો પહેલો પરિચય

ઍટલાન્ટામાં અને ગ્રીન્સબરોમાં મારો રોજબરોજનો સંપર્ક બ્લેક લોકો સાથેનો હતો, એ રોજબરોજના વ્યવહારે મને અમેરિકન સમાજનું એક જ પાસું, અને તે પણ સંકુચિત પાસું જોવા મળ્યું. એના પર મદાર રાખીને બેસું તો મને બૃહદ અમેરિકાનું સાચું દર્શન ન મળે. અમેરિકાને મારે જોવું જાણવું હોય તો બ્લેક લોકોના નાના ખાબોચિયા જેવા સમાજમાંથી છટકીને ગોરી પ્રજાના મહાસાગરમાં તરવું જોઈએ. ગ્રીન્સબરોમાં જે રીતે હું બ્લેક પ્રજા વચ્ચે રહીને જીવું છું, રોટલો રળું છું, તેવી જ રીતે મારે ગોરી પ્રજા વચ્ચે રહેવું જોઈએ, ત્યાં નોકરી કરવી જોઈએ, તો જ એ દુનિયા હું બરાબર સમજી શકીશ. એટલા માટે જૂન, જુલાઈ અને ઓગસ્ટના મહિનાઓમાં સમર સ્કૂલ ભણાવવાને બદલે મેં પ્રાઇવેટ કંપનીઓમાં નોકરી કરવાનું વિચાર્યું.

સદ્‌ભાગ્યે મને એક સમરમાં જોન્સ ઍન્ડ લાકલીન નામની મોટી સ્ટીલ કંપનીમાં અને બીજા સમરમાં આઈ.બી.એમ.માં એમ ત્રણ ત્રણ મહિનાની નોકરી મળી. એ સમયે અમેરિકામાં આઈ.બી.એમ.ની બોલબાલા હતી. લોકો ત્યાં નોકરી મેળવવા પડાપડી કરે. તેના પગાર અને બેનીફીટ તો સારા જ, પણ એક વાર ત્યાં નોકરી મળી તો જિંદગીભરની નિરાંત. એ જમાનામાં આઈ.બી.એમ.માંથી લે ઓફ નહોતા મળતા. ત્યાં મને પહેલી જ વાર વ્હાઈટ લોકોની વચ્ચે અને તે પણ દેશની ઉત્તમ ગણાતી કંપનીમાં

કામ કરવાની તક મળી. ત્યાં હું જોઈ શક્યો કે આવી ઉચ્ચ કક્ષાની કંપનીનું મૅનેજમૅન્ટ કેમ થાય છે.

આઈ.બી.એમ. જો અમેરિકાની એક શ્રેષ્ઠ કંપની હતી અને જેના શેરના ભાવ હંમેશ ચડતા રહેતા, તો જોન્સ એન્ડ લાકલીન સ્ટીલ કંપની ક્યારે ફડચામાં પડશે તેની લોકોને ચિંતા હતી. અમેરિકાની સ્ટીલ ઇન્ડસ્ટ્રી જાપનિઝ ઈમ્પોર્ટને કારણે મોટી તકલીફમાં હતી. આઈ.બી.એમ.માં કામ કરવા ત્રણ મહિના હું ફ્લોરીડા રહ્યો તો જોન્સ એન્ડ લાકલીન માટે પીટ્સબર્ગ રહ્યો. પીટ્સબર્ગ એ અમેરિકાની સ્ટીલ નગરી હતી. દેશની મોટી મોટી સ્ટીલ કંપનીઓ—યુ એસ સ્ટીલ, બેથલેહેમ સ્ટીલ, ઇનલેન્ડ સ્ટીલ, વગેરેના હેડ ક્વાટર્સ અને પ્લાન્ટ્સ અહીં હતાં. જો આઈ.બી.એમ.નો ઉદ્યોગ અને મૅનેજમૅન્ટ પ્રમાણમાં નવાં હતાં, તો જોન્સ એન્ડ લાકલીન કંપની અને સ્ટીલ ઇન્ડસ્ટ્રી જૂના હતાં. આઈ.બી.એમ. લેબર યુનિયન ન હતાં. જોન્સ એન્ડ લાકલીનમાં સ્ટીલ વર્કર્સનું પાવરફુલ યુનિયન હતું.

આમ આ બે સમરમાં મને અમેરિકન ઈકોનોમીના શ્રેષ્ઠ, વિકાસશીલ, નવા ઉદ્યોગના પ્રતિનિધિ સમાન આઈ.બી.એમ. જેવી કંપનીમાં તેમ જ ભાંગી પડેલ સ્ટીલ ઉદ્યોગની તકલીફવાળી કંપની જોન્સ એન્ડ લાકલીનમાં કામ કરવાની તક મળી. આ બન્ને કંપનીઓમાં મારો રોજબરોજનો વ્યવહાર વ્હાઈટ લોકો સાથે હતો. ઍટલાન્ટા અને ગ્રીન્સબરોમાં બ્લેક લોકો સાથે રહીને વ્હાઈટ લોકો પ્રત્યેનો મારો જે અભિગમ બંધાયેલો, જે પૂર્વગ્રહો ઊભા થયેલા, તે કરતા મારો પ્રત્યક્ષ અનુભવ સાવ જુદો જ નીકળ્યો. વ્હાઈટ લોકો મને સંસ્કારી, વિવેકી, સરળ અને પરગજુ લાગ્યા. હું ઇન્ડિયાથી આવું છું, એટલે મને ખાસ મળવા આવે, ઘરે બોલાવે, પાર્ટીઓમાં નિમંત્રણ આપે, મારા ખબરઅંતર પૂછે, કશું જોઈતું કારવતું હોય તો મદદ કરે. આઈ.બી.એમ.માં તો પહેલે દિવસે મને મેનેજર પોતે આવીને ઑફિસમાં બધે લઈ ગયા, બધાની સાથે મારી ઓળખાણ કરાવી અને પછી લંચમાં લઈ ગયા. આ બન્ને જગ્યાએ જ્યારે મારા ત્રણ મહિના પૂરા થયા ત્યારે છેલ્લા દિવસે મારા માનમાં પાર્ટી રાખી હતી. મને થયું કે આઈ.બી.એમ. જેવી કંપનીમાં પરમેનન્ટ નોકરી મળે તો કેવું સારું!

## નૉર્થ કેરોલિના યુનિવર્સિટી

આ કંપનીઓમાં કામ કરતાં મને અમેરિકાની બીજી બાજુની ખબર પડી, વ્હાઈટ

અમેરિકાનો મને સ્વાદ લાગ્યો, કહો કે ચસકો લાગ્યો. થયું કે આ બ્લેક કૉલેજમાંથી મારે છૂટવું જ જોઈએ. એ પણ નક્કી કર્યું કે એને માટે એક જ ઉપાય છે તે પીએચ.ડી મેળવવાનો. હું જઈને તરત જ નૉર્થ કેરોલિના યુનિવર્સિટીના પીએચ.ડી. પ્રોગ્રામના બે કોર્સમાં દાખલ થયો. અઠવાડિયામાં બે દિવસ જવાનું હતું. એ બે દિવસ ત્યાં હું વિદ્યાર્થી અને બાકીના ત્રણ દિવસ એ.એન્ડ ટી.માં હું પ્રૉફેસર એમ ડબલ રોલમાં મારું શૈક્ષણિક જીવન સમાંતરે ચાલતું હતું.

ચેપલ હિલની નૉર્થ કેરોલિના યુનિવર્સિટીમાં મને શૈક્ષણિક વ્હાઈટ અમેરિકાનો પહેલો પરિચય થયો. ત્યાં પીએચ.ડી.ના બે કોર્સ લેતા જ મને ભાન થયું કે મોટી અમેરિકન યુનિવર્સિટી કેવી હોય. ત્યાં ભણવું હોય તો કેવી તૈયારી કરવી પડે, તમારી સજ્જતા કેટલી હોવી જોઈએ. આની સરખામણીમાં ઍટલાન્ટા યુનિવર્સિટીની કોઈ ગણતરી કરવી યોગ્ય નહીં. અહીંના પ્રૉફેસરો, સાધન સગવડો, વિદ્યાર્થીઓ વગેરે અનેક કક્ષાએ ચડિયાતા. આ તો નૉર્થ કેરોલિના રાજ્યની ઉત્તમ યુનિવર્સિટીઓમાંની એક ગણાતી. મોસાળે જમણ અને પીરસવામાં મા હોય એમ રાજ્ય સરકાર પાસેથી આ યુનિવર્સિટીને મોંમાગી બધી સહાય અને ફન્ડિંગ મળે. ફૅડરલ ગવર્નમેન્ટ પાસેથી પણ ઘણી ગ્રાન્ટ મળે. એમ પણ થયું, કે નૉર્થ કેરોલિના યુનિવર્સિટી આવી છે તો હાર્વર્ડ, યેલ કે પેન કેવી યુનિવર્સિટીઓ હશે?

નૉર્થ કેરોલિના યુનિવર્સિટીમાં મારું પીએચ.ડી.નું કામ તો પાર્ટ ટાઈમ ચાલતું હતું. પણ એ ધીમી ગતિએ ચાલતી મારી જગન્નાથની રથયાત્રા પૂરી કરતા મને સાત આઠ વરસ થઈ જાય. છતાં મારી આર્થિક પરિસ્થિતિ એવી હતી કે મારાથી એ. એન્ડ ટી.ની નિયમિત આવક જતી ન કરી શકાય. મેં અમેરિકાની બીજી મોટી યુનિવર્સિટીઓમાં તપાસ કરવાની શરૂ કરી દીધી કે જ્યાં મને એમના પીએચ.ડીના પ્રોગ્રામમાં ફૂલ ટાઈમ એડમિશન મળે અને સાથે સાથે ટીચિંગ ફેલોશીપ પણ મળે. આવી ફેલોશીપમાં બહુ ઝાઝું ન મળે, પણ તમારો ઘરખરચ જરૂર નીકળે. વધુમાં પરણેલા વિદ્યાર્થીઓને સહકુટુંબ રહેવાના અપાર્ટમેન્ટ સસ્તા ભાડે મળે. મારે એવા અપાર્ટમેન્ટની હવે ખાસ જરૂર હતી કારણ કે અમે અમારા પ્રથમ સંતાનની રાહ જોતા હતા.

વળી પાછા આપણે તો એપ્લીકેશનના ધંધે લાગી ગયા. અમેરિકાના થોડા વસવાટ પછી હવે મને ખબર હતી કે ક્યાં એપ્લાય કરવું અને ક્યાં ન કરવું. દેશમાંથી કશું જોયા જાણ્યા વગર જારેચાને કારણે ઍટલાન્ટા યુનિવર્સિટીમાં આવી પડ્યો એવું તો

હવે નહોતું થવાનું. છતાં હાર્વર્ડ, યેલ કે પેન જેવી સર્વોચ્ચ યુનિવર્સિટીઓમાં એપ્લાય કરવાનું મેં ટાળ્યું કારણ કે મને ખબર હતી કે એવી જગ્યાએ આપણો નંબર લાગે જ નહીં. એવી ટોપ યુનિવર્સિટીઓ નીચેની મધ્યમ કક્ષાની યુનિવર્સિટીઓમાં અપ્લાય કર્યું. ખ્યાલમાં રાખ્યું કે યુનિવર્સિટી જાણીતી હોવી જોઈએ અને મારા ક્ષેત્ર ઍકાઉન્ટિંગમાં તો ખાસ એની રાષ્ટ્રીય સ્તરે ગણતરી થવી જોઈએ. અને વધુ અગત્યની વાત કે એ કે મને ત્યાં સસ્તા ભાવે અપાર્ટમેન્ટ અને ફેલોશીપની માસિક આવક મળવી જોઈએ. દક્ષિણના લુઈઝીઆના રાજ્યની યુનિવર્સિટીએ કહ્યું કે આવી જાવ. તમારી બધી વ્યવસ્થા અમે કરીશું. આપણે તો ખુશખુશાલ! તરત હા લખી. એ. એન્ડ ટી.માં ડીનને કહી દીધું કે આવતા સપ્ટેમ્બરમાં હું પીએચ.ડી.નો અભ્યાસ ફૂલટાઇમ શરૂ કરવાનો છું. કૉલેજનું વર્ષ પૂરું થતાં વળી પાછા ડેરા તંબૂ ઊપાડીને આપણે ચાલ્યા બેટન રુજ!

# ૫. બેટન રુજ (૧૯૬૯ – ૧૯૭૩)

હું અને નલિની જ્યારે ગ્રીન્સબરો છોડીને બેટન રુજ જવા નીકળ્યા ત્યારે અમારી નાનકડી મસ્ટેંગ ગાડીમાં બધી ઘરવખરી સમાઈ ગઈ. ગ્રીન્સબરોમાં અમે બહુ કંઈ વસાવ્યું ન હતું. આમ અમે ખાલી અપાર્ટમેન્ટમાં ખાલી હાથે જઈ પહોંચ્યા. યુનિવર્સિટીના આ અપાર્ટમેન્ટ પરણેલાં વિદ્યાર્થીઓ માટે ખાસ બંધાયા હતા. સસ્તું ભાડું, અને યુનિવર્સિટી પાસે. દરરોજ ચાલતા જઈ શકાય. ગાડી હતી એટલે સ્ટોર્સમાં જઈને ગ્રોસરી અને બીજી જરૂરી વસ્તુઓ અને દરરોજનું ઉપયોગી ફર્નિચર લઈ આવ્યા અને અમે ઘર માંડ્યું. હું દરરોજ યુનિવર્સિટીમાં ભણવા અને ભણાવવા જાઉં. મને ટીચિંગ ફેલોશીપ મળી હતી. નૉર્થ કેરોલિના કરતા વ્યવસ્થા જુદી થઈ. ત્યાં હું ફૂલ ટાઈમ ટીચર અને પાર્ટ ટાઈમ સ્ટુડન્ટ હતો. અહીં ફૂલ ટાઈમ સ્ટુડન્ટ અને પાર્ટ ટાઈમ ટીચર થયો. જ્યારે ત્યાં ક્લાસમાં લગભગ સો ટકા વિદ્યાર્થીઓ કાળા હતા, તો અહીં ગોરા હતાં, અને પ્રૉફેસરો પણ બધા ગોરા. કાળો ચહેરો જોવા મળે તે તો માત્ર કામ કરવાવાળાનો—કિચનમાં કુક, જેનીટર, સાફસૂફી કરનારાઓનો.

અહીં હું અમેરિકાનાં દક્ષિણ રાજ્યોમાંના એક લુઈઝીઆનામાં હતો. લુઈઝીઆના ઉપરાંત નૉર્થ અને સાઉથ કેરોલિના, એલબામા, મીસીસીપી, આર્કાન્સા, જ્યોર્જિયા, ફ્લોરીડા અને ટૅક્સાસ–આ બધાં રાજ્યો હજી સિવિલ વોરને, ખાસ કરીને એમાં એમને હાર મળેલી તે, ભૂલી શક્યાં નહોતાં. એ વોરમાં લડેલા એમના અગત્યના જનરલ અને સૈનિકોના સ્મારકો ઠેકઠેકાણે જોવા મળે. ઉત્તરનાં રાજ્યો પ્રત્યેનું એમનું વેર વાત વાતમાં પ્રગટ થતું રહે. વિદ્યાર્થીઓ અને પ્રૉફેસરો પણ મોટે ભાગે દક્ષિણનાં રાજ્યોમાંથી આવેલા હોય. મને નવો નવો જાણી સિવિલ વોર શા માટે થઈ એ બાબતનું તેમનું દૃષ્ટિ બિંદુ

સમજાવે. ખાસ કરીને ઉત્તરનાં રાજ્યો તેમના પર હજી કેવો અન્યાય કરે છે, વૉશિંગ્ટન અને ફેડરલ ગવર્નમેન્ટ કેવો જુલમ કરે છે, તેની વાત કરે.

દક્ષિણનાં રાજ્યોમાં વસતા લોકોનું આ માનસ, ખાસ કરીને ઉત્તરના લોકો પ્રત્યેનો વેર ભાવ તો ત્યાં રહીએ તો જ સમજાય. હજી પણ ટેક્સાસ જેવા રાજ્યમાં કેટલાય લોકો એવા છે કે જેમને યુનાઈટેડ સ્ટેટ્સથી છૂટું થવું છે અને પોતાનું અલગ રાજ્ય સ્થાપવું છે! એમની વાતચીતો અને વ્યવહારમાં કાળા લોકો પ્રત્યેનો તેમનો અણગમો વારંવાર વ્યક્ત થઈ જતો તે હું જોઈ શકતો. હું બેટન રુજમાં હતો ત્યારે જ તેના લેજીસ્લેચરમાં બે જુદી જુદી બ્લડ બૅંક—એક ગોરા લોકોના લોહીની અને બીજી કાળા લોકોના લોહીની—રાખવાની વાતની ચર્ચા થતી હતી. ગોરા લોકોનું માનવું એવું છે કે એમને જ્યારે બ્લડની જરૂર પડે ત્યારે એમને કાળા લોકોનું બ્લડ નથી જોઈતું. એમની નસોમાં માત્ર ગોરું બ્લડ જ નખાવું જોઈએ, કાળું નહીં!

યુનિવર્સિટી મોટી. લુઈઝીઆના સ્ટેટમાંથી બધું ફંડિંગ મળે. બધી સ્ટેટ યુનિવર્સિટીઓ જેમ અહીં સ્પોટ્‌ર્સનું મહત્ત્વ મોટું. ફૉલ સેમેસ્ટરમાં દર શનિવારે ફૂટબોલની ગેમ હોય. આ ફૂટબોલ આપણા ફૂટબોલથી જુદો. આપણા ફૂટબોલને અહીં સાકર કહે છે. આખું સ્ટેડિયમ ભરાઈ જાય. રાજ્યના ગવર્નર, ધારાસભ્યો, અગત્યના ઑફિસરો, બધા આવે. યુનિવર્સિટીના ઍલમનાઈ દૂર દૂરથી ગેમ માટે ખાસ આવે. મોટો ઉત્સવ જોઈ લો. જેમ જેમ ફૂટબોલમાં યુનિવર્સિટીની ટીમ જીતતી રહે, અને રાષ્ટ્રીય કક્ષાએ ટોપ ટેનમાં એની ગણતરી થાય ત્યારે એના ઍલમનાઈ યુનિવર્સિટીને વધુ ને વધુ ડોનેશન આપે. નવા આવતા વિદ્યાર્થીઓ પણ આ કારણે યુનિવર્સિટી પસંદ કરે.

અમેરિકન યુનિવર્સિટીઓને, ખાસ કરીને, મોટી સ્ટેટ યુનિવર્સિટીઓને, સ્પોટ્‌ર્સનો મહારોગ લાગેલ છે. એમાં ફૂટબોલનું મહત્ત્વ હદ બહારનું. ફૂટબોલના કોચ અને એમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને બધી જ સગવડો આપવામાં આવે. લાડકા દીકરાની જેમ એમને સાચવવામાં આવે. કોચનો પગાર સૌથી વધુ, ગવર્નર કરતાં પણ વધુ હોય! એથલીટ વિદ્યાર્થીઓ માટે સ્પેશલ ડોર્મ હોય. સ્પોટ્‌ર્સને આ મહત્ત્વ અપાવાથી શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીનું સ્થાન કથળે તેનો બહુ વાંધો નહીં. અમેરિકન ફૂટબોલ એ એક હિંસક સ્પોર્ટ છે. એ રમતા ખેલાડીઓને માથું અથડાતા જે સખ્ત માનસિક અને શારીરિક હાનિ થાય છે તેની તો વર્ષો અને દાયકાઓ પછી ખબર પડે. સ્પોટ્‌ર્સને અપાતા આ મહત્ત્વથી

શિક્ષણ ક્ષેત્રે જે વિપરીત અસર પડે છે એને કારણે શિકાગો યુનિવર્સિટીએ ઠેઠ ત્રીસીના દાયકાથી સ્પોર્ટ્સમાં ભાગ લેવાનું બંધ કર્યું હતું અને તે નિષેધ હજી પણ ચાલુ છે.

મેં એ પણ જોયું કે અહીં ફેકલ્ટીમાં ઉચ્ચ કક્ષાના બૌદ્ધિકો બહુ ઓછા હતા. હા, જેમનો જે વિષય હોય, અને જે ભણાવતા હોય, તેમાં હોશિયાર હોય એ ખરું, પણ પછી બીજી બધી બાબતમાં એમનું જ્ઞાન કે સમજણ સામાન્ય કક્ષાના. પબ્લિક અફેર્સમાં તો ધબડકો જ સમજો. દક્ષિણની પ્રજાના જે બધા પૂર્વગ્રહો અને સંકુચિત દૃષ્ટિ છે તે તેમની પાસેથી જોવા સાંભળવા મળે. મારા ચાર વરસના વસવાટમાં મને ભાગ્યે જ કોઈ એવો પ્રૉફેસર મળ્યો હોય કે જેની બુદ્ધિથી હું અંજાયો હોઉં. મોટા ભાગના સહવિદ્યાર્થીઓનું પણ એવું જ. અમેરિકન પબ્લિક અફેર્સ અને રાજકારણની બાબતમાં તેમના કરતાં હું વધુ જાણતો હતો! વર્તમાન અમેરિકન રાજકારણ, અર્થશાસ્ત્ર, સાહિત્ય વગેરેમાં મારું વાચન એ લોકોના કરતાં પ્રમાણમાં બહોળું હતું. જો કે એ લોકોને એ બાબતની કશી પડી પણ ન હતી. એ તો અહીં પીએચ.ડી.ની ડીગ્રી લેવા આવ્યા હતા. એમને તો એ યુનિયન કાર્ડ જોઈતું હતું.

જો પ્રૉફેસરો અને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ મારી દૃષ્ટિએ બૌદ્ધિક ક્ષેત્રે પછાત હોય, તો પછી સામાન્ય લોકોની તો શી વાત કરવી? એ તો તમે ત્યાંના દૈનિક છાપા ઉપર નજર કરો તો ખબર પડે કે બૌદ્ધિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પ્રજા કેટલી સંકુચિત હતી. એ છાપાંમાં ભાગ્યે જ કોઈ આંતરરાષ્ટ્રીય સમાચાર કે એ બાબતની એનાલીસિસ મળે. ન્યૂ યૉર્ક ટાઈમ્સ વાંચવું હોય તો ઠેઠ લાઇબ્રેરીમાં જવું પડે. જો કે લોકોની ઉષ્મા મને જરૂર સ્પર્શી ગઈ. પરદેશથી આવેલા એટલે અમને ખાસ ઘરે બોલાવે. થેન્ક્સગીવીંગ કે ક્રિસમસ જેવા અગત્યના તહેવારોમાં જરૂર તમારી આગતાસ્વાગતા કરે. મદદ માટે અરધી રાતે આવીને ઊભા રહે. વર્ષો પછી પણ એમની સાથે અમારી એ મૈત્રીના સંબંધો ટકી રહેલા છે.

હું મારી જાતને સમજાવતો હતો કે હું તો અહીં પીએચ.ડી. કરવા, યુનિયન કાર્ડ લેવા આવ્યો છું. અને એમાં જ મારે મારું ધ્યાન રાખવું જોઈએ. આખરે, જો કોઈ પણ અમેરિકન યુનિવર્સિટીમાં મારે ભણાવવું હોય, ટેન્યર લેવું હોય તો આ ડિગ્રી અનિવાર્ય હતી. હું અહીં કંઈ મારા જ્ઞાનમાં વધારો કરવા આવ્યો નથી. એટલે નીચી મૂંડીએ કોર્સ વર્ક પૂરું કરી, પીએચ.ડી.નો થીસિસ લખી, ડિગ્રી લઈ લો અને પછી રવાના થાવ. એ હિસાબે

મેં પૂરજોશમાં કોર્સ વર્ક શરૂ કરી દીધું, અને એ પૂરું થતાં થીસિસનો વિષય શોધવાનો શરૂ કરી દીધો. અને સાથે સાથે જોબની પણ શોધ શરૂ કરી.

## મારી એકેડેમિક દ્વિધા

જેમ જેમ હું મારું પીએચ.ડી.નું ભણવાનું વાંચતો ગયો તેમ તેમ મને થવા માંડ્યું કે આવા કંટાળાજનક વિષયમાં—એકાઉન્ટિંગમાં—મારે સ્પેશ્યલાઇઝ કરીને જિંદગી કાઢવાની છે? બે વસ્તુ મને ખાસ કઠી: એક તો એની સંકુચિતતા, ઝીણી ઝીણી વસ્તુઓનો અભ્યાસ કરવાનો અને એની પર થીસિસ લખવાનો. પછી એ થીસિસમાંથી થોડા પ્રોફેશનલ આર્ટિકલ તૈયાર કરીને મુખ્ય એકાઉન્ટિંગ જર્નલ્સમાં પબ્લીશ કરવાના. જેમ કે ઇન્વેન્ટરી વેલ્યુએશન કેમ કરવું કે જેથી શેરના ચડતા-ઊતરતા ભાવોનું ભવિષ્ય ભાખી શકાય. આ માટે તમારે કંપનીઓના ઇન્વેન્ટરી વેલ્યુએશનનો અભ્યાસ કરવાનો, એના પુષ્કળ ડેટા ભેગા કરવાના, એની સ્ટેટીસ્ટીકલ એનાલીસિસ કરવાની. એ બધામાંથી તમે જે કંઈ નવું શોધી લાવ્યા હો તેની બીજા એવા આર્ટિકલ્સ સાથે સરખામણી કરવાની. એકાઉન્ટિંગ રીવ્યુ જેવા પ્રોફેશનના અગત્યના જર્નલ્સમાં આવા જ બધાં આર્ટિકલ્સ આવે. આ આર્ટિકલ્સ એલ્જીબ્રાની ફોર્મ્યુલાઓથી ભરચક જાર્ગનવાળી ભાષામાં લખાયેલા હોય. સાદીસીધી અંગ્રેજીમાં ન જ લખવાના સમ ખાઈ બેઠેલા પ્રૉફેસરોએ આ આર્ટિકલ્સ લખેલા હોય. આર્ટિકલ્સ હું દસવાર વાંચું તોય સમજાય નહીં, તો હું એવું કંઈ કેવી રીતે લખવાનો હતો? હું જ્યારે પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં પ્રૉફેસર થયો ત્યારે આ પ્રશ્ન મારે માટે ખૂબ વિકટ બની ગયો.

આવી ઈમ્પિરિકલ એનાલીસિસ માટે નહોતી મારી પાસે કોઈ પૂર્વભૂમિકા કે નહોતી એ મારી મનગમતી ચીજ. એ પ્રકારની એનાલીસિસ માટે તમારી પાસે મેથેમેટિક્સ, હાયર કેલ્ક્યુલસ અને સ્ટેટીસ્ટીક્સની જે ટ્રેનિંગ હોવી જોઈએ એ મારી પાસે ન હતી. પીએચ.ડી.માં મારું મેજર એકાઉન્ટિંગ તો ખરું, પણ સાથે સાથે બે માયનર વિષયો લેવાના. એમાં મેં એક મૅનેજમૅન્ટ અને બીજું સ્ટેટિટિક્સ લીધું. મૅનેજમૅન્ટ વિષયને હું સહેલાઈથી મેનેજ કરી શકું એની ખાતરી હતી, પણ સ્ટેટિટિક્સ લેવામાં જોખમ હતું, છતાં મારા એડવાઈઝરની એ લેવા માટે સલાહ હતી. એમાં મારો દમ નીકળી ગયો. અને છેવટે એ માયનરમાં હું ફેલ થયો. પહેલી જ વાર કોઈ પરીક્ષામાં હું નપાસ થયો.

જિંદગીમાં આવું પહેલી વાર ફેલ થવું બહુ કડવું લાગ્યું. થયું કે આ મૂકો પીએચ.ડી.નું લફરું અને બીજા બધા ઇન્ડિયનોની જેમ કોઈ કંપનીમાં સામાન્ય નોકરી લઈ લો અને પછી ખાઈ-પીને મજા કરો.

ગમ ખાઈને એડવાઇઝરની પાસે જઈ મારી લાચારી સમજાવી. એમણે મને માયનર બદલવાની છૂટ આપી. આખરે સોશિયોલોજીમાં માયનર કર્યું, જે મેં સહેલાઈથી પાસ કર્યું. પણ આ મારી એકેડેમિક દ્વિધા હતી. મને જે રસના વિષય હતા તે—બૃહદ્ સામાજિક અને આર્થિક પ્રવાહો અને એની વ્યક્તિ અને ઉદ્યોગો ઉપર અસર—અને જે રીતે હું એને સરળ ગદ્યમાં વ્યક્ત કરવા માગતો હતો તેની હવે એકેડેમિક ફેશન નહોતી. મને કહેવામાં આવ્યું કે મેથેમેટિકલ ઇક્વેશન અને ઈમ્પિરિકલ એનાલીસિસ વગરનું હું જે કાંઈ લખીશ તો એ કોઈ દિવસ છપાશે નહીં. આ વાત હું સમજતો હતો છતાં એનું મારા લેખન વાંચનમાં અનુકરણ કરવા તૈયાર ન હતો. પહેલાં તો મને આ મેથેમેટિક્સ, હાયર કેલ્ક્યુલસ અને સ્ટેટીસ્ટીક્સની ટ્રેનિંગ લેવામાં કોઈ રસ ન હતો. લાઇબ્રેરીમાં બેસીને એકાઉન્ટિંગ રીવ્યુ વાંચવાને બદલે હું ન્યૂ યૉર્ક રીવ્યુ ઓફ બુક્સ અને કોમેન્ટરી જેવા ઉચ્ચ કક્ષાનાં બૌદ્ધિક મૅગેઝિન જોતો અને ઉત્સાહથી વાંચતો. સોશિયોલોજી, પોલીટિક્સ, લીટરેચર અને પોલીટિકલ ઇકોનોમિક્સના આર્ટિકલ્સ વાંચવામાં મને રસ વધુ હતો. જો કે એ વિષયોના એકેડેમિકસ જર્નલ્સમાં પણ મેથેમેટિકલ ઇક્વેશન્સ અને ઈમ્પિરિકલ એનાલીસિસની બોલબાલા હતી. એવા આર્ટિકલ્સને હું અડતો પણ નહીં.

છેલ્લાં સિત્તેરેક વર્ષોમાં અમેરિકન એકેડેમીમાં આ એક ધરખમ ફેરફાર થયો છે. અને તેથી જ તો જોહન કેનેથ ગાલબ્રેથ અને રોબર્ટ હાઈલાબ્રોનર જેવા ઈકોનોમિસ્ટની એકેડેમિક ઈકોનોમિક્સમાં ઝાઝી ગણતરી નથી થતી. એ બંને સરળ ભાષામાં, કોઈ પણ પ્રકારના પ્રોફેશનલ જાર્ગન કે મેથેમેટિકલ ઇક્વેશન વગર લખે. એમના વિચારો ગમે તેટલા તથ્યપૂર્ણ અને સારા હોય તો પણ એકેડેમીમાં એમની અવગણના થાય. એકેડેમિક ઈકોનોમિસ્ટની કોઈ મીટિંગમાં એનું નામ પણ ન લેવાય! ગેલ્બ્રેથ જ્યારે અમેરિકન ઇકોનોમિક એસોસિયેશનના પ્રમુખ થયા ત્યારે એ બાબતનો વિરોધ નોંધાવા માટે કેટલાક અર્થશાસ્ત્રીઓએ એસોસિયેશનમાંથી રાજીનામું આપી દીધું હતું!

આમ શરૂઆતમાં જ મારી દશા વળી પાછી સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. મારે એકાઉન્ટિંગનું પીએચ.ડી. કર્યા સિવાય છૂટકો નહોતો કારણ કે મને યુનિવર્સિટીમાં ભણાવવાનું ગમતું હતું, અને યુનિવર્સિટીમાં જોબ લેવા માટે પીએચ.ડી.ની ડિગ્રી

અનિવાર્ય હતી. એ યુનિયન કાર્ડ લેવું જ પડે. પણ એ મેળવવા માટે જે પ્રકારનો અભ્યાસ કરવો પડે, જે પ્રકારનું લેખન કામ કરવું પડે તે માટે મારી પાસે કોઈ તૈયારી નહોતી. વળી પાછું એ મને ગમતું પણ નહોતું. છતાં મનોમન નક્કી કર્યું કે યેન કેન પ્રકારેણ પીએચ.ડી. તો લેવું જ અને જોબ લઈ લેવો. એક વાર જોબ મળ્યા પછી જોયું જશે.

પણ થીસિસનો વિષય કયો લેવો? એ સમયે હાર્વર્ડના સોશિયોલોજીસ્ટ ડેનિયલ બેલ પોસ્ટ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી વિશે ચર્ચા ચલાવતા હતા. એમના લેખો અને પુસ્તકો દ્વારા એ કહેતા હતા કે અમેરિકન સોસાઈટી ઇન્ડસ્ટ્રિયલ સ્ટેજમાંથી નીકળીને પોસ્ટ ઈન્ડસ્ટ્રિયલ સ્ટેજમાં પહોંચી છે અને એને કારણે સમાજમાં ધરખમ ફેરફાર થઈ રહ્યા છે તેનો અભ્યાસ કરવો ઘટે. મને થયું કે આ પોસ્ટ ઇન્ડસ્ટ્રિયલ સ્ટેજની એકાઉન્ટિંગ ઉપર શી અસર હોઈ શકે એ વિશે હું થીસિસ તૈયાર કરું. આ પ્રોપોજલ લઈને હું મારા એકેડેમિક એડવાઈઝર આગળ ગયો અને એમને મનાવ્યા કે આવું કામ કોઈ કરતું નથી, તમે મને એમાં થીસિસ લખવાની રજા આપો. થોડી આનાકાની પછી એ માની ગયા, પણ એમણે મને ચેતવણી આપી કે જો એમાં ઈમ્પિરિકલ એનાલીસિસ અને મેથેમેટિકલ ઇક્વેશન નહીં હોય તો એને પબ્લીશ કરવો મુશ્કેલ થશે. એ વાત સાવ સાચી ઠરી. ઍકાઉન્ટિંગ રીવ્યુ જેવા મુખ્ય જર્નલમાં હું એને પબ્લીશ ન જ કરી શક્યો, અને બીજે ઠેકાણે પણ પબ્લીશ કરતા નાકે દમ આવી ગયો.

ડેનિયલ બેલ અને બીજા અનેક સમાજશાસ્ત્રીઓએ પોસ્ટ ઈન્ડસ્ટ્રિયલ સ્ટેજ વિશે ખુબ સંશોધન કર્યું હતું અને અઢળક ડેટા ભેગા કર્યા હતાં. મેં એને આધારે મારું થીસિસનું કામ શરૂ કર્યું અને ખૂબ મહેનત પછી પૂરું પણ કર્યું. પણ સારાંશમાં મારે જે કહેવાનું હતું તે સાવ ઈમ્પ્રેક્ટિકલ હતું. મારું કહેવું એમ હતું કે પોસ્ટ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં એકાઉન્ટિંગના આંકડાઓ નહીં પણ બીજા કોઈ મેજરમેન્ટની શોધ કરવી પડશે. જમા ઉધાર, નફો તોટો, બૅલેન્સ શીટ, ઇન્કમ સ્ટેટમેન્ટ મુખ્યત્વે આંકડામાં જ હોય, અને હું એમ કહેતો હતો કે એ હવે ઉપયોગી નહીં નીવડે! આંકડાઓની સંકુચિતતામાંથી બહાર નીકળવામાં જ એકાઉન્ટિંગનું ભવિષ્ય છે! આજે આ વાત ઉપર મને જ હસવું આવે છે. પણ આ વાત મેં મારી થીસિસ કમિટી આગળ જોશપૂર્વક મૂકી. અને એ લોકોએ મને-કમને પણ એ વાત માન્ય રાખી અને આમ મને પીએચ.ડી.ની ડીગ્રી મળી. યુનિયન કાર્ડ મળ્યું.

જો કે આ ડીગ્રી હાથમાં આવે એ પહેલાં મેં જોબની જોગવાઈ કરી લીધી હતી. એ

જમાનામાં એકાઉન્ટિંગના પીએચ.ડી.ની બહુ તંગી હતી. એટલે જો તમે પીએચ.ડી.નું કોર્સ વર્ક પૂરું કર્યુ હોય અને થીસિસ હજી પૂરી ન થઈ હોય તોય નોકરી મળી જાય. મને બે-ત્રણ જગ્યાએથી ઓફર્સ આવી. મેં પેન્સીલ્વેનિયા રાજ્યના પીટ્સબર્ગ શહેરની યુનિવર્સિટી પસંદ કરી. મારે દક્ષિણનાં રાજ્યોમાંથી બહાર નીકળવું હતું. વળી મોટા શહેરમાં જવું હતું. કોઈ ખ્યાતનામ યુનિવર્સિટીમાં જોડાવું હતું. જો કે પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં રીસર્ચ અને પબ્લીશીંગ ઉપર વધુ મહત્ત્વ અપાતું હતું અને ત્યાં હું જઈ રહ્યો હતો તેમાં જોખમ હતું. પણ પડશે એવા દેવાશે એ ન્યાયે હું ત્યાં જોડાયો. બેટન રુજના મારા મિત્રો સમજી જ નહોતા શકતા કે પીટ્સબર્ગ જેવા ઠંડા પ્રદેશમાં હું શા માટે જઈ રહ્યો હતો. વધુમાં બેટન રુજના લોકોમાં જે ઉષ્મા અને મૈત્રી મને મળી તેવી ત્યાં મળવી મુશ્કેલ હશે એ પણ હું સમજી શકતો હતો. છતાં વળી પાછા લબાચા ઉપાડી અમે પીટ્સબર્ગ જવા નીકળ્યા.

## અમે પીટ્સબર્ગ ઉપડ્યા

બેટન રુજની હૉસ્પિટલમાં દીકરા અપૂર્વનો જન્મ થયો. દીકરાનો જન્મ બહુ ટાઈમસર થયો. મારે તો જલદી જલદી પીએચ.ડી. પૂરું કરવું હતું તેથી હું રાતદિવસ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં પડી રહેતો. નલિની નવા સંતાનના ઉછેરમાં પડી હતી. બેટન રુજની ગરમ આબોહવા, એના પ્રેમાળ લોકો, એમની ઉષ્માભરી આગતાસ્વાગતા અમને બન્નેને ગમી ગઈ હતી. અમને સસ્તે ભાવે બે બેડ રૂમનો બૈરીછોકરાવાળા વિદ્યાર્થીઓ માટેનો અપાર્ટમેન્ટ મળી ગયેલો. ટીચિંગ ફેલોશીપ માટે જે પગાર મળતો હતો તે મારા દેશના પગારથી પણ વધુ હતો. તે ઉપરાંત વિદ્યાર્થીઓ માટે જરૂર પ્રમાણે નહિવત્ વ્યાજથી લોન મળે. તે પણ અમે લીધી હતી. હું હજી દેશનો નાગરિક પણ નહોતો થયો, છતાં મારા જેવા પરદેશીને પણ ભણવાની આવી સગવડ કરી આપે એવા આ દેશની ઉદારતા મને ખૂબ ગમી ગઈ. બેટન રુજમાં મને ક્યારેય પૈસાની તંગી પડી હોય એવું લાગ્યું નથી. જો કે અમારો ખર્ચ પણ ખાવા-પીવા જેટલો જ. ત્યાં મોંઘવારી પણ બહુ ઓછી. બાકી તો નવા બાળક માટે જે કંઈ થોડું ઘણું લાવવાનું હોય તેટલું વધારે.

જેવું મારું કોર્સ વર્ક પૂરું થયું કે મેં પીટ્સબર્ગ જવાનું નક્કી કર્યું. હા, મારો થીસિસ લખવાનો બાકી હતો. પણ એ માટે બેટન રુજ રહેવાની જરૂર ન હતી. એ કામ

હું પીટ્સબર્ગમાં પણ કરી શકું, જો કે એમાં જોખમ પણ હતું. ઘણાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ આમ કોર્સ પૂરું કરીને થીસિસ લખ્યા વગર નીકળે અને પછી એમને એ થીસિસ પૂરું કરતા નાકે દમ આવી જાય. એક વાર જોબ શરૂ કરો એટલે એની બધી પળોજણમાં પડો અને થીસિસ બાજુમાં રહી જાય. મારા એડવાઈઝરે મને આ જોખમ વિશે ચેતવ્યો પણ ખરો, છતાં હું પીટ્સબર્ગ જવા એટલો અધીરો હતો કે મેં કહ્યું કે હું ટાઈમસર થીસિસ પૂરું કરીશ જ. આમ બેટન રુજનો અમારો ત્રણ વરસનો વસવાટ પૂરો કરીને અમે પીટ્સબર્ગ જવા ઊપડ્યા. બેટન રુજમાં અમારે ત્યાં પુત્રજન્મ થયેલો. ઘરવખરી થોડી વધેલી. એ બધી અમારી ગાડી પાછળ નાનું યુ-હોલ લગાડી એમાં ભરી અને અમે પીટ્સબર્ગ ભણી ગાડી હંકારી.

# ૬. પીટ્સબર્ગ (૧૯૭૩ – ૧૯૭૬)

અમે પીટ્સબર્ગમાં જાન્યુઆરી મહિનામાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે અમેરિકાની ઠંડી કેવી હોય. આ પહેલાં એક વાર સમર જોબ માટે ત્રણ મહિના પીટ્સબર્ગ રહેવાનું થયું હતું પણ ત્યારે ઉનાળો હતો. અત્યાર સુધી હું અમેરિકાનાં દક્ષિણનાં શહેરોમાં–ઍટલાન્ટા, ગ્રીન્સબરો, બેટન રુજમાં– રહ્યો હતો જ્યાં ઠંડી ઓછી અને સ્નો ભાગ્યે જ પડે. પીટ્સબર્ગમાં સખત ઠંડી તો ખરી પણ સાથે સાથે સ્નો પણ બહુ. કોક વાર તો સ્નો બબ્બે ફીટ જેટલો પડે. એમાં ડ્રાઈવ કરવું બહુ મુશ્કેલ. વળી પાછું શહેર જુદી જુદી ટેકરીઓ પર વસેલું. સ્નો પડ્યો હોય ત્યારે એ ટેકરીઓ ચડવી ઊતરવી બહુ મુશ્કેલ.

બેટન રુજના સહેલાઈથી હળતા મળતા લોકોની સરખામણીમાં પીટ્સબર્ગમાં લોકો મને અતડા અને બિઝનેસ લાઈક લાગ્યા. જે સહેલાઈથી બેટન રુજમાં લોકો તમારા મિત્ર બની જાય અને ઘરે આવે જાય, પાડોશીઓ સાથે ઘરોબો બંધાય, તેવું અહીં નહીં. અહીં તો કામ સાથે કામ. વધુમાં પીટ્સબર્ગ તો મોટું શહેર, એની સરખામણીમાં બેટન રુજ નાનું ગામડું લાગે. મોટા શહેરના લોકોની જેમ અહીં બધાને ટાઈમની ખેંચ ઘણી. યુનિવર્સિટીમાં ફેકલ્ટીના લોકો પણ બેટન રુજની સરખામણીમાં બહુ અતડા અને ઠંડા લાગ્યા.

બેટન રુજમાં મને જે સ્પેશ્યલ હોવાની લાગણી અનુભવ થયો હતો તેનો અહીં સર્વથા અભાવ. મોટા ભાગના પ્રૉફેસરો તો એમના ક્લાસ ભણાવીને ચાલતા થાય. ખાલી તમે એમને ફેકલ્ટી મીટિંગમાં જુઓ તે જ. જે વરસોથી ટેન્યર લઈને બેઠા હોય તે તો ઘણી વાર ફેકલ્ટી મીટિંગમાં પણ ન આવે. તે લોકો મારા જેવા જુનિયર અને નવા સવા ફેકલ્ટી

મેમ્બરની ગણતરી પણ ન કરે. મારા જેવા જેમણે પીએચ.ડી. થીસિસ પૂરા નથી કર્યા તેની સામે તો જુએ પણ નહીં! બેટન રુજમાં સ્પેશ્યલ સ્ટેટસ ભોગવીને આવેલા મારા માટે પીટ્સબર્ગનું પહેલું વરસ બહુ મુશ્કેલ હતું. નવું ગામ, સખત ઠંડી, ફેકલ્ટી મેમ્બર્સની અતડાઈ, અને ઉપરથી થીસિસ ક્યારે પૂરો થશે તેની ચિંતામાં મારો પીટ્સબર્ગનો પહેલો શિયાળો બહુ ખરાબ ગયો.

## પીએચ.ડી.નો થીસિસ પૂરો કર્યો

અમે જ્યારે પીટ્સબર્ગ પહોંચ્યા ત્યારે એક વખતના એ મહાન શહેરના પડતીના દિવસો હતા. એક જમાનામાં એ સ્ટીલની રાજધાની ગણાતી. અમેરિકાની મહાન સ્ટીલ કંપનીઓના હેડ ક્વાર્ટર્સ અને પ્લાન્ટ પણ ત્યાં હતાં. એમાંની એક કંપની—જોન્સ ઍન્ડ લાક્લીન –ના હેડ ક્વાર્ટર્સ અને પ્લાન્ટમાં મને ૧૯૬૯ના ઉનાળામાં ત્રણ મહિના કામ કરવાની તક મળી હતી. એ કંપની અને એના જેવી બીજી કંપનીઓની મોટી ચિંતા એ હતી કે જપાનથી સસ્તાભાવે મોટા જથ્થામાં આવતા સ્ટીલની સામે ટકી કેમ રહેવું? આ બાબતમાં અમેરિકાનું સ્ટીલ વર્કર્સ યુનિયન અને કંપનીઓ વૉશિંગ્ટનની કેન્દ્ર સરકાર પર સ્ટીલ ઈમ્પોર્ટ ઉપર ક્વોટા મૂકી તેને ઘટાડવા પ્રયત્ન કરતા હતાં. પરંતુ સ્ટીલ કન્ઝ્યુમર કંપનીઓ માટે સસ્તું જાપાનીઝ સ્ટીલ તો મોટા આશીર્વાદ સમાન હતું.

આજે આ લખાય છે ત્યારે (૨૦૧૬) એ મોટી મોટી સ્ટીલ કંપનીઓ ભાગ્યે જ સ્ટીલના પ્રોડક્શન કે ધંધામાં જોવા મળે. જાપાનીઝ સ્ટીલ ઈમ્પોર્ટ સામે એ ટકી ન શકી. એમના તોતિંગ પ્લાન્ટ બંધ થઈ ગયા. અમેરિકાની ઈકોનોમી કેટલી એફીસિયન્ટ અને કંપીટીટીવ છે તેનો આ એક સ્પષ્ટ દાખલો છે. આજે અમેરિકાનું મોટા ભાગનું ઇનએફીસિયન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટર ખલાસ થઈ ગયું છે. અમેરિકન કંપનીઓ જ્યાં સસ્તું લેબર હોય ત્યાંથી માલ ઈમ્પોર્ટ કરવા માંડી. આને કારણે અમેરિકન ઇકોનોમીમાં ધરખમ ફેરફાર થવા મંડ્યા. અમેરિકામાં એક જુદા પ્રકારની પોસ્ટ ઈન્ડસ્ટ્રિયલ ઇકોનોમી ઊભી થઈ જેમાં મેન્યુફેક્ચરિંગ નહીં પણ સર્વિસ સેક્ટરની બોલબાલા થવા માંડી. આ વિશેની વાત મારા થીસિસમાં મેં કરી હતી.

પીટ્સબર્ગ અને એના જેવા રસ્ટ બેલ્ટનાં શહેરો અને ઓહાયો, ઇન્ડિયાના, પેન્સિલવેનિયા જેવાં અમેરિકાનાં રાજ્યો જેમની ઈકોનોમી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો ઉપર

આધારિત હતી તે બધા હવે નવા ઉદ્યોગોની શોધમાં પડ્યા. પીટ્સબર્ગના મોવડીઓ આ વાત બરાબર સમજી ગયા. આજે પીટ્સબર્ગની ઈકોનોમીમાં સ્ટીલ કંપનીઓ કે બીજી કોઈ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ કરતાં શિક્ષણ, હેલ્થ, અને બીજી સર્વિસ આપતી સંસ્થાઓ અને કંપનીઓ મોટો ભાગ ભજવે છે. આનો એક મોટો ફાયદો એ થયો કે હાલનું પીટ્સબર્ગ અમેરિકાનું એક અગત્યનું પલ્યુશન ફ્રી શહેર ગણાય છે. હું જ્યારે ૧૯૬૯માં પહેલી વાર કામ કરવા ગયો ત્યારે ત્યાં એટલું બધું પલ્યુશન હતું કે સાંજના જો કોઈ પાર્ટીમાં જવાનું હોય તો તમારે કપડાં બદલવા પડે!

પીટ્સબર્ગમાં જઈને ફિફ્થ એવન્યુ નામના મુખ્ય રસ્તા પર અમે અપાર્ટમેન્ટ ભાડે લીધું. પાર્કિંગની મુશ્કેલી તો ખરી જ. છોકરાઓ રમી શકે એવી પણ કોઈ વ્યવસ્થા નહીં. છોકરાને લઈને બહાર આંટો મારવો પણ મુશ્કેલ. થોડા મહિના પછી બાજુના વિલ્કીન્સબર્ગ નામના પરામાં રહેવા ગયા. ત્યાં છોકરા માટે બહાર રમવા માટે ઘાસનું મેદાન હતું, પાર્કિંગની સગવડ હતી. બાજુમાં બે ઇન્ડિયન ફેમિલી પણ રહેતાં હતાં, એટલે નલિનીને થોડી રાહત થઈ. એ દીકરા અપૂર્વના ઉછેરમાં પડી અને હું મારે માથે થીસિસનું જે મોટું લફરું લાગેલું હતું તેનો નિકાલ કરવામાં પડ્યો હતો. એ ઉપરાંત નવી યુનિવર્સિટીમાં હવે મારે તો ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભણાવવાનું હતું. એમાંના ઘણાં તો મોટી ઉંમરના, પરિપક્વ અને કંપનીઓનો બે ત્રણ કે વધુ વરસોનો અનુભવ લઈને આવેલા હોય. તમે જો કોઈ જેવી તેવી વાત કરો તો તમને સીધું ક્લાસમાં જ કહી દે કે બિઝનેસમાં આ ન ચાલે. નૉર્થ કેરોલિના અને લુઈઝીઆનામાં હું અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભણાવતો તેના કરતાં આ અઘરું હતું. ખૂબ તૈયારી કરવી પડે. નવા નવા પ્રૉફેસર હોવાથી મારે શરૂઆતમાં સારી ઇમ્પ્રેશન પાડવી હતી.

મારું આખું અઠવાડિયું સોમથી શુક્ર સુધી જો ક્લાસની તૈયારીમાં અને ભણાવવામાં જાય તો શનિ-રવિ થીસિસ લખવામાં જાય. ઘણી વાર મને થતું કે આ જોબ અને થીસિસ બન્ને સાથે કદાચ મારાથી નહીં થાય. મારા થીસિસ એડવાઈઝરના થીસિસની ઉઘરાણી કરતા સંદેશા આવ્યા કરે. એમને ભય હતો કે હું કદાચ મારો થીસિસ પૂરો નહીં કરી શકું અને બીજા અનેક 'એબીડી' (all but dissertation)નું લેબલ લઈને ફરતાં નિષ્ફળ એકેડેમિકોની લાંબી લાઈનમાં જોડાઈ જઈશ. છેવટે રાત-દિવસ કામ કરીને થીસિસ પૂરો તો કર્યો, પણ મારા એડવાઈઝર અને કમિટીના બીજા સભ્યો એ થીસિસને સ્વીકારશે કે નહીં તેની મને મોટી ચિંતા હતી. મેં મારા એડવાઈઝરની સલાહ

મુજબ મેથેમેટીકલ ઇક્વેશન કે સ્ટેટેસ્ટીકલ એનાલીસિસ અને નવા ઈમ્પિરિકલ ડેટા સાથે થીસિસ નહોતો તૈયાર કર્યો. મેં તો બને એટલી સરળ ભાષામાં અને બીજા લોકોએ જે ડેટા ભેગા કર્યા હતા તે વાપરીને થીસિસ લખ્યો હતો. મારા એડવાઈઝર અને કમિટીના બીજા સભ્યોએ આ રીતનો કે આવો બૃહદ્ ફલકવાળો થીસિસ પહેલાં ભાગ્યે જ જોયો હતો.

ધારો કે એ લોકો આ થીસિસ ન સ્વીકારે તો વળી પાછું મારે લબાચા ઊપાડીને બેટન રુજ જવું પડશે અને ત્યાં વરસ બે વરસ રહેવું પડશે, થીસિસ માટે નવો વિષય શોધવો પડશે અને કોને ખબર ક્યારે મારો છુટકારો થશે. આવા સકંજામાં પકડાયેલા વિદ્યાર્થીઓના કંઈક દાખલા મારી સામે હતા. જો તમારા દુર્ભાગ્યે કોઈ અવળો થીસિસ એડવાઈઝર કે વિચિત્ર કમિટી મેમ્બર મળી ગયા તો તમારી કરિયર તો શું આખી જિંદગી બગાડી નાખે. હું ગભરાતો ગભરાતો બેટન રુજ ગયો. અને થીસિસ એડવાઈઝર અને કમિટી મેમ્બર્સને મળ્યો. સદ્ભાગ્યે એ લોકોને મનાવી શક્યો કે ભલે મારો થીસિસ નવા પ્રકારનો છે અને જુદી રીતે તૈયાર થયો છે, પણ આ નવા પ્રસ્થાનને તેમણે આવકારવું જોઈએ અને મને પ્રોત્સાહન આપવું જોઈએ. કોને ખબર પણ કેમ એ લોકો આ વાત માની ગયા. મેં થીસિસનો જોરદાર ડીફેન્સ કર્યો એટલે કે એમણે મારી દયા ખાધી કે કેમ પણ થીસિસ સ્વીકારાયો. હું ખૂબ રાહત સાથે પીટ્સબર્ગ પાછો ફર્યો. થયું કે હાશ, જાન છૂટી! હવે પીએચ.ડી.નું યુનિયન કાર્ડ મને મળશે.

જો કે મનમાં હું સમજતો જ હતો કે આવો થીસિસ વર્તમાન એકેડેમિક વાતાવરણમાં ન ચાલે, અને હું અગત્યના એકેડેમિક જર્નલ્સમાં ક્યારેય પબ્લીશ નહીં કરી શકું. અને જો હું એ રીતે પબ્લીશ ન કરી શકું તો પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં લાંબું ટકી પણ નહીં શકું. પણ પડશે એવા દેવાશે એમ માનીને આગળ વધ્યો. જેવી મારો થીસિસ પૂરો થયો કે અમારે ત્યાં પુત્રી સોના જન્મી. પીએચ.ડી.નો અભ્યાસ જ્યારે શરૂ થતો હતો ત્યારે પુત્રજન્મ થયો અને અને જ્યારે એ કામ પત્યું કે પુત્રીજન્મ થયો. નલિની બીજા સંતાનના ઉછેરમાં લાગી ગઈ.

## પીટ્સબર્ગમાં ઘર લીધું

હવે અમને અપાર્ટમેન્ટ નાનો પડવા મંડ્યો. પણ બીજો ભાડાનો અપાર્ટમેન્ટ લેવાનો

અર્થ ન હતો. અમેરિકાના ટૅક્સના કાયદાઓ એવા તો વિચિત્ર છે કે એમાં જે લોકો ભાડે રહે તેમના કરતાં જે ઘરનું ઘર લે તેમને નાણાંકીય દૃષ્ટિએ વધુ ફાયદા થાય. ટૂંકમાં એમને ટૅક્સ ઓછો ભરવો પડે. અહીંની રીઅલ એસ્ટેટ અને હોમ બિલ્ડર્સની લોબી એવી તો જોરદાર છે કે એમણે અમેરિકન ટૅક્સ કોડમાં આવી બધી યોજનાઓ જડબેસલાક બેસાડી દીધી છે. આને કારણે દરેક અમેરિકન જેવો કમાતો થાય કે તરત જ પોતાનું ઘર લેવાની વાત કરે. ત્રીસ વરસનું લાંબું મોર્ગેજ મળે. માત્ર દસ કે વીસ ટકા જેટલું ડાઉન પેમેન્ટ કરવાનું. વધુમાં જેટલું મોટું ઘર લો અને મોટું મોર્ગેજ રાખો એટલો ટૅક્સમાં વધુ ફાયદો! આને લીધે અમેરિકન ઘરો જરૂર કરતાં વધુ મોટા, એમાં સ્વીમિંગ પુલ, ટેનિસ કોર્ટ, વગેરે લટકણિયાં લગાડેલાં હોય. એ બધાંને કારણે મોર્ગેજ પેમેન્ટ મોટું થાય. ઘણી વાર તો માસિક હપ્તો ભરવો પણ મુશ્કેલ બની જાય. આ વાત એટલી હદે પહોંચી કે ૨૦૦૮-૨૦૧૨ના ગાળામાં દેશમાં ભયંકર ઇકોનોમિક ક્રાઈસીસ આવી. જેમાંથી બહાર નીકળતા લોકોને નાકે દમ આવી ગયો. અને છતાં ઘરનું ઘર કરવાનો ટૅક્સનો ફાયદો અને લોકોનો મોહ એટલો ને એટલો જ છે.

પણ હું ઘર લઉં અને ત્રીસ વરસના મોર્ગેજનું કમિટમેન્ટ કરું તે પહેલાં મારે એ જાણવાની જરૂર હતી કે અહીં પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં મને ટેન્યર મળશે કે નહીં. પ્રથા એવી હતી કે નવા પ્રૉફેસર તરીકે તમને ત્રણ ત્રણ વરસના એમ બે કોન્ટ્રેક્ટ મળે. બીજા વરસને અંતે જ તમને જણાવવામાં આવે કે બીજા ત્રણ વરસનો કોન્ટ્રેક્ટ મળશે કે નહીં. મારી પાસે ઈમ્પીરીકલ એનાલીસિસ, હાયર કેલ્ક્યુલસ અને સ્ટેટેસ્ટીક્સનો ઉપયોગ કરીને એકેડેમિક જર્નલ્સમાં આવી શકે એવા લેખો લખવાની ભૂમિકા ન હતી. પરંતુ ક્લાસ રૂમ ટીચર તરીકે વિદ્યાર્થીઓમાં હું બહુ લોકપ્રિય નીવડ્યો. આ કારણે પહેલાં બે વરસમાં કશું પબ્લીશ કરવામાં નિષ્ફળ નીવડ્યા છતાં મને બીજાં ત્રણ વરસનો કોન્ટ્રેક્ટ અપાયો. જો કે અમારી બિઝનેસ સ્કૂલના ડીને મને ચેતવ્યો કે હવે પછીનાં એકાદ બે વરસમાં એકેડેમિક જર્નલ્સમાં હું જો પબ્લીશ નહીં કરું તો મારે પીટ્સબર્ગમાંથી ચાલતી પકડવી પડશે.

હું ગમે તેટલું ક્લાસ રૂમમાં સારું ભણાવતો હોઉં કે વિદ્યાર્થીઓમાં લોકપ્રિય હોઉં, ટેન્યર મેળવવા માટે અને તે પછી પણ ફુલ પ્રૉફેસર થવા માટે એકેડેમિક પબ્લીશીંગ સિવાય કોઈ રસ્તો નહોતો. મને એવી પણ સલાહ મળી કે મારે યુનિવર્સિટીમાં માત્ર બે દિવસ જ્યારે ભણાવું છું ત્યારે જ આવવું, બાકી બધા દિવસ લાઇબ્રેરીમાં બેસીને

રિસર્ચ કરવી અને એકેડેમિક આર્ટિકલ લખવા. "યુનિવર્સિટી બધા દિવસ આવીશ તો વિદ્યાર્થીઓ આવીને તારો સમય બગાડશે!" ટૂંકમાં અમેરિકન ગ્રેજ્યુએટ એજ્યુકેશનમાં ટીચિંગ કરતાં રીસર્ચ અને પબ્લીકેશનનું મહત્ત્વ ઝાઝું. એકેડેમિક જર્નલ્સમાં જેમ જેમ પબ્લીશ કરો તેમ તેમ તમારા ભાવ બોલાય. ટેન્યર મળે, ફૂલ પ્રૉફેસર સુધીનું પ્રમોશન મળે, રીસર્ચ ગ્રાન્ટ્સના પૈસા મળે, નેશનલ અને ઇન્ટરનેશનલ કૉન્ફરન્સમાં જવાના ટ્રાવેલ ફંડ્સ મળે.

ડીનની સલાહ સાવ સાચી હતી. મને થયું કે મારો જે થીસિસ છે તેમાંથી ઓછામાં ઓછો એકાદ આર્ટિકલ તો જરૂર તૈયાર કરવો જોઈએ. જો એકાઉન્ટિંગના કોઈ જર્નલમાં એ પબ્લીશ ન થાય તો બીજે કોઈક ઠેકાણે તો પબ્લીશ થઈ શકે ખરો? આવું કંઈક પબ્લીશ કરીને ટેન્યર મેળવીશ. ઓછામાં ઓછું મને બીજાં ચાર વરસ તો અહીં રહેવા મળશે. પછી જોયું જશે. આ ઉપરાંત અમે અપાર્ટમેન્ટમાં રહીને કંટાળી ગયા હતા. જો કે આમ તો આ બે બેડ રૂમનો અપાર્ટમેન્ટ હતો. અને અમારી મુંબઈની ઓરડી કરતા તો ચાર ગણો મોટો હતો, છતાં હવે તો અમે અમેરિકામાં હતાં ને? અહીંનું ટૅક્સનું ગણિત જ એવું કે ભાડાના પૈસા પડી જાય, જ્યારે મોર્ગેજ ભરવાથી ઘરની માલિકી ઊભી થાય. ઘર હોવાથી દેશીઓમાં તમારું સ્ટેટસ વધે. નહીં તો લોકો પૂછ્યા જ કરે: ઘર ક્યારે લેવાના છો?

વધુમાં ઘર લીધું હોય તો ડીન અને યુનિવર્સિટીની સિનિયર ફેકલ્ટીને ખબર પડે કે હું અહીં પીટ્સબર્ગમાં ઊભડક રહેવા નથી આવ્યો પણ મારો વિચાર તો અહીં સ્થાયી થવાનો છે. ટેન્યર મેળવવા માટે આ રમત પણ રમવાની જરૂર હતી. મોટા ભાગના ફેકલ્ટી મેમ્બર્સ જેમની પાસે ટેન્યર હતું તે બધા વીસ ત્રીસ વરસથી ધામા નાખીને પડ્યા હતા. એ લોકોને તમારા એકેડેમિક ક્વોલિફિકેશન અને પબ્લીશીંગ સાથે સાથે યુનિવર્સિટી પ્રત્યેની આવી લોયલ્ટી પણ જોઈતી હતી! આવા કંઈક વિચાર કરીને અમે ઘર લીધું. અમારા અમેરીકનાઈજેશનનું આ આખરી પગલું હતું. મધ્યમ વર્ગના અમેરિકનોની જેમ હું પણ દર શનિવારે સવારે ઘરના બેક યાર્ડમાં લોનમૂવર ચલાવી ઘાસ કાપવા લાગ્યો. 'હોમ ઓનર હેરી'ની માફક વિકેન્ડમાં હાર્ડવેર સ્ટોરમાં જઈને ઘરના રીપેરકામની વસ્તુઓ લાવવા માંડ્યો. અહીં તમારે પોતે જ હેન્ડીમેન બનવું પડે. બહારથી બોલાવો તો તમારે દેવાળું કાઢવું પડે.

## અમેરિકન સિટીઝનશીપ લીધી

હવે બાકી રહ્યું તે અમેરિકન સિટીઝનશીપ લેવાનું. દેશમાં, ખાસ કરીને મુંબઈમાં મને જે કડવા અનુભવો થયા હતા તે કારણે દેશમાં પાછા જઈને દેશસેવા કરવી છે એવા શેખચલ્લીના વિચારો મને ક્યારેય નહોતા આવ્યા. જ્યારે મેં એર ઇન્ડિયાનું ન્યૂ યૉર્ક આવવાનું પ્લેન લીધું ત્યારે જ મેં દેશને રામ રામ કરેલા. મનમાં નક્કી કરેલું કે મારા માટે દેશ નકામો છે. જે કાંઈક મારું ભવિષ્ય છે તે મારે અમેરિકામાં જ ઘડવાનું છે. એ નિર્ધાર સાથે મેં દેશ છોડ્યો હતો. હવે જો હું જિંદગીભર અમેરિકામાં જ રહેવાનો હોઉં તો મારે અમેરિકાના સિટીઝન ન થઈ જવું જોઈએ? વધુમાં દેશમાંથી કુટુંબીજનોને બોલાવવા હોય તો અમેરિકન સિટીઝનશીપ અનિવાર્ય હતી. મોટા ભાગના દેશીભાઈઓ જે મારી જેમ અમેરિકા આવ્યા હતા તે બધા પણ આ વિચારે સિટીઝન થયા.

આમ ૧૯૭૬માં હું અમેરિકાનો સિટીઝન થયો. હું જ્યારે સોગંદવિધિ માટે કોર્ટમાં ગયો ત્યારે મારા જેવા સેંકડો પરદેશીઓ હાજર હતા. મારે પગલે નલિની પણ સિટીઝન થઈ. એના ભાઈ ભાભી અને આખાયે કુટુંબને અમેરિકા બોલાવવાના હતા. અમે બધા સમજતા હતા કે ભલે ને અમે સિટીઝનશીપ લીધી પણ એથી અમે ઇન્ડિયન થોડા મટી ગયા? ફેડરલ ગવર્મેન્ટનો સ્થાયી અને સારો જોબ મળે અથવા તો દેશમાંથી કુટુંબીજનોને બોલાવી શકાય એ કારણે જ મોટા ભાગના અમે સિટીઝન થયા. આ તો અમારો સગવડિયો ધર્મ હતો. જાહેર સભાઓમાં જ્યારે અમેરિકાને વફાદારી (pledge of allegiance) બતાવવાની હોય ત્યારે અમે અમેરિકન ફ્લેગને જરૂર સલામ ભરીએ, પણ અમેરિકન રાષ્ટ્રગીત અમારે મોઢે સહેલાઈથી ન ચડે. ક્યારેય પણ જો જન ગણ મન ગવાતું શરૂ થાય કે તુરત અમે બધા ગણગણવા માંડીએ.

આ તો અમે માત્ર કાયદેસર અમેરિકન થયા, એટલું જ. સાચું કહો તો અમે સોમથી શુક્ર સુધીના અમેરિકન શનિ રવિએ પાછા ઇન્ડિયન થઈ જઈએ. ભલે અમે અમેરિકામાં રહીએ અને અમારો કામધંધો કરીએ, પણ ઘરે આવીએ ત્યારે પાછું બધું અમારું ઇન્ડિયન જ! અમારું ખાવાપીવાનું, ઓઢવાપહેરવાનું, બોલવાચાલવાનું, ખાસ કરીને વિકેન્ડમાં, બધું ઇન્ડિયન જ સમજો. જોબ અને કામધંધાને કારણે જ અમેરિકનો સાથે અમારો સંબંધ હોય એટલું જ, બાકી મોટા ભાગનું અમારું હળવા મળવાનું બીજા દેશીઓ સાથે.

નાત, જાત, ધર્મ, ભાષા, પ્રાંતના જે કોઈ વાડાઓ દેશમાં છે તે બધા અમે અહીં લઈ આવ્યા છીએ. કૂવામાં હોય એ હવાડામાં આવે! એટલું જ નહીં, ગુજરાતી, મરાઠી બંગાળી, એમ વિવિધ ભાષીઓએ પોતાના જુદા સમાજો પણ ઊભા કર્યા છે. એના વાર્ષિક સમ્મેલનો ભરાય તેમાં હજારોની સંખ્યામાં લોકો હાજરી આપે. નવરાત્રિ, ગણેશ ચતુર્થી, દિવાળી વગેરે ઉત્સવો ભારે ભભકાથી અહીં ઉજવાય છે. બાકી રહ્યું હોય તેમ વિધવિધ જ્ઞાતિ, પેટાજ્ઞાતિઓ અને ધર્મોના વાડા બાંધી અમે કંઈક મંડળો ઊભાં કર્યાં છે. આમ જૈન, વૈષ્ણવો, સ્વામીનારાયણ સંપ્રદાયીઓ, શીખ, તિરુપતિ વગેરેનાં મોટાં મોટાં મંદિરો બંધાયાં છે. સ્વામીઓ, ગુરુઓ, ઉપદેશકોનો દર સમરમાં અહીં રાફડો ફાટે છે. એવી જ રીતે સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમો કરવા માટે દેશમાંથી સંગીતકારો, ગાયકો, નાટ્યકારો, નૃત્યકારો, લેખકો, કવિઓ વગેરે પોતપોતાની મંડળીઓ લઈને દર વરસે આવીને ઊભા જ હોય છે.

જો કે આમાં આપણે દેશીઓ કંઈ નવું કરતા નથી. આ દેશમાં આઈરીશ, ઇટાલિયન, પોલીશ, હિસ્પાનિક અને બીજી જે ઈમીગ્રંટ પ્રજાઓ આવી છે, તે બધાનો આ જ ઇતિહાસ છે. પોતાનો ચોકો જુદો પાડીને રહેવું એ બધી જ ઈમિગ્રન્ટ પ્રજાની પહેલી પેઢીનું વલણ હોય છે. જો કે બીજી પેઢી તો ઉછરતા જ અમેરિકન થઈ જાય છે. આ છે અમેરિકાના મેલ્ટીંગ પોટની ખૂબી. સમુદ્રના મુખ આગળ જેમ પાણી નદીના રંગ ભલે બતાડે, પણ જેમ સમુદ્રમાં આગળ વધીએ ત્યારે એ જુદા રંગ સમુદ્રના રંગ સાથે ભળી જાય છે અને નદી સમગ્રતયા સમુદ્રમાં ભળી જાય છે. તેવી જ રીતે આ દેશ દેશથી જુદા જુદા રીતરિવાજો લઈને આવેલા ભિન્ન ભિન્ન લોકો એમની પહેલી પેઢીમાં ભલે પોતાની જુદાઈ જાળવી રાખે, પણ આગળ વધતાં એમની ભવિષ્યની પેઢીઓ તો અમેરિકન મહાસાગરમાં ભળીને એકરસ થઈ જાય છે. જે બીજી ઈમિગ્રન્ટ પ્રજાઓનું થયું એવું જ ઇન્ડિયન ઈમિગ્રન્ટ પ્રજાનું થવાનું છે એ નિશ્ચિત છે. અમારા આ અનિવાર્ય ભવિષ્ય વિશે મેં એક પરિચય પુસ્તિકા, અમેરિકામાં વસતા ભારતીયો ૧૯૮૧માં લખેલ જે અહીં પરિશિષ્ટ-૧માં સામેલ કરી છે.

અમારી પહેલી પેઢીમાં અમેરિકા પ્રત્યે જો દ્વિધા અને સંકોચ છે અને ત્રિશંકુની જેવી 'નહીં અહીંના, નહીં ત્યાંના' એવી અવઢવ છે તો અમારાં સંતાનોમાં એમની અમેરિકન અસ્મિતા વિશે કોઈ શંકા નથી. જે સહજતાથી એ પડોશમાં અને અન્યત્ર તેમના અમેરિકન મિત્રો સાથે હળેમળે છે તે હજી અમે કરી શકતા નથી. અમે જ્યારે

જૂના રીતરિવાજો અને રૂઢિઓને પકડીને બેઠા છીએ ત્યારે આ નવી પેઢીને એવી કોઈ પળોજણ નડતી નથી.

## અમેરિકામાં વસતા ભારતીયો

ભારતીયો—એમની પહેલી પેઢી તેમ જ એમની ઉછરતી નવી પેઢી—આ દેશમાં નોંધપાત્ર પ્રદાન કરી રહ્યા છે. અત્યારે આ દેશમાં લગભગ ત્રણ મીલિયન ભારતીયો વસે છે. ત્રણસો વીસ મીલિયનની વસ્તીના આ વિશાળ દેશમાં એ સંખ્યા ખૂબ નાની ગણાય, છતાં આપણે એક શાંત, નિરુપદ્રવી અને ખંતીલી પ્રજા તરીકે દેશના ખૂણે ખૂણે વખણાયા છીએ. એમનામાંથી ઘણા ભલે ખાલી હાથે, પહેર્યે લૂગડે કે દોરી લોટો લઈને આવ્યા, પણ સાથે સાથે ગળથૂથીમાં મળેલ ખંત, બુદ્ધિમત્તા, કુટુંબપ્રેમ, વાણિજ્યકૌશલ્ય અને વ્યવહારચાતુર્ય લઈને આવ્યા છે. એ ગુણોને કારણે જ દૂધમાં સાકર ભળે તેમ મેનસ્ટ્રીમ અમેરિકન ઇકોનોમીમાં ભળી ગયા છે. દેશને ખૂણે ખૂણે અને એકાઉન્ટિંગથી માંડીને ઝૂઓલોજી સુધીનાં અનેક ક્ષેત્રોમાં મહત્ત્વનું કામ કરી રહ્યા છે.

આ દેશની ભાગ્યે જ કોઈ હૉસ્પિટલ હશે, કે ભાગ્યે જ કોઈ એન્જિનિયરિંગ ફર્મ હશે, કે ભાગ્યે જ કોઈ યુનિવર્સિટી હશે કે જ્યાં કોઈ ઇન્ડિયન કામ ન કરતો હોય. અમેરિકાનો પ્રમુખ ડૉક્ટર, સર્જન જનરલ, ઇન્ડિયન છે—ડૉ. વિવેક મૂર્તિ. માયક્રોસોફ્ટ અને ગુગલ જેવી આ દેશની મહાન ટેક કંપનીઓ આપણા દેશી બંધુઓ કુશળતાથી ચલાવે છે. આપણી વ્યાપાર સૂઝ તો એવી જબ્બર છે કે આ દેશના નાનામોટા હાઇવે ઉપર આવેલી હોટેલ મોટેલોનો ત્રીજો ભાગ આપણા પટેલ ભાઈબહેનોએ કબજે કર્યો છે. એવું જ અહીંની ફાર્મસીઓનું થયું છે.

પહેલી પેઢીના જે ભારતીયો અહીં આવ્યા તે મુખ્યત્વે કૉલેજનું ભણેલા–એન્જિનિયર, ડૉક્ટર્સ વગેરે હતાં. મોટા ભાગના અહીં પોતાના ક્ષેત્રમાં વધુ ભણ્યા. આ આગળ ભણવાની આપણી ધગશને કારણે અમેરિકામાં ભારતીયો પર કેપીટા સૌથી વધુ ડોક્ટરેટની ડિગ્રી ધરાવે છે. અરે, સંખ્યામાં ભલે આપણે ઓછા છતાં અમેરિકામાં વસતાં ભારતીયો નોબેલ પ્રાઈઝ લઈને બેઠા છે! એટલું જ નહીં, પણ હું તો ત્યાં સુધી કહીશ કે ભવિષ્યના ભારતીય નોબેલ વિજેતાઓ અમેરિકામાંથી નીકળશે. માત્ર વ્યાપાર, ઉદ્યોગ અને ટેક્નૉલોજી જ નહીં, પણ રાજકારણ, સાહિત્ય, સંગીત,

કળા વગેરે અન્ય વિષયોમાં પણ એમણે નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વાર્ષિક આવક કે ભણતર એવી કોઈ પણ રીતે જુઓ તો અમેરિકામાં વસતાં ભારતીયો અહીંના ગોરા અમેરિકનો કે બીજી કોઈ લઘુમતિ કરતા ઊંચાં છે.

૨૦૧૬માં આપણા ભારતીયો બે સ્ટેટના ગવર્નર્સ છે, તો કેલિફોર્નિયામાંથી ગુજરાતી એમી બેરા કૉંગ્રેસમેન તરીકે ચૂંટાઈ આવેલા છે. અને અનેક ઇન્ડિયન અમેરિકન જુવાન છોકરા છોકરીઓ રાજકારણમાં ભાગ લેવા થનગની રહ્યા છે. જે આવતી કાલે અમેરિકામાં સેનેટર, કૉંગ્રેસમેન, મેયર વગેરે અગત્યના હોદ્દાઓ શોભાવશે. આપણી પહેલી પેઢી જો આ દેશમાં આટલી આગળ વધી છે તો આવતી પેઢી તેનાથી પણ આગળ વધવાની છે એ નિશંક છે. મોરનાં ઈંડાં ચીતરવા નથી પડતાં. સ્પેલિંગ બી અને જીઓગ્રાફિક બીના વિજેતા હંમેશા ઇન્ડિયન અમેરિકન બાળકો હોય છે અને તેવી જ રીતે વેસ્ટિંગહાઉસ કે ઇન્ટેલ સાયન્સ સ્કોલરશિપ્સના ઇન્ડિયન અમેરિકન વિજેતા બાળકો આપણી આવતી કાલ કેટલી ઉજ્જ્વળ હશે તેની ઝાંખી કરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીમે જ્યારે પ્રમુખ બરાક ઓબામા સાથે મસલત કરવા ભોજન લીધેલું, ત્યારે ઓબામાની સાથે એમની ટીમમાં ત્રણ અમેરિકન ભારતીયો હતા—અમેરિકાના ભારત ખાતેના એમ્બેસેડર રાહુલ 'રીક' વર્મા, વિદેશ નીતિના આસિસ્ટન્ટ સેક્રેટરી અને ગુજરાતમાં જન્મેલા નિશા બિસ્વાલ દેસાઈ અને અમેરિકાની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મદદ કરતી એજન્સી (AID)ના ડાયરેક્ટર રાજ શાહ!

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરના ત્રાસથી ભાગીને આવેલી યુરોપની યહૂદી પ્રજા સિવાય ઇન્ડિયનો જેટલી હોશિયાર, ખંતીલી, વાણિજ્યકુશળ અને ભવ્ય સાંસ્કૃતિક વારસો લઈને ભાગ્યે જ કોઈ બીજી ઈમિગ્રન્ટ પ્રજા અહીં આવી છે. આ મહાન દેશ અને તેની ઉદાર પ્રજાએ મોકળા મને ઇન્ડિયનોને સ્વીકાર્યા છે.

હા, અહીં પણ બધે હોય છે એમ ઈમિગ્રન્ટો વિરુદ્ધ છાશવારે કોઈ તકવાદી પોલીટિશ્યન ચળવળ શરૂ કરે છે, પણ આ દેશનો ઇતિહાસ જ એવો છે કે એની બહુમતિ પ્રજા આખરે તો નવા નવા લોકોને વરસે, વરસે આવવા દે છે. દેશના ઈસ્ટ અને વેસ્ટમાં મોટા સમુદ્ર છે–એટલાન્ટિક અને પેસિફિક, અને નૉર્થમાં સમૃદ્ધ કેનેડા છે. પણ સાઉથમાં મેક્સિકો છે જે પ્રમાણમાં ગરીબ દેશ છે. ત્યાંથી હજારોની સંખ્યામાં હિસ્પાનિક લોકો ગેરકાયદેસર આવ્યા કરે છે. જ્યાં સુધી ત્યાં ગરીબી છે, અને સમૃદ્ધ અમેરિકામાં

એમને કામ મળ્યા કરે છે, ત્યાં સુધી એ ઈલીગલ ઈમિગ્રેશન થયા જ કરવાનું છે એ નક્કી છે.

## પીટ્સબર્ગ છોડવાનું નક્કી કર્યું

બીજાં ત્રણ વરસનો કોન્ટ્રેક્ટ મને મળવાનો છે, અને અહીં પીટ્સબર્ગમાં આવતાં ચાર વરસ તો સહીસલામત છું, એ બાબતથી જરૂર મને રાહત થઈ પણ ઊંડે ઊંડે મનમાં ભય હતો કે હું અહીં ઝાઝું ટકી નહીં શકું. પીએચ.ડી.ની થીસિસમાંથી જે જર્નલ આર્ટિકલ તૈયાર કરીને જ્યાં જ્યાં પબ્લીશ કરવા મોકલ્યો હતો ત્યાં બધેથી પાછો આવવા મંડ્યો. બેટન રુજમાં મારા થીસિસ એડવાઈઝરે મને જે ચેતવણી આપી હતી તે વારે વારે યાદ આવતી હતી. એણે મને કહ્યું હતું કે હાયર કેલ્ક્યુલસ, સ્ટેટિસ્ટિક્સ અને ઈમ્પિરિકલ એનાલીસિસ વગરનું કાંઈ પણ પબ્લીશ કરવું મુશ્કેલ પડશે. હવે પરિસ્થિતિ એવી થઈ હતી કે હું એકેડેમિક જર્નલ્સમાં મારું લખાણ જો પબ્લીશ નહીં કરી શકું તો પીટ્સબર્ગમાં મને ટેન્યર મળે તેમ ન હતું. બિઝનેસ સ્કુલના ડીને મને સ્પષ્ટ કહ્યું હતું કે હું ગમે તેટલો સારો ક્લાસ રૂમમાં ટીચર હોઉં અને વિદ્યાર્થીઓમાં પોપ્યુલર હોઉં છતાં મને એના આધારે ટેન્યર નહીં મળે.

વધુ મૂંઝવણની વાત એ હતી કે મોટા ભાગના ફેકલ્ટી મેમ્બર્સ—નવા કે જૂના—અહીંની ઉચ્ચ કક્ષાની યુનિવર્સિટીઓમાંથી ડિગ્રી લઈને આવેલા હતાં. એ બધા તો હાયર કેલ્ક્યુલસ, સ્ટેટિસ્ટિક્સ અને ઈમ્પિરિકલ એનાલીસિસની વ્યવસ્થિત ટ્રેનિંગ લઈને આવેલા હોય તેથી આવતા વેંત પબ્લીશીંગમાં લાગી જાય. એ લોકોના પ્રૉફેસરો મોટા ભાગના એકેડેમિક જર્નલ્સ ચલાવે અને નક્કી કરે કે ક્યા પ્રકારની રીસર્ચ થવી જોઈએ. મુખ્યત્વે શિકાગો, યેલ, સ્ટેનફર્ડ, પેન જેવી યુનિવર્સિટીઓનું જ એકેડેમિક એકાઉન્ટિંગમાં રાજ ચાલે. લુઈઝીઆના યુનિવર્સિટી જેવી મધ્યમ કક્ષામાંની યુનિવર્સિટીમાંથી નીકળેલા મને આવા કલીગ્સની સાથે બોલતાં ચાલતાં થોડો સંકોચ પણ થતો. મારા જેવાને પીટ્સબર્ગ જેવી યુનિવર્સિટીમાં નોકરી મળી એ જ મોટું આશ્ચર્ય હતું. એકાઉન્ટિંગમાં પીએચ.ડી. થયેલા લોકોની મોટી તંગી હતી એટલે મને નોકરી મળી ગઈ. વધુમાં હું જ્યારે ત્યાં ઇન્ટરવ્યૂ આપવા ગયેલો ત્યારે ત્યાં બધા બહુ પ્રભાવિત થયા હતા.

એવું ભાગ્યે જ બને છે કે જ્યાં જ્યાં મને ઇન્ટરવ્યૂમાં જવાની તક મળી છે ત્યાં નોકરી ન મળી હોય.

મારી મૂંઝવણ મેં એક અનુભવી ટેન્યર્ડ પ્રૉફેસર આગળ મૂકી. એમણે મને સ્પષ્ટ કહ્યું કે પીટ્સબર્ગ યુનિવર્સિટી તો 'પબ્લીશ ઓર પેરીશ' સ્કૂલ છે. અહીંયા મહત્ત્વ છે પબ્લીશીન્ગનું, ટીચિંગનું નહીં. આવી સ્કૂલોનું નેશનલ રેન્કિંગ એની ફેકલ્ટીના પબ્લીશીંગ રેકર્ડ ઉપર થાય છે. જે ફેકલ્ટી મેમ્બર્સ ટેન્યર લઈને બેઠા છે તેના ઉપર પબ્લીશ કરવાનું ઝાઝું દબાણ યુનિવર્સિટી ન કરી શકે, પણ મારા જેવા નવા ફેકલ્ટી મેમ્બરને ટેન્યરની લટકતી તલવાર બતાડે અને કહે કે પબ્લીશ કરો અથવા ચાલતી પકડો. હું ત્યાં આવ્યો ત્યારે મારી સાથે આવેલા બે ફેકલ્ટી મેમ્બર્સને એમના પબ્લિકેશનના અભાવે ટેન્યર ન મળ્યું. તેમણે તો યેલ અને પેન જેવી ઉત્તમ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. ડિગ્રી મેળવી હતી. ક્લાસ રૂમમાં પણ સારું ભણાવતા. વધુમાં એ પીટ્સબર્ગમાં ઘરબાર લઈ, સ્થાયી થઈને બેઠેલા, એમની પત્નીઓને સારા એવા જોબ મળેલા હતા, એમના સંતાનો લોકલ સ્કૂલમાં સારી રીતે ગોઠવાઈ ગયા હતા. છતાં તેમને કહેવામાં આવ્યું કે બીજે નોકરી શોધો!

મારે જો આવી કફોડી દશામાંથી બચવું હોય તો બે જ રસ્તા હતા. એક તો હું પાછો ગ્રેજ્યુએટ સ્કૂલમાં જાઉં અને હાયર કેલ્ક્યુલસ, સ્ટેટિસ્ટિક્સ અને ઈમ્પિરિકલ એનાલીસિસનો ઊંડો અભ્યાસ કરું અને પછી એ બધાંનો ઉપયોગ કરી એકેડેમિક આર્ટિકલ્સ લખું અને પબ્લીશ કરું. પણ એ બધું કરું તો ક્યારે મારો પત્તો ખાય? મનમાં એમ પણ થયું કે શું મારે આખી જિંદગી ભણ્યા જ કરવાનું? અને તે પણ જે વિષયોની મને તીવ્ર સૂગ છે તેમાં? હા, મારે મારો અભ્યાસ વધારવો હતો, અને એક્સપર્ટ તરીકે ખ્યાતિ મેળવવી હતી, પણ એ તો બૃહદ્દ સામાજિક પ્રવાહો વિશે અને તેની બિઝનેસ ઉપર શું અસર પડે તે બાબતમાં. મારા સ્કોલરશીપના આદર્શ હતા મેક્સ વેબર જેવા સોશિયોલોજીસ્ટ. એમના જેવું વિશાળ ફોકસ રાખી મારે સરળ ભાષામાં પુસ્તકો લખવાં હતાં. પરંતુ એ પ્રકારનું લેખનકામ અત્યારની એકેડેમિક વ્યવસ્થામાં ન ચાલે એ તો સ્પષ્ટ હતું. તો પછી મારે શું કરવું?

## મિસફિટ

ફરી એક વાર સાપે છછુંદર ગળ્યા જેવી મારી દશા થઈ. હવે હું તો બે સંતાનોનો બાપ થયો હતો. મારે માથે જવાબદારી વધી હતી. નવું ઘર વસાવ્યું હતું. મોર્ગેજના હપ્તા ભરવાનું શરૂ થઈ ગયું હતું. વધુમાં દેશમાંથી કુટુંબીજનોને બોલાવવાના હતાં, દેશમાં પૈસા મોકલવાની જરૂર હતી. એક વિચાર એ આવ્યો કે પીટ્સબર્ગ જેવી 'પબ્લીશ ઓર પેરીશ' યુનિવર્સિટીમાં હું જો ફીટ ન થાઉં તો અમેરિકામાં એવી પણ યુનિવર્સિટીઓ છે કે જેમાં ટીચિંગનું મહત્ત્વ વધારે હોય અને એના આધારે ટેન્યર મળે. હા, એવી યુનિવર્સિટીમાં મારે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભણાવવા પડે. એવી યુનિવર્સિટીની પ્રેસ્ટીજ ઓછી. પણ હવે હું પ્રેસ્ટીજ કરતા સિક્યુરિટીનો વિચાર કરતો થઈ ગયો.

હું એમ પણ વિચારતો હતો કે મારા વિચારોમાં અને લેખનમાં નાવીન્ય અને શક્તિ હશે તો મારો ડંકો વાગશે જ. મારી સામે જોહ્ન કેનેથ ગાલ્બ્રેથ અને રોબર્ટ હાઈલબ્રોનર જેવા લેખકોના દાખલાઓ હતા. એમના લખાણમાં કોઈ જાર્ગન કે મેથેમેટિક્સ જોવા ન મળે. સરળ અને સુબોધ ભાષામાં લખાયેલાં એમનાં પુસ્તકો લાખોની સંખ્યામાં વેચાય અને વંચાય છે. હા, એકેડેમિક ઈકોનોમિસ્ટ સર્કલમાં એમનો ઝાઝો ભાવ ન પુછાય. પણ મને હવે એકેડેમિક સર્કલની બહુ પડી નહોતી. કોઈ નાની યુનિવર્સિટીમાં જોબ લઈને મારા વખણાયેલા ક્લાસરૂમ ટીચિંગને આધારે ટેન્યર લઈ લેવું અને પછી જે કરવું હોય તે કરવું.

આવા વિચાર કરીને નક્કી કર્યું કે આવતા વરસ બે વરસમાં પીટ્સબર્ગ છોડવું. અને બીજી કોઈ જગ્યાએ જ્યાં 'પબ્લીશ ઓર પેરીશ'નો જુલમ ન હોય ત્યાં જોબ લઈને ઠરીઠામ થવું. વળી પાછી એવી યુનિવર્સિટીઓ શોધી, લીસ્ટ બનાવ્યું અને અપ્લાય કરવાનું શરૂ કર્યું. જોબ એપ્લીકેશન કરવામાં તો આપણે હોશિયાર હતા જ. મારા સદભાગ્યે એકાઉન્ટિંગ પીએચ.ડી.ની તંગી હતી. મને તુરત એક નાની યુનિવર્સિટીમાંથી જોબ ઓફર પણ આવી ગઈ! મને કંઈક રાહત થઈ. હા, એ વાત ખરી કે આ યુનિવર્સિટી પીટ્સબર્ગ યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય કક્ષાની ન ગણાય. આ આવેલી જોબ ઓફર લઈને પીટ્સબર્ગના ડીનને મળવા ગયો અને કહ્યું કે મારે પીટ્સબર્ગ છોડવું છે. એ તો નારાજ થઈ ગયા. કહે કે તું તો હજી હમણાં જ આવ્યો છે અને જવાની વાત કરે છે?

મેં એમને મારી દ્વિધા સમજાવી. કહ્યું કે મને પીટ્સબર્ગમાં ટેન્યર મળે એવી શક્યતા

બહુ દેખાતી નથી. અને મને ટેન્યરની ના આવે એ પહેલાં જ હું જવા માગું છું. મને કહે તારે ઉતાવળ કરવાની જરૂર નથી. તારા થીસિસમાંથી થયેલો આર્ટિકલ ક્યાંક તો પબ્લીશ થશે જ. એ ઉપરાંત બીજા સીનીયર ફેકલ્ટી મેમ્બર સાથે કોલાબરેશન કરીને જોડિયા આર્ટિકલ્સ તૈયાર કર અને પબ્લીશ કર. તારે આવી પીટ્સબર્ગ જેવી નેશનલ પ્રેસ્ટીજવાળી યુનિવર્સિટી ન છોડવી જોઈએ. તારું ટીચિંગ તો બહુ સારું છે જ. અમારી ઇચ્છા છે કે તું હજી વરસ બે વરસ અહીં ટકી જા. મને વધુ લાલચ આપવા માટે એમણે મારો થોડો પગારવધારો કરી આપ્યો! હું માની ગયો, પણ મનમાં શંકા તો હતી કે અહીંના વાતાવરણમાં મારાથી ઝાઝું ટકી શકાશે નહીં.

મને મારી બુદ્ધિ, શક્તિ અને વર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોની બૃહદ્ સમજ માટે કોઈ શંકા ન હતી. પણ યુનિવર્સિટીમાં ટેન્યર મેળવવા માટે જેની જરૂર હતી તે મારે પાસે ન હતું. મારો જે પ્રશ્ન હતો તે આ મિસમેચનો હતો. મૂળમાં મારે એવી જગ્યાએ નોકરી કરવી જોઈએ કે જ્યાં મારી આગવી શક્તિઓનો ઉપયોગ થઈ શકે. પીટ્સબર્ગના મારા અનુભવે મને એક વાત સમજાઈ. મને ભલે ટીચિંગ કરવું ગમતું હોય, અને એમાં હું ભલે બહુ હોશિયાર અને લોકપ્રિય હોઉં, છતાં વર્તમાન એકેડેમિક પ્રવાહો અને ફેશનમાં હું ફીટ ન જ થઈ શકું. મારું ભવિષ્ય યુનિવર્સિટીમાં નથી એ મને સ્પષ્ટ થયું. પણ કરવું શું?

અમેરિકામાં જો તમે પીએચ.ડી. કર્યું હોય તો બીજું શું કરી શકો? બીજા દેશી ભાઈઓ કરે છે એવી ગ્રોસરીની દુકાન કે મોટેલ થોડા ચલાવવાના છો? કે બેંક કે ઇન્સ્યોરન્સ કંપનીમાં ક્લાર્ક થોડા થવાના છો? વધુમાં એવી કંપનીઓ પીએચ.ડી.વાળાને નોકરી પણ ન આપે. આવી પરિસ્થિતિને અહીં ટ્રેઈન્ડ ઇન્કપાસિટી (trained incapacity) કહે છે. આવા બહુ વધુ ભણેલા લોકો અહીં overqualified ગણાય. ભણતર હોય, લાયકાત હોય છતાં નોકરી ન મળે. આ વાત તો હું અમેરિકામાં આવીને સમજ્યો. શરૂ શરૂમાં આવ્યો ત્યારે બેંકમાં કે બીજે કોઈ પણ ઠેકાણે સામાન્ય ક્લર્ક તરીકે નોકરી કરવા તૈયાર હતો. પણ ત્યારે મારી પાસે દેશની બે ડિગ્રીઓ—બી.કોમ. અને એલ.એલ.બી.—તો ઓલરેડી હતી જ. વધુમાં એમ.બી.એ. કર્યું. નોકરી શોધવાની શરૂ કરી ત્યારે મેં મારા રેઝ્યુમેને આ ડિગ્રીઓથી શણગાર્યું. ઉપરથી એમ.બી.એ.નું લટકણું લગાડ્યું. આવું ઇમ્પ્રેસિવ રેઝ્યુમે હોવા છતાં ક્યાંય નોકરી નહોતી મળતી. થોડી પૂછપરછ કરતાં ખબર પડી કે આ ડિગ્રીઓને કારણે હું 'overqualified' છું. ક્લર્ક

જેવા જોબ માટે તો એ લોકો હાઈસ્કૂલ ભણેલાને નોકરી આપે, કૉલેજિયનોને નહીં. અને હું તો મારી એલ.એલ.બી.ને કારણે લોયર પણ હતો! મને આ ડિગ્રીઓ વગરનું નવું રેજયુમે બનાવવાની સલાહ અપાઈ!

પછી તો બ્લેક કૉલેજમાં ટીચિંગ કરવાનો રસ્તો મળ્યો. ભણાવવાનું ગમ્યું એટલે ટીચિંગ કરવા માટે જે યુનિયન કાર્ડ જોઈતું હતું તે મેળવવા માટે હું પીએચ.ડી. થયો. ભલે હું પીએચ.ડી. થયો, પણ સાચા અર્થમાં હું સ્કોલર ન હતો. વધુમાં હું સ્કોલર થઈ શકું એવી કોઈ શક્યતા પણ નહોતી. એક જગ્યાએ પલાંઠી વાળીને બેસીને અભ્યાસ કરવા માટે જે ધીરજ અને ખંત જોઈએ એ મારી પાસે નથી. મારો અટેન્શન સ્પેન બહુ મર્યાદિત છે. હું ભલે મેક્સ વેબરની મોટી વાતો કરું, પણ એના જેવા થવા માટે જે અસાધારણ પરિશ્રમપરાયણતા જોઈએ, જે ધીરજ જોઈએ એનો મારામાં સર્વથા અભાવ છે. આ મારી નબળાઈ પહેલેથી જ છે, છતાં એનું સ્પષ્ટ ભાન મને પીટ્સબર્ગમાં થયું. પીટ્સબર્ગના મારા અનુભવે મને આ આકરો પાઠ ભણાવ્યો. થયું કે પુસ્તક લખવાની વાત તો બાજુમાં મૂકો, પણ કોઈ પુસ્તક આખું ને આખું વાંચવા જેટલી પણ મારામાં ધીરજ નથી. આ કારણે મારું વાંચન ખૂબ જ મર્યાદિત રહ્યું છે. ગુજરાતી કે અંગ્રેજી સાહિત્યના અગત્યના ગ્રંથો મેં વાંચ્યા નથી. સ્કૂલ કે કૉલેજમાં જે વાંચવું પડ્યું એ વાંચ્યું, પછી રામ રામ! ટૂંકમાં વર્તમાન અમેરિકન યુનિવર્સિટીના એકેડેમિક વાતાવરણમાં હું જો મિસફિટ હતો, અને સ્કોલર થવા જે ખંત અને ધીરજની જરૂર હતી તે પણ મારી પાસે નહોતી, તો હવે શું કરવું?

આવી દ્વિધામાં મેં મારું પીટ્સબર્ગનું ભણાવવાનું ચાલુ રાખ્યું. જો મારા આર્ટિકલ્સ કોઈ ઉચ્ચ કક્ષાના એકેડેમિક જર્નલ્સમાં પબ્લીશ ન થાય તો મધ્યમ કક્ષાના જર્નલ્સમાં પબ્લીશ થઈ શકે? અને અમેરિકાના જર્નલ્સમાં ન થાય તો યુરોપના જર્નલ્સમાં પબ્લીશ થાય? સદ્‌ભાગ્યે એવા બે જર્નલ્સમાં મારા થીસિસમાંથી તૈયાર કરેલો એક આર્ટિકલ પબ્લીશ થયો.21 ડીનની સલાહ મુજબ એક સીનીયર ફેકલ્ટી સાથે કોલાબરેશનમાં બે આર્ટિકલ્સ તૈયાર કર્યા. હું મૂળ આર્ટિકલ લખું, અને એ રંદો ફેરવે. એ બન્ને પબ્લીશ થયા. થોડી હિંમત આવી.22 છતાં હું મારી એકેડેમિક મર્યાદા સમજતો હતો. પીટ્સબર્ગમાંથી, અને ખાસ કરીને યુનિવર્સિટીના એકેડેમિક ચોકઠાંમાંથી કેમ છટકવું એનો સતત વિચાર કર્યા કરતો.

## જીએઓમાં મને ફેલોશીપ મળી

એવામાં એક દિવસ ટપાલમાં ફેડરલ ગવર્મેન્ટમાં એક વરસ કામ કરવાની ફેલોશીપમાં અપ્લાય કરવાનું નિમંત્રણ આવ્યું. બિઝનેસ સ્કૂલના પ્રૉફેસરોને ગવર્નમેન્ટનો અનુભવ મળે એ માટે આ ફેલોશીપ યોજાઈ હતી. પ્રૉફેસરોને ફેડરલ ગવર્નમેન્ટ કેમ ચાલે છે તેની ખબર પડે, અને ગવર્નમેન્ટને એકેડેમિક એક્સપર્ટનો લાભ મળે, એવા બેવડા આશયથી આ ફેલોશીપનો પ્રોજેક્ટ યોજાયો હતો. જો આવી કોઈ ફેલોશીપ મળી જાય તો વૉશિંગ્ટન જવાની અને ત્યાં કામ કરવાની તક મળે એ આશયથી મેં અપ્લાય કર્યું હતું. ઓછામાં ઓછું પીટ્સબર્ગમાંથી એક વરસ તો છુટાય. જો આપણા ભાગ્યનું પાંદડું ફરે તો કદાચ ત્યાં પરમેનન્ટ જોબ મળી જાય અને આ એકેડેમિક જંજાળમાંથી છૂટાય. જો પરમેનન્ટ જોબનું કાંઈ ન થાય તો વરસ પછી પાછા આવશું. અહીં પીટ્સબર્ગમાં જોબ તો છે જ.

મારી એપ્લીકેશનના તરત બે ફેડરલ એજન્સીઓ તરફથી ઈન્ટરવ્યૂ માટે આમંત્રણના જવાબ આવ્યા. એક એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટમાંથી, બીજો જનરલ ઍકાઉન્ટિંગ ઑફિસ (જીએઓ)માંથી. હું ઇન્ટરવ્યૂ આપવામાં તો હોશિયાર હતો જ. બંને જગ્યાએ સારી છાપ પડી અને બંને તરફથી ઓફર આવી. મેં જીએઓનો જોબ પસંદ કર્યો. ઓગણીસમી અને વીસમી સદીની શરૂઆતમાં જ્યારે અમેરિકાની ઈકોનોમી હજી એગ્રેરિયન હતી ત્યારે એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટની બોલબાલા હતી. પણ જેમ જેમ અમેરિકન ઈકોનોમી મેન્યુફેક્ચરિંગ તરફ વળવા મંડી અને નવાં નવાં મશીનોથી એગ્રીકલ્ચર સેક્ટરની પ્રોડક્ટિવિટી વધવા માંડી તેમ તેમ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટનું મહત્ત્વ ઘટવા માંડ્યું. અત્યારે માત્ર ત્રણ જ ટકા અમેરિકનો એગ્રીકલ્ચર સેક્ટરમાં કામ કરે છે, અને છતાં અસાધારણ પ્રોડક્ટિવિટી કારણે ખેતીવાડીની એટલી તો પેદાશ થાય છે કે અમેરિકા પોતાની જરૂરિયાત તો પૂરી પાડે, પણ વધુમાં એક્સપોર્ટ કરે છે.

એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટની સરખામણીમાં મને જીએઓનું વધુ મહત્ત્વ દેખાયું. અમેરિકન ફેડરલ ગવર્નમેન્ટમાં જીએઓ એક ખૂબ અગત્યની એજન્સી ગણાય. એક તો એ કોંગ્રેશનલ એજન્સી હતી. આપણા દેશના કમ્પ્ટ્રોલર જનરલ જેવી એજન્સી. વૉશિંગ્ટનમાં એની ધાક મોટી. આખીયે ફેડરલ ગવર્મેન્ટ એનાથી ગભરાય. એના કોઈ રિપોર્ટમાં તમારી એજન્સીની જો ટીકા થઈ તો તમે મોટી મુશ્કેલીમાં મુકાઈ જાઓ.

કૉંગ્રેસમાં જઈને એ બાબતની જુબાની આપવી પડે. ધારાસભ્યો એ બાબતમાં ઓપન હિઅરિન્ગ્સમાં જવાબ માંગે. છાપાંવાળાઓ પણ એ રિપોર્ટને આધારે એજન્સીનાં છોતરાં ફાડી નાખે. વધુમાં જીએઓમાં એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ કરતાં મારી ઍકાઉન્ટિંગની જાણકારીની વધુ ગણતરી થશે એમ માનીને મેં જીએઓને હા પાડી.

જી.એ.ઓ.નો અપોઈન્ટમેન્ટ કાગળ લઈને હું અમારા ડીનને મળવા ગયો. કહ્યું કે મને વૉશિંગ્ટનમાં જીએઓમાં એક વરસની ફેલોશીપ મળી છે અને મારો ત્યાં જવાનો વિચાર છે. ડીન તો વાત સાંભળીને છક્ક થઈ ગયા. એમણે મને તરત રજા આપી. આવી રીતે વૉશિંગ્ટનમાંથી જીએઓ જેવી ખ્યાતનામ એજન્સી જો આપણા ફેકલ્ટી મેમ્બરને બોલાવે તો એમાં યુનિવર્સિટીની પ્રેસ્ટીજ વધે એમ કહીને એમણે જાહેર કર્યું કે ગાંધી જીએઓને મદદ કરવા એક વરસ વૉશિંગ્ટન જશે. બીજા ફેકલ્ટી મેમ્બર્સ પણ આશ્ચર્ય પામ્યા કે હું આવી રીતે વૉશિંગ્ટન જઈ શકું છું. જો કે ડીને મને ચેતવ્યો કે મારું વૉશિંગ્ટન જવાનું એક વરસથી વધુ ન હોવું જોઈએ. નહીં તો ટેન્યર મેળવવામાં મુશ્કેલી પડશે. મેં કહ્યું કે હું તો વરસ માટે જ જાઉં છું. મેં તો હજી હમણાં જ નવું નવું ઘર લીધું છે. એ ઘરને ખાલી ભાડે જ આપવાનો છું, વેચવાનો નથી.

એ વાત સાવ સાચી હતી. જો કે ઊંડે ઊંડે એવી ઇચ્છા ખરી કે જો વૉશિંગ્ટનમાં કાયમી જોબ મળે તો લઈ લેવો, પણ એની ખાતરી શી? એવો જોબ ન મળે ત્યાં સુધી પીટ્સબર્ગનો જે જોબ હાથમાં છે તે કેમ છોડાય? એ તો સાચવી રાખવો જોઈએ. વરસ પછી જોઈશું. એમ વિચારીને હજી હમણાં જ લીધેલું ઘર એક વરસ માટે ભાડે આપ્યું. વૉશિંગ્ટનના એક પરામાં એક વરસ માટે અપાર્ટમેન્ટ ભાડે લીધો. મુંબઈના મારા જૂના મિત્ર દોશી જોગાનુજોગે ત્યાંની હાર્વર્ડ યુનિવર્સિટીમાં ટીચિંગ કરતા હતા. એ જે વિસ્તારમાં રહેતા હતા તે જ વિસ્તારમાં અમે અપાર્ટમેન્ટ લીધો.

વળી પાછા લબાચા ઉપાડ્યા અને અમે વૉશિંગ્ટન જવા ઉપડ્યા. હવે તો અમારે બે સંતાનો હતાં, અને પીટ્સબર્ગના ઘરનો સામાન પણ હતો. યુ હોલની મોટી ટ્રક લેવી પડી. હાઈવે ઉપર મેં ટ્રક ચલાવી અને મારી પાછળ નલિનીએ અમારી કાર ચલાવી. છએક કલાકે અમારો કાફલો હેમખેમ વૉશિંગ્ટન પહોંચ્યો ત્યારે અમને ધરપત થઈ. નલિનીએ પહેલી જ વાર આમ હાઈવે ઉપર ગાડી ચલાવી હતી. સામાન કરતાં મને ચિંતા હતી અમારાં સંતાનોની. દીકરો મારી સાથે, અને દીકરી નલિની સાથે. વૉશિંગ્ટન પહોંચ્યા

પછી જ મને ખ્યાલ આવ્યો કે આવી રીતે નલિની પાસે હાઈવે ઉપર ડ્રાઈવિંગ કરાવવામાં મેં કેવું મોટું જોખમ ખેડ્યું હતું.

# ૭. વૉશિંગ્ટન–જી.એ.ઓ. (૧૯૭૬ – ૧૯૯૭)

૧૯૫૭માં સાવરકુંડલા છોડ્યું પછી વૉશિંગ્ટન સિવાય ભાગ્યે જ કોઈ જગ્યાએ હું આટલાં બધાં વર્ષો રહ્યો હોઈશ. મુંબઈ, ઍટલાન્ટા, ગ્રીન્સબરો, બેટન રુજ, પીટ્સબર્ગ—આ બધાં શહેરોમાં તો કામ પતાવીને ભાગવાની જ વાત હતી. પણ જ્યારે ૧૯૭૬માં વૉશિંગ્ટન આવ્યો ત્યારે થયું કે અહીં લાંબું રહેવા મળે તો કેવું સારું! સદ્‌ભાગ્યે એવું જ બન્યું. અને આ લખાય છે ત્યારે મને અહીં વૉશિંગ્ટનમાં ચાલીસ વર્ષ થશે. લાગે છે કે બાકીની જિંદગી હવે અહીં જ જશે.

મેં આગળ જણાવ્યું તેમ અમેરિકાનું મને પહેલેથી જ આકર્ષણ હતું. હોલીવુડની મૂવીઓએ મને અમેરિકાનું ઘેલું લગાડ્યું હતું. મુંબઈમાં દરરોજ ચર્ચગેટના સ્ટેશન પર ટ્રેનમાંથી નીકળતાં જ સામે ઇરોઝ દેખાય. હોલીવુડની નવી નવી મૂવીઓ ત્યાં જોવા મળતી. સ્ટેશનથી થોડું ચાલો તો જમણી બાજુ અમેરિકન લાઇબ્રેરી જોવા મળે. મુંબઈની પરસેવે રેબઝેબ કરતી ગરમીમાં એનું એરકન્ડિશનિંગ તો ગમતું જ, પણ ત્યાં અમેરિકન મૅગેઝિન અને છાપાં જોવા મળતા. આગળ ઉપર જણાવ્યું તેમ અમેરિકન સરકેરામા જોતાં થયેલું કે આવા દેશમાં રહેવા મળે તો કેવું!

અમેરિકામાં પણ વૉશિંગ્ટનનું બહુ ઘેલું હતું. ૧૯૬૩માં મેટ્રો સિનેમામાં મેં પ્રેસિડેન્ટ કેનેડીના ફ્યુનરલની ન્યૂઝ રીલ જોયેલી. તેમાં થોડું ઘણું વૉશિંગ્ટન જોવા મળેલું. સામાન્ય રીતે મૂવી શરૂ થાય એ પહેલા ન્યૂઝ રીલ બતાવવામાં આવે. આ કેનેડી ન્યૂઝ રીલથી લોકો એટલા પ્રભાવિત થયેલા કે મૂવીને બદલે ખાસ તો એ ન્યૂઝ રીલ જોવા જતાં! એમાં પણ કેનેડીનું કોફીન પસાર થતું હતું ત્યારે જેકવેલીન કેનેડીએ વાંકા વળી નાના દીકરા જ્હોનને સલામ ભરવાનું કહ્યું અને જ્હોનને સલામ ભરતો જોઈ આખા થિયેટરમાં

તાળીઓનો ગડગડાટ થઈ ગયેલો તે મને હજી યાદ છે. એક વારથી નહીં ધરાતા હું તો બીજી વાર ખાસ ન્યૂઝ રીલ જોવા માટે મૂવીમાં ગયેલો. જો કે આજે યાદ પણ નથી કે એ કઈ મૂવી હતી!

અમેરિકામાં મેં જ્યારે કાર લીધી ત્યારે પહેલી ટ્રીપ મેં વૉશિંગ્ટનની જ કરેલી. કેપીટોલ બિલ્ડીંગ જ્યાં કૉંગ્રેસ (અહીંની પાર્લામેન્ટ) બેસે છે ત્યાંથી માંડીને ઠેઠ લીંકન મેમોરિયલ સુધી એકાદ માઈલમાં પથરાયેલો એનો ભવ્ય મૉલ, વ્હાઇટ હાઉસ, વૉશિંગ્ટન, લિંકન, જેફરસન, જેવા મહાન પ્રમુખોના સ્મારકસમા મોન્યુમેન્ટ અને મેમોરિયલ, લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, સ્મિથસોનિયન મ્યુઝિયમ વગેરે મારે જોવાં હતાં. ત્યાં વસતા અને કામ કરતા જાણીતા સેનેટર અને કૉંગ્રેસમેન અને વોલ્ટર લિપમેન જેવા વિખ્યાત કોલમિસ્ટને મળવું હતું. કોંગ્રેશનલ હીયરીંગ્સમાં જઈને બેસવું હતું.

૧૯૬૫ના ગાળામાં સેનેટર ફુલબ્રાઈટે ફૉરેન રિલેશન્સ કમિટીમાં વિએટનામની વોર વિશે જે હિયરીન્ગ્સ કર્યા હતા તે મેં ટીવી ઉપર જોયેલા. કલાકો સુધી સેક્રેટરી ઓફ સ્ટેટ ડીન રસ્ક કેન્ટ સિગરેટ ફૂંક્યે જાય અને સેનેટરોને પોતાના મોનોટોનસ ટોનમાં જરા પણ ઉશ્કેરાયા વગર જવાબ આપ્યે જાય. ત્યારે એમ પણ થયેલું કે મને કોઈ દિવસ આવા હિયરીંગમાં ટેસ્ટીફાય કરવા મળશે ખરું? પછી જ્યારે જ્યારે હું કૉંગ્રેસમાં ટેસ્ટીફાય કરતો ત્યારે સેક્રેટરી રસ્કના વિએટનામ હિયરીન્ગ્સ યાદ કરતો. એવી જ રીતે વૉશિંગ્ટનની પ્રેસ કૉન્ફરન્સ ટીવી પર જોતો ત્યારે મને થતું કે મને પ્રેસ કૉન્ફરન્સ ભરવાનો મોકો મળશે? વૉશિંગ્ટન, ત્યાં પહોંચું તે પહેલાં આમ મારી રગેરગમાં વસી ગયું હતું.

આજે ચાલીસ વરસના વસવાટ પછી પણ મને વૉશિંગ્ટનનું ઘેલું ગયું નથી. વૉશિંગ્ટનના સી.એફ.ઓ. થયા પછી મારી ઑફિસ પેન્સિલ્વેનિયા એવન્યૂ પર હતી. એ એવન્યૂના એક ખૂણે કેપિટોલ હિલ જ્યાં હાઉસ અને સેનેટ બેસે. અને બીજે ખૂણે વ્હાઈટ હાઉસ. દર ચાર વર્ષે ચૂંટાતા પ્રમુખનું કેપિટોલ સ્ટેપ્સ પર ઇનોગ્યુરેશન થયા પછી આ જ એવન્યૂ ઉપર ભવ્ય પરેડ નીકળે જે વ્હાઈટ હાઉસ સુધી પહોંચે. લંચ ટાઈમે ઘણી વાર હું એવન્યૂ પર આંટા મારવા નીકળતો.

૯/૧૧ના હત્યાકાંડ પછી વૉશિંગ્ટનમાં સિક્યુરિટી ખૂબ વધી ગઈ. પણ એ પહેલાં તો તમે કેપિટોલ બિલ્ડીંગમાં ઠેઠ ઉપર સુધી જઈ શકો. ત્યાં ઉપરથી પશ્ચિમ બાજુ નજર નાખો તમને આખોય મોલ દેખાય. મોલની જમણી બાજુ વ્હાઈટ હાઉસ, વચમાં

અમેરિકાના પહેલા પ્રેસિડેન્ટ વૉશિંગ્ટનના સ્મારકનો ઊંચો સ્થંભ, એની પાછળ વળી પાછો મોલ અને રીફ્લેક્ટિંગ પૂલ અને છેવટે લિંકનનું ભવ્ય મેમોરિયલ. એ મેમોરિયલના પગથિયાં પરથી સિવિલ રાઈટ્સ મુવમેન્ટના અગ્રણી નેતા માર્ટીન લ્યુથર કિંગે એમનું યાદગાર 'I have a dream' પ્રવચન આપેલું. કેપિટોલ ઉપરથી બીજું શું દેખાય? પ્રેસિડેન્ટ જેફરસન અને રૂઝવેલ્ટના તેમ જ બીજા વિશ્વયુદ્ધ અને વિએટનામના યુદ્ધનાં સ્મારકો, વિશ્વવિખ્યાત સ્મિથસોનિયન મ્યુઝિયમનાં અનેક બિલ્ડીંગો, અને વચમાં વહેતી પટોમક નદી—આ બધાયનો પેનોરેમિક વ્યૂ મળે. કેપિટોલની પૂર્વમાં અમેરિકાની સુપ્રીમ કોર્ટ અને લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ જોવા મળે.

અમેરિકાના જાહેર જીવનમાં આ મોલ એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. દર ચાર વર્ષે જાન્યુઆરીની વીસમી તારીખે કેપિટોલ સ્ટેપ્સ પર જે ઇનોગ્યુરેશન થાય તે જોવા હાડકાં ભાંગી નાખતી ઠંડીમાં પણ લોકો લાખોની સંખ્યામાં મોલ પર આવે. દર વર્ષની ચોથી જુલાઈએ પણ એવી જ મોટી સંખ્યામાં લોકો મોલ પર સ્વતંત્ર દિનની ઉજવણી કરે. અને તે દિવસે રાત્રે આખાયે આકાશને ઝળહળ અજવાળી દેતું ફટાકડાંઓનું ફાયર વર્ક્સ જુએ. સિવિલ રાઈટ્સ, ગે રાઈટ્સ, બ્લેક લોકોની 'મીલીયન મેન માર્ચ' જેવી અનેક મુવમેન્ટસ માટે પણ લોકો અહીં ભેગા થાય અને પોતાની વાત અમેરિકન પ્રજા અને તેના પ્રતિનિધિ કૉંગ્રેસમેન, સેનેટર, પ્રમુખ વગેરે સામે રજૂ કરે.

દેશમાંથી અને બહારગામથી આવતા મુલાકાતીઓને આ બધું હું હોંશેહોંશે બતાડતો. બને તો વ્હાઈટ હાઉસ અને કેપિટોલની ટૂર પણ ગોઠવતો. એમને લિંકન મેમોરિયલ તો અચૂક લઈ જતો. મનુભાઈ પંચોળી 'દર્શક' અને ઉમાશંકર જોશી બન્ને ત્યાં જઈ લાગણીવશ થઈ ગયેલા તે યાદ છે. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લઈ જેલ ભોગવી આવેલા ગાંધીયુગના આ અગ્રણી સાહિત્યકારો માટે ગુલામોના મુક્તિદાતા લિંકનનું વિશેષ મહત્ત્વ હોય તે સમજી શકાય. દર્શકે તો અમેરિકાની સિવિલ વોર અને લિંકન વિશે નવલકથા લખી છે. ઉમાશંકર જોશીએ એ જ સિવિલ વોરમાં જાતને હોમી દેનાર આ મહાન પ્રમુખને 'મહામના લિંકન' નામના એક સૉનેટમાં અંજલિ આપી છે. લિંકન મોન્યુમેન્ટ જોયા પછી ત્યાં પટોમક નદીને કિનારે હરિયાળા ઘાસ પર અમે ઉમાશંકર જોશી સાથે બેઠા હતા ત્યારે મેં એમને સહજ કહ્યું કે થોડાં વરસ પહેલા અમે સુરેશ દલાલ સાથે અહીં જ આવીને બેઠેલા. કવિ કહે તો હવે સુરેશ જોષીને લઈ આવો તો એમાં અમે બે ફરી આવી જશું!

## જીએઓની ફેલોશીપ

જીએઓની મારી ફેલોશીપ તો માત્ર એક જ વરસની હતી. અહીં આવતાં જ મેં વિચાર કર્યો કે અહીં હંમેશ કેમ રહી શકાય? અને ધારો કે જીએઓમાં જો ન રહી શકાય તો બીજે ક્યાંય સગવડ થાય? વૉશિંગ્ટનમાં ઘણી કૉલેજ અને યુનિવર્સિટીઓ હતી. એક તો કાળા લોકોની વિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી હતી. અહીં ક્યાંય પીટ્સબર્ગ જેવું રિસર્ચનું તીવ્ર 'પબ્લીશ ઓર પેરીશ'નું વાતાવરણ ન હતું. એમાં કંઈક આપણું થઈ શકે?

એ વિચારે મેં અહીંની અમેરિકન યુનિવર્સિટીમાં સાંજના પાર્ટ ટાઈમ પ્રૉફેસર તરીકે અપ્લાય કર્યું. એ લોકોની તરત હા આવી. એ બલિહારી પણ ઍકાઉન્ટિંગ પીએચ.ડી.ની તંગીની હતી. મારા જેવો આવો અનુભવી અને એકાંઉન્ટીંગમાં પીએચ.ડી. થયેલો પ્રૉફેસર તેમને ક્યાંથી મળવાનો હતો? વધુમાં જેમ હું પીટ્સબર્ગમાં વિદ્યાર્થીઓમાં ક્લાસ રૂમ ટીચર તરીકે પોપ્યુલર હતો, તેમ અહીં અમેરિકન યુનિવર્સિટીમાં પણ થોડા સમયમાં પોપ્યુલર થઈ ગયો. મારી ક્લાસ રૂમની પોપ્યુલારિટીની વાત ફેલાવા લાગી. વિદ્યાર્થીઓ મારા ક્લાસ આતુરતાથી ભરવા લાગ્યા. બિઝનેસ સ્કૂલના ડીને મને મળવા બોલાવ્યો અને કહ્યું કે વરસ પછી જ્યારે તમારી જીએઓની ફેલોશીપ પૂરી થાય અને તમારે જો પીટ્સબર્ગ પાછું ન જવું હોય, અને વૉશિંગ્ટનમાં રહી જવું હોય તો તમને ફુલ ટાઈમ જોબ આપવા અમે તૈયાર છીએ!

મને તો ભાવતું'તું અને વૈદ્યે કીધું. મેં એમનો આભાર માન્યો અને કહ્યું કે એ વાતનો હું જરૂર વિચાર કરીશ. હજી તો હું હમણાં જ વૉશિંગ્ટન આવ્યો છું. અને ફેલોશીપનું કામ કરવા આતુર છું. પણ આ બારી ઊઘડી એ મને ગમ્યું, જો પીટ્સબર્ગમાંથી છૂટવા માટે અને વૉશિંગ્ટનના મોહે હું અમેરિકન યુનિવર્સિટીમાં જોબ લઉં તો પણ આખરે તો યુનિવર્સિટીનું જ વાતાવરણ તો ખરું ને? મારી નજર તો જીએઓના જોબ ઉપર હતી. જો જીએઓમાં યેન કેન પ્રકારેણ જોબ મળી જાય તો યુનિવર્સિટીના રેકેટમાંથી મારો જાન છૂટે. આ આશયે જીએઓની ફેલોશીપના કામમાં લાગી ગયો.

આગળ જણાવ્યું એ મુજબ જીએઓ કોન્ગ્રેશનલ એજન્સી છે. એનું મુખ્ય કામ કૉંગ્રેસને એના કાયદા ઘડવાના કામમાં મદદ કરવાનું. કૉંગ્રેસની જુદી જુદી કમિટીઓ જીએઓને એમના હાથ નીચેની એજન્સીનું ઑડિટ કરવાનું સોંપે. નવા કાયદાઓ ઘડે એ પહેલાં જીએઓને એ વિશે અભ્યાસ કરવા કહે, અને માર્ગદર્શન માગે. હું જ્યારે

જીએઓમાં હતો ત્યારે કૉંગ્રેસની જોઈન્ટ કમિટી ઑન ટેક્સેશન જેનું કામ કંપનીઓના ટૅક્સેશનને લગતા કાયદાઓનો અભ્યાસ કરીને કૉંગ્રેસની ટૅક્સ પોલિસી ઘડવાનું હતું, તેણે જીએઓને વિનંતી કરી કે ઇન્સ્યૂરન્સ કંપનીઓના ટૅક્સેશન વિશે એ રિપોર્ટ તૈયાર કરે અને સલાહ આપે કે એ કાયદાઓમાં શું ફેરફાર કરવા જોઈએ. ઇન્સ્યૂરન્સ કંપનીઓના ટેક્સેશનને લાગુ પડતો ટેક્સ કોડ બહુ અટપટો અને અનેક પ્રકારની ગૂંચવણો ભરેલો હતો. ઇન્સ્યૂરન્સ કંપનીઓ એ ગૂંચવણોનો લાભ લઈ મોટા ભાગે કરવેરા ભરવાનું ટાળતી. કમિટીનું કહેવું હતું કે એ કોડને સરળ બનાવી શકાય ખરો? એ કંપનીઓને એમના ભાગનો ટૅક્સ ભરતી કેમ કરી શકાય? આ બાબતનો રિપોર્ટ તૈયાર કરવાનું જે પ્રોફેશનલ ટીમને સોંપાયું તેની જવાબદારી મને સોંપવામાં આવી.

આ રિપોર્ટ તૈયાર કરવા માટે અમેરિકના ઇન્સ્યૂરન્સના ધંધાની અને એની મુખ્ય કંપનીઓનોની દેશની ઈકોનોમી ઉપર શું અસર છે તેનો મેં અભ્યાસ કર્યો. એ કંપનીઓના ટેકસેશનમાં જે કાંઈ સુધારાવધારા થાય તેની લાઈફ, પ્રોપર્ટી, ઓટોમોબાઈલ વગેરેના ઇન્સ્યૂરન્સનો ધંધો કરતી કંપનીઓ અને ગ્રાહકો પર શું અસર થાય તે અમારે ખાસ જાણવું હતું. એ રિપોર્ટ તૈયાર કરવા મારે ઇન્સ્યૂરન્સ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓને અને એના લોબીઇસ્ટ, અર્થશાસ્ત્રીઓ અને ધંધાના એકેડેમિક નિષ્ણાતો વગેરેને વારંવાર મળવાનું થતું. મારી ટીમ સાથે આ બધો અભ્યાસ કરતાં એક વરસ તો ક્યાંય નીકળી ગયું, અને રિપોર્ટ પૂરો કરતા બીજા છસાત મહિના નીકળી જાય એવું લાગ્યું.

જીએઓના ઉપરીઓએ મને વિનંતી કરી કે હું આ રિપોર્ટ પૂરો થાય ત્યાં સુધી મારી ફેલોશીપ લંબાવીને જીએઓમાં રહી શકું ખરો કે? મેં કહ્યું કે મારે પીટ્સબર્ગ જઈને ડીનને મળવું જોઈએ. એ જો મને એક વરસ વધુ રહેવાની છૂટ આપે તો હું જરૂર જીએઓમાં રહીને આ કામ પૂરું કરીશ. હું પીટ્સબર્ગ ગયો. ડીનને મળ્યો અને મારી મૂંઝવણની વાત કરી. વધુમાં કહ્યું કે આ રિપોર્ટ દ્વારા ઇન્સ્યૂરન્સ જેવા અગત્યના ધંધાના ટૅક્સેશનને બદલાવી સરળ કરવાની આ મોટી તક છે. જો એમની રજા હોય તો જીએઓમાં એક વરસ વધુ રહું. એમ પણ કહ્યું કે આપણી યુનિવર્સિટીનો એક ફેકલ્ટી મેમ્બર જો આવું અગત્યનું કામ કરે તેમાં યુનિવર્સિટીની પણ ખ્યાતિ વધશે.

હાર્વર્ડ જેવી ઉચ્ચ કક્ષાની યુનિવર્સિટીના પ્રૉફેસરો છાશવારે વૉશિંગ્ટન જાય અને ફેડરલ ગવર્નમેન્ટમાં વરસ બે વરસની અપોઈન્ટમેન્ટ લે અને પાછા યુનિવર્સિટીમાં

આવી જાય. પ્રેસિડેન્ટ કેનેડીએ પ્રૉફેસર જ્હોન કેનેથ ગાલ્બ્રેથને અમેરિકન એમ્બેસેડર થઈને ઇન્ડિયા જવાનું કહ્યું ત્યારે આ રીતે હાર્વર્ડમાંથી એ બે વરસની રજા લઈને ઇન્ડિયા આવ્યા હતા. દરેક અમેરિકન પ્રેસિડેન્ટના ઇકોનોમિક એડવાઈઝર્સ સામાન્ય રીતે યુનિવર્સિટી પ્રૉફેસરો જ હોય છે. એ બધા મોટે ભાગે વરસ બે વરસની રજા લઈને વૉશિંગ્ટન જાય અને પાછા આવી જાય. આવા બધા દાખલા દલીલ લઈને હું ડીનને મળવા ગયો હતો. પણ એવું કંઈક કહેવાની જરૂર ન પડી. ડીન મારી વાત તરત સમજ્યા. મને હા પાડી, પણ મને ચેતવણી પણ આપી કે આનાથી વધુ એક્સ્ટેંશન નહીં મળે. જો હું આ પછી એક વરસમાં પાછો નહીં આવું તો મારો પીટ્સબર્ગનો જોબ જશે. મેં હા પાડી અને કહ્યું કે હું એમની વાત સમજુ છું. એમ પણ કહ્યું કે મારી ઇચ્છા તો અહીં પાછા આવવાની જ છે. જુઓ, હજી પીટ્સબર્ગમાં મારું ઘર છે જ!

## જીએઓમાં પરમેનન્ટ જોબ મળ્યો

વૉશિંગ્ટન પાછો આવી ઇન્સ્યૂરન્સ ટૅક્સેશનનો રિપોર્ટ તૈયાર કરવામાં લાગી ગયો. બીજા છએક મહિના પછી રિપોર્ટ તૈયાર થયો. કૉંગ્રેસના સ્ટાફ અને મેમ્બર્સને આ રિપોર્ટ વિશે બ્રીફ કર્યા. અમારા રિપોર્ટે જે સુધારાવધારા સૂચવ્યા હતાં તે જો કાયદામાં મૂકવામાં આવે તો સાતેક બીલિયન ડોલરનો વધુ ટેક્ષ ઇન્સ્યૂરન્સ કંપનીઓએ આપવો પડે. એ વાત એમને ગમી. એ બાબતના હિઅરિન્ગ્સ નક્કી થયા. જીએઓના ઉચ્ચ અધિકારીઓ સાથે મેં આ કોન્ગ્રેશનલ હિઅરિન્ગ્સમાં જઈને જુબાની આપી. ઇન્સ્યૂરન્સ કંપનીઓમાં મારી ખ્યાતિ પ્રસરી ગઈ કે ગાંધીથી ચેતતા રહેવું. એણે તૈયાર કરેલા રિપોર્ટથી આપણે હવે વધુ ટૅક્સ આપવો પડશે. કૉંગ્રેસમાં પણ કમિટી સ્ટાફના લોકોએ મને કહ્યું કે જે કામ તમે ઇન્સ્યૂરન્સ કંપનીઓના ટેક્શેશન કર્યું એવું જ કામ ડીફેન્સ કોન્ટ્રેક્ટર્સ માટે કરો. એ કંપનીઓ પણ પૂરતો ટૅક્સ ભરતી નથી. જીએઓના ઉચ્ચ અધિકારીઓ મારા કામનું મહત્ત્વ સમજ્યા. મને કહે કે તમને અમે અહીં ઊંચી કક્ષાનો જોબ આપવા માગીએ છીએ. મને તો ભાવતું'તું ને વૈદ્યે કીધું.

જેવો જીએઓનો પરમેનન્ટ જોબ નક્કી થયો કે હું દોડીને પીટ્સબર્ગ ગયો. ડીનને મળ્યો, અને રાજીનામું આપ્યું. કહ્યું કે વૉશિંગ્ટનમાં ટૅક્સેશનના ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ આવું અગત્યનું કામ કરવાની તક મને મળે છે તે મારાથી ન જવા દેવાય. એમણે મારે માટે

પીટ્સબર્ગમાં જે સગવડ કરી આપી હતી, એમની મારે માટે જે ભલમનસાઈ હતી તે માટે મેં એમનો આભાર માન્યો. હું પીટ્સબર્ગ યુનિવર્સિટી છોડતો હતો તે એમને ગમ્યું નહીં, પણ એ મારી વાત સમજી શક્યા. મારું રાજીનામું સ્વીકાર્યું. એમ પણ કહ્યું કે ભવિષ્યમાં વૉશિંગ્ટન ન ફાવ્યું અને એકેડેમિક દુનિયામાં પાછું આવવું હોય તો મને જણાવવું!

સીનિયર ફેકલ્ટી મેમ્બર્સ જે નાકનું ટેરવું ઉપર ચડાવીને ફરતા અને મારા જેવા નવાસવાની સામે જોતા પણ નહીં, તે એકાએક મારી સાથે વિવેકથી વાતો કરવા મંડ્યા, મારા ખબરઅંતર પૂછતા થઈ ગયાં! એમ પણ મને કહ્યું કે વૉશિંગ્ટનના મારા કામકાજમાં એમની જો મદદની જરૂર પડી તો જણાવવું! એ લોકો તો માની જ ન શક્યા કે હું વૉશિંગ્ટનમાં જઈને આવું અગત્યનું કામ કરી શક્યો અને જીએઓમાં ઉચ્ચ કક્ષાનો જોબ મેળવી શક્યો. નવા ફેકલ્ટી મેમ્બર્સ જે મારી સાથે યુનિવર્સિટીમાં જોડાયેલા તેમાંથી ઘણાએ મને ખાનગીમાં કહ્યું પણ ખરું કે એમને માટે પણ જો વૉશિંગ્ટનમાં કોઈ વ્યવસ્થા થઈ શકે તો જરૂર કરવી!

વૉશિંગ્ટનમાં પરમેનન્ટ જોબ મળ્યો એનો અર્થ એ થયો કે મારે હવે પીટ્સબર્ગનું ઘર જે ભાડે આપ્યું હતું તે વેચીને વૉશિંગ્ટનમાં ઘર લેવું જોઈએ. છેલ્લાં બે વરસથી વૉશિંગ્ટનમાં અમે ભાડાના અપાર્ટમેન્ટમાં રહેતાં હતાં. પીટ્સબર્ગના ઘરમાં જે રહ્યો સહ્યો સામાન હતો તે વળી પાછો યુ હોલના મોટા વેગનમાં ભર્યો. ઘર વેચવા મૂક્યું. પીટ્સબર્ગને બાય બાય કરી, અમે વૉશિંગ્ટન ભણી વેગન ચલાવ્યું.

## ‘હેરી ધ હોમ ઓનર’

અમેરિકામાં ઘર લેવું વેચવું એ ભારે માથાકુટિયું કામ છે. મહિનાઓ નીકળી જાય, ખાસ કરીને ઘર લેવામાં. ઘર લેતી વખતે જ્યાં આપણે મૂવ થવાના છીએ ત્યાં સંતાનોની સ્કૂલ કેવી હશે તેની મુખ્ય ચિંતા. સ્કૂલમાં ભણતર કેવું હોય, કયા પાઠ્યપુસ્તકો વાપરવાં, કેવા ટીચર રાખવા વગેરે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બધા પ્રશ્નો લોકલ ગવર્નમેન્ટ નક્કી કરે. સંતાનોનાં માબાપો એ બધી બાબતમાં જબરો રસ લે. બધાને ખબર હોય છે કે જો સંતાનો નબળી સ્કૂલમાં જશે તો એમને સારી કૉલેજમાં એડમિશન મળવું મુશ્કેલ પડશે. કાઉન્ટી સરકારના પ્રોપર્ટી ટેક્સ આ સ્કૂલ સિસ્ટમનો ખર્ચ કાઢવામાં વપરાય.

અમેરિકા જેવી વિશ્વસત્તાની રાજધાની હોવા છતાં વૉશિંગ્ટન એક શહેર તરીકે નાનું

ગણાય. મુંબઈના એક પરા કરતાં પણ એની વસ્તી (લગભગ ૭૦૦,૦૦૦) ઓછી. લોકો આજુબાજુના પરાંઓમાંથી સવારમાં ત્યાં કામ કરવા આવે અને સાંજના ઘરે પાછા જાય. મોટા ભાગના લોકો અહીં ફેડરલ ગવર્નમેન્ટ સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા હોય. કાં તો સરકારી નોકર હોય, અથવા કન્સલ્ટન્ટ હોય કે લોબીઇસ્ટ હોય. ફેડરલ ગવર્નમેન્ટમાં કામ કરતા બ્યુરોક્રેટ્સ મોટે ભાગે વર્જિનિયા અને મેરીલેન્ડ નામના બાજુમાં આવેલા રાજ્યોમાં વસે. ખાસ તો વર્જિનિયાની ફેર્ફેક્સ અને મેરીલેન્ડની મોન્ટગોમરી નામની કાઉન્ટીઓમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ અને બીજો પૈસાદાર વર્ગ વસે. ત્યાં સ્કૂલો બહુ સારી. પાર્ક્સ, લાઇબ્રેરીઓ જેવી સગવડો પણ સારી. સ્વાભાવિક રીતે જ ત્યાં ઘર મોંઘાં હોય. અમને થયું કે સંતાનોનું ભણતર એમના ભવિષ્ય માટે ખૂબ અગત્યની વાત છે. વૉશિંગ્ટન શહેરની પોતાની સ્કૂલો ખરી, પણ પ્રમાણમાં એનું ધોરણ ઘણું નીચું. એવી જ રીતે બાજુમાં આવેલી પ્રિન્સ જ્યોર્જ કાઉન્ટીની સ્કૂલો પણ બહુ સારી ન ગણાય.

આ બાબતમાં રંગભેદ પણ ઘૂસેલો ખરો. વૉશિંગ્ટન શહેર અને પ્રિન્સ જ્યોર્જ કાઉન્ટીમાં કાળા માણસોની બહુમતિ. એમની આર્થિક પરિસ્થિતિ સારી નહીં હોવાને કારણે ત્યાં સ્કૂલો, લાઇબ્રેરી, પાર્ક્સ વગેરે જાહેર સુવિધાઓ માટે ખર્ચો કરવાની સગવડ ઓછી. આ કારણે એ વિસ્તારોમાં ઘર પ્રમાણમાં સસ્તાં મળે. ઘરો કેટલાં મોંઘાં છે તે વિચારવાનું રહ્યું. નલિની તો બાળઉછેરમાં પડી હતી. એની કોઈ આવક નહોતી. એક જ પગારમાંથી મોર્ગેજ ભરવાની અને ઘર ચલાવવાની વાત હતી. છતાં એક વાત સ્પષ્ટ હતી કે જ્યાં સ્કૂલો સારી હોય ત્યાં જ ઘર લેવું. મોંઘું હોય તો પણ. વિચાર્યું કે કરકસરથી રહીશું, પણ સંતાનોનું ભવિષ્ય અગત્યનું છે.

વધુમાં દરરોજ ગાડી ચલાવીને ઑફિસ જવાનું છે એટલે ટ્રાફિકનો પણ ખ્યાલ રાખવો જરૂરી હતો. રોજના કમ્યુટીંગ માટે અમેરિકામાં વૉશિંગ્ટનનાં પરાંઓનો ટ્રાફિક બહુ ખરાબ ગણાય. દરરોજના બબ્બે કલાક ગાડીમાં આવવા જવામાં જાય. લોકો સવારના છ વાગે ઘરેથી નીકળે તો પણ ટ્રાફિકમાં ફસાય! આ બાબતમાં વધુ તપાસ કરતા ખબર પડી કે મેરીલેન્ડ કરતાં વર્જિનિયાનો ટ્રાફિક વધુ ખરાબ. તેથી અમે વર્જિનિયા પડતું મૂકી ને મેરીલેન્ડની મોન્ટગોમરી કાઉન્ટીમાં ઘર શોધવાનું નક્કી કર્યું.

અનેક ઘર જોયા પછી, ચાર બેડરૂમ, બેઝમેન્ટ અને એકાદ એકરના યાર્ડવાળું ઘર પસંદ કર્યું. મોન્ટગોમરી કાઉન્ટીના સિલ્વરસ્પ્રિંગ નામના વિસ્તારમાં સ્ટોનગેટ

નેબરહુડમાં ઘર હતું. પાડોશમાં મોટા ભાગના રહેવાસીઓ યહૂદી લોકો હતા. યહૂદી લોકો એમના સંસ્કાર, ધર્મપ્રીતિ, રીતરિવાજો, અને ભણતર માટે જાણીતા. યુરોપ અને અમેરિકાની ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રગતિમાં યહૂદી લોકોનો મોટો ફાળો. ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધના ગાળામાં નાઝી ત્રાસમાંથી બચવા યુરોપમાંથી ભાગીને જે યહૂદી લોકો અમેરિકામાં આવ્યા હતા તેમના મહાન પ્રદાનનો જોટો મળવો મુશ્કેલ છે.

પાડોશની સ્કૂલમાં બન્ને બાળકોને દાખલ કર્યા. બાળકો ચાલતાં ચાલતાં જઈ શકે એટલી નજીક સ્કૂલ હતી. વળી બાજુમાં પાડોશનો સ્વીમીંગ પુલ હતો. અમારાં બન્ને સંતાનો એની સ્વીમીંગ ટીમમાં જોડાઈ ગયાં. એમના શારીરિક વિકાસમાં સ્વીમીંગ ખૂબ લાભદાયી નીવડ્યું. સ્વીમીંગ પુલમાં આખા નેબરહુડના છોકરાઓ ભેગા થાય. તેમનામાં અનેકની સાથે તેમની જે મૈત્રી થઈ તેથી આડોશપાડોશમાં એમની અવરજવર વધી. અમારા કરતાં સંતાનો પાડોશમાં વધુ ભળી ગયા. પાડોશના લોકો અમને અપૂર્વ અને સોનાના માબાપ તરીકે ઓળખતા. ધીમે ધીમે છોકરાઓ સાથે સાથે અમે પણ પાડોશમાં ભળી ગયા.

અમેરિકામાં યાર્ડ સાથેનું મોટું ઘર ચલાવવું એ માથાકૂટની વાત છે. વિન્ટરમાં બરફ પડે તે શવલ કરવાનો, સમરમાં ઘાસ કાપવાનું, યાર્ડને સાફસૂફ અને સ્વચ્છ રાખવાનું, ઘરનું રૂફ રીપેર કરવાનું, રંગરોગાન કરવાના—આવાં આવાં કામો કરવામાં જ અમારા વિકેન્ડ જાય. આ તો ઘરની બહારની વાત થઈ. આવડું મોટું ઘર હોય તો એને અંદરથી સ્વચ્છ અને સાફ રાખતાં નાકે દમ આવી જાય. આવું બધું કામ કરનારા માણસો મળી રહે, પણ એ તો બહુ મોંઘા પડે એટલે જાતમહેનત જિંદાબાદ કરીને લોકો જાતે જ આવું બધું કામ કરે. એ ઉપરાંત ઘરમાં ડીશ વોશર, ડ્રાયર, ટીવી, સ્ટવ, રેફ્રીજરેટર જેવા જે અનેક ગેજેટ હોય છે તે તૂટી-ફૂટી જાય કે ચાલે નહીં ત્યારે એ બધા રીપેર કરતા આપણને આવડવું જોઈએ, નહીં તો એના મોંઘાદાટ રીપેરમેન બોલાવવા પડે.

એક વાર ઘર લીધા પછી અમેરિકામાં જેને 'હેરી ધ હોમ ઓનર' કહે છે તેની જેમ હું પણ હાર્ડવેર સ્ટોરમાં આંટા મારતો થઈ ગયો. મોટે ઉપાડે ટૂલ બોક્સ લીધું પણ હેન્ડીમેન બનવામાં હું સર્વથા નિષ્ફળ નીવડ્યો. એટલું જ નહીં પણ જે જે કામ કોઈ પણ અમેરિકન માટે રૂટીન હોય છે, જેમ કે કારનું ઓઈલ બદલવું, કે ફ્લૅટ ટાયરને રીપ્લેસ કરવું, તે પણ કરવું મારે માટે મુશ્કેલ હતું. આ બતાવે છે કે મારું અમેરીકાનાઈજેશન હજી એટલું અધૂરું હતું. પરિણામે આ બધું બીજાઓ પાસેથી મોંઘા ભાવે કરાવી લેતો. મારી આ

અણઘડતા મને કઠતી. આ બાબતમાં નલિની મને વઢતી. છતાં કોણ જાણે કેમ પણ એવું બધું શીખવાની મારી તૈયારી જ નહોતી.

## સામાજિક સંબંધો

વૉશિંગ્ટન એરિયામાં ઘણાં ગુજરાતી કુટુંબો વસતાં હતાં. એમના કેટલાક અગ્રણી ગુજરાતીઓને વૉશિંગ્ટન એરિયાનો પહેલો ગુજરાતી સમાજ સ્થાપવો હતો. તે પ્રયાસમાં મેં મદદ કરી. તેવી જ રીતે અન્ય ભાષી ભારતીયોના સહકારથી અમે એક ઇન્ડિયન અસોશિએશન પણ સ્થાપ્યું. વૉશિંગ્ટનની જેમ જ ન્યૂ યૉર્ક, ફિલાડેલ્ફિયા, બોસ્ટન વગેરે શહેરોમાં પણ ગુજરાતી સમાજો અને ઇન્ડિયન અસોશિએશનો સ્થપાવા માંડ્યાં. આ બધાંનું એક રાષ્ટ્રીય અસોશિએશન કરવામાં પણ મેં મદદ કરી. આ બધી પ્રવૃત્તિઓને કારણે અમારું મિત્રવર્તુળ ઘણું વધ્યું.

૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં આવેલા ભારતીયો બહુધા ડૉક્ટર, એન્જિનિયર, ફાર્મસીસ્ટ, કે અકાઉન્ટન્ટ એવા પ્રોફેશનલો હતાં. પોતાની ધંધાકીય સૂઝ અને પ્રોફેશનલ કૌશલ્યથી એ બધા અમેરિકન ઇકોનોમીમાં બહુ સારી રીતે ગોઠવાઈ ગયાં. આ પહેલી પેઢીના ભારતીયોનું પ્રોફેશનલ અને ઇકોનોમિક એસીમીલેશન જો સારી રીતે થયું, તો બૃહદ્ અમેરિકન સમાજમાં એ સહેલાઈથી ભળી શક્યા નથી. એમના રીતરિવાજો, માન્યતાઓ, ધર્મપ્રથાઓ, ખોરાક, પોશાક વગેરેને કારણે એ જુદા તરી આવતા હતા.

દેશથી હજારો માઈલ દૂર વસતા હોવાથી પોતે એકલા ન પડી જાય એ માટે એમણે અનેક મંડળો અને ધાર્મિક સંસ્થાઓ ઊભી કરી. જેમજેમ અહીં ભારતીયોની વસ્તી વધતી ગઈ તેમ તેમ અહીં મંદિરો, ગુરુદ્વારાઓ, અપાસરાઓ અને આશ્રમો બંધાવા માંડ્યાં. સ્વામીનારાયણ સંસ્થાએ શિકાગો, ઍટલાન્ટા, હ્યુસ્ટન વગેરે શહેરોમાં જે મંદિરો બાંધ્યાં છે તેની ભવ્યતા ખરે જ અસાધારણ છે. આ મંદિરોમાં અને અન્ય ઠેકાણે થતી ધાર્મિક પ્રવૃત્તિઓ કારણે દેશમાંથી અનેક સાધુ, ગુરુ, સ્વામી, ઉપદેશકો વગેરે અહીં દર સમરમાં આવીને ઊભા જ હોય. દિવાળી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, વૈશાખી, કાલીપૂજા વગેરે ઉત્સવો ભભકાથી અહીં ઉજવાય છે. એમાંય નવરાત્રિના દિવસોમાં તો રાસ રમવા માટે ન્યુ જર્સી જેવા સ્ટેટમાં જ્યાં ગુજરાતીઓની વસતી વધુ હોય છે ત્યાં તો વિશાળ તંબૂઓ તણાય અને મોડી રાત સુધી હજારો લોકો રાસ ગરબા રમે. એ

માટે દેશમાંથી ગાયકો અને સંગીતકારો ખાસ આવે અને ગામે ગામે ફરે. આ સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક અને ધાર્મિક મંડળોને કારણે અમેરિકામાં વસતા ભારતીયોની રોજબરોજની જિંદગી, ખાસ કરીને વિકેન્ડમાં પ્રવૃત્તિઓથી ધમધમી રહે છે.

એટલું જ નહીં પણ અહીં વસતા ગુજરાતીઓ, મરાઠીઓ વગેરે વિવિધ ભાષીઓની એટલી તો વસ્તી વધી ગઈ છે કે એ બધા દર વરસે બે વરસે પોતાના સમ્મેલનો યોજે જેમાં હજારોની સંખ્યામાં લોકો હાજર રહે. એવું જ જુદા જુદા ધર્મના અનુંનાયીઓનું. આવાં સમ્મેલનોમાં દેશમાંથી પ્રધાનો, સ્વામીઓ, ગુરુઓ, બૉલીવુડના લોકો આવે અને મોટો ઉત્સવ કરે. દર પંદરમી ઓગસ્ટે ન્યૂ યૉર્કમાં ઇન્ડિયા-ડે ઉજવાય. એની મોટી પરેડ નીકળે જેમાં બૉલીવુડની કોઈ એક્ટ્રેસ આવી જ હોય. તે ઉપરાંત ન્યૂ યૉર્કના મેયર અને બીજા અધિકારીઓ પણ હાજરી આપે.

અહીંની વિધવિધ સામાજિક પ્રવૃત્તિઓને કારણે નલિનીને વૉશિંગ્ટન ખૂબ ગમ્યું. એક તો એને મોટું ઘર મળ્યું જે એ પોતાની ઇચ્છા મુજબ સજાવી શકે. અમે લોકો તો મુંબઈની ચાલીની એક જ ઓરડીમાં રહ્યા હતા. જે અમારી ઓરડી હતી તેની સાઈઝ અમારા ઘરના માસ્ટર બેડરૂમથી પણ ઓછી! વધુમાં ઘરનું મોટું બેજમેન્ટ પણ એને ખાસ ગમ્યું. ત્યાં એ મોટી પાર્ટીઓ કરી શકે. અમારા મિત્રોમાં લગભગ બધાંને ત્યાં નાનાં બાળકો હતાં. વારંવાર થતી પાર્ટીઓને કારણે અમારાં બાળકોને એમની ઉંમરનાં અનેક મિત્રો મળી ગયાં. એ મૈત્રી એમણે આજ સુધી જાળવી રાખી છે. આ મૈત્રીમાંથી કેટલાકને એમના ભવિષ્યના જીવનસાથીઓ પણ મળ્યાં! મિત્રોએ સગાંઓની ગરજ સારી. પાર્ટીઓને કારણે સંબધો બંધાયા. આમ અમે પરદેશમાં રહીએ છીએ એવી લાગણી ઓછી થઈ.

આ સ્ટોનગેટનું ઘર મારા જીવનમાં ઘણું અગત્યનું છે. ૧૯૭૯માં એ ઘર લીધું. અમારા દામ્પત્યનાં, અરે, અમારી જિંદગીનાં વધુમાં વધુ (ત્રીસ) વરસો આ ઘરમાં જ ગાળ્યાં. અમારા બન્ને સંતાનો ત્યાં મોટાં થયાં અને અમે એમને ત્યાંથી જ પરણાવ્યાં. શું દેશમાં કે શું અમેરિકામાં અત્યાર સુધી જ્યાં જ્યાં હું રહ્યો છું ત્યાં મને હંમેશ ઉભડક હોવાની લાગણી થઈ છે. જ્યાં જ્યાં હતો ત્યાં બધે થતું કે મારે અહીંથી નીકળવાનું છે. પણ વૉશિંગ્ટનમાં સ્ટોનગેટનું ઘર લીધું ત્યારે મને પહેલી જ વાર થયું કે બસ અહીં ઠરીઠામ થવું છે.

જે ઘરમાં અમે ત્રીસ વરસ રહ્યા, જ્યાં અમારાં સંતાનો ઉછર્યાં અને જ્યાંથી એ

પરણ્યાં, જ્યાં મારા બા, બહેન, મારા અને નલિનીના ભાઈ અને તેમના ફેમીલીઓ દેશમાંથી આવીને રહ્યા, જ્યાં અનેક જાણીતા અણજાણીતા મહેમાનો ઊતર્યા, જ્યાં ખ્યાતનામ ગુજરાતી સાહિત્યકારો—મનુભાઈ પંચોળી, ઉમાશંકર જોશી, નિરંજન ભગત, બકુલ ત્રિપાઠી, સુરેશ દલાલ, હરીન્દ્ર દવે—વગેરે આવીને રહ્યા, જ્યાં સાહિત્ય અને સંગીતના અનેક કાર્યક્રમો થયા, જ્યાં અનેક પાર્ટીઓ થઈ, તે ઘર ૨૦૦૯માં મેં વેચ્યું. નલિનીના નિધન પછી એ ઘરમાં મારે માટે રહેવું મુશ્કેલ થઈ પડ્યું. જાણે કે આખું ઘર મને ખાવા ધાતું હોય એમ લાગતું. બન્ને સંતાનોએ તો પોતપોતાના ઘર વસાવ્યાં હતાં. આવડા મોટા ઘરની કોઈ જરૂર ન હતી. મેં નક્કી કર્યું કે આ મોટું ઘર અને શહેરમાં લીધેલું નાનું કોન્ડોમીનિયમ બન્ને વેચી દેવાં અને મોટું અને સારું કોન્ડોમીનિયમ શહેરમાં લઈ લેવું જે પછી મારું હંમેશનું મુકામ બને.

## નલિનીનું દુ:ખદ નિધન

નલિનીના બધાં ભાઈ બહેનોને હૃદય રોગ અને ડાયાબિટીસ જાણે કે વારસામાં જ મળ્યાં હતાં. એ બધાં પચાસ સાઠની ઉંમરે ગુજરી ગયેલા. દેશમાં એમની આર્થિક પરિસ્થિતિને કારણે યોગ્ય સારવાર પણ નહોતી થઈ શકી. અમેરિકા આવ્યા પછી નલિની અને તેનો એક ભાઈ જેને અમે અમેરિકા બોલાવેલો હતો તે બન્નેને વૉશિંગ્ટનના ઉત્તમ ડૉક્ટરોની દેખરેખ નીચે અહીંની અદ્યતન હૉસ્પિટલોમાં પૂરતી સારવાર મળી છતાં ૨૦૦૯માં નલિનીનું મૃત્યુ થયું ત્યારે એની ઉંમર ૬૯ની અને એનો ભાઈ જે પછી છ જ મહિનામાં ગુજરી ગયો તેની ઉંમર ૬૫ની. ૬૦ની ઉંમર પછી આ વારસાગત રોગોને કારણે નલિનીની તબિયત લથડી હતી. પાછલાં વરસો તો ડૉક્ટરોની ઑફિસો અને હૉસ્પિટલોમાં આંટા મારવામાં જ ગયા.

નલિનીનું અને મારું ૪૭ વર્ષનું દામ્પત્ય વર્તમાન અમેરિકન દષ્ટિએ ઘણું લાંબું ગણાય, છતાં એ સર્વથા પ્રસન્ન હતું તેવું કહેવાનો હું દંભ હું નહીં કરું. અમારા દામ્પત્યના શરૂઆતનાં વર્ષો ખૂબ કપરાં હતાં. આગળ જણાવ્યું તેમ લગ્ન થતાં જ અમારે જુદાં રહેવું પડ્યું. મુંબઈમાં અમારી રહેવાની વ્યવસ્થા નહીં થઈ શકી તેથી મારે એને દેશમાં મોકલવી પડી. એ જ્યારે મુંબઈ આવી ત્યારે પણ અમે દર ત્રણ મહિને સેનિટોરિયમ બદલાવતાં ઘણું રઝળ્યાં. જ્યારે ઓરડી મળી ત્યારે પણ અમે

બંને હૂતોહૂતી સાથે એકલાં કદી રહી શક્યા નથી. એક તો નાની એવી ઓરડી અને એમાં કોઈને કોઈ ઘરમાં સાથે હોય જ. અમારે જે પ્રાઇવસી જોઈતી હતી તે મળી જ નહીં. મુંબઈના શરૂઆતના વર્ષોમાં તો નોકરી સાથે હું કાં કંઈ ભણતો હોઉં અથવા ટ્યુશન કરતો હોઉં તેથી સવારના વહેલો નીકળું. સાંજે મોડો ઘરે આવું ત્યારે થાકેલો હોઉં. ઓછાં પગારની નોકરીમાં ખૂબ કરકસરથી ઘર ચલાવવાનું, દૂર પરાંમાં નાની ઓરડીમાં સાંકડુંમાંકડું રહેવાનું, દેશમાંથી આવેલો તીતાલી ભાઈ વળી એ ઓરડીમાં સાથે—આમ લગ્ન પછીના શરૂઆતનાં અમારાં વર્ષો આનંદ અને ઉલ્લાસમાં નહીં પણ સંયુક્ત કુટુંબની કચકચમાં અને ઘસરડાં કરવામાં ગયા. આ બધું ઓછું હોય એમ પ્રથમ પુત્ર જન્મતાં જ મૃત્યુ પામ્યો.

હું અમેરિકા ભણવા આવ્યો ત્યારે વળી પાછું નલિનીને એકલું રહેવું પડ્યું. એના અમેરિકા આવ્યા પછી પણ મારું વધુ ભણવાનું તૂત તો ચાલુ જ હતું. અહીંયા મારું પીએચ.ડી. કરવા અને સારી નોકરી કરવા શોધવા માટે અમે ઘણું રખડ્યાં. દેશના અને અહીંના મારા રઝળપાટમાં મેં નલિનીને ઘણો અન્યાય કર્યો છે. મેં એના ગમાઅણગમા ભાગ્યે જ વિચાર કર્યો છે. કોઈ પણ ભારતીય સ્ત્રીની જેમ એને પણ એનું લગ્ન ધામધૂમથી કરવું હતું, તે મેં ન કરવા દીધું. મેં મારી સુધારાની ધૂનમાં સાદાઈથી સિવિલ મેરેજ કર્યા. આમ દાંપત્યની શરૂઆતથી માંડીને આખી જિંદગી એને ગમે કે નહીં તે છતાં મેં મારું જ ધાર્યું કર્યું છે એને સાથે ઘસડી છે. આવા સંઘર્ષમય જીવનમાં પણ એણે રતન જેવા બે સંતાનોને ઉછેર્યાં, ભણાવ્યાં અને પરણાવ્યાં. આજે એ સંતાનોને ઘરે તેમના રતન જેવાં સંતાનો છે. આ બધાનો યશ નલિનીને જ જાય છે. શું દેશમાં કે શું અમેરિકામાં હું હંમેશ મારી કરિયર બનાવવામાં જ પડ્યો હતો. મોટે ઉપાડે આ કરવું અને તે કરવું એવી ઘેલછા ઝાઝી, આવડત ઓછી અને મારી મહત્ત્વાકાંક્ષાની કોઈ હદ નહીં. જે કરું તેનાથી મારા અસંતોષી જીવને બધું ઓછું પડે. આ કારણે જે નિષ્ફળતાઓ મળી છે તેનો ત્રાસ નલિનીએ જ સહન કરવો પડ્યો છે.

વધુમાં મારું અતડાપણું અમારી સોશિયલ લાઈફમાં આડું આવતું હતું. દેશમાંથી આવેલા બીજા ભારતીયો સાથે હું સહેલાઈથી હળીમળી ન શકતો. એમના અને મારા શોખ જુદા. પાર્ટીઓમાં પોપ્યુલર થવા માટે જે ચીજોની જરૂરિયાત હોય છે—ગાવું, નાચવું, ગૉસિપ કરવી, પત્તાં રમવા—આ બધાંનો મારામાં સર્વથા અભાવ. અને જે વસ્તુઓમાં મને રસ—સાહિત્ય, બૃહદ અમેરિકન સમાજ અને સંસ્કૃતિ, બૌદ્ધિક

ચર્ચા—એ બધું અમારા મિત્રમંડળમાં વેદિયાપણામાં ખપે. આ કારણે અમને પાર્ટીઓના આમંત્રણ ઓછાં આવતાં. એ વાત નલિનીને કઠતી. આ પાર્ટીઓમાં જવું એ મારે માટે સજારૂપ હતું ત્યારે એ અને સંતાનો તો વિકેન્ડની પાર્ટીઓની રાહ જોઈને બેઠાં હોય! નલિની મને વારંવાર ઠપકો આપતી કહે કે મારે લોકોમાં હળવુંમળવું જોઈએ.

હું ગમે તેટલો પ્રયત્ન કરું તોય મારામાં કંઈ બહુ ફેરફાર ન થયો. ઘરમાં કે ઘરની બહાર હું એવો ને એવો મૂજી જ રહ્યો. આજે હું જ્યારે અમારા દીર્ઘ લગ્નજીવનનો વિચાર કરું છું ત્યારે મારે કબૂલ કરવું જોઈએ કે એક પ્રેમાળ પતિ તરીકે હું સર્વથા નિષ્ફળ ગયો છું તેનો ડંખ આજે મને સતાવે છે. મારા ત્રીજા કાવ્યસંગ્રહ, પેન્સિલવેનિયા એવન્યૂ નું તેને અર્પણ કરતાં મેં લખ્યું છે : “નથી આપ્યું ઝાઝું સુખ વળી, તને દુઃભવી ઘણી, પરંતુ જે પામ્યો, કશું વળી કર્યું, સર્વ તુજથી.” એ જ કાવ્યસંગ્રહમાં નલિનીના નિધન સમયે જે સૉનેટ લખ્યા છે તે સમાવાયા છે.23

## સ્ટોનગેટનું ઘર છોડ્યું

વૉશિંગ્ટન આવ્યા પછી અમે કંઈક ઠરીઠામ થયાં. એક તો મને વૉશિંગ્ટન શહેર ગમતું હતું. આગળ જણાવ્યા મુજબ કાર લીધી ત્યારે પહેલી ટ્રીપ મેં વૉશિંગ્ટનની કરેલી. મારી જેમ જેને વર્તમાન રાજકારણમાં અને પબ્લિક અફેર્સમાં જીવંત રસ હોય તેમને માટે આ શહેર સ્વર્ગ સમાન હતું. વધુમાં વૉશિંગ્ટનના જીએઓના જોબને કારણે હું પીટ્સબર્ગ યુનિવર્સિટીનું ‘પબ્લીશ ઓર પેરીશ’નું ત્રાસદાયક વાતાવરણ છોડી શક્યો. હવે પીટ્સબર્ગ કે બીજે ક્યાંય એવે ઠેકાણે જવાની વાત નહોતી. ક્લાસ રૂમમાં ભણાવવાનું જે મને ગમતું હતું તે ગયું તેનો મને રંજ રહ્યો, પણ મેં એનો ઉપાય અહીંની અમેરિકન યુનિવર્સિટીમાં સાંજના પાર્ટટાઈમ ટીચિંગની વ્યવસ્થા કરીને કાઢ્યો. મેં આગળ જણાવ્યા મુજબ મારી ક્લાસ રૂમની ટીચિંગ પોપ્યુલારીટી કારણે અમેરિકન યુનિવર્સિટીના ડીન તો મને ફુલ ટાઈમ જોબ આપવા પણ તૈયાર હતા!

૧૯૯૭માં જીએઓનો જોબ છોડીને હું વૉશિંગ્ટન ડી.સી.નો ટૅક્સ કમિશનર અને પછી ચીફ ફાઇનન્સિઅલ ઑફિસર બન્યો. એ ઉચ્ચ કક્ષાની પોઝિશનના હોદ્દેદારોને શહેરમાં રહેવું પડતું. અમારું સ્ટોનગેટનું ઘર તો સિલ્વર સ્પ્રિંગ નામના મેરીલેન્ડ સ્ટેટના પરામાં હતું. એ ઘર એમને એમ રાખીને મેં શહેરમાં એક નાનું એફિસિઅન્સિ—એક

રૂમનું કોન્ડોમીનિયમ લીધું. સોમથી શુક્ર હું ત્યાં એકલો રહેતો અને શનિ-રવિએ સ્ટોનગેટના ઘરે જતો.

## ઈમિગ્રેશન વિષયક પ્રવૃત્તિઓ

અમેરિકા એ ઈમિગ્રંટ્સથી વસાવાયેલો દેશ છે. આખી દુનિયામાંથી દુભાયેલા, દાઝેલા અને દુ:ખિયા માણસો પોતાના દેશમાંથી ભાગીને અહીં આવે છે, ભલે ને પછી એ ધર્માંધ પાદરીઓના, ક્રૂર રાજાઓના, કે કોઈ ત્રાસદાયીના જુલમમાંથી ભાગીને આવેલા હોય. ગરીબ લોકો પોતાની ગરીબીમાંથી છૂટવા આવતા હોય છે તો મહત્ત્વાકાંક્ષી લોકો પોતાનાં સપનાંઓને સાકાર કરવા આવતા હોય છે. આ દેશનો ઇતિહાસ એવો છે કે એણે આવા ભાગીને આવેલા લોકોને આશરો આપ્યો છે. ન્યૂ યૉર્કના બારામાં સ્ટેચ્યૂ ઑફ લીબર્ટીમાં સ્વતંત્રતા દેવી મશાલ ઊંચી કરીને બધાને આવકારે છે. એ ભવ્ય મોન્યુમેન્ટમાં કોતરાયેલા એમાં લેઝરસના સુંદર સૉનેટની આ પંક્તિઓ જગવિખ્યાત છે: "Give me your tired, your poor, your huddled masses yearning to breathe free."

અમેરિકન ઇમિગ્રેશનના ઇતિહાસમાં ૧૯૬૫ના હાર્ટ સેલર એક્ટનું સ્થાન અત્યંત મહત્વનું છે. એ કાયદાથી અમેરિકન ઈમિગ્રેશનમાં ધરખમ ફેરફાર થયા. એ પહેલાં જે ઈમિગ્રેશન થતું તે અહીંની વસતી મુજબ નેશનલ ક્વોટા સિસ્ટમ પ્રમાણે થતું. એ સમયે અમેરિકાની બહુમતિ વસતી યુરોપથી આવેલા ગોરા લોકો અને તેમના વંશજોની હતી, મુખ્યત્વે પશ્ચિમ અને ઉત્તર યુરોપના લોકોની. એ લોકોની બહુમતિ જાળવવા જે દેશોમાંથી એ આવ્યા ત્યાંથી વધુ લોકોને આવવા દેવાનું વલણ હતું. હાર્ટ સેલર ઈમિગ્રેશન એક્ટ દ્વારા નેશનલ ક્વોટા રદ કરવામાં આવ્યા. અમેરિકાના આર્થિક વિકાસમાં જે સ્કીલ્સ જરૂરી છે તે ધ્યાનમાં રાખીને દુનિયાના કોઈ પણ દેશમાંથી લોકોને આવવાની રજા મળી, જો એમની પાસે અમેરિકાના વિકાસને જરૂરી સ્કીલ્સ—જાણકારી અને આવડત—હોય તો. એ સમયે અમેરિકામાં એન્જિનિયરો અને ડૉક્ટરોની બહુ જરૂર હતી. આ નવી ઈમિગ્રેશનની પોલિસીનો લાભ લઈ હજારોની સંખ્યામાં ઇન્ડિયન એન્જિનિયરો અને ડૉક્ટરો આવ્યા.

હાર્ટ સેલર એક્ટનું બીજું એક પ્રોવીઝન એ હતું કે અહીં જે ઈમિગ્રન્ટ આવી ગયા

છે તેમનાં સગાંસંબંધીઓને અમેરિકામાં આવવામાં પ્રેફરન્સ આપવો. આ પ્રોવીઝનનો આશય તો ગોરા યુરોપીઅનોની જ સંખ્યા વધારવાનો હતો. પણ થયું એવું કે સ્કીલ્સ પ્રોવીઝનને આધારે જે લાખો બિન યુરોપીઅનો –મુખ્યત્વે એશિયનો—આવ્યા તે હવે સગાંવહાલાંઓને—ખાસ કરીને ભાઈ, બહેન અને માબાપને બોલાવવા લાગ્યા. આને કારણે અમેરિકાના રંગરોગાન બદલાવા લાગ્યા. ૧૯૬૦માં જો ગોરા યુરોપીઅનો મોટી સંખ્યામાં (૮૭%) અમેરિકામાં આવતા હતા, તો ૨૦૧૦માં આવનારાઓમાં યુરોપીઅનોની સંખ્યા ઘટીને માત્ર દસ ટકા જેટલી થઈ ગઈ હતી. હવે આવનારાઓમાં નોનયુરોપીઅનોની, ખાસ કરીને એશિયન, આફ્રિકન અને લેટિન અને સેન્ટ્રલ અમેરિકનોની સંખ્યા વધીને ૯૦% ટકા થઈ છે! આ નવા ઈમિગ્રન્ટોમાં અડધોઅડધ લેટિન અને સેન્ટ્રલ અમેરિકામાંથી હતા, ખાસ કરીને મેક્સિકોમાંથી.

આ તો કાયદેસર થતા ઈમિગ્રેશનની વાત છે. લેટીન અને સેન્ટ્રલ અમેરિકામાંથી, ખાસ કરીને મેક્સિકોમાંથી મોટી સંખ્યામાં બિનકાયદેસર ઈમિગ્રન્ટ્સો નિયમિત આવે છે. કહેવાય છે કે અમેરિકામાં અત્યારે લગભગ ૧૧ મીલિયન આવા ઈલીગલ ઇમિગ્રન્ટ વસે છે. અહીં જે પ્રમાણે હિસ્પાનિક પ્રજાની વસતી વધે છે તેને આધારે આવતાં પચાસ વરસમાં અમેરિકા એક હિસ્પાનિક દેશ થઈ જશે તે નક્કી છે. કાયદેસર અને ગેરકાયદેસર થઈ રહેલા આ ઇમિગ્રેશનના પેટર્નથી ચેતીને નવી પોલિસી તૈયાર કરવા એક બાય-પાર્ટીજન કમિશન નીમાયું છે. એનાં સલાહસૂચનોને અનુસરીને નવો ઈમિગ્રેશન એક્ટ ઘડાવાનો હતો. દેશની બિનગોરી લઘુમતિઓને સ્વાભાવિક જ થયું કે પોતાનું હિત જળવાઈ રહે તે માટે કૉંગ્રેસમાં પ્રતિનિધિત્વ કરવું જોઈએ. આ લઘુમતિઓએ, ખાસ કરીને હિસ્પાનીકોએ આ બાબતમાં ચળવળ શરૂ કરી.

બધાની જેમ ઇન્ડિયન અને બીજી એશિયન ઇમિગ્રન્ટ પ્રજાને પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવો હતો. અમે થોડા મિત્રોએ ભેગા મળીને નક્કી કર્યું કે કૉંગ્રેસમાં આપણું મંતવ્ય રજૂ થવું જોઈએ. સંઘ : શક્તિ કલિયુગે—આ વાત જો કોઈ ઠેકાણે બરાબર લાગુ પડતી હોય તો તે અમેરિકામાં. આ દેશમાં વ્યક્તિગત સફળતા મેળવવા માટે ઇનીશિયેટીવ અને હાર્ડ વર્ક અગત્યના છે. પણ રાજકીય અને સામાજિક સફળતા પ્રાપ્ત કરવા માટે સામૂહિક સંગઠનનું મહત્ત્વ છે. ખાસ કરીને લઘુમતિ પ્રજાને જો પોતાના હક્ક જોઈતા હોય તો એને સંગઠિત થયા સિવાય છૂટકો નથી. આ ન્યાયે વૉશિંગ્ટન આવ્યા પછી અમેરિકામાં વસતા ઇન્ડિયનોને ઓર્ગેનાઈઝ કરવાના પ્રયત્નોમાં હું જોડાયો.

ઈસ્ટ કોસ્ટના, ખાસ કરીને ન્યૂ યૉર્ક અને ન્યૂ જર્સીના કેટલાક એક્ટીવિસ્ટ ઇન્ડિયનોના સહકારથી અમે એસોશિએશન ઑફ ઇન્ડિયન્સ ઈન અમેરિકા એવું એક મંડળ ઊભું કર્યું. જુદાં જુદાં શહેરોમાં એના ચેપ્ટર્સ ખોલ્યાં.

મારી ઈમિગ્રેશન વિશેની પ્રવૃત્તિઓ—ખાસ કરીને સેનેટ અને વ્હાઈટ હાઉસની ટેસ્ટીમનીઓ—આ એસોશિએશનોને આશ્રયે થઈ હતી. વાયોમીંગ સ્ટેટના સેનેટર સિમ્પસન એ બાબતના હિયરીંગ ચેર કરવાના હતા. એની ટેસ્ટીમની તૈયાર કરવાનું મને સોંપવામાં આવ્યું. તે ઉપરાંત વ્હાઈટ હાઉસમાં એક ડેલીગેશન લઈ જવાનું હતું. ત્યારે પણ જે સ્ટેટમેન્ટ રજૂ કરવાનું હતું તે મેં તૈયાર કર્યું અને પ્રેસિડેન્ટ રેગનના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર જજ કલાર્કની હાજરીમાં વ્હાઈટ હાઉસમાં રજૂ કર્યું. આ બન્ને સ્ટેટમેન્ટમાં મેં બે વસ્તુ પર ભાર મૂક્યો. એક તો એ કે ફેમિલી યુનિફીકેશન અને પ્રેફરન્સની વર્તમાન પ્રોવીઝન યોગ્ય છે અને તેમાં ફેરફાર ન કરવા જોઈએ કારણ કે અમેરિકન પ્રજાએ કૌટુંબિક મૂલ્યોનો હંમેશ મહિમા કર્યો છે. વધુમાં એ પ્રોવીઝન અમને અમારાં ભાઈભાંડુઓ અને માબાપ સાથે અમેરિકામાં રહેવાની તક આપે છે.

અહીંની ઈમિગ્રેશન પોલિસીમાં પારકા લોકોને સ્વીકારવાની અને પોતાના કરવાની અમેરિકનોની ઉદારતા વ્યક્ત થાય છે. સાથે સાથે એ પોલિસીમાં એમની વ્યવહારુતા પણ પ્રગટ થાય છે. સમાજના મોવડીઓને ખબર છે કે આ દેશનો વિકાસ જાળવી રાખવો હોય તો ઈમિગ્રન્ટ પ્રજા ખૂબ ઉપયોગી નીવડવાની છે. આ વાત જેટલી ભણેલાગણેલા, સ્કીલ્ડ ઈમિગ્રન્ટ્સ માટે સાચી છે તેટલી અનસ્કીલ્ડ ઈમિગ્રન્ટ્સ માટે પણ સાચી છે. જો યુનિવર્સિટીઓ, હૉસ્પિટલો, હાઈ ટેક કંપનીઓમાં પ્રૉફેસરો, ડૉક્ટરો, અને એન્જિનિયરોનું કામ કરતા સ્કીલ્ડ ઈમિગ્રન્ટ્સની જરૂર છે, તો અહીંના ખેતરો, ફેક્ટરીઓ અને ઘરોમાં કામ કરવા માટે અનસ્કીલ્ડ ઈમિગ્રન્ટ્સની પણ એટલી જ જરૂર છે. અમેરિકાની કાળી કે ધોળી પ્રજાને જે કામ હવે કરવું નથી એ 'હલકું' કામ બહુધા આ અનસ્કીલ્ડ ઈમિગ્રન્ટ્સ, ખાસ કરીને હિસ્પાનિક પ્રજા કરે છે. કેલિફોર્નિયાનાં ખેતરોમાં, દેશભરનાં રેસ્ટોરાંમાં, કે કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રીમાં જે કમરતોડ કામ કરવું પડે છે ત્યાં મોટે ભાગે હિસ્પાનિક પ્રજા જોવા મળે છે. વધુમાં ઘરે ઘરે મૈડ, બેબી સીટીંગ કે હેન્ડીમેનનું કામ પણ હિસ્પાનિક ઈમિગ્રન્ટો જ કરે છે.

દુનિયાભરથી આવી ચડતા ભાતભાતના ઈમિગ્રન્ટો આ દેશને પેઢીએ પેઢીએ નવું લોહી અને નવું જોમ આપે છે. દેશને યુવાન રાખે છે. વધતા જતા વૃદ્ધ લોકો અને તેમની

સંભાળ લેવાનો જે બહુ મોટો પ્રશ્ન યુરોપ કે જાપાનનો છે તે આ હિસ્પાનિક ઈમિગ્રેશનને કારણે અમેરિકાને નથી. એ દૃષ્ટિએ અમેરિકામાં થતું ઇન્ડિયન ઈમિગ્રેશન દેશને ખૂબ ફાયદાકારક નીવડ્યું છે. ભણેલગણેલ અને અનેક પ્રકારની સ્કીલ્સ ધરાવતા ભારતીય ઈમિગ્રન્ટો આવીને તરત કામે લાગી જાય છે અને દેશના આર્થિક વિકાસમાં મોટો ફાળો આપે છે. જે ઇન્ડિયનો અહીં મેડિસીન કે એન્જિનિયરિંગ જેવી પ્રોફેશનલ ટ્રેનિંગ વગર આવે છે તે પણ પોતાના વ્યાપારકૌશલ્ય અને ખંતથી અનેક પ્રકારના ધંધારોજગારે લાગી જાય છે. એવી રીતે જે ભણેલગણેલ નથી અને કોઈ પ્રકારની પ્રોફેશનલ સ્કીલ્સ નથી ધરાવતી એવી હિસ્પાનિક પ્રજાનું પણ આ દેશના આર્થિક વિકાસમાં અગત્યનું પ્રદાન છે.

અગત્યની વાત તો એ છે કે અમેરિકાની વસતી હવે ઉંમરમાં વધતી જાય છે. ૧૯૪૦ અને ૧૯૫૦ના દાયકાઓમાં જે 'બેબી બૂમ'માં મોટી સંખ્યામાં બાળકો જન્મ્યાં હતાં તે હવે નિવૃત્ત થવાની તૈયારીમાં છે. અમેરિકન હેલ્થ કેર સિસ્ટમને કારણે તે લાંબું જીવવાનાં છે. એમની વૃદ્ધાવસ્થામાં સરકારે એમની સંભાળ લેવી પડશે. એમને લાંબો સમય સુધી સોશિયલ સિક્યુરિટી, મેડીકેર, અને મેડીકેડ જેવી સર્વીસ આપવી પડશે. આ કારણે ફેડરલ બજેટમાં મોટો ખર્ચો થવાનો છે. એ ફાઈનાન્સ કરવા માટે ટેક્સપેયર્સની જે જરૂર છે તે આ હિસ્પાનિક ઈમિગ્રન્ટો પૂરા પાડશે. હિસ્પાનિક ઈમિગ્રેશન બહુધા બાળકો અને જુવાનોનું છે. તેમનાં કુટુંબો મોટાં હોવાથી દેશને નવા નવા ટેક્સ પેયર્સ મળ્યા કરે છે.

જ્યારે જ્યારે પણ મને આ વિષય ઉપર બોલવા લખવાની તક મળે છે તે હું જવા દેતો નથી. સોવીએટ યુનિયનની અસર વધતી અટકાવવા માટે જેની 'કંટેઇન્મેન્ટ' પોલિસી અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ પછીનાં પચાસ વર્ષ સુધી અપનાવેલી તે વિદેશનીતિના અગત્યના મુત્સદ્દી વિચારક જ્યોર્જ કેનને એમની આત્મકથામાં જ્યારે એવું વિધાન કર્યું હતું કે બિનગોરાઓનું ઈમિગ્રેશન થઈ રહ્યું છે તે દેશ માટે સારું નથી ત્યારે મેં એમને જવાબ આપતો એક ઓપ-એડ આર્ટિકલ વૉશિંગ્ટન પોસ્ટ માટે લખેલો.24 સારાંશમાં મારું કહેવાનું એ હતું કે અગાઉ ઉપર જે રીતે ગોરા ઈમિગ્રેશનથી દેશ સમૃદ્ધ થયો હતો તે મુજબ અત્યારે થઈ રહેલ બિનગોરા ઈમિગ્રેશનથી પણ દેશની સમૃદ્ધિ વધી રહી છે.

## જીએઓ

અત્યાર સુધી અમેરિકામાં મેં મોટે ભાગે યુનિવર્સિટીના એકેડેમિક વાતાવરણમાં કામ કર્યું હતું. હા, જોન્સ લાફલીન સ્ટીલ અને આઈબીએમ જેવી કંપનીઓમાં કામ કર્યું હતું, પણ એ તો ત્રણ ત્રણ મહિનાના સમર જોબ હતાં. લાંબો સમય કામ તો યુનિવર્સિટીઓમાં જ કર્યું હતું. જીએઓની ફેલોશીપ દ્વારા હવે પહેલી વાર ગવર્નમેન્ટ સેટિંગ, અને તે પણ ફેડરલ ગવર્નમેન્ટ અને વૉશિંગ્ટનમાં કામ કરવાની મને તક મળી. પેન્ટાગોન જેવી તોતિંગ એજન્સી જ્યાં લાખોની સંખ્યામાં લોકો કામ કરે તેની સરખામણીમાં પાંચેક હજારની જીએઓ એક નાની એજન્સી ગણાય. છતાં આગળ જણાવ્યા મુજબ એ કોન્ગ્રેશનલ ઑડિટ એજન્સી હોવાને કારણે તેનું મહત્ત્વ ઘણું. કોઈ પણ એજન્સી વિશે એનો ટીકા કરતો રિપોર્ટ જો લખાયો તો એ એજન્સીએ એ બાબતમાં કૉંગ્રેસમેનોને અને સેનેટરોને ઓપન હીઅરીંગમાં જવાબ આપવા પડે. એમાં એમનું બજેટ કપાવાની શક્યતા પણ ખરી. આ કારણે કોઈ પણ એજન્સીમાં જઈને કહો કે તમે જીએઓમાંથી ઑડિટ કરવા આવ્યા છો તો એમના અધિકારીઓને જરૂર ચિંતા થાય. ઑડિટ કોને ગમે?

હું જીએઓમાં ૧૯૭૭માં ફેલોશીપના એક વરસ માટે જોડાયો. આગળ જણાવ્યા મુજબ ફેલોશીપ પૂરી થતાં મને એક વરસનું એક્સ્ટેન્શન મળ્યું, અને આખરે એ પરમેનન્ટ જોબમાં કન્વર્ટ થઈ. મેં જીએઓનો જોબ ૧૯૯૭માં છોડ્યો. એ વીસ વરસ દરમિયાન મારું કામ મુખ્યત્વે ટેક્સ એરિયામાં હતું. કાં તો અમેરિકાની ટેક્સ એજન્સી ઇન્ટર્નલ રેવન્યુ એજન્સી (આઈ.આર.એસ.)નું ઑડિટ કરવાનું હોય અથવા જુદા જુદા ઉદ્યોગોના અર્થશાસ્ત્ર અને ટેક્સેશનનો કૉંગ્રેસની કમિટીઓ માટે અભ્યાસ કરવાનો હોય. આ ઑડિટ અને અભ્યાસ પછી એ બાબતમાં કૉંગ્રેસની ટેક્સ કમિટીઓને કાયદાઓ ઘડવા માટે સલાહસૂચના કરવાની. આપણી લોકસભાની જેમ અહીંનું હાઉસ ઓફ રેપ્રેજેન્ટીવીઝ કૉંગ્રેસનું લોઅર હાઉસ કહેવાય છે. તેની ટેક્સ કમિટી વેજ ઍન્ડ મીન્સનું મહત્ત્વ ઘણું. અમેરિકાનું ૬૦ ટકા બજેટ એ એક જ કમિટીના હાથમાં. આપણી રાજ્યસભા જેમ કૉંગ્રેસનું અપર હાઉસ સેનેટ છે. એની ફાઈનાન્સ કમિટી એ વેજ ઍન્ડ મીન્સની કાઉન્ટરપાર્ટ કમિટી ગણાય. એટલી જ પાવરફુલ.

હું ટેક્સ એરિયામાં કામ કરતો હતો એટલે આ બન્ને કમિટીઓ, તેના મેમ્બર્સ અને ચેરમેન અને સ્ટાફ સાથે નિયમિત સંપર્કમાં આવતો, ખાસ કરીને જ્યારે અમારી ટીમના

રિપોર્ટ પછી કમિટીના ઓપન હીઅરીંગ હોય ત્યારે. રિપોર્ટનું કામ ચાલતું હોય ત્યારે કમિટીઓમાં જઈને સ્ટાફને નિયમિત પ્રોગ્રેસ રિપોર્ટ આપવાના હોય. તે ઉપરાંત જે જે ધંધા વિશે અભ્યાસ કરતા હો તે બધાને અને આઈ.આર.એસ.ને પણ જાણવું હોય કે અમારું કામ ક્યાં સુધી આવ્યું, એ રિપોર્ટને કારણે કૉંગ્રેસ એમને લાગતા વળગતા કાયદાઓમાં શું ફેરફાર કરશે, અને ખાસ તો કંપનીઓને વધુ ટેક્સ આપવો પડશે કે નહીં.

જીએઓ કોઈ પણ ધંધાના ટેક્સનો અભ્યાસ અને ઑડિટ શરૂ કરે છે એવું જાહેર થાય ત્યારે કંપનીઓ અમે શું કહેવાના છીએ એનું અનુમાન કરીને એમનો પોતાના રિપોર્ટ તૈયાર કરવાનો શરૂ કરે. એ બાબતમાં મોટા મોટા અર્થશાસ્ત્રીઓ અને પ્રૉફેસરોને કામે લગાડે. જેવો અમારો રિપોર્ટ બહાર પડે કે ધડ દઈને સામે એમનો રિપોર્ટ રજૂ થાય. અમારા રિપોર્ટની સામે લોબિંગ શરૂ થાય. અમારી ભૂલો અને ગેરસમજો બહેલાવીને અમને બદનામ કરવાના પ્રયત્ન થાય. અમારા રિપોર્ટનાં સલાહસૂચનો મુજબ જો કૉંગ્રેસ કાયદાઓ બદલાવે એ એમને માટે મોટી વાત. એમનું ટૅક્સ બિલ જે બીલિયન્સ ઑફ ડોલર્સનું હોય અને તેમાં વધારો થાય.

આખા અમેરિકામાંથી કંપનીઓના મોટા અધિકારીઓ અમને મળવા આવે, લંચ, ડીનર, રીસીશીપ્સમાં બોલાવે. કંપનીઓના હેડ ક્વાટર્સમાં જ્યાં હોય ત્યાં જુદાં જુદાં શહેરોમાં જવું પડે. જે ધંધાના અર્થશાસ્ત્ર અને ટૅક્સેશનનો અભ્યાસ કરતા હો તેને લગતી કૉન્ફરન્સમાં જઈને જીએઓના રિપોર્ટની રજૂઆત કરવી પડે. રિપોર્ટનાં સલાહસૂચનોનો બચાવ કરવો પડે. આ બધાને કારણે મને અમેરિકાનાં ઘણાં નાનાંમોટાં શહેરોમાં અને યુનિવર્સિટીઓમાં જવાની તક મળી.

કંપનીઓના ઑફિસરોને મળીએ ત્યારે અમારે જીએઓની સ્ટ્રીક્ટ ગાઈડ લાઈન મુજબ જ વર્તવાનું. જ્યારે જ્યારે કંપનીઓના ઉચ્ચ અધિકારીઓને વૉશિંગ્ટન કે બીજે ક્યાંય મળ્યા હો ત્યારે એ બાબતનો ઉપરીઓને રિપોર્ટ આપવાનો. જીએઓની ગાઈડલાઈન જો તમે ક્યાંય ચૂક્યા તો તમારું આવી બને. સખ્ત ડીસીપ્લીનરી પગલાં લેવાય. જોબ જાય. મારા જીએઓનાં વીસ વરસમાં એવું ક્યારેય યાદ નથી કે કોઈ એજન્સીના માણસે લાંચ લીધી હોય કે કંપનીઓ સાથેના વર્તનમાં કોઈએ અયોગ્ય પગલું ભર્યું હોય. જીએઓ એની ઓબજકેટીવિટી અને નીતિમત્તા માટે પ્રખ્યાત છે. તેથી જ તો

જીએઓના રિપોર્ટ ધ્યાનથી વંચાય અને એનાં સલાહસૂચનોને અનુસરીને કોંગ્રેસ ઘણી વાર કાયદાઓમાં ફેરફાર કરે.

## અમેરિકાની વિશિષ્ટતા

એક વાર જ્યારે અમારી ટીમ ઇન્સ્યૂરન્સ કંપનીઓના ટેક્સેશનનો અભ્યાસ કરતી હતી ત્યારે ઠેઠ લંડનથી લોયડ્સની આંતરરાષ્ટ્રીય ઇન્સ્યૂરન્સ કંપનીના ઉચ્ચ અધિકારીઓ એમના વૉશિંગ્ટનના લોયર લોબીઈસ્ટ લઈને મને મળવા આવેલા. લંડન આવીને જો અમારે એમની કંપનીનો અભ્યાસ કરવો હોય તો તેની વ્યવસ્થા કરવા તૈયારી બતાવી. અમેરિકાની વિશ્વવ્યાપી ઇન્સ્યૂરન્સ કંપનીઓના ટેક્સેશનનો અભ્યાસ હજુ દેશી ઉચ્ચારોવાળા મારા જેવા એક ઇન્ડિયન અને એની ટીમના હાથમાં હતો તે આ લોયડ્સના ગોરા બ્રિટીશ ઑફિસરો માટે આશ્ચર્યની વાત હતી. એ લોકો જીએઓના કોઈ ગોરા અમેરિકનને મળવાની અપેક્ષા કરતા હતા. જો કે એમના અમેરિકન લોયર લોબીઈસ્ટ માટે મારી ઉપસ્થિતિ સહજ હતી. બ્રિટીશ ઑફિસરોનો પ્રાથમિક સંકોચ ઓછો થયા પછી અમારી મિટિંગ બરાબર ગઈ.

જો લોયડ્સના અધિકારીઓ માટે જીએઓ જેવી અગત્યની એજન્સીને હું રેપ્રજેન્ટ કરતો હતો એ આશ્ચર્યની વાત હતી તો મારે માટે એ અમેરિકાની વિશિષ્ટતા હતી. આ વિશિષ્ટતાને કારણે જ મારા જેવા અસંખ્ય ઈમિગ્રંટ્સ યેન કેન પ્રકારેણ રસ્તો કાઢીને આ દેશ આવી પહોંચે છે. એનો અર્થ એ નથી કે અહીં કાળાધોળાનો રંગભેદ અને ભેદભાવ સાવ ભૂંસાઈ ગયો છે, કે ડીસ્ક્રીમીનેશન નથી. છે જ. એ તો માનવ સહજ છે, અને થોડા ઘણા પ્રમાણમાં બધે છે. ખુદ આપણે ત્યાં અસ્પૃશ્યતાનું કલંક હજારો વરસથી હિંદુ સમાજનું એક અવિભાજ્ય અંગ રહેલું છે. ભલે ને એની વિરુદ્ધ અનેક કાયદાઓ ઘડાયા કે ગાંધીજીએ એને નાબૂદ કરવા જીવન ઘસી નાખ્યું. સાવરકુંડલામાં અમારી સ્કૂલમાં જે અછૂત છોકરાઓ હતા તે બધાથી દૂર છેલ્લી બેંચ ઉપર બેસતા. એમની સાથે અમારે લેવાદેવાનો કે બોલવાચાલવાનો કોઈ સંબંધ ન હતો. અને એ વાત અમને ત્યારે જરાય કઠતી નહોતી!

અમેરિકનોની ખૂબી એ છે કે કાળાધોળાના ભેદભાવને ભૂંસવા માટે એ કંઈક ને કંઈક રીતે મથ્યા રહેતા હોય છે. ઘણી વાર બે પગલાં આગળ અને એક પાછળ એમ પણ થતું

હોય છે. કોઈ પણ સમાજમાં પ્રગતિ હરણફાળથી નહીં, પણ ઘસડાતા ઘસડાતા થાય છે. હું જ્યારે ૧૯૬૫માં અમેરિકામાં આવ્યો ત્યારે કોઈ કાળો માણસ એક દિવસે અમેરિકાનો પ્રમુખ થશે એવી કલ્પના પણ કરવી મુશ્કેલ હતી, અને આજે બરાક ઓબામા બે વાર પ્રમુખ તરીકે ચૂંટાયા. આ ભેદભાવ મનુષ્ય સહજ છે અને અમેરિકામાં એને દૂર કરવા સતત પ્રયત્ન થઈ રહ્યા છે એમ અમેરિકાનો બચાવ કરતો એક લેખ મેં વૉલ સ્ટ્રીટ જર્નલમાં લખેલ.25 તે લેખમાં હિંદુ સમાજની યુગો જૂની અસ્પૃશ્યતાનો દાખલો આપેલો. જે દિવસે તે છાપામાં આવ્યો તે જ દિવસે અહીંની ઇન્ડિયન એમ્બેસીમાંથી સંદેશો આવ્યો કે આપણા દેશની અસ્પૃશ્યતાની વાત તમે શા માટે કરી? એમાં આપણા દેશનું ખરાબ દેખાય છે!

જીએઓના પ્રતિનિધિ તરીકે એના અધિકારીઓએ નિસંકોચ મને અનેક ઠેકાણે મોકલ્યો છે. એ લોકોને ટૅક્સેશન વિશેને મારી સૂઝ અને સમજ અને એ સમજાવવાની મારી આવડતમાં વિશ્વાસ બેઠો. જીએઓના પ્રતિનિધિ તરીકે મેં અનેક વાર કૉંગ્રેસની કમિટીઓના ઓપન હિઅરિન્ગસમાં જુબાની આપી છે. સેનેટ ફાઈનાન્સ કમિટીના તેમ જ હાઉસ વેજ ઍન્ડ મીન્સ કમિટીના ચેરમેનને ટૅક્સેશનની બાબતમાં ઘણી વાર બ્રીફ કર્યા છે. દેશ પરદેશ કૉન્ફરન્સોમાં જઈને પ્રેઝન્ટેશન કર્યા છે. અમેરિકન યુનિવર્સિટીઓ, ઓક્સફર્ડની મૅનેજમૅન્ટ સ્કૂલ, લંડન બિઝનેસ સ્કૂલ અને બાથ યુનિવર્સિટીથી માંડીને ઈન્ડિયન સિવિલ સર્વિસ આઈ.એ.એસ.ની ટ્રેનિંગ સ્કૂલમાં જઈને મેં પ્રવચનો આપ્યાં છે. વધુમાં ન્યુ જર્સીના ગવર્નર જેમ્સ ફ્લોરીઓને બજેટની બાબતમાં એક્સપર્ટની જરૂર હતી ત્યારે જીએઓએ મને ત્રણ મહિના ત્યાં મોકલ્યો હતો.

## જીએઓનું બદલાતું મિશન

૧૯૧૩થી ૧૯૬૫ સુધી જીએઓનો રોલ માત્ર ફાઇનાન્સિયલ ઑડિટ સુધી મર્યાદિત હતો. સરકારી એજન્સીઓને જે બજેટ મળ્યું હોય તેમાં કંઈ ગોલમાલ તો નથી થઈ એ ચેક કરવાનું એ જીએઓના ઑડિટનું લક્ષ્ય હતું. આ કારણે જીએઓમાં કામ કરતા લોકો મોટે ભાગે અકાઉન્ટીંગ અને કાયદાઓનું ભણેલા હોય, અને તે પણ બેચલરની ડીગ્રી સુધીનું. ૧૯૬૬માં આલમર સ્ટાટ્સ (૧૯૬૬-૧૯૮૧) જીએઓના સર્વોચ્ચ અધિકારી–કમ્પ્ટ્રોલર જનરલ બન્યા. એ પહેલાં સ્ટાટ્સ ફૅડરલ ગવર્નમેન્ટના બજેટ

ડાયરેક્ટર હતા. કોઈ પોલીટિકલ પ્રેશરમાંથી કમ્પ્ટ્રોલર જનરલને દૂર રાખવા માટે અને એ ઑફિસની નિષ્પક્ષતા જાળવી રાખવા માટે એની ટર્મ ૧૫ વરસની રખાઈ છે. જે એક વાર કમ્પ્ટ્રોલર જનરલ થયા હોય તે ફરી વાર ન થઈ શકે. ફેડરલ ન્યાયાધીશો સિવાય કોઈની આવી લાંબી ટર્મ હોતી નથી.

આલમર સ્ટાટસે પોતાની પંદર વરસની લાંબી ટર્મનો લાભ લઈ જીએઓનું મિશન વિસ્તાર્યું. માત્ર ફાઈનાન્સિયલ ઑડિટથી અટકી ન જતા, એજન્સીઓને જે હેતુ માટે બજેટ અપાયું હતું તે સિદ્ધ થયો કે નહીં, અને જો ન થયો તો શા માટે ન થયો એ બાબતની તપાસ કરવાનું જીએઓનું મિશન હોવું જોઈએ એવું એમનું માનવું હતું. ફેડરલ ગવર્નમેન્ટના બજેટ ડાયરેક્ટર તરીકે સ્ટાટસે ઘણા બધા પ્રોગ્રામમાં બગાડ અને ઓવર સ્પેન્ડીંગ જોયું હતું. આ બગાડ અને ઓવર સ્પેન્ડીંગ ઓછું કરવા તરફ જીએઓએ ધ્યાન આપવું ઘટે એ માટે એમણે પ્રોગ્રામ ઇવેલ્યુએશનની હિમાયત કરી. આ પ્રકારનું ઇવેલ્યુએશન કરવા માટે માત્ર ઍકાઉન્ટિંગ કે કાયદાઓ ભણેલાઓ ઉપરાંત ઇકોનોમિક્સ, સોશિયોલોજી, સ્ટેટિસ્ટિક્સ, સાયકોલોજી વગેરે સોશિયલ સાયન્સીઝમાં જે પારંગત હોય એવા પ્રોફેશનલ લોકોની જરૂર હતી. આ હિસાબે જીએઓમાં આવા સ્પેશીઆલિસ્ટોનું—ખાસ કરીને પીએચ.ડી. ડીગ્રી જેવી એડવાન્સ ટ્રેનિંગ લીધેલાનું—રીક્રુટીંગ મોટે પાયે શરૂ કર્યું.

જીએઓએ જે નવા લોકોને રિક્રુટ કરવા માંડ્યા એમાં ઘણા મારા જેવા કૉલેજ પ્રૉફેસરો પણ હતા. દાયકાઓથી જીએઓમાં ઠરીઠામ બેઠેલા ઑડિટરોને આ ન ગમ્યું. એમની દૃષ્ટિએ એજન્સીનું મિશન બદલાતું હતું તે અયોગ્ય હતું. તેમાં એમને પોતાનું મહત્ત્વ અને વર્ચસ્વ પણ ઓછું થતું દેખાયું. એમને માટે જીએઓમાં કામ કરવું એ કંઈ સ્પેશ્યલ ન હતું. બીજી કોઈ ફેડરલ એજન્સીમાં કામ કરવા જેવું હતું. તેમને માટે અગત્યની વાત માત્ર પોતાની પોઝિશન અને હોદ્દાની હતી. નિશાળેથી નિસરીને જવું પાંસરું ઘેર એવી રીતે આ ઑડિટરો મોટે ભાગે કારપુલમાં સવારે ઑફિસે આવે અને સાંજે નિયત સમયે કારપુલમાં ઘરે જાય. એમને પબ્લિક અફેર્સમાં, વૉશિંગ્ટનના રાજકારણમાં કાંઈ ઝાઝો રસ હોય એવું મને દેખાયું નહીં. મારા જીએઓના વીસ વરસના ટેન્યરમાં ભાગ્યે જ કોઈ એવો ઑડિટર મળ્યો હોય કે જેની બુદ્ધિ કે જનરલ નોલેજની જાણકારીથી હું અંજાયો હોઉં. એમને માટે વૉશિંગ્ટન પોસ્ટ જેવું છાપું વાંચવું એટલે સ્પોર્ટ્સ, કોમિક્સ, અને હેડલાઈન્સ જોવી એટલું જ. ઑફિસમાં એમની વાતચીત

પણ સાવ સામાન્ય અને રોજબરોજની અને સ્પોર્ટ્સની. કઈ ટીમ હારી અને કઈ ટીમ જીતી એ એમનો રસનો વિષય. એમની પાસેથી ભાગ્યે જ પબ્લિક અફેર્સના કોઈ વર્તમાન વિષયની ચર્ચા સાંભળવા મળે.

જ્યારે ચાર્લ્સ બાઉશર (૧૯૬૬-૧૯૮૧) કમ્પ્ટ્રોલર જનરલ થયા ત્યારે એમણે જીએઓના મિશનને વધુ બ્રોડ બનાવ્યું. પોતે પેન્ટાગોનના નેવી ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટંટ સેક્રેટરી તરીકે એક વાર કામ કરેલું હોવાથી એમને વૉશિંગ્ટનની બ્યુરોક્રસીનો પૂરેપૂરો અનુભવ. શિકાગો યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. થયેલા. વધુમાં આર્થર એન્ડરસન કન્સલ્ટિંગ કંપનીમાં પણ લાંબો સમય કામ કર્યાને કારણે એમને દેશવિદેશના મોટા કોર્પોરેશન કેમ ચાલે છે તેની સમજણ ઘણી. એમણે આવીને જીએઓમાં ધરખમ ફેરફાર કરવા માંડ્યા.

મને જ્યારે જીએઓની સીનિયર સિવિલ સર્વિસમાં પ્રમોશન મળ્યું ત્યારે ચાર મહિના સુધી કમ્પ્ટ્રોલર જનરલ બાઉશરના સ્પેશિયલ આસિસ્ટંટ થવાની તક મળી. એ કારણે એમની બધી ઑફિશિયલ મિટિંગમાં મારી હાજરી હોય. આને લીધે જુદી જુદી ફેડરલ એજન્સીના ઉચ્ચ અધિકારીઓ, કૉંગ્રેસમેન, સેનેટરો, અમેરિકાની કેટલીક ટોપ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ, અગત્યના વિદેશી મુલાકાતીઓ વગેરેને મારું મળવાનું બન્યું. આમ સર્વોચ્ચ કક્ષાએ અમેરિકાના પ્રાઈવેટ અને પબ્લિક સેક્ટરનું સંચાલન કેમ થાય છે તે નજીકથી જોવા જાણવાની તક મળી.

બાઉશર સાથે જે સંબંધ બંધાયો તે અમારા બન્નેની નિવૃત્તિમાં પણ ચાલુ રહ્યો. જો કે એમની ટ્રેનિંગ એકાઉન્ટિંગમાં, છતાં એમનું વાંચન વિશાળ હતું, ખાસ કરીને હિસ્ટરી અને અમેરિકન પોલીટિક્સનું. હું જ્યારે એમનો સ્પેશીયલ આસિસ્ટંટ હતો ત્યારે લગભગ દરરોજ સાંજે એમની સાથે અનેક વિષયો ઉપર વાતચીત થતી. બાઉશર જ્યારે નિવૃત્ત થયા ત્યારે અહીંની વિખ્યાત મેટ્રોપોલિટન ક્લબ, જ્યાં હું મેમ્બર હતો, ત્યાં એ પ્રેસિડેન્ટ થયા. ક્લબની પ્રવૃત્તિઓને કારણે પણ અમારો સંબંધ વિકસ્યો. હજી પણ મહિને બે મહિને અમારી બ્રેકફાસ્ટ કે લંચ મિટિંગ થાય અને વર્તમાન પોલિટિક્સના બનાવો વિશે વાતચીતો થાય.

## આખરે જીએઓ છોડ્યું

કમ્પ્ટ્રોલર જનરલ આવે ને જાય અને જીએઓનું મિશન ભલે બદલાય, પણ જીએઓમાં ઑડિટરોનું રાજ્ય ચાલે. એમની ત્યાં બહુમતિ હતી. વરસોથી પોતાની જમાત જમાવીને એ બેસી ગયેલા. ઉચ્ચ કક્ષાની પોઝિશનો એ લોકોના કબજામાં. એ જ બધા નક્કી કરતા કે કોને પ્રમોશન આપવું અને કોને નહીં. આ બાબતમાં એમણે મને એમનો પરચો બતાડ્યો. કૉંગ્રેસમાં અને બીજે બધે મારા કામની પ્રશંસા થતી હોવા છતાં એ લોકો મને વધુ પ્રમોશન આપવા રાજી ન હતા. એમને મતે હું હજી હમણાં જ યુનિવર્સિટીમાંથી આવ્યો હતો, અને ભલે મારી પાસે ઍકાઉન્ટિંગ અને ટેક્સેશનની એક્સપર્ટીસ હોય, પણ શું હું ત્યાંના મોટા સ્ટાફને મેનેજ કરી શકવાનો હતો? ખાસ તો જીએઓના ઑડિટરોને મેનેજ અને સુપરવાઈઝ કરી શકું ખરો કે? વધુમાં પ્રૉફેસરોને એ લોકો વેદિયા ગણતા. ભલે પ્રૉફેસરો એમની ઑફિસમાં બેસીને રિપોર્ટ લખે, પણ મૅનેજમૅન્ટ અને સુપરવિઝનમાં એમને શું ખબર પડે? મારા જેવા જે હજી હમણાં જ જીએઓમાં દાખલ થયા તે આગળ વધે એ વરસોથી ત્યાં બેઠેલા લોકોને કેમ ગમે? આ કારણે મને જીએઓમાં જોઈતું હતું તેવું ઉચ્ચ કક્ષાનું પ્રમોશન ન જ મળ્યું.

મેં જીએઓમાં વીસ વરસ (૧૯૭૭-૧૯૯૭) કામ કર્યું. જીએઓનાં આ વીસ વરસ કશા ઘર્ષણ વગર સરળ રીતે ગયાં એમ તો કેમ કહેવાય? પ્રમોશનની બાબતમાં મને જે અન્યાય થઈ રહ્યો હતો તે મારાથી સહન નહોતું થતું. અને આખરે મેં જીએઓ છોડવાનું નક્કી કર્યું. છતાં જીએઓમાં મને રાષ્ટ્રીય કક્ષાનું અગત્યનું કામ કરવાની જે તક મળી હતી તે માટે એ એજન્સીનો હું બહુ ઋણી છું. મારી પ્રોફેશનલ કારકિર્દીમાં આ અગત્યનો સમય હતો. આ વરસોમાં મેં આ દેશના મોટા ધંધાઓના અર્થશાસ્ત્ર અને ટૅક્સેશનનો અભ્યાસ કર્યો, એને માટે માત્ર કૉંગ્રેસમાં જ નહીં, પણ ન્યૂ જર્સી અને હવાઈ જેવા કેટલાંક રાજ્યોની લેજીસ્લેટીવ અસેમ્બ્લીમાં જઈને ટેસ્ટીમની આપી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સિઝમાં પ્રેઝન્ટેશન કર્યા, અગત્યના કૉંગ્રેસમેન અને સેનેટરો અને સ્ટેટ લેજીસ્લેટરોને બ્રીફ કર્યા, એમને મળવાનું થયું.

આ વરસો દરમિયાન અહીંની વિખ્યાત ટૅક્સ એજન્સી અઈઆરેસની કાર્યવાહીનાં અમુક પાસાંનું ઑડિટ કરવાનું પણ થયું. જીએઓનું કામ હંમેશ ટીમ વર્ક દ્વારા થાય છે. શરૂઆતથી જ હું મારી પીએચ.ડી.ની ડીગ્રીને કારણે ઊંચા ગ્રેડમાં જોડાયેલો એટલે મને

હંમેશ ટીમ લીડર બનાવાતો. આમ મને જતાંવેંત જ પાંચથી દસ જેટલા એક્સપર્ટ્સની ટીમનું નેતૃત્વ કરવા મળ્યું. અમેરિકનોને મેનેજ કરવાનો મારો આ પહેલો અનુભવ હતો. એ કરતાં મારો આત્મવિશ્વાસ વધ્યો. આ અનુભવ મને ભવિષ્યમાં ખૂબ ઉપયોગી નીવડ્યો. સૌથી વધુ મહત્ત્વની વાત એ હતી કે વૉશિંગ્ટનના ટેક્સ સર્કલમાં મારું નામ જાણીતું થયું. આ કારણે જ્યારે વૉશિંગ્ટન ડી.સી. (ડિસ્ટ્રીક્ટ ઓફ કોલમ્બિયા)માં ટેક્ષ કમિશ્નરની જરૂર પડી ત્યારે મને એ હોદ્દો સંભાળવાનું આમંત્રણ મળ્યું.

# ૮. વૉશિંગ્ટન–ડિસ્ટ્રીક્ટ ઑફ કોલમ્બિયા (૧૯૯૭ – ૨૦૧૪)

## વૉશિંગ્ટન ડી.સી.નું સ્પેશ્યલ સ્ટેટસ

મુંબઈમાં મને અમેરિકા વિશે એવું કુતૂહલ હતું કે જે કોઈ અમેરિકાથી દેશમાં આવ્યું હોય—માત્ર ફરવા માટે કે હંમેશ સેટલ થવા માટે—તેને મળવા યેનકેન પ્રકારેણ હું પહોંચી જતો. એવી રીતે તાજા જ અમેરિકાથી ભણીને આવેલા એક ભાઈને હું મળવા ગયો. એના ડેસ્ક ઉપરના આખાયે કાચના કવરને આવરી લેતો અમેરિકાનો મોટો મેપ મેં જોયો. એમાં અમેરિકાના પચાસે પચાસ સ્ટેટ હતા. મેપની નૉર્થ વેસ્ટ દિશામાં મેં વૉશિંગ્ટન જોયું, અને મારાથી બોલાઈ ગયું: આ કેવું? દેશની રાજધાની એક ખૂણે કેમ? એમણે મને સમજાવ્યું કે એ વૉશિંગ્ટન તો અમેરિકાનાં પચાસ રાજ્યમાંનું એક રાજ્ય છે. એની રાજધાનીવાળું વૉશિંગ્ટન તો અહીં ઇસ્ટમાં છે, અને એ પછી મેપમાં બતાડ્યું. એમણે મને સમજાવ્યું કે દેશની જ્યારે સ્થાપના થઈ હતી ત્યારે મૂળમાં માત્ર ૧૩ જ રાજ્યો હતાં અને રાજધાની લગભગ વચમાં હતી. આ મારો રાજધાની વૉશિંગ્ટનનો પહેલો પરિચય. ત્યારે અમેરિકા જવું એ એક મધુરું શમણું હતું તો પછી એની રાજધાની વૉશિંગ્ટનનો હું ભવિષ્યમાં એક દિવસ ટેક્સ કમિશનર અને પછીથી ચીફ ફાઈનાન્સિયલ ઑફિસર થઈશ એવી તો કલ્પના પણ કેમ થાય?

જેમ ઇંગ્લૅન્ડની રાજકીય, નાણાંકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એની રાજધાની લંડનમાં કેન્દ્રિત થઈ અને લંડન દુનિયા આખીનું એક મહાનગર થયું, તેવું અમેરિકામાં ન થાય એ માટે દેશના સંસ્થાપકોએ પહેલેથી નક્કી કરેલું. રાજધાની તરીકે જ્યારે

વૉશિંગ્ટનની સ્થાપના થઈ ત્યારે એને મુખ્યત્વે પોલિટિકલ પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવવાની ધારણા હતી. ૧૯૬૦ સુધી વૉશિંગ્ટન એક સરકારી ગામ તરીકે ઓળખાતું. એક વિશ્વસત્તાની રાજધાનીને અનુરૂપ વિખ્યાત રેસ્ટોરાં, નેશનલ થિયેટર, નેશનલ સિમ્ફની, નેશનલ બેલે, પરફોર્મિંગ આર્ટ્સ સેન્ટર વગેરે એન્ટરટેઈનમેન્ટનાં પ્રસાધનોના અભાવને લીધે વૉશિંગ્ટન ‘sleepy southern town’ તરીકે પણ વગોવાતું. વધુમાં એ એક નાનું શહેર જ રહે એવી પણ યોજના હતી. તેથી ત્યાં મહાનગર ન્યૂ યૉર્કમાં છે એવી ઊંચી ઊંચી આભે પહોંચતી ઈમારતો—સ્કાય સ્ક્રેપર્સ ન બંધાય એ માટે હાઈટ લીમિટેશન મૂકાયું. ઐતિહાસિક અને ભૌગોલિક કારણોસર પણ ન્યૂ યૉર્ક જ દેશની નાણાંકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું.

પ્રસ્તાવનામાં અગાઉ કહ્યું છે તેમ અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન એ એક સ્પેશિયલ ડિસ્ટ્રીક્ટ છે. એનું બજેટ (૧૩ બીલિયન ડોલર જેટલું) અને વસતી (૭૦૦,૦૦૦) અમેરિકાનાં કેટલાંક રાજ્યો (જેવાં કે વાયોમીંગ અને વરમોન્ટ) કરતાં વધુ, છતાં એની ગણતરી દેશનાં પચાસ રાજ્યોમાં ન થાય. એ એક રાજ્ય નથી, પણ સ્પેશિયલ ડિસ્ટ્રીક્ટ છે એને કારણે અમેરિકાના બંધારણ મુજબ રાજ્ય તરીકેના કોઈ પણ હક, ફાયદાઓ કે લાભ એને ન મળે. જેમ કે એના નાગરિકોને અમેરિકાની ધારાસભા એટલે કે કૉંગ્રેસ–હાઉસ ઑફ રેપ્રેજેન્ટેટિવ્સ અને સેનેટમાં, પોતાના આગવા પ્રતિનિધિ મોકલવાનો હક્ક નહીં, જ્યારે પચાસે પચાસ રાજ્ય બે સેનેટર અને એની વસતી મુજબ કૉંગ્રેસમેન મોકલે. ડિસ્ટ્રીક્ટના નાગરિકો અમેરિકાના બધા ટેક્સ ભરે, છતાં એમને મતદાન આપવાનો અધિકાર નહીં!

આ રીતે જે સિદ્ધાંત અમેરિકાના પાયામાં છે—No taxation without representation—તેનો જ ભંગ એની રાજધાનીમાં થાય છે. બાવીસ રાજ્યો કરતાં ડિસ્ટ્રીક્ટ વધુ ફેડરલ ટેક્સ ભલે ભરે, પણ એના નાગરિકોનું સાવકી મા સંતાનોની અવગણના કરે એવું થયું. એના નાગરિકો દેશના બધા કાયદાઓનું પાલન કરે અને દેશ પ્રત્યેની બધી ફરજ બજાવે જેમ કે એના જુવાનો લશ્કરમાં જોડાઈને લડાઈમાં જાતનું બલિદાન આપે, છતાં દેશના કાયદા ઘડવામાં ડિસ્ટ્રીક્ટનો કોઈ હાથ નહીં. ઘા પર મીઠું ભભરાવાતું હોય એમ કૉંગ્રેસ ડિસ્ટ્રીક્ટ પર રાજ કરે. ડિસ્ટ્રીક્ટનો કેમ વ્યવહાર કરવો, એના કાયદાઓ કેમ ઘડવા, ક્યાં ક્યાં અને કયા કયા ટેક્સ લાદવા, એના ઉચ્ચ અધિકારીઓ તરીકે કોને નીમવા એ બધું એ કોન્ગ્રેશનલ કમિટી નક્કી કરે. મૂળમાં

અમેરિકાના બીજા નાગરિકોને સ્વરાજ્યના જે મૂળભૂત અધિકારો છે તે વૉશિંગ્ટનમાં વસતા લોકોને નહીં.

## વૉશિંગ્ટનનો મેયર મેરિયન બેરી

સ્વરાજ્યના અભાવની આ કડવી વાત કાળા ધોળાના ભેદભાવથી વધુ ગૂંચવાઈ ગઈ. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાઓમાં વૉશિંગ્ટનની વસ્તી ૭૦ ટકા જેટલી કાળી પ્રજાની હતી. વૉશિંગ્ટન 'chocolate city' તરીકે ઓળખાતું. કાળી પ્રજાનું કહેવું એ હતું કે આ સ્વરાજ્યના અભાવનો અન્યાય એ કારણે જ શક્ય બન્યો છે. ધારો કે વૉશિંગ્ટનની આવડી બહુમતિ જો ધોળા લોકોની હોત તો એમનો મતદાનનો અધિકાર, કે સ્વરાજ ચલાવવાનો અધિકાર ઝૂંટવી ન લેવાત. જેમ જેમ આ ઊહાપોહ વધવા માંડ્યો તેમ તેમ કૉંગ્રેસે વૉશિંગ્ટનના નાગરિકોને મર્યાદિત સ્વરાજ્ય (limited home-rule) કટકે કટકે આપવાનું શરૂ કર્યું. ૧૯૬૫ પછી વૉશિંગ્ટનના નાગરિકોને મર્યાદિત મતદાનના અધિકાર મળ્યા. આ મર્યાદિત મતદાન દ્વારા શહેરનો વ્યવહાર કરવા માટે સ્કૂલ બોર્ડ અને પછી મેયર અને લેજીસ્લેટીવ કાઉન્સિલના ૧૩ મેમ્બર્સ ચૂંટવાનું શક્ય બન્યું. છતાં રાજધાનીનો આખરી કબજો તો કૉંગ્રેસે પોતાના હાથમાં જ રાખ્યો. કૉંગ્રેસમાં જે પ્રતિનિધિત્વ મળ્યું તે નામનું જ, ડિસ્ટ્રીક્ટનો પ્રતિનિધિ ભલે કૉંગ્રેસમાં બેસે પણ એને ત્યાં મતદાન કરવાનો અધિકાર નહીં!

કાળાઓની મોટી બહુમતિ હોવાને કારણે વૉશિંગ્ટનના અત્યાર સુધીના બધા જ મેયર કાળા રહ્યા છે. આમાં મેરિયન બેરી (૧૯૩૬-૨૦૧૪) નામનો એક મેયર તો ચાર વાર (૧૯૭૯, ૧૯૮૩, ૧૯૮૭, ૧૯૯૫) ચુંટાયો, અને છેલ્લી વાર તો જેલમાં જઈ આવ્યા પછી પણ! વૉશિંગ્ટનની કાઉન્સિલ (૧૯૭૫-૭૯, ૧૯૯૩-૯૫, ૨૦૦૬-૧૪)માં ચાર વાર ચુંટાયો. બેરીએ અમેરિકાની ૧૯૬૦ પછીની જે સિવિલ રાઈટ્સ મુવમેન્ટ થયેલી તેમાં એક સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝર તરીકે ભાગ ભજવેલો.

બેરી ગરીબીમાં ઉછર્યો, પણ ઠેઠ પીએચ.ડી. સુધી ભણ્યો. જો કે ડીગ્રી લેવાને બદલે એ સિવિલ રાઈટ્સ મૂવમેન્ટમાં જોડાયો. ભારે ગઠિયો, કંઈકને ઊંઠા ભણાવે, કોઈથી ગભરાય નહીં. દારૂ, ડ્રગ્સ, લાંચ રુશ્વત, એવું કરવામાં કાંઈ બાકી ન રાખે. પોલીસને થાપ આપે, પકડાય નહીં. અનેક લફરાં કરે, ચાર ચાર વાર પરણ્યો, ઉપરથી સાઈડમાં

કંઈક અફેર્સ ચાલુ હોય. આવી જ એક અફેર્સને કારણે વૉશિંગ્ટનની જાણીતી હોટેલમાં એફ.બી.આઈ.એ એની ગર્લ ફ્રેન્ડની મદદ લઈને જે જાળ પાથરેલી—સ્ટીંગ—તેમાં એ ફસાયો. ગેરકાયદેસરના ડ્રગ પઝેશન અને યુઝના ચાર્જ હેઠળ એના પર મોટો કેસ થયો. જેલમાં ગયો, પણ જેવો નીકળ્યો કે વળી પાછો કાઉન્સિલની ચૂંટણી લડ્યો, જીત્યો, એટલું જ નહીં મેયર તરીકે પણ ચૂંટાયો!

તે કોઈની શરમ કે શેહ ન રાખે. પોલીસ સ્ટીંગમાં ગર્લ ફ્રેન્ડ સાથે ડ્રગ લેતાં એ પકડાયો તે એફ.બી.આઈ.ના છૂપા કેમેરામાં ઝડપાયું. એ બધું તુરત જ નેશનલ અને ઇન્ટરનેશનલ ટીવી ઉપર ન્યૂઝમાં આવ્યું. એના દારૂ, ડ્રગ્સ, લાંચરુશ્વત, અફેર્સ, જેલના ધમપછાડા વગેરે અનેક આડાઅવળાં લફરાં રોજ છાપે ચડે. ટીવી ઉપર આવે. પણ એના પેટનું પાણી ન હલે. એ બાબતની એના પર જાણે કોઈ અસર ન હોય એમ એ વર્તે. પોતે જે કરતો હોય તે કર્યા કરે. કાઉન્સિલની ટૅક્સ કમિટીનો મેમ્બર હોય તો પણ પોતે ટૅક્સ ન ભરે! કેસ થાય તો પણ એની એના પર કોઈ અસર ન દેખાય. અનેક લફરાંઓથી છલકાતા એના જીવનની એક ડોક્યુમેન્ટ્રી તૈયાર કરવામાં આવી હતી.26 બીજું કોઈ માણસ હોય તો પોતાની આવી જિંદગીની ડોક્યુમેન્ટ્રી જોઈને શરમમાં ડૂબી જાય. પણ આ મર્દ માણસ તો એના વિમોચન સમયે હાજર! એને કોઈ શરમ જ નહી. એવી જ રીતે પોતે કંઈક ખોટું કર્યું છે એવી લાગણી (sense of guilt) પણ ન અનુભવે. એ જ્યારે જ્યારે કંઇક ખોટું કરતા પકડાય ત્યારે, એનો ધ્રુવ મંત્ર એક જ હોય: આ બધું ગોરા લોકોનું કાવતરું છે. કોઈ એક કાળો માણસ દેશની રાજધાનીનો મેયર થઈને બેઠો છે તે તેમને ગમતું નથી. યેન કેન પ્રકારેણ મને કાઢવા માંગે છે.

દેશની રાજધાની અને અનેક આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના કેન્દ્ર સમા વૉશિંગ્ટનમાં બેરી જેવો ચારિત્ર્યહીન, લુચ્ચો અને ધુતારો માણસ મેયર થઈને બેઠો છે એ ગોરા લોકો માટે એક મોટું એમ્બરેસમેન્ટ હતું. એટલા માટે તો એફ.બી.આઈ.એ સ્ટીંગ વાપરી એને પકડ્યો, અને જેલમાં નાખ્યો. પણ જો જેલમાંથી નીકળી ને વળી પાછો ચૂંટાઈ આવે તો શું કરો? ગોરા લોકો તો ઠીક, પણ ભણેલા અને અગ્રગણ્ય કાળા લોકો માટે પણ બેરી એક સંકોચ અને શરમનો વિષય હતો. એમનું કહેવું એમ હતું કે અમને બેરીની સાથે નહીં સરખાવો. પોતાનાં આડાઅવળાં અનેક પરાક્રમોથી બેરીએ કાળી પ્રજાની આબરૂ બગાડી. પણ ગરીબ કાળી પ્રજામાં બેરીની લોકપ્રિયતા ખૂબ. એમને મત બેરી એક જ

એવો કાળો પોલિટિશિયન છે કે જે ગોરા લોકોથી ગભરાતો નથી. એટલું જ નહીં પણ ભલભલા ગોરાઓની સાથે શીંગડાં ભરાવે છે.

બેરીએ ડિસ્ટ્રીક્ટના રાજકારણને લાંચ-રુશ્વતથી કલુષિત કર્યું. વધુમાં સીટીની બ્યુરોક્રસી તેમ જ કાઉન્સિલમાં પણ બેરીએ પોતાના જ માણસોને ઘુસાડ્યા. મારા સિટીના ટેન્યર દરમિયાન કેટલાક કાઉન્સિલ મેમ્બર્સ કાળાંધોળાં કરતાં પકડાયા. કેટલાકને તો જેલમાં જવું પડ્યું. આમાંનો એક તો કાઉન્સિલ ચેરમેન હતો! બેરીનાં વર્ષો દરમિયાન સરકારી વ્યવહારમાં ગેરવ્યવસ્થા અને અંધાધૂંધી ફેલાઈ. એક જમાનામાં લોકોને શહેર પાસેથી જે સર્વિસ અને રિસ્પોન્સ મળતા હતા ત્યાં હવે સરકારી કર્મચારીઓ તરફથી બેદરકારીભર્યું વર્તન દેખાતું હતું. સામાન્ય પરમીટ કે લાયસન્સ લેવા માટે અથવા તો ટૅક્સ રીફંડ મેળવવા માટે લાગવગ લગાડવી પડે. મહિનાઓ સુધી રાહ જોવી પડે. ગોરા લોકો માટે આ અસહ્ય થઈ પડ્યું. એ મોટી સંખ્યામાં શહેર છોડી પરાંઓમાં રહેવા ચાલી ગયા. શહેરની વસ્તી ૭૦ ટકા કાળી થઈ ગઈ. ગોરા લોકો શહેરમાં માત્ર નોકરીધંધા માટે આવે પણ રહે પરાંઓમાં.

## કન્ટ્રોલ બોર્ડની સ્થાપના

ગોરા લોકોના પરાઓમાં જવાને કારણે શહેરનો મિડલ ક્લાસ લગભગ ખલાસ થઈ ગયો. મિડલ ક્લાસના જવાથી શહેરનો ટૅક્સ બેજ ઓછો થઈ ગયો. જે લોકો શહેરમાં ટૅક્સ ભરતા હતા તે હવે પરાઓમાં ટૅક્સ ભરવા લાગ્યા. શહેરમાં બાકી રહ્યા મોટે ભાગે કાળા ગરીબ લોકો. શહેરમાં એમની બહુમતિ ભલે, પણ એમની આવક નહિવત્. ટૅક્સ ભરવાનું નામ નહીં. ઊલટાનું એમનું ભરણપોષણ કરવાની જવાબદારી શહેરની. એમની બહુમતિથી બેરી અને બીજા કાળા પોલીટિશિયન ચૂંટાતા. એટલે એમના વેલ્ફેર બેનીફીટ્સમાં કાપ તો મૂકાય નહીં. વધુમાં બેરીએ આડેધડ લોકોને સરકારી નોકરી આપી સરકારનો ખર્ચ વધારી દીધો. આ બધું પૂરું પાડવા ટૅક્સ ડોલર્સની વધુ ને વધુ જરૂર પડવા લાગી. શહેરમાં બાકી રહેલા પૈસાદાર વર્ગ ઉપર ટૅક્સ રેટ વધવા મંડ્યો. પરાંઓની સરખામણીમાં શહેરનો ટૅક્સ રેટ વધુ થયો. કંપનીઓના ટૅક્સ પણ વધારી દેવાયા.27 હવે તો પૈસાદાર ટૅક્સ પેયર્સ અને કંપનીઓ પણ શહેર છોડવાનો વિચાર કરવા મંડી.

જેમ જેમ ડિસ્ટ્રીક્ટની ગરીબી વધતી ગઈ અને મિડલ ક્લાસ અને પૈસાદાર ટૅક્સ પેયર્સ શહેર છોડવા મંડ્યા તેમ એના બજેટ ઉપરાઉપરી ખાધ બતાડવા મંડ્યા. ૧૯૯૭માં હું જ્યારે ડિસ્ટ્રીક્ટના ટૅક્સ કમિશનર તરીકે જોડાણો ત્યારે તે પાંચસોએક મીલિયન ડોલરની ખાધમાં હતું. સિટીનો પે-રોલ કેમ ચૂકવવો કે ગરીબોને વેલ્ફર પેમેન્ટ કેમ કરવું તેનો મોટો પ્રશ્ન થઈ ગયો. આવી કથળેલી આર્થિક પરિસ્થિતિ જોઈને વૉલ સ્ટ્રીટની રેટિંગ એજન્સીઓએ ડિસ્ટ્રીક્ટનું રેટિંગ ઘટાડવા માંડ્યું. છેવટે એનું બોન્ડ રેટિંગ 'જન્ક' થયું. હવે ડિસ્ટ્રીક્ટને વૉલ સ્ટ્રીટમાં બોન્ડ વેચવા હોય તો વ્યાજના દર બહુ આપવા પડે. છેવટે તો મોંઘા વ્યાજ ભરવા તૈયાર થવા છતાં ડિસ્ટ્રીક્ટના બોન્ડ વેચવાનું મુશ્કેલ થઈ પડ્યું.

બેરી અને સિટીના અન્ય પોલિટિશિયનો માટે હવે મુદ્દાનો પ્રશ્ન એ થયો કે સિટી ચલાવવા માટે પૂરતી આવક ક્યાંથી લાવવી? સિટીને દર મહિને લગભગ પાંચસો મીલિયન ડોલરની ટૅક્સની આવક જરૂરી હતી. એટલી આવક જો ન હોય તો સિટી કેમ ચલાવવું? પોલીસમેન, ફાયરમેન, ટીચર્સ અને અન્ય કર્મચારીઓને દર બે અઠવાડિયે પગાર કેમ ચૂકવવો? વેલ્ફેર પેમેન્ટ કેમ કરવા? નવા રસ્તાઓ કેમ બાંધવા? અને જૂના રસ્તાઓમાં જે મોટાં ગાબડાંઓ પડ્યાં છે તેને કેમ પૂરવાં? પૂરતા બજેટના અભાવે કથળી ગયેલા પોલીસ તંત્રને કેમ એફિસિયન્ટ બનાવવું? લોહિયાળ ગુનાખોરી એટલી વધી ગયેલી કે શહેરના અમુક વિસ્તારોમાં ધોળે દિવસે જવામાં જોખમ થઈ ગયું. વૉશિંગ્ટનનો વાર્ષિક મર્ડરનો આંકડો ૫૦૦ સુધી પહોંચ્યો અને એ 'મર્ડર કેપિટલ' તરીકે ઓળખાવા લાગ્યું. ડિસ્ટ્રીક્ટની આર્થિક પરિસ્થિતિ અને અર્થતંત્ર એટલા તો બગડેલા હતા બેરીએ જાહેર કર્યું કે જો કૉંગ્રેસ અને ફેડરલ ગવર્મેન્ટ નાણાંકીય મદદ નહીં કરે તો સિટીએ દેવાળું કાઢવું પડશે.

બીજાં મોટાં શહેરોની પણ આ જ દશા હતી. ૧૯૭૦ના દાયકામાં સ્ટેટની મદદ હોવા છતાં ન્યૂ યૉર્ક શહેરની પણ આવી જ દશા થઈ હતી. એનો રસ્તો કાઢવા માટે ન્યૂ યૉર્ક સ્ટેટે કંટ્રોલ બોર્ડની સ્થાપના કરેલી. શહેરની નાણાંકીય બાબતો–ટૅક્સ, બજેટ, વગેરેનો કબજો સ્ટેટે આ બોર્ડ દ્વારા લીધો. ફિલાડેલ્ફિયા શહેરની પણ આ જ દશા થયેલ. એને માટે પણ એના સ્ટેટ પેન્સિલ્વેનિયાએ એક કંટ્રોલ બોર્ડની રચના કરી ને શહેરની નાણાંકીય બાબતોનો કન્ટ્રોલ લીધો. વૉશિંગ્ટનની કથળેલી પરિસ્થિતિનો ઉકેલ કરવા માટે કૉંગ્રેસ સામે આ બે દાખલા મોજૂદ હતા. કૉંગ્રેસે તરત એક કન્ટ્રોલ બોર્ડ

નિમ્યું. કૉંગ્રેસને બેરી અને સિટી પોલિટિશિયનો પ્રત્યે એટલો બધો અવિશ્વાસ હતો કે માત્ર નાણાંકીય જ નહીં, પણ બીજી બધી અગત્યની જવાબદારી એમની પાસેથી ખૂંચવી લીધી. હવે બેરી માત્ર નામનો જ મેયર રહ્યો. એની અને કાઉન્સિલની બધી જ સત્તા કન્ટ્રોલ બોર્ડના હાથમાં આવી ગઈ.

## સીએફઓ—ડિસ્ટ્રીક્ટનો ફાઇનાન્સિયલ ઝાર

કન્ટ્રોલ બોર્ડના મેમ્બર્સ પાંચ, શહેરના અગ્રગણ્ય નાગરિકો, અને પોતાના ક્ષેત્રમાં ખ્યાતનામ, શક્તિશાળી માણસો હતા. આમાં જેવા તેવાનું કામ નહોતું. એમને તો બેરીની સામે ઝઝૂમવાનું હતું. એમને ખબર હતી કે બેરીના હાથમાંથી એની બધી સત્તાઓ ઝૂંટવાઈ ગઈ છે તે એને માન્ય નથી. એ તો લડવાનો છે. કન્ટ્રોલ બોર્ડના મેમ્બર્સ તો વોલન્ટિયર તરીકે પોતાની સેવા આપતા હતા. દેશભક્તિ અને પોતાની નાગરિક ફરજ સમજીને એમણે આ કપરું કામ હાથમાં લીધું હતું. પણ એમને પોતાના કામ ધંધા હતા. એમાંથી સમય ફાળવીને કંટ્રોલ બોર્ડમાં પોતાની ફરજ બજાવવાની હતી. શહેરના ત્યારના બારેક બીલિયન ડોલરના બજેટની રોજબરોજની નાણાંકીય વ્યવસ્થા કરવા માટે ન'તો તેમની પાસે ટાઈમ કે ન'તો સ્ટાફ. એ રોજબરોજનું કામ કરવા માટે કન્ટ્રોલ બોર્ડના હાથ નીચે કૉંગ્રેસે એક નવો હોદ્દો સ્થાપ્યો—ચીફ ફાઈનાન્સિયલ ઑફિસર–સીએફઓ–નો.

કન્ટ્રોલ બોર્ડના મેમ્બર્સ દર અઠવાડિયે સીએફઓ અને એના સીનિયર સ્ટાફને મળે અને ડિસ્ટ્રીક્ટનો નાણાંકીય વ્યવહાર કેમ કરવો એનું માર્ગદર્શન આપે. મેયર અને કાઉન્સિલના હાથમાં જે નાણાંકીય સત્તા અને જવાબદારી હતાં તે હવે સીએફઓને સોંપાયાં. ડિસ્ટ્રીક્ટમાં નાણાંકીય ક્ષેત્રે જે લગભગ બારસો જેટલા કર્મચારીઓ કામ કરતા હતા તે બધા હવે સીએફઓના હાથ નીચે આવી ગયા. મેયર કે કાઉન્સિલની એ સ્ટાફ પર કોઈ હોદ્દેદારી નહીં. સાથે સાથે ડિસ્ટ્રીક્ટનું રેવન્યુ એસ્ટીમેશન, ટૅક્સ કલેક્શન, બજેટ, ઍકાઉન્ટિંગ અને કમ્પટ્રોલરશીપ, ટ્રેજરી અને બોરોઈંગ, લોટરી, વગેરે બધું સીએફઓના હાથ નીચે આવી ગયું. કોઈ પણ પ્રોજેક્ટ, પછી એ સેંકડો મીલિયન્સનું સ્ટેડિયમ બનાવવાની વાત હોય કે સાવ સામાન્ય રોડ રીપેરની વાત હોય, તે બધામાં સીએફઓની હા જોઈએ. કાઉન્સિલના એકે એક નાણાંકીય કાયદામાં પણ સીએફઓની

હા હોય તો જ એ માન્ય થાય. આમ સીએફઓ ડિસ્ટ્રીક્ટનો ફાઈનાન્સિયલ ઝાર બની ગયો.

સીએફઓને આવા અસાધારણ પાવર્સ આપવા સાથે એને માથે એટલી જ અસાધારણ જવાબદારી નખાઈ હતી. એની જવાબદારી એ હતી કે હવે પછી ડિસ્ટ્રીક્ટ ક્યારેય ફડચામાં ન પડે. એને એ જોવાનું કે ક્યારેય પણ ડિસ્ટ્રીક્ટની આવક કરતા એનો ખર્ચો ન વધે. એ માટે જે કાંઈ કાપ મૂકવાના હોય તે કહેવાના. શરૂઆતનાં વર્ષોમાં શહેરના ખર્ચમાં ખૂબ કાપકૂપ થઈ. હજારો લોકોના જોબ ગયા. કેટલાય પ્રોજેક્ટ્સ રદ થયા. અને જો સિટી વ્યવસ્થિત રીતે વ્યાજ સાથે પૈસા પાછા આપી શકે એમ હોય તો જ બોરો થાય. આ કામ ખૂબ આકરું હતું. જે પોલીટીશિયન્સને ગમતું તે બધી બાબતમાં સીએફઓની જવાબદારી ના પાડવાની હતી. હું જ્યારે (૨૦૦૦-૨૦૧૪) ડિસ્ટ્રીક્ટનો સીએફઓ હતો, ત્યારે ડૉ. નો તરીકે વગોવાતો!28

સીએફઓનું આ ના પાડવાનું કામ પોલીટીશિયન્સને ગમવાનું નથી, અને મેયર અને કાઉન્સિલ યેનકેન પ્રકારેણ સીએફઓને વગોવીને એને કાઢવા પ્રયત્ન કરશે તેમ ધારીને કૉંગ્રેસે સીએફઓને કેટલીક બાહેંધરી આપી. એક તો એને પાંચ વર્ષની ફિક્સ્ડ ટર્મ આપી. બારસોએક માણસોનો સ્ટાફ આપ્યો. એ સ્ટાફ સીએફઓના નિયમો અને માર્ગદર્શનને અનુસરીને વ્યવસ્થિત કામ કરે તે માટે એમને હાયર-ફાયર કરવાના, પ્રમોટ-ડીમોટ કરવાના વગેરે અગત્યના પર્સોનેલ ડિસીશન સીએફઓને આપ્યા. નાણાંકીય બાબતના જે કોઈ કોન્ટ્રેક્ટ આપવા પડે તે પણ સીએફઓના હાથમાં મૂકાયા. ટૂંકમાં મેયર, કાઉન્સિલ કે બીજું કોઈ સીએફઓને દખલ ન કરે તેવી વ્યવસ્થા કરી આપી. જો કે સીએફઓની નિમણૂક ભલે મેયર કરે અને કાઉન્સિલ એને કન્ફર્મ કરે, પણ એક વાર એની નિમણૂંક થયા પછી એને હોદ્દા ઉપરથી કાઢવો ખૂબ મુશ્કેલ. અને જો એને કાઢવો હોય તો એનો પ્રોસીજર કોમ્પ્લીકેટેડ હતો. અને એ બાબતમાં કૉંગ્રેસની અનુમતિ પણ જરૂરી.

## એન્થની વિલિયમ્સની સીએફઓ તરીકે નિમણૂક

ભલે એની સત્તા અને જવાબદારી કૉંગ્રેસે ઝૂંટવી લીધી છતાં બેરી હજી ઑફિશિયલી મેયર હતો. સીએફઓની નિમણૂક કરવાનો એનો હક્ક હતો. એને નબળો સીએફઓ

નીમવો હતો જેથી એ તેને પોતાના હાથ નીચે દબાવી શકે. ઘણા કેન્ડીડેટ્સ ચકાસ્યા પછી એણે એક ઓછાબોલા, થોડા શરમાળ, શાંત અને બુકીશ લોયર એન્થની વિલિયમ્સની ડિસ્ટ્રીક્ટના પહેલા સીએફઓ તરીકે નિમણૂક કરી. કાઉન્સિલે એમને કન્ફર્મ કર્યા. જો કે વિલિયમ્સ પોતે અકાઉન્ટન્ટ ન હતા, પણ એની અપોઈન્ટમેન્ટ થઈ ત્યારે ફેડરલ ગવર્નમેન્ટના વિશાળ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટમાં એ સીએફઓ હતા. વધુમાં યેલ અને હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ડીગ્રીઓ મેળવેલી. બોસ્ટન અને સેન્ટ લુઇસ સિટીઓમાં લોકલ ગવર્નમેન્ટનો એમણે અનુભવ મેળવેલો. એમને પહેલી વાર મળતા એવી છાપ પડે કે બેરી આ માણસને સહેલાઈથી બનાવી જશે.

બેરીને એમ હતું કે વિલિયમ્સ જેવો નબળો માણસ સીએફઓ હોય તો પોતે હજી પણ પોતાનું ધાર્યું કરી શકે. પણ હકીકતમાં થયું એવું કે વિલિયમ્સ જેવા દેખાયા તેના કરતાં સાવ જુદા જ નીકળ્યા. એની પાસે સીએફઓના મિશનની સ્પષ્ટ સમજ હતી અને સીએફઓની જવાબદારીનું ભાન હતું. બેરી અને બીજા ડિસ્ટ્રીક્ટના લાંચરુશ્વતથી કામ કરતા પોલીટિશિયન સામે ઝઝૂમવાની જે તૈયારી અને નીડરતાની જરૂર હતી તે વિલિયમ્સે શરૂઆતથી જ દેખાડી. આશ્ચર્યની વાત તો એ હતી કે એક કુશળ પોલિટિશિયનની સૂઝ અને સમજથી વિલિયમ્સે શહેરના જુદા જુદા વિસ્તારોમાં જવાનું શરૂ કર્યું. ટાઉન હોલ મીટિંગ્સ ભરી લોકોને ડિસ્ટ્રીક્ટનું અર્થકારણ કેમ ચાલે છે તે સમજાવ્યું. તેમાં શું શું ફેરફાર કરવા જોઈએ અને એ નાગરિકોને કેવી રીતે ઉપયોગી નીવડશે તેની ચર્ચાવિચારણા કરવાનું શરૂ કર્યું. ખાસ તો ડિસ્ટ્રીક્ટની નાણાંકીય પરિસ્થિતિ કેટલી કથળેલી છે, અને એને સુધારવા માટે કેવાં આકરાં પગલાં લેવા પડશે એ બાબતની સ્પષ્ટતા કરી.

લોકોને એવી શ્રદ્ધા બેઠી કે આ નવા ડૉક્ટરની કડવી દવા લેશું તો જ આપણી સ્થિતિ સુધરશે. વિલિયમ્સની વાત સાદી સીધી અને તુરત સમજી શકાય એવી હતી. એણે કહ્યું કે ડિસ્ટ્રીક્ટની નાણાંકીય પરિસ્થિતિ સુધારવા માટે પહેલું કામ તો એની આવક અને જાવકને બૅલેન્સમાં લાવવી પડશે. આના આ બે જ રસ્તા છે. એક તો એ કે આવક વધારવી પડશે, અને બીજું એ કે બજેટમાં–જાવકમાં–કાપ મૂકવા પડશે. જે વસ્તુ એના હાથમાં હતી, તેને તો એણે અમલમાં મૂકવાનું તરત જ શરુ કર્યું. વિલિયમ્સે કંટ્રોલ બોર્ડને અને કૉંગ્રેસને સમજાવ્યું કે ડિસ્ટ્રીક્ટની સરકારી બ્યુરોક્રસીમાં થથેરો ઘણો છે. મેયર બેરીએ જરૂર હોય કે નહીં પણ હજારોની સંખ્યામાં પોતાના મિત્રો, સગાંવહાલાંઓ,

ટેકેદારો વગેરેને સિટીમાં જોબ્સ આપ્યા હતાં. થોડાક અપવાદ સિવાય આ બધા કાળાઓ જ હતા. વિલિયમ્સે જ્યારે આ કર્મચારીઓને રજા આપવાની વાત કરી ત્યારે ખાસ કરીને કાળી પ્રજામાં ઊહાપોહ થઈ ગયો. પણ વિલિયમ્સ મક્કમ રહ્યા. એણે સ્પષ્ટ કહ્યું કે ડિસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટનો પેરોલ ઘટાડવો પડશે. ગવર્ન્મેન્ટની સાઈઝ ઓછી કરવી પડશે. ડિસ્ટ્રીક્ટના ખર્ચાળ બજેટમાં જો કાપ નહીં મુકાય તો ખાધ ચાલુ રહેશે. ડિસ્ટ્રીક્ટના સીએફઓ તરીકે એ આવી ડેફીસીટ ન ચલાવી શકે.

એટલું જ નહીં, પણ ડિસ્ટ્રીક્ટના નાણાંકીય વ્યવહારમાં જે ગેરવ્યવસ્થા હતી ત્યાં પણ એમણે ધરખમ ફેરફાર કરવા માંડ્યા. એમણે જોયું કે જેમ બજેટમાં કાપ મૂકવાની જરૂર છે તેમ જ ડિસ્ટ્રીક્ટની કરવેરાની આવક વધારવાની ખાસ જરૂર છે. આ અગત્યના કામ માટે ટેક્સ ડિપાર્ટમેન્ટમાં સુધારાવધારા કરવાની જરૂર હતી. જે કર્મચારીઓ વ્યવસ્થિત કામ કરતા નથી, અથવા તો લાંચ રુશ્વત લઈને શહેરનો ટેક્સ જવા દે છે, તેમને રજા આપવી જોઈએ. ખાસ તો સિટીની રીઅલ એસ્ટેટ પ્રોપર્ટીનું અસેસમેન્ટ અને ટેક્સ કલેક્શન બરાબર થવું જોઈએ. શહેરના લોકો ટેક્સ ડિપાર્ટમેન્ટની બેદરકારીથી અને એના કર્મચારીઓના ગેરવર્તનથી એટલા તો કંટાળી ગયા હતા કે એમણે ટેક્સ ભરવાનું જ બંધ કર્યું! સિટીનું રીઅલ પ્રોપર્ટી ટેક્સ કલેક્શન ખૂબ ઘટી ગયું. આ બધાથી કંટાળીને વિલિયમ્સે એક દિવસે એ ડિપાર્ટમેન્ટના ૧૦૦ જેટલા કર્મચારીઓને એક સાથે રજા આપી દીધી! આમાં મોટા ભાગના કર્મચારીઓ કાળા હતા.

ડિસ્ટ્રીક્ટના ઇતિહાસમાં આવું ક્યારેય બન્યું ન હતું. બેરીના રાજ્યમાં કાળાઓને જોબ આપવાની વાત હતી, રજા આપવાની નહીં! શહેરમાં ઊહાપોહ થઈ ગયો. આ બાબતમાં બેરી કે કાઉન્સિલ કંઈ કરી શકે તેમ ન હતું. કારણ કે ડિસ્ટ્રીક્ટના નાણાંકીય ક્ષેત્રમાં કામ કરતા લગભગ ૧૨૦૦ જેટલા લોકો હવે વિલિયમ્સના હાથ નીચે હતા. એણે આ બધા કર્મચારીઓને પોતાનો કંટ્રોલ બેસાડ્યો. એમને સ્પષ્ટ કહેવામાં આવ્યું કે ડિસ્ટ્રીક્ટની ડેફીસીટ નાબૂદ કરવાની એમની ફરજ છે. હવે એમને મેયર કે કાઉન્સિલને નહીં પણ સીએફઓને રિપોર્ટ કરવાનું છે. ટેક્સ ડિપાર્ટમેન્ટના આ સામૂહિક ફાયરીંગથી બીજા બધા કર્મચારીઓ ચેતી ગયા કે ડિસ્ટ્રીક્ટની રમત હવે સાવ બદલાઈ ગઈ છે. જૈસે થે એ ફિલોસોફી હવે ચાલવાની નથી. પોતાની નોકરી ટકાવી રાખવી હોય તો હવે વ્યવસ્થિત કામ કરવું પડશે, લાંચરુશ્વતનું તો નામ જ નહીં લેવાય. વધુમાં શહેરમાં,

બિઝનેસ કમ્યુનિટીમાં, કંટ્રોલ બોર્ડમાં, અને કોંગ્રેસમાં વિલિયમ્સની એક 'નો નોનસેન્સ સીએફઓ' તરીકેની શાખ બંધાઈ.

શરૂઆતમાં જ બેરીને ખબર પડી ગઈ કે વિલિયમ્સ એની સામે માથું ઊંચકી રહ્યા છે. તરત એણે કંટ્રોલ બોર્ડ અને વિલિયમ્સ સામે ઝુંબેશ શરૂ કરી. કહ્યું કે મેયર અને કાઉન્સિલ તો બહુમતિથી ચૂંટાયેલા આમ જનતાના પ્રતિનિધિઓ છે, જ્યારે કંટ્રોલ બોર્ડ અને વિલિયમ્સ તો કોંગ્રેસે બળજબરીથી ડિસ્ટ્રીક્ટ ઉપર ઠોકી બેસાડેલા કર્મચારીઓ છે. ભલે એ કાળા હોય પણ આખરે તો એ ધોળી પ્રજાના ઢીંગલાંઓ છે! એમને ડિસ્ટ્રીક્ટની બહુમતિ કાળી પ્રજાના હિતની કંઈ પડી નથી. બેરીનું આ રેસ કાર્ડ હવે ચાલે તેમ ન હતું. એણે જે રીતે ડિસ્ટ્રીક્ટની નાણાંકીય ગેરવ્યવસ્થા કરી હતી, એને ફડચામાં નાખ્યું હતું, સરકારમાં જે અંધાધૂંધી ફેલાવી, અને ખાસ કરીને લાંચરુશ્વતના વ્યવહારથી દેશની રાજધાનીને દુનિયા આખીમાં બદનામ કરી હતી, તે બધું લોકોની આંખ સામે તરતું હતું. માત્ર નાણાંકીય વ્યવહારની વાત કરીએ તો ૧૯૯૫માં ડિસ્ટ્રીક્ટની તિજોરી તો સાવ ખાલી હતી પણ ઉપરથી ૫૫૦ મીલિયન ડોલરની ખાધ હતી. વૉલ સ્ટ્રીટમાં ડિસ્ટ્રીક્ટની આબરૂના કાંકરા ઊડતા હતા.

## હું ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ કમિશનર થયો

સીએફઓ વિલિયમ્સને બરાબર ખબર હતી કે ડિસ્ટ્રીક્ટની વર્ષોથી ચાલુ આવતી ડેફીસીટનાં બે પાસાં હતા. જેટલી બજેટ અને ખર્ચામાં કાપ મૂકવાની જરૂર હતી તેટલી જ ટૅક્સની આવક વધારવાની જરૂર હતી. એક હાથે તાળી નહીં પડે. આગળ લખ્યું તેમ ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ ડિપાર્ટમેન્ટ ખોરંભે પડ્યો હતો. કેટલાક લોકોએ ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ ભરવાનો જ બંધ કર્યો હતો, જો કે એ જ લોકો ફેડરલ ગવર્નમેન્ટનો ટૅક્સ આઈ.આર.એસ.ને જરૂર ભરે! ટૅક્સ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ એટલા તો બેદરકાર અને ઇનએફિસિયન્ટ હતા કે તેમને એ બાબતની ખબર પણ ન હતી. અને ખબર પડે તો પણ ટૅક્સ ઉઘરાવવાની એમની પાસે કોઈ સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં ન હતી. કમ્પ્યૂટર, ડેટાબેઝ જેવાં અદ્યતન સાધનો ન હતાં.29

બેરીએ ડિસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટનું એડમિનિસ્ટ્રેશન બગાડી નાખેલું. એનાથી ટૅક્સ ડિપાર્ટમેન્ટમાં જે હાનિ થઈ તે અક્ષમ્ય હતી. જો પૂરતો ટૅક્સ ન ઉઘરાવાય તો સરકાર કેમ

ચાલે? ટૅક્સ ડિપાર્ટમેન્ટને સુધારવા માટે, એના કર્મચારીઓ સરખું કામ કરે અને સીટીનો ટૅક્સ પૂરો ઉઘરાવે તે માટે વિલિયમ્સ કોઈ અનુભવી અને નિષ્ણાત ટૅક્સ કમિશનરની પહેલેથી જ શોધમાં હતા. ડિસ્ટ્રીક્ટ અને ખાસ કરીને ટૅક્સ ડિપાર્ટમેન્ટની મથરાવટી જ એટલી મેલી કે કોઈ પણ જાણીતું માણસ ડિસ્ટ્રીક્ટનું નામ સાંભળતા જ ભડકે અને તરત જ ના પાડી દે.

આગળ જણાવ્યા મુજબ જીએઓમાં મને જે પ્રમોશન જોઈતું હતું, અને જેને માટે મારી પાસે પૂરી સજ્જતા અને યોગ્યતા હતી, તે ન મળતાં હું જીએઓ છોડવાનો વિચાર કરતો હતો, તેવામાં મને વિલિયમ્સને મળવાનું નિમંત્રણ આવ્યું. જીએઓના મારા કામને લીધે વૉશિંગ્ટનના ટૅક્સવર્તુળમાં મારી પ્રતિષ્ઠા બંધાઈ હતી. એમાંથી કોઈએ મારું નામ વિલિયમ્સને સૂચવેલું. વિલિયમ્સ સાથેની મારી મિટિંગ બહુ સારી ગઈ. એણે એ પહેલી જ મિટિંગમાં મને ડિસ્ટ્રીક્ટમાં ટૅક્સ કમિશનર થવાની ઓફર કરી! આ ઓફર આકર્ષક હતી પણ મેં તુરંત હા ન કહી. જીએઓ છોડવાનો નિર્ણય આટલી જલદીથી લેવો પડશે એવું મેં ધાર્યું ન હતું. વળી ડિસ્ટ્રીક્ટમાં પડવું એ પણ જોખમનું કામ હતું.

જીએઓની મારી ઊંચી પોઝિશનને કારણે મને ઘણાં પ્રતિષ્ઠા અને માનસન્માન મળેલાં. આવો સારો અને સિક્યોર્ડ જોબ એમને એમ કેમ છોડી દેવાય અને તે પણ ડિસ્ટ્રીક્ટ માટે? જીએઓમાં અને બહાર મેં મારા હિતેચ્છુઓને આ બાબતની વાત કરી. બધાએ મને જીએઓ છોડવાની અને ડિસ્ટ્રીક્ટનો જોબ લેવાની ના પાડી. અને છતાં મેં એ જ કર્યું! આ બાબતની દેશમાં પણ નોંધ લેવાઈ.૩૦ એ લેખમાં મારી સામે જે ચેલેન્જ પડી હતી તેની વિગતવાર વાત હતી.

મને કહેવામાં આવ્યું કે હું છ મહિના પણ ડિસ્ટ્રીક્ટમાં ટકું તો ઘણું ઘણું. ૧૯૯૭ના ફેબ્રુઆરીમાં મેં જ્યારે ટૅક્સ ડિપાર્ટમેન્ટનાં સૂત્રો હાથમાં લીધાં ત્યારે મને પોતાને જ થયું કે અહીં છ મહિના શું છ અઠવાડિયાં પણ ટકું તો સારું! પહેલું તો એ કે એના છસો જેટલા કર્મચારીઓ વિલિયમ્સ પ્રત્યે શંકાભરી દૃષ્ટિએ જોતા હતા. હજી થોડા જ વખત પહેલાં એણે એમના સોએક સાથીઓને રજા આપી હતી. વિલિયમ્સે મને નીમ્યો હતો એટલે એમને એમ હતું કે એના એજન્ટ તરીકે હું પણ વધુ લોકોને રજા આપવાનો છું. વિલિયમ્સ પ્રત્યે એમને જે અવિશ્વાસ અને ગુસ્સો હતો તે બધો મારા પર ઠલવાયો. ઑફિસમાં જ્યાં પણ જાઉં ત્યાં મને હોસ્ટિલિટી જોવા મળી. શરૂઆતમાં જ હું કાંઈ નવા પગલાં

ભરું તેવા તરત તે સેબોટેજ કરવા લોકો તૈયાર હતા. મને થયું કે આવા વાતાવરણમાં, કર્મચારીઓના સહકાર વગર ડિપાર્ટમેન્ટમાં સુધારાવધારા કેમ થઈ શકે?

વધુમાં મારો પોતાનો ટૅક્સ ડિપાર્ટમેન્ટ ચલાવવાનો અનુભવ પણ નહિવત્ હતો. હા, હું જીએઓમાં હતો ત્યારે અહીંની તોતિંગ ફેડરલ ટૅક્સ એજન્સી આઈ.આર.એસ.નાં વિવિધ પાસાંનું ઑડિટ જરૂર કરતો. તે બાબતમાં રિપોર્ટ્સ લખતો. એ વિશે કૉંગ્રેસમાં જુબાની પણ આપતો. પરંતુ એ તો કાંઠે ઊભેલો ક્રિટિક જેમ કોમેન્ટરી આપે તેવું થયું. એનો અર્થ એવો થોડો થયો કે એને મઝધારમાં તરતાં આવડે છે? હું જ્યારે ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ કમિશનર થયો ત્યારે આઈ.આર.એસ.ના મારા મિત્રોએ મને હસતાં હસતાં કહ્યું પણ ખરું કે હવે જોઈએ કે તમે ટૅક્સ ડિપાર્ટમેન્ટ કેમ ચલાવો છો, અને તમારા જીએઓના રેકમ્ન્ડેશન્સને કેવી રીતે અમલમાં મૂકો છો.

મારે હવે એવા માણસોની જરૂર હતી કે જે ટૅક્સ ડિપાર્ટમેન્ટ ચલાવવામાં નિષ્ણાત હોય. આવા માણસોને ક્યાંથી શોધવા? અને જો મળે તો એમને ડિસ્ટ્રીક્ટમાં કામ કરવા કેમ મનાવવા? દુનિયાભરની ટૅક્સ એજન્સીઓમાં આઈ.આર.એસ. શ્રેષ્ઠ ગણાય. ટૅક્સ ડિપાર્ટમેન્ટ કેમ ચલાવવો એ શીખવા માટે દેશપરદેશથી ટૅક્સ પ્રોફેશનલ્સ ત્યાં આવે. મને થયું કે મારે પણ આઈ.આર.એસ.માં જઈને મદદ લેવી જોઈએ. સદ્ભાગ્યે હું આઈ.આર.એસ. કમિશનર અને એના ઘણા ઉચ્ચ અધિકારીઓને સારી રીતે ઓળખતો હતો. ત્યાં જઈને મેં ધા નાખી. કમિશનરે બધી જ મદદ કરવાની તૈયારી બતાવી. વધુમાં એના એક ઉચ્ચ અધિકારીને મારી સાથે કામ કરવા મોકલ્યો. એ ઉપરાંત એ સમયે આઈ.આર.એસ.માંથી જે અધિકારીઓ નિવૃત્ત થતા હતા, તેમને રીક્રુટ કરવા મને કહ્યું. એ સૂચન મને ગમ્યું. હું આવી રીતે કેટલાક ટૅક્સ નિષ્ણાતોને ડિસ્ટ્રીક્ટમાં લઈ આવ્યો. જો કે આ નિષ્ણાતો બધા ગોરા હતા, જ્યારે અમારો ટૅક્સ સ્ટાફ મુખ્યત્વે કાળો હતો. આ રંગભેદને કારણે સ્ટાફની મારા માટે જે હોસ્ટિલિટી હતી તે વધી, પણ મારે તો ટૅક્સ ડિપાર્ટમેન્ટ ચલાવવો હતો. આ નિષ્ણાતોની ખૂબ જરૂર હતી.

આગળ જણાવ્યું તેમ ડિપાર્ટમેન્ટમાં કમ્પ્યૂટર્સ ન મળે, ડેટાબેઝ ન મળે, અરે, કર્મચારીઓ ટૅક્સ રીટર્ન્સ ફાઈલ કરવાને બદલે એક રૂમમાં એનો ખડકલો કરે. રીટર્ન સાથે ટૅક્સના જે ચેક આવ્યા હોય તે પણ બૅંકમાં ટાઈમસર જમા ન કરે! કોઈ પણ ટૅક્સ એજન્સી ટૅક્સ રિટર્ન જેવા અત્યંત અગત્યના ડોક્યુમેન્ટને ફાઈલ ન કરે, એની જાળવણી ન કરે, અને રદ્દી પેપરની જેમ ખૂણામાં ફેંકી દે એ કોઈ કેમ માનશે? મેં રદ્દીની

જેમ ફેંકાયેલા રીટર્નના ઢગલાઓનો ફોટો પાડ્યો. અને લોકોને બતાડ્યું કે એજન્સી કેવી રેઢિયાળ દશામાં છે. એ બધું ફોટા સાથે છાપાઓમાં પણ આવ્યું.૩૧

મેં વિલિયમ્સને કહ્યું કે ડિપાર્ટમેન્ટની દશા ધાર્યા કરતાં વધુ વણસેલી છે. અદ્યતન ટેક્સ ઇન્ફોર્મેશન સિસ્ટમ વગર અહીં ચાલશે નહીં. આવી સિસ્ટમ માટે મીલિયન્સ ઑફ ડોલર્સનો ખર્ચ કરવો પડશે. કમ્પ્યૂટર્સની જાણકારીવાળા અને ભણેલા નવા લોકોને હાયર કરવા પડશે, જૂના કર્મચારીઓને આ સિસ્ટમ્સમાં ટ્રેનિંગ આપવી પડશે. ટેક્સ ડિપાર્ટમેન્ટને ટેક્સ પેયર ફ્રેન્ડલી બનાવવા માટે પહેલાં તો કર્મચારીઓનું માનસ બદલવું પડશે. આ બધું કરતા ઓછામાં ઓછા ચારથી પાંચ વરસ નીકળી જશે. વિલિયમ્સ મારી સામે જે આકરું કામ પડ્યું હતું તે સમજી શક્યા. જે કાંઈ ખર્ચ થાય તે કરવા તૈયાર થયા. અમે કર્મચારીઓની ટ્રેનિંગ શરૂ કરી. આ બાબતમાં મને આઈ.આર. એસ.ની મદદ મળી. નવી ટેક્સ ઇન્ફોર્મેશન સિસ્ટમનો મલ્ટી મીલિયન ડોલરનો કોન્ટ્રેક્ટ પણ અપાયો. આમ અમારું ગાડું ચાલ્યું, પણ આ જગન્નાથની રથયાત્રા તીર્થ સ્થાને પહોંચશે કે નહીં એ ચિંતાએ મારી ઊંઘ ઉડાડી દીધી!

## પહેલી કસોટી—ટેક્સ રિફન્ડ

ટેક્સ કમિશનર તરીકેની મારી પહેલી કસોટી હતી ટેક્સ રિફન્ડની. અમેરિકામાં નોકરી કરતા બધા લોકોનો ટેક્સ દર પે ચેકમાંથી કપાય. દર બે અઠવાડિયે હાથમાં જે પગાર આવે તેમાંથી ટેક્સ લેવાઈ ગયો હોય. એવી જ રીતે જે ધંધો કરતા હોય અને જેમને નિયમિત પગાર ન મળતો હોય તેમણે તેમની આવક અનુસાર નિયમિત એસ્ટિમેટેડ ટેક્સ આગળથી ભરવાનો. અમેરિકામાં બધાએ દર એપ્રિલની પંદરમીએ ટેક્સ રીટર્ન ફાઈલ કરવાનું હોય છે. ટેક્સ 'વિથહોલડીન્ગ'ને કારણે એપ્રિલમાં રીટર્ન ફાઈલિંગ સમયે લોકોને ખબર પડે કે એમને રીફંડ મળવાનું છે કે વધુ ટેક્સ ભરવાનો છે. જે લોકોએ પોતાની જવાબદારી કરતાં વધુ ટેક્સ આપ્યો છે તેમને એમનું ટેક્સ રીફન્ડ ટાઈમસર મળશે કે નહીં એ એમની મોટી ચિંતા. ડિસ્ટ્રીક્ટ ટેક્સ ડિપાર્ટમેન્ટનું મૅનેજમૅન્ટ એટલું રેઢિયાળ હતું અને કર્મચારીઓ એટલા બેદરકાર હતા કે ટેક્સ પેયર્સને રિફન્ડ મળતાં મહિનાઓ નીકળી જાય. એ બાબતની એમની ફરિયાદ કરતા ટેલિફોન પણ કોઈ

ઉપાડે નહીં. મેં જોયું કે મારે જો ટેક્સ પેયર્સનો વિશ્વાસ મેળવવો હોય તો આ પરિસ્થિતિ સુધારવી જ પડે. લોકોને રિફન્ડ ટાઇમસર મળવું જ જોઈએ.

મેં અગત્યના કર્મચારીઓની એક મિટિંગ બોલાવીને કીધું કે ડિસ્ટ્રીક્ટમાં અને બીજે બધે ઠેકાણે લોકો આપણી હાંસી ઉડાડે છે. આપણે રિફન્ડ આપવાનું સાદું સીધું કામ પણ ટાઇમસર કરી શકતા નથી. આઈ.આર.એસ. અને બીજે બધે ઠેકાણે લોકોને બે કે ત્રણ અઠવાડિયાંમાં રિફન્ડ મળી જાય, તો આપણે એમ શા માટે ન કરી શકીએ? હું એ બધાને આઈ.આર.એસ.ના બસો માઈલ દૂર ફિલાડેલ્ફિયામાં આવેલા સર્વિસ સેન્ટરમાં લઈ ગયો. બતાડ્યું કે ત્યાંના કર્મચારીઓ કેવું વ્યવસ્થિત કામ કરે છે. જો એ લોકો કરી શકે તો આપણે કેમ ન કરી શકીએ? અને પછી બૉમ્બશેલ અનાઉન્સમેન્ટ કર્યું કે ટીવી અને છાપાંવાળાઓને તો મેં ક્યારનુંય કહી દીધું છે કે આ વર્ષે ડિસ્ટ્રીક્ટના ટેક્સ રિફન્ડ બેથી ત્રણ અઠવાડિયાંમાં ઇસ્યુ થશે! કર્મચારીઓમાં હો હા થઈ ગઈ. એ લોકો કહે આપણાથી એ ન બને. મેં કહ્યું શા માટે નહીં? આપણે ગોરા નથી એ માટે? આપણા માટે આ સ્વાભિમાનનો પ્રશ્ન હોવો જોઈએ કે અમે પણ એ કરી શકીએ છીએ. ટીવીવાળા તો ફાઇલીંગ સિઝનમાં કેમેરા સાથે આવીને ઊભા રહેશે. ટેક્સ પેયર્સને પૂછશે, તમને તમારું ડિસ્ટ્રીક્ટનું રિફંડ મેળવતા કેટલો સમય થયો? કોઈ તમારો ટેલિફોન ઉપાડતું હતું? વિનય અને વિવેકથી જવાબ આપતું હતું?

મેં સ્વાભિમાનની વાત કરી અને આપણું એક પ્રજા તરીકેનું ગૌરવ ઘવાશે એમ સમજાવ્યું ત્યારે ટેક્સના કર્મચારીઓને જાણે કે ચીમકી લાગી ગઈ. આખી એજન્સી જાગૃત થઈ ગઈ. એપ્રિલની પંદરમી આવી. લોકોએ પોતાના ટેક્સ રીટર્ન્સ કાયદેસર ભર્યા. અમારા કર્મચારીઓ મારી ચેલેન્જનો જાણે કે જવાબ આપતા હોય તેમ સવાયું કામ કરીને બે જ અઠવાડિયાંમાં રિફન્ડ ઇસ્યુ કરવા માંડ્યા. ટીવી-છાપાંવાળા આવી પહોંચ્યા. વૉશિંગ્ટન પોસ્ટના બિઝનેસ સેક્શનના પહેલા પાને ફોટા સાથે સમાચાર આવ્યા.૩૨ વર્ષો પછી પહેલી જ વાર ડિસ્ટ્રીક્ટના ટેક્સ ડિપાર્ટમેન્ટ માટે કંઈક સારું કહેવાયું. વિલિયમ્સ ખુશ, ખુશ! અમારા બધા માટે લડાઈની આ પહેલી જીત હતી. ડિસ્ટ્રીક્ટના લોકો માટે આ ન માનવા જેવી વાત હતી. સાબિત થયું કે ટેક્સ ડિપાર્ટમેન્ટમાં સુધારાવધારા થઈ રહ્યા છે. મારા જીવમાં જીવ આવ્યો! જો કે જંગ જીતવાનો હજી બાકી હતો.

## ‘ક્લિન ઑડિટ’નો ઓપિનીયન મેળવ્યો

ટાઈમસર રિફન્ડ મોકલવા જેટલી જ અગત્યની વાત હતી ‘ક્લિન ઑડિટ’ની. ડિસ્ટ્રીક્ટના સીએફઓની જવાબદારી હતી કે એણે દર વરસે નફાતોટાનો હિસાબ કરવો, જેને પ્રાઈવેટ સેક્ટરમાં ઇન્કમ સ્ટેટમેન્ટ અને બૅલેન્સશીટ કહે, તેવો એન્યુઅલ રિપોર્ટ પછીના વરસની ફેબ્રુઆરીની પહેલી તારીખે પબ્લીશ કરવો. એટલું જ નહીં, પણ બહારના ઑડિટર પાસેથી એ રિપોર્ટ પર ‘ક્લિન ઑડિટ’નો ઓપિનિયન મેળવવો. એનો અર્થ એ કે અમારા એકાઉન્ટ્સ બધા સાચા અને ચોખ્ખા છે, એમાં કોઈ ગડબડ નથી, અને અમે કશું છુપાવતા નથી. ૧૯૯૬ના ઑડિટમાં ડિસ્ટ્રીક્ટને એના ટૅક્સ ડિપાર્ટમેન્ટની અંધાધૂંધીને કારણે આવો ‘ક્લિન ઑડિટ’ ઓપિનિયન નહોતો મળ્યો. આ ઓપિનિયન ન હોય તો વૉલ સ્ટ્રીટમાં બોન્ડ વેચવા બહુ મુશ્કેલ. વિલિયમ્સે જાહેર કર્યું હતું કે ડિસ્ટ્રીક્ટને આવતા વરસે ‘ક્લિન ઑડિટ’ નહીં મળે તો પોતે રાજીનામું આપશે! અમારા બધાના છક્કા છૂટી ગયા! મને ખબર હતી કે ટૅક્સ ડિપાર્ટમેન્ટની કેવી દશા હતી. માત્ર ટૅક્સ રીટર્ન્સનો ખડકલો જોઈને કોઈ પણ ઑડિટર અમને ‘ક્લિન ઓપિનિયન’ આપવાની ના પાડે.

હવે એ બધું વ્યવસ્થિત કરવાનું મારે માથે આવ્યું. હું ટૅક્સ ડિપાર્ટમેન્ટનો વડો હતો. આ બાબતમાં પણ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓને મેં ચેલેન્જ આપી. કહ્યું કે આપણી આજુબાજુની બધી સ્ટેટ ગવર્નમેન્ટને દર વરસે ‘ક્લિન ઑડિટ’ ઓપિનિયન મળે છે તો આપણને કેમ નહીં? આપણે એવા બોઘા અને ગમાર છીએ? વધુમાં જો ડિસ્ટ્રીક્ટને ‘ક્લિન ઑડિટ’ ઓપિનિયન નહીં મળે અને વિલિયમ્સ રાજીનામું આપશે તો આપણે બધાએ ચાલતી પકડવી પડશે! વળી પાછા અમે બધા ‘કરેંગે યા મરેંગે’ના હિસાબે કામે લાગી ગયા. ટૅક્સ રીટર્ન્સનો ખડકલો હતો ત્યાં અમે એક ‘વૉર રૂમ’ ગોઠવ્યો. બધા રીટર્ન્સ ઉઘાડ્યા, તેમને બરાબર ફાઈલ કર્યા, જ્યાં ટૅક્સ ઑડિટ કરવાની જરૂર હતી ત્યાં ઑડિટ કર્યું. એન્યુઅલ રિપોર્ટનું ઑડિટ પૂરું થયું. કેપીએમજી નામની ઇન્ટરનેશનલ એકાઉન્ટિંગ ફર્મે અમને ‘ક્લિન ઑડિટ’ સર્ટિફિકેટ આપ્યું. અમે બધા રાજી રાજી. મારી શ્રદ્ધા વધી. થયું કે હું અહીં ટકી જઈશ.

## અગ્રેસીવ ટેક્સ કલેક્શન

ટાઈમસર રીફન્ડ અને 'ક્લિન ઑડિટ' ઓપિનિયન—આ બે વાતે ડિસ્ટ્રીક્ટમાં મારી ટેક્સ કમિશનર તરીકેની પ્રતિષ્ઠા સાબૂત કરી. છાપાં અને ટીવી પર મારું નામ ચમક્યું. આ નવી પ્રતિષ્ઠાનો લાભ લઈ મેં જાહેર કર્યું કે ડિસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટ હવે જે ટેક્સ પેયર્સ ટેક્સ ભરતા નથી તેમની પાછળ પડશે. એમને કોર્ટમાં લઈ જશે. જેલમાં મોકલશે. જે લોકો આઈ.આર.એસ.નો ટેક્સ ભરતા હતા, પણ ડિસ્ટ્રીક્ટનો નહીં તેમનાં નામ અમે આઈ.આર.એસ.માંથી મેળવ્યાં. એમને પકડ્યા, અને એમની પાસેથી પેનલ્ટી સાથે ટેક્સ ઉઘરાવ્યો. 'There is a new sheriff in town!' એવી એક આબોહવા ઊભી કરી.33

સ્પેશ્યલ ક્રિમીનલ એન્ફોર્સમેન્ટની જાહેરાત કરી. સ્પેશ્યલ ટેક્સ ડિટેક્ટીવ રિક્રુટ કર્યા. જે લોકોએ ટેક્સ ભર્યા નથી. તેમને માટે ટેક્સ એમનેસ્ટી જાહેર કરી. કહ્યું કે જો એ પોતાની મેળે આવીને હજી સુધી નહીં ભરેલો ટેક્સ ભરી જશે તો એમની પેનલ્ટી માફ. જો એ લોકો એક સાથે બધો ટેક્સ ભરી શકે એમ ન હોય તો એમને માટે અમે ઇન્સ્ટોલમેન્ટ પ્લાનમાં ટેક્સ ભરવાની વ્યવસ્થા કરીશું.34 અમારી બોટમ લાઇન એ હતી કે જો લોકો એમ માનતા હોય કે ડિસ્ટ્રીક્ટનો ટેક્સ ન ભરીએ તો ચાલે, એ દિવસો ગયા. આ અગ્રેસીવ ટેક્સ કલેક્શનની વાતો મેં જ્યાં જ્યાં તક મળી ત્યાં કરી—રેડિયો, ટીવી, છાપાં, કમ્યુનિટી મીટિંગ્સ, નેબરહૂડ અસોશિએશન્સમાં. જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં હું પોતે હાજર રહ્યો. લોકોની ફરિયાદો સાંભળી, એમનો ઉકેલ કેમ આવશે તેની વાત કરી, પણ આખરે ટેક્સ તો કલેક્ટ થશે એ સ્પષ્ટતા કરી. ટેક્સ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓને પણ હવે ખબર પડી કે એમણે એમનું કામ ધગશથી કરવું પડશે. લાંચરુશ્વત, ટેક્સ પેયર્સની અવગણના વગેરે નહીં ચલાવી લેવાય. એમાં જે પકડાશે તેમને અમે સીધી પકડાવશું. જે થોડા પકડાય તેમને તરત જ રજા આપવામાં આવી.35

આ બધી પ્રવૃત્તિઓનું મુખ્ય પરિણામ એ આવ્યું કે લોકો ડિસ્ટ્રીક્ટનો ટેક્સ ભરવા મંડ્યા. ડિસ્ટ્રીક્ટની તિજોરી ટેક્સથી છલકાવા મંડી.36 વ્યક્તિગત ટેક્સ પેયર્સ ઉપરાંત વૉશિંગ્ટનમાં જે અનેક ટેક્સ એક્ઝમ્પ્ટ એસોશિએશન હતાં તેમની પર પણ ડિસ્ટ્રીક્ટના ટેક્સ ભરવાનું દબાણ મેં શરૂ કર્યું. આના પરિણામે અહીંના મોટા નેશનલ એજ્યુકેશન

એસોશિએશને સામેથી કહ્યું કે અમે અમારા વાર્ષિક ટેક્સના $૧.૧ મીલિયન ડોલરનો ચેક મોકલીએ છીએ.37

વર્ષો પછી પહેલી જ વાર ડિસ્ટ્રીક્ટના બજેટમાં ડેફીસીટ નહીં, પણ સરપ્લસ દેખાયું! આ સરપ્લસમાં જેટલું અગ્રેસીવ ટેક્સ કલેક્શન જવાબદાર હતું, તેટલું જ મહત્ત્વ હતું બજેટ કટ્સનું. વિલિયમ્સે આગળથી જ સ્પષ્ટ કરેલું કે જેટલી આવક તેટલો જ ખરચો. અને જો આવક ધાર્યા કરતાં વધુ થઈ તો એ વધારો સરપ્લસમાં ઉમેરાય. આમ ઉપરાઉપરી દર વરસે બજેટમાં સરપ્લસ થતા ગયા. અને ડિસ્ટ્રીક્ટની બૅલેન્સ શીટમાં જ્યાં ૧૯૯૫માં ૫૩૫ મિલિયન ડોલરની વર્ષોથી ભેગી થયેલી ખાધ હતી ત્યાં હવે નેટ સરપ્લસ થયું.38 વૉલ સ્ટ્રીટમાં અમારું બોન્ડ રેટિંગ જે તળિયે જઈને બેઠેલું તે ઉપર ચડશે એવી શક્યતા ઊભી થઈ.39

વિલિયમ્સની વાહ, વાહ થઈ ગઈ. વૉશિંગ્ટન પોસ્ટના પહેલે પાને વિલિયમ્સે વૉશિંગ્ટનને કેવી રીતે નાણાંકીય ખાધમાંથી ઉગાર્યું તેવી હેડલાઈન સાથે ન્યૂઝ રિપોર્ટ આવ્યો. એ ન્યૂઝ રિપોર્ટની શરૂઆત ડિસ્ટ્રીક્ટના ટેક્સ ડિપાર્ટમેન્ટમાં મેં જે સુધારાવધારા કર્યા તેનાથી થઈ. મારા કામની ખાસ નોંધ લેવાઈ.40 દેશમાં પણ આની નોંધ લેવાવાની શરૂઆત થઈ. એ ઉપરાંત અમેરિકાનાં ભારતીય છાપાંઓમાં પણ ડિસ્ટ્રીક્ટના નાણાંકીય ઉદ્ધારમાં મેં જે ભાગ ભજવ્યો તેના વિશે લખાવા માંડ્યું.41

## વિલિયમ્સ મેયર થયા

૧૯૯૮માં બેરીની મેયર તરીકેની ચોથી ટર્મ પૂરી થઈ. વૉશિંગ્ટનના સ્થાનિક રાજકારણમાં ત્યારે એક જ વાત ચર્ચાતી હતી. બેરી વળી પાછો પાંચમી વાર મેયર તરીકે ઊભો રહેશે કે નહીં? એ જો વળી પાછો ચૂંટણીમાં ઊભો રહે તો ચુંટાશે કે નહીં? શહેરના કાળા અને ગોરા ભદ્ર સમાજમાં, બિઝનેસ કમ્યુનિટીમાં, અને કૉંગ્રેસમાં એવી ઇચ્છા ખરી કે બેરી ફરી વાર મેયરની ચૂંટણીમાં ન ઊભો રહે. અને નવી પેઢીને શહેરનું નેતૃત્વ લેવાની તક આપે. એ બધા લોકોએ 'ડ્રાફ્ટ વિલિયમ્સ'ની ઝુંબેશ શરૂ કરી. વિલિયમ્સને ચારે બાજુથી વિનંતિ કરવામાં આવી કે તમારે મેયરની ચૂંટણી લડવી. ચૂંટણી લડવા માટે જે પૈસા અને સ્વયંસેવકોની જરૂર પડશે તે અમે સંભાળશું. વધુમાં જો બેરી વળી પાછો મેયર થયો તો સીએફઓ તરીકે તમે ડિસ્ટ્રીક્ટની જે નાણાંકીય

પરિસ્થિતિ સુધારી, જે સરપ્લસ બનાવ્યું અને બોન્ડ રેટિંગ વધાર્યું તે બધું રોળાઈ જશે. છેલ્લાં થોડાં વર્ષોમાં ડિસ્ટ્રીક્ટની જે પ્રગતિ થઈ છે તે થંભી જશે. શહેર વળી પાછું આડે રસ્તે ચડી જશે, ખાધમાં પડશે. વિલિયમ્સ માની ગયા. એમણે રાજીનામું આપ્યું. સીએફઓની પોઝિશન છોડીને મેયરની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી.

બેરી હવે મૂંઝાયો. પહેલાં જેટલી એની પોપ્યુલારિટી નહોતી રહી, છતાં શહેરના ખાસ કરીને ગરીબ કાળા વિસ્તારમાં એ હજી પોપ્યુલર હતો. રેસ કાર્ડનો ઉપયોગ કરીને કદાચ એ બાજી જીતી પણ જાય એવો ભય હતો. પણ બેરીને પોતાને જ ગંધ આવી ગઈ હતી કે પોતે ફરી વાર ચૂંટણી લડશે તો જીતશે જ એવી ખાતરી ન હતી. ઉલટાનું હારવાની શક્યતા હતી. એ જોઈ શકતો હતો કે શહેરની બહુમતિ કાળી અને ગોરી પ્રજા નવી પેઢીના નેતૃત્વ માટે તૈયાર હતી. ડિસ્ટ્રીક્ટના નાણાંકીય ઉદ્ધારક તરીકે વિલિયમ્સની પ્રતિષ્ઠા બંધાઈ ચૂકી હતી. એની પોપ્યુલારિટી પણ ઘણી હતી. વિલિયમ્સને બિઝનેસ કમ્યુનિટીનો ટેકો હતો. આ બધું જોતાં બેરીએ નક્કી કર્યું કે પોતે મેયરની ચૂંટણી નહીં લડે.

જેવી આ ખબર છાપે ચડી કે તુરત જ ત્રણ કાઉન્સિલ મેમ્બર્સે પોતાની ઉમેદવારી નોંધાવી અને મેયર થવા માટે જોરદાર ઝુંબેશ શરૂ કરી. એમનું કહેવું એમ હતું કે છેલ્લાં થોડાં વર્ષોમાં શહેરની જે પ્રગતિ થઈ છે તે એમને કારણે થઈ છે! વિલિયમ્સ તો માત્ર મહેતાજી—સીએફઓ—હતા. એમને તો જે કહેવામાં આવ્યું તે એક એકાઉન્ટન્ટની ફરજ પ્રમાણે કર્યું. એ કાંઈ પોલીટિશિયન થોડા છે? એ ડિસ્ટ્રીક્ટનું કોમ્પ્લેક્સ રાજકારણ નહીં ચલાવી શકે. લોકો શહેરના પોલિટિશિયનોથી એવા તો કંટાળી ગયા હતા કે આવી કોઈ દલીલબાજી ચાલી નહીં. વિલિયમ્સ ભારે બહુમતિથી ચૂંટાયા, અને ડિસ્ટ્રીક્ટનો બેરી યુગ પૂરો થયો.

## હું સી.એફ.ઓ. થયો

વિલિયમ્સે જ્યારે સીએફઓની પોઝિશન ઉપરથી રાજીનામું આપ્યું ત્યારે બેરી હજી મેયર હતો. વિલિયમ્સને મેયર તરીકે ચૂંટાવાને અને પોતાની કેબીનેટની પસંદગી કરવાને હજુ ચારેક મહિનાની વાર હતી. ત્યાં સુધી ઇન્ટરીમ સીએફઓની નિમણૂક કરવાની હતી. એ માટે જે થોડાં નામ બોલાતાં હતાં, તેમાં એક મારું નામ હતું. વિલિયમ્સના એક

અગત્યના ડેપ્યુટી તરીકે, અને ટૅક્સ કમિશનર તરીકે મારી ખ્યાતિ વૉશિંગ્ટનમાં બંધાઈ ગઈ હતી. પણ બેરી કોઈ કાળા માણસને જ સીએફઓ બનાવશે એની અમને બધાને ખબર હતી. વધુમાં એને નબળો સીએફઓ જોઈતો હતો. બેરીએ મારા જ એક સાથી અને ડિસ્ટ્રીક્ટનો કમ્પટ્રોલર જે વિલિયમ્સનો ડેપ્યુટી હતો તેને સી.એફ.ઓ. નીમ્યો. એ કાળો હતો. વાત વર્તનમાં ઢીલો એટલે બેરીને ફાવે તેમ હતો. અમને બધાને રાહત થઈ કે આ નવા સીએફઓને અમે ઓળખીએ છીએ. વળી એ ઇન્ટરીમ છે. અમે બધા એમ જ માનતા હતા કે થોડા જ મહિના પછી થનારી મેયરની ચૂંટણીમાં વિલિયમ્સ જ ચૂંટાશે. પછી એ પોતાનો સીએફઓ નીમશે.

વિલિયમ્સનું મેયર તરીકે ચૂંટાવું એ ડિસ્ટ્રીક્ટના રાજકારણમાં એક અસાધારણ ઘટના હતી. ડિસ્ટ્રીક્ટ અને બીજાં મોટાં શહેરોમાં અત્યાર સુધી જે કાળા મેયર ચૂંટાતા તે મોટે ભાગે ૧૯૬૦ના દાયકામાં અહીંની સિવિલ રાઈટ્સની ઝુંબેશના નેતાઓ હતા. એ બધા પોલીટિશિયન, ૫૦-૬૦ની ઉંમરના. કૉલેજમાં બેચલર સુધી ભણેલા હોય તોયે ઘણું ઘણું. કેટલાકે તો ભણવાનું છોડીને સિવિલ રાઈટ્સની ઝુંબેશમાં ઝંપલાવેલું. વિલિયમ્સ એ બધા કરતાં ઉંમરમાં એકાદ દસકે નાના. ભાગ્યે જ કોઈ એમને પોલિટિશિયન ગણે. સ્વભાવમાં શાંત, શરમાળ અને ઓછા બોલા. એમના માબાપે આખી જિંદગી પોસ્ટ ઑફિસમાં કામ કર્યું. વિલિયમ્સ તો એમનો—અડોપ્ટેડ—સાવકો છોકરો હતો. બાળપણમાં પોતાની અનાથ દશાથી છોકરો એટલો તો હેબતાઈ ગયો હશે કે એ ભાગ્યે જ કાંઈ બોલતો. માબાપને થયું કે છોકરો કદાચ મૂંગો બહેરો છે. ધીમે ધીમે એ બોલતો થયો. સાવકા માબાપે એની વ્યવસ્થિત સંભાળ લીધી, ભણાવ્યો. વિલિયમ્સ ભણવામાં હોશિયાર નીકળ્યા. અમેરિકાના કાળા પોલીટિશિયન મેયરોમાંથી ભાગ્યે જ કોઈ વિલિયમ્સ જેટલું ભણેલું હશે. અહીંની વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓ–યેલ અને હાર્વર્ડ–માંથી ડીગ્રીઓ મેળવી હતી. એમાંય હાર્વર્ડમાંથી તો બે ડીગ્રીઓ લીધી—લો ડીગ્રી અને પબ્લિક અફેર્સની ડીગ્રી.

વિલિયમ્સે સિવિલ રાઈટ્સની ઝુંબેશમાં ભાગ નહીં લીધેલો. બીજા પોલિટિશિયન કરતાં સાવ જુદા. એમની બોલચાલમાં પણ એ કાળા લોકોથી જુદા પડી જતા. એમનું હળવા મળવાનું પણ બહુધા ગોરા લોકો સાથે થતું. એમનો ઉછેર, એમનું ઉચ્ચ કક્ષાની સ્કૂલનું શિક્ષણ, સિવિલ રાઈટ્સની ઝુંબેશમાં તેમનો અભાવ—આ બધાંને કારણે કાળા લોકોમાં વિલિયમ્સ લોકપ્રિય તો નહીં જ. વધુમાં એમણે જે ટૅક્સ ઑફિસમાંથી રીઅલ

પ્રોપર્ટી ટૅક્સેશનના ઘણા બધા કર્મચારીઓને એક સાથે રજા આપી હતી તે કારણે ડિસ્ટ્રીક્ટની કાળી પ્રજામાં એમના પ્રત્યે તીવ્ર અણગમો, હોસ્ટિલીટી હતા.

એમની કેબિનેટમાં એમણે અગત્યની પોઝિશન ગોરાઓને આપી એ વાત કાળી પ્રજામાં અસહ્ય બની ગઈ. કાળા લોકોની બહુમતિવાળા ડિસ્ટ્રીક્ટમાં ધોળા લોકોને અગત્યના જોબ્સ મળે તે કેમ ચલાવાય? આ શહેર કોનું છે? ગોરાઓનું કે કાળાઓનું? વિલિયમ્સ સામે એક ઝુંબેશ શરૂ થઈ. શહેરની કાળી પ્રજામાં એમ પણ પ્રશ્ન ઊભો થયો કે Is Williams Black Enough? શહેરમાં હો-હા થઈ ગઈ. વિલિયમ્સના પોલિટિકલ સલાહકારોએ એમને કહ્યું કે આ ઈલેકશન તો પત્યું, પણ ચાર વરસ પછી જો ફરી વાર ચુંટાવું હોય તો બહુમતિ કાળી પ્રજાનો વિશ્વાસ અને લોકપ્રિયતા એને પ્રાપ્ત કરવા સિવાય કોઈ છૂટકો નથી. કેબિનેટમાં અગત્યની પોઝિશનમાં કાળી વ્યક્તિ જ પસંદ કરવી જોઈએ.

જે ઇન્ટરીમ સીએફઓ હતો તેની જગ્યાએ હવે કોઈને પરમેનન્ટ નીમવાનો હતો. આવી અગત્યની જગ્યામાં કોઈ કાળી વ્યકિત જ પસંદ થવી જોઈએ એવી વાત વહેતી થઈ. એ જ સમયે સ્ત્રીઓએ પણ વાત વહેતી મૂકી કે વિલિયમ્સે હજી સુધી કોઈ સ્ત્રીને અગત્યની પોઝિશન આપી નથી. જ્યારે સીએફઓ તરીકે મારું નામ બોલાયું ત્યારે કહેવાયું કે ગાંધી તો ફૉરેનર છે. તમે ઘરના કાળા માણસો અને સ્ત્રીઓને મૂકીને આ બહારના માણસને આવા અગત્યના હોદ્દા ઉપર મૂકો એ કેમ ચાલે? જો કે એવું પણ કહેવાયું કે ડિસ્ટ્રીક્ટનું નાણાંકીય તંત્રનું વ્યવસ્થિત સંચાલન થાય અને એ સમૃદ્ધ રહે એને માટે ગાંધી જેવા હોશિયાર માણસની જરૂર છે.42 આ બાબતમાં મેયરે કાળા-ગોરાનો નહીં, પણ આવડત અને એક્સપર્ટીસનો વિચાર કરવો જોઈએ. કેટલાકે તો એમ માની જ લીધું કે વિલિયમ્સ ગાંધીને જ સીએફઓ તરીકે નીમશે. આ ભ્રમમાં છાપાંમાં એવી હેડલાઈન પણ આવી ગઈ!43

જો કે ડિસ્ટ્રીક્ટનો સીએફઓ કોણ થઈ શકે તેની આખરી જવાબદારી તો કન્ટ્રોલ બોર્ડની હતી. કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓને એમ હતું કે હું તો વિલિયમ્સનો મિત્ર છું અને તેથી હું મેયરથી ઈન્ડિપેન્ડટ રહી શકું ખરો? કન્ટ્રોલ બોર્ડના ચેરમેનનો વિચાર એવો હતો કે એમને જેનામાં વિશ્વાસ હોય એવી વ્યક્તિ સીએફઓ થવી જોઈએ. એમણે વાલેરી હોલ્ટ નામની કાળી સ્ત્રીની સીએફઓ તરીકે પસંદ કરી. એ ત્યાં કંટ્રોલ બોર્ડમાં જ કામ કરતી હતી. વધુમાં એણે ચેરમેન સાથે ભૂતકાળમાં કામ કર્યુ હતું. આ બધાં

કારણોસર મેયરે વાલેરી હોલ્ટની નિમણૂક કરી, અને એનું નોમીનેશન કાઉન્સિલમાં કન્ફર્મેશન માટે મોકલ્યું.

જેવું વિલિયમ્સે જાહેર કર્યું કે એ વાલેરી હોલ્ટને સીએફઓ તરીકે નીમવાના છે કે તરત એ નોમીનેશન સામે છાપાંઓમાં અને કાઉન્સિલમાં એનો વિરોધ શરૂ થઈ ગયો. વિરોધ કરનારાઓનું કહેવું હતું કે હોલ્ટ ૧૯૯૦-૧૯૯૪ દરમિયાન જ્યારે ડિસ્ટ્રીક્ટની કન્ટ્રોલર હતી ત્યારે એણે નાણાંકીય બાબતમાં બેદરકારી રાખી હતી. એણે કાઉન્સિલને ચોક્કસ અને સાચી માહિતી નહોતી આપી. એની આ બેદરકારી પણ શહેરને ફડચામાં લઈ જવામાં જવાબદાર હતી. આ કારણે કાઉન્સિલે હોલ્ટનું નોમીનેશન કન્ફર્મ ન કર્યું.44 આ બધા વિરોધ છતાં કન્ટ્રોલ બોર્ડના આગ્રહને કારણે આખરે વાલેરી જ સીએફઓ થઈ.

જો કે વિલિયમ્સને ખબર હતી કે મારાં લાયકાત અને અનુભવ વધુ હતા. એમણે મને કહ્યું પણ ખરું કે એમની ઇચ્છા ઘણી કે હું સી.એફ.ઓ. થાઉં, પણ એમની ઉપર પોલિટિકલ પ્રેશર એટલું બધું હતું કે એને કોઈ કાળા માણસ અને એમાંય કાળી સ્ત્રીને સીએફઓ તરીકે પસંદ કરવી પડશે. મને વિનંતી કરી કે હું આ બધું સમજુ અને ડિસ્ટ્રીક્ટ છોડીને બીજે ક્યાંય ન જાઉં. પરંતુ આ પ્રકારનો રંગભેદ મને કઠ્યો. મેં તો નવો જોબ શોધવાનું શરુ કરી દીધું. જ્યારે જોબ છોડવા જેવું કોઈ અગત્યનું પ્રોફેશનલ પગલું હું ભરું તે પહેલાં કેટલાક સલાહકાર મિત્રોને મળું અને મારે શું કરવું જોઈએ એ બાબતની ચર્ચા કરું.

મારા આવા એક સલાહકાર હતા ટેડ બરો. અમે બન્ને સાથે જીએઓમાં હતા. બરોએ પ્રેસિડેન્ટ નિક્સનના એક મદદનીશ તરીકે વ્હાઈટ હાઉસમાં કામ કર્યું હતું. સિક્યુરીટિઝ ઍન્ડ એક્ષચેન્જ કમિશનમાં ચેરમેન બીલ કેસીના હાથ નીચે પણ કામ કર્યું હતું. ફેડરલ ગવર્ન્મેન્ટમાં એમના કોન્ટેક્સ જબરાં. અનેક રીપબ્લીકન સેનેટર અને કૉંગ્રેસમેનને ઓળખે. બરોએ મને કહ્યું કે મારે ધીરજ રાખવી. ડિસ્ટ્રીક્ટ ન છોડવું. ટૅક્સ કમિશનર તરીકે મારી પ્રતિષ્ઠા બંધાઈ ગઈ છે. ડિસ્ટ્રીક્ટ સીએફઓનું કામ એવું તો કોમ્પ્લેક્સ છે કે એમાં જેવા તેવાનું ગજું નહીં. જાણે કે એ ભવિષ્ય ભાખતા હોય એમ કહે કે પોલિટિકલ કારણોસર ભલે હોલ્ટની નિમણૂક અત્યારે થઈ પણ એ કામ એ નહીં કરી શકે. વિલિયમ્સે છેવટે તારી આગળ આવવું પડશે. એને તારી આવડત અને એક્સપર્ટીસની ખબર છે.

અને થયું પણ એવું જ! જેવી હોલ્ટ સીએફઓ થઈ કે તુરત જ વિલિયમ્સે મહેનત અને કુશળતાથી જે સ્ટાફ ભેગો કર્યો હતો, તેમાંથી અગત્યના માણસો નીકળવા મંડ્યા. સ્ટાફ મૅનેજમૅન્ટ માટે જે કૌશલ્ય અને ચાતુર્ય જોઈએ તે હોલ્ટ પાસે ન હતાં.45 પણ હોલ્ટનો મોટામાં મોટો પ્રોબ્લેમ હતો 'ક્લીન ઑડિટ'નો. આગળ કહેવાયું છે તેમ સીએફઓના જોબમાં સૌથી અગત્યની જવાબદારી દર વર્ષે ટાઇમસર ફેબ્રુઆરીની પહેલી તારીખ એન્યુઅલ રિપોર્ટ તૈયાર કરવાની અને ઑડિટર પાસેથી એ બાબતમાં 'ક્લીન ઑડિટ'નું સર્ટિફિકેટ મેળવવાની હતી. એનો અર્થ એ થયો કે ઑડિટરના મત મુજબ ડિસ્ટ્રીક્ટના ચોપડાઓ ચોખ્ખા છે અને એનો નાણાંકીય વ્યવહાર યોગ્ય રીતે થઈ રહ્યો છે. ઑડિટર પાસેથી એ સર્ટિફિકેટ જો ન મળે તો તમારે ચાલતી પકડવી પડે.

'ક્લીન ઑડિટ' ઓપિનિયન ન મળે તો વૉલ સ્ટ્રીટમાં બોન્ડ ઇસ્યુ કરવા મુશ્કેલ. વધુમાં ડિસ્ટ્રીક્ટ હજુ કન્ટ્રોલ બોર્ડના હાથ નીચે હતું. મેયર અને કાઉન્સિલ ખાલી નામના હતા. એમના અગત્યના પાવર્સ અને જવાબદારી કંટ્રોલ બોર્ડ પાસે હતા. જ્યાં સુધી ડિસ્ટ્રીક્ટને લગોલગ ચાર વરસ સુધી 'ક્લીન ઑડિટ' ઓપિનિયન ન મળે ત્યાં સુધી એ કન્ટ્રોલ બોર્ડના હાથ નીચે જ રહે. વાલેરી હોલ્ટ આ અગત્યની ટેસ્ટમાં પહેલે જ વરસે નિષ્ફળ નીવડી. ૨૦૦૦ની પહેલી ફેબ્રુઆરી આવી અને ગઈ પણ ડિસ્ટ્રીક્ટનું ઑડિટ પૂરું ન થયું. ઑડિટર પાસેથી 'ક્લીન ઑડિટ' ઓપિનિયન ન મળ્યો. કાઉન્સિલમાં, છાપાંઓમાં, વૉલ સ્ટ્રીટમાં બધે જ ઊહાપોહ થઈ ગયો.46 વિલિયમ્સ ચેતી ગયા. એણે હોલ્ટને ગડગડિયું આપ્યું. મને કહ્યું કે સીએફઓ તરીકે તારી નિમણૂક કરું છું. આમ ૨૦૦૦ના મે મહિનામાં હું ડિસ્ટ્રીક્ટનો સીએફઓ થયો. વૉલ સ્ટ્રીટ તેમ જ ડિસ્ટ્રીક્ટમાં આ સમાચાર વધાવી લેવાયા. દેશમાં પણ નોંધ પણ લેવાઈ.47 કૉંગ્રેસમાં મારી સીએફઓ તરીકેની નિમણૂંકને ખૂબ વખાણવામાં આવી. કૉંગ્રેસની અપ્રોપ્રિએશન કમિટીએ એના રિપોર્ટમાં નોંધ્યું: "The Committee is extremely pleased that a person of his caliber and standing has been appointed Chief Financial Officer."48

## વૉલ સ્ટ્રીટમાં પ્રેઝન્ટેશન

અત્યાર સુધી હું ટેક્સ કમિશ્નર હતો. ત્યાં મારા હાથ નીચે ૬૦૦ જેટલા લોકો કામ

કરતા હતા. પણ સીએફઓ તરીકે એકાએક મારો સ્ટાફ વધીને બમણો થઈ ગયો. આગળ જણાવ્યું તેમ આ હોદ્દામાં મારા હાથ નીચે ટૅક્સ ઑફિસ તો ખરી, પણ હવે કમ્પ્ટ્રોલર, ટ્રેઝરર, બજેટ ડાયરેક્ટર, પે-રોલ, રેકોર્ડર ઑફ ડીડ્સ, લોટરી વગેરે અનેક ડિપાર્ટમેન્ટ આવ્યા. આખાય ડિસ્ટ્રીક્ટનો સઘળો નાણાંકીય વ્યવહાર મારે સંભાળવાનો હતો. નાણાંકીય ક્ષેત્રે કામ કરતા ૧૨૦૦ જેટલા બધા જ લોકો હવે મારા હાથ નીચે. સીએફઓ તરીકે મારે પહેલું તો એ જોવાનું હતું કે દર ફેબ્રુઆરીની પહેલી તારીખે ડિસ્ટ્રીક્ટના એકાઉન્ટ્સ તૈયાર થઈ ગયા હોય, એનું ઑડિટ થઈ ગયું હોય, અને ઑડિટર પાસેથી 'ક્લીન ઑડિટ' ઓપિનિયન મળી ગયો હોય. એ જો ન મળે શું થાય એ માટે વાલેરી હોલ્ટનો દાખલો મારી આંખ સામે ખડો હતો.

ડિસ્ટ્રીક્ટ પાસે જેમ આધુનિક ટૅક્સ સિસ્ટમ નહોતી તેમ આધુનિક ફાઈનાન્સિયલ સિસ્ટમ પણ નહોતી. નાણાંકીય વ્યવસ્થા એટલી તો ખરાબ હતી અને રેકોર્ડ્ર્સ એવી કફોડી દશામાં રખાયા હતા કે 'ક્લીન ઑડિટ'નો પ્રોબ્લેમ વરસે વરસનો હતો. આ વરસે 'ક્લીન ઑડિટ' ઓપિનિયન મળ્યો એટલે એવી કોઈ ગેરન્ટી નહોતી કે આવતે વરસે પણ અમને 'ક્લીન ઑડિટ'નો ઓપિનિયન મળશે. મેં જે રીતે ટૅક્સ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓને ટ્રેનિંગ આપી અને નવી સિસ્ટમ ઇન્સ્ટોલ કરી તેવી જ રીતે ફાઈનાન્સના કર્મચારીઓને પણ ટ્રેનિંગ આપવાનું શરૂ કર્યું. નવી ફાઈનાન્સિયલ સિસ્ટમનો કોન્ટ્રેક વિલિયમ્સે આપેલો તેનું બરાબર ઈમ્પ્લીમેન્ટેશન કરવાનું હતું. અત્યારે આ સિસ્ટમ અને ટ્રેનિંગ પછી 'ક્લીન ઑડિટ' ઓપિનિયન મેળવવો રૂટીન થઈ ગયો છે.

દર વરસે આ 'ક્લીન ઑડિટ' ઓપિનિયન મળ્યા પછી મારે સીએફઓ તરીકે ડિસ્ટ્રીક્ટનું ડેલીગેશન લઈને વૉલ સ્ટ્રીટમાં જવાનું. ત્યાં બોન્ડ રેટિંગ એજન્સીઓને ડિસ્ટ્રીક્ટના ફાઈનાન્સનું બ્રીફિંગ કરવાનું. આ ડેલીગેશનમાં મારો સીનિયર સ્ટાફ તો હોય જ, પણ સાથે સાથે મેયર અને એનો સીનિયર સ્ટાફ, કાઉન્સિલ ચેરમેન અને એનો સીનિયર સ્ટાફ એમ લગભગ પંદરેક માણસ હોય. દર વર્ષે ડિસ્ટ્રીક્ટ એકાદ બીલિયન ડોલરના લોન્ગ ટર્મ બોન્ડ્સ અને ૫૦૦ મીલિયન ડોલરના શોર્ટ ટર્મ બોન્ડ્સ ઇસ્યુ કરે તે ક્યાં વપરાશે, અને ડિસ્ટ્રીક્ટ કેવી રીતે વ્યાજ સાથે એ ચૂકવશે એ સમજાવાનું. રેટિંગ એજન્સીઓ એ બધું ચકાસે, અનેક પ્રશ્નો પૂછે. અને પછી રેટિંગ આપે. કન્ટ્રોલ બોર્ડ આવ્યું ત્યારે અમારું રેટિંગ "જન્ક" હતું. એનો અર્થ એ કે બોન્ડ્સ વેચવા હોય તો ઈન્ટરેસ્ટ રેટ વધુ હોય અને વધારે વ્યાજ ભરવું પડે.

સીએફઓ તરીકે પહેલી વાર ડેલીગેશન લઈને હું વૉલ સ્ટ્રીટ ગયો. આગલી રાતે અમે બધા હોટેલમાં પહોંચ્યા. ડિનર અને બ્રેકફાસ્ટમાં બધા સાથે. અમારા ફાઈનાન્સિયલ એડવાઈઝર્સ પણ હાજર. મેયર અને ડિસ્ટ્રીક્ટના બીજા ઑફિશિયલ્સને પ્રેઝન્ટેશનની આંટીઘૂંટી સમજાવવાની જવાબદારી મારી. પ્રેઝન્ટેશનમાં બધાની પિપુડી એક સરખી વાગવી જોઈએ. મેયર અને કાઉન્સિલ ચેરમેનના પોલીટિકલ ડીફરન્સ ભલે હોય, પણ અહીં તો બધાએ એક જ સૂરમાં ડિસ્ટ્રીક્ટનો કેસ રજૂ કરવાનો છે એ વાત મેં વારંવાર કહી. એ બાબતમાં જો કોઈ આનાકાની કરશે તો એમાં ડિસ્ટ્રીક્ટનું ખરાબ દેખાશે, અને ભવિષ્યના ડેલીગેશનમાંથી એમને બાકાત રખાશે એવી ધમકી પણ મેં વિવેક સાથે આપી.

સવારે હોટેલમાંથી સ્પેશ્યલ લીમોમાં અમારે રેટિંગ એજન્સીમાં સાથે જવાનું. કોણ કઈ લીમોમાં બેસે એ હું નક્કી કરતો હતો ત્યાં કોઈ ગેરસમજમાં જે લીમોમાં મારે બેસવાનું હતું તે મારા વગર જ નીકળી ગઈ! ન્યૂ યૉર્કના રશ અવરમાં એ સમયે ટૅક્સી ક્યાંથી મળે? હવે શું કરવું? આ તો પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું. ડેલીગેશન એના નેતા વગર એજન્સીમાં પહોંચે તે યોગ્ય નહીં. મારા વગર પ્રેઝન્ટેશન શરૂ થાય એ મને માન્ય નહોતું. મેં રેટિંગ એજન્સીમાં ટેલિફોન કર્યો અને મારી પરિસ્થિતિ સમજાવી. રેટિંગ એજન્સીની અધિકારી બહેન મને કહે કે મુંઝાશો નહીં. ન્યૂ યૉર્કનો સવારનો ટ્રાફિક એવો ખરાબ હોય છે કે ડેલીગેશન તમારા પહેલાં આવે એવી શક્યતા ઓછી છે. અને જો એ બધા તમારી પહેલાં આવી પહોંચશે તો અમે સંભાળી લઈશું. તમ તમારે જે કાંઈ ટેક્સી મળે તે લઈને આવો.

મેં દોડાદોડી કરીને માંડ માંડ ટેક્સી મેળવી. હું હાંફળો ફાંફળો જ્યારે ટેક્સીમાંથી ઊતરતો હતો ત્યારે મેં જોયું તો અમારું ડેલીગેશન હજી લીમોમાંથી ઊતરતું હતું!

પ્રેઝન્ટેશનની મેં શરૂઆત કરી. નવા સીએફઓ તરીકે મેં રેટિંગ એજન્સીના અધિકારીઓને બાહેંધરી આપી કે ડિસ્ટ્રીક્ટની ફાઈનાન્સિયલ વ્યવસ્થા અને વ્યવહાર યોગ્ય રીતે જ થશે. આ મારું સીએફઓ તરીકેનું વૉલ સ્ટ્રીટમાં પહેલું પ્રેઝન્ટેશન. એ પછી તો ચૌદ વરસની મારી ટર્મમાં મેં અનેક વાર વૉલ સ્ટ્રીટમાં જઈને પ્રેઝન્ટેશન્સ કર્યા છે. ડિસ્ટ્રીક્ટનું રેટિંગ જે 'જન્ક' હતું તે મારી ટર્મ પૂરી થયે રેવન્યુ બોન્ડ્સ માટે તો AAA સુધી પહોંચ્યું! વૉલ સ્ટ્રીટમાં જ્યાં ડિસ્ટ્રીક્ટની આબરૂના કાંકરા થયેલા, ત્યાં અમારી પ્રતિષ્ઠા બંધાઈ. જ્યાં એક જમાનામાં વ્યાજના દર બહુ વધુ ન હોય તો અમારા બોન્ડ્સને કોઈ અડતું નહોતું, ત્યાં ઓછા દરે પણ તે લેવાની પડાપડી થઈ.

## કન્ટ્રોલ બોર્ડને વિદાય

જેવી 'ક્લીન ઑડિટ' ઓપિનિયન મેળવવાની માથાકૂટ દર વરસે કરવાની, તેવી જ રીતે દરે વર્ષે ડિસ્ટ્રીક્ટનું લગભગ બારેક બિલિયન ડોલરનું બજેટ બૅલેન્સ કરવાનો પ્રશ્ન હોય છે. મેયરની પ્રાયોરિટી મુજબ બજેટ તૈયાર કરવાનું, પણ એમાં ડેફીસીટ ન હોય એ જોવાની જવાબદારી સીએફઓની. જેટલું રેવન્યુ આવવાનું હોય, તેટલો જ ખર્ચ કરી શકાય. રેવન્યુ કેટલું થવાનું છે અને બજેટમાં જે ખર્ચ થવાનો છે તેને એસ્ટિમેટ કરવાની જવાબદારી પણ સીએફઓની જ. વરસને અંતે રેવન્યુ કરતાં ખર્ચો વધ્યો અને જો ડેફીસીટ થઈ તો એનો અડિયો દડિયો સીએફઓ માથે. એટલે આ એસ્ટિમેટ કરવામાં બહુ કાળજી કરવાની.

દર ત્રણ મહિને ચેક કરવાનું કે રેવન્યુ અને ખર્ચ એસ્ટિમેટ મુજબ થાય છે કે ઓછા વત્તા. જો રેવન્યુ ધાર્યા મુજબ ન આવતું હોય તો ખર્ચ ઉપર કાપ મૂકવાની જવાબદારી સીએફઓની જ. આવો કાપ ન મૂકવો પડે તે માટે રેવન્યુ એસ્ટિમેટ કંજરવેટિવ રાખવું જરૂરી. એમ કરવાથી ખર્ચો ઓછો થાય અને વરસને અંતે બજેટ સરપ્લસ દેખાય. ફંડ બૅલેન્સ—સેવીંગ અકાઉન્ટ—વધે. પણ મતદારોને ખુશ રાખવા માટે મેયરને નવા નવા પ્રોજેક્ટ કરવા હોય. તેવું જ કાઉન્સિલનું. એમને તો ફરી ફરી ચૂંટાવું હોય છે. એમને માથે બજેટ બૅલેન્સ કરવાની જવાબદારી નથી હોતી, એ તો સીએફઓને માથે.

કન્ટ્રોલ બોર્ડને રજા આપવી હોય, અને પૂર્ણ સ્વરાજ (હોમ રૂલ) મેળવવું હોય તો જે વર્ષે (૨૦૦૦) હું સીએફઓ થયો ત્યારે તો ખાસ બજેટ બૅલેન્સ કરવાનું હતું. ચાર વરસ ઉપરાઉપરી 'ક્લીન ઑડિટ ઓપિનિયન' સાથે બજેટ બૅલેન્સ કરવાની જે રિક્વાયરમેન્ટ હતી તેનું આ ચોથું વરસ હતું. આ રિક્વાયરમેન્ટને પૂરી કરવામાં અમે જો આ વરસે ચૂક્યા તો કંટ્રોલ બોર્ડ બીજાં ચાર વરસ ડિસ્ટ્રીક્ટને માથે ચડેલું રહે. હું તો હજી હમણાં જ સીએફઓ થયો હતો. છતાં આ અત્યંત અગત્યની બે વસ્તુ—બૅલેન્સ્ડ બજેટ અને 'ક્લીન ઑડિટ ઓપિનિયન'—સિદ્ધ કરવાની જવાબદારી મારે માથે આવી હતી. આમાં જો હું નિષ્ફળ થયો તો મને રજા મળશે એ તો દીવા જેવી ચોખ્ખી વાત હતી, પણ કન્ટ્રોલ બોર્ડ બીજાં ચાર વરસ ડિસ્ટ્રીક્ટ ઉપર રાજ કરશે તેની નામોશી પણ મને લાગશે.

બારેક બીલિયન ડોલરના આ બજેટને બૅલેન્સ કરવા મારી પાસે બહુ ઓછો સમય હતો. મેં મારા સીનિયર સ્ટાફની અરજન્ટ મિટિંગ બોલાવી અને સમજાવ્યું કે આ તો

કરેંગે યા મરેંગે જેવો પ્રશ્ન છે. દરેક ડિપાર્ટમેન્ટની ઝીણી અને ઉગ્ર ઊલટ તપાસ કરવા કહ્યું. પરિણામે અમને ખબર પડી કે જો ડિસ્ટ્રીક્ટ અત્યારે જે રીતે ખર્ચો કરે છે તે ચાલુ રાખશે તો વરસને અંતે લગભગ ૨૦૦ મીલિયન ડોલર્સની ડેફીસીટ ઊભી થશે. મેયર, કાઉન્સિલ અને કંટ્રોલ બોર્ડ માટે અમે એક હાર્ડ હિટીંગ મેમોરન્ડમ તૈયાર કર્યું. ક્યાં ક્યાં બજેટ કરતાં વધુ ખર્ચ થયો છે, અને વરસને અંતે ડેફીસીટ ન જોઈતી હોય તો ક્યાં અને કેટલો કાપ મૂકવો પડશે તે સમજાવ્યું. સિટી હોલમાં આ બાબતનું બ્રીફિંગ કર્યું. ખળભળાટ મચી ગયો. છાપાંઓમાં પણ છડેચોક આ બધું ડીટેલ્સ સાથે આવ્યું.49

સાથે સાથે કૉંગ્રેસમાં જઈને એ પણ સમજાવ્યું કે જો અમે અત્યારે આવડી મોટી ડેફીસીટ પૂરવા માટે બજેટ કાપીશું તો ગરીબ લોકોને અપાતી જરૂરી સર્વિસોમાં મોટાં કાપ મૂકવા પડશે. ફાયરમેન, પોલીસમેન, હેલ્થ ઑફિસર્સ, નર્સીસ વગેરેને રજા આપવી પડશે. આનો એક રસ્તો છે. સિટીના રિઝર્વ ફંડમાં જે પૈસા પડ્યા છે તે અમને આ વર્ષે કામચલાઉ ઉપાડીને વાપરવાની છૂટ આપો. અમારો ભાર હળવો થાય. કૉંગ્રેસ પાસેથી એમ કરવાની રજા મળી અને અમે ૧૨૩ મીલિયન ડોલર્સ રિઝર્વ ફંડમાંથી ઉપાડ્યા.50

૨૦૦૧ના ફેબ્રુઆરીની પહેલી તારીખ ઝડપથી આવી રહી હતી અને અમારી સીએફઓની ઑફિસનું ટેન્શન વધી રહ્યું હતું. આગળ જણાવ્યું તેમ એ દિવસે અમારે ગયા વરસના ઑડિટ માટે બહારના ઑડિટર પાસેથી એ 'ક્લીન ઑડિટ ઓપિનિયન' મેળવવાનો હતો. જેથી વૉલ સ્ટ્રીટ, ડિસ્ટ્રીક્ટ, અને કૉંગ્રેસમાં બધાને ખબર પડે કે અમારી નાણાંકીય વ્યવસ્થા અને વ્યવહાર સ્પષ્ટ અને ચોખ્ખા છે, કોઈ ગોલમાલ નથી, અને ડિસ્ટ્રીક્ટના બોન્ડ્સ લેવામાં વાંધો નથી. વધુમાં સરપ્લસ, ડેફીસીટ, કેશ ફ્લો, એસેટ્સ, લાયબલીટી, બોરોઇંગ, લેન્ડીંગ, ફંડ બૅલેન્સ, રિઝર્વ, વગેરે વિશેની આંકડાઓ સાથેની માહિતી વિશ્વાસપાત્ર છે.

આખરે એ દિવસ આવે એ પહેલાં અમે તૈયાર હતા. જાન્યુઆરીની ૨૯મી તારીખે અમે પ્રેસ કૉન્ફરન્સ રાખી. તેમાં મેં ૨૪૧ મીલિયન ડોલર્સનું સરપ્લસ બતાડ્યું, બજેટ બૅલેન્સ્ડ કર્યું છે એ જાહેર કર્યું, અને બહારની ઑડિટીંગ ફર્મે ડિસ્ટ્રીક્ટને 'ક્લીન ઑડિટ ઓપિનિયન'નું પ્રમાણપત્ર આપ્યું છે તે પણ રજૂ થયું. મેયર, કાઉન્સિલ અને બીજા પોલીટીશિયનોને ખાતરી થઈ કે હવે કંટ્રોલ બોર્ડ જશે. ડિસ્ટ્રીક્ટને એની લોકશાહી (હોમરુલ) પાછી મળશે. સિટી હોલમાં મોટો ઉત્સવ થયો. મેયર, કાઉન્સિલ અને બીજા પોલિટિશિયનો, કન્ટ્રોલ બોર્ડના મેમ્બર્સ, કૉંગ્રેસમાં ડિસ્ટ્રીક્ટનું પ્રતિનિધિત્ત્વ કરતા

ડેલીગેટ, બિઝનેસ અને યુનિયનના લોકો, કમ્યુનિટીના અગ્રણીઓ, છાપાં અને ટીવી વાળાઓથી આખો હોલ ભરેલો હતો.

મેં સરપ્લસ, રિઝર્વ વગેરેના આંકડાઓ સમજાવ્યા. અને કહ્યું કે “We are prepared to take financial destiny of this great city into our own hands and never have the need for a control board to oversee our financial operations again.” ડિસ્ટ્રીક્ટનું કૉંગ્રેસમાં પ્રતિનિધિત્ત્વ કરતા ડેલીગેટ નોર્ટને કહ્યું, “Our worst financial crisis in ૧૦૦ years is over. The control period is over.” વૉશિંગ્ટન પોસ્ટમાં પહેલે પાને ઉપર પાંચ કોલમમાં હેડલાઈન હતી, “District Completes Its Fiscal Comeback, ૨૦૦૦ Surplus Marks Fourth Balanced Budget in Row, Spelling End to Control Board.”51 બધેથી અભિનંદનના સંદેશાઓ આવવા મંડ્યા. મારા જીએઓના જૂના કલીગ્સ, પીટ્સબર્ગ યુનિવર્સિટીના પ્રૉફેસરો વગેરેના પત્રો, ટેલિફોનોનો વરસાદ થયો. કમ્પ્ટ્રોલર જનરલ બાઉશરનું હસ્તલિખિત પોસ્ટ કાર્ડ આવ્યું: Dear Nat: Congratulations on a great job. I am really proud of you, and the District owes you a big “Thank you.” Keep up the good work, and let’s keep in touch. Best regards. Chuck.

મારી પ્રોફેશનલ કેરિયરની આ મોટામાં મોટી સિદ્ધિ હતી. જો કે ડિસ્ટ્રીક્ટના નાણાંકીય પરિસ્થિતિના અનેક પ્રશ્નોનો નિકાલ કરવાનું હજી બાકી હતું. આ તો હજી પાશેરામાં પહેલી પૂણી હતી. કહો કે આ તો ‘work in progress’ હતું. છતાં મારી કારકિર્દીનો આ એક મહત્ત્વનો સીમાસ્તંભ હતો. ડિસ્ટ્રીક્ટ નાણાંકીય રીતે પોતાના પગ ભર ટકી શકે એના માટે જે મૂળભૂત ફેરફાર શા કરવા જોઈએ તેની વિચારણા કરવાની હતી. તે ઉપરાંત ડિસ્ટ્રીક્ટના કર્મચારીઓમાં જે શિસ્તનો અભાવ હતો તેનું શું કરવું, તેની નાણાંકીય બ્યુરોક્રસીમાં જે સડો હતો તેનો કેમ નિકાલ કરવો–આવા જટિલ પ્રશ્નો તો ઊભા જ હતા. પણ મને હવે થોડી શ્રદ્ધા બેઠી કે હું એ પ્રશ્નોનો ઉકેલ લાવી શકીશ.

## સીએફઓ—વન મેન કન્ટ્રોલ બોર્ડ

ચાર વરસ ઉપરાઉપરી 'ક્લીન ઑડિટ ઓપિનિયન' સાથે બજેટ બૅલેન્સ કરવાની જે રિક્વાયરમેન્ટ હતી તે ડિસ્ટ્રીક્ટે પૂરી કરી અને કન્ટ્રોલ બોર્ડને રજા મળી. પરંતુ આનો અર્થ એ નથી કે કન્ટ્રોલ બોર્ડ સદાને માટે ગયું. કૉંગ્રેસને એ તલવાર તો અમારે માથે સદા લટકતી રાખવી હતી. ભવિષ્યમાં ડિસ્ટ્રીક્ટના પોલિટિશિયનો વળી પાછા જૂની રમત રમવા માંડે, જેમ તેમ પૈસા ઉડાડવા માંડે અને ડિસ્ટ્રીક્ટને ફરી પાછા ખાધને રસ્તે લઈ જાય તો કન્ટ્રોલ બોર્ડ પાછું ફટ દઈને હાજર થાય એવી વ્યવસ્થા કૉંગ્રેસે કરી હતી. એવી સ્પષ્ટતા કરી કે જો ડિસ્ટ્રીક્ટની નાણાંકીય વ્યવસ્થા કથળી ને એ એના કેટલાક કેશ ઓબ્લીગેશન્સ પૂરા ન કરે તો પ્રેસિડેન્ટ તુરત એના ઉપર કન્ટ્રોલ બોર્ડ લાદી શકે: જેમ કે ડિસ્ટ્રીક્ટ એના કર્મચારીઓને પગાર ન આપી શકે, કે એમનું પેન્શન ન ભરી શકે, અથવા તો એના બોન્ડ્સનું વ્યાજ ન ભરી શકે. આવું જો કંઈ થયું તો કન્ટ્રોલ બોર્ડ હાજરાહજૂર છે એમ સમજવું.52 હવે જો આ કફોડી પરિસ્થિતિ ટાળવી હોય, ડિસ્ટ્રીક્ટે સદા માટે પોતાનું સ્વરાજ (હોમ રૂલ) જાળવવું હોય અને કન્ટ્રોલ બોર્ડના દર્શન ન કરવાં હોય તો એના પોલિટિશિયનોએ એને નાણાંકીય રીતે સદા સદ્ધર રાખવું જ જોઈએ. પણ એ એમનાથી શક્ય ખરું?

કન્ટ્રોલ બોર્ડની ગેરહાજરીમાં ડિસ્ટ્રીક્ટની ફાઈનાન્સિયલ ડીસિપ્લીન જાળવવા માટે બધાની નજર સીએફઓ ઉપર હતી. કન્ટ્રોલ બોર્ડ દરમિયાન આ જ એક એવી ઑફિસ હતી કે જેની પાસે નાણાંકીય ક્ષેત્રે અસાધારણ સાધનસામગ્રી અને સત્તા હતાં. અને ડિસ્ટ્રીક્ટના પોલિટિશિયનોને એ કાબૂમાં રાખી શકતી હતી, એમના બેજવાબદાર વર્તનને અટકાવતી હતી. કૉંગ્રેસમાં અને ડિસ્ટ્રીક્ટની બિઝનેસ કમ્યુનિટીમાં એવી પણ વાત વહેતી થઈ કે હવે જ્યારે કંટ્રોલ બોર્ડ નથી ત્યારે આ ઑફિસને પરમેનન્ટ કેમ ન બનાવવી? જો કે લોકશાહીના ચુસ્ત આગ્રહીઓનું એવું માનવું હતું કે સીએફઓ જેવા ન ચૂંટાયેલા હોદ્દેદારને આટલી બધી સાધનસામગ્રી અને સત્તા આપવા એ યોગ્ય નથી. ડિસ્ટ્રીક્ટના હોમરુલની લોકશાહીમાં એને સ્થાન ન હોય.

ડિસ્ટ્રીક્ટમાં જેમ લગભગ હંમેશ બને છે તેમ આ ઈન્ડિપેન્ડન્ટ સીએફઓની વાત પર પણ રંગભેદના છાંટા ઊડ્યા હતા. કહેવાયું કે ડિસ્ટ્રીક્ટની નાણાંકીય સદ્ધરતા સાબિત થયા પછી પણ કૉંગ્રેસને એની ઉપર કન્ટ્રોલ રાખવો છે. એટલે હવે કન્ટ્રોલ બોર્ડ નથી

તો આ સીએફઓ છે. એ કૉંગ્રેસનો એજન્ટ છે. એ ભલે ડિસ્ટ્રીક્ટનો સીએફઓ હોય, પણ એ જવાબ આપશે કૉંગ્રેસને, મેયર કે કાઉન્સિલને નહીં. ડિસ્ટ્રીક્ટમાં ગોરા લોકોની બહુમતિ હોત તો કૉંગ્રેસની આવી દખલગીરી ન હોત.

આવી શંકા હોવા છતાં ડિસ્ટ્રીક્ટનો ખાધવાળો ઇતિહાસ જોતાં મેયર અને કાઉન્સિલને લાગ્યું કે પાવરફુલ સીએફઓની જરૂર છે. કાઉન્સિલને એવો ભય પણ હતો કે જો એ પોતાની મેળે આવી ઑફિસની વ્યવસ્થા નહીં કરે તો કૉંગ્રેસ એ બાબતનો રીતસરનો કાયદો ઘડશે. ૨૦૦૧ના ઑક્ટોબરની પહેલી તારીખે કન્ટ્રોલ બોર્ડને ઑફિસીયલ વિદાય મળવાની હતી. એ સાથે ઈન્ડિપેન્ડન્ટ સીએફઓને પણ વિદાય ન મળે તે માટે કાઉન્સિલે જુલાઈમાં જ નવો કાયદો પાસ કરીને સીએફઓની ઑફિસને ચાલુ રાખી.53 જે કામ કન્ટ્રોલ બોર્ડ કરતું હતું તે હવે મારે એકલે હાથે કરવાનું હતું! આમ સીએફઓ તરીકે હું વન મેન કંટ્રોલ બોર્ડ બની ગયો.

## સત્તા અને જવાબદારી

કંટ્રોલ બોર્ડ પછીના સીએફઓની અસાધારણ સત્તા મારા હાથમાં ભલે આવી પણ મને બરાબર ભાન હતું કે આ સત્તા સાથે એવી જ અસાધારણ જવાબદારી પણ મારે માથે આવી હતી. કન્ટ્રોલ બોર્ડના કોઈ માર્ગદર્શન વગર મારે ડિસ્ટ્રીક્ટના બારેક બીલિયન ડોલરના બજેટને કડક હાથે સંભાળવાનું હતું. જોવાનું હતું કે એની નાણાંકીય પરિસ્થિતિ ક્યારેય ન કથળે; કોઈ પણ વરસે બજેટમાં ખાધ ન આવે; પે રોલ, પેન્શન અને બોન્ડનું વ્યાજ—એવા કેશ ઓબ્લીગેશન્સ પૂરા કરવામાં ક્યારેય ખામી ન આવે; અને વૉલ સ્ટ્રીટમાં ડિસ્ટ્રીક્ટનું રેટિંગ ઉત્તરોઉત્તર વધતું જાય, ઓછામાં ઓછું ક્યારેય ઘટે નહીં.

મને એ પણ ખાતરી હતી કે આમાં હું જો ક્યારેય કશું ચૂક્યો તો તુરત ગડગડિયું મળવાનું છે. કાઉન્સિલ, મેયર, કૉંગ્રેસ, વૉલ સ્ટ્રીટની રેટિંગ એજન્સીઓ, છાપાંઓ—આ બધાં મારા પર નજર ટાંપીને બેઠાં છે. જેમ જેમ હું મારી જવાબદારી અદા કરતો ગયો, તેમ તેમ ડિસ્ટ્રીક્ટના પોલિટિશિયનોની ખર્ચ કરવાની યોજનાઓ ઉપર ઠંડું પાણી રેડવાનું અણગમતું કામ મારે માથે આવી પડ્યું. અને જેવું મેં એમને ના પાડવાનું શરૂ કર્યું કે તરત મારું નામ 'ડૉ. નો!' પડી ગયું!54

ડિસ્ટ્રીક્ટના પોલીટિશિયનોનું વલણ ખર્ચ કરવા તરફ હતું. એમને તો દર વર્ષે ચૂંટણી

જીતવી હતી. લોકોને ગમતા પ્રોજેક્ટ કરવા હતા ભલે ને પછી એમાં બેજવાબદાર ખર્ચ થાય. એમને ક્યાં બજેટ બૅલેન્સ કરવાની ચિંતા હતી? એમનાં અવનવા પ્રોજેક્ટ્સ, પ્રપ્રોજલ્સ અને યોજનાઓ સીએફઓના ખોળામાં આવ્યા જ કરે. કોઈકને પોતાના વોર્ડમાં લાઇબ્રેરી બાંધવી હોય, કોઈકને રીક્રીએશન સેન્ટર શરૂ કરવું હોય, કોઈક ને નવી હૉસ્પિટલ બાંધવી હોય, કોઈકને ટૅક્સ રેટ ઘટાડવો હોય, કોઈકને વળી હોમલેસ કુટુંબો માટે નવાં ઘરો બાંધવા હોય—આમાં બધેય આખરે પ્રશ્ન તો પૈસાનો જ છે. અને જ્યાં જ્યાં પૈસાનો પ્રશ્ન હોય છે તે બધું સીએફઓ પાસે આવે. કોકવાર પ્રશ્ન પૈસાનો નથી હોતો, પણ લીગાલિટીનો હોય છે. એક વાર એવી પણ પ્રપોઝલ આવી કે હોમોસૅક્સુઅલ મેરીડ કપલને ડિસ્ટ્રીક્ટમાં જોઈન્ટ ટૅક્સ રીટર્ન ભરવાની છૂટ આપવી કે નહીં?55 અથવા ડિસ્ટ્રીક્ટમાં ઈન્ટરનેટ ગેમ્બ્લીન્ગ શરૂ કરવા દેવું કે નહીં?56 આમાંનાં ઘણા પ્રોજેક્ટ્સ અને યોજનાઓ પાછળ હેતુ સારો હોય છે અને કેટલીય તો આમપ્રજાને હિતકારી પણ નીવડી શકે એવી હોય છે, છતાં સીએફઓ તરીકે મારે માટે અગત્યનો પ્રશ્ન એ હતો કે આવું બધું કરવું ડિસ્ટ્રીક્ટને પોસાય ખરું? એનાથી ડિસ્ટ્રીક્ટની નાણાંકીય સદ્ધરતા જોખમમાં તો નહીં મુકાય ને? આ કરવામાં કોઈ કાયદાઓનો ભંગ તો નથી થતો ને?

તેવી જ રીતે ડિસ્ટ્રીક્ટના બિલ્ડરો અને ડેવલપરો ટૅક્સપેયર્સના ખર્ચે નવા નવા પ્રોજેક્ટ્સ લઈ આવે. કહે કે દાયકાઓ પહેલા ડિસ્ટ્રીક્ટમાં સેનેટર્સ નામની બેઝબોલની ટીમ હતી તેને પાછી લાવવી હોય તો નવું સ્ટેડિયમ બાંધવું જરૂરી છે. એવી જ રીતે બીજા ડેવલપરો એમ કહે કે ડિસ્ટ્રીક્ટની ટુરીઝમથી થતી આવક વધારવી હોય અને વધુ કન્વેન્શન લાવવા હોય તો નવું કન્વેન્શન સેન્ટર બાંધવું જોઈએ. અત્યારનું આપણું કન્વેન્શન સેન્ટર બહુ જૂનું છે. આવાં બધાં પ્રોજેક્ટ્સ ડિસ્ટ્રીક્ટની ઇકોનોમીને સદ્ધર બનાવવા માટે આવશ્યક છે એવી દલીલ કરવામાં આવે. પણ આ પ્રોજેક્ટ્સમાં તો સેંકડો મીલિયન ડોલરનો ખર્ચ કરવાનો હોય છે. સીએફઓ તરીકે હું હા પાડું એ પહેલાં મારે એકેએક પ્રોજેક્ટ અને પ્રપોજલને આર્થિક અને નાણાંકીય દૃષ્ટિએ ચકાસવાની. ખાસ તો એ જોવાનું કે આવી ગંજાવર પ્રોજેક્ટ માટે વૉલ સ્ટ્રીટમાં જઈને સેંકડો મીલિયન ડોલર બોરો કરવા પડશે, એને માટે બોન્ડ્સ ઇસ્યુ કરવા પડશે, એની ડિસ્ટ્રીક્ટના રેટિંગ પર કેવી અસર પડશે? આપણે એનું વ્યાજ દર છ મહિને ભરી શકીશું ખરા? ડેવલપરોને તો ગમે કે ડિસ્ટ્રીક્ટ વધુ ને વધુ બોરો કરે જેથી એમના પ્રોજેક્ટને ફંડિંગ

મળે. પોલીટિશિયનોને પણ આવી મોટી પ્રોજેક્ટના ગ્રાઉન્ડ બ્રેકીન્ગ અને રિબન કટિંગના સમારંભોમાં મોટા ભા થઈને બેસવું ગમે.

પણ જે બોરોઇંગ કર્યું છે તે યોગ્ય થયું છે અને એનું વ્યાજ આપણે નિયમિત ભરી શકીશું તે જોવાની જવાબદારી સીએફઓની. ડિસ્ટ્રીક્ટનું દેણું દર માથા દીઠ બીજાં શહેરો કરતાં વધુ હતું. એટલે મારી ઇચ્છા એવી કે બોરોઇંગ ઉપર કૅપ મૂકાય—જેથી અમુક લિમિટથી વધુ દેવું ન વધે, અને એ બાબતનો કાયદો પસાર થાય. ડેવલપરો અને પોલિટિશિયનોને આવો કેપ કેમ ગમે? તુરત કહેવામાં આવે કે સીએફઓ ડિસ્ટ્રીક્ટના ડેવલપમેન્ટનો વિરોધી છે અને એનો આર્થિક વિકાસ અટકાવે છે.57 આવી બધી ટીકા વચ્ચે મારે તો એ નક્કી કરવાનું કે આવા પ્રોજેક્ટ્સ ડિસ્ટ્રીક્ટને પોસાય ખરા? એનાથી ડિસ્ટ્રીક્ટની નાણાંકીય સદ્ધરતા જોખમમાં તો નહીં મુકાય ને? એ કરવામાં કોઈ કાયદાઓનો ભંગ તો નથી થતો ને?

## ઈઝી ટાર્ગેટ

આ બધી બાબતોમાં બોટમ લાઈન એ હતી કે જો સીએફઓ હા પાડે તો પ્રોજેક્ટ થાય અને ના પાડે તો ન થાય. આને કારણે વૉશિંગ્ટનના ‘મોસ્ટ પાવરફુલ માણસો’માં મારી ગણતરી થવા માંડી! ૨૦૦૭ના 58‘વોશીન્ગટોનિયન્સ ઓફ ધ ઈયર’માં પણ મારી ગણતરી થઈ અને એને માટે અહીંની પ્રખ્યાત વિલર્ડ હોટેલમાં યોજાયેલ સમારંભમાં મારું સન્માન થયું.59

મને આ જે વિઝિબિલિટી મળી એ કારણે હું એક ઈઝી ટાર્ગેટ પણ બની ગયો. ડિસ્ટ્રીક્ટ સરકારમાં કોઈ પણ ઠેકાણે કંઈક પણ બગડ્યું તો પહેલાં મને હોળીનું નાળિયેર બનાવવામાં આવે. ગરીબ લોકોની હૉસ્પિટલ બંધ કરવી પડે તો કહેવાય કે સીએફઓને ગરીબ લોકોની પડી નથી. એ તો માત્ર પૈસાનો જ વિચાર કરે છે. પોલીસ ડિપાર્ટમેન્ટને કહ્યું હોય કે એમનું ઓવર ટાઈમનું બજેટ ખલાસ થઈ ગયું છે, તો કહેશે કે ઓવર ટાઈમ બંધ કરશું તો શહેરમાં ગુનેગારી અને ખૂનામરકી વધશે. સીએફઓને લોકોની સહીસલામતી કરતાં પૈસા વધુ વ્હાલા છે. એવું જ રોડ રીપેરનું, લાઇબ્રેરીઓનું, રીક્રિએશન સેન્ટર્સનું, અને ખાસ તો સ્કૂલો—આ બધી પ્રવૃત્તિઓ આમ જનતાના કલ્યાણ માટે છે. આ પ્રવૃત્તિઓના બજેટમાં કાપ મૂકવો કોઈ પણ પોલીટિશિયન માટે

અઘરું છે. એ અણગમતું કામ સીએફઓને જ કરવાનું રહ્યું. દર વર્ષે બધા જ ડિપાર્ટમેન્ટ એમના બજેટથી વધારાનો ખર્ચ ન કરે તો જ વરસને અંતે આખા ડિસ્ટ્રીક્ટનું બજેટ બૅલેન્સ્ડ થાય.

ડિસ્ટ્રીક્ટ આખાનું બજેટ બૅલેન્સ કરવાની વાત તો વરસને અંતે આવે છે. સીએફઓની ફરજ છે કે એણે તો જેવું વરસ શરૂ થાય કે તરત જ એકે એક ડિપાર્ટમેન્ટનો ખર્ચ નિયમિત ચેક કર્યા કરવાનો. હું આ બાબતની મિટિંગ દર મંગળવારે બોલાવું. જેમાં દરેક ડિપાર્ટમેન્ટના ખર્ચની તપાસ થાય. જે ખર્ચ થઈ રહ્યો છે એ જો ચાલુ રહે તો વરસને અંતે ડિસ્ટ્રીક્ટ એનું બજેટ બૅલેન્સ કરી શકશે? ડિસ્ટ્રીક્ટને બજેટ કરતાં વધુ ખર્ચ કરવાનો રોગ જરૂર લાગેલો છે. પરંતુ ૧૨ બીલિયન ડોલરના અનેક ક્ષેત્રે પથરાયેલ બજેટમાં અણધાર્યો ખર્ચ ગમે ત્યારે આવી પડે અને બજેટ કરતાં વધુ ખર્ચ થાય. દાખલા તરીકે ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મી એ આલ કાયડાનો અમેરિકા ઉપર જે હુમલો થયો તેમાં એક પ્લેન વૉશિંગ્ટનના પેન્ટાગન પર પણ ત્રાટક્યું. આ હુમલાને કારણે ડિસ્ટ્રીક્ટની ઈકોનોમી ઉપર જબ્બર અસર થઈ. ૩૨૩ મીલિયન ડોલરની ટૅક્સની આવક ઓછી થશે એવો મારો એસ્ટિમેટ હતો. એવી જ અણધારી ઘટના ૨૦૧૧ના ઓગસ્ટની ૨૧મીએ બની—૮.૫ રિક્ટર સ્કેલના ધરતીકંપે ડિસ્ટ્રીક્ટને ખળભળાવી દીધું. આવી ઘટનાઓને કારણે અણધાર્યો ખર્ચ તો આવી પડે, પણ સાથે સાથે ડિસ્ટ્રીક્ટની આવક ઉપર પણ અસર થાય. અને છતાં બજેટ તો બૅલેન્સ કરવાનું જ.

બધે પોલીટિશિયનોની જેમ ડિસ્ટ્રીક્ટમાં પણ પોલીટિશિયનોને બજેટ કરતાં વધુ ખર્ચ કરવાની ટેવ પડી છે. આગળ જણાવ્યું તેમ ડિસ્ટ્રીક્ટમાં સ્પેન્ડીંગની ડીસિપ્લીનનો બહુધા અભાવ. સ્કૂલો, હૉસ્પિટલ, પોલીસ વગેરે જગ્યાએ તો ખાસ. એ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓ બજેટ કરતાં વધુ ખર્ચ કરવામાં પાછું વળીને જુએ નહીં. "અમે તો આમ જનતાને સર્વિસ આપવાનું અગત્યનું કામ કરી રહ્યા છીએ. જનકલ્યાણના કામમાં પૈસા ન જોવાય. તમે અમારા માટે પૈસા ઊભા કરો, એ કામ તમારું છે. અમારું કામ તો લોકોને સર્વિસ આપવાનું છે. બજેટકી ઐસી તૈસી."

હું ૨૦૦૦માં સીએફઓ થયો ત્યારથી જ મેં મારા સ્ટાફને સ્પષ્ટ સૂચના આપી હતી કે આપણે માથે બહુ મોટી જવાબદારી છે—ડિસ્ટ્રીક્ટની નાણાંકીય સધ્ધરતા જાળવવાની, એમાં કોઈ ખામી ન આવવી જોઈએ. એ માટે બજેટથી વધારે ખર્ચ ક્યાંય પણ ન ચલાવી

લેવાય. જેવી આપણને ખબર પડે કે એવું ક્યાંય થઈ રહ્યું છે તો એની જાણ આપણે મેયર અને કાઉન્સિલને તરત કરવી, જેથી એ પ્રશ્નનો ઉકેલ થઈ શકે. કોઈ પણ પ્રોબ્લેમને છુપાવવાથી એનો નિકાલ નથી આવતો. 'Bad news first and fast,' એ ન્યાયે મેં નિયમિત સ્પેન્ડિંગ રિપોર્ટ્સ મોકલવાનું શરૂ કર્યું. છાપાંવાળાઓ પણ આ રિપોર્ટ્સનો ઢંઢેરો પીટાવે.60

આ ઓવરસ્પેન્ડિંગ હોવા છતાં વરસને અંતે સીએફઓને બજેટ બૅલેન્સ કરવાનું હોય તો શું કરવું? એને માટે જો એક અકસીર ઉપાય હોય તો એ કન્ઝર્વેટીવ રેવન્યુ એસ્ટિમેટશનનો. ડિસ્ટ્રીક્ટના પોલીટિશિયનોને, છાપાંવાળાઓને જ્યારે જ્યારે મને કન્ઝર્વેટીવ રેવન્યુ એસ્ટિમેટશનની અનિવાર્યતાની સમજાવવાની તક મળી છે તે મેં જવા દીધી નથી. ડિસ્ટ્રીક્ટમાં આખરે તો સીએફઓ જ એસ્ટિમેટ નક્કી કરે કે આ વરસે ટૅક્સની આવક કેટલી થશે. અને સીએફઓ જ મેયર અને કાઉન્સિલને એ એસ્ટિમેટથી વધુ બજેટ બનાવતા અટકાવે. પોલીટિશિયનોને જો ધારેલી કરવેરાની આવક કરતાં ઓછી બતાડો તો એ ખર્ચ ઓછો થાય. બજેટ પ્રમાણમાં સહેલાઈથી બૅલેન્સ થાય. વરસને અંતે બજેટ સરપ્લસની શક્યતા વધે. ડિસ્ટ્રીક્ટના ફંડ બૅલેન્સમાં વધારો થાય. ૧૯૯૭માં જ્યારથી હું ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ કમિશનર થયો, ત્યારથી ઠેઠ જ્યારે ૨૦૧૪માં નિવૃત્ત થયો ત્યાં સુધી દર વરસે ડિસ્ટ્રીક્ટનું બજેટ બૅલેન્સ્ડ થયું, અને ઉત્તરોત્તર સરપ્લસ વધતું ગયું. જે ફંડ બૅલેન્સમાં $૫૩૫ મીલીયનની ખાધ હતી ત્યાં ૨૦૧૪માં $૧.૭ બીલિયનની સિલક થઈ! વૉલ સ્ટ્રીટમાં એક જમાનામાં અમારી આબરૂના કાંકરા થયા હતા ત્યાં હવે અમારી વાહ વાહ થવા માંડી. અને અમારા બોન્ડ્સનું રેટિંગ જે 'જન્ક' કેટેગરીમાં હતું તે હવે AA અને AAA સુધી જઈ પહોંચ્યું હતું!

સીએફઓનું કન્ઝર્વેટીવ રેવન્યુ એસ્ટીમેશન ડિસ્ટ્રીક્ટના પોલીટિશિયનોને સ્વાભાવિક રીતે જ ન ગમે. એમને તો હમણાં જ, આ વરસે જ ખર્ચ કરવો હોય. કન્ઝર્વેટીવ રેવન્યુ એસ્ટિમેટશન એમને રોકે છે. એમ પણ કહેવાયું કે સીએફઓ અહીં રમત રમે છે. ડેવિડ કટાનિયા નામના એક ઉછાંછળા કાઉન્સિલ મેમ્બરે મારી સામે ઝુંબેશ ઉપાડી.61 એની અને મારી વચ્ચે આ દલીલબાજી મારા આખાયે ડિસ્ટ્રીક્ટના ટેન્યર દરમિયાન ચાલુ રહી. અને પછી તો એવું થયું કે હું જે કાંઈ કહું તો કટાનિયા એનો વિરોધ કરવા હાજર જ હોય. હૉસ્પિટલ, ટૅક્સ કટ, રીયલ પ્રોપર્ટી ટૅક્સેશન, રેવન્યુ એસ્ટિમેશન, મેરીડ ગે કપલનું જોઈન્ટ ટૅક્સ ફાઈલિંગ—એમ એકે એક વાત પર એ

મારો સખત વિરોધ કરે. એટલું જ નહીં પણ જ્યારે જ્યારે સીએફઓ તરીકેનું મારું નોમીનેશન આવે ત્યારે કાઉન્સિલમાં એનો જ એક વોટ મારી વિરુદ્ધ હોય. કન્ઝર્વેટીવ રેવન્યુ એસ્ટિમેશન જેટલું કોઈ કાઉન્સિલ મેમ્બરને કઠે એટલું જ મેયર અને એના સ્ટાફને પણ કઠે. રેવન્યુ જો ઓછું એસ્ટિમેટ થયું હોય તો મેયરને પણ જે ખર્ચ કરવો હોય તે ન થઈ શકે. ૨૦૧૨ના માર્ચ મહિનામાં મેયર ગ્રેએ મારા રેવન્યુ એસ્ટિમેશન સામે વાંધો ઉઠાવ્યો. કહ્યું કે જે એસ્ટિમેટ થયો છે તે બહુ કન્ઝર્વેટીવ છે. બદલાવો! છાપાંઓમાં હો, હા થઈ ગઈ.62

## સ્કેન્ડલ્સ—ડિસ્ટ્રીક્ટના હાડમાં

કોઈ પણ ઠેકાણે, પણ અમેરિકામાં ખાસ, કોઈ મોટું ઓર્ગેનાઈઝેશન, પ્રાઇવેટ કે પબ્લિક—સંસ્થા, ડિપાર્ટમેન્ટ, કોર્પોરેશન, યુનિવર્સિટી—એફિસિયન્ટલી ચલાવવું હોય તો વર્કિંગ સિસ્ટમ્સ જોઈએ. કશો પણ નિર્ણય લેતાં પહેલાં તમારી પાસે વ્યવસ્થિત માહિતી જોઈએ. આ માહિતી, આંકડાઓ, સીનેરીઓસ જુદી જુદી સિસ્ટમમાંથી મળી શકે, જેવી કે ફાઇનાન્સિઅલ ઇન્ફોર્મેશન સિસ્ટમ, ઍકાઉન્ટિંગ સિસ્ટમ, પર્સોનેલ સિસ્ટમ, પે રોલ સિસ્ટમ, પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ વગેરે. આ બધી સિસ્ટમ્સ એક બીજી સાથે અબોલા લે તે ન ચાલે. એટલે કે એનું ઈન્ટીગ્રેશન થયું હોવું જોઈએ. તો જ મોટા ઓર્ગેનાઈઝેશનને વ્યવસ્થિત રીતે ચલાવી શકાય. અને તો જ એને જે સર્વિસ આપવાની છે, જે કામ કરવાનું છે તે વ્યવસ્થિત રીતે કરી શકે.

વ્યવસ્થિત અને વેલ ઓઇલ્ડ મશીન જેવા જીએઓમાં વીસ વરસ કામ કરીને હું જ્યારે ડિસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટમાં એના ટૅક્સ કમિશનર તરીકે જોડાયો ત્યારે તેની અંધાધૂંધી મારા માટે આઘાતજનક હતી. જે સરકાર એના ટૅક્સ ડિપાર્ટમેન્ટની અવગણના કરે એ કેવી રેઢિયાળ હશે? આખરે ટૅક્સ ડિપાર્ટમેન્ટ જો બરાબર ચાલતું હોય તો ટૅક્સ કલેક્શન થાય, સરકારે આમ પ્રજાને જે અસંખ્ય સર્વિસ આપવાની છે—રોડ રીપેર કરવાના છે, નવા રોડ બાંધવાના છે, સ્કૂલો ચલાવવાની છે, લાઇબ્રેરી અને રીક્રિએશન સર્વિસ આપવાની છે, પબ્લિક સેફ્ટી માટે પોલીસ અને ફાયર ડિપાર્ટમેન્ટ ચલાવવાના છે, પે રોલ અને વેલ્ફેર રોલ સમયસર ચૂકવવાના છે—તે પૈસા વગર થોડી અપાવાની છે?

લાંચરુશ્વત, ચોરી અને બેદરકારીની જે હવા ટૅક્સ ડિપાર્ટમેન્ટમાં પ્રસરી હતી તે

ડિસ્ટ્રીક્ટ ગવર્ન્મેન્ટમાં થોડે ઘણે અંશે બધે જ હતી.63 કર્મચારીઓનું વલણ વાડીને પૂછીને ચીભડાં ઉઠાવતા ચોર જેવું હતું: 'લઉં કે એક બે ચીભડાં?' 'અરે ભાઈ, લે ને ચાર પાંચ!' કોઈ પણ ટૅક્સ ડિપાર્ટમેન્ટમાં નાનીમોટી ચોરી સ્વાભાવિક અને માનવ સહજ છે. પણ ડિસ્ટ્રીક્ટનો ટૅક્સ ડિપાર્ટમેન્ટ એટલો તો પડી ભાંગેલો કે લુચ્ચા અને ગઠિયા કર્મચારીઓને ચોરી કરતાં પકડવાની અમારી પાસે નહોતી કોઈ સિસ્ટમ, કે નહોતા કોઈ સાધનસામગ્રી. નાના મોટા કર્મચારીઓ આનો લાભ લેતાં. આમાં હેરીએટ વૉલ્ટર્સ નામની એક કર્મચારી બાઈએ હદ કરી. એણે રીઅલ પ્રોપર્ટી ટૅક્સના રીફંડની સ્કીમમાં લગભગ $૫૦ મીલિયનની ઉઠાંતરી કરી! જો કે આમાં એ એકલી ન હતી. અંદર અને બહારથી બીજા લોકોની એને મદદ હતી. વીસેક વરસથી એ ખોટા રીફંડ વાઉચર ઊભા કરી પોતાના બૅંક અકાઉન્ટમાં જમા કરાવતી હતી. ડિસ્ટ્રીક્ટના ઇતિહાસમાં આવી મોટી અને આટલા લાંબા સમય સુધી કોઈ કર્મચારીએ ચોરી કરી નહોતી. આખરે એ નવેમ્બર ૨૦૦૭માં પકડાઈ અને એને ૧૭.૫ વરસની જેલ થઈ.

વૉલ્ટર્સ છડે ચોક ડિપાર્ટમેન્ટમાં પૈસા ઉડાડતી. કોઈને પણ પૈસાની જરૂર પડી તો એની પાસે પહોંચી જાય અને 'મધર વૉલ્ટર્સ' પાસેથી જેટલા પૈસા જોઈતા હોય તેટલા મળે. એ ધોળે દિવસે પૈસા વેરતી. સેંકડોની સંખ્યામાં ડિઝાઈનર્સ શૂઝ, ફૅશનેબલ ડ્રેસીસ, મોંઘી કાર જેવી કંઈક ખરીદી કરતી. આશ્ચર્યની વાત તો એ છે કે એ બાબતમાં ડિપાર્ટમેન્ટમાં કોઈ વિચાર પણ ન કરે કે એક સામાન્ય સરકારી કર્મચારી આ પૈસા ક્યાંથી કાઢે છે? આ વૉલ્ટર્સ સ્કૅન્ડલમાં ડિસ્ટ્રીક્ટમાં કર્મચારીઓમાં પ્રવર્તતી નૈતિક અંધતા તો છે જ, પણ સાથે સાથે મૅનેજમૅન્ટની પણ સદંતર નિષ્ફળતા હતી.

આ બાબતમાં મેં આગળ પ્રવેશકમાં વિસ્તારથી લખ્યું છે તેમ વૉલ્ટર્સ સ્કૅન્ડલ એ મારી પ્રોફૅશનલ કરિયરની મોટામાં મોટી ક્રાઈસીસ હતી. દુ:ખની વાત તો એ છે કે અમે ટૅક્સ ઑફિસમાં અનેક પ્રકારના કંટ્રોલ્સ દાખલ કર્યા, નવી સીસ્ટમ્સ ઈમપ્લિમેન્ટ કરી,64 નૈતિક વ્યવહારની બધાને ફરજિયાત ટ્રેનિંગ દર વરસે આપી, અરે, અનેક લોકોને કામમાંથી રજા આપી,65 છતાં હું ડિસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટમાંથી નીકળ્યો ત્યાં સુધી ઓછાવત્તા પ્રમાણમાં અમારા પ્રોબ્લેમ્સ તો ચાલુ જ રહ્યા!66 પ્રામાણિકતાથી પોતાનું કામ કરવા પ્રત્યેની ઉદાસીનતા અને નૈતિક અંધતા ટૅક્સ ઑફિસના કેટલાક કર્મચારીઓના હાડમાં એટલી હદે ઊતરેલી હતી કે એ કેમ દૂર કરવી એ જટિલ પ્રશ્ન હતો. જો કે

બહુમતિ કર્મચારીઓ યથાશક્તિ અને મતિથી પોતાનું કામ કરતા જ હતાં, અને એમના પ્રયત્નોથી જ ડિસ્ટ્રીક્ટના ટૅક્સ ડિપાર્ટમેન્ટ સુધારાવધારા થઈ શક્યા હતાં.

છતાં જેમને ચોરી કરવી જ છે, તેને કેમ અટકાવવા એ પ્રશ્ન દરેક ટૅક્સ ડિપાર્ટમેન્ટને હંમેશ પજવે છે. કન્ટ્રોલ્સ, ઑડિટ, ઇન્વેસ્ટીગેશન, પ્રોસીક્યુશન, એથીકેલ ટ્રેનિંગ વગેરેનું ઇમ્પ્લીમેન્ટેશન કર્યા પછી પણ ચતુર ચોર લોકો એમનું કામ કર્યા જ કરવાના છે. છસો જેટલો ટૅક્સ સ્ટાફ હોય તો એમાંથી પાંચ-છ તો એવા નીકળવાના જ કે જેમની દાનત ખોરી હોય, જેમનું ચિત્ત કામ કરવા કરતાં ચોરી કરવામાં પ્રવૃત્ત હોય છે. વધુમાં જ્યાં જ્યાં પૈસા હોય છે—ટૅક્સ, લોટરી, ટ્રેજરી વગેરે ડિપાર્ટમેન્ટમાં આ ચોર લોકોને વધુ તક મળે છે. પ્રશ્ન એ છે કે આવી તક કેમ ઓછી કરવી. ચોરી કરવાની દુરિત વૃત્તિને સદાને માટે નાબૂદ કરવી એ અશક્ય છે. આ સ્કૅન્ડલમાંથી જો કોઈ એક પાઠ હું ભણ્યો હોઉં તો એ છે કે આપણી આજુબાજુ દુરિત છે તે માનવ સહજ છે અને રહેવાનું જ છે, પણ એમાંથી બચવું હોય તો સદા જાગૃત રહેવું, ચેતતા રહેવું. જો ચોરી કે બીજા કોઈ પ્રકારનું સ્કૅન્ડલ થયું તો એની જવાબદારી લેવી, એવું કાંઈ ફરી વાર ન થાય તેવા પ્રયત્ન કરવા. બાકી બીજું શું કરી શકાય?

## મિશનની સ્પષ્ટતા

સીએફઓનું મિશન એક હાથે સિદ્ધ નથી થતું. એ માટે હું બધા જ કર્મચારીઓને જવાબદાર ગણું છું. એમાંય ઉચ્ચ અધિકારીઓને તો ખાસ. એટલા માટે ઉચ્ચ કક્ષાના અધિકારીઓને રજા આપવાની જવાબદારી મેં મારી પોતાની રાખી. ખાસ કરીને ટૅક્સ સ્કૅન્ડલ પછી ટૅક્સ ડિપાર્ટમેન્ટ અને એના રીયલ એસ્ટેટ સેક્શનના બધા જ ઉચ્ચ અધિકારીઓને એક સાથે જે દિવસે સ્કૅન્ડલ બહાર પડ્યું તે જ દિવસે રજા આપી. જે કેટલાકને મેં ફાયર કર્યા તેમને મેં પોતે જ હાયર કરેલા. એમની આંખ નીચે આવડું મોટું સ્કૅન્ડલ થયું એનું પરિણામ એમણે ભોગવવું જ પડે. આ બાબતમાં મેં મારી જાતને પણ બાકાત નહોતી રાખી. જેવું સ્કૅન્ડલ બહાર પડ્યું કે તુરત જ મેં એની જવાબદારી સ્વીકારી લીધી, અને મેયર અને કાઉન્સિલને મારું રાજીનામું આપવાની તૈયારી બતાવી.

બીજી અગત્યની વાત એ હતી કે દરેક કર્મચારીને, ખાસ કરીને ઉચ્ચ અધિકારીઓને બરાબર ખબર હતી કે એમની જવાબદારી શું હતી, એમણે શું કરવાનું હતું, અને જો

એ ન થાય તો શું પરિણામ આવે. જો ડિસ્ટ્રીક્ટને ઑડિટર પાસેથી ‘ક્લીન ઑડિટ’નું સર્ટિફિકેટ ન મળે તો કમ્પ્ટ્રોલરને રાજીનામું આપવું પડશે, તે સ્પષ્ટ હતું. તેવી જ રીતે વૉલ સ્ટ્રીટમાં અમારુ રેટિંગ ઘટ્યું તો તે બાબતમાં ટ્રેજરરે જવાબ આપવો પડશે. જો અમારું બજેટ બૅલેન્સ ન થયું તો બજેટ ડાયરેકટરે એ બાબતની જવાબદારી સ્વીકારવી પડશે અને એનું પરિણામ ભોગવવું પડશે. આ બધી જવાબદારી સ્પષ્ટ હતી. હું અમારી મિટિંગોમાં વારંવાર ભાર મૂકીને એ વાત સમજાવતો. એ મુજબ મેયર, કાઉન્સિલ મેમ્બર્સ, કૉંગ્રેસ, રેટિંગ એજન્સીઓ, છાપાંઓ વગેરેને ઓવર સ્પેન્ડીંગની, ઓવર બોરોઇંગની, ડિસ્ટ્રીક્ટની ઇકોનોમીની મુશ્કેલીઓની નિયમિત જાણ કરીને હું ચેતવતો.

ઑફિસમાં કે બહાર મેં ટ્રાન્સપેરન્સી રાખી હતી—છુપાવવાની વાત જ નહીં. એ જ પ્રમાણે કોઈ સુષ્ઠુ સુષ્ઠુ ‘સ્યુગર કોટિંગ’ પણ નહીં કરવાનું. ‘Bad news first and fast,’ એ ન્યાયે કોઈ પણ નાની મોટી મુશ્કેલી આવી રહી હોય તેની જાણ થવી જ જોઈએ જેથી એનો નિકાલ કરવાના પ્રયત્નો કરી શકાય. ટ્રાન્સપેરન્સીની આ પ્રેક્ટીસને કારણે મારી એક સ્પષ્ટવક્તા તરીકેની ક્રેડીબિલિટી બંધાઈ ગઈ. અને લોકોને ખાતરી હતી કે ધાર્યા મુજબ જો કંઈ ન થયું તો તે બાબતનું જે કોઈ આકરું પગલું ભરવાની વાત મેં કરી હતી તે ભરાશે જ.

## સી.એફ.ઓ.નો કીમિયો?

મને ઘણી વાર પૂછવામાં આવે છે કે ડિસ્ટ્રીક્ટની નાણાંકીય પરિસ્થિતિમાં જે ધરખમ ફેરફાર થયા એ કેવી રીતે થયા? એની પાછળ શું કીમિયો હતો? એ ક્યાં પ્રકારનો જાદુ હતો? હા, જન્ક બોન્ડના સ્ટેટસમાંથી AA and AAA સુધીના બોન્ડ રેટિંગ પર આટલી ઝડપથી પહોંચવું એ અમેરિકન મ્યુનિસિપલ ફાઈનાન્સ ક્ષેત્રે ખરેખર જ અસાધારણ ઘટના હતી. પણ એની પાછળ કોઈ જાદુ કે કીમિયો નહોતો. ખરું પૂછો તો એ કોમન સેન્સની વાત હતી. જેટલી આવક હોય તેટલું જ ખર્ચવું, રેવન્યુ એસ્ટીમેશન સંભાળીને કન્ઝર્વેટીવ થઈને કરવું, બોરોઈંગ પણ સંભાળીને કરવું કે જેથી એ બાબતનું વ્યાજ નિયમિત ભરી શકાય, ઈમરજન્સીમાં બહુ મુશ્કેલી વગર સિટી મેનેજ કરી શકાય તે માટે સારા પ્રમાણમાં રિઝર્વ રાખવું, પંચવર્ષીય બૅલેન્સ્ડ બજેટ બનાવવા—વગેરે નીતિનિયમોમાં કશું નવું નથી, કે નથી કોઈ જાદુ. એ બધું તો દીવા જેવું ચોખ્ખું છે.

આ નીતિનિયમો જો જૂના અને કોમન સેન્સ જેવા સરળ અને સીધા છે, જો દીવા જેવા ચોખ્ખા છે તો પછી ડિસ્ટ્રીક્ટનું ફંડ બૅલેન્સ $૫૦૦ મીલીયન જેટલી જબ્બર ખાધમાં કેમ ગયું હતું? શા માટે વૉલ સ્ટ્રીટ અને બીજે બધે એની આબરૂના કાંકરા થયા હતા? પ્રશ્ન અહીં નીતિનિયમોનો નથી, એમના પાલનનો છે, એમને અમલમાં મૂકવાનો છે. ડિસ્ટ્રીક્ટના પોલીટિશિયનો, બધા પોલીટિશીયનોની જેમ બજેટીંગના આ સાદા અને સરળ નિયમો સમજવા છતાં, એમને અમલ મૂકવા તૈયાર નહોતા. બજેટ બૅલેન્સ કરવું હોય તો ગમે તેમ ખર્ચો ન થાય તે વાત લોકોને કહેવા એ તૈયાર નહોતા. લોકોને ગમતા હોય તે પ્રોજેક્ટ નહીં થઈ શકે એવી સ્પષ્ટ વાત કરવી અઘરી છે. એનાથીય વધુ અઘરી વાત છે જરૂર પડે ત્યારે ટૅક્સ વધારવાની. જો ખર્ચો કરવો છે પણ એને જરૂરી આવક ઊભી કરવા માટે ટૅક્સ વધારવો નથી, તો પરિણામે ખાધ આવે એમાં કશું નવું નથી. આનો અર્થ એવો નથી કે જે ખર્ચ કરવાનો છે તે અયોગ્ય છે કે જરૂરી નથી, પણ જો એને પૂરતી આવક ન હોય તો એ ખર્ચ ન જ થઈ શકે એ કડવી વાત કોણ કહે?

આ વાત કહેવાથી પતતું નથી, પણ એને અમલમાં કોણ મૂકે? ડિસ્ટ્રીક્ટમાં આ કડવું કામ સીએફઓને માથે હતું. તે મેં મારી સમજ મુજબ કર્યું. તે માટે સીએફઓ પાસે પોતાના મિશન માટેની સ્પષ્ટ સમજ તો હોવી જરૂરી છે જ, પણ સાથે સાથે એનો અમલ કરવાની હિંમત પણ હોવી જોઈએ. લોકોને ગમતા કોઈ પ્રોજેક્ટ માટે ખર્ચો કરવાની ના પાડો એ કડવી વાત પોલીટિશિયનોને ગમવાની નથી. એ તો લોકોને પ્રોમિસ આપીને બેઠા છે, તેમને તો ચૂંટાવું છે. એ બધા તો તમારે માથે માછલાં ધોવાના છે, તમારો હુરિયો બોલવાના છે. હૉસ્પિટલ જેવી લોકોની અત્યંત જરૂરિયાતની પ્રોજેક્ટની પૈસાના અભાવે ના પાડો તો પણ લોકો તમારો જ વાંક કાઢવાના છે. પોલીટિશિયનો તો એમ જ કહેવાના છે કે અમારે તો હૉસ્પિટલ ચાલુ રાખવી છે, આ દુષ્ટ સી.એફ.ઓ. આડે આવે છે! આવા સમયે અડગ થઈને—Dr. No થઈને ઊભા રહેવું એમાં જ સીએફઓનો કીમિયો છે.

## વાહ વાહ અને હુરિયો

૧૯૯૭-૨૦૧૩ સુધીના મારા ડિસ્ટ્રીક્ટના ટેન્યર દરમિયાન તેની આર્થિક અને નાણાંકીય પરિસ્થિતિમાં ધરખમ ફેરફાર થયા તેમાં મેં જે કાંઈ નાનો-મોટો ભાગ ભજવ્યો

એ મારા પ્રોફેશનલ જીવનની મોટી ધન્યતા હતી. ડિસ્ટ્રીક્ટની આવી અસાધારણ નાણાંકીય સદ્ધરતા પ્રાપ્ત કરવામાં કન્ટ્રોલ બોર્ડ, મેયર્સ, કાઉન્સિલ, વગેરેનો હિસ્સો જરૂર મોટો.67 ટેક્સ કમિશનર (૧૯૯૭-૨૦૦૦) અને પછી સીએફઓ (૨૦૦૦-૨૦૧૪) તરીકે મેં પણ અગત્યનો ભાગ ભજવ્યો.68 પરંતુ એ હોદ્દાઓમાં મને મારા વફાદાર, કુશળ અને શક્તિશાળી સ્ટાફની ખૂબ મદદ મળી. હું તો ત્યાં સુધી કહીશ કે એ સ્ટાફ વગર મેં જે કાંઈ કર્યું તે ન જ કરી શક્યો હોત.

છતાં સીએફઓ ઑફિસના હેડ તરીકે હોળીના નાળિયેરની જેમ થાય છે તેમ જ્યારે જ્યારે ડિસ્ટ્રીક્ટના ફાઈનાન્સની વાત થતી, ત્યારે મારું નામ આગળ ધરાતું. કોઈનું રીયલ પ્રોપર્ટી અસેસમેન્ટ બરાબર ન થયું, કોઈને ટેક્સ રીફંડ ટાઈમસર ન મળ્યું, કોઈનો પે રોલ ચેક ગુમ થઈ ગયો એવા સામાન્ય પ્રશ્નોથી માંડીને ડિસ્ટ્રીક્ટના ફંડ બૅલેન્સની સિલક વધી કે ઘટી, સરપ્લસ થયું કે નહીં, સ્ટેડિયમ બંધાશે કે નહીં, હૉસ્પિટલ બંધ થશે કે ચાલુ રહેશે એવા મોટા પ્રશ્નો સુધી આંગળી સીએફઓ તરફ જ ચીંધાતી.69 સીએફઓના હાથમાં જો ડિસ્ટ્રીક્ટના ફાઈનાન્સની બાબતમાં અસાધારણ સત્તા હોય, તો તેને માથે એને અનુરૂપ જવાબદારી હોય એમાં નવાઈ શી? એટલે જ કદાચ વૉશિંગ્ટનોનિયન મેગેઝિને મને ‘Dr. No’ તરીકે નવાજ્યો.70

૧૯૯૫માં ડિસ્ટ્રીક્ટના ફંડ બૅલેન્સમાં $૫૩૦ મીલીયનની જો ખાધ હતી તે ૨૦૧૩માં તે સિલક થઈ અને $૧.૭ બિલીયન સુધી પહોંચી! જે લોકોએ ૧૯૯૦ના દાયકામાં ડિસ્ટ્રીક્ટની વણસેલી નાણાંકીય પરિસ્થિતિના અત્યંત કઠિન દિવસો જોયા છે, તેમને માટે જાણે કે આ સોનાનો સૂરજ ઊગ્યો હતો. કૉંગ્રેસમાં આ જબ્બરદસ્ત ફેરફારની ખાસ નોંધ લેવાઈ. સેનેટ અપ્રોપ્રિએશન સબકમિટીના ચેરમેન મેરી લેન્ડરોએ ડિસ્ટ્રીક્ટના બજેટ હિયરીંગમાં કહ્યું પણ ખરું: “I would also like to recognize the extraordinary work of the Chief Financial Officer Natwar Gandhi for his efforts to ensure that the City has accurate information about the status of its finances, so that we can examine the budget with the confidence, and for creating a true picture of the City’s fiscal health...Natwar Gandhi and his team have fixed a broken revenue system and are doing a terrific job advising

the Mayor and the Council on the City's overall fiscal health."71

ડિસ્ટ્રીક્ટની અસાધારણ નાણાંકીય સદ્ધરતા અને એ બાબતમાં પ્રવૃત્તિઓને કારણે મને એક પછી એક એમ એવોર્ડ અને માનસન્માન મળવાના શરુ થયાં. વૉશિંગ્ટન સિટી પેપરે મને 'મિરેકલ વર્કર' (Miracle Worker) કહ્યો.72 વૉશિંગ્ટનોનિયન મૅગેઝિને મને ૨૦૦૭માં 'વૉશિંગ્ટનોનિયન ઓફ ધ ઈયર,' અને ૨૦૦૮માં 'મોસ્ટ પાવરફુલ પીપલ'માં મારી ગણતરી કરી.73 જાન્યુઆરી ૧૮, ૨૦૦૭માં મને કેફ્રીટ્ઝ ફાઉન્ડેશન તરફથી મેરીટોરિયસ લીડરશીપ એવોર્ડ અને એસોશિએશન ઑફ ગવર્નમેન્ટ ઍકાઉન્ટ્સનો એવોર્ડ મળ્યો ("strong leadership and dedication to bring the district's government finances out of an extreme financial crisis"). એ જ અરસામાં અમેરિકાની નેશનલાઈઝ થયેલી પેસેન્જર રેલવે Amtrak તરફથી એનો સીએફઓ થવાનું વધારે પગાર સાથે આમંત્રણ આવ્યું. પણ મેયર અને કાઉન્સિલ મને એમ ડિસ્ટ્રીક્ટ છોડવા દેવા માંગતા ન હતા. તેમણે Amtrakની ઓફર કરતાં વધુ પગાર આપી ડિસ્ટ્રીક્ટમાં જ રહેવાનો આગ્રહ કર્યો.

## નિવૃત્તિ લેવાનો નિર્ણય

૨૦૧૩ના ફેબ્રુઆરીમાં મેયરને મેં કહ્યું કે હું હવે નિવૃત્ત થવા માંગું છું. મેયર ગ્રે આ વાત માની જ ન શક્યા. એ કહે કે હજી મારા કોન્ટ્રેક્ટને પૂરા થવાને બીજાં ચાર વરસ બાકી છે. ગયા વરસે કેટલા બધા ઉત્સાહથી મારી નિમણૂક થઈ હતી! કાઉન્સિલમાં બીજાં પાંચ વરસનું મારું નોમીનેશન કન્ફર્મેશન માટે આવ્યું ત્યારે પ્રેસ, લેબર યુનિયન, બિઝનેસ કમ્યુનિટી, વૉલ સ્ટ્રીટ, કૉંગ્રેસ બધેથી એને વધાવી લેવામાં આવ્યું.74 કાઉન્સિલમાં પણ એક કાઉન્સિલ મેમ્બર જે મારી સાથે છેલ્લાં તેર વરસથી વેર લઈને બેઠો છે તે સિવાય બીજા બારેબાર મેમ્બર્સનો મને ટેકો હતો. આમ ૧૨-૧ના મતથી નોમીનેશન કન્ફર્મ પણ થયું. મારી સાથે કામ કરતાં લોકોને રાહત થઈ કે સીએફઓની ઑફિસ અને એમનો જોબ બીજાં પાંચ વરસ સહીસલામત છે.

આ જ સમયે મેયર ગ્રેની ઈલેકશન કેમ્પેનમાં ગેરકાયદેસર $૬૫૦,૦૦૦નો ખર્ચ

થયો છે એવો ગંભીર આક્ષેપ મૂકાયો. એ બાબતમાં યુ.એસ.અટર્નીએ ઇન્વેસ્ટિગેશન શરૂ કર્યું હતું. કાઉન્સિલમાં હિયરીંગ શરૂ થયા. છાપાંઓમાં હો-હા થઈ ગઈ. પ્રેસવાળા અને કેટલાક કાઉન્સિલ મેમ્બર્સ મેયરનું રાજીનામું માગવા માંડ્યા. એટલું ઓછું હતું તે કેટલાક કાઉન્સિલ મેમ્બર્સ સામે પણ લાંચરુશ્વત અને ગેરકાયદેસરના વર્તનના આક્ષેપ મૂકાયા. આ કારણે કાઉન્સિલ ચેરમેને રાજીનામું આપવું પડ્યું, અને જેલમાં જવાને બદલે એને ઘરે બેસી રહેવાની સજા (house arrest) થઈ. બીજાં બે કાઉન્સિલ મેમ્બર્સને તો જેલમાં જવું પડ્યું. આમ ડિસ્ટ્રીક્ટનું રાજકારણ ડહોળાઈ ગયું. એવા સમયે હું બીજા પાંચ વર્ષ રહેવાનો છું એ વાતથી વૉલ સ્ટ્રીટ, બિઝનેસ કમ્યુનિટી અને કૉંગ્રેસમાં ધરપત થઈ હતી. મેયર કે કાઉન્સિલનું જે થવાનું હોય તે થાય, પણ જ્યાં સુધી ડિસ્ટ્રીક્ટમાં વિશ્વાસપાત્ર સીએફઓ છે, ત્યાં સુધી એની નાણાંકીય સદ્ધરતા માટે ચિંતા કરવાની જરૂર નથી.

મારી જો ડિસ્ટ્રીક્ટમાં આટલી બધી ક્રેડીબીલિટી હોય તો પછી હું શા માટે નિવૃત્ત થતો હતો? બે કારણ હતાં. વરસો પહેલાં દેશમાં, હું જો ભૂલતો ન હોઉં તો, વિખ્યાત ક્રિકેટર વિજય મર્ચન્ટે ક્યારે રીટાયર થવું એ માટે કહ્યું હતું: "One should retire when people would ask, "why?", rather than "why not?" એ વાત મારા મનમાં રહી ગયેલી. ૧૯૯૭માં હું જ્યારે ડિસ્ટ્રીક્ટમાં જોડાયો ત્યારે એની આર્થિક અને નાણાંકીય પરિસ્થિતિ વણસેલી હતી, તે અવદશા હવે ન હતી. ૨૦૧૩માં ડિસ્ટ્રીક્ટ અસાધારણ નાણાંકીય સદ્ધરતા ધરાવતું હતું. આ સદ્ધરતા પ્રાપ્ત કરવામાં મેં અગત્યનો ફાળો આપ્યો હતો. મને થયું કે મારું કામ પૂરું થયું.

૧૯૫૭થી માંડીને ઠેઠ આજ સુધીનાં લગભગ ૬૦ વરસ હું સતત કંઈક ને કંઈક પાર્ટ ટાઈમ કે ફૂલ ટાઈમ કામ કરતો જ રહ્યો છું. અમેરિકામાં નિવૃત્તિ ઉંમર ૬૫ની ગણાય. મેં જ્યારે નિવૃત્તિની વાત કરી ત્યારે મને ૭૩ વર્ષ થયાં હતાં. મને મનગમતી વાંચન, લેખન, અને સાહિત્યની પ્રવૃત્તિ હું મુખ્યત્વે વિકેન્ડમાં જ કરી શકતો. હવે તે મારે ફૂલ ટાઈમ કરવી હતી. વધુમાં ડિસ્ટ્રીક્ટના સીએફઓ તરીકે મેં તેર વર્ષ કામ કર્યું. અમેરિકાના કોઈ મોટા શહેરના સીએફઓ તરીકે ભાગ્યે જ કોઈ આટલો લાંબો સમય ટક્યું હોય. વૉશિંગ્ટનમાં આવા સ્ટ્રેસવાળા જોબમાં લોકો બહુ બહુ તો બે ત્રણ વરસ ટકે, જ્યારે હું તેર વરસ ટક્યો એનું મને જ આશ્ચર્ય હતું.

પણ નિવૃત્તિ લેવાનું મુખ્ય કારણ હતું : પન્ના નાયક! નલિનીના દુ:ખદ મૃત્યુને

હવે પાંચ વરસ થવા આવ્યાં હતાં. પન્નાના પતિ નિકુલને અવસાન પામ્યે સાતેક વરસ થયાં હતાં. પન્ના ગુજરાતી સાહિત્યની એક પ્રતિષ્ઠિત કવયિત્રી. એનું ઘર એ ફિલાડેલ્ફિયાનું સંસ્કૃતિધામ હતું. રવિશંકરથી માંડીને અનેક કલાકારો, સાહિત્યકારો, દેશના અગ્રણીઓ એના ઘરે આવતા. ૧૯૭૯માં પન્ના અને નિકુલ ગુજરાતી કવિ સુરેશ દલાલને લઈને વૉશિંગ્ટન આવેલા. અમે વૉશિંગ્ટનના કેટલાક સાહિત્યરસિક મિત્રોએ એમના કાવ્યવાચનનો કાર્યક્રમ રાખેલો. એ અમારો પહેલો પરિચય. પછી તો સુરેશ દલાલના સૂચનને અનુસરી ઇસ્ટ કોસ્ટ પર વસતા કેટલાક મિત્રોએ ગુજરાતી લિટરરી અકાદમીની સ્થાપના કરી. એમાં પન્ના મુખ્ય. એ એની એક વાર પ્રમુખ પણ થઈ હતી. હું પણ જોડાયો હતો. અકાદમીની મીટિંગો અને કાર્યક્રમોને કારણે હું અને નલિની ઘણી વાર ફિલાડેલ્ફિયા જતા. આમ અમારી કૌટુંબિક મૈત્રી બંધાઈ તે લાંબો સમય ચાલી.

અમે બન્નેએ લાંબું લગ્નજીવન ભોગવેલું : પન્નાનું નિકુલ સાથે ૫૦ વરસનું અને મારું નલિની સાથે ૪૭ વરસનું. આવા સુદીર્ઘ સહવાસ પછી જીવનસાથીના નિધને અમને એકલવાયા કરી મૂક્યા. અમને બન્નેને એ એકલતા વસમી લાગી. ૨૦૧૩માં અમે અમારું બાકીનું જીવન સાથે ગાળવાનું નક્કી કર્યું. દેશમાં આ વાત છાપે ચડી. એક બાજુથી એવો પ્રતિભાવ આવ્યો કે જતી જિંદગીએ આ તમે શું આદર્યું? મોટી ઉંમરે આ તમને શું સૂઝ્યું? તમે તો હવે દાદા થયા છો. સંતાનોને ઘેર સંતાનો થયાં છે. તમારાથી આવું થાય?

બીજી બાજુએ એમ કહેવાયું કે તમે તો આ નવી કેડી શરૂ કરો છો. આપણે ત્યાં વિધુર અને ખાસ કરીને વિધવાઓથી પુનર્લગ્નનો વિચાર જ ન થાય, ત્યાં તમે નવો દાખલો બેસાડો છે અને તે પણ આ ઉંમરે તે બીજા લોકોને માર્ગદર્શક બની રહેશે. આટલું ઓછું હતું તો અમારી ઉમ્મર વચ્ચે જે તફાવત હતો તે પણ ચર્ચાનો એક વિષય બની ગયો. એ સમયે પન્નાની ઉમ્મર ૮૦ની અને મારી ૭૩ની. આપણે ત્યાં સંબધોમાં કાં તો સ્ત્રી પુરુષ સમવયસ્ક હોય, અથવા પુરુષ ઉંમરમાં મોટો હોય. અમારી બાબતમાં ઊંધું થયું. મને આ બધા વિશે દેશમાં જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે મારો જવાબ સ્પષ્ટ હતો: “લોકોને જે માનવું હોય તે માને, અને કહેવું હોય તે કહે, I don’t give a damn!”

મેં મેયરને કીધું કે હવે મારાં જે કોઈ થોડાં વરસો બાકી રહ્યાં છે તે પન્ના સાથે ગાળવાં છે. અમારે સાહિત્યનું સહિયારું કામ કરવું છે, દુનિયા ભમવી છે. આ સીએફઓનો જોબ તો ૨૪/૭નો દિવસરાતનો છે. એ મારી કલ્પનાના નવજીવનને અનુરૂપ નથી. એટલે મારો રિટાયર થવાનો નિર્ણય અફર છે. પરંતુ એકાએક જ આવતી કાલે કે આવતે

અઠવાડિયે હું હાથ ખંખેરીને ઊભો નથી થઈ જવાનો. નવા સીએફઓ સાથે વ્યવસ્થિત ટ્રાન્ઝીશન કરીને જઈશ. મેયર મારા નિર્ણયની અફરતા સમજ્યા. એમણે મારી નવા સીએફઓ સાથે ટ્રાન્સીશન થયા પછી જવાની વાતને બિરદાવી.

રાજીનામાની ખબર છાપાંઓમાં પડે એ પહેલાં મેં સિટી હોલમાં, કૉંગ્રેસમાં, અને શહેરમાં કેટલાક શુભેચ્છક મિત્ર સલાહકારોને જાણ કરી. બધાંને આશ્ચર્ય થયું પણ મારું કારણ સમજી શક્યા. છાપાં અને ટીવીમાં રાજીનામાના સમાચાર અગત્યના ન્યૂઝ તરીકે ચમક્યા. વૉશિંગ્ટન પોસ્ટમાં તો પહેલે પાને 'અબોવ ધ ફોલ્ડ' ફોટા સાથે સમાચાર આવ્યા. સાથે સાથે એડીટોરિયલ પણ આવ્યો ડિસ્ટ્રીક્ટને નાણાંકીય રીતે સદ્ધર કરવામાં મેં જે અગત્યનો ભાગ ભજવ્યો હતો તે એડીટોરિયલે બિરદાવ્યો.*75*

મેયરને નવો સીએફઓ શોધતા અને એને કાઉન્સીલમાં કન્ફર્મ કરતાં ધાર્યા કરતાં બહુ લાંબો સમય થયો. મારી અપેક્ષા હતી કે બહુ બહુ તો ત્રણેક મહિના થશે. એને બદલે નવ મહિના થયા. ૨૦૧૩ના જૂનને બદલે ૨૦૧૪ના જાન્યુઆરીમાં હું ડિસ્ટ્રીક્ટ છોડી શક્યો.

## અમેરિકાની બલિહારી

આજે નિવૃત્ત થયા પછી મારી સીએફઓ તરીકેની તેરેક વર્ષની કારકિર્દીનો હું વિચાર કરું છું ત્યારે થોડીક વસ્તુઓ સ્પષ્ટ થાય છે. પહેલી વાત તો એ કે વિશ્વની મહાસત્તા સમા અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનના સીએફઓ થવું એ મારે માટે ન માન્યામાં આવે એવી મોટી વાત હતી. એક તો હું પહેલી પેઢીનો એશિયન ઈમિગ્રન્ટ, બોલું ત્યારે મારી ભાષામાં ઇન્ડિયન ઉચ્ચારોની છાંટ હજી પણ સ્પષ્ટ તરી આવે. ભલે હું અમેરિકન સીટીઝન થયો, પણ દેખાવમાં પ્રેક્ટિકલી ફૉરેનર જ જોઈ લો. અહીં કાળાઓની બહુમતિ. વૉશિંગ્ટન એક જમાનામાં ચોકલેટ સિટી તરીકે ઓળખાતું. એનું આખું રાજકારણ કાળાગોરાના ભેદભાવથી રંગાયેલું. દાયકાઓથી ગોરા કૉંગ્રેસમેન અને તેમના ખાંધિયાઓ અહીં રાજ કરતા હતા. ડિસ્ટ્રીક્ટની બહુધા બધી ઉચ્ચ કક્ષાની પોઝિશન એ લોકો પચાવીને બેઠા હતા. હોમરુલ મળ્યા પછી કાળા લોકો અને તેમના પોલીટિશિયનોને થયું કે આ તો આપણું શહેર છે, એ બધી પોઝિશન હવે કાળા લોકોને મળવી જોઈએ. આ કારણે

વિલિયમ્સ મેયર થયા એ પહેલાં આવી કોઈ પોઝિશનમાં કોઈ ગોરો માણસ મળે તો એ અપવાદ રૂપે જ.

આવા તીવ્ર રંગભેદથી કલુષિત રાજકારણમાં મારા જેવા એક 'ફૉરેનર'ને સીએફઓની અત્યંત અગત્યની પોઝિશન મળે અને એ પોઝિશન ઉપર હું તેર તેર વરસ ટકી રહું એ મોટી અજાયબીની વાત છે. વધુમાં એ પણ નોંધવું ઘટે કે આ તેરે તેર વરસ મેં ચાર કાળા મેયરના હાથ નીચે કામ કર્યું અને મારી પાંચ પાંચ વાર નિમણૂક થઈ તે કાળા મેયરોએ જ કરેલી. હું એમ નથી કહેતો કે અમેરિકામાં કાળા ગોરાનો રંગભેદ સાવ નાબૂદ થયો છે કે અહીં ડીસ્ક્રીમિનેશન નથી, પણ મારું કહેવાનું એટલું જ છે કે એ બધા રંગભેદ અને ડીસ્ક્રીમિનેશનની વચ્ચે પણ અમેરિકનોમાં પારકી પ્રજાને સ્વીકારવાની અને પોતાના કરવાની અદ્દભુત ઉદારતા છે. એટલું જ નહીં, પણ એ ઇમિગ્રન્ટ પ્રજાને પોતાની રીતે જીવવાની, પોતાનો વિકાસ કરવાની તક અમેરિકા આપે છે. આ ઉદારતાને કારણે જ આખી દુનિયાના લોકો અમેરિકા આવવા તલપાપડ થાય છે.

હું તો ત્યાં સુધી કહીશ કે હું જે વ્યક્તિગત પ્રગતિ અમેરિકામાં કરી શક્યો તે બીજે ક્યાંય કરી શકત નહીં. અને આપણા દેશમાં તો નહીં જ નહીં. હું આવું વિધાન કરું છું ત્યારે ઘણા મિત્રો કહે છે કે હું દેશને અન્યાય કરું છું. મને કહેવામાં આવે છે કે હું જો દેશમાં વધુ રહ્યો હોત તો આટલી જ, બલકે આનાથી વધુ પ્રગતિ કરી શક્યો હોત! મારે ધીરજ રાખવાની જરૂર હતી. હું દેશમાંથી ઉતાવળે નીકળી ગયો. મને એમ પણ કહેવામાં આવે છે કે હજી પણ મારે દેશમાં જઈને સેટલ થવું જોઈએ. કેટલાક મિત્રો નિવૃત્ત થઈને દેશમાં જઈને સેટલ થયા છે. અને ત્યાં તેમને બહુ ફાવી ગયું છે. આવી વાત નીકળતાં હું એમને વિવેકથી ના પાડું છું. કહું છું કે હવે અમેરિકા જ મારો દેશ છે. અહીં મને પચાસથીય વધુ વર્ષ થયાં. સંતાનોના જન્મ અને ઉછેર અહીં જ થયાં. એમનાં સંતાનો પણ અહીં જ જન્મ્યાં અને ઉછર્યાં. એ બધાં તો જન્મથી અમેરિકન છે. જે દેશ અને પ્રજાએ મને ઉદારતાથી સ્વીકાર્યો અને મારો વિકાસ કરવાની અદ્ભુત તક આપી એને હું કેમ છોડી શકું? જે થાળીમાં ખાધું છે તેમાં કેમ થુંકાય?

અહીં રહેવામાં અમેરિકાની અનેક આધુનિક સગવડવાળું સુંવાળું જીવન તો છે જ, એની ના કેમ પડાય? પણ સાથે સાથે આ દેશનું મને જે આકર્ષણ છે તે મારા એક સૉનેટમાં આ રીતે રજૂ કર્યું છે:

**ગમે ધનિક દેશ આ, પણ વિશેષ આકર્ષણ**
**ઈમર્સન પ્રબુદ્ધ, લિંકન વિમુક્તિદાતા તણું,**
**થરોનું, વ્હીટમેન, ટ્વૈન, કવિ એમીલીનું મને;**
**ભલે ઉર વસે સદા જનમભોમ મા ભારતી,**
**પરંતુ મન, કર્મ, ધ્યાન, દૃઢ આત્મના નિશ્ચયે,**
**કૃતજ્ઞ ધરું ધૂળ મસ્તક અમેરિકાની સદા.**

અમેરિકા નહીં છોડવાની મારી દલીલ ઇન્ડિયા છોડવા માટે પણ લાગુ ન પડે? જે દેશે મને જન્મ આપ્યો, જિંદગીનાં પહેલાં પચીસ વરસ સુધી મારું જતન કર્યું, તેને મેં શું છોડ્યો નહીં? એમાં મારી કૃતઘ્નતા નથી? પણ સામે એમ પણ દલીલ થઈ શકે કે મેં દેશ છોડ્યો કે મને દેશમાંથી ધકેલવામાં આવ્યો? આ આત્મકથાના પહેલા ભાગના મુંબઈના પ્રકરણમાં મેં મારી દેશદાઝની વાત કરી છે, પણ સાથે સાથે મને મુંબઈમાં પડેલ અસહ્ય હાડમારીનું વર્ણન કર્યું છે. સીડનહામ જેવી ઉચ્ચ કક્ષાની કૉલેજમાંથી બી.કોમ.ની ડીગ્રી લીધા પછી પણ મને એક સામાન્ય ક્લાર્કની નોકરી મેળવવામાં કે દૂરના પરાંમાં એક નાનકડી ઓરડી લેવામાં એટલી મુશ્કેલી પડી હતી કે હું મુંબઈ છોડવા તૈયાર થઈ ગયો હતો. આવી મુશ્કેલીઓ સહન કરવામાં હું કાંઈ નવી નવાઈનો ન હતો. મારા જેવા ભણેલાગણેલા અસંખ્ય લોકોની પણ આ જ કહાણી હતી. કોઈ એમ ન કહી શકે કે મેં પ્રયત્નો કરવામાં પાછું વાળીને જોયું છે, કે મારી દેશદાઝ ઓછી હતી. હતાશાના એ દિવસોમાં હું ખલિલ જીબ્રાનની કવિતા, 'Pity the Nation'નો મકરંદ દવેએ કરેલો અનુવાદ, 'એ દેશની ખાજો દયા,' વારંવાર ગણગણતો.

દેશને છોડીને અહીં આવીને રહી જવામાં દરેક વિચારશીલ ભારતીયને એક પ્રકારની મથામણ તો રહે છે જ. મારી એ મથામણ મેં મારા એક સોનેટમાં આ મુજબ રજુ કરી છે :

**જરૂર તજી હિંદની સરહદો, પરંતુ મટ્યો**
**નથી જ નથી હિન્દી હું, તજી નથી જ એ સંસ્કૃતિ**
**કદી બૃહદ હિંદની, નથી ભૂગોળ પૃષ્ઠે ભલા,**
**સીમિત કદી ભવ્ય ભારત, વળી સવાયો થઈ**
**અમેરિકન, હું થઈશ ગુજરાતી ગાંધી તણો,**

**ઉદારઉર, ક્ષાંત નાગરિક હું બનું વિશ્વનો,**
**સદૈવ રટું મંત્ર એકઃ વસુધૈવ કુટુંબકમ્!**

આજે જીવનના સંધ્યાકાળે દેશ વિશેની જૂની વાતો ઉખેળવાનો કોઈ અર્થ નથી. માત્ર એટલું જ કહીશ કે જીવનમાં મેં જે કેટલાક અગત્યનાં પગલાં ભર્યાં છે તેમાં અમેરિકા આવવાનું તે બહુ જ મહત્ત્વનું પગલું હતું. એ બાબતનો મેં ક્યારેય રંજ કર્યો નથી. ઊલટાનું જ્યારે જ્યારે દેશની મુલાકાતે જાઉં છું ત્યારે જે કાંઈ જોઉં, સાંભળું છું ત્યારે થાય છે કે મારું અમેરિકા આવવાનું પગલું મારે પોતાને માટે નિશંક સાચું હતું. દરેક વ્યક્તિની કૌટુંબિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જુદી જુદી હોય છે. તેથી જ તો આજથી સાઠેક વર્ષ પહેલાંની મારી પરિસ્થિતિ જોતાં જો મારું અમેરિકા આવવાનું પગલું યોગ્ય હતું તો બીજાઓ માટે પણ એ ઉચિત હોય એવું કહેવાની ધૃષ્ટતા હું નહીં કરું.

## નિવૃત્તિમાં પ્રવૃત્તિ

૨૦૧૪ની શરૂઆતમાં છેલ્લાં લગભગ સાંઠેક વર્ષોથી કંઈક ને કંઈક કામમાં પ્રવૃત્ત રહેલો હું હવે નિવૃત્ત થયો! સીએફઓના અગત્યના જોબમાંથી હું રિટાયર થયો ત્યારે મારે શું કરવું અને ખાસ તો શું ન કરવું તેનો મને સ્પષ્ટ ખ્યાલ હતો કે. સામાન્ય રીતે સીએફઓ જેવી ઉચ્ચ કક્ષાની પોઝિશનમાંથી નિવૃત્ત થયા પછી કન્સલ્ટિંગ કરવાની તક બહુ મળે. તમારા ક્ષેત્રમાં હોશિયાર છો, વધુ જાણકાર છો, અને એ બાબતમાં મદદ કરી શકશો એ બહાને અમેરિકાની કન્સલ્ટિંગ કંપનીઓ તમને હાયર કરે. પણ મૂળ આશય તો તમારી લાગવગ અને ઓળખાણથી તમે જ્યાં કામ કર્યું હોય ત્યાં એમને મોટા કોન્ટ્રેક્ટ અપાવશો એ હોય છે. મેં નક્કી કર્યું હતું કે એવી વેશ્યાગીરીનું કામ હું નહીં કરું. મોટી કંપનીઓ તમારી ખ્યાતિને લીધે એમના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં નિમણૂંક કરે અને તમારાં સલાહસૂચન માગે. પણ આવી બોર્ડ અપોઈન્ટમેન્ટ માટે એ લોકો ૫૦-૬૦ની ઉંમરના લોકો પસંદ કરે. એ ઉંમર તો હું ક્યારનોય વટાવી ચૂક્યો હતો. એટલે કોર્પોરેટ બોર્ડ્ર્સની બારી મારે માટે બંધ હતી.

એવામાં અહીંની જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીની બિઝનેસ સ્કૂલમાંથી કોલ આવ્યો કે તમે અમારે ત્યાં બે વરસ માટે Distinguished Policy Fellow તરીકે આવો. પણ મારે કોઈ યુનિવર્સિટીમાં પ્રૉફેસર થઈને પાછું ઍકાઉન્ટિંગ ભણાવવું નહોતું.

એમાં ક્લાસની તૈયારી કરવી પડે, લેટેસ્ટ ઍકાઉન્ટિંગ પ્રિન્સિપલ્સ અને પ્રેક્ટિસનો વળી અભ્યાસ કરવો પડે, એ બધું આ મોટી ઉંમરે કરવાની ઇચ્છા નહોતી. એ મારા રસના વિષયો પણ ન હતા. એક જમાનામાં કરવું પડે એટલે એવું કંટાળાજનક કામ કરેલું, પણ હવે એવું કાંઈ નહીં કરવાનું મેં નક્કી કરેલું. વધુમાં મેં નક્કી કર્યું હતું કે આ જતી જિંદગીએ બને ત્યાં સુધી ન ગમતી એવી એક પણ વસ્તુ નહીં કરું. મેં યુનિવર્સિટીવાળાઓને શરત મૂકી કે હું ભણાવીશ નહીં. યુનિવર્સિટીના ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટના હેડ મને કહે કે તમારે ભણાવાની જરૂર નથી. ક્યારેક ક્યારેક મ્યુનિસિપલ ફાઈનાન્સ વિશે લેકચર આપજો, તમારા ડિસ્ટ્રીક્ટના અનુભવ વિશે વિદ્યાર્થીઓ સાથે વાતો કરજો, અમને જરૂર પડે સલાહસૂચનાઓ આપજો. આમ બે વરસની એ અપોઈન્ટમેન્ટ લીધી.

બીજી એક અગત્યની પ્રોફેશનલ પ્રવૃત્તિમાં હું વર્લ્ડ બૅંક સાથે કન્સલ્ટિંગ કરું છું. હું જ્યારે ડિસ્ટ્રીક્ટનો સીએફઓ હતો ત્યારે ઘણી વાર બૅંકના અધિકારીઓ મને ડિસ્ટ્રીક્ટના અનુભવો વિશે પ્રવચન આપવા બોલાવતા. એમને માટે આફ્રિકા અને એશિયાના ગરીબ દેશો માટે ડિસ્ટ્રીક્ટ જે રીતે કથળેલી નાણાંકીય પરિસ્થિતિમાંથી ઊગરીને જે રીતે સદ્ધર થયું તે એક અનુકરણીય દાખલો હતો. દેશ ગરીબ હોય કે સમૃદ્ધ, પણ જો પ્રાથમિક નાણાંકીય જવાબદારીની અવગણના થાય તો દેવાળું કાઢવા સુધી જવું પડે એ સમજાવવા માટે ડિસ્ટ્રીક્ટ એક જીવતો જાગતો દાખલો હતો. બૅંકના અધિકારીઓએ મને વિનંતિ કરી કે હવે હું નિવૃત્ત થયો છું તો ડિસ્ટ્રીક્ટના આ નાણાંકીય ઉદ્ધારની વાતો કરવા પરદેશ જાઉં ખરો? મેં ખુશીથી હા પાડી. તો આમ બૅંકના આશ્રયે હું દક્ષિણ કોરિયા, જોર્ડન, ટર્કી, ઇન્ડિયા અને ઇથિઓપિયા ગયો છું. બૅંકના આ મિશનમાં મને એશિયા અને આફ્રિકાના ઘણા બધા ફાઈનાન્સિયલ ઑફિસરોને મળવાની અને એમની સાથે ચર્ચાવિચારણા કરવાની તક મળે છે. સાથે સાથે દુનિયા ભમવાની તક મળે છે.

વૉશિંગ્ટનના ચીફ ફાઈનાન્સિઅલ ઑફિસરનો અગત્યનો હોદ્દો ધરાવતા હોવાથી સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લેવા મને અનેક આમંત્રણો મળતાં. સીએફઓના મારા હોદ્દાની રુએ મારાથી બનતી કાયદેસરની બધી મદદ એમને કરતો. નિવૃત્ત થયા પછી અહીંની પ્રખ્યાત શેક્સપિયર અને અરીના સ્ટેજ થિયેટર કંપનીઓના બોર્ડ મેમ્બર થવાનું નિમંત્રણ મળ્યું. આમ તો આવી બોર્ડ મેમ્બરશીપ માટે હજારો ડોલર આપવા પડે, પણ મારી બાબતમાં થિયેટર કંપનીઓ મારી મેમ્બરશીપનો જુદી રીતે લાભ લેવા માંગતી

હતી. એમને એમ છે કે હું મારી ઓળખાણ અને લાગવગથી ડિસ્ટ્રીક્ટ પાસેથી ગ્રાન્ટ કે બીજી કોઈ રીતે એમને માટે મદદ મેળવી શકીશ! આ બોર્ડ મેમ્બરશીપનો એક ફાયદો એ કે અહીંની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેવાની તક મળે. વધુમાં વૉશિંગ્ટનની સાંસ્કૃતિક દુનિયાના અગ્રણીઓનો પરિચય થાય. આવી સંસ્થાઓ ચલાવવી કેટલી મુશ્કેલ છે તે પણ સમજાય.

છેલ્લાં દસેક વરસથી હું અહીંની વિખ્યાત મેટ્રોપોલિટન ક્લબનો મેમ્બર છું. ૧૮૬૩ અમેરિકાની દારુણ સિવિલ વોર જ્યારે ચાલતી હતી ત્યારે એની સ્થાપના થએલી. અત્યારે વ્હાઈટ હાઉસની બાજુમાં એ જે ક્લબ હાઉસમાં છે તે બિલ્ડિંગ પણ સોથી પણ વધુ વરસ જૂનું છે. માત્ર અમેરિકાના જ નહીં પણ આખી દુનિયાના અગત્યના માણસો એમાં જોડાવા ઇચ્છે એવી એ ક્લબની મહત્તા છે. એબ્રાહમ લિંકનથી માંડીને લગભગ બધા જ અમેરિકન પ્રેસિડેન્ટ, સેનેટરો, કૉંગ્રેસમેન, એમ્બેસેડર્સ, કેબીનેટ મેમ્બર્સ, યુનિવર્સિટી પ્રેસિડેન્ટ વગેરે એના મેમ્બર્સ છે. હું મેમ્બર હોવાથી ત્યાં થતા અનેક કાર્યક્રમોમાં ભાગ લેવાની તક મળે છે. વૉશિંગ્ટનના અગ્રણી નેતાઓ અને અગત્યના નાગરિકોનો ત્યાં પરિચય થાય છે. આ બધી પ્રવૃત્તિઓ પન્નાના સહકારથી અને સાંનિધ્યમાં જ થાય છે. નલિનીના અવસાન પછી પન્નાનો સહવાસ એ મારા જીવનનું એક અત્યંત ઊજળું અને અવિભાજ્ય પાસું છે. જીવનની સંધ્યાનાં આ સુખદ વર્ષોની વાત હવે પછી.

## અને અંતે...

અત્યારે તો આ આત્મકથનનો હું અંત લાવું છું. પ્રસ્તાવમાં જણાવ્યું છે તેમ આ લખવાનો મુખ્ય આશય તો જાતને હિસાબ આપવાનો હતો. મનુષ્ય જીવન જીવવાની જે અમૂલી તક મળી છે તે મેં વેડફી નાખી છે કે એ તકનો મેં કંઈ સદ્ઉપયોગ કર્યો છે તે ચકાસવું હતું. એ ઉપરાંત આગળ જણાવ્યું છે તેમ હું મહત્ત્વાકાંક્ષાના મહારોગથી સદાય પીડાતો રહ્યો છું, અને હજી પણ પીડાઉં છું. જે કાંઈ ધાર્યું હતું તે સિદ્ધ નથી થયું તે તો સ્પષ્ટ જ છે, પણ એ માટે મેં યથાશક્તિ અને યથામતિ પ્રયત્નો કર્યા છે કે નહીં તે તો વાચકમિત્ર જ નક્કી કરી શકે.

# Part IV

# પરિશિષ્ટ ૧: અમેરિકામાં વસતા ભારતીયો

(આ પરિચય પુસ્તિકા પ્રથમ ૧૯૮૨માં પ્રગટ થઈ હતી. પછી તેનું પુનર્મુદ્રણ ૧૯૯૯માં થયું. અહીં એની પ્રથમ આવૃત્તિ રજૂ કરી છે. મૂળમાં માત્ર જોડણી સુધારા કર્યા છે. વધુમાં અહીં રજૂ થયેલા મુદ્દાનું સમર્થન કરતી જે કોઈ વધુ માહિતી મળી છે તે ફૂટનોટમાં મૂકી છે.)

૧૯૮૦માં ઈરાનમાં સળગેલી ક્રાંતિ દરમિયાન અમેરિકન એલચીખાતાના કર્મચારીઓને ત્યાં પકડવામાં આવેલા, અને ૪૪૪ દિવસો સુધી લગાતાર કેદમાં રખાયેલા. એ દરમિયાન અમેરિકામાં ભણતા ઈરાની વિદ્યાર્થીઓએ ઈરાનના ક્રાંતિકારી નેતા આયાતોલા ખોમેની અને ઈરાનની ક્રાંતિનો જય બોલાવતા મોરચાઓ અમેરિકાનાં નાનાંમોટાં શહેરોમાં કાઢેલા. સામાન્ય અમેરિકનો માટે આ મોરચાઓ અસહ્ય થઈ પડેલા. અમેરિકનોનું કહેવું એમ હતું કે એક બાજુ ઈરાન જુગજૂની આંતરરાષ્ટ્રીય રૂઢિને અવગણીને આંગણે આવેલા અતિથિસમા અમેરિકન કર્મચારીઓને કેદમાં પુરે છે, અને

બીજી બાજુ, આ ઘા ઉપર મીઠું ભભરાવતા હોય તેમ અહીંના ઈરાની વિદ્યાર્થીઓ અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસની બરાબર સામે જ 'આયાતોલા ઝિંદાબાદ' કરે છે. આ તો અમારી મહેમાનગતિનો દુરુપયોગ થયો.

આ ઈરાનીઓને ધક્કો મારીને બહાર કાઢો, અને એમને કેદમાં પૂરો એવાં બિનજવાબદાર સૂચનો થયાં. ઈરાની એરલાઈન્સ, દુકાનો, ધંધાઓ વગેરેનો બહિષ્કાર કરો, એ લોકોનો હુરિયો બોલાવો એવી માગણીઓ થઈ. પણ આ દેશનું બંધારણ જ એવું કે કાયદેસર ઈરાની વિદ્યાર્થીઓ ઉપર કે અહીં સ્થાયી થયેલા ઈરાનીઓ ઉપર બહુ કાંઈ થઈ શક્યું નહીં. અમેરિકનો મનમાં ને મનમાં ધૂંધવાઈને બેસી રહ્યા. જોકે થોડાં આડાંઅવળાં છમકલાં જરૂર થયાં. પણ એકંદરે અમેરિકન પ્રજાનાં સંયમ અને શિસ્ત પ્રશંસનીય રહ્યાં અને છતાં સામાન્ય વાતચીતોમાં, રેડિયો અને ટીવી ઉપર આવતા વાર્તાલાપોના કાર્યક્રમોમાં, છાપાંઓમાં આવતા વાચકોના પત્રોમાં, જ્યાં જ્યાં તમને આમપ્રજાની નાડ જાણવા મળે ત્યાં ત્યાં, બહુમતિ અમેરિકન પ્રજાનો પુણ્યપ્રકોપ તરત પ્રગટ થઈ જતો. અહીં વસતા ઈરાનીઓમાં આ બધાથી વિદેશવાસનો ભય પેઠો, અને અન્ય ઈમિગ્રન્ટ (પરદેશથી વસવાટ માટે આવેલી) પ્રજાઓ પોતાના ભવિષ્ય માટે આશંકિત થઈ.

ઉકળાટના એ દિવસોમાં, અહીં સ્થાયી થઈને વસતા ભારતીયોમાંથી કેટલાકને એમ પણ વિચારો આવેલા કે ધારો જે રીતે અમેરિકન કર્મચારીઓ ઈરાનમાં પકડાય તે રીતે ભારતમાં પકડાયા, તો આપણા સહુની અહીં શી દશા થાય? ન કરે નારાયણ અને ભારત અને અમેરિકા વચ્ચે વેર થયું અને બન્ને દેશો યુદ્ધે ચડ્યા, તો આપણું અહીં કોણ ધણી? બીજા વિશ્વયુદ્ધ વખતે જ્યારે જાપાને અમેરિકાના પર્લ હાર્બર ઉપર હવાઈહુમલો કર્યો ત્યારે અમેરિકાના જાપાની નાગરિકોને સરકારે કોન્સન્ટ્રેશન કૅમ્પમાં કેદ પૂરેલા તે માત્ર ચાર દાયકા જૂની જ હકીકત છે. યુદ્ધના ભયજનક વાતાવરણમાં લેવાયેલું આ કરુણ સરકારી પગલું ગેરકાયદેસર હતું તેનો એકરાર તો હજી હવે થાય છે, પરંતુ એ દારુણ દિવસોમાં અમેરિકામાં જ જન્મેલાને સ્થાયી થયેલા જાપાની વંશના અમેરિકન નાગરિકોને પોતાના ઘરબાર અને માલમિલકત છોડીને ઢોરની જેમ વાડામાં પુરાવું પડ્યું તેનું શું? આ દાખલો વિરલ જરૂર ગણાય, છતાં અમેરિકાની લઘુમતિ પ્રજા માટે એનું જે ઐતિહાસિક મહત્ત્વ છે તે ન ભુલાવું જોઈએ.

# મૂંઝવતા પ્રશ્નો

આંતરરાષ્ટ્રીય કટોકટીની અસાધારણ વાતને બાજુએ મૂકીએ તો પણ અમેરિકામાં વસતા ભારતીયો પોતાના પરદેશવાસના નિત્ય જીવનના ઘણા પ્રશ્નો મૂંઝવે છે. ધીમે ધીમે એમને ભાન થાય છે કે ગમે કે ન ગમે તો પણ આપણે હવે અમેરિકામાં જ રહેવાનું છે. દેશમાં તો વરસે બે વરસે આંટો મારવા જઈએ તે જ, બાકી તો અમેરિકા એ જ આપણો દેશ અને એ જ આપણું ઘર. બાળબચ્ચાં આંખ સામે મોટાં થઈ રહ્યાં છે. જે પુત્ર આપણી આંગળી પકડીને હજી હમણાં તો પા પા પગલી ભરતો હતો તે આજે આપણાથી દોઢવેંત વધીને દૂરની કૉલેજમાં જવા તૈયાર થયો છે અને એની નાની બહેન આજે જ્યારે સાડી પહેરીને સામે ઊભી રહે છે ત્યારે થાય કે દેશમાં હોત તો કદાચ એને પરણાવી પણ દીધી હોત. ફૂટબોલ, રોકમ્યૂઝિક, ટી.વી., પીઝા અને કોકાકોલા ઉપર ઊછરેલ આ પ્રજા અંશેઅંશ અમેરિકન છે. અપૂર્વ કે સોના જેવાં એમનાં કર્ણપ્રિય નામ કે એમનો ઘઉંવર્ણો વાન જ ભારતીય છે, બાકી બીજી બધી દૃષ્ટિએ એ ઊછરતી પ્રજા અમેરિકન છે.

આ અહીં ઉછરતી પ્રજાની અસ્મિતા કઈ? એમનું ભવિષ્ય કેવું હશે? એમના સંસ્કાર અને સંસ્કૃતિ ક્યાંનાં? એમનું ધર્માચરણ કેવું હશે? દુનિયાના ખૂણેખૂણેથી આવેલી ભાતીગળ પ્રજાઓના વૈવિધ્યને જે રીતે અમેરિકન ભઠ્ઠી (મેલ્ટીંગ પૉટ) ધીમે ધીમે ઓગાળીને એકરસ કરી દે છે, તેવી જ દશા આપણી અહીં વસતી ભારતીય પ્રજાની થવાની છે કે આ પ્રજા ભારતની ભવ્ય સંસ્કૃતિનો વૈભવ અને વારસો જાળવી રાખીને પોતાની વિશિષ્ટતાનો ધ્વજ ફરકાવશે? દેશમાંથી ઊછરીને અહીં રોટલો રળવા આવેલી પ્રથમ પેઢી જેમ જેમ ઉંમરમાં વધતી જાય છે તેમ તેમ એની નિવૃત્તિની પણ એને ચિંતા થાય છે. હૂતોહૂતી અને બે બાળકોમાં સમાઈ જતી અહીંની કુટુંબવ્યવસ્થામાં વૃદ્ધોનું શું સ્થાન? અત્યારે તો કાર્યરત છીએ, પણ નિવૃત્તિના અનિવાર્ય વર્ષોમાં શું કરીશું? ત્યારે દેશમાં પાછા જવું? અહીં ઊછરતી નવતર પેઢી સાથે આપણો માબાપ તરીકેનો, વૃદ્ધાવસ્થાનો સંબંધ ત્યારે કેવો હશે? આવા આવા અનેક પ્રશ્નો અહીં સ્થાયી થઈને વસતા ભારતીયોના મનમાં ભારેલા અગ્નિની જેમ ભરાઈને પડ્યા છે.

# બે તબક્કામાં આગમન

અમેરિકામાં ભારતીયો બે તબક્કામાં આવ્યા. ૧૮૨૦થી માંડીને ૧૯૬૫ સુધીનો એક તબક્કો ગણાય અને ૧૯૬૫ પછી બીજો. ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીની શરૂઆતના દાયકાઓમાં આવેલા ભારતીયોમાં મોટા ભાગે પંજાબી ખેડિયા કામગારો અને રડ્યાખડ્યા વિદ્યાર્થીઓ આવેલા. થોડાક ભારતીય ક્રાંતિકારો પણ બ્રિટિશ હકૂમતમાંથી છૂટવા માટે ભાગીને અહીં આવેલા. કલકત્તાના પ્રસિદ્ધ સામયિક મોર્ડન રિવ્યૂમાં ક્રાંતિકારો ભાગીને અમેરિકા કેવી રીતે પહોંચી શકે એ સમજાવતા લેખો પણ એ જમાનામાં આવતા.

ઓછા પગારે અને કેડતોડ કામ કરીને આ વસાહતી હિન્દુસ્તાની મજૂરો અમારી રોજગારી લઈ લેશે એવા ભયે અહીંની કામદાર વસતી ભડકી ગઈ હતી. ભયાનક 'હિન્દુ આક્રમણ' થઈ રહ્યું છે એવી ચેતવણીઓ છાપાંઓમાં આવી હતી. આવા ઊહાપોહને કારણે હિન્દુસ્તાનીઓ અને અન્ય એશિયન પ્રજા અમેરિકામાં ન પ્રવેશી શકે એવા કાયદાઓ પસાર થયેલા. એમને માટે કામધંધા કરવાનું અને નોકરી મેળવવાનું મુશ્કેલ થઈ ગયું હતું. ૧૮૨૦થી ૧૯૪૬ સુધીના ગાળામાં આવેલા લગભગ દસેક હજાર ભારતીયોમાંથી અંતે માત્ર ૧૫૦૦ જેટલા જ ટકી રહ્યા. બીજા બધાએ અમેરિકા છોડ્યું. ૧૯૪૭માં ભારતીયોને અહીં આવવા દેવામાં થોડી છૂટછાટ મુકાઈ, અને ૧૯૬૫ સુધી એમની વસતીમાં ૬૦૦૦ જેટલો વધારો થયો. આમાંના ઘણા તો શરૂઆતમાં વિદ્યાર્થી તરીકે જ આવેલા, અને પછી રહી ગયા.

# પ્રોફેશનલ ઇમિગ્રેશન

૧૯૬૫માં અમેરિકાના ઇમિગ્રેશન (પરદેશથી વસવાટ માટે આગમન)ના કાયદાઓમાં જબ્બર ફેરફાર થયા. યુરોપીય પ્રજાની તરફેણ કરતી ક્વોટા પદ્ધતિને બદલાવવામાં આવી. અમેરિકા આવવા મથતી વ્યક્તિ ક્યા દેશથી અને કઈ પ્રજામાંથી આવે છે, તેને બદલે તેની શી લાયકાત અને શી આવડત છે એ વાત ઉપર ભાર

મૂકવાનું નક્કી થયું. વ્યક્તિમાં કૌશલ્ય હોય, ભણતર હોય તો પછી એ ભલે ને ભારતીય, ચાઈનીઝ, બર્મીઝ, વિયેટનામીઝ કે ફિલિપિનો હોય, એને આવવા દેવી જોઈએ. વધુમાં એ વ્યક્તિ જો ડૉક્ટર, નર્સ, એન્જિનિયર, ફાર્મસિસ્ટ, પ્રૉફેસર, વેપારી વગેરે હોય તો તો એને ખાસ આવવા દેવી જોઈએ, કારણ કે અમેરિકાના વિશિષ્ટ અને વિકસતા અર્થકારણમાં આવા કુશળ વ્યવસાયી લોકોની ખાસ જરૂર છે. આમ જ્યારે અમેરિકન ઈમિગ્રેશનનાં બારણાં ઊઘડ્યાં ત્યારે તેમાં એશિયાની અનેક પ્રજા અમેરિકામાં ઈમિગ્રન્ટ્સ (વસવાટી) થઈને આવી, તેમાં ઘણા ભારતીયો પણ આવ્યા.

૧૯૬૫ પછીના એક દાયકામાં પચાસ હજાર જેટલા કુશળ પ્રોફેશનલ લોકો ભારતમાંથી આવીને અહીં સ્થાયી થયા. આમ મુખ્યત્ત્વે ભારતીય ડૉક્ટરો, નર્સો, એન્જિનિયરો, કમ્પ્યૂટર નિષ્ણાતો, પ્રૉફેસરો વગેરે હતા. ૧૯૬૬થી ૧૯૭૭ સુધીના ગાળામાં અહીંની ભારતીય વસતી કૂદકે અને ભૂસકે વધી. દર વર્ષે એ વસતીમાં ૨૪ ટકા જેટલો વધારો થતો હતો. ૧૯૭૭ના અંતે અહીં લગભગ દોઢેક લાખ ભારતીયો હતા. ૧૯૮૨માં ચારેક લાખ સુધી પહોંચેલી આ વસતી મોટે ભાગે ૧૯૬૫ પછી આવેલા વ્યવસાયી ભારતીયો અને તેમના અનુગામી કુટુંબીજનોની છે.

અમેરિકાની બાવીસ કરોડની વસતીમાં સંખ્યાની દૃષ્ટિએ અહીં વસતા ભારતીયોનું પ્રમાણ ઘણું ઓછું ગણાય. ૧૮૨૦થી માંડીને ૧૯૭૮ સુધીમાં આ દેશમાં કાયદેસર બધા થઈને આશરે પાંચ કરોડ લોકો બહારથી વસવાટ માટે આવ્યા. એમાં છએક ટકા એશિયન, અને ભારતીયો તો અડધો ટકો પણ ન ગણાય. આમાં જ્યારે મોટા પ્રમાણમાં થતું ગેરકાયદેસરનું ઇમિગ્રેશન (વસવાટ માટેનું આગમન) ઉમેરો તો ભારતીયોનું ઈમિગ્રશન સાવ નહિવત્ જ ગણાય.

# આગવું સ્થાન

સંખ્યાની દૃષ્ટિએ આપણા ભારતીયો ભલે આ દેશમાં નગણ્ય હોય, પણ પોતાના કૌશલ્ય, ખંત, અને ભણતરને કારણે એમણે અમેરિકન સમાજમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિશ્વવિખ્યાત સંગીતકાર રવિશંકર અને ઝુબીન મહેતાની મહત્તાથી લાખો અમેરિકનો સુપરિચિત છે. નોબેલ પ્રાઈઝ-વિજેતા હરગોવિંદ ખુરાના (૧૯૬૮) અને

સુપ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી ચંદ્રશેખર (૧૯૮૩) જેવા વિશ્વવિખ્યાત ભારતીય વિજ્ઞાનીઓ અમેરિકામાં વસીને અત્યારે મહત્ત્વનું પ્રદાન કરી રહ્યા છે. ઍકાઉન્ટિંગથી માંડીને ઝૂઓલૉજી સુધીના અનેક ક્ષેત્રોમાં આપણા ભારતીયો અગત્યનું કામ કરી રહ્યા છે અને એમાંના ઘણાયને તો આંતરરાષ્ટ્રીય કીર્તિ મળી ચૂકી છે. વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં આ ભારતીયોમાંથી ભવિષ્યના નોબેલ પ્રાઈઝના વિજેતાઓ નીકળશે તેવી સમર્થ એમની સિદ્ધિઓ છે.76 કોઈ પણ ક્ષેત્રનું પ્રોફેશનલ સામયિક ઉઘાડો તો તેમાં એકાદ ભારતીયનો મહત્ત્વનો લેખ તમને જરૂર જોવા મળે. અમેરિકામાં ભાગ્યે જ એવી હૉસ્પિટલ હશે કે એમાં ઓછામાં ઓછો એક ભારતીય ડૉક્ટર ન હોય, કે ભાગ્યે જ એવી કોઈ યુનિવર્સિટી હશે જેમાં ભારતીય પ્રૉફેસર ન હોય. અહીંની મહત્ત્વની એન્જિનિયરિંગ કન્સલ્ટિંગ કંપનીઓમાં ભારતીય એન્જિનિયરો મોટી સંખ્યામાં અવશ્ય હોય જ.

અમેરિકાના વિશાળ રસ્તાઓને કાંઠે બંધાયેલી નાની લૉજ-હૉટેલોમાંથી ત્રીજા ભાગની તો આપણા વાણિજયકુશળ પટેલ ભાઈઓએ કબજે કરી છે. કુશળ એન્જિનિયરોએ પોતાની જ નાની મોટી કન્સલ્ટિંગ કંપનીઓ ખોલી છે. ટીવી, રેડિયો, એપલાયન્સ, ગ્રોસરી, ન્યૂઝસ્ટોલ, ધોબી, મીઠાઈ, ઘરેણાં, સાડીઓ, આઈસ્ક્રીમ, કન્સ્ટ્રક્શન, ઇન્સ્યૂરન્સ, જમીન વગેરેના નાનાંમોટાં ધંધાઓમાં આપણા ભારતીયો, મુખ્યત્વે ગુજરાતીઓ, ખૂબ આગળ આવ્યા છે. આમ સ્પેઈસ શટલ અને સોલર એનર્જીથી માંડીને ધોબી, દરજી સુધીના અનેક ક્ષેત્રોમાં ભારતીયો યથાશક્તિ પ્રદાન કરી રહ્યા છે.

# પ્રથમ પેઢીમાં જ સંપન્ન

કુશળ પ્રોફેશનલ તરીકેની છાપ, અંગ્રેજી ભાષા ઉપરનું ભારતીયોનું પ્રભુત્વ, અમેરિકાનું અત્યંત ઔદ્યોગિક અર્થકારણ અને ઝાઝી સૂગ વગર અજાણ્યા માણસોને અપનાવવાની આ દેશની ઐતિહાસિક ઉદારતા—આ બધા સુભગ સંયોગોને કારણે આપણા ભારતીયો આવતાંની સાથે જ સારા સારા નોકરીધંધામાં ગોઠવાઈ ગયા અને પોતાના કૌશલ્ય અને ખંતથી ખૂબ આગળ આવ્યા. અહીં વસતો સામાન્ય ભારતીય

સામાન્ય અમેરિકન કરતાં વધુ કમાય છે, અને વધુ સારી રીતે અને ઊંચા જીવનધોરણ પર રહી શકે છે. આ બધું પહેલી પેઢીની ઈમિગ્રન્ટ પ્રજાથી પણ શક્ય બન્યું એ એક અસાધારણ ઘટના છે.

આ દેશમાં દુનિયાના ખૂણેખૂણેથી અનેક પ્રજા આવીને વસી છે. મોટા ભાગના લોકો સ્વેચ્છાએ અમેરિકા આવ્યા છે પણ આફ્રિકાથી હબસીઓને ગુલામ તરીકે બળજબરીથી લવાયા હતા. બધી ઈમિગ્રન્ટ પ્રજાએ અહીં આવીને ઘણી મુસીબતો વેઠી છે. અને પેઢીઓ સુધી કેડતોડ મજૂરી કરીને ઈમિગ્રન્ટ લોકો ધીમે ધીમે અને માંડ માંડ ઊંચા આવે એવો અહીંનો ઇતિહાસ સદીઓથી આવેલી હબસી પ્રજા અને દાયકાઓથી આવેલી મેક્સિકન અને બીજી હિસ્પાનિક (સ્પેનિશ) પ્રજા હજી પણ ગરીબીમાં જીવે છે. આ સરખામણીએ આપણા ભારતીયો આવતાંવેત જ પ્રથમ પેઢીએ જ સંપન્ન બન્યા. આનું મુખ્ય કારણ તે તેમનું અંગ્રેજીભાષી વ્યવસાયી ભણતર.

# સાધનસંપન્ન ભારતીયો

અમેરિકામાં સ્થાયી થઈને વસતા ભારતીયો મુખ્યત્વે કૉલેજમાં ભણેલા, અંગ્રેજી બરાબર જાણતા અને દેશના મોટાં શહેરોમાંથી આવેલા લોકો છે. ઘણા તો અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે જ આવેલા અને પછી અહીં રહી ગયા. ડૉક્ટરો અને બીજા વ્યવસાયી ભારતીયો તો ઘણું ભણીને જ આવ્યા, પણ પછીયે નવરાશના સમયમાં આરામથી બેસવાને બદલે વધુ આગળ ભણ્યા.

આમ આ ભારતીય પ્રજા માત્ર ભારતના જ નહીં પણ અમેરિકાના પણ સર્વોચ્ચ ભણેલા વર્ગમાં સ્થાન પામે છે. તે ઉપરાંત એમનું ઉચ્ચ શિક્ષણ સાહિત્ય અને માનવવિદ્યાઓ કરતાં મેડિસિન, ફાર્મસી, ડેન્ટિસ્ટ્રી, એન્જિનિયરિંગ, એકાઉન્ટિંગ, આર્કિટેક્ચર વગેરે વ્યવસાયો અને વૈજ્ઞાનિક ક્ષેત્રે વધુ થયેલું હોવાને કારણે નોકરીધંધાની મુશ્કેલી પ્રમાણમાં ઓછી પડે. ડૉક્ટરો તો દેશમાંથી જ નોકરી લઈને આવતા.

અહીં આવેલા ભારતીયો દેશમાં હતા ત્યારે દુનિયાથી અજાણ ન હતા. મુંબઈ, અમદાવાદ, બેંગલોર, મદ્રાસ, દિલ્હી જેવાં શહેરોમાંથી જ મોટા ભાગના લોકો આવ્યા છે એટલે અમેરિકા શું છે અને અમેરિકન જીવન કેમ જીવાય છે તેની વિગતોથી ઘણાખરા

પરિચિત હતા. કેટલાક તો પહેલાં અમેરિકામાં અને પશ્ચિમના અન્ય દેશોમાં આંટો મારી ગયેલા. અમેરિકન ઇતિહાસમાં દુ:ખે દાઝેલી, હેરાન થયેલી અને ભૂખે ભાંગેલી ઈમિગ્રન્ટ પ્રજાનું જે ચિત્ર છે, તે આ ભારતીય ઈમિગ્રન્ટ પ્રજાનું ચિત્ર નથી. જે દશામાં રશિયન, ઇટાલિયન, આઈરીશ વગેરે પ્રજા અહીં આવી અને આજે હિસ્પાનિક ગેરકાયદેસર પણ આવી રહી છે, તે દશામાં આ ભારતીય પ્રજા નથી આવી. અહીં આવનારા ભારતીયો મોટા ભાગે દેશમાં પણ સાધનસંપન્ન હતા અને અમેરિકામાં પણ સાધનસંપન્ન બન્યા છે.

# ઉમદા છાપ

૧૯૬૫થી પછી મુખ્યત્વે ભણેલા ગણેલા અને વ્યવસાયી ભારતીયો જ અહીં આવ્યા આને કારણે ભારતીયોની એક સંપન્ન અને સંસ્કારી લઘુમતિ તરીકેની ઉમદા છાપ પડી છે તે નોંધપાત્ર છે. આ ઉમદા છાપને કારણે અહીંના સ્થાયી થયેલા ભારતીયો રંગભેદના અને વિદેશી લઘુમતિઓ પ્રત્યે થતા ભેદભાવના અન્યાયમાંથી મુખ્યત્વે બચ્યા છે. જે રીતે ઇંગ્લેંડમાં ઝાડુ વાળતા, હોટેલ સાફ કરતા કે બસ ચલાવતા ભારતીયો સહજ જ જોવા મળે તે અમેરિકામાં વિરલ દશ્ય બની રહે છે. આનો અર્થ એ નથી કે ઇંગ્લૅન્ડમાં ડૉક્ટરો કે અન્ય વ્યવસાયી ભારતીય લોકો નથી. ઘણા છે, પણ અગત્યની વાત એ છે કે એક લઘુમતિ તરીકે ભારતીયોની સામૂહિક છાપ કઈ અને કેવી પડે છે? અજાણ્યા અમેરિકનો સાથે વાતચીતના જ્યારે કોઈ પ્રસંગ પડે ત્યારે જે સુભગ સ્મરણથી એ કોઈ પરિચિત ભારતીયની પ્રશંસા કરે છે ત્યારે આ વાત વધુ સ્પષ્ટ થાય છે. સામાન્ય અમેરિકન અહીં વસતા ભારતીયને કોઈ પોસ્ટગ્રેજ્યુએટ સહવિદ્યાર્થી કે લોકપ્રિય પ્રૉફેસર, ઑફિસનો કોઈ કુશળ એન્જિનિયર સાથી કે ઇમરજન્સી રૂમમાં જીવ બચાવનાર ડૉક્ટર તરીકે ઓળખે છે. જે અમેરિકન પ્રજા સાથે અહીંના ભારતીયોનો નિત્ય સંપર્ક છે તે બહુધા ઊંચા સ્તરની હોય છે. આ અમેરિકનો ભારતીય વ્યવસાયીઓનાં કૌશલ્ય અને વાણિજ્ય સમજી શકે છે, અને તેનો આદર કરે છે. નિરુપદ્રવી અને સંપન્ન લઘુમતિ તરીકેની પહેલેથી જ પડેલી આ છાપ ભારતીયો માટે અહીં મહાન આશીર્વાદ રૂપ થઈ પડી છે.

# કમાણીનો સદુપયોગ

વ્યવસાયી ભણતર અને કૌશલ્યને કારણે અહીં વસતા ભારતીયો અમેરિકન તેજીમંદીના ચકરાવામાંથી સામાન્ય રીતે બચે છે, અને પોતાના નોકરીધંધા જાળવી રાખે છે. કોઈ જો વધતી જતી મંદીની ઓટમાં સપડાય અને નોકરીધંધો ગુમાવે તો હાડમારીના એ દિવસો કાઢવા જેટલી બચત એમની પાસે જરૂર હોય. એમની આવક અને જીવનધોરણ જો સામાન્ય અમેરિકન કરતાં ઊંચા છે, તો એમની બચત પણ સામાન્ય અમેરિકન કરતાં વધુ હોય છે. દેશના સંસ્કારો અને ઇમિગ્રન્ટ્સના સંયમને કારણે વધુ આવક કે બચત હોવા છતાં આ ભારતીયો છકી જતા નથી. ઊલટાનું આ બચતનો ઘરનું ઘર કરવામાં કે ધંધામાં રોકાણ કરવામાં સદુપયોગ કરે છે. આ રીતે આ ભારતીયોએ નાના નાના ધંધાઓમાં પગપેસારો કરેલો, જે આજે બરાબર જામીને મોટા લાખો ડોલરના વેચાણવાળી વિશાળ કંપનીઓ બની ચૂકી છે.77

# ત્રિશંકુ સમી દશા

આપણા ભારતીયો જો આર્થિક રીતે અહીં ઠરીઠામ થઈ ગયા છે, તો સામાજિક દૃષ્ટિએ અકળામણ અનુભવે છે. અમેરિકામાં આવેલી બધી ઈમિગ્રન્ટ પ્રજાની પ્રથમ પેઢીની દશા ત્રિશંકુ જેવી જ હોય છે. ધોબીનો કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો, એમ ઈમિગ્રન્ટ પ્રજા જન્મભૂમિની મમતા મૂકે નહીં અને અમેરિકાનું આકર્ષણ છોડે નહીં. અને જો અમેરિકા ન છોડી શકાતું હોય તો પેલી દરિયાપાર પડેલ જન્મભૂમિને કોઈ ચમત્કારથી અમેરિકા લાવી શકાય કે? પરદેશવાસની આ આકરી સામાજિક વ્યથાને કારણે આપણને ઈટાલિયન ઈમિગ્રન્ટ પ્રજાએ ન્યૂ યૉર્કમાં ઊભું કરેલું ‘લિટલ ઈટલી’ કે ક્યૂબન ઈમિગ્રન્ટ લોકોએ માયામીમાં રચેલું ‘લિટલ હવાના’ જોવા મળે છે. ત્રિશંકુની આ દ્વિધામાંથી દરકે ઈમિગ્રન્ટ પ્રજાએ પસાર થવાનું જ રહ્યું. ગઈ કાલે જર્મન, ઈટાલિયન કે આઈરીશ ઈમિગ્રન્ટ લોકોનો હતો, તો આજે હવે આપણા ભારતીયોનો વારો છે.

સાસરે ગયેલી નવવધૂ જેમ પિયરનો વિચાર કર્યા કરે છે તેમ આ ભારતીયો અહીં

બેઠા બેઠા દેશનો વિચાર કર્યા કરે છે. ગળથૂથીમાં પીધેલા સંસ્કારો, માતાના ધાવણ સાથે પીધેલી માતૃભાષા, છાશવારે અનુસરેલા રીતરિવાજો, વાળી વાળીને પાળેલા વ્યવહારો વગેરે અમેરિકા આવવાથી થોડાં ભૂલી જવાય છે? ભાથામાં મળેલી પોટલીમાં જાણે કે આ બધું સંઘરાઈને પડ્યું હતું, તે અહીં આવતાં જ બહાર નીકળવા માંડે છે. અમેરિકામાં આવતાં જ મિત્રોની, સગાંવહાલાંની શોધ શરૂ થઈ જાય. મોટા ભાગની આપણી વસતી અહીંના બોસ્ટન, ન્યૂ યૉર્ક, ફિલાડેલ્ફિયા, વૉશિંગ્ટન, પીટ્સબર્ગ, શિકાગો, ડિટ્રોઇટ, હ્યુસ્ટન, લૉસ એન્જિલિસ અને સાન ફ્રાંસિસ્કો જેવાં મોટાં શહેરોના બૃહદ વિસ્તારોમાં રહે છે. આવાં મોટાં શહેરોમાં તમને અનેક મિત્રો અને દૂરનજીકનાં સગાંવહાલાંઓ મળી જ રહે. આને કારણે આજથી વીસ વરસ પહેલાં ભારતીયોને જે એકલતા સાલતી હતી તે આજે નથી, અને છતાં દેશ તો દસ હજાર માઈલ દૂર છે તેનો વસવસો રહે છે.

# અનેક મંડળો

જ્યાં જ્યાં ભારતીયો વસ્યા છે ત્યાં ત્યાં ઓછામાં ઓછું એક તો ભારતીય મંડળ હોય જ. મોટા શહેરોમાં તો ગુજરાતી, મરાઠી, બંગાળી, તેલુગુ એમ દરેકેદરેક ભાષીઓનાં મંડળો હોય. તે ઉપરાંત એકેએક ધર્મની અને પંથની ભક્તમંડળીઓ હોય. ન્યૂ યૉર્ક અને લૉસ એન્જિલિસ જેવાં બહુ મોટાં શહેરોમાં જ્યાં ભારતીયોની વસતી પ્રમાણમાં વધુ ત્યાં તો જ્ઞાતિ અને પેટાજ્ઞાતિનાં પણ મંડળો જોવા મળે. ન્યૂ યૉર્ક, પીટ્સબર્ગ, હ્યુસ્ટન જેવાં શહેરોમાં દેશનાં જેવાં જ મંદિરો જોવા મળે. આ સામાજિક મંડળો અને ધાર્મિક ભક્તસમાજોનાં આશ્રયે અનેક પ્રકારની ભારતીય સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ નિયમિત, અને ખાસ તો દર શનિ-રવિએ, થયા કરે. તે ઉપરાંત દિવાળી, નવરાત્રિ, દુર્ગાપૂજા, ગણેશચતુર્થી, શિવરાત્રિ, જન્માષ્ટમી, પર્યુષણ વગેરે પ્રસંગોની અચૂક ઉજવણી થાય. નવરાત્રિના ગરબા લેવાતા હોય ત્યારે અમેરિકામાં અમદાવાદ ઊતર્યું હોય એમ લાગે!

બધા જ ભારતીયોને આવરી લેતાં મંડળો પણ હોય છે, જે પંદરમી ઓગસ્ટ અને છવ્વીસમી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય દિનોની ઉજવણી કરે છે. આ ઉપરાંત દેશમાંથી ફિલ્મી દુનિયાના અભિનેતા કલાકારો, સંગીતકારો, ગાયકો વગેરે અહીં છાશવારે આંટા

મારતા જ હોય. તે બધાના કાર્યક્રમો યોજાય અને હજારોની સંખ્યામાં ભારતીયો હાજરી આપે. ધાર્મિક સમાજો પોતાના ધર્મગુરુઓને અને સ્વામીઓને બોલાવે. વિધવિધ શહેરોમાં કથાઓ થાય અને સપ્તાહો બેસે. રેડિયો ઉપર મોટાં શહેરોમાં દર શનિ-રવિએ હિન્દી ફિલ્મોના ગીત-સંગીતના કાર્યક્રમો હોય. ન્યૂ યૉર્કમાં તો દર રવિવારે સવારે ટીવી ઉપર હિન્દી ફિલ્મો પણ બતાવાય છે. ભારતીય દુકાનોમાંથી દેશનાં મરચાં, મસાલા, મીઠાઈથી માંડીને સાડીઓ અને ઘરેણાં સુધ્ધાં અત્યંત સહેલાઈથી અહીં મળે છે. અને ભારતીય રેસ્ટોરાંમાં બૉમ્બે થાળી કે મસાલા ઢોસા ખાધા પછી બાકી રહેતું હોય તો મસાલેદાર પાન પણ અહીં મળે છે!

# ઊખેડેલા આંબા

મોટા ભાગની ભારતીય પ્રજા માત્ર ભૌગોલિક દૃષ્ટિએ જ અમેરિકામાં છે, બાકી તેમની મનોદશા-ભાવ-પ્રતિભાવ, રીતરિવાજો અને વ્યવહાર તો હજી ભારતીય જ છે. સોમથી શુક્ર ઑફિસે જવાનું હોય ત્યારે જ જાણે કે અમેરિકા સાથેનો એમનો સંબંધ. સાંજે ઘરે આવે ત્યારે અને શનિ-રવિએ તો જાણે કે દેશમાં જ હોય એમ વર્તે છે. અન્ય ભારતીયોને છાશવારે મળવાની અસાધારણ ભૂખ, દેશમાં આંટો મારવાની દર બે ત્રણ વર્ષે ઊપડતી ચટપટી, ભારતીય ફિલ્મો અને ફિલ્મી ગીતોનો ચોંટી રહેલો ચસકો, સામાજિક મંડળો અને મંદિરો ઊભાં કરવાની નિત્યની લમણાઝીંક, અમેરિકનો સાથેનો એમનો નહીંવત્ સામાજિક સંબંધ—આ બધું અહીં વસતા ભારતીયોની વિદેશવાસની વ્યથાને વ્યક્ત કરે છે. આ ભારતીયો ભલે અમેરિકામાં રહે, ભલે અમેરિકાની સિટીઝનશિપ લે, પણ તે બધા અંશેઅંશ ભારતીય જ છે અને મરતાં સુધી ભારતીય રહેશે. વર્ષો સુધીના અમેરિકાના વસવાટ પછી દેશમાં પાછા ગયેલા કવિશ્રી શ્રીધરાણીએ વિદેશવાસની આ વ્યથાને આબાદ રીતે કવિતામાં વ્યક્ત કરી છે: 'ઉખેડેલા ન આંબા ઊગે, ઘરે ઊગેલા આભે પૂગે.' દેશમાંથી ઊછરીને આવેલા પ્રથમ પેઢીના ઈમિગ્રન્ટ ભારતીયો ઊખડેલા આંબાની જેમ આ પરાયા સમાજ અને સંસ્કૃતિમાં ઊગી શકતા નથી. આ છે એમની સામાજિક અને સાંસ્કૃતિક દ્વિધા.

# સંઘર્ષના ભણકારા

જો કે પરદેશવાસનો આ જે તરફડાટ છે તે પહેલી પેઢીના ઈમિગ્રન્ટ ભારતીયોનો છે. અહીં ઊછરતાં એમનાં સંતાનો તો અંશેઅંશ અમેરિકન જ છે. આ બાળકો બ્લોટિંગ પેપરની જેમ એમની આજુબાજુના અમેરિકન વાતાવરણને આત્મસાત્ કરે છે. એમની ભાષા અને ઉચ્ચારો, ભાવ અને પ્રતિભાવ, વાતો અને વિચારો, સંસ્કારો અને સંસ્કૃતિ—એ બધું અમેરિકન છે. જ્યારથી એ બાળક ટીવી જોવાનું શરૂ કરે ત્યારથી જ એ ભારતીય મટીને અમેરિકન બનવાનું શરૂ કરે. ટીવીથી શરૂ થયેલું એનું અમેરિકનાઈઝેશન (અમેરિકીકરણ) પાડોશ અને સ્કૂલમાં આગળ વધે છે. ખાસ કરીને તો અમેરિકન સ્કૂલમાં જ ભારતીય કિશોરને એની અમેરિકન હયાતી મળે છે. એ કિશોરને પૂછશો તો એ ગર્વથી પોતાનું અમેરિકન અસ્તિત્વ જાહેર કરશે.

ભારતીય માબાપોનાં આ અમેરિકન સંતાનોને ભારત દેશ સાથે બહુ લાગતુંવળગતું નથી. અમેરિકન હયાતીનાં બાહ્ય લક્ષણો એમને જેટલાં સહજ છે, તેટલાં ભારતીય જીવનનાં પ્રતીકો એમને સહજ નથી. અમેરિકન ફિલ્મ અને ટીવીમાંથી સાંપડેલા મિકી માઉસ, બગ્ઝ બની અને બિગ બર્ડનાં પાત્રો, હોટ ડોગ અને હેમ્બર્ગર, પીઝા અને કૉક, રોક અને કન્ટ્રી મ્યુઝિક, અટારી અને પેકમેન, કમ્પ્યૂટર અને સ્ટીરિયો—આ બધાંની વચ્ચે ઉછરેલી અહીંની પ્રજા માટે ભારતીય જીવનનાં પ્રતીકો અને રીતરિવાજો સમજવાં સહેલાં નથી. આપણી ભાષા અને ઉચ્ચારો, આપણો અન્યોન્ય પ્રત્યેનો વ્યવહાર, નજીવી ઓળખાણે ટપકી પડતા મહેમાનોનું ધાડું, કાકા-મામા-ફુઆ વગેરે સગાંઓની લંગાર, આપણા તહેવારો, અનેક પ્રકારનાં અને અનેક અંગોવાળાં આપણાં દેવદેવીઓ, કારમાં અને ઘરે નિત્ય ગુંજી રહેતાં ફિલ્મી ગીતો, ઢંગધડા વગરની આપણી ફિલ્મો—આ બધાંનો એ ઉછરતી પ્રજાના અમેરિકન અસ્તિત્વ સાથે બહુ મેળ ખાતો નથી. અમેરિકાના સામાજિક સંદર્ભમાં આ ભારતીય જીવન એમના માટે એક વિચિત્ર વાત બની રહે છે. તેવી જ રીતે એ ઉછરતી પ્રજાના અમેરિકન હયાતી અહીં વસતા ભારતીયો માટે એક સમસ્યા બની ગઈ છે. આ સમસ્યામાં મને આ બે પેઢી વચ્ચે આવી રહેલા અનિવાર્ય સંઘર્ષના ભણકારા સંભળાય છે.

# ઉછરતી અમેરિકન પેઢી

આ ઉછરતી પ્રજા જેમ જેમ ઉંમરમાં વધતી જાય છે તેમ તેમ તે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વ્યક્ત કરે છે. લગ્નજીવન, પ્રણય, જાતીય સંબંધો, કૌટુંબિક સંબંધો, કારકિર્દી વગેરેના તેમના ખ્યાલો અને વિચારો બહુધા અમેરિકન જ છે, અને તે ભારતીય વિચારસરણીથી ઘણા જુદા પડે છે. માબાપે પસંદ કરેલ કન્યા કે મૂરતિયાને વડીલોની આજ્ઞા છે એટલે અહીં કોઈ પરણવાનું નથી, આ પ્રજા તો પોતાની જ મેળે પોતાના જીવનસાથીની પસંદગી કરશે અને તે પણ અમેરિકન ઢબે જ કરશે. તે પ્રમાણે બાપાને પસંદ છે એટલે હું ડૉક્ટર થઈશ એવી રીતે કોઈ અહીં કારકિર્દી પસંદ નથી કરતું. પોતાના જીવનની અભિવ્યક્તિ જ્યાં શ્રેષ્ઠ રીતે થાય તેવા જ ક્ષેત્રે આ અમેરિકન પ્રજા પોતાનું જીવન જીવવાનું પસંદ કરશે. આનો અર્થ એ નથી કે આ પ્રજા સ્વચ્છંદી કે અવિવેકી છે. કૌશલ્ય, ખંત અને ઉચ્ચ શિક્ષણને કારણે પ્રથમ પેઢીએ જ સંપન્ન ભારતીય ઈમિગ્રન્ટ લોકોની વિલક્ષણતાઓ એમનાં સંતાનોમાં પણ ઊતરતી આવી છે. આર્થિક, સામાજિક અને અન્ય દૃષ્ટિએ જોતાં તો અત્યારથી પણ જોવા મળે છે. મોરનાં ઈંડાં કંઈ ચીતરવાં પડતાં નથી.78 પરંતુ એમનું જ્વલંત ભવિષ્ય એક અમેરિકન પ્રજા તરીકેનું હશે, નહીં કે ભારતીય પ્રજા તરીકેનું તે વાત સ્પષ્ટ સમજવી ઘટે અને છતાં એ જ વાત અહીં વસતા ભારતીયોને ગળે ઊતરતી નથી.

# જોખમી અખતરો

અમેરિકન સમાજ અને સંસ્કૃતિનાં પોતાને અમાન્ય અને અણગમતા એવા પ્રવાહો અને લક્ષણોથી અહીં ઊછરતી પોતાની પ્રજા બચે, અને તે ભારતીય સંસ્કૃતિ પ્રાપ્ત કરે, બલ્કે ભારતીય બની રહે એ આશાએ અહીં વસતા ભારતીયો મંદિરો અને સામાજિક મંડળો બાંધવામાં પડ્યા છે તે આપણે નોંધ્યું. મોટાં મોટાં શહેરોમાં જ્યાં મંદિરો છે ત્યાં નિયમિત પૂજાપાઠ થાય છે. અન્ય સ્થળોએ લોકો એકબીજાને ઘરે કે જાહેર હોલમાં ભેગા થઈને ભજનો ગાય છે અને ધાર્મિક ક્રિયાઓ કરે છે. દેશમાંથી સ્વામી, ગુરુઓ

અને સાધુ-મહારાજોને બોલાવીને તેમના ઉપદેશનાં પ્રવચનો, સત્સંગો, કથાઓ અને કેમ્પ ગોઠવે છે. અહીં ઊછરતી પ્રજાને આ બધી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ગમેઅણગમે પણ ભાગ લેવા માટે માબાપો આગ્રહ કરે છે. અગત્યનો પ્રશ્ન એ છે કે સામાજિક સંદર્ભ વગર અમેરિકામાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિ લાવવાં શક્ય છે ખરાં?

જ્યાં સુધી ભારતીય ઈમિગ્રન્ટ્સની પહેલી પેઢી હયાત છે ત્યાં સુધી આ ધાર્મિક પ્રવૃત્તિઓ, સ્વામી, સાધુઓ, ગુરુ મહારાજો અને ભક્તમંડળીઓનું મહત્ત્વ જરૂર છે. પણ અહીં જન્મીને અહીં જ ઊછરેલી બીજી, ત્રીજી કે ચોથી પેઢીના ભારતીયો માટે આ બધું એકમાત્ર વિસ્મયનો જ વિષય બની રહેશે, એમ અન્ય વંશોની પ્રજાઓનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. અને છતાંયે આ બધી પ્રવૃત્તિઓ અત્યારે તો ફૂલીફાલી રહી છે.

દેશમાંથી ઊછરીને અમેરિકામાં આવી વસેલા ભારતીયો પોતાનાં મૂળિયાં પકડી રાખે અને અમેરિકન ન બને તે સમજી શકાય છે, પણ તેઓ જ્યારે એમની અહીં ઊછરતી અમેરિકન પ્રજાને ભારતીય બનાવવા મથે છે ત્યારે વિચિત્ર પરિસ્થિતિ ઊપજે છે. અમેરિકામાં ઊછરીને અમેરિકન ન થવું પણ ભારતીય બની રહેવું તે પાણીમાં પલળ્યા વગર તરવા જેવી વાત છે. આવા પ્રયત્નો જરૂર થયા છે, પણ એ પ્રયત્નો જોખમી નીવડ્યા છે. અહીંના પેન્સિલવેનિયા રાજ્યના લાન્કેસ્ટરજિલ્લામાં જર્મન અને સ્વિસ ઈમિગ્રન્ટ્સ દાયકાઓથી ઠરીઠામ થયેલી એમિશ પ્રજામાં આવા અખતરાનો એક દાખલો મળે છે. એમિશ પ્રજાએ આજે દાયકાઓના અમેરિકન વસવાટ પછી પણ પોતાના રીતરિવાજો, રૂઢિઓ અને વિશિષ્ટ જીવનપ્રણાલી જાળવી રાખવા પ્રયત્નો કર્યા છે. વીસમી સદીનાં આધુનિક અમેરિકામાં એમિશ લોકો અઢારમી સદીનું જર્મન જીવન જીવવા મથે છે, અને આધુનિક અમેરિકાથી અસ્પૃષ્ટ રહીને પોતાનાં ધર્મ અને સંસ્કૃતિ જાળવવાનો ભગીરથ પ્રયત્ન કરે છે. પરંતુ એમનું અપવાદરૂપ બની ગયેલું જીવન, બંધિયાર જીવનવ્યવસ્થા, ઘટતી જતી વસતી, અને તેમનું પ્રદર્શનરૂપ બની ગયેલું અસ્તિત્વ—આ બધામાંથી જે ઈમિગ્રન્ટ લોકો કોઈ પણ શરતે અમેરિકામાં પોતાનો જુદો તંબૂ તાણવા મથે છે તેમણે ચેતવણી લેવાની જરૂર છે.

# સામાજિક સંદર્ભનો અભાવ

હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની એક વિશિષ્ટતા એ છે કે એનું અસ્તિત્વ હિન્દુ જીવન અને હિન્દુ સમાજ વગર અસંભવિત છે. આ દૃષ્ટિએ હિન્દુ ધર્મ યહૂદી ધર્મ અને પારસી ધર્મ સાથે સામ્ય છે. આપણા ધર્માચરણમાં સામાજિક સંદર્ભ અને અનુસંધાન અનિવાર્ય છે. નવરાત્રિ અને દશેરા, નાગપાંચમ, રાંધણછઠ અને શીતળા સાતમ, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી અને મહાશિવરાત્રિ—આ બધા તહેવારોનું ધાર્મિક મહત્ત્વ એના સામાજિક સંદર્ભથી અવિભાજ્ય છે. તેવી જ રીતે આપણા વર્ણાશ્રમો અને જ્ઞાતિપ્રથાનું ધાર્મિક અને સાંસ્કૃતિક સત્ત્વ એના સામાજિક સંદર્ભમાં જ છે. આ બાબતમાં સરખામણીએ ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ અને બૌદ્ધ ધર્મને સામાજિક સંદર્ભની અનિવાર્યતા નથી. આ કારણે આ ત્રણે ધર્મોનો વિશાળ પ્રચાર થઈ શક્યો છે. જુદી જુદી સંસ્કૃતિઓમાં, વિભિન્ન ખંડોમાં અને વિવિધ સમાજવ્યવસ્થાઓમાં આ ત્રણે ધર્મો સહજ જ પાળી શકાય છે. અત્યંત ઔદ્યોગિક અને આધુનિક પશ્ચિમના દેશો હોય કે સંસ્કૃતિસમૃદ્ધ અને સદીઓ જૂના એશિયાના દેશો હોય—આ વિભિન્ન સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક વાતાવરણોમાં ખ્રિસ્તી ધર્મ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આવું જ ઇસ્લામનું. અને આ જ રીતે બૌદ્ધ ધર્મનો ભારતની બહાર સાવ નિરાળા અને અજાણ્યા દેશોમાં ભવ્ય પ્રચાર થઈ શક્યો.

હિન્દુ ધર્મ અને સંસ્કૃતિને જો સામાજિક સંદર્ભની અનિવાર્યતા હોય તો પછી અમેરિકામાં એ ધર્મ અને સંસ્કૃતિ લાવવા અને પેઢીઓ સુધી જાળવવા માટે આપણે હિન્દુ જીવન લાવવું અને જાળવવું જોઈએ. આ શક્ય છે ખરું? આ બાબતનો આકરો અખતરો હરેકૃષ્ણ સંપ્રદાયના અમેરિકન અનુયાયીઓ અત્યારે કરી રહ્યા છે. અત્યારે તો આ કઠોર પ્રયોગ નાના પાયા ઉપર થઈ રહ્યો છે. આધુનિક અમેરિકન જીવનથી વિમુખ અને અપવાદરૂપ એમનું અસ્તિત્વ વિસ્તરશે કે વિલીન થશે એ વાત ભવિષ્ય જ કહી શકે. પરંતુ અહીંના ભારતીયો હરેકૃષ્ણવાળાઓ સાથે જોડાય એ બહુ સંભવિત દેખાતું નથી. જે હોંશ અને ઉમળકાથી આ ભારતીયો અમેરિકન સુવિધાઓ, સાધનસામગ્રી, સમૃદ્ધ જીવનધોરણ અને સ્વતંત્ર જીવનશૈલી અપનાવે છે અને માણે છે તે બતાવે છે કે આપણે હરેકૃષ્ણ ધર્મના આકરા જીવનને દૂરથી જ નમસ્કાર કર્યા છે.

# અધકચરા પ્રયત્નો

અનેકવિધ સામાજિક મંડળો, ધાર્મિક સંસ્થાઓ અને મંદિરો દ્વારા હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ અમેરિકામાં લાવવા અને જાળવવા જે કાંઈ પ્રયત્નો થઈ રહ્યા છે તે પણ મુખ્યત્વે ઉપરછલ્લા અને અધકચરા છે. આ બધામાં આ ભારતીયોના વિદેશવાસનાં વલખાં સિવાય બીજું બહુ ઓછું છે. દેશમાં જે પૂજાપાઠ કરતા તે અહીં કરવા અને ત્યાં જે સાધુ-મહારાજોને સાંભળતા તેમને અહીં બોલાવીને સાંભળવા એમાં જ એમની ધર્મભક્તિ સમાઈ જાય છે. દેશમાં જેટલા વાડા, પંથ અને પેટા પંથ છે તેટલા અહીં ઊભા થયા છે. એક અધિધર્મ તરીકે હિન્દુ ધર્મમાં જે સહિષ્ણુતા અને ઔદાર્ય છે અને હિન્દુ ધર્મનું રહસ્ય તો જીવનના આચરણમાં છે, નહીં કે અંધાનુકરણે થતા ક્રિયાકાંડમાં, એવી સમજૂતી અહીં ભાગ્યે જ જોવા મળે છે.

જેવું ધર્મનું તેવું જ ભારતીય સંસ્કૃતિનું. રાસગરબા, ભાંગડા, ભારતીય ફિલ્મો અને ફિલ્મી ગીતોમાં જ જાણે કે ભારતીય સંસ્કૃતિ સમાઈ ગઈ હોય એવી અહીંના ભારતીયોની સમજ છે. છાશવારે થતા અહીંના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આથી વિશેષ ભાગ્યે જ કંઈ હોય છે. શનિ-રવિએ થતી પાર્ટીઓમાં વિડિયો ઉપર બધાં સાથે બેસીને દેશની ફિલ્મો જુએ અને એ ફિલ્મોમાંથી ભારતીય સંસ્કૃતિનો પરિચય મળે છે એમ માનીને પોતાનાં સંતાનોને એ ફિલ્મો બતાવે! જ્યારે અહીંની મહાન યુનિવર્સિટીઓમાં અને સંસ્થાઓમાં અમેરિકનો દ્વારા ભારતીય સંસ્કૃતિ સમજવા અને સમજાવવા જે પ્રશંસનીય પ્રયત્નો થઈ રહ્યા છે તેનાથી આપણા ભારતીયો મોટા ભાગે અજાણ હોય છે. આટલી ભણેલીગણેલી અને સંપન્ન પ્રજા શિષ્ટ સાહિત્ય અને સંસ્કૃતિથી આટલી બધી વિમુખ કેમ રહે છે તે સમાજશાસ્ત્રીઓ માટે સંશોધનનો વિષય બની રહે એવો મોટો પ્રશ્ન છે.

જે દેશ છોડીને અહીં રોટલો રળવા આવ્યા તે દેશની યાદ જરૂર આવે પરંતુ એ દેશની પરિસ્થિતિને સમજવા ભાગ્યે જ પ્રયત્ન થાય છે. પાર્ટીઓમાં ભારત વિશે અચૂક વાતો થાય, પણ તેમાં મુખ્યત્વે સ્વાનુભવની, અધકચરા વિચારો અને અડધીપડધી સમજવાળી વાતો હોય. દેશની ગંદકી, લાંચરુશવત, રાજકારણનો સડો, આગળ વધવા માટે જરૂરી લાગવગ અને દેશની ફિલ્મી દુનિયા વગેરે વિશેની ઉપરછલ્લી વાતોમાં જ

એમની ગોષ્ઠી સમાઈ જાય છે. દેશ વિદેશનું એમનું નિદાન સામાન્ય રીતે આકરું જ હોય છે, પણ જો દેશની ટીકા કરતા લેખ સ્થાનિક છાપાંઓમાં આવે છે, તો તે તો તેમને માટે અસહ્ય બની જાય છે. તમામ અમેરિકન મીડિયા (લોકસંપર્કનાં સાધનો) ભારતવિરોધી છે એવો તત્કાલ આક્ષેપ કરે છે. અને પછી અમેરિકન રાજનીતિ, સ્વચ્છંદ જીવન, બાળઉછેર માટે અમેરિકા કેવો ખરાબ દેશ છે વગેરે વિશે સખ્ત પ્રહાર કરવા લાગી જાય છે. ખાસ કરીને અમેરિકાની શિથિલ કુટુંબ વ્યવસ્થા માટે તેમની ટીકા ઉગ્ર હોય છે. જન્મભૂમિ ભારત તેમ જ કર્મભૂમિ અમેરિકા માટે આ ભારતીયોનું વલણ આવું ઉગ્ર અને ટીકાપૂર્ણ કેમ હોય છે તે માનસશાસ્ત્રીઓ માટે વિચારણીય પ્રશ્ન બની રહે તેટલું નોંધપાત્ર છે.

# અમેરિકન મેલ્ટિંગ પૉટ

સૌથી અગત્યનો પ્રશ્ન એ છે કે આ અમેરિકામાં વસતા ભારતીયોનું ભવિષ્ય છે? પોતે ક્યાં સુધી ભારતીય જ રહેશે અને પોતાના તથા સંતાનોના અમેરિકીકરણમાં પોતે કેવો ભાગ ભજવશે? અમેરિકીકરણ અનિવાર્ય હોવા છતાં દરેક ઈમિગ્રન્ટ પ્રજાની પહેલી પેઢીએ પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ અને જીવનરીતિ જાળવી રાખવા પ્રયત્નો જરૂર કર્યા જ છે. ગઈ સદીમાં આવેલા ઈમિગ્રન્ટ્સ લોકોએ પોતાની આગવી વસાહતો પણ સ્થાપવા પ્રયત્નો કરેલા. ૧૮૧૮ના ગાળામાં આઈરીશ ઈમિગ્રન્ટ્સ વધી ગયેલા ત્યારે તેમાંના નિરાશ્રિતો ઠેકાણે પડે એટલા માટે ન્યૂ યૉર્ક અને ફિલાડેલ્ફિયાનાં હિતવર્ધક મંડળોએ આઈરીશ પ્રજાને પોતાની આગવી જગ્યા અપાવવા માટે અમેરિકન સરકારને અરજી કરેલ. અમેરિકાના પશ્ચિમ પ્રદેશમાં વિશાળ જમીન સાવ ખાલી પડી હોવા છતાં સરકારે આ કામ માટે જમીન આપવાની ના પાડી. અમેરિકન ઈમિગ્રશનના ઇતિહાસમાં આ એક અગત્યનો બનાવ હતો.

આ નકારાત્મક નિર્ણય દ્વારા કૉંગ્રેસે એક વાત સ્પષ્ટ કરી કે આ દેશમાં કોઈ પણ વંશની પ્રજા પોતાના જુદા ડેરાતંબૂ બાંધે અને પોતાનો જુદો ધજાગરો ફરકાવે એ કૉંગ્રેસને અમાન્ય હતું. પેન્સિલવેનિયા અમુક વિસ્તારોમાં જ્યારે જર્મન ઈમિગ્રન્ટ્સ ખડકાવા મંડ્યા ત્યારે અમેરિકાના વયોવૃદ્ધ સંસ્થાપક બેન્જામિન ફ્રેન્કલિન અને અન્ય

મોવડીઓએ પણ ચેતવણી આપેલ, "અમેરિકા અમેરિકનો માટે જ છે. ઈટાલિયન, જર્મન, ડચ, આઈરીશ વગેરે વિવિધ પ્રજાઓએ પોતાની વંશગત વિશિષ્ટતા વેગળી કરીને અમેરિકામાં એકરસ થવું ઘટે." યુરોપના ખૂણે ખૂણેથી આવેલ પ્રજાઓ અમેરિકન ભઠ્ઠી (મેલ્ટિંગ પૉટ)માં ઊકળી ઊકળીને આ રીતે એકરસ થઈને અમેરિકન બની.

# બિનગોરી પ્રજાનું શું?

પરંતુ આ તો યુરોપિયન લોકોની વાત થઈ. એ ગોરી પ્રજા અમેરિકામાં જે રીતે એકરસ થઈ શકી તે રીતે આપણી બિનગોરી ભારતીય પ્રજા અમેરિકામાં એકરસ થઈ શકે ખરી? અને જો બહુમતિ ગોરી પ્રજા સાથે આવું સંમિલન ન થઈ શકે તો સદાને માટે એક બિનગોરી લઘુમતિ તરીકે રહેવું તે હિતાવહ ખરું કે? આ બાબતમાં અહીંની આફ્રિકામાંથી લવાયેલી હબસી પ્રજાનો કરુણ દાખલો આપીને ચેતવણી અપાય છે. સદીઓના અમેરિકન વસવાટ પછી પણ એ હબસી પ્રજા મોટા ભાગે ગરીબી અને શોષણમાં આજે સબડે છે.

એક એશિયન લઘુમતિ તરીકે આપણા ભારતીયો માટે અહીં વસતી અન્ય એશિયન પ્રજા, મુખ્યત્વે ચાઈનીઝ અને જાપાનીઝ લોકોના દાખલાઓ વધુ યોગ્ય બની રહે. આ ખંતીલી પ્રજાઓએ દાયકાઓના વસવાટ પછી, પોતે બિનગોરી એશિયન પ્રજાઓ હોવા છતાં પણ, અમેરિકીકરણ સિદ્ધ કર્યું છે. અને સાથે સાથે પોતાની વંશગત વિશિષ્ટતાઓ જાળવી રાખી છે. વધુમાં લઘુમતિ પ્રજા હોવા છતાં ફૂલીફાલી છે. શિક્ષણ, સંસ્કૃતિ, ધર્મ, અને વાણિજ્યકૌશલ્ય દૃષ્ટિએ ભારતિયો માટે અહીંની યહૂદી લઘુમતિ કદાચ વધુ યોગ્ય દૃષ્ટાંત પૂરું પાડે છે. પણ એ ગોરી લઘુમતિ છે. જેટલી ઝડપથી યુરોપીય પ્રજા અહીં એકરસ થઈ એટલી ઝડપથી બિનગોરી એશિયન પ્રજા અમેરિકામાં એકરસ ન જ થઈ શકે એ નિર્વિવાદ વાત છે. છતાં જે રીતે હબસીઓ આ સમાજના મુખ્ય પ્રવાહોથી બહુધા વેગળા રહ્યા છે તેમ આપણા ભારતીયો નહીં રહે તે પણ નિર્વિવાદ વાત છે.

# પંચરંગી અમેરિકા

બીજા વિશ્વયુદ્ધ પછી એક આંતરરાષ્ટ્રીય સત્તા તરીકે અમેરિકન પ્રજાના સામૂહિક માનસની સીમાઓ વધુ ને વધુ વિસ્તરતી રહી છે. એક જમાનામાં અહીં મુખ્યત્વે યુરોપ ઉપર જ દૃષ્ટિ મંડાઈ રહેતી હતી, ત્યારે આજે એ દૃષ્ટિ બહોળી બની છે. પશ્ચિમના દેશોમાં અમેરિકા અત્યારે સૌથી ખુલ્લો સમાજ ગણાય છે. આજે પણ અનેકવિધ પ્રજાને સ્વીકારીને પોતાની કરવાની અમેરિકાની તૈયારી સર્વથા પ્રશંસનીય છે. દુનિયાના બાકી બધા દેશો ભેગા મળીને જેટલા ઈમિગ્રન્ટ્સને આવવા દે છે, તેનાથી વધુ એકલું અમેરિકા એ નિરાશ્રિતોનું ઉદાર હૃદયે સ્વાગત કરે છે. અને તે ઉપરાંત અનેકગણા ગેરકાયદેસર જીવને જોખમે, યેન કેન પ્રકારેણ, મુખ્યત્વે મેક્સિકોમાંથી, અહીં દરરોજ હજારોની સંખ્યામાં આવ્યે જ જાય છે. ઈમિગ્રન્ટ્સના બાવડાંના બળે બંધાયેલા આ દેશના બંધારણમાં નાગરિક હક અને લઘુમતિઓના સંરક્ષણનાં બીજ જે પહેલેથી જ નંખાયા તે આજે વિશાળ વડલો થઈને અમેરિકાની વિવિધ લઘુમતિઓને હૈયાધારણ આપે છે. આ છે અમેરિકાની મહાનતા.

ગઈ બે સદી સુધી અમેરિકા ગોરી બહુમતિનો દેશ રહ્યો છે. પણ આવતાં બસો વર્ષમાં તે ગોરી બહુમતિનો દેશ રહેશે કે નહીં તે શંકાનો વિષય છે. આ દેશમાં જે સંખ્યામાં જન્મ-મરણ થાય છે, અને જે સંખ્યામાં કાયદેસર અને ગેરકાયદેસર ઈમિગ્રશન થાય છે, તેની ગણતરી કરીએ તો આવતાં સો વર્ષમાં આ દેશની વસતી લગભગ ૩૦ કરોડની હશે. આ વસતીનો ત્રીજો ભાગ તો ૧૯૭૯ પછી આવેલા (મુખ્યત્વે બિનગોરા) ઈમિગ્રન્ટ્સ અને તેમના વંશજો હશે. આ હકીકતનો વિચાર કરીએ તો ભવિષ્યનું અમેરિકા એક ગોરા સમાજ કરતાં પચરંગી પ્રજાના શંભુમેળાના સમું વધુ બની રહેશે.

# કુટુંબપ્રેમ

આ દેશની ઐતિહાસિક વિશિષ્ટતા એ છે કે ઈમિગ્રન્ટ લોકોએ આ દેશનું ઘડતર કર્યું છે. દુનિયાભરના દુ:ખી અને દુભાયેલાંઓની આશા સમા આ દેશમાં દર પેઢીએ

નવા નવા ઈમિગ્રન્ટ્સ આવીને ઊભા જ હોય. અમેરિકા આજે જો પોતાના દરવાજા સાવ ઉઘાડા મૂકી દે તો અડધી દુનિયા અહીં ઠલવાઈ જાય એવું એનું લોહચુંબક જેવું આકર્ષણ છે. અહીંની અઢળક સમૃદ્ધિ અને વ્યક્તિસ્વાતંત્ર્ય સામાન્ય માણસને પણ જે આધુનિક સુવિધાઓ અને ઉચ્ચ જીવનધોરણ આપે છે તે અન્ય દેશોમાં, ખાસ કરીને ગરીબ દેશોમાં, બહુ જૂજ માણસોને મળે છે. અમેરિકાનો સમૃદ્ધ અને મોકળો સમાજ વ્યક્તિને પોતાનું જીવન પોતાની રીતે જીવવાની ઉમદા તક આપે છે. અમેરિકાનું આ એક મોટું આકર્ષણ છે.

અમેરિકાના આ આકર્ષણે અહીં સ્થાયી થયેલા મોટા ભાગના ભારતીયો અહીં બેઠાં પણ સ્વજનોને આર્થિક સહાય કરતા રહે છે. ઘણાંઓએ તો પોતાનાં આખાં ને આખાં કુટુંબોને અહીં બોલાવી લીધાં છે. આ કારણે અહીં ઘણાં સંયુક્ત કુટુંબો જોવા મળે છે. સાથે સાથે સંયુક્ત કુટુંબના બધા ફાયદા-ગેરફાયદા ઠેઠ અમેરિકા સુધી પહોંચેલા છે. તે ઉપરાંત વૃદ્ધ ભારતીય માબાપોને અમેરિકામાં પોષવાના આકરા પ્રશ્નો ઊભા થયા છે. અમેરિકાની ભૌગોલિક અને સામાજિક આબોહવામાં ભારતીય વૃદ્ધોને પોષવાં તે સહેલું કામ નથી.

જે લોકો પોતાનાં સ્વજનોને અહીં લાવી શક્યા નથી તેમનો કુટુંબવિરહ ઘણી વાર કપરો બને છે. ખાસ કરીને જન્મ, મરણ અને લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ સ્વજનોની યાદ જરૂર આવે. વૃદ્ધ માબાપની પોતે સેવા કરી શકતા નથી તેનો ડંખ પણ જરૂર રહે છે. આ બધાં કારણે આ બેત્રણ વરસે દેશમાં જરૂર આંટો મારે છે. અને જાણે કે પોતે પોતાની કંઈક ફરજ અદા કરતા હોય એવો સંતોષ અનુભવે છે.

# લઘુમતિ તરીકેની આશંકા

અહીં ઉછરતી પેઢીના સામાજિક અને સાંસ્કૃતિક ભવિષ્ય માટે પણ ભારતીયોને ઉપાધિ રહ્યા કરે છે. ઉછરતાં સંતાનો જીવનસાથી તરીકે કોને પસંદ કરશે? અને કેવી રીતે? એ જીવનસાથીની પસંદગીમાં માબાપ શો ભાગ ભજવી શકે? જાતીય સંબંધો, પ્રણય, લગ્ન અને છૂટાછેડા વગેરે વિશેના અમેરિકન ખ્યાલો અને વર્તન ભારતીયોને ખાસ કરીને ભારતીય સ્ત્રીઓને, જેમને ઘરે ઉંમરલાયક છોકરી હોય છે, બહુ અકળાવે

છે. ઘણા લોકો ઉંમરલાયક સંતાનોને દેશમાં લઈ જઈ પરણાવવા પ્રયત્ન કરે છે. બીજાં લોકો ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા જરૂર કરે છે કે પોતાનાં સંતાનો કોઈ ભારતીયને જ પરણે.

અહીં વસતા ભારતીયોને હમણાં તો અમેરિકાનાં ભૌતિક સુખ અને સુવિધાઓ જાણે કે સદી ગયાં છે. આ દેશનો મુક્ત સમાજ અને લઘુમતિઓના સંરક્ષણની ઉમદા પ્રથાઓ આપણા ભારતીયો માટે અત્યારે તો આશીર્વાદ સમા નીવડ્યાં છે, પરંતુ બહુમતિ પ્રજાના સામૂહિક માનસને બદલાતાં વાર નથી લાગતી. આર્થિક સંયોગો વધુ વણસે તો લઘુમતિઓને પહેલાં સહન કરવું પડે. ઈમિગ્રન્ટ્સ થકી જ ઘડાયેલા આ દેશમાં લઘુમતિઓ આ પ્રકારની આશંકાઓમાંથી ક્યારેય સર્વથા મુક્ત થતી જ નથી.

# ઐતિહાસિક સત્ય

અન્ય વંશોની પ્રજાનો ઇતિહાસ એમ કહે છે કે અહીં વસતા ભારતીયોની ભવિષ્યની પેઢીઓ ભારતીય નહીં હોય પણ અમેરિકન હશે. એમના આચાર અને વિચાર, સંસ્કાર અને સંસ્કૃતિ, અસ્તિત્વ અને અસ્મિતા એ બધું અમેરિકન જ હશે. એનો અર્થ એ નથી કે એ પેઢીઓ ભારતીય સંસ્કૃતિને ભૂલી જશે. આજે જે રીતે અહીંની અન્ય વંશીય પ્રજા પોતાના પૂર્વજોનાં મૂળ શોધવા પૂર્વજોની જન્મભૂમિમાં યાત્રાએ જાય છે તેવી જ રીતે આ પેઢીઓ પણ ભારતીય સંસ્કૃતિ અને જીવન વિશે સંશોધન કરીને તેનું ગૌરવ કરશે. એ અમેરિકન પ્રજાનો ભારતીય સંસ્કૃતિ અને જીવન પ્રત્યેનો રસ તે ઐતિહાસિક સંશોધન અને પ્રદર્શનથી વધુ નહીં હોય. ધર્મ અને વાણીસ્વાતંત્ર્યના દેશમાં પોતાની સંસ્કૃતિ જાળવવાની છૂટ બધાને છે, પણ તે જાળવણી અહીં ઊછરતી ભારતીય પ્રજા અમેરિકન ઢબે અહીં યોગ્ય થઈ રહે તેવી જ રીતે કરશે.

દૂર દૂરથી વહી આવતી અનેક નદીઓ જેમ સમુદ્રને મળે છે તેમ દુનિયાને ખૂણેખૂણેથી અનેક વંશોની પ્રજાઓ અમેરિકામાં આવીને વસે છે. નદીના મુખ આગળ સમુદ્રનાં પાણી ભલે નદીનો રંગ બતાવે પરંતુ જેમ જેમ સમુદ્રમાં દૂર જઈએ તેમ બધું એકરસ થાય છે. એ પાણી નદીનાં મટીને સમુદ્રનાં બને છે. પહેલી પેઢીના ભારતીય ઈમિગ્રન્ટ્સ આજે નદીના મુખ આગળનાં પાણી સમા છે એટલે વિશિષ્ટતા—એમની

ભારતીયતા—હજી સ્પષ્ટ દેખાય છે. પણ એમની ભવિષ્યની પેઢીઓ તો અમેરિકન મહાસમુદ્રમાં ક્યાંય એકાકાર થઈ ગઈ હશે. અન્ય વંશીય પ્રજાઓ આ રીતે જ ધીમે ધીમે અમેરિકન બની છે. અમેરિકીકરણના ઐતિહાસિક સત્યને આપણા અહીં સ્થાયી થઈને વસતા ભારતીયોએ નાછૂટકે સ્વીકારવું પડશે.

# Part V

# પરિશિષ્ટ ૨: અમેરિકામાં ગુજરાતી સાહિત્ય

## ગુજરાતી લિટરરી અકદામી

૧૯૭૭માં દેશમાંથી કવિશ્રી સુરેશ દલાલ અમેરિકાની મુલાકાતે આવ્યા હતા. એમણે સૂચન કર્યું કે અહીંના સાહિત્યરસિકોએ વારંવાર મળવું જોઈએ અને સાહિત્યિક પ્રવૃતિઓ જાળવી રાખવી જોઈએ. એ સૂચનને ખ્યાલમાં રાખી અમે થોડા સાહિત્યરસિક મિત્રોએ ગુજરાતી લિટરરી અકાદમી ઓફ નૉર્થ અમેરિકા નામે એક સાહિત્યિક સંસ્થા સ્થાપી. આ અકાદમી રામભાઈ ગઢવી અને અશોક મેઘાણીના પ્રશંસાપાત્ર નેતૃત્વ નીચે દર બે વરસે જુદાં જુદાં શહેરોમાં ગુજરાતી સાહિત્યનુ સંમેલન યોજે છે. આ સંમેલનમાં દેશમાંથી જાણીતા કવિ લેખકોને અમેરિકામાં બોલાવાય છે અને અમેરિકાનાં મોટાં શહેરોમાં એમની બેઠકો યોજાય છે. આ રીતે અકાદમીના આશ્રયે સર્વશ્રી મનુભાઈ

પંચોળી 'દર્શક,' ઉમાશંકર જોશી, હરીન્દ્ર દવે, નિરંજન ભગત, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, ચંદ્રકાંત શેઠ, ચિનુ મોદી, રતિલાલ બોરીસાગર જેવા ખ્યાતનામ સાહિત્યકારો અમેરિકામાં આવી ગયા. વધુમાં સુરેશ દલાલ, બકુલ ત્રિપાઠી, સિતાંશુ યશશ્ચન્દ્ર, ચંદ્રકાન્ત ટોપીવાળા, ધીરુભાઈ પરીખ, બળવન્તરાય જાની જેવા જાણીતા સાહિત્યકારો પણ અમેરિકા આવી ગયા છે. અને એમની અહીંની ઉપસ્થિતિનો લાભ આપે છે. કેટલાક તો એકથી વધુ વાર. આમાંના કેટલાક લેખકોના યજમાન થવાનો લાભ અમને મળ્યો છે.

અકાદમી તેમ જ બીજી સંસ્થાઓને આશ્રયે જુદાં જુદાં શહેરોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓ થતી રહે છે. ફિલાડેલ્ફિયાની એક જાણીતી સંસ્થા 'ફ્રેન્ડ્સ ઑફ ફિલાડેલ્ફિયા' વરસે બે વરસે અહીંના જાણીતા સાહિત્યકારોનું મૂલ્યાંકન કરતા સુંદર કાર્યક્રમો યોજે છે. આ પ્રવૃત્તિમાં પન્ના નાયક, મધુ રાય, અને બાબુ સુથારના સુંદર કાર્યક્રમો સાહિત્યપ્રેમી સુચી (સુચેતા) અને ગિરીશ વ્યાસના નેતૃત્વ નીચે થઈ ગયા. આ ઉપરાંત ફિલાડેલ્ફિયામાંથી બે ગુજરાતી સામયિકો—કિશોર દેસાઈ સંપાદિત ગુર્જરી ડાયજેસ્ટ અને બાબુ સુથાર સંપાદિત સંધિ નીકળે છે, જેમાં ગુર્જરી તો છેલ્લાં પચીસથી પણ વધુ વરસથી નીકળે છે! સંધિ જેવું ઉચ્ચ કક્ષાનું મૅગેઝિન આધુનિક ગુજરાતી સાહિત્યમાં મળવું મુશ્કેલ છે. અહીંનું પહેલું ગુજરાતી ડીજીટલ ગુજરાતી મૅગેઝિન કેસૂડાં પણ ફિલાડેલ્ફિયામાંથી નીકળ્યું હતું. ગુજરાતીઓની પ્રમાણમાં ઝાઝી સંખ્યા હોવાને કારણે ન્યૂ જર્સીમાં 'ચલો ગુજરાત', કે 'ગ્લોરિયસ ગુજરાત' જેવા મેળાઓ ભરાય ત્યારે એના આશ્રયે કવિસંમેલન અને મુશાયરા જરૂર યોજાય અને દેશમાંથી લોકપ્રિય કવિઓ અને ગઝલકારોને લોકો હજારોની સંખ્યામાં સાંભળે.

# ડાયસ્પોરા સાહિત્ય?

આ બધી સાહિત્યિક પ્રવૃત્તિઓ પછી પણ અહીં લખાતા સાહિત્યને ડાયસ્પોરા સાહિત્ય કહેવું કે નહીં તે વિવાદાસ્પદ પ્રશ્ન છે. ડાયસ્પોરા સાહિત્યનો આંતરરાષ્ટ્રીય ઇતિહાસ બહુ મોટો છે. હડધૂત થયેલી યહૂદી પ્રજાએ અસહિષ્ણુ ત્રાસવાદીઓથી બચવા પોતાનાં ઘરબાર છોડીને દુનિયામાં રઝળવું પડ્યું તેની યાતનામાંથી ડાયસ્પોરા

સાહિત્યની મુખ્યત્વે શરુઆત થઈ. એના મૂળમાં સ્વદેશમાં પાછા જવાની, મા ભોમના ખોળામાં ફરી રમવાની ઝંખના છે. આવું ઘરઝુરાપાનું સાહિત્ય તે ડાયસ્પોરા સાહિત્ય.

આવું સાહિત્ય તો રચાયા જ કરવાનું છે, કારણ કે યહૂદીઓ પર જે યાતનાઓ પડી તે આજે ઓછા વધુ પ્રમાણમાં બીજી અનેક પ્રજાઓ પર પડી રહી છે. આખીય વીસમી સદીમાં અને આ સદીનાં પહેલાં પંદર વરસમાં નિરાશ્રિતોની કોઈ કમી નથી કેમ કે ત્રાસવાદી સરમુખત્યારોની કોઈ કમી નથી. આપણી આંખ સામે અત્યારે મિડલ ઇસ્ટમાંથી હજારો અને લાખોની સંખ્યામાં લોકો પહેર્યે કપડે નીકળી પડે છે. માઈલોના માઈલો સુધી બાળબચ્ચાંઓ સાથે ચાલતા આ નિરાશ્રિતો યુરોપનાં બારણાં ખખડાવે છે. આ અસહ્ય યાતના અને દુઃખદ અનુભવમાંથી જે ઉપજે, જે રચાય તે સાચું ડાયસ્પોરા સાહિત્ય.

આ દૃષ્ટિએ જોઈએ તો અમેરિકામાં આવેલા ગુજરાતીઓ દેશમાંથી ભાગીને નથી નીકળ્યા. એ તો સ્વેચ્છાએ અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા એમ પશ્ચિમના દેશોમાં આવ્યા અને સ્થાયી થયા. પશ્ચિમના સુંવાળા અને સુખાળવા જીવનથી ટેવાઈ ગયા છે. ભાગ્યે જ કોઈ પાછું જવાનું નામ લે છે. એટલે સાચા અર્થમાં અહીં રચાતું સાહિત્ય એ ઘરઝુરાપાનું સાહિત્ય નથી. અને છતાં અહીં આવનારાઓમાંથી ઘણા સાહિત્યરસિકોને લખવું છે અને ઘણા લખે પણ છે. આ પ્રમાણે લખાતા સાહિત્યની નોંધ પણ લેવાય છે. ગ્રીડ ઇન્સ્ટિટ્યૂટ અને તેના નિયામક બળવંત જાની આ પરદેશમાં લખાતા સાહિત્યને સંગ્રહીત કરી એનો જે દસ્તાવેજી ઇતિહાસ તૈયાર કરે છે તે એક અભિનંદનીય ઘટના છે. જાણીતા વિવેચક અને સૂક્ષ્મ સાહિત્યમર્મી મધુસૂદન કાપડિયાએ પણ અમેરિકામાં વસતાં ગુજરાતી સાહિત્યકારોનો ઊંડો અભ્યાસ કરી એક પુસ્તક તૈયાર કર્યું છે તે અભ્યાસીઓને ખૂબ ઉપયોગી નીવડશે.79

પરદેશમાં જે લખાય છે તે મોટા ભાગનું માત્ર લખાણ છે, એને સાહિત્ય કહેવું કે કેમ એ એક મુશ્કેલ પ્રશ્ન છે. અહીંના લખનારાઓ પ્રયત્ન જરૂર કરે છે, પણ એમની સજ્જતા ઓછી. લોકોને કવિ કે સાહિત્યકાર થવું ગમે છે. તેમાં તે ગ્લૅમર જુએ છે. પણ સાહિત્યસર્જન માટે જે તૈયારી કરવી પડે, જે વાંચવું પડે, લખ-છેક-ભૂંસ કરવું પડે, તે એમને ગમતું નથી. અંગ્રેજી કે વિશ્વસાહિત્યની વાત બાજુમાં મૂકો, એમણે અગત્યનું ગુજરાતી સાહિત્ય પણ વાંચ્યું નથી. આને લીધે શિષ્ટ ગુજરાતી સાહિત્યકારોમાં પરદેશમાં લખાતા સાહિત્ય વિશે બહુ ઊંચો અભિપ્રાય નથી તે સમજી

શકાય છે. પરદેશમાં લખાતા સાહિત્ય વિશે પ્રામાણિક વિવેચન પણ જોવા મળતું નથી. એટલે અહીંના લખનારાઓ કવિ કે લેખક હોવાના ભ્રમમાં રહે છે.

# સાહિત્યનાં ખખડેલાં ધોરણો

જો કે દેશમાં પણ સાહિત્યનાં ધોરણ ખખડી ગયાં છે. ત્યાં પણ જેવું તેવું લખાય છે અને જેવું લખાય છે તેવું જ છપાય છે. કદાચ આ ટેક્નૉલૉજીનું પરિણામ છે. કહેવાય છે કે આજે ગુજરાતીમાં સેંકડોની સંખ્યામાં બ્લૉગ ચાલે છે. જેની પાસે લૅપટૉપ તે હવે લેખક! આના કારણે ગુજરાતી સાહિત્યમાં દ્વારપાલની(door keeper)ની જે અમૂલ્ય પ્રથા હતી તે ભુંસાઈ જવા આવી છે. એક જમાનામાં કવિ થવું હોય તો બચુભાઈ રાવત કે ઉમાશંકર જોશી જેવા દુરારાધ્ય તંત્રીઓની આકરી પરીક્ષામાંથી પસાર થવું પડે. તો જ કવિતા કુમાર કે સંસ્કૃતિ જેવા ઉચ્ચ કક્ષાના મૅગેઝિનમાં પ્રગટ થવાય. આ દ્વારપાલોને સાહિત્યનાં ઊંચાં ધોરણો અને શ્રેષ્ઠ પ્રથાઓ જાળવવી હતી.

હું મારી પોતાની જ વાત કરું તો કાવ્યપ્રવૃત્તિમાં મને આવા કોઈ દ્વારપાળ મળ્યા હોત તો મેં જે પહેલા ત્રણ કાવ્યસંગ્રહો (અમેરિકા, અમેરિકા, ઇન્ડિયા ઇન્ડિયા, અને પેન્સિલવેનિયા એવન્યૂ) પબ્લિશ કર્યાં છે તે ન જ કર્યાં હોત. જો કે એ તો હવે છૂટી ગયેલાં તીર હતાં. મારી એ સમગ્ર કાવ્યપ્રવૃત્તિમાંથી કંઈ બચાવવા જેવું હોય તે તારવીને એક સંગ્રહમાં મૂકવાનું દુષ્કર કાર્ય સૂક્ષ્મ કાવ્યમર્મી વિવેચક ધીરુ પરીખને મેં સોંપ્યું. એ સંવેદનશીલ કવિ મારી મૂંઝવણ સમજ્યા અને મિત્રધર્મે મેં લખેલી બધી જ કવિતાઓ વાંચી ગયા અને એમની દૃષ્ટિએ જે સાચવવા જેવું હતું તે સાચવ્યું. અને તે હવે સંવર્ધિત આવૃત્તિમાં અમેરિકા, અમેરિકા નામે એક જ વોલ્યુમમાં પબ્લિશ થયું છે.૪૦

વધુ દુ:ખની વાત એ છે કે આપણે ત્યાં જો શિષ્ટ સાહિત્યની ચોકીદારી કરતા કડક દ્વારપાળ નથી તો જે લખાય છે તે જોડણીની ભૂલો વગર છપાય તેવી એલિમેન્ટરી સંભાળ લે એવા પ્રૂફરીડર પણ નથી. જોડણીની ભૂલો વગરનાં પુસ્તકો જોવાં એ હવે વિરલ વાત બની ગઈ છે. જૂના જમાનામાં પત્રો નીચે એક તાજા કલમ મૂકાતી, 'તા.ક. ભૂલચૂક સુધારીને વાંચવા વિનંતિ.' મને લાગે છે કે હવે એવી વિનંતિભરી ચેતવણી લગભગ બધાં જ ગુજરાતી પુસ્તકોમાં મૂકવી અનિવાર્ય થઈ ગઈ છે. એમ પણ થાય છે

કે સ્વામી આનંદ જેવા અત્યંત ચીકણા લેખક જે એમના પ્રગટ થયેલા લેખોમાં એક પણ જોડણી ભૂલ ન ચલાવી લે તે કદાચ હવે કાંઈ પ્રગટ જ ન કરી શકે.

આજનો ગઝલકાર તો રમત રમતમાં કમ્પ્યૂટર પર ગઝલ લખી નાખે અને તુરંત વેબ ઉપર પોતાના બ્લૉગમાં મૂકી દે. એને કોણ કહે કે આવું ન લખાય? એને કોઈ પરીક્ષા આપવાની જરૂર નથી. અને જો પરીક્ષા ન આપવાની હોય તો પછી તૈયારી કરવાની શી જરૂર? કશું પણ લખતાં પહેલાં સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓ અને પ્રથાને આત્મસાત્ કરવા જે અસાધારણ પરિશ્રમ કરવો પડે, અઢળક વાંચન અને અભ્યાસ કરવા પડે, એવી સુફિયાણી વાત હવે કોઈ કરતું નથી. વધુમાં કેટલાક ગુજરાતી લેખકો તો હવે લખતા પણ નથી, લખાવે છે! જેવું બોલાય, તેવું ટાઇપિસ્ટ ટાઈપ કરે અને તેવું જ પ્રેસમાં જાય! દર અઠવાડિયે એકાદ-બે કૉલમ અને દર વરસે બે ત્રણ દળદાર પુસ્તકો પ્રગટ થઈ જાય. આવા ગુજરાતી સાહિત્યકારોના નામે દોઢસો બસો પુસ્તકો તો રમત રમતમાં જ થઈ જાય!

જો ગુજરાતમાં કવિ લેખકોની ખોટ નથી તો સુજ્ઞ વાંચકોની તો છે જ. જે વંચાય છે તે બહુધા પુસ્તકો કરતાં છાપાં અને મૅગેઝિનો, અને ખાસ તો તેમાં આવતી કોલમો. મુંબઈની પરાંની ટ્રેનમાં લોકોના હાથમાં પુસ્તકો કરતાં છાપાં અને મૅગેઝિનો વધુ જોવા મળે. એક જમાનામાં લોકો રમણલાલ વસંતલાલ દેસાઈ કે કનૈયાલાલ મુનશીની નવલકથાના દળદાર પુસ્તકો હોંશે હોંશે વાંચતા. હવે મુખ્યત્વે છાપાં કે મૅગેઝિનોમાં ધારાવાહિક આવતી નવલકથાઓ વંચાય છે. લોકોનો વાંચવાનો સમય ટીવી અને વિડિયોએ ભરખી ખાધો છે. વધુમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનું શિક્ષણ ક્ષીણ થતું જાય છે. મુંબઈમાં તો ગુજરાતી માધ્યમની શાળાઓનો લગભગ અસ્ત આવી ગયો છે. મુંબઈનાં ગુજરાતી કુટુંબોમાં ઉછરતી પેઢીના બાળકો ભલે ગુજરાતી બોલે, પણ એમનું ગુજરાતી વાંચન કે લેખન તો નહિવત્ જ થઈ ગયું છે. ગુજરાતનાં મોટાં શહેરોમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓનો મહિમા મોટો છે. આ કારણે શિષ્ટ ગુજરાતી ભાષા સાહિત્યનું ભવિષ્ય એ મોટી ચિંતાનો વિષય છે.

# સુરેશ દલાલ—જલસાનો માણસ

સાહિત્ય અકાદમીને કારણે મને અગ્રગણ્ય ગુજરાતી સાહિત્યકારોને મળવાનું થયું, એમાં સુરેશ દલાલ સાથે મૈત્રી થઈ અને મનુભાઈ પંચોળી 'દર્શક' અને ઉમાશંકર જોશી સાથે પરિચય બંધાયો. ૧૯૭૭માં સુરેશ દલાલ પહેલી વાર અમેરિકા આવ્યા ત્યારે પન્ના નાયક એમને લઈને વૉશિંગ્ટન આવ્યા હતા. એમની એ મુલાકાત દરમિયાન અને ત્યાર પછી ઘણી વાર જ્યારે પણ સુરેશભાઈ અમેરિકા આવ્યા ત્યારે અને હું જ્યારે દેશમાં જાઉં ત્યારે તેમને મળવાનું જરૂર થાય.

જો કે આમ તો કવિતા લખવાનાં છબછબિયાં મેં ઠેઠ હાઈસ્કૂલથી શરૂ કરેલાં અને કૉલેજમાં પણ કવિતાઓ લખીને એક હસ્તલિખિત કાવ્યસંગ્રહ સ્વપ્નલોક નામે તૈયાર કર્યો હતો. પરંતુ મારી કાવ્યલેખનની પ્રવૃત્તિ કૉલેજ પછીના મુંબઈની હાડમારીનાં વરસોમાં ધોવાઈ ગઈ. સુરેશ દલાલે મને ફરી વાર સાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત કર્યો, ખાસ કરીને કવિતામાં. એમના સતત પ્રોત્સાહનથી મેં ફરી પાછી મારી કાવ્યપ્રવૃત્તિ શરૂ કરી. મારી મોટા ભાગની કવિતાઓ એમના સામયિક કવિતામાં પ્રગટ થઈ. વધુમાં એમની જ પ્રકાશનસંસ્થા ઇમેજે મારા ત્રણે-ત્રણ કાવ્યસંગ્રહો પ્રગટ કર્યાં.

મુંબઈના ગુજરાતી સાહિત્યજગતમાં ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાઓમાં એમનું રાજ્ય એકહથ્થુ ચાલતું. એમણે યોજેલા કાવ્યસમ્મેલનો અને મુશાયરાઓ ખૂબ જ વખણાતા. એમનું નામ પડતાં જ હોલ ભરાય. એમની આ લોકપ્રિયતા અમેરિકામાં પણ પ્રસરેલી. એક વાર ન્યૂ જર્સીના એક કાર્યક્રમમાં લગભગ દોઢેક હજાર માણસો હશે. એ કાર્યક્રમમાં જાણીતા કથાકાર શ્રી મોરારિબાપુ પણ ઑડિયન્સમાં હાજર હતા. સુરેશભાઈને પ્રવચન પછી આખાયે સભાગણે સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. કોઈ પણ ઑડિયન્સને પારખવાની એમની પાસે અદ્ભુત સૂઝ હતી. ગુજરાતી સાહિત્યના ધુરંધર કવિ લેખકો ઊંડે ઊંડે એવી આશા રાખતા કે સુરેશ દલાલ એમનો કાર્યક્રમ મુંબઈમાં યોજે. કેટલાક તો સામેથી કહેતા કે અમારો કાર્યક્રમ યોજો. ઉમાશંકર જોશી, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ, મકરંદ દવે વગેરેના કાર્યક્રમો એમણે હોંશે હોંશે યોજેલા. એ કવિ સંમેલનો યોજે તો કવિઓને જરૂર પુરસ્કાર આપે, અને જે જે કવિ બહારગામથી આવ્યા હોય તેમને ઍરફેર પણ આપે!

એમની પ્રકાશન સંસ્થા ઇમેજે ગુજરાતી પુસ્તકોના રંગરોગાન જ બદલી નાખ્યા. આકર્ષક કવર, સ્વચ્છ અને સુઘડ મુદ્રણ, પાકી બાંધણી—આ બધું જોતાં પુસ્તક હાથમાં લેવાનું મન થાય. ક્યા લેખકનું અને કેવું પુસ્તક જલદી વેચાશે, અને કયું ગોડાઉનમાં જઈને જગ્યા રોકશે એની સુરેશભાઈને સ્પષ્ટ સમજ. એક વાર મને કહે, મારા કવિ મિત્રોને કવિતા છપાવવા માટે લુચ્ચા પ્રકાશકોની દાઢીમાં હાથ ઘાલવા ન પડે એટલા માટે મેં ઇમેજ શરૂ કર્યું છે. વધુમાં મનગમતા કવિલેખકોનાં પુસ્તકો હું છાપી શકું એ બોનસ. એટલું જ નહીં, ગુજરાતના અગ્રગણ્ય કવિઓ તેમ જ બીજા અનેકનાં ચૂંટેલાં કાવ્યો અને સર્જનોનું પ્રકાશન હાથમાં લઈને એમણે અમેરિકાની 'મોડર્ન લાઇબ્રેરી' જેવી પ્રકાશનની વ્યવસ્થા ગુજરાતી સાહિત્યમાં કરી દીધી. રામનારાયણ પાઠક, સ્વામી આનંદ, ઉમાશંકર જોશી, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ, મકરંદ દવે વગેરે ગુજરાતી કવિ લેખકો તેમજ વિદેશના અનેક લેખકોને એમણે પબ્લીશ કર્યા. કૉલેજમાં ભણતા હતા ત્યારથી જ એમણે સાહિત્યનો, ખાસ કરીને ગુજરાતી કવિતાનો ભેખ લીધો હતો. કૉલેજકાળમાં પણ દર વર્ષે પોતાને ગમતી કવિતાઓની પુસ્તિકાઓ ગાંઠનું ગોપીચંદન કરીને પબ્લીશ કરતા!

નરસિંહ મહેતાથી માંડીને આધુનિક અને અનુઆધુનિક ગુજરાતી કવિઓની અનેક કવિતાઓ એમને મોઢે. એમ કહેવાતું કે ન કરે નારાયણ અને કોઈ મહાપ્રલયમાં બધાં જ ગુજરાતી કાવ્યસંગ્રહો તણાઈ જાય પણ જ્યાં સુધી સુરેશ દલાલ જીવે છે ત્યાં સુધી ગુજરાતી કવિતા જીવતી રહેશે! સમજો કે ગુજરાતી કવિતાના એ જીવતા જાગતા ઍન્સાઇક્લોપિડિયા હતા. એમણે જન્મભૂમિ જૂથનું કવિતા ૪૫થી વધુ વરસો એક હાથે ચલાવ્યું. કોઈ કવિએ આટલા લાંબા સમય સુધી કવિતાનું મૅગેઝિન ચલાવ્યું હોય એવું સાંભળ્યું નથી. આ મૅગેઝિન દ્વારા એમણે ગુજરાતને ઘણા કવિઓ આપ્યા.

મુંબઈની સોમૈયા અને કે. સી. કૉલેજમાં પ્રૉફેસર તરીકે એ ખૂબ લોકપ્રિય હતા. એમનો ક્લાસ ભરવા માટે પડાપડી થાય. ગુજરાતી કવિતાને આમજનતા સુધી પહોંચાડવાનો યશ સુરેશ દલાલને જ જાય છે. વધુમાં એ લોકપ્રિય કોલમીસ્ટ પણ હતા. જન્મભૂમિ, દિવ્ય ભાસ્કર, ચિત્રલેખા વગેરે છાપાં મૅગેઝિનોમાં એમની કૉલમ નિયમિત છપાતી. 'ફ્લડ ધ માર્કેટ' એવી ફિલોસોફીને આધારે એ અઢળક લખતા. એમના કાવ્યસંગ્રહો, લેખસંગ્રહો, સંપાદનો વગેરે પુસ્તકોની સંખ્યા સેંકડો સુધી પહોંચેલી! એમના સર્જનાત્મક કાર્ય ઉપરાંત એમની અન્ય પ્રવૃત્તિઓ—સંપાદન, પ્રકાશન,

સંચાલન, અધ્યાપન, યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેશન વગેરે તો ચાલુ જ રહેતી. આવી અનેક પ્રવૃત્તિઓમાં સતત ગળાડૂબ રહેતા હોવાને કારણે એમનામાંનો સર્જક કવિ ગૂંગળાઈ જાય છે તેવું મને સતત લાગ્યા કરતું. એમનો જવાબ સ્પષ્ટ હતો. ઉમાશંકર જોશીએ જે એક વાર કહેલું તેનો પડઘો પાડતા હોય એમ કહે કે આ બધામાં જે ટકવા જેવું હશે તે ટકશે, બાકી બધું કાળની ચાળણીમાં ચળાઈ જશે. એમને એમની મર્યાદાઓનું સ્પષ્ટ ભાન હતું.

એમની સામે મારી જેમ અનેક મિત્રોની એક ફરિયાદ એ હતી કે એ એમના સ્વાસ્થ્ય માટે સાવ બેદરકાર હતા. એમનું શરીર અનેક રોગોનું ધામ હતું. એમને ઘેર મારું રહેવાનું થતું ત્યારે હું જોતો કે એમના પત્ની સુશીબહેન હંમેશ સવારમાં બગીચામાં ચાલવા જાય, પણ સુરેશભાઈના પેટનું પાણી ન હલે. એ ભલા અને એમની સિગરેટ ભલી. એમનું ખાવાનું પણ એવું જ. છેલ્લાં વરસોમાં એમની તબિયત ખૂબ લથડી હતી. છતાં, એ ડગુંડગું કરતા કોઈની મદદ લઈને જ્યારે કવિતા વિશે બોલવા માઈક હાથમાં લે ત્યારે એમનો જુસ્સો અને રણકો તો એવા ને એવા જ!

એમની લાઈફ સ્ટાઈલ પણ રાજાશાહી! એક વાર એમને ત્યાં હું વડોદરા રહેલો. એ ત્યારે ત્યાંની યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર હતા. એમની જેમ મને પણ વહેલા ઊઠવાની ટેવ. ટૂથબ્રશ કરી મોઢું ધોઈને ઘરના ઑફિસરૂમમાં આવે, ત્યારે એમના માટે ચા તૈયાર હોય. એમની અનેક ડિમાન્ડને પૂરી કરવા લોકો વહેલી સવારથી જ હાજર હોય. એ સવારની ચા અને સિગરેટ પીતા હોય, ત્યાં એક ક્લાર્ક આવે. સુરેશભાઈ એને એમની કૉલમ લખાવે. એ સડસડાટ બોલતા જાય, ક્લાર્ક ફટફટ લખતો જાય. ચાનો બીજો કપ આવે ત્યાં સુધીમાં તો કૉલમ લખાવાઈ ગઈ હોય. ત્યાં વળી યુનિવર્સિટીનો ક્લાર્ક આવે. આજે શું શું કરવાનું છે તેની વાતો થાય. એ જાય અને સુરેશભાઈ કહે: બસ, આપણે છૂટા! અને હજી સવારના નવ પણ ન વાગ્યા હોય.

એની જેમ છૂટે હાથે પૈસા વેરતો કોઈ ગુજરાતી કવિ મેં જોયો નથી. મુંબઈમાં એમને પોતાની કાર નહોતી ત્યાં સુધી હંમેશ ટૅક્સીમાં જ ફરતા. શું અમેરિકામાં કે શું દેશમાં, શું રેસ્ટોરાંમાં કે શું બૂકસ્ટોરમાં પૈસા આપવાનો આગ્રહ એ જ રાખે. એક વાર એમને લઈને અમે અહીંના એટલાન્ટિક સીટીના કસીનોમાં ગયેલા. પોતાના હાથમાં જેટલા ડોલર હતા તે એની સાથે આવેલા મિત્રને સહજ જ આપતા કહે, જા, રમ આનાથી! મુંબઈમાં અમે જ્યારે રેસ્ટોરાંમાં જઈએ ત્યારે એમના ડ્રાઇવરને પણ રેસ્ટોરાંમાં જમાડે.

સુરેશભાઈ ભારે સ્વમાની, ભલભલાને સંભળાવી દે. દેશના મીનિસ્ટરો એમ માને કે જે કોઈ સરકારી નોકર હોય તેની ઉપર પોતે રૂઆબ છાંટી શકે, પછી ભલે ને એ ઊંચી કક્ષાનો સિવિલ સર્વન્ટ હોય. સુરેશભાઈ જ્યારે વડોદરાની યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર હતા ત્યારે ગુજરાતના તે વખતના એક મીનિસ્ટરે એમની ઉપર રૂઆબ છાંટવાનો પ્રયત્ન કર્યો! એમણે મીટિંગ માટે સુરેશભાઈને ગાંધીનગર બોલાવ્યા અને કલાકો સુધી કોઈ કારણ આપ્યા વગર ઑફિસની બહાર બેસાડી રાખ્યા. સુરેશભાઈ સમજી શક્યા કે આ અધિકારી શું કરી રહ્યા છે. ત્યાં ને ત્યાં જ એમણે વાઇસ ચાન્સેલરશીપનું રાજીનામું આપી દીધું અને મુંબઈ જવાની પહેલી ટ્રેન પકડી! અધિકારીને ખબર પડી કે એણે શું કર્યું. એણે સુરેશભાઈને મનાવવા ખૂબ મહેનત કરી. વિનંતી કરી કે તમે રાજીનામું પાછું ખેંચો. સુરેશભાઈ કહે, આ રાજીનામું નથી, નારાજીનામું છે!

સુરેશ દલાલ જેવા મિત્ર મળવા મુશ્કેલ. અધી રાતે જરૂર પડતા આવીને ઊભા રહે. એમણે અનેક કવિઓને મદદ કરી છે. એમની સાથે કલાકોના કલાક અલકમલકની વાતો કશીય છોછછાછ વગર કરવાની મજા પડે. મોટા ભાગના ગુજરાતી કવિ લેખકો માથે ગામ આખાનો ભાર લઈને ફરતા હોય એવું લાગે. આ કવિઓ સાથે કોઈ મસ્તીમજાકની વાત કરતાં બીક લાગે. કદાચ એમને ખોટું લાગી જાય તો? સુરેશભાઈ એ બધાથી સાવ જુદા. એ જ એક એવા ગુજરાતી કવિ મને મળ્યા છે કે જેમની સાથે બારમાં જઈને બે ત્રણ ડ્રીન્કસ લઈને ગપ્પાં મરાય, ગૉસીપ કરી શકાય. મારો બીજો કાવ્યસંગ્રહ, ઇન્ડિયા, ઇન્ડિયા એમને અર્પણ કરતા મેં લખ્યું હતું :

**શરાબ, સિગરેટ, કેફ વધુ કાવ્યનો માણતા,**
**સદાય જલસો કરો, બધું પ્રમાણતા, જાણતા!**

# શુચિર્દક્ષ દર્શક

દેશમાંથી અકાદમીના આશ્રયે અમેરિકા આવેલા સાહિત્યકારોમાં મનુભાઈ પંચોળી 'દર્શક'નું મહત્ત્વ મને વિશેષ હતું. એમની લોકપ્રિય નવલકથા ઝેર તો પીધાં છે જાણી

જાણી હું કૉલેજમાં ભણેલો. એ નવલકથાનાં પાત્રોનું—સત્યકામ, રોહિણી, અચ્યુત વગેરેનું મારા કિશોર મનને ઘેલું લાગેલું. ખાસ કરીને અચ્યુત અને સત્યકામનાં યુરોપના પરાક્રમો વાંચીને મને પરદેશ જવાની પ્રેરણા મળેલી. થયું કે આવું આપણને કરવા મળે તો કેવું!

પછી ખબર પડી કે દર્શક પોતે તો માંડ પાંચ ચોપડી ભણેલા હતા! યુરોપ અને હિંદના ઇતિહાસનો એમનો અભ્યાસ જાતકમાઈનો હતો. જેમણે હાઈસ્કૂલ પણ પૂરી કરી નથી અને જેમની પાસે કૉલેજની કોઈ ડીગ્રી નથી, અને છતાં જે ગુજરાતના એક ગામડામાં બેસીને યુરોપનાં વિશ્વયુદ્ધો અને વિચારધારાઓનો અભ્યાસ કરે અને એના વિશે પુસ્તકો લખે, એમનો ચેતોવિસ્તાર કેવો વિશાળ હશે! દર્શક નાનાભાઈ ભટ્ટ અને સ્વામી આનંદના શિષ્ય હતા. નાનાભાઈ આગળ એ ઉપનિષદ ભણ્યા. અને પછી તેમની સાથે જ રહી લોકભારતી વિદ્યાપીઠ ચલાવી. આઝાદીની લડાઈમાં નાની ઉંમરે જોડાઈને જેલમાં જઈ આવેલા. એમનો ગાંધીવાદ પોથીમાંનાં રીંગણાંનો નહીં, પણ રગેરગમાં ઊતરેલો હતો.

એક વાર એ મુંબઈ આવેલા ત્યારે ભારતીય વિદ્યાભવનના ગીતામંદિરમાં એમનું પ્રવચન યોજાયેલું. ત્યાં મેં એમને પહેલી વાર મેં જોયા. ખાદીની ચોળાયેલી કફની અને ધોતિયાનો એમનો સાદો પહેરવેશ, માથે ઊડતા ધોળા વાળ, અને ખરજવાને ખંજવાળતા ખંજવાળતા પ્રવચન કરતા મેં એમને જોયા. એ શું બોલ્યા તે આજે મને યાદ નથી, પણ તેમની જે છબી મારા મનમાં પડી તે હજી પણ તાદૃશ છે. પ્રવચન પત્યે મારે એમની પાસે જઈને કહેવું હતું કે હું તમારી નવલકથા ભણ્યો છું અને મને એ ખૂબ ગમી છે. પણ એમની આજુબાજુ એટલા બધા સાહિત્યરસિકો ઘેરાઈને ઊભા હતા કે મારી નજીક જવાની હિંમત ન ચાલી. ત્યારે મને કલ્પના પણ ન હતી કે ભવિષ્યમાં હું એમનો યજમાન બનીશ.

અમે મિત્રોએ જ્યારે અમેરિકાની ગુજરાતી સાહિત્યની અકાદમી સ્થાપી ત્યારે એના પહેલા લેખક મહેમાન તરીકે દર્શકને બોલાવ્યા. એમને દેશમાં જઈને આમંત્રણ આપવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું. એ નિમિત્તે હું પહેલી જ વાર સણોસરા ગયો અને અમારો સંબંધ બંધાયો. પછી તો જ્યારે જ્યારે હું દેશમાં જાઉં ત્યારે એમને મળવા સણોસરા જાઉં. એ પણ અમેરિકા આવે ત્યારે અઠવાડિયું, દસ દિવસ જરૂર અમારે ત્યાં વૉશિંગ્ટન આવે. જ્યારે જ્યારે એમને મળવાનું થાય ત્યારે દેશવિદેશના રાજકારણની અને અન્ય

અલકમલકની વાતો થાય. એ વાતચીતોમાં એમનું નવું જાણવાનું કુતૂહલ પ્રગટ થતું. આ વાતચીતોમાં એમની ગાંધીભક્તિ, નાનાભાઈ અને સ્વામી આનંદ પ્રત્યેનો આદર, તૉલ્સતૉય, લિંકન જેવા મહાનુભાવો માટે એમનું અપાર માન, લોકસેવા અને લોકશિક્ષણ કરવાની એમની તીવ્ર ઝંખના વગેરે દેખાઈ આવે.

દેશથી આવતા મુલાકાતીઓ અહીંયા શૉપિંગ કરવામાં રસ ધરાવે, ત્યારે દર્શકને તો અમેરિકાનાં અગત્યના ઐતિહાસિક સ્થાનો જોવાનો અને અહીંના વિચારકોને મળવામાં રસ. આવીને કહે કે આપણે ગેટીસબર્ગ જઈએ. અમેરિકાની ભીષણ સિવિલ વૉરની મોટી લડાઈ ત્યાં થયેલી અને ત્યાં જ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને એમનું બહુ ટૂંકું પણ વિશ્વવિખ્યાત પ્રવચન આપેલું. ગેટીસબર્ગ વૉશિંગ્ટનથી લગભગ સોએક માઈલ દૂર. એક સવારે દર્શકને લઈને અમારો કાફલો ઊપડ્યો. જે જગ્યાએ લિંકને એમનું પ્રવચન આપેલું ત્યાં ગયા. દર્શક ભાવવિભોર થઈ ગયા. મને કહે, તેમ થોડી વાર માટે લિંકન બની જાવ. એનું પ્રવચન બોલો. મારે એ ટેઈપ કરવું છે, અને પાછા જઈને મારા વિદ્યાર્થીઓને સંભળાવવું છે! એ સમયે પોતે અમેરિકન સિવિલ વોરનો અભ્યાસ કરતા હતા. એની ફલશ્રુતિ રૂપે એ વિષયની એક નવલકથા પણ એમણે આપી.

દર્શકની બાબતમાં 'what you see is what you get!' પોતે જે માને છે, તે કશું છુપાવ્યા વગર, કોઈ રમત રમ્યા વગર સ્પષ્ટ કહી દે. 'વોઈસ ઑફ અમેરિકા'માં મેં જે ઇન્ટરવ્યૂ ગોઠવ્યો હતો તે એમણે સહેલાઈથી આપ્યો. દર્શકના રસના વિષયો વિવિધ. ભલે ગાંધીવાદી ખરા, પણ એ બાબતનું કોઈ વેદિયાપણું નહીં. મને કહે, " હું તો જબરો રોમેન્ટિક છું હોં! ચોપાટ રમવા બેસું તો આખી રાત નીકળી જાય. ચા અને આઈસ્ક્રીમનો મોટો શોખ. એક વાર કહે, જાવ, મકાઈ લઈ આવો. શેકીએ અને ખાઈએ! મોટા લેખક છે એવું ભૂસું મનમાં રાખે નહીં. સાંજના એક દિવસ હું ઑફિસેથી ઘરે પાછો આવ્યો તો જોયું તો એ મારી પત્ની નલિની સાથે શાક સમારતા બેઠા બેઠા અલકમલકની વાતો કરતા હતા!

અમેરિકાની એકેએક મુલાકાતમાં જેટલું જાણવા મળે તેટલું જાણી લેવું, એવું એમનું માનવું. એક વાર હું એમને અહીંના વિખ્યાત એકલવીર પત્રકાર આઈ.એફ.સ્ટોનને મળવા લઈ ગયેલો. સ્ટોને સોક્રેટીસ ઉપર પુસ્તક લખેલું. દર્શક પોતે પણ ત્યારે સોક્રેટીસના જીવન પર નવલકથા લખી રહ્યા હતા. સ્ટોન સાથે એક બ્રેકફાસ્ટમાં એમણે સોક્રેટીસ વિશે ઘણી વાતો કરી. અંતે સ્ટોનને કહે કે ઉંમરમાં તમે મારાથી મોટા છો તો

મને આશીર્વાદ આપો! એક મુલાકાતમાં ક્રિશ્ચિયન સાધુઓ મોનેસ્ટરીમાં ધર્મસાધના કેમ કરે છે અને ત્યાં બહારની દુનિયાથી સાવ વિખૂટા પડીને કેમ જીવે છે તે તેમને જોવું હતું. એ જોવા માટે અમે વૉશિંગ્ટનથી પચાસેક માઈલ દૂર આવેલી એક મોનેસ્ટરીમાં ગયા. ત્યાંના મઠાધિકારી સાધુ સાથે હિંદુ અને ક્રિશ્ચિયન ધર્મ વિશે એમણે ચર્ચા કરી.

એ હાડે શિક્ષક હતા. પોતે ભલે અમેરિકામાં હોય, પણ એ સણોસરાની લોકભારતી વિદ્યાપીઠ કે એના વિદ્યાર્થીઓને ભૂલે નહીં. લોકભારતીની ગાયો વધુ દૂધ આપતી થાય એ માટે અહીંના આખલાઓ સાથે એનું ક્રોસ બ્રીડીંગ કરી શકાય કે નહીં તે વિશે જાણવા અમે અહીંની યુનિવર્સિટી ગયા. તે વિષયના નિષ્ણાતો સાથે વાતો કરી એ બાબતની માહિતી મેળવી. એક વાર કહે કે આપણે ત્યાં ગામડાંઓનું બહુ શોષણ થયું છે. એ શોષણ અટકાવવા માટે અમે ગામડાંઓના છોકરાછોકરીઓને શીંગડાં બતાડતા શીખવીએ છીએ. એવા શોષણને નીચી મૂંડીએ મૂંગા મૂંગા સહન કરવાને બદલે એનો સામનો કરવાનું શીખવીએ છીએ. ગામડાંવાસીઓને સજ્જ કરવાની અમારી ફરજ છે, હજી પણ દેશની બહુમતિ પ્રજા ગામડાંઓમાં વસે છે. હું એમને ચીનના અર્બાનાઈઝેશન વિશે વાત કરી ને કહું કે દેશની ભયંકર ગરીબીમાંથી છૂટવા માટે આ એક મૉડેલ વિચારવા જેવું છે, પણ એમનો ગ્રામોદ્ધાર પ્રત્યેનો ગાંધીવાદી બાયસ એવો જબરો હતો કે એ વાત દર્શક સાવ નકારી કાઢતા. કહેતા કે ગામડાંઓમાંથી લોકોને બહાર કાઢવાને બદલે ગામડાંઓને કેમ સુધારીએ નહીં?

એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે અમેરિકામાં વસતા હતા તેમનો સંપર્ક સાધવા પ્રયત્ન કરે. એમના અને એમનાં કુટુંબોના ખબરઅંતર પૂછે. દેશમાંથી થોકડાબંધ એમના પત્રો આવે, અને એ બધાનો જાતે જ જવાબ લખે. કહે, “મને માણસમાં રસ છે.” અમેરિકામાં વસતા ભારતીયોના પ્રશ્નો શું છે તે વિશે જાણવા પણ એ આતુર. એ બાબતના પોતાનાં મંતવ્યો પણ રજૂ કરે. અમેરિકામાં જે રીતે કુટુંબવ્યવસ્થા કથળી ગઈ છે તે વિશે ચેતવતા એક વાર કહે કે કોઈ પણ સમાજ કે સંસ્કૃતિનો પાયો એની સ્થાયી કુટુંબ વ્યવસ્થામાં છે અને તેથી જ તો આપણે ભારતીયોએ અહીં પણ આપણું કુટુંબ જાળવવું જોઈએ. હુતો અને હુતી એકલા રહે અને કહે કે અમે તો સંપથી રહીએ છીએ, એમાં શી નવાઈ? ઘરમાં ભાઈબહેન, માબાપ એમ સગાંસંબધીઓ સાથે રહેતાં હોય તો જરૂર કચકચ થાય. વાસણ હોય તો ખખડે. એ બધાંની સાથે રહેવામાં આપણી કસોટી છે. આખરે તો સંયુક્ત અને સ્થાયી કુટુંબમાં જ આપણું શ્રેય છે. પતિપત્ની વચ્ચે જે વિસંવાદ હોય

તે સમજીને સુધારવો, પણ છૂટાછેડા તો ન જ લેવાય. મેં જ્યારે એમને તોલ્સ્તોય અને એમની પત્ની વચ્ચેના વિસંવાદની વાત કરી તો કહે: તોલ્સ્તોય જેવા માણસને યોગ્ય પત્ની ક્યાંથી લાવવી?

દેશના રાજકારણમાં એમનો સક્રિય રસ. એ વિશે એમના ગાંધીવાદી વિચારો વ્યક્ત કરવા હંમેશ બેધડક લખતા. જ્યારે જરૂર પડી ત્યારે ચૂંટણી પણ લડ્યા. શિક્ષણપ્રધાન થયા. સાથે સાથે લોકભારતી જેવી મોટી વિદ્યાપીઠ પણ ઠેઠ સુધી ચલાવી. આવી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા એમના જીવનમાં એમને નવલકથા અને નાટકો લખવાનો સમય ક્યાંથી મળતો? મને એમ હંમેશ લાગ્યા કર્યું છે કે એમનું સાહિત્યસર્જન જાણે ડાબા હાથનો ખેલ હતો. એટલે જ તો મને એમના સર્જનમાં શિથિલતા દેખાય છે. સ્વામી આનંદ જેવા જે એકે એક શબ્દ ચકાસતા સાહિત્યમર્મી હતા તે તો એમને ઠપકો આપતા. કહેતા, "તું લખે છે તેમાં લાપસી સાથે આ કાંકરા કેમ આવે છે?"

છેલ્લો એમને હું મળવા ગયેલો ત્યારે કંઈક નિરાશાના રીફ્લેક્ટીવ મૂડમાં હતા. એમના ઉપર એક મોટી આફત આવી પડી હતી. એમની જ સંસ્થામાં એક (ગાંધી નામના!) અકાઉન્ટન્ટે લાખો રૂપિયાનો ગોટાળો કર્યો હતો! છાપાંઓએ એ વાત બહુ ચગાવી હતી. બધે હાહાકાર થઈ ગયો. લોકભારતી જેવી ગાંધીઆદર્શ અને નીતિમત્તા શીખવતી સંસ્થામાં એનો જ એક કર્મચારી કૌભાંડ કરે એ વાત દર્શક માટે અસહ્ય થઈ પડી હતી. જાણે કે એ ભાંગી પડ્યા હોય એવું લાગ્યું. ખાસ કરીને દર્શક જેવા અણીશુદ્ધ લોકસેવકને જતી જિંદગીએ આ જોવું પડ્યું એ એમના મિત્રો અને પ્રશંસકો માટે પણ દુ:ખ અને ચિંતાનો વિષય હતો. આ દુ:ખદ બનાવ બન્યા પછી દર્શક લાંબું જીવ્યા નહીં.

હું જ્યારે જ્યારે દર્શકનો વિચાર કરું છું ત્યારે એમણે લોકભારતીમાં હજારો વિદ્યાર્થીઓ તૈયાર કરીને જે અમૂલ્ય સેવા કરી છે તે તો સહજ જ યાદ આવે, છતાં લોકભારતીનો એમનો પ્રયોગ મને પટોમ્પકિન વિલેજની વાત યાદ આવે છે. ૧૭૮૭માં ક્રાઇમિઆમાં ફરવા નીકળેલા રશિયાના મહારાણી કેથરીન પર છાપ પાડવા માટે ગ્રિગોરી પટોમ્પકિન નામના રશિયન અધિકારીએ એક આદર્શ ગામ તૈયાર કર્યું અને રાણીને બતાડ્યું કે એમના રાજ્યમાં રશિયામાં કેવી પ્રગતિ થઈ છે અને લોકો કેટલા સુખી છે! લોકભારતીમાં પ્રવેશ કરતાં જ બધું સ્વચ્છ અને સુંદર દેખાય. મકાનો લાઈનસર બંધાયેલા, ફૂલોથી લચી પડતા બગીચાઓ, વ્યવસ્થિત રોપાયેલાં વૃક્ષો, ગૌશાળામાં દરેક ગાયને નામથી બોલાવી શકાય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વગેરે વિવેક

અને શિસ્તથી એક બીજા સાથે વર્તે, બધા વિદ્યાર્થીઓ સાથે જમે, વાર તહેવારે મિષ્ટાન ફરસાણ પણ હોય, ક્યાંય તંગી ન વર્તાય! (દર્શકને પોતાને જ આઇસ્ક્રીમનો જબરો શોખ!) સવારસાંજ પ્રાર્થનાસભામાં બધા સાથે મળે અને ભજનો ગાય, અને આદર્શ જીવન કેમ જીવવું એની ચર્ચા થાય.

આ બધું સાવ સાચું, પણ જેવા લોકભારતીના દરવાજા બહાર નીકળો કે તમને સણોસરામાં એનું એ જ દેશનું ગામડું દેખાય! એ જ ગંદકી, ગરીબી, અને ગેરવ્યવસ્થા. અર્ધા નાગા છોકરાઓ ધૂળમાં રમતા દેખાય, અને જે નાના નાના છોકરાઓએ નિશાળમાં જઈને કક્કા બારાખડી ભણવું જોઈએ એ વાંકા વળીને દિવસરાત હીરા ઘસતા દેખાય. નોકરીધંધા ઓછા એટલે પુરુષો ઓટલે બેઠા બેઠા બીડીઓ ફૂંકે. છોકરાઓની હીરા ઘસવાની કમાણી પર ઘર ચાલે! જેવું દેશનાં લાખો ગામડાંનું તેવું જ સણોસરાનું. આઝાદીને આજે સાંઠથી વધુ વર્ષો થયાં પછી પણ દુનિયાભરના વધુમાં વધુ અભણ માણસો આપણા દેશમાં છે! દેશની લગભગ ૪૦ ટકા વસતી (૩૦૦ મીલિયન) અભણ છે!

લોકભારતી અને સણોસરા ગામ—આ બન્નેની દુનિયા જાણે કે સાવ જુદી જ. એ બે દુનિયા વચ્ચેનો આડાગાડાનો તફાવત જોતા લોકભારતીનો પ્રયોગ માત્ર સ્વપ્ન સમાન પટોમ્પકિનના આદર્શ ગામ જેવો લાગે. આનો અર્થ એ નથી કે દર્શકને આ વિરોધાભાસનું ભાન નહોતું. લોકભારતીની દીવાલની બહારના સણોસરાની એમને ખબર હતી. એ તો આખો દેશ ભમી ચૂકેલા. ગરીબ બિહાર રાજ્યના કંગાળ પ્રાંતોમાં જયપ્રકાશ નારાયણ સાથે ફરેલા અને કામ કરેલું. દીવાલની આજુબાજુની બે સાવ જુદી દુનિયાનું એમને સ્પષ્ટ ભાન હતું, પણ એમનો જવાબ પૂરેપૂરો ગાંધીઅન હતો: મારાથી જે થાય છે તે હું કરું છું. બહારની દુનિયાના ભીષણ અંધકાર સામે હું જો મારો નાનો સરખો પણ દીવો ન સળગાવું તો હું મારી ફરજ ચૂક્યો ગણાઈશ. એટલે જ તો લોકભારતી કરીને અમે એક નાનો દીવો સળગાવ્યો છે.

# ઉમાશંકર જોશી—બહુશ્રુત અને જાગૃત કવિ

૧૯૪૭માં જ્યારે એમણે સંસ્કૃતિ સામયિક શરૂ કર્યું ત્યારથી માંડીને ઠેઠ ૧૯૮૮માં જ્યારે એમનું અવસાન થયું તે સુધીના ચાર દાયકા દરમિયાન ઉમાશંકર ગુજરાતી સાહિત્યના પ્રમુખ સાહિત્યકાર હતા. એમને ગુજરાતી સાહિત્યના બધાં જ માન, સન્માન અને ચંદ્રકો મળેલા. ૧૯૬૭માં રાષ્ટ્રીય કક્ષાએ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનારા એ પહેલા ગુજરાતી સાહિત્યકાર હતા.

એમની કાવ્યપ્રવૃત્તિ છેક ૧૯૨૮થી શરૂ થઈ. ત્યારે એમણે સત્તર વર્ષની કુમળી વયે 'નખી સરોવર ઉપર શરદ પૂર્ણિમા' જેવું સુંદર સૉનેટ આપ્યું. અને તેમાંયે એની સંઘેડાઉતાર છેલ્લી પંક્તિ જુઓ: 'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.' સત્તર વરસનો એક છોકરો આવું નખશીખ સુંદર સૉનેટ આપે એ તો ઈશ્વરદત્ત પ્રતિભાથી જ બને. અગત્યની વાત એ છે કે ઉમાશંકરે એ પ્રતિભાને અસાધારણ ખંત અને ચીવટથી જાળવી અને કેળવી. ૧૯૩૧માં કાકા સાહેબ કાલેલકરના આશીર્વચન સાથે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ વિશ્વશાંતિ પ્રગટ થયો. અને તુરત જ એક કવિ તરીકેની તેમની પ્રતિષ્ઠા બંધાઈ ગઈ. ગાંધીયુગથી માંડીને ઠેઠ આધુનિક યુગના એક પ્રમુખ કવિ તરીકે એમની સિદ્ધિ સર્વમાન્ય હતી.

એમની સાહિત્યિક પ્રતિભા તો અનેક ક્ષેત્રે પ્રસરેલી હતી. કવિતા ઉપરાંત વાર્તા, નાટક, નિબંધ, વિવેચન, સંપાદન, અનુવાદ, ડાયરી, પત્રકારત્વ વગેરે અનેક ક્ષેત્રે એમનું સર્જનકાર્ય જેટલું પ્રયોગશીલ હતું તેટલું જ અસાધારણ હતું. લગભગ છ દાયકાની એમની લેખન પ્રવૃત્તિમાં એમણે ૧૦ કવિતા સંગ્રહો, ૩ એકાંકી સંગ્રહો, ૪ વાર્તા સંગ્રહો, એક નવલકથા, ૧૦ વિવેચન સંગ્રહો, ૩ નિબંધ સંગ્રહો, ૩ પત્રકાર લેખનના સંગ્રહો અને ૪ અનુવાદગ્રંથો આપીને એમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું. એ ઉપરાંત એક સંગ્રહ થઈ શકે એટલા એમના અંગ્રેજી લેખો અને અન્ય ગુજરાતી લેખન તો હજી અગ્રન્થસ્થ છે.

એક મહત્ત્વના સાહિત્યકાર હોવા ઉપરાંત કેળવણીકાર, વિચારક અને પબ્લિક

અફેર્સના અગ્રણી તરીકેનું એમનું પ્રદાન પણ આગવું હતું. અન્ય ગુજરાતી સાહિત્યકારોની જેમ એમની પ્રવુત્તિ મુખ્યત્વે સાહિત્ય પૂરતી મર્યાદિત રાખવાને બદલે એમણે શિક્ષણ, સમાજ અને રાજકારણ, કહો કે પબ્લિક અફેર્સના વિશાળ ફલક ઉપર કામ કર્યું હતું. ૧૯૮૫માં દિલ્હીની સાહિત્ય અકાદમીની ફેલોશીપ સ્વીકારતા એમણે કહ્યું હતું: I must confess that it would not have been possible for me to be a writer in the absence of my getting intimately involved in public affairs now and again–almost in spite of myself. Happily I found that my literary work was going on all through in the backyard of the mind. આ રીતે સાહિત્ય ઉપરાંત એમણે ઘણી સેવાઓ આપી. ગુજરાત યુનિવર્સિટીના તેમજ કલકત્તાની શાંતિનિકેતન યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર તરીકે, રાજ્યસભાના મેમ્બર તરીકે, કેન્દ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે અને ઘણાંય કમિશન અને સંસ્થાઓમાં મેમ્બર તરીકે એમણે નોંધપાત્ર પ્રદાન કર્યું.

પણ આ બધી પ્રવૃત્તિઓ છતાં એ નિરંતર શબ્દના ઉપાસક રહ્યા છે. એ કહે છે તેમ: "પ્રામાણિક્પણે કહી શકું કે શબ્દનો વીસારો વેઠ્યો નથી." તો એ શબ્દ એમને ક્યાં ક્યાં લઈ ગયો? "સત્યાગ્રહની છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં–એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં, તો ક્યારેક માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર પર..."

એ પોતાને માત્ર ગુજરાતી તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. 'એ તો કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી?' એ એમની બહુ પ્રખ્યાત પંક્તિમાં મને Rudyard Kiplingની કવિતા, The English Flagનો પડઘો સંભળાય છે: And what should they know of England who only England know? વળી એ એમ પણ કહેતા કે 'I am an Indian writer writing in Gujarati.' એમની દૃષ્ટિ ગુજરાતની બહાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયક્ષેત્રે પહેલેથી જ પહોંચી હતી. ઠેઠ ૧૯૩૨માં એમણે કહેલું કે:

**વ્યક્તિત્વનાં બંધન તોડી ફોડી**

**વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;**
**પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી**
**સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.**
**વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી**
**માથે ધરું ધૂળ વસુંધરાની.**

આ વ્યક્તિ મટીને વિશ્વમાનવ બનવાની ઉમાશંકરની મહત્ત્વાકાંક્ષા એમનાં અનેક રેખાચિત્રો જોતાં સ્પષ્ટ થાય છે. આ રેખાચિત્રો જોતાં લાગે કે એમણે ભાગ્યે જ કોઈ ભારતીય કે આંતરરાષ્ટ્રીય સાહિત્યકાર કે મહામાનવ વિશે ન લખ્યું હોય. એ પોતાને એ લીગમાં ગણતા એવું મને હંમેશ લાગ્યા કર્યું છે.

પોતે રાજસભાના મેમ્બર હોવાથી અનેક ક્ષેત્રોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહારથીઓને મળવાની અને એમની સાથે સંબંધ બાંધવાની જે તક મળે તે જવા ન દેતા. બાકી તો કેટલા ગુજરાતી લેખકો અમેરિકા આવે ત્યારે પ્રખ્યાત અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટને ખાસ મળવા જાય? કે યુરોપ જાય ત્યારે ઓડનના ઘર કબર સુધી ચાલતા ચાલતા જાય? કે રાષ્ટ્રપ્રમુખ અને વિખ્યાત ફિલોસોફર સર્વપલ્લી રાધાકૃષ્ણનને મળવા જાય અને એમના જન્મદિવસે સંસ્કૃતમાં કાવ્યાંજલિ આપે? કે મદ્રાસ જાય ત્યારે રાજાજીને જરૂર મળવા પ્રયત્ન કરે? કે દિલ્હીમાં નોબેલ પ્રાઈઝ વિજેતા કવિ ઓક્ટાવીઓ પાઝ જે મેક્સિકોના એમ્બેસેડર હતા, તેનો સંપર્ક સાધે? સોવિયેટ યુનિયનના જનરલ સેક્રેટરી નિકિતા ક્રુશ્ચેવ જ્યારે દેશની મુલાકાતે આવ્યા હતા ત્યારે એમના માનમાં જવાહરલાલ નહેરુએ એક નાનો ભોજન સમારંભમાં યોજેલો તે એમાં ઉમાશંકરને બોલાવ્યા હતા. પ્રખ્યાત સાયકોએનાલિસ્ટ એરિક એરિક્સને ગાંધીજી ઉપરના પોતાના પુસ્તક Gandhi's Truthમાં એમની અમદાવાદની મુલાકાત વિશે લખતા ઉમાશંકરને ખાસ યાદ કરેલા.

ભલભલા સાહિત્યકારો એવી ઇચ્છા રાખે કે ઉમાશંકર એમને પ્રસ્તાવના લખી આપે. ઘણી વાર તો પ્રસ્તાવના માટે જે પુસ્તક મોકલાવ્યું હોય તે વરસ સુધી પડ્યું રહે, અને બિચારો લેખક રાહ જોતો રહે! પણ જ્યારે એ પ્રસ્તાવના લખે ત્યારે લેખક ન્યાલ થઈ જાય. એમણે હરિશ્ચંદ્ર ભટ્ટના મરણોત્તર કાવ્યસંગ્રહ સ્વપ્નપ્રયાણ નું અસાધારણ સૂઝ, સમજ, અને સંભાળથી સંપાદન કર્યું. એની પ્રસ્તાવના લખી હરિશ્ચંદ્રને ગુજરાતના એક ઉત્તમ કવિ તરીકે પ્રતિષ્ઠિત કર્યા. પ્રહ્લાદ પારેખ અને કૃષ્ણલાલ શ્રીધરાણીના

કાવ્યસંગ્રહોની ઉમાશંકરે લખેલી પ્રસ્તાવનાઓ કે રાજેન્દ્ર શાહના કાવ્યસંગ્રહ ધ્વનિની સમીક્ષા ગુજરાતી સાહિત્યમાં મૉડેલ ગણાય છે. કોઈ પણ નવો કવિ કે લેખક સંસ્કૃતિમાં પોતાની કૃતિ પબ્લીશ કરવા બધું કરી છૂટે, પણ ઉમાશંકરને રીઝવવા એ બહુ મોટી વાત હતી. મારા ગુજરાતીના શિક્ષક લક્ષ્મીકાન્ત ભટ્ટની એક વાર્તા ‘ટીપે ટીપે’ જે ટૂંકી વાર્તાનાં કંઈક મૅગેઝિનોમાંથી પાછી આવેલી તે ઉમાશંકરે સંસ્કૃતિમાં છાપીને લક્ષ્મીકાન્તને ગુજરાતી વાર્તાકારોની પ્રથમ પંક્તિમાં બેસાડી દીધા!

મને એમ લાગ્યા કર્યું છે કે એમની પ્રતિભાને અનુરૂપ અને યોગ્ય, દેશના એક નોંધપાત્ર બૌદ્ધિક તરીકે એમની ગણતરી નથી થઈ. ગુજરાતીઓ ભલે એમનું માન સન્માન કરે, પણ એને મળનારો માણસ પોતે કોને મળી રહ્યો છે તે સમજે છે કે નહીં તેની એમને શંકા હતી એમ મને લાગ્યું હતું. ગુજરાતી સર્જકોની કૃતિઓના સારા અનુવાદ ઇંગ્લીશમાં ન હોવાથી એમનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ સાહિત્યિક સન્માન નથી થયું તે સમજી શકાય છે. પણ એમને રાષ્ટ્રીય કક્ષાનો કોઈ પદ્મ અવોર્ડ્સ નથી મળ્યો તે અક્ષમ્ય છે. ખાસ કરીને જ્યારે એમના સમકાલીન સાહિત્યકારો અમૃતા પ્રીતમ (પદ્મ વિભૂષણ), પુ. લ. દેશપાંડે (પદ્મ ભૂષણ), રામધારી સિંહ ચૌધરી દિનકર (પદ્મ ભૂષણ) વગેરેને આ અવોર્ડ્સ મળી ચૂક્યા હતા.

એ જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા ત્યારે એનું સમ્મેલન નવી દિલ્હીમાં એમણે યોજાવડાવ્યું હતું. પરિષદના બબ્બે વર્ષે યોજાતા આ સમ્મેલનો સામાન્ય રીતે કાં તો ગુજરાતમાં કે જ્યાં ગુજરાતીઓની વસતી વધુ હોય તેવા ગુજરાત બહારનાં શહેરોમાં હોય, પણ ઉમાશંકર જોશી તો રાષ્ટ્રીય રાજધાનીનો જ વિચાર કરે ને! રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફૉર્મ મળે એ માટે એમણે કોઈ પણ ગુજરાતી લેખક કરતાં વધુ, કદાચ કનૈયાલાલ મુનશીને બાદ કરતાં, અંગ્રેજીમાં સાંસ્કૃતિક અને સાહિત્યિક લેખન કરેલું. ૬૦, ૭૦ અને ૮૦ના દાયકાઓમાં ભાગ્યે જ કોઈ ગુજરાતી લેખકે ઉચ્ચ કક્ષાએ એમના જેટલા સાહિત્યિક અને સાંસ્કૃતિક આંતરરાષ્ટ્રીય પ્રવાસો કર્યા હશે.

ઉમાશંકર જોશી માટે મને એમ હંમેશ લાગ્યું છે કે એમણે પોતાને માટે એક ઇમેજ ઊભી કરી હતી તેમાં જરાય આંચ ન આવે એનો ખૂબ ખ્યાલ રાખતા. એમનો બોલવાનો એકેએક શબ્દ જાણે કે તોળાઈ તોળાઈ ને બોલાતો હોય એમ લાગે. જો એ બોલવા માટે આટલી ચીવટ રાખે, તો પછી એમનું લખવાનું પણ ચોક્કસ જ હોય ને! ગુજરાતના ઘણા જાણીતા લેખકોના સર્જનમાં જે શિથિલતા જોવા મળે છે, તે તેમનામાં ભાગ્યે જ

મળે. પોતે લખેલું તે વારેવારે સુધાર્યા મઠાર્યા કરે. પોતાના લેખોને સુધારીને લખે કે આ હવે અધિકૃત આવૃત્તિ ગણવી. સર્જન માટે જે ચીવટ હતી તે એમણે અનુવાદ અને સંપાદનમાં પણ દાખવી હતી. ભવભૂતિકૃત ઉત્તરરામચરિત, કાલિદાસકૃત શાકુંતલ, અને મિત્સ્કિયેવિચકૃત ગુલે પોલાન્ડના અનુવાદોમાં એમની એ કૃતિઓની સૂક્ષ્મ સમજ અને એક સમર્થ અનુવાદકની ચીવટ જોવા મળે છે.

એમણે સંસ્કૃતિ બંધ કર્યું ત્યારે કેટલાક સાહિત્યિક મિત્રોની વિનંતી હતી કે એ બંધ ન કરે અને એમને ચલાવવા આપે. ઉમાશંકર જોશીની એ બાબતમાં સ્પષ્ટ ના હતી, અને એ સંસ્કૃતિ બંધ કરીને જ રહ્યા. એમને ભય હતો કે ઉચ્ચ કક્ષાની જે સાંસ્કૃતિક અને સાહિત્યિક મુદ્રા એમણે ઊભી કરી હતી, અને ચાલીસ વરસ જાળવી હતી તે બીજા કોઈના હાથમાં કદાચ ન પણ જળવાય. ૧૯૪૭થી શરૂ કરેલ સામયિક સંસ્કૃતિ એમણે ચાલીસેક વરસ એકલે હાથે ચલાવ્યું. એ ઉચ્ચ કક્ષાના સાહિત્યિક સામયિક દ્વારા એમણે ગુજરાતી લિટરરી જર્નાલિઝમનો એક ઉત્તમ દાખલો આપ્યો. એના પહેલા પાને છપાયેલ એમના અગ્રલેખો વર્તમાન પ્રવાહો ઉપર એમની રનીંગ કોમેન્ટરી છે. એમાં પબ્લિક અફેર્સમાં ઊંડો રસ લેતા એક જાગૃત કવિની મુદ્રા ઊપસે છે. પોતાના જર્નાલિઝમમાં પણ ટકી રહે એવું સત્ત્વ છે એમ માનીને એ બધું એમણે સમયરંગ નામના ગ્રંથમાં સંગ્રહિત કર્યું. એ ગ્રંથ આજે પણ વાંચતા આપણને એ ચાલીસેક વરસોના પ્રમુખ પ્રવાહો, અગત્યના બનાવો, કોન્ટ્રોવરસીઓ વગેરેની ઝાંખી થાય છે.

મારી જેમ ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાઓમાં ઉછરેલાઓ માટે ઉમાશંકર જોશી એક આદર્શ સાહિત્યકાર હતા. મારો સાહિત્યનો રસ એમના 'બળતાં પાણી' (પૃષ્ઠ ૮૨, સમગ્ર કવિતા) નામના કાવ્ય ભણતાં જાગ્યો. અમારા ગામની નાની લાઇબ્રેરીમાં પછી જઈને એમનો કાવ્યસંગ્રહ ગંગોત્રી જ્યારે જોયેલો ત્યારે જે રોમાંચ અનુભવેલો તે હજી યાદ છે. ૧૯૬૧ મુંબઈમાં રવીન્દ્રનાથ ટાગોરની ૧૦૦મી જન્મ જયંતી ઉજવાઈ ત્યારે ચોપાટી ઉપર એક સભા ભરાઈ હતી. તેમાં દેશવિદેશથી સાહિત્યકારો આવેલા. ત્યારે ઉમાશંકર જોશી પણ આવ્યા હતા અને એ સભામાં એમણે પ્રવચન આપ્યું હતું. ત્રણેક કલાક સભા ચાલી હશે. જ્યારે બીજા પ્રવચનકારો પોતાનું કહેવાનું પતાવીને નીચે ઊતરી જાય, ત્યારે ઉમાશંકર જોશી ત્રણે ત્રણ કલાક મંચ ઉપર બેસી રહ્યા અને બીજાઓને જે કહેવાનું હતું તે બરાબર સાંભળ્યું. સભા પત્યે એ નીચે ઊતર્યા ત્યારે તેમને મળવા ગયો. મારે ખભે હાથ મૂકીને મને પૂછ્યું: શું નામ તમારું? હું કાંઈક જવાબ આપું ત્યાં તો

ગુલાબદાસ બ્રોકરે એમનો કબજો લીધો અને એમની સાથે પરિચય કરવાનું રહી ગયું. પછી જ્યારે જ્યારે મુંબઈમાં એમનું પ્રવચન હોય એમ ખબર પડે કે તુરત હું પહોંચી જાઉં, પણ દેશમાં હતો ત્યાં સુધી કોઈ દિવસ એમની સાથે પરિચય ન થયો.

અમેરિકા આવ્યા પછી એમની સાથે પત્રવ્યવહાર જરૂર થયો. ઇન્દિરા ગાંધીએ ઈમરજન્સી લાદી ત્યારે એ વિશે ઉમાશંકરનું મંતવ્ય શું હતું તે મારે જાણવું હતું. કેરાલામાં જ્યારે નામ્બુદ્રીપાદની નેતાગીરી નીચે સામ્યવાદી સરકાર સ્થપાઈ ત્યારે તેમણે *સંસ્કૃતિ* માં એક અગ્રલેખ લખ્યો હતો : 'કેરાલાએ આગ સાથે રમત કેમ આદરી?' એ અનુસંધાનમાં ઈમરજન્સીની બાબતમાં એમના કોઈ જાહેર નિવેદનો કે પ્રવચનો હોય તો મોકલવા મેં એમને વિનંતી કરી. ફટ કરતા વળતી ટપાલે જ એમણે રાજ્યસભામાં જે પ્રવચનો આપેલાં તે મોકલ્યાં.

એ જ અરસામાં હું દેશમાં ગયેલો. અમદાવાદમાં તો એમનો સંપર્ક નહીં થયો, પણ દિલ્હીમાં એમની સાથે ટેલિફોન ઉપર વાત થઈ. મોડી રાતે હોટેલમાં એમનો ટેલિફોન આવ્યો, "હું ઉમાશંકર!" તે જ દિવસે હું સવારના ઇન્દિરા ગાંધીને મળેલો. એ જેલમાંથી હમણાં જ છૂટીને આવેલા, અને બહુ ગુસ્સે હતાં, મને કહે "You must tell this to Americans. See what they are doing to me!" ઇન્દિરા ગાંધી વિશે અને ઈમરજન્સી વિશે થોડી વાતો થઈ. મને કહે કે તમે જ્યારે અમદાવાદ આવો તો જરૂર મળજો. પછી તો જ્યારે જ્યારે દેશમાં જતો ત્યારે અમદાવાદ જરૂર જાઉં અને એમને મળું. એક વાર તો એમને ત્યાં જાણીતા કવિ પન્ના નાયકને લઈને ગયેલો ત્યારે એમને ત્યાં ભોજન લીધું હતું. બીજી એક વાર એમને ત્યાં ચા માટેનું નિમંત્રણ હતું, ત્યારે ચાની ટ્રે લઈને રસોડામાંથી આવતા કવિની છબી હજી આંખ સામે તરે છે.

અહીંની અમારી અકાદમીના આમંત્રણને માન આપી ઉમાશંકર અમેરિકા આવ્યા. એ વૉશિંગ્ટન આવે તેની આતુરતાથી હું રાહ જોઈ રહ્યો હતો. એમને વૉશિંગ્ટન બતાવવા, ખાસ તો લિંકન મેમોરિયલ લઈ જવા હું ખૂબ આતુર હતો. એમનું લિંકન પરનું સૉનેટ, 'મહામના લિંકન' (પૃષ્ઠ ૬૮૩, *સમગ્ર કવિતા*) મને બરાબર યાદ હતું. જેવા અમે મેમોરિયલ અંદર લિંકનની ભવ્ય મૂર્તિ આગળ પહોંચ્યા કે તુરત જ ઉમાશંકર જોશી અમારાથી જુદા પડી ગયા અને લિંકનની પ્રદક્ષિણા કરતા હોય તેમ નત મસ્તકે ઊંડા વિચારમાં હોય એમ ધીમે ધીમે ફરવા લાગ્યા. એ કોઈ પવિત્ર તીર્થસ્થાને આવ્યા હોય એવો એમના ચહેરા ઉપર અહોભાવ હતો. દેશમાંથી જે અનેક સાહિત્યકારો અને

અન્ય મુલાકાતીઓ આવે છે, તેમાં માત્ર 'દર્શક' અને ઉમાશંકર એ બેમાં જ મેં આવી લિંકનભક્તિ જોઈ છે.

એમની સાથે મારે અનેક વિષયોની ચર્ચા કરવી હતી. તે બાબતનો દસેક પાનાનો લાંબો કાગળ પણ મેં આગળથી લખી મોકલેલો! એ આવ્યા ત્યારે એમને માટે એમને અનુરૂપ કાર્યક્રમ મેં ગોઠવેલો. જાહેરમાં એમનું ગુજરાતી સાહિત્યરસિકો સાથે મિલન તો ખરું જ. પણ સાથે સાથે અહીંના અગત્યના બૌદ્ધિકોને મળી શકાય એવી વ્યવસ્થા પણ કરી. દેશમાંથી આવતા મુલાકાતી સાહિત્યકારોમાં બહુ જ ઓછા એવા હોય છે કે જે અહીંના પ્રથમ કક્ષાના બૌદ્ધિકો સાથે સહેલાઈથી સમકક્ષ વાતો કરી શકે. ઉમાશંકર જોશી એમાંના એક હતા. પૂર્વ અને પશ્ચિમના સાહિત્યિક અને બૌદ્ધિક પ્રવાહોથી પરિચિત હતા અને એ બાબતમાં અહીંના કોઈ પણ સર્જક વિવેચક કે વિચારક સાથે સહજ જ વાતો કરી શકે એવા સજ્જ હતા.

પ્રથમ તો અહીંની વિશ્વવિખ્યાત લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસના ઉપરી અને જાણીતા ઇતિહાસકાર ડેનિયલ બૂરસ્ટીન સાથે એમની મુલાકાત યોજી. વૉશિંગ્ટનની આજુબાજુ વસતા થોડા બૌદ્ધિકો સાથે એક રેસ્ટોરાંમાં એમનું ભોજન ગોઠવ્યું. આ ઉપરાંત અહીંની ઇન્ડિયા કાઉન્સિલ જેમાં મોટે ભાગે સ્ટેટ ડિપાર્ટમેન્ટ, પેન્ટાગોનના ઑફિસરો, કેટલાક ઇન્ડિયા સ્ટડીઝના પ્રૉફેસરો, વગેરે વૉશિંગ્ટનના 'ઇન્ડિયા હેન્ડ' આવે તેમાં એમનું લંચિયન પ્રવચન યોજ્યું. આ બધા પ્રસંગોમાં ઉમાશંકર જોશી એમના એલિમેન્ટમાં હતા.

પન્ના નાયક જે ફિલાડેલ્ફિયાની યુનિવર્સિટી ઓફ પેન્સીલ્વેનિયાના લાઇબ્રેરિયન હતાં તેમના સહકારથી લાઇબ્રેરી ઓફ કૉંગ્રેસમાં ઉમાશંકરના કાવ્યવાચનનું રેકોર્ડીંગ થયું. વધુમાં એમની અનુમતિ લઈને 'વોઈસ ઑફ અમેરિકા' સાથે પણ એમનો ઇન્ટરવ્યૂ નક્કી કરેલો, પરંતુ જ્યારે એનો પ્રતિનિધિ ઇન્ટરવ્યૂ લેવા આવ્યો ત્યારે ઉમાશંકરે પોતાનું મન બદલ્યું. મને કહે કે આ ઇન્ટરવ્યૂ આખરે તો આપણા દેશમાં જ બ્રોડકાસ્ટ થશે ને? મારે જે કાંઈ કહેવાનું છે તે આ લોકો દ્વારા શા માટે કહેરાવવું? એમ કહીને ઉપર ચાલી ગયા! મેં વિલે મોઢે 'વોઈસ ઑફ અમેરિકા'ના પ્રતિનિધિને દિલગીરી સાથે સમજાવ્યું કે આ ઇન્ટરવ્યૂ હવે બને તેમ નથી. નોંધવું જોઈએ કે બે વરસ પહેલા 'વોઈસ ઓફ અમેરિકા'માં દર્શકનો ઇન્ટરવ્યૂ નક્કી કર્યો હતો, એ તો કહે કે "આપણે જે કહેવું છે તે કહેશું!" અને એના પ્રતિનિધિ સાથે આરામથી બેએક કલાક વાત કરી.

ઉમાશંકર જોશી માટે મને એમ હંમેશ લાગ્યું છે કે એમણે પોતાને માટે એક ઇમેજ

ઊભી કરી હતી તેમાં જરાય આંચ ન આવે એનો ખૂબ ખ્યાલ રાખતા. એક દિવસ અમે ઉમાશંકરને અહીંથી સોએક માઈલ દૂર આવેલ યુનિવર્સિટી ઓફ વર્જિનિયા લઈ ગયા. ત્યાં હિંદુ ધર્મના અભ્યાસનું કેન્દ્ર હતું. વાતચીતમાં એમનાથી નવલકથાકાર સલ્માન રશ્દી ઉપર કશુંક કડવું બોલાઈ ગયું. અમારામાંના એક જણે એ વાત ફરીથી કરવા કહ્યું તો ખૂબ ગુસ્સે થઈ ગયા! સ્પષ્ટ કહ્યું કે હું જ્યારે બોલું છું તે બરાબર સાંભળો અને સમજો અને પછી પ્રશ્ન પૂછો. એમના આવા ક્રોધ વિશે સાંભળેલું, પણ મેં તો આ પહેલી જ વાર એ ક્રોધ જોયો. સામાન્ય વાતચીતમાં પણ તેમનાથી કોઈને પ્રત્યે આવું કડવું બોલાઈ ગયું અને તેની બીજા કોઈએ નોંધ લીધી તે તેમનાથી સહેવાયું નહીં!

અહીંની અમારી અકાદમીના આશ્રયે જે ઘણા સાહિત્યકારો આવ્યા હતા તેમાં ઉમાશંકર જોશી અનન્ય હતા. જેમને મેં નાનપણથી જ આદરથી જોયેલા, જેમની કવિતાએ મને સાહિત્યમાં રસ જગાડ્યો, અને જે કાંઈ એ લખે તે આતુરતા અને રસથી હું વાંચતો, તે ઉમાશંકર જોશી સાથે મને એક અઠવાડિયું રહેવાનું અને એમની સાથે અનેક વિષયોની ચર્ચા કરવાનો લાભ મળ્યો તેને હું મારું સદ્‌ભાગ્ય માનું છું.

# Part VI

# પરિશિષ્ટ ૩: સંભારણા



નટવર અને નલિની ગાંધી ૧૯૬૨



નટવર અને નલિની ગાંધી, સિવિલ મેરેજ, ૧૯૬૨

(P-1)



મામા વસંતરાય અને મામી જયાબહેન



રતિભાઈ અને નિર્મળાભાભી

(P-2)




નટવર ગાંધી અમેરિકાગમન, મુંબઈ ઍરપોર્ટ, ઑક્ટોબર, ૧૯૬૫

(P-3)



નટવર ગાંધી, પ્રોફેસર, નોર્થકેરોલિના, ૧૯૬૯



ઇન્દિરા ગાંધી સાથે એમના નિવાસસ્થાને ડિસેમ્બર ૧૯૭૮

(P-4)




નટવર ગાંધી, કોન્ગ્રેશનલ ટેસ્ટિમની, સેનેટ, ફાઇનાન્સ કમિટી, વૉશિંગ્ટન, ૧૯૮૨



નટવર ગાંધી, હાઉસવેજ એન્ડ મીન્સ કમિટી વૉશિંગ્ટનમાં, ૧૯૮૨

(P-5)



પ્રેસિડેન્ટ રોનાલ્ડ રેગનના નેશનલ સિક્યુરિટી એડવાઇઝર વિલિયમ ક્લાર્ક સાથે વ્હાઇટહાઉસમાં, ૧૯૮૨



નટવર ગાંધી, જીએઓની ટેક્સ કોન્ફરન્સ, ૧૯૮૩

(P-6)



જીએઓનો સર્વોચ્ચ એવોર્ડ સ્વીકારતી સમયે કમ્પ્ટ્રોલર જનરલ અને ડેપ્યુટી કમ્પ્ટ્રોલર જનરલ સાથે, ૧૯૮૩



ઉમાશંકર જોશી અને પન્ના નાયક સાથે, મુંબઈ ૧૯૮૭માં

(P-7)



મિત્ર નવિન જારેચા, વોશિંગ્ટનમાં



મિત્ર મેઘનાદ ભટ્ટ વોશિંગ્ટનમાં

(P-8)



ટેક્સ ડિપાર્ટમેન્ટમાં ટેક્સ રીટર્ન્સનો ઢગલો, ૧૯૯૭


કન્ટ્રોલબોર્ડને વિદાય, મેયર અને અન્ય સાથે પ્રેસકૉન્ફરન્સ, જાન્યુઆરી ૩૦, ૨૦૦૧

(P-9)



આઇ.આર.એસ. કમિશ્નર જ્હોન કાસ્કીનન, મેયર વિલિયમ્સ, નટવર ગાંધી કૉન્ગ્રેસમાં ટેસ્ટીમની આપતા, ૨૦૦૨




વોશિંગ્ટનના મેયર એન્થની વિલિયમ્સ સાથે પ્રેસકૉન્ફરન્સ, ૨૦૦૬

(P-10)




વોશિંગ્ટન પોસ્ટમાં કાર્ટૂન, નવેમ્બર ૧૩, ૨૦૦૭




સેક્રેટરી ઑફ સ્ટેટ હેન્રી કીસિન્જર સાથે વોશિંગ્ટન, ૨૦૧૨

(P-11)



વૉશિંગ્ટનના સીટી હોલના પગથિયે ૨૦૦૭, નટવર ગાંધી ઑફિસની બહાર

(P-12)




વિશ્વગુર્જરી એવોર્ડ સમયે, ૧૯૯૬, ઈલા ભટ્ટ અને નટવર ઠક્કુર સાથે



વિશ્વગુર્જરી એવોર્ડ, મનુભાઈ પંચોળી 'દર્શક' સાથે, ૧૯૯૬

(P-13)



સુરેશ દલાલ, નટવર ગાંધી, મંગેશ પાડગાંવકર 'ઇન્ડિયા ઇન્ડિયા' વિમોચન સમયે ૨૦૦૬




સ્નેહલ મજમુદાર, ભગવતીકુમાર શર્મા, નટવર ગાંધી, સુરેશ દલાલ અને અંકિત ત્રિવેદી, પેન્સિલવેનિયા એવન્યુ વિમોચન સમયે, ૨૦૧૧

(P-14)



નટવર અને નલિની ગાંધી કુટુંબ સાથે




નટવર ગાંધી, પૌત્રો અને પૌત્રીઓ સાથે, ૨૦૧૪

(P-15)











(P-16)



**પન્ના નાયકના વિદેશિની/દ્વિદેશિની (સમગ્ર કવિતા) અને નટવર ગાંધીના એક અજાણ્યા ગાંધીની આત્મકથાના વિમોચન પ્રસંગે. બન્ને પ્રકાશન મુંબઈ, ઈમેજ પબ્લિકેશન્સ 2017. સ્થળ: વિલે પાર્લે, મુંબઈ, સંતોકબા હૉલ.**

# Part VII

# પરિશિષ્ટ ૪:

# NOTES

1. જુઓ: 'Political winds blow bad deal past fiscal guardian,' The Washington Examiner, November 6, 2007, p.9.
2. જુઓ આ The Washington Postના જ આ લેખો: 'Fast-Paced D.C. Tax Scam Probe Aimed 'to Stop the Hemorrhaging,'' November 11, 2007, A1; '2 More D.C. Tax Workers Removed,' November 10, 2007, p. B1; 'Price Tag of District Tax Scam Increases,' November 8, 2007, p. A1, 'Financial Chief Urges Employees to Work To Regain Public Trust,' November 8, 2007, p. A8.
3. આ કાર્ટુનમાં વોશીન્ગ્ટન મોન્યુમેન્ટના મોટા ઊંચા થાંભલા ઉપર મને મારા નામ સાથે દોરેલો અને એનું કેપ્શન હતું: 'IT'S NOT A MEMORIAL. IT'S ALL THAT'S LEFT OF THE D.C. FINANCIAL DEPARTMENT HE RUNS, HE SAYS HE'S ON TOP OF IT NOW, The Washington Post, November 13, 2007.

4. જુઓ The Washington Post ના જ આ લેખો: 'D.C. Hearing On Scandal Has Gandhi In Tight Spot, Auditor Criticizes Financial Agency, November 16, 2007, p.A1; 'CFO in the Hot Spot,' Editorial, November 17, 2003, 'Some People's Faith in Gandhi Eroding, Feelings That D.C. Official Should Quit Over Tax Case Bubble up, Gandhi Should Resign, Some Say,' November 19, 2007, p. B1; 'As Council Launches Probe, Gandhi's Job Appears Less Secure,' November 21, 2007, p. B2 . Also 'Gandhi Must Go, Mr. Mayor,' Editorial, The Washington Examiner, November 16, 2007.
5. જુઓ: 'Business Pulse, Should CFO Gandhi resign because of the city' tax refund scandal? The Washington Business Journal, November 23-29, 2007.
6. જુઓ: 'Report on Embezzlement Blames 'Culture of Apathy and Silence,' The Washington Post, December 16, 2008, p. B4.
7. જુઓ: 'Don't Fire the Chief Financial Officer,' The Washington Post, November 25, 2007, Outlook Section; 'Ten Reasons to keep Gandhi,' The Washington Examiner, November 27, 2007. 'The Natwar Gandhi I Know,' The Washington Post, December 3, 2007.
8. જુઓ: 'D.C.'s Office of Tax and Revenue Scam Won't Hurt Ratings,' The Bond Buyer, November 12, 2007. Also see, 'Tax corruption scandal is a plus for Gandhi,' The Washington Examiner, November 9, 2007.
9. જુઓ: '2 More D.C. Tax Workers Removed,' The Washington Post, November 10, 2007, p. B1; 'Gandhi

"Deeply Sorry" for Scandal, Gandhi Vows to Deal With Damage From Scandal,' The Washington Post, December 20, 2007, p.B1

10. Theodore Roosevelt, Man in the Arena, Excerpt from the speech 'Citizenship In A Republic' delivered at the Sorbonne, in Paris, France on 23 April, 1910
11. નટવર ગાંધી, અમેરિકા, અમેરિકા, સંપાદનઃ ધીરુ પરીખ, મુંબઈ: ઇમેજ પબ્લિકેશન્સ, ૨૦૧૫, પૃ. ૪૯-૫૨
12. James Orchard Halliwellના એક મુક્તકમાં સોલોમન ગ્રંડીના અત્યંત સાધારણ જીવનની કહાણીની વાત આ પ્રમાણે થઈ છે:
13. Solomon Grundy,
    Born on a Monday,
    Christened on Tuesday,
    Married on Wednesday,
    Took ill on Thursday,
    Grew worse on Friday,
    Died on Saturday,
    Buried on Sunday.
    That was the end,
    Of Solomon Grundy.
14. 'Superstars...are products of history and community, of opportunity and legacy. Their success is not exceptional or mysterious. It is grounded in a web of advantages and inheritances, some deserved, some not, some earned, some just plain lucky – but all critical to making them who they are. The outlier, in the end, is not an outlier at all.' — Malcolm Gladwell, Outliers: The Story of Success, Little Brown, 2008, p. 285

15. જુઓ : Oliver Sacks, 'Frequently, our only truth is narrative truth, the stories we tell each other, and ourselves—the stories we continually re-categorize and refine. Such subjectivity is built into the very nature of memory, and follows from its basis and mechanisms in the human brain. The wonder is that aberrations of a gross sort are relatively rare, and that, for the most part, our memories are relatively solid and reliable., 'Speak Memory,' The New York Review, February 21, 2013.
16. જુઓ: 'Doomsday 2.0,' The Economist, March 12, 2016, p.79
17. જુઓ: 'My old (since 1917) quarrel with Soviet dictatorship is wholly unrelated to any question of property. My contempt for the emigre who 'hates the Reds' because they stole his money and land is complete. The nostalgia I have been cherishing all these years is a hypertrophied sense of lost childhood, not sorry for lost banknotes,' Vladimir Nabokov, Speak, Memory, An Autobiography Revisited, New York: Vintage International, 1989, pp. 52
18. ઓશા (OSHA–Occupational Safety and Health Administration) આ અમેરિકન ફેડરલ એજન્સી કામ કરવાની જગ્યાઓ—ફેક્ટરી, શોપ, દુકાનો વગેરે એમના કર્મચારીઓ અને આજુબાજુના લોકોને જોખમમાં નથી મૂકતી એ જોવા માટે ઈન્સ્પેક્ટર્સ મોકલે. જો કોઈ જોખમ હોય તો ઈન્સ્પેક્ટર્સ એ દૂર કરવાનાં પગલાં લેવા કહે.
19. ૧૭૮૭માં ક્રાઇમિઆમાં ફરવા નીકળેલા રશિયાના મહારાણી કૅથરીન પર છાપ પાડવા માટે ગ્રિગોરી પટોમ્પકિન નામના રશિયન અધિકારીએ એક આદર્શ ગામડું તૈયાર કર્યું અને રાણીને બતાડ્યું કે એમના રાજ્યમાં રશિયાની કેવી પ્રગતિ થઈ છે

અને લોકો કેટલા સુખી છે! પટોમ્પકિને તૈયાર કરેલા ગામડામાં બધું સ્વચ્છ અને સુંદર દેખાય. મકાનો લાઈનસર બંધાયેલાં હોય, શેરીઓ સીધી હોય, વિશાળ રસ્તાઓની બન્ને બાજુ વૃક્ષો રોપાયેલાં હોય, ફૂલોથી લચી પડતા બગીચાઓ હોય, લોકોનું એકબીજા સાથેનું વર્તન વિવેકમય હોય.

20. નટવર ગાંધી, અમેરિકા, અમેરિકા, સંપાદન: ધીરુ પરીખ, મુંબઈ: ઇમેજ પબ્લિકેશન્સ, ૨૦૧૫, પૃ. ૯૯-૧૦૦.
21. વાડીલાલ ડગલી, થોડા નોખા જીવ, ૧૯૯૦: આર. આર. શેઠ, p. ૧૪૬
22. જુઓ: Natwar Gandhi, 'The Emergence of the Post-Industrial Society and the Future of the Accounting Profession,' The International Journal of Accounting, Volume 11, Number 2, Spring 1976, pp. 33-50, and Natwar Gandhi, 'Accounting in a Nonmarket Economy: A Futuristic Look, Accounting and Corporate Social Responsibility, The University of Kansas, Lawrence, 1978, pp. 59-69
23. જુઓ: Natwar Gandhi and Jacob G. Birnberg, 'Toward Defining the Accountant's Role in the Evaluation of Social Programs,' Accounting, Organizations, and Society, Volume 1, No. 1, June, 1976, pp. 5-10; Jacob G. Birnberg and Natwar Gandhi, 'The Accountants Are Coming! How Accountants Can Help Policymakers in Social Program Evaluation,' Policy Sciences 8 (1977), pp. 469-481.
24. નટવર ગાંધી, અમેરિકા, અમેરિકા, સંપાદન: ધીરુ પરીખ, મુંબઈ: ઇમેજ પબ્લિકેશન્સ, ૨૦૧૫, પૃ. ૫૩-૫૮.
25. જુઓ: 'Still the Promised Land', The Washington Post, June, ૧૩, ૧૯૮૯.

26. જુઓ: 'America, You're to Be Envied,' The Wall Street Journal, October 31, 1988, p. A17
27. 'The Nine Lives of Marion Barry,' A documentary by Dana Flor and Toby Oppenheimer, HBO, 2009.
28. જુઓ: 'The Cost of Coming Over the Line,' The Washington Post, August 31, 1998.
29. જુઓ: Harry Jaffe, 'Dr. No,' Washingtonian, September, 2005, pp.70-74. 'District's 'Dr. No': Is he also Mr. Yes?' The Washington Post, June 20, 2010, p. C1
30. જુઓ: 'Tax Office Losing Millions Annually, Is Losing Big to Cheaters, Processing System Weak, Officials Say,' The Washington Post, January 1, 1999.
31. જુઓ: 'In for Capital Punishment?' Economic Times, New Delhi, Sunday, April, 1997.
32. 'Many Unhappy Returns, District Addresses Income Tax Chaos,' Washington Business Journal, October 3-10, 1997, p. 68, 'Dysfunction in the District,' The Washington Times, October 24, 1997.
33. જુઓ: 'April Surprise,' Washington City Paper, March 27, 1998. 'Pulling Even in the Refund Race, D.C. Now Takes Less Than 2 Weeks to Process Refunds,' The Washington Post, April 15, 1999, p. B1
34. જુઓ: 'The taxman cometh in D.C....and he plans to collect, Washington Business Journal, April 18-24, 1997, p. 24, 'Taxman Cometh, D.C. to auction thousands of delinquent sites,' Washington Business Journal, June 9-15, 1999, 'Unpaid Taxes Put Property on Block,' The Washington Post, July 9, 1999, p. B1

35. જુઓ: 'District threatens firms on back taxes,' The Washington Times, October 13, 1999.
36. જુઓ: Several articles in The Washington Post: 'D.C. Tax Collectors Fired Amid Allegations,' November, 11. 1998, '5 D.C. Women Plead Guilty in Tax Scam,' April 10, 1999, p. B2, 'Former City Worker Sentenced in Tax Scheme,' May 25, 1999, p.B2, 'Velocity Grill Sold to Pay Back Taxes,' June 9, 1999
37. 'D.C. to Post Surplus for Fiscal 1997,' The Washington Post, July 17, 1998, p.A1, 'D.C.'s Rags to Riches Story, Editorial, The Washington Post, February 10, 1998.
38. 'NEA Ready To Pay D.C. Property Tax',The Washington Post, September 24, 1997, p. A1, A14.
39. જુઓ: 'District's '98 Surplus Grows by $100 million, $400 Million Surplus Wipes Out Years of Deficit,' The Washington Post, January 13, 1999, p. A1.
40. જુઓ: 'Wall Street Analysts Smile on D.C.,' The Washington Post, April 14, 1999, p. A12, 'From Junk to Investment Grade,' Editorial, The Washington Post, April 25, 1999.
41. જુઓ: 'The Man Who Tamed D.C.'s Fiscal Mess,' The Washington Post, February 9, 1998, p. A1, 'An Accountants' Accountant,' The Washington Times, January 22, 1999, p. A21.
42. જુઓ: 'અમેરિકી ભારતીય કૌટિલ્ય: નટવર ગાંધી, નયા પડકાર, જાન્યુઆરી, 19, 1998, 'સલામ ડાયસ્પોરા, મિડ ડે, ફેબ્રુઅરી 7, 1998, 'એક ઓર ગાંધી ચમકે છે અમેરિકામાં,' જન્મભૂમિ પ્રવાસી, માર્ચ 29, 1998, 'Man who took D.C. out of the red,' The Economic Times, Mumbai, March

22, 1998). 'The Man who brought D. C. out of the red,' India Abroad, 1998.

43. જુઓ: 'Inside Trading,' Editorial, The Washington Times, April 21, 1999.
44. જુઓ: 'The Mayor to name Gandhi as finance chief,' The Washington Times, May 5, 1999.
45. જુઓ: 'Back to D.C.'s future,' May 7, 1999, p. A21, and 'Chief mismanagement officer,' May 14, 1999, p. A19, both in The Washington Times, and 'D.C.'s Embattled Nominee,' Editorial, The Washington Post, May 24,1999.
46. જુઓ: 'Staff exodus from CFO worries mayor, Some cite Holt's abrasive style for departures,' The Washington Times, August 18, 1999)
47. જુઓ: 'D.C. Council Members Seek CFO's Ouster After More Audit Delays,' The Bond Buyer, March 2, 2000, p.3, 'Bid Launched to Oust D. C. Finance Chief, Council Members Blame Holt for Delayed Annual Audit, Say It Holds Up Budget Talks, The Washington Post, March 1, 2000, 'Don't Holt on, District CFO is chief financial obstacle,' The Washington Post, March 3, 2000, 'Fire the Financial Chief? Editorial, 'The Washington Post, March 13, 2000, 'Support Waivers for D. C.'s Holt,' The Washington Post, May 1, 2000, p. B1, 'Go-No-Go-on the CFO.,' Editorial, The Washington Post, May 2, 2000)
48. જુઓ: 'D.C. Financial Chief Resigns, Holt's Deputy Will Replace Her,' The Washington Post, May 7, 2000, p. C2,

‘Gandhi to the rescue,’ The Washington Times, June 23, 2000, ‘New D.C. CFO Hopes to Run A Smooth, Efficient Operation, The Bond Buyer, June 12, 2000, ‘As New CFO, Gandhi Brings Experience, Efficiency to D. C.’ The Bond Buyer, June 12, 2000, p.34, ‘Gujarat-born is CFO of US capital,’ The Economic Times, May 10, 2000.

49. જુઓ: U. S. House of Representative, D.C. Appropriations, Bill, 2001, 106th Congress, 2nd Session, Report 106-786, July,25, 2000, p. 31.

50. જુઓ: Two articles in The Washington Post, Editorial, ‘Wake-Up Call on D.C. Spending,’ 12/02/2000; ‘D.C. to Consider Deep Spending Cuts, December 15, 2000, and two articles in The Washington Times, ‘D.C. budget chief warns of looming deficit,’ December, 8, 2000; ‘Spend, spend, blame, blame,’ Editorial, December 14, 2000.

51. જુઓ: ‘Congress Allows District to Dip Into Reserves, Rainy Day Funds May Help City Prevent Cuts in Services,’ The Washington Post, December 16, 2000, p.B1

52. જુઓ: The Washington Post, Tuesday, January 30, 2001, p. A1

53. જુઓ: ‘After 10 years, D.C. control board is gone but not forgotten,’ The Washington Post, January 30, 2011

54. જુઓ: ‘D.C. Council Votes To Retain Recent Fiscal Safeguards,’ The Washington Post, July 11, 2001, ‘Congress Drops Plan for D.C. Chief Financial Officer, The Washington Post, July 19, 2001, p. B2. ‘Looking to

Make CFO Permanent, D. C. Leaders Stump on Hill,' The Bond Buyer, July 12, p.5

55. જુઓ: Harry Jaffe, 'Dr. No,' Washingtonian, September, 2005, pp.70-74. 'District's 'Dr. No': Is he also Mr. Yes?' The Washington Post, June 20, 2010, p. C1

56. જુઓ: 'Married D.C. Gay Couples Can File Taxes Jointly,' The Washington Post, April 20, 2005, p. B1.

57. જુઓ: 'D.C. CFO blamed for approving Internet gambling, D.C. Examiner, January 26, 2012, and these articles in The Washington Post, 'D.C. finance officials criticised over online-gambling contract', January, 26, 2012, 'Lotto questions,' Editorial, January 24, 2012, 'Quit playing games,' Editorial, January 31, 2012.

58. જુઓ: The Washington Post માં આ આર્ટિકલ્સ: 'Cap the District's Debt,' Editorial, December 1, 2005, p. A24; 'Finance Chief Urges D.C. to Put Cap on Borrowing, Cap on Debt Could Threaten Proposed D. C. Projects,' June 21, 2007, p.B1; 'Fields of Schemes,' May 31, 2008, p. A12; 'Gandhi Warns City to Limit Borrowing, CFO Wants to Curb Spending on Projects,' July 10, 2008, p. B3; The Bond Buyer માં આ આર્ટિકલ્સ: 'Change Rules in D. C., New Mayor, Big Projects Highlight 2007,' November 4, 2007, p 1; 'District of Columbia CFO Gandhi Wants Law on Debt Ratio Limits, July 10, 2008, p.3.

59. જુઓ: '150 Most Powerful People,' Washingtonian, January, 2008, 'Dr. No still has some work to do,' DC Examiner, February 3, 2006

60. જુઓ: 'Washingtonians of the Year, 2007' Washingtonian, January 2007.
61. જુઓ માત્ર The Washington Postના જ આ Editorials, articlesના હેડીન્ગ્સ વાંચવાથી જે ખબર પડશે કે ઓવર સ્પેન્ડીંગનો પ્રશ્ન કેટલો તીવ્ર અને વરસે વરસનો છે: 'Coming up $80 Million Short,' September 8, 2001; D.C. Fiscal Chief Sees Shortfall of $245 Million,' October 19, 2001; 'District's Bad News Budget,' Editorial, December 10, 2001, p. A22; 'The State of the District,' Editorial, January 30, 2002, p. A22; 'D.C.'s Coming Moment of Truth,' Editorial, March 2, 2002, p. A22; 'Alarm Bells in D.C. Spending,' Editorial, June 28, 2002; 'A Test of D.C. Leadership,' Editorial, September 12, 2002; 'D.C. Officials Pledge to Erase $323 million Deficit by Oct. 1,' Metro, September 17, 2002; '$128 Million Short,' Editorial, February 21, 2003; 'A D.C. Spending Alarm,' Editorial, October 18, 2003; 'District Faces $300 Million Budget Shortfall,' November 28, 2006, A1; 'D.C. officials risk huge budget gap, Gray says, Fenty administration has overspent by more than $200 million,' February 2, 2010, p. B3; 'On the cutting edge, The District must make some tough budget trims,' Editorial, September 29, 2010, p. A20; 'D.C. schools may face new shortfall, Projected $30 million in over spending on special education,' September 30, 2010. Metro.
62. જુઓ: 'Our revenue projections,' Catania continued, 'are by their nature not only conservative but radically, incredibly conservative... You get us all in a frenzy, and

it's almost like... when you get us to the finish line, you say, 'Never mind.'' 'Council Member, Chief Financial Officer Argue Over Debt and Taxes, The Washington Post, March 7, 2003, District Notebook, p.

63. જુઓ: 'Why did Mr. Gray question D.C.'s budget projections?' The Washington Post, Editorial, March 5, 2012, p. A16; 'Public spat signals another term for CFO Gandhi,' Washington Examiner, March 13, 2012, p. 9.

64. જુઓ: 'D.C.'s Corruption Affliction,' The Washington Post, November 11, 2007, p. A17.

65. જુઓ: 'District Tax Office to Receive Award for Outstanding Technology,' The Washington Post, May 2, 2002, District Extra; 'District Gets Budget Award,' The Washington Post, February 28, 2008, District News in Brief.

66. જુઓ: 'Heads roll in tax office, Gandhi to ax workers tied to scandal,' The Washington Examiner, October 21, 2008, front page.

67. જુઓ: 'District Overhaul Failing, GAO Says,' p. B1, The Washington Post, May 4, 2001; 'Financial Management Woes,' The Washington Post, Editorial, May 5, 2001, p. A18; Problems lingered at D.C. tax office,' The Washington Post, October 9, 2012, p. A1.

68. મેં અનેક વાર કહ્યું છે કે કન્ટ્રોલ બોર્ડ, મેયર્સ, અને કાઉન્સિલે ડીસ્ટ્રીકને ઉગારવામાં મોટો ભાગ ભજવ્યો છતાં એમ કહેવાયું કે ડીસ્ટ્રીકને બૅંકરપ્સીમાંથી બચાવવાની બાબતમાં ગાંધી અયોગ્ય રીતે વધુ ક્રેડીટ લે છે! જાણે કે એણે જ બધું કર્યું છે એવી વાત કરે છે! જુઓ: 'Who Saved the District from

Bankruptcy? The CFO didn't save D.C. on his own,' The Washington Post, October 20, 2012.
69. જુઓ: 'D.C., A Year From Now,' Editorial, The Washington Post, September 18, p.B6. 'The Dysfunction Williams Didn't Tackle,' The Washington Post, June 24, 2006, p. A21.
70. 'Dr. No still has some work to do,' The Washington Examiner, February 3, 2006.
71. જુઓ: Washingtonian, September, 2005, p. 70
72. જુઓ: 'Statement of Chairman Mary L. Landrieu, Senate Appropriation Committee, Subcommittee on the District of Columbia, Hearing on the FY 2003 Local Budget of the District of Columbia, June 11, 2002
73. જુઓ: 'It's the Management, Stupid,' Loose Lips, Washington City Paper, July 13, 2001.
74. જુઓ: Washingtonian, 2007, and January 2008.
75. જુઓ: 'The Grown-up with the Ledger, D.C. would be foolish to part with CFO Natwar Gandhi,' Editorial, The Washington Post, April 30, 2012, p. A12, 'Time for Gray to quit dithering and reappoint Gandhi,' The Washington Examiner, May 8, 2012, 'District's CFO: One of a Kind,' The Bond Buyer, May 22, 2012, p.1, 'Gray to reappoint Gandhi as District CFO, The Washington Examiner, June 15, 2012, p.9, 'Gray is poised to renominate Gandhi, The Washington Post, June 15, 2012, p. B1, 'Chores for Nat Gandhi's next five years,' The Washington Examiner, June 27, 2012, p. 12.
76. જુઓ: 'Gandhi, CFO of District, resigns,' The

Washington Post, February 2, 2013, p. A1, 'A bottom-line success, Natwar Gandhi's legacy is a District that can be proud of its finances.' Editorial, The Washington Post, p. A14; 'District CFO Natwar Gandhi prepares to exit after 13 years of successes and setbacks,' The Washington Post, December, 29, 2013.

77. આ લખાયા પછી અમેરિકામાં વસતા બીજા બે ભારતીયોને નોબેલ પ્રાઈઝ મળ્યા છે: અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન (૧૯૯૮) અને રસાયણશાસ્ત્રી વી. રામક્રિશ્નન (૨૦૦૯).

78. ૨૦૧૬ના ઑક્ટોબરમાં ફોર્બ્સ મૅગેઝિનનું અમેરિકાના ૪૦૦ અત્યંત ધનિકોનું જે લિસ્ટ બહાર પડ્યું તેમાં પાંચ બિલિયોનેર ભારતીય ઈમિગ્રન્ટ્સ પણ છે: વિનોદ ખોસલા, ભરત દેસાઈ, રમેશ વાધવાણી, કે. રામ શ્રીરામ, અને મનોજ ભાર્ગવ. એ ઉપરાંત પેપ્સીકોલા, માસ્ટર કાર્ડ, માઈક્રોસોફ્ટ, અને ગૂગલ જેવી અહીંની મહાન કંપનીઓના ચેરમેન પણ ભારતીય ઇમિગ્રન્ટ્સ છે.

79. આ અહીં ઉછરેલી પહેલી પેઢીએ જે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેમાં કેટલાંક તો ગવર્નર (લુઇઝિઆના અને સાઉથ કેરોલિના), ૨૦૧૬ની ચૂંટણીમાં ચાર કૉંગ્રેસમેન—અમી બેરા, રો ખન્ના, પ્રમીલા જયપાલ અને રાજા કૃષ્ણમૂર્તિ—અને એક સૅનેટર—કમલા હેરીસ ચૂંટાયા છે, ફેડરલ એજન્સી હેડ (રાજ શાહ), આસિસ્ટન્ટ સેક્રેટરી (સ્ટેટ અને કૉમર્સ ડિપાર્ટમેન્ટ્સ) અને એમ્બેસેડર (રીક વર્મા—ઇન્ડિયા), એવી અગત્યની રાજકારણની પોઝિશન સુધી પહોંચેલા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીમે જ્યારે પ્રમુખ બરાક ઓબામા સાથે મસલત કરવા ભોજન લીધેલું, ત્યારે ઓબામાની સાથે એમની ટીમમાં ત્રણ અમેરિકન ભારતીયો હતા—અમેરિકાના ભારત ખાતેના એમ્બેસેડર રાહુલ રીક વર્મા, વિદેશ નીતિના આસિસ્ટન્ટ સેક્રેટરી અને ગુજરાતમાં જન્મેલા નિશા બિસ્વાલ દેસાઈ અને અમેરિકાની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મદદ કરતી એજન્સી (AID)ના ડાયરેક્ટર રાજ શાહ!

80. મધુસૂદન કાપડિયા, અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો, ગાંધીનગર: ગુજરાતી સાહિત્ય અકાદમી, ૨૦૧૧

૪૧. નટવર ગાંધી, અમેરિકા, અમેરિકા, સંપાદન : ધીરુ પરીખ, મુંબઈ : ઇમેજ પબ્લિકેશન્સ, ૨૦૧૫